# શુભેચ્છા સંદેશાઓ

## ॥ શુભેચ્છા સંદેશ ॥



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નેજા હેઠળ અનેક મહત્ત્વપૂર્ણ સેવાકાર્યોની વિસ્તૃત માહિતી બધાને પહોંચાડવાનું કાર્ય સમાજના મુખપત્ર 'મંગલ મંદિર' દ્વારા જ સંભવ થઈ શકેલ છે. સમાજ હજી બાલ્યાવસ્થામાં હતો ત્યારથી જ ત્યારના દૂરદૃષ્ટા કાર્યકર્તાઓએ 'મંગલ મંદિર'ના મંગળ નામે આ માસિક શરૂ કર્યું અને સૌના પ્રયત્નોથી સમાજ અને મુખપત્રની ઊંચેરી ઈમારત બની છે એ પણ મજબૂત અને સદ્ધર ઊભી થઈ છે. તે થકી આજે આ ફક્ત એક માસિક મુખપત્ર જ નહીં પણ બધા માટે 'માર્ગદર્શક' બની શકેલ છે. એના લેખો અને માહિતીએ કેટલાય લોકોના જીવનને સકારાત્મક બનાવેલ છે, તે ખરેખર એક અગત્યની બાબત કહી શકાય.

અમારા પરિવારનો સંબંધ આપના સમાજ સાથેનો સવિશેષ છે. સમાજની અનેક વિવિધ પ્રવૃત્તિઓની જાણ તો વર્ષોથી હતી જ પણ વિગતવાર માહિતીઓ 'મંગલ મંદિર'થી મળી શકતાં આપના સમાજ સાથેનો સંબંધ મજબૂત કરવાનો અમને સુઅવસર મળ્યો છે.

"સંભારણા" વિશેષાંકમાં આપશ્રી અનેક મહત્ત્વપૂર્ણ લેખો અને માહિતીને ફરીથી સ્થાન આપશો તેથી ઘણાં માટે તે ખરેખર જાળવવાલાયક ઉપયોગી માહિતીસભર ગ્રંથ બની રહેશે એ નિઃશંક છે.

આપના કલાત્મક મહાવિશેષાંક માટે આપને હાર્દિક શુભેચ્છાઓ.

*ધીરજલાલ ટી. કાપડિયા - હૈદ્રાબાદ*

## 'મંગલ મંદિર' દીપોત્સવી અને 'સંભારણા' વિશેષાંક માટે શુભેચ્છાઓ



'મંગલ મંદિર'નો ૪૦૦મો અંક મળ્યો. એને માટે તો 'મંગલ મંદિર'ની ટીમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

હવે પછીનો ૪૦૨મો અંક દીપોત્સવી અંક હશે અને તે 'સંભારણા' અંક તરીકે પ્રસિદ્ધ થવાનો છે તે જાણીને વિશેષ આનંદ થયો. ૪૦૦ અંકમાંથી ઉત્તમ અને ઉપયોગી કૃતિઓ પસંદ કરવી એ સરળ કામ નથી. જૂના અંકો પ્રાપ્ય હોવા જોઈએ. એ બધા અંક ફરીથી વાંચવા પડે વગેરે જફામાંથી પસાર થવાની ઉપાધિ વહોરવાની માનસિક તૈયારી માટે પણ 'મંગલ મંદિર'ના સૂત્રધારો અને કાર્યકરોને અભિનંદન. આ અંક આપણી સામાજિક અને પ્રાદેશિક વિકાસની તરાહને સમજવામાં ઉપયોગી નીવડશે અને સંશોધકો અને અભ્યાસુઓ તથા જિજ્ઞાસુ વાચકોને બહુ જ કામ લાગશે અને સાચવવા જેવો બનશે તથા 'મંગલ મંદિર'ના પ્રદાનને મૂલવવામાં પણ ઉપયોગી નીવડશે. આગળ વધતા આ અંકની ઉપયોગિતાની નજરે એને ડિજિટલ ફોર્મેટમાં રૂપાંતરિત કરવાનું પણ વિચારી શકાય.

કચ્છ અને જૈન સમાજ – બંનેને માટે ઉપયોગી એવા આ પ્રકલ્પને હાથ ધરવા માટે 'મંગલ મંદિર'ના મુખ્યતંત્રી અને સમગ્ર ટીમને અભિનંદન અને આ કાર્ય સુચારુ રીતે સંપન્ન થાય તે માટે શુભેચ્છાઓ.

**ડૉ. કાંતિ ગોર**
**પ્રથમ અને પૂર્વ કુલપતિ**
**ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ**

*મૃત્યુ સમયે સૌ જે અનુભવે તેને જ્ઞાની તો પળેપળ જીવે.*

## ॥ શુભેચ્છા સંદેશ ॥



મંગલ મંદિર' ભૂતકાળના બધા અંકોમાંથી ઉત્તમ લેખો, કાવ્યો, વાર્તા વગેરેનું ચયન કરી એક વિશેષાંક પ્રસારિત કરી રહ્યો છે તે ખૂબજ આનંદદાયક અને ઉપયોગી ઘટના છે.

પ્રથમ અંકથી વર્તમાન અંક સુધી બધા અંકો વાંચવાની તક બધા જ વાચકોને મળી નહીં હોય. કદાચ કોઈ સદ્‌ભાગી વાચકને મળી હશે. તો બધા જ અંકોની બધી જ વાંચન સામગ્રી યાદ પણ નહીં રહી હોય. ક્યારેક કોઈ સામગ્રી ગમી હશે પણ સમય જતાં વિસરાઈ ગઈ હશે. એટલે જેમને વાંચવાની તક નથી મળી, તેમને તે વાંચવાનો લહાવો મળશે. જેમણે વાંચી હશે, તેમને તે પુનઃ યાદ આવશે અને ફરી તેનો આનંદ માણશે.

પણ મોટી ઘટના એ બનશે કે ભૂતકાળનું સાહિત્ય પુનઃ પ્રકાશિત થઈ એક સરસ દસ્તાવેજ બની જશે.

એટલે આ વિશેષાંક ભૂતકાળની બારી બને છે. વર્તમાનમાં માણવા યોગ્ય બને છે અને ભાવિ માટે દસ્તાવેજ બને છે.

***હરેશ ધોળકિયા - ભુજ***

## ॥ શુભેચ્છા સંદેશ ॥



'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક 'સંભારણા' વિશેષાંક તરીકે પ્રગટ કરવાના છો તે વાંચી હૈયું પુલકિત થયું. આમ તો દરેક અંક અલંકાર છે, સામયિકોની સૃષ્ટિનું ઘરેણું છે, ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠોનું આલેખન છે.

'સ્વ'થી 'સર્વ' માટે મનને સંશોધનાત્મક દૃષ્ટિ સાથે આપ વિવિધ સામગ્રી પીરસો છો. ખૂબ જ ઝીણવટપૂર્વક, આબાલ વૃદ્ધ સૌ માટે વિશિષ્ટ સામગ્રી હોય છે. પરંપરાને પરિવર્તન, વ્યક્તિ સાથે સમષ્ટિ, વિકાસ સાથે કચ્છના પ્રાણપ્રશ્નો અંગે વૈજ્ઞાનિક સમજ અને એક આર્ષદૃષ્ટા ઋષિનું કામ 'મંગલ મંદિર' માવજતપૂર્ણ કરે છે. આ શુભ પ્રસંગે સાદર વંદન સહ મારી શુભકામનાઓ પાઠવું છું.

આ એક યજ્ઞ છે. દિલના પવિત્ર મંત્રની આહુતિ પ્રાર્થે છે. જનકલ્યાણ, વૈયક્તિક પવિત્રતાની સાધના અને શુદ્ધ શાંતિમય અહિંસક ક્રાંતિ, સાહિત્ય આ વિચારની જનની અને પાલક માતા છે. આ કામ 'મંગલ મંદિર' કરે છે. ૪૦૦મો અંક એટલે ૪ મોટા યાત્રાધામો. ત્યારબાદ 'સંભારણા' વિશેષાંક માટે ફરીને શુભેચ્છા સાથે અભિનંદન.

***રમેશ છબીલાલ દવે***

*M.A., M.Ed., S.T.C. કોવિદ*

*ઓલ ઈન્ડિયા રેડિયો એજ્યુકેશનલ બ્રોડકાસ્ટ*

*કન્સલટેટિવ પૅનલ કમિટીના પૂર્વ સભ્યશ્રી*

## ॥ શુભેચ્છા સંદેશ ॥



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ના ૩૬ વર્ષની અવિરત યાત્રાની ફળ સ્વરૂપે આપશ્રી અંક નં.-૪૦૨ ઓક્ટોબર-૨૦૧૧ને દીપોત્સવી અંક 'સંભારણા' વિશેષાંક તરીકે પ્રકાશિત કરી રહ્યા છો, તેને મારી હૃદયપૂર્વકની શુભેચ્છા.

આ સંભારણા વિશેષાંકમાં જે છેલ્લા ૩૬ વર્ષોના ખાસ 'સંભારણા' રજૂ કરવા જઈ રહ્યા છો, તે 'મંગલ મંદિર'ની યાત્રામાં પાછળથી જોડાયેલા સર્વે વાચક મિત્રોને ઉપયોગી નીવડશે.

આપશ્રીનો આ પ્રયાસ અતિ કામિયાબ નીવડે તેવી શુભેચ્છા.

***કિરણ પારેખ***

***પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છી ગુર્જર જૈન જ્ઞાતિ સમાજ - સુરત***

*મૂંગા પ્રાણીઓ પ્રત્યે સંવેદના રાખનાર જ સાચો માનવ.*

## ॥ શુભેચ્છા સંદેશ ॥



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર' ૩૬ વર્ષના સમયગાળામાં જ્યારે તેનો ઓક્ટોબર-૨૦૧૧નો દીપોત્સવી અંક 'સંભારણા' વિશેષાંક તરીકે પ્રકાશિત કરી રહ્યો છે તે જાણી આનંદની લાગણી અનુભવું છું.


'મંગલ મંદિર'ના અંકમાં માહિતીસભર ભરપૂર લેખથી તેમજ દરેક વખતે કંઈક નવીનતા પ્રકાશિત થતી વિગત ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

સાંપ્રત સમયની ઘટનાઓનું તેમજ કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક અહેવાલ, શ્રી નવનીત મેડિકલ સેન્ટર, શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, યુવા વિકાસ સમિતિ, પરિચય મિલન સમિતિ, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ (શાહીબાગ), માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવાભવન તેમજ અન્ય સંસ્થાઓનું સમાજ દર્પણ ઘટનાઓનું પ્રતિબિંબ પાડી સરલ અને રોચક શૈલીમાં રસપ્રદ અને ઉપયોગી સાહિત્ય 'મંગલ મંદિર' પૂરું પાડી રહ્યું છે.

'મંગલ મંદિર' દિન પ્રતિદિન સફળતાના શિખરો સર કરે, ઉત્તરોત્તર પ્રગતિના પંથે અગ્રેસર થતું રહે અને જ્યાં જ્યાં વસે કચ્છી ત્યાં ત્યાં મંગલ મંદિર વંચાય. 'સંભારણા' વિશેષાંકને હાર્દિક શુભ ભાવના સાથે આપ સૌને અભિનંદન પાઠવું છું.

*વલ્લભજી પ્રેમજી સાવલા*
*પ્રમુખ, વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ*

## ॥ શુભેચ્છા સંદેશ ॥



હું લાંબા સમયથી 'મંગલ મંદિર'નો વાંચક છું. 'મંગલ મંદિર'ના માધ્યમ દ્વારા કચ્છની ધરતી સાથે મારો નાતો જોડાય છે. જે ધરતી સાથે સંસ્મરણોનું અનુસંધાન હોય, એ ધરતીનો સ્પર્શમાત્ર સ્વર્ગની અનુભૂતિ કરાવે. આ ધરતીના લોકો પોતાનાં સ્વજન જેવા એટલે ત્યાંની પ્રત્યેક પ્રવૃત્તિ પ્રાણમય બની જાય છે.

વડીલોએ કંડારેલી ઉજ્જવળ પગદંડી ઉપર ચાલતા ચાલતા સમસ્ત સમાજ અને કચ્છ પ્રદેશનાં દરેક ક્ષેત્રોએ નવી ક્રાંતિ લાવવા, જીવદયા અને માનવસેવાનાં નવા ઈતિહાસનું સર્જન કરતી આ સંસ્થાના દરેક મહાનુભાવોની સેવાને મારા શત શત વંદન.

માનવ માનવ વચ્ચે પરસ્પર સેતુ બાંધવાના પ્રયાસ સ્વરૂપના લેખો તેમજ માહિતી અને સંસ્થા પરિચયનાં લેખો માટે 'મંગલ મંદિર' હંમેશાં અગ્રેસર રહ્યું છે. 'મંગલ મંદિર'નો ઉદ્દેશ, દેશ અને સમાજનાં ઉત્કર્ષ માટે સંઘર્ષ અને ક્રાંતિની પ્રેરણારૂપે થયેલ છે. દરેક સંઘર્ષ પાછળ સત્ય છૂપાયેલું હોય છે. દરેક ઘટના પ્રેરણા સમાન હોય છે. દરેક પરિસ્થિતિ એ પરિપક્વતા માટેનું એક સૂત્ર છે. દુ:ખ એ શિક્ષક છે અને નિષ્ફળતા એ સફળતાનો ધોરીમાર્ગ છે. સમાજ અને દેશને નવી દિશા અને દૃષ્ટિ આપવા બદલ 'મંગલ મંદિર'ના માધ્યમ વડે અખૂટ આત્મશ્રદ્ધા, અડગ ધ્યેય, નિષ્ઠા અને પરિણામ તરફ દોરી જવાનો પુરુષાર્થ કરતા 'મંગલ મંદિર'ના સંપાદક મંડળને અભિનંદન પાઠવું છું.


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર' ૩૬ વર્ષની મંજિલના સમયગાળામાં ઓક્ટોબર-૨૦૧૧નો દીપોત્સવી અંક 'સંભારણા' વિશેષાંક તરીકે પ્રકાશિત કરી રહ્યા છો, એવી અનોખી સિદ્ધિ માટે તંત્રી મંડળના સભ્યોને ખોબલા ખોબલા ભરી અભિનંદન.

આવતા વર્ષોમાં 'મંગલ મંદિર' વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા સાથે.

*મહેન્દ્ર ભવાનજી ગોસર - વડોદરા*

*સાચું વિશ્વાસધામ એ કહેવાય છે કે જ્યાં વિશ્વાસ મૂકાયા પછી શ્વાસ કદી અદ્ધર ન થાય.*

## ॥ શુભેચ્છા સંદેશ ॥



'મંગલ મંદિર'નો ઓક્ટોબર-૨૦૧૧નો અંક "સંભારણા" દીપોત્સવી વિશેષાંક રૂપે પ્રસિદ્ધ થઈ રહ્યો છે, તે માટે હાર્દિક શુભેચ્છા!

અત્રે ઉલ્લેખનીય છે કે, સમાજને સ્પર્શતી અનેક અગત્યની બાબતો અને પ્રવૃત્તિઓની સાથે સાથે સમાજના પરિવારજનોમાં જાગૃતિ લાવીને સર્વે સમુદાયોને એક તાંતણે બાંધવાના પ્રયત્નોમાં 'મંગલ મંદિર' સદાય અગ્રસ્થાને રહ્યું છે.

૪૦૦ અંકોની સમગ્ર વિગતોને સર્વાંગી રીતે તપાસીને જન ઉપયોગી વિષય વસ્તુઓને યોગ્ય સ્વરૂપે ફરીથી પ્રસિદ્ધ કરવી, એ ખૂબ જ મુશ્કેલભર્યું અને કપરું કાર્ય છે. મન અને મહેનતના સંગમ સાથે આ પ્રકારની કાર્યવાહી કાર્યકર્તાઓ માટે કસોટી રૂપ છે. 'મંગલ મંદિર'ની દિન પ્રતિદિન જરા હટકે તસવીર નિહાળતાં, એટલું વિશ્વાસપૂર્વક કહી શકાય તેમ છે કે, "સંભારણા" વિશેષાંક સફળતાના સોપાનો સર કરીને તેનાં ઈતિહાસને ચાર ચાંદ લગાવશે. આ પ્રકારનું અવનવું અને આગવું પ્રકાશન અન્ય કોઈ સ્થળે જોવા મળ્યું નથી.

'મંગલ મંદિર'ના પ્રત્યેક અંકોમાં રસપ્રદ, માણવા યોગ્ય વ્યંજનોનો રસથાળ હોય છે. આ રીતે અન્ય સમાજ અને મુખપત્રો માટે તે એક દાખલારૂપ છે. તે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેના સભ્ય પરિવારજનો માટે ગૌરવરૂપ અગત્યનું અંગ છે.

'મંગલ મંદિર' - તંત્રી મંડળ અને તેના પૂર્વ મંડળના સર્વે સૂત્રધારોની ઉમદા લગન, શુભ નિષ્ઠા અને પોતાના સમાજ પ્રત્યે પ્રેમને સલામ સાથે અભિનંદન!!

ફરીને, "સંભારણા" વિશેષાંકનો સર્વત્ર જયજયકાર થાય અને 'મંગલ મંદિર' હજુ વધારે પ્રગતિના શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પણ અભિનંદન.

– *હિતેચ્છુ*

***મનસુખલાલ જે. શાહ***

***શાહ ટ્રેડિંગ કંપની (સર્જિકલ્સ) - બેંગ્લોર***

## ॥ શુભેચ્છા સંદેશ ॥



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર'નો ઓક્ટોબર-૨૦૧૧નો અંક "સંભારણા" દીપોત્સવી વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યો છે તે જાણી હર્ષની લાગણી અનુભવી. એ નિઃશંક બાબત છે કે, 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થતી માહિતી અને સાહિત્ય જગતની જે સામગ્રીઓ આપવામાં આવે છે તે જોતાં આપના સમાજનું મુખપત્ર એ ખરા અર્થમાં સમગ્ર કચ્છી પ્રજાનું પ્રતિબિંબ છે. તે માટે આપના સમાજ અને 'મંગલ મંદિર'ના પૂર્વ અને હાલના સંચાલકોને ખરેખર અભિનંદન આપવા ઘટે.

'મંગલ મંદિર' ઓક્ટોબર-૨૦૧૧નો અંક "સંભારણા" દીપોત્સવી વિશેષાંક તરીકે પ્રકાશિત કરવાનું આપે નક્કી કર્યું છે અને તેમાં અત્યાર સુધીની વિકાસયાત્રામાં શ્રેષ્ઠ લેખો અને માહિતીની ફરી રજૂઆત કરવાનું કાર્ય થઈ રહેલ છે તે જાણીને અતિશય આનંદ થાય છે. મુખપત્રની ઝળહળતી વિકાસયાત્રામાં પાછળથી જોડાયેલા વાંચકો માટે તે અમૂલ્ય ખજાના જેવું થશે. આ પ્રકારના કઠિન કાર્ય માટે આપના સમાજ અને આપ સૌને હૃદયપૂર્વકના અભિનંદન!!

કચ્છ જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય તે માટેના નર્મદાના નીર અને ઔદ્યોગિકીકરણ ક્ષેત્રના વિવિધ લખાણો અને માહિતી 'મંગલ મંદિર'માં અવારનવાર પ્રકાશિત થાય છે. તે સિવાય કચ્છી પ્રજાના ઉત્કર્ષ બાબતની વિગતો પણ ઉપયોગી હોય છે. આ રીતે, આવી માહિતી અને લેખોની ફરી રજૂઆત થાય તે એક પ્રશંસનીય કાર્ય છે અને વાચકવર્ગને તે દ્વારા જ્ઞાનની વૃદ્ધિ થશે.

'સંભારણા' વિશેષાંકને પ્રકાશિત કરવાના ઉમદા પ્રયાસો બદલ અભિનંદન અને તે માટે હાર્દિક શુભેચ્છા.

***પ્રમીલાબહેન એમ. શાહ - બેંગ્લોર***

*દાનનું સાચું મહત્ત્વ ત્યાગમાં જ સમાયેલું છે.*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા – ૧


| *લેખ* | *મંગલ મંદિર સંદર્ભ* | *લેખક* | *પાના નં.* |
|---|---|---|---|
| તંત્રી લેખ : "સંભારણાં વિશેષાંક" | | અશોક મહેતા | ૧૩ |


## લેખ વિભાગ :

### અગાઉના તંત્રી લેખો


| | | | |
|---|---|---|---|
| સમાજનું મુખપત્ર (પ્રેરણાની શુભ શરૂઆતના પ્રસંગે) | ઓગસ્ટ-૧૯૭૫ | પ્રભુલાલ સંઘવી | ૧૪ |
| 'પ્રેરણા'માંથી 'મંગલ મંદિર' | જાન્યુ.-૧૯૭૭ | પ્રભુલાલ સંઘવી | ૧૫ |
| સંપાદકીય (મંગલ મંદિરના પ્રથમ વિશેષાંક સમયે) | જુલાઈ-૧૯૭૭ | પ્રભુલાલ સંઘવી | ૧૫ |
| વાંચન - મનન - ચિંતન | જુલાઈ-૧૯૮૨ | ચંદ્રિકા દેઢિયા | ૧૬ |
| કચ્છીને માન્યતા | ઓગસ્ટ-૧૯૮૬ | ચંદ્રિકા દેઢિયા | ૧૭ |
| જ્ઞાતિના રૂઢિ રિવાજોમાંથી આપણે ક્યારે બહાર આવી શકીશું? | મે/જૂન-૧૯૮૭ | ચંદ્રિકા દેઢિયા | ૧૮ |
| કચ્છના મેઘાણીની અલવિદા | એપ્રિલ-૧૯૮૯ | ચંદ્રિકા દેઢિયા | ૧૮ |
| બાલ સમૃદ્ધિ યોજના | ઓક્ટોબર-૧૯૯૬ | ચંદ્રિકા દેઢિયા | ૧૯ |
| વાવાઝોડાથી જાનહાનિ તથા નુકસાની | જુલાઈ-૧૯૯૮ | ચંદ્રિકા દેઢિયા | ૨૦ |
| ધરતીકંપ પછી નૂતન સર્જનની વેળાએ | ફેબ્રુઆરી-૨૦૦૨ | ચંદ્રિકા દેઢિયા | ૨૦ |
| નર્મદાના પ્રશ્ને કચ્છ વાસ્તવિકતા સ્વીકારશે? | સપ્ટેમ્બર-૨૦૦૩ | અશોક મહેતા | ૨૧ |


### જૈન તત્વજ્ઞાન


| | | | |
|---|---|---|---|
| જૈન શાસ્ત્રોમાં વિજ્ઞાન | જૂન-૧૯૯૬ | નાનાલાલા વસા | ૨૩ |
| જૈન વિચારધારા | સપ્ટેમ્બર-૨૦૦૦ | બકુલ બક્ષી | ૩૨ |


### ધર્મ


| | | | |
|---|---|---|---|
| શ્રમણસંઘ શું આજે ભૂલો પડ્યો છે? | ઓક્ટો./નવે.-૧૯૯૨ | રોહિત શાહ | ૩૩ |
| કચ્છી ચતુર્વિધ સંઘ વિચારશે? | નવેમ્બર-૧૯૯૬ | લાહીરી શાહ | ૩૫ |
| જીવદયાના જશભાગી જૈન | માર્ચ-૨૦૦૩ | સુધા પી. ઝવેરી | ૩૭ |
| જૈન ધર્માચાર્યો વિચારશે? | જુલાઈ-૨૦૦૩ | લાહીરી શાહ | ૪૦ |
| જૈન ધર્મ | સપ્ટેમ્બર-૨૦૦૩ | પ્રવીણ વેલજી શાહ | ૪૧ |
| જયણા | સપ્ટેમ્બર-૨૦૦૪ | શાંતિલાલ સંઘવી | ૪૨ |
| જૈન ધર્મ | સપ્ટેમ્બર-૨૦૦૪ | ગગુભાઈ પી. સંઘોઈ | ૪૩ |
| દેવ દ્રવ્યના રૂપિયા | નવેમ્બર-૨૦૦૪ | ગગુભાઈ પી. સંઘોઈ | ૪૩ |


### માહિતી


| | | | |
|---|---|---|---|
| રક્તદાન અંગે આટલું અવશ્ય જાણો | સપ્ટેમ્બર-૧૯૯૨ | | ૪૪ |
| કુટુંબીઓના ભલા માટે આટલી તકેદારી બધા રાખે | ફેબ્રુઆરી-૧૯૯૩ | કે.પી. ગાલા (એડવોકેટ) | ૪૫ |
| નાગરિકો માટે આશીર્વાદરૂપ ગ્રાહક સુરક્ષા ધારો | મે-૧૯૯૪ | અતુલ શાહ | ૪૭ |
| જાણવા જેવું | મે-૧૯૯૯ | | ૪૯ |
| નેત્રદાન | મે-૧૯૯૯ | સુનીલ શાહ | ૫૦ |
| પ્રદૂષણ મુક્ત ઊર્જા - પવન ઊર્જા | જાન્યુઆરી-૨૦૦૨ | લાહીરી શાહ | ૫૨ |
| રેલેવ ટિકિટનું આરક્ષણ : અગત્યના નિયમો | નવેમ્બર-૨૦૦૨ | | ૫૩ |
| વરખ હિંસક છે? | જાન્યુઆરી-૨૦૦૩ | | ૫૫ |
| કોમ્પ્યુટર યુગમાં ગુનાશોધન - સગડ શોધવાની લુપ્ત થતી કળા : પગી | માર્ચ-૨૦૦૩ | મહેશ સોલંકી 'બેનામ' | ૫૭ |
| ખોરાક વિશે ખોટી માન્યતા | જુલાઈ-૨૦૦૩ | ડૉ. કેતન ઝવેરી | ૬૧ |
| ચક્ષુદાન : ચાલો, આંખ આડેના પડળ પડળ ઉતારીએ | સપ્ટે.-૨૦૦૩ | હીરેન મહેતા | ૬૩ |
| વિલ વસિયતનામું | નવેમ્બર-૨૦૦૩ | જી. એમ. આચાર્ય | ૬૫ |
| સુજલામ્ સુફલામ્ યોજના | એપ્રિલ-૨૦૦૪ | અશોક મહેતા | ૬૯ |
| ટ્રેડ મિલ ટેસ્ટ | એપ્રિલ-૨૦૦૪ | ડૉ. હિતેન્દ્ર શાહ | ૭૨ |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## વિચાર મંથન


- સાંપ્રત સમસ્યા - બનાવ ........ ઓગસ્ટ-૨૦૦૦ ........ ૭૩
- વૃદ્ધાશ્રમ - નવી સમાજ વ્યવસ્થા ........ એપ્રિલ-૨૦૦૨ ... રમણિકલાલ પી. દેઢિયા .... ૭૪
- ચિંતન - મનન ........ જૂન-૨૦૦૨ ........ ગુલાબ કોઠારી .... ૭૫


## વિચાર વિમર્શ


- મનુષ્યના જીવનનું અમૃત : હાસ્ય ........ જુલાઈ-૨૦૦૨ ....... ડૉ. ચીનુભાઈ નાયક .... ૭૬
- દાન સુધરે તો ધર્મ સુધરે ........ ઓગસ્ટ-૨૦૦૨ ........ સ્વામિ સચ્ચિદાનંદ .... ૮૧
- 'આપણે' – અહીંના અને ત્યાંના ........ નવેમ્બર-૨૦૦૨ ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ .... ૮૩
- મહિલા માટે ઘરકામ કે નોકરી? ........ જાન્યુઆરી-૨૦૦૩ ........ પ્રભા કે. શાહ .... ૮૫
- કચ્છના રણમાં ખીલ્યું ઑસ્ટ્રેલિયાનું ગુલાબ ........ ડિસેમ્બર-૨૦૦૩ ભવાનજી નાનજી-કોલ્હાપુર .... ૮૭
- બુદ્ધિ એટલે શું? ........ ઓગસ્ટ-૨૦૦૪ ........ શાંતિલાલ સંઘવી .... ૮૯


## કચ્છ


- કચ્છમાં જૈનો ........ ફેબ્રુઆરી/માર્ચ-૧૯૮૫ ........ ગુલાબ દેઢિયા .... ૯૧
- કચ્છનું આંદોલન અને તેની મર્યાદા ........ માર્ચ/એપ્રિલ-૧૯૯૪ ........ દામજી માણેક ગડા .... ૯૩
- કચ્છ રાજયના સિક્કાઓનો અમૂલ્ય વારસો ........ જૂન/જુલાઈ-૧૯૯૪ ... અમૃતલાલ એન. માલદે .... ૯૪
- કચ્છનું ગૌરવ ........ જાન્યુઆરી-૨૦૦૦ ........ ૯૪
- કચ્છના કિલ્લાઓ ........ ફેબ્રુઆરી-૨૦૦૦ ........ બકુલ બક્ષી .... ૯૫
- કચ્છી પ્રજા : પાણી વગરના પ્રદેશના પાણીદાર લોકો ........ ફેબ્રુ.-૨૦૦૦ ........ અમિતા બુચ .... ૯૬
- કચ્છ ગ્રામવાસિની ........ ફેબ્રુઆરી-૨૦૦૦ ........ વિષ્ણુ પંડ્યા .... ૯૮
- કીર્તિસ્તંભ સમાન ભુજનો "આઈના મહેલ" ........ ફેબ્રુઆરી-૨૦૦૦ મહેશ ડી. નાગડા-દેવલાલી .. ૧૦૦
- કચ્છી કોઠાસૂઝ ભલભલા ચક્રવ્યૂહ ભેદી શકે છે ........ એપ્રિલ-૨૦૦૦ ........ અમિતા બુચ .. ૧૦૨
- કચ્છના એક મહાન સંગીતકારની વિદાય ........ સપ્ટેમ્બર-૨૦૦૦ ........ ૧૦૪
- ભૂકંપની ભવિષ્યવાણી ........ નવેમ્બર-૨૦૦૦ ........ ૧૦૪
- માંડવી બંદરનો સમૃદ્ધ અતીત ........ જાન્યુઆરી-૨૦૦૨ ........ અનિલ કોઠારી .. ૧૦૫
- સિન્ધુના પાણી અને કચ્છ ........ જાન્યુઆરી-૨૦૦૨ ........ ડી.એમ. અંજારિયા .. ૧૦૭
- કચ્છની લોકકળાઓ અને કારીગરી ........ જાન્યુઆરી-૨૦૦૨ ........ ખોડીદાસ પરમાર .. ૧૦૯
- કચ્છનો ઔદ્યોગિક વિકાસ – ભૂકંપ બાદ – સેમિનાર વૃત્તાંત ........ ફેબ્રુ.-૨૦૦૨ ........ સૂરજલાલ મહેતા .. ૧૧૨
- કચ્છમાં નોંધાયેલ ભૂકંપોની યાદી ........ માર્ચ-૨૦૦૩ ........ ૧૧૪
- કચ્છનું અવનવું ........ માર્ચ-૨૦૦૩ ........ ૧૧૫
- તવારીખે કચ્છ ........ માર્ચ-૨૦૦૩ ........ ૧૧૬
- કચ્છના વિવિધ જોવાલાયક અને નજીકના જૈન તીર્થો ........ માર્ચ-૨૦૦૩ ........ ૧૧૭
- કચ્છી પ્રજા ........ માર્ચ-૨૦૦૩ ........ નરેન્દ્રકુમાર જોષી .. ૧૧૮
- કચ્છના વિકાસના પ્રશ્નોનો સેમિનાર ........ ઓક્ટોબર-૨૦૦૪ ........ ૧૧૯


## કચ્છનો પાણી પ્રશ્ન


- નર્મદાના નીર અને કચ્છ – એક અહેવાલ ........ માર્ચ-૧૯૮૯ ........ ૧૨૨
- નર્મદાના નીરથી કચ્છ નંદનવન બની જશે એ વાત ભ્રામક છે ........ જૂન-૧૯૯૧ ........ ૧૨૩
- કચ્છને નર્મદાના પાણીના વાજબી હિસ્સાની પ્રતીતિ
  સરકાર કરાવે તો જ મડાગાંઠ ઉકલે ........ ઓગસ્ટ-૨૦૦૨ ........ કીર્તિભાઈ ખત્રી .. ૧૨૫
- નર્મદાના પાણી - નર્મદા નિગમના અધિકારીઓ સાથેની મિટિંગ ........ ઓગસ્ટ-૨૦૦૨ ........ ૧૨૬
- નર્મદા કચ્છ બ્રાંચ કેનાલ સમિતિ – એક અહેવાલ ........ સપ્ટેમ્બર-૨૦૦૨ ........ અશોક મહેતા .. ૧૨૭
- નર્મદા કચ્છ બ્રાંચ કેનાલ
  કચ્છ બ્રાંચ કેનાલ સમિતિની કાર્યવાહીનો અહેવાલ ...... ઓક્ટોબર-૨૦૦૨ ........ અશોક મહેતા .. ૧૨૮
- નર્મદા અહેવાલ ........ ઓગસ્ટ-૨૦૦૩ ........ ૧૨૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રયાસોથી
  આખરે નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ થયા .... સપ્ટેમ્બર-૨૦૦૩ ........ ૧૨૯
- નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામોની શુભ શરૂઆત .... ડિસેમ્બર-૨૦૦૩ ........ ૧૩૦
- નર્મદા નિગમના અધિકારીઓ સાથેની મુલાકાત ........ એપ્રિલ-૨૦૦૪ ........ ૧૩૧
- કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી ........ સપ્ટેમ્બર-૨૦૦૪ ........ ૧૩૧
- કચ્છ બ્રાંચ કેનાલ - નર્મદા નદીના સિંચાઈના પાણી ........ નવેમ્બર-૨૦૦૪ ........ ૧૩૨


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,,** Nr. Water Tank, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## શિક્ષણ


- સૂરત કોણે લૂંટ્યું? ........ ઓક્ટોબર-૧૯૮૨ ........ મધુસુદન પારેખ ........ ૧૩૩
- આજનું શિક્ષણ ........ ઓક્ટોબર-૧૯૯૧ ........ નવદીપ શાહ ........ ૧૩૪
- શિક્ષણ નીતિ અસોસાર ભધલે માસ્તર ઊજ ........ ઓક્ટોબર-૧૯૯૧ ........ હસમુખ અબોટી 'ચંદન' ........ ૧૩૫
- જગતપ્રસિદ્ધ વિદ્યામંદિર - ઑક્સફર્ડ યુનિવર્સિટી અને ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ ........ જૂન-૨૦૦૨ ........ રાજેન્દ્ર દવે ........ ૧૩૬
- પરીક્ષા તો હવે પૂરી થઈ.... – NOW WHAT.....?... ........ એપ્રિલ-૨૦૦૪ ........ ૧૩૮
- વર્તમાન વિદ્યાર્થીઓ જોગ નમ્ર નિવેદન ........ એપ્રિલ-૨૦૦૪ ........ રોહિત ગાંધી ........ ૧૪૦
- પરીક્ષાર્થીઓ નહિં, વિદ્યાર્થીઓ જોગ ........ જૂન-૨૦૦૪ ........ શાંતિલાલ વ. શાહ ........ ૧૪૧
- અમદાવાદમાં એક નવી એન્જિનિયરિંગ કૉલેજ ........ સપ્ટેમ્બર-૨૦૦૪ ........ ૧૪૧
- ઉચ્ચ અભ્યાસ અને બેંકની લોન ........ ઓગસ્ટ-૨૦૦૪ ........ મગનલાલ સંઘવી ........ ૧૪૨


## પર્યાવરણ


- વૃક્ષ – કચ્છની કાયાપલટ કરી શકે ........ માર્ચ-૨૦૦૪ ........ ઉમરશી કે. ચંદે ........ ૧૪૩


## સમાજ દર્પણ


- દંભ ........ ડિસેમ્બર-૧૯૯૨ ........ રોહિત શાહ ........ ૧૪૪
- પૂના – દખ્ખણની રાણી ........ માર્ચ-૧૯૮૩ ........ પોપટલાલ નેણશી ધરોડ ........ ૧૪૫
- સ્વામિવાત્સલ્ય ........ સપ્ટેમ્બર-૧૯૮૪ ........ ચંદુભા જાડેજા - મેરાઉ ........ ૧૫૦
- મહેમાનોની આચારસંહિતા ........ જાન્યુઆરી-૧૯૯૦ ........ વિક્રમ દલાલ ........ ૧૫૧
- પ્રાયશ્ચિત ........ એપ્રિલ-૧૯૯૦ ........ ૧૫૨
- બાળકોના બચાવમાં ........ ફેબ્રુઆરી-૧૯૯૧ ........ વિક્રમ દલાલ ........ ૧૫૩
- બાળક : ચીંથરે વીંટ્યું રતન ........ ફેબ્રુઆરી-૧૯૯૧ ........ ડૉ. વિશનજી નાગડા ........ ૧૫૫
- મા-બાપ થતાં પહેલાં ........ માર્ચ-૧૯૯૨ ........ ગિજુભાઈ ........ ૧૫૭
- યુવાને કયા પાંચ મિત્રોની દોસ્તી કેળવવી જોઈએ? ........ મે-૧૯૯૩ ........ ૧૫૯
- દિલ્હીના ચાંદની ચોકની 'પરીન્દોકા અસ્પતાલ' ........ જૂન/જુલાઈ-૧૯૯૪ ........ ચૌલા કુરુવા ........ ૧૬૦
- ખબર કાઢવાનો રિવાજ હવે ફેરફાર માંગી રહ્યો છે ........ ઓક્ટો./નવે.-૧૯૯૪ ........ વિક્રમ દલાલ ........ ૧૬૨
- વૃદ્ધાશ્રમો અનાથાશ્રમો નથી ........ એપ્રિલ-૧૯૯૭ ........ યશવંત દોશી ........ ૧૬૩
- કુટુંબમાં શિષ્ટાચાર ........ ડિસેમ્બર-૧૯૯૭ ........ ઇંદુમતી પંડ્યા ........ ૧૬૫
- તરુણ-તરુણીઓએ અપનાવવા જેવી પાંચ બાબતો ........ ઓક્ટોબર-૨૦૦૩ ........ બેલા ઠાકર ........ ૧૬૬
- કોમન સિવિલ કોડનો અમલ સત્વરે કરવામાં આવે ........ ઓક્ટો.-૨૦૦૩ ........ અશોક મહેતા ........ ૧૬૮
- મહારાષ્ટ્ર સરકારે જૈનોને લઘુમતી કોમ જાહેર કરવાથી થનારા વિશેષ લાભો ........ જુલાઈ-૨૦૦૪ ........ ૧૬૯
- પાંજરાપોળની ગોચર જમીનનો વિકાસ - આંખે દેખ્યો અહેવાલ ........ નવે.-૨૦૦૪ ........ હીરજી પાસુ શાહ ........ ૧૭૦


## ખનીજ - મિનરલ્સ


- કચ્છનો અકીક ........ જુલાઈ-૨૦૦૨ ........ જયંતીભાઈ વિ. ભટ્ટ ........ ૧૭૧
- બૉક્સાઈડ ........ ઓગસ્ટ-૨૦૦૨ ........ જયંતીભાઈ વિ. ભટ્ટ ........ ૧૭૨
- બેન્ટોનાઈટ ........ ઓક્ટોબર-૨૦૦૨ ........ જયંતીભાઈ વિ. ભટ્ટ ........ ૧૭૩
- ચાઈના ક્લે (ચીનાઈ માટી) ........ નવેમ્બર-૨૦૦૨ ........ જયંતીભાઈ વિ. ભટ્ટ ........ ૧૭૫
- કચ્છ જિલ્લાના સુશોભિત અને ઘડતર પથ્થરો ........ ઓક્ટોબર-૨૦૦૪ ........ જયંતીભાઈ વિ. ભટ્ટ ........ ૧૭૭


## પ્રવાસ વર્ણન


- સરદાર સરોવર ડૅમ સાઈટની મુલાકાત ........ એપ્રિલ-૨૦૦૪ ........ અશોક મહેતા ........ ૧૭૮


## જીવન ઝરમર


- કારાણીની જીવન ઝરમર ........ એપ્રિલ-૧૯૮૯ ........ સુલુ જલદીપ શાહ ........ ૧૮૦
- કચ્છનો સપૂત – વિશ્વનો મહાન વનસ્પતિશાસ્ત્રી – જયકૃષ્ણ ઈન્દ્રજી ........ જાન્યુઆરી-૧૯૯૬ ........ અનિલ કોઠારી ........ ૧૮૧
- સંસ્કાર સિંચક, બહુમુખી પ્રતિભા – શ્રી શિવજી દેવશી મઢડાવાલા ........ માર્ચ-૨૦૦૩ ........ સુલુ જલદીપ શાહ ........ ૧૮૩
- કચ્છની સંસ્કૃતિના આરાધક - શ્રી રામસિંહજી રાઠોડ ........ માર્ચ-૨૦૦૩ ........ મધુભાઈ ભટ્ટ ........ ૧૮૫
- શ્રીમદ્ રાજચંદ્ર – સંસારમાં વિરક્ત રહેલા આત્મજ્ઞાની સાધક ........ માર્ચ-૨૦૦૩ ........ કાંતિ પટેલ ........ ૧૮૭
- કચ્છી નરબંકા ........ માર્ચ-૨૦૦૩ ........ ધનજી ભાનુશાળી ........ ૧૮૯
- મુનિશ્રી સંતબાલજી ........ જુલાઈ-૨૦૦૪ ........ મણિલાલ એમ. પટેલ ........ ૧૯૨

# તંત્રી લેખ

## સંભારણાં વિશેષાંક

*– અશોક મહેતા*

'મંગલ મંદિર'ના વાચક વર્ગને દીપોત્સવી-૨૦૬૭ની મુબારક બાદ. ૨૦૬૮ – નૂતન વર્ષનાં અભિનંદન.

'મંગલ મંદિર'નો ઓક્ટોબર/નવેમ્બર - ૨૦૧૧નો દીપોત્સવી અંક – "સંભારણાં વિશેષાંક" તરીકે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે. વર્ષ ૧૯૭૫થી ૨૦૦૪ સુધીના અંકોમાંથી અમારી દૃષ્ટિએ યોગ્ય કૃતિઓની પસંદગી કરી, તેને આપ સહુ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. આશા છે કે જૂના અંકોમાંની અમૂલ્ય કૃતિઓ આપ સહુનાં દિલ હરી લેનાર સાબિત થઈ શકશે.

'મંગલ મંદિર'ના ૪૦૦મા અંકના સમયે અમે કેટલાક હિતેચ્છુઓ, ચિંતકો અને લેખકમિત્રો પાસેથી વિષય પસંદગી અંગેનાં સૂચનો માંગેલ હતાં. વિવિધ સૂચનોમાંથી એક સૂચન "Best from 400" પણ હતું. ૪૦૦મા અંકના સમયે અમે પસંદગી આપેલ હતી "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ"ના વિષયને. પરંતુ ત્યારબાદ બે મહિનાના અંતરે દિવાળી આવતી હોવાથી દીપોત્સવી અંકને "સંભારણાં વિશેષાંક" તરીકે પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. પરિણામ સ્વરૂપે આ "સંભારણાં વિશેષાંક" અમે આપશ્રી સમક્ષ રજૂ કરી શકેલ છીએ.

જૂના અંકોનાં પાનાં ફેરવતાં પાને-પાને સ્મૃતિઓમાં ડૂબી જવાય તેટલી સામગ્રીનું રસપાન થઈ શકે છે. શ્રી પ્રભુભાઈ સંઘવી, સ્વ. પ્રમીલાબહેન કુરુવા તથા શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાએ જે-તે સમયે ઉઠાવેલ જહેમત નજર સમક્ષ તાદશ્ય થવા લાગે છે. દરેક વિભાગના સંકલનકાર પણ તેટલા જ અભિનંદનના અધિકારી છે. અનેક લેખકશ્રીઓએ મોકલેલ તેમની અભ્યાસપૂર્ણ કૃતિઓનું વાચન કરતાં, જે-તે વિષયના તેમના અગાઢ જ્ઞાન અને ત્યાર બાદ તેને અભિવ્યક્ત કરવાની તેમની શક્તિનાં દર્શન થાય છે. તેઓ સહુને સલામ ભરીને જ ગર્વની અનુભૂતિ પામી શકાય.

વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૧૧ની વચ્ચેના અંકો તાજેતરના હોવાથી તેનો સમાવેશ અમે આ વિશેષાંકમાં કરેલ નથી. એ અંકોમાં પણ અનેક કૃતિઓ ઉચ્ચ કક્ષાની રહેવા પામેલ છે. આ સમયમાં તેનું કલેવર બદલવાની પણ કોશિશ કરવામાં આવેલ છે. તેના અંકોને વિશાળ ફલક પર લઈ જવા પ્રયાસ કરવામાં આવેલ છે. તેમાં નવાનવા વિષયોને આવરી લેવામાં આવેલ છે. આ અંકોનાં સંભારણાંને લઈને પણ અમે આપશ્રી સમક્ષ યોગ્ય સમયે ઉપસ્થિત થવાનો ઈરાદો વ્યક્ત કરીએ છીએ.

"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" હવે થોડા મહિનાઓ બાદ ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. તા. ૧૪-૪-૨૦૧૨થી શરૂ થતા ગોલ્ડન જ્યુબિલી વર્ષની તૈયારી યોગ્ય સ્વરૂપે ચાલી રહેલ છે. તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ના સમયગાળા દરમ્યાન કદાચ બાકી રહેતા ૭ વર્ષના અંકોની કૃતિઓનો સમાવેશ કરીને અમે આપશ્રી સમક્ષ "સંભારણાં-૨" સ્વરૂપે રજૂ કરવાની મહેચ્છા ધરાવીએ છીએ. એ દરમ્યાન આજના "સંભારણાં વિશેષાંક"ના આપશ્રીના પ્રતિભાવો અમને સાંપડી ચૂકેલ હશે. ભવિષ્યમાં રસથાળ રજૂ કરતાં અગાઉ સાંપડેલ પ્રતિભાવોને નજર સમક્ષ રાખીને જ "સંભારણાં-૨"ને પ્રસારિત કરવામાં આવશે.

અંતમાં આપ સહુને "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" તરફથી દિવાળી મુબારક પાઠવીએ છીએ. સાથે સાથે નૂતન વર્ષનાં અભિનંદન પણ પાઠવીએ છીએ.

"મંગલ મંદિર – તંત્રી મંડળ" પણ આપ સહુને દીપોત્સવી મુબારક તથા નૂતન વર્ષના અભિનંદન પાઠવે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

**સૂચના**

**'મંગલ મંદિર'નો હવે પછીનો અંક ડિસેમ્બર-૨૦૧૧ના અંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે. તેને તા. ૫-૧૨-૨૦૧૧ના રોજ અમદાવાદથી પોસ્ટ કરવામાં આવશે.**

*જીવનમાં જ્ઞાન અને ભક્તિનું સંતુલન જાળવી રાખો.*

અગાઉના તંત્રી લેખ

# તંત્રી સ્થાનેથી

## સમાજનું મુખપત્ર

*સુજ્ઞ જ્ઞાતિબંધુઓ,*

સમાજનું મુખપત્ર 'પ્રેરણા'નો આ પ્રથમ અંક આપ સૌની સમક્ષ રજૂ કરતા અત્યંત આનંદ અનુભવીએ છીએ.

સંપ, સહકાર અને સંગઠનની ભાવનાને મજબૂત બનાવવા તેમજ અમદાવાદમાં વસતા આપણા સૌ કુટુંબોને સમાજની પ્રવૃત્તિઓ તેમજ પરસ્પર ભાઈચારાની લાગણી વિક્સાવવા આપણા સમાજ તરફથી આ પ્રવૃત્તિની શુભ શરૂઆત કરવામાં આવી રહી છે. આપણો આ પ્રથમ પ્રયાસ છે. તેમાં અનેક ક્ષતિઓ આપને જોવા મળશે. પરંતુ તે ખામીઓને - ક્ષતિઓને નજરે ન નિહાળતાં તે અંગે આપના અમૂલ્ય સૂચનો અમને મોકલી અમારી ક્ષતિઓ, સુધારા-વધારા અંગે અમારું ધ્યાન દોરવા પ્રયાસ કરશો તેવી આશા છે.

**આ પત્રિકા નિયમિત દર મહિને પ્રગટ કરવાનાં અને તેને વિનામૂલ્યે સમાજના પ્રત્યેક ઘેર પોસ્ટ દ્વારા પહોંચતી કરવાની અમારી ભાવના છે.** આ ભાવનાને પ્રોત્સાહન આપવા આપ સૌના ઉમદા સહકારની અત્યંત આવશ્યક્તા છે. આથી અમે આશા રાખીએ છીએ કે સમાજની આ પ્રવૃત્તિને આપશ્રી તરફથી તન, મન અને ધનથી સુંદર આવકાર મળી જ રહેશે તેમાં અમને લેશમાત્ર શંકા નથી.

આ પત્રિકા એ આપણી સૌ પ્રવૃત્તિનું માધ્યમ બની રહેશે. આ પત્રિકાના હથિયાર વડે આપણે અન્ય પ્રવૃત્તિનો પણ વિકાસ કરી શકીશું. હાલમાં આ પત્રિકામાં દર મહિને સમાજની રૂપરેખા, વિદ્યાર્થી - બાલજગત, મહિલા વિભાગ, જનરલ લેખો, કાવ્યો વગેરે જુદા જુદા પ્રકારનાં લખાણો પ્રગટ કરવામાં આવશે. તદુપરાંત આપણા સમાજમાં થતા જન્મ, મરણ, સગપણ, લગ્ન, ઉદ્‌ઘાટન ધાર્મિક પ્રસંગો વગેરે સમાચારો જેવી પ્રવૃત્તિઓના સમાચારો નિયમિત પ્રગટ કરવામાં આવશે. આથી આપ સૌને અમારી આગ્રહભરી વિનંતી છે કે આપને ત્યાંના આ પત્રિકામાં છાપવા અંગેના યોગ્ય સમાચારો, લેખો વગેરે લેખનસામગ્રી અમને લખી મોકલવી. આપને ત્યાં થતી લગ્નની એક કંકોત્રી અમને અવશ્ય મોકલવી. જેથી તે સમાચાર પણ કંકોત્રી મુજબ પ્રગટ કરી શકાય.

આ પત્રિકા પ્રગટ કરવાનું, સંસ્થાની કારોબારી સમિતિએ નક્કી કરતાં તેના આર્થિક ખર્ચને પહોંચી વળવાનું વિચારવામાં આવ્યું. ખર્ચ અંગેની વિગતો અમે સંસ્થાના એક ખાસ હિતેચ્છુ મે. નવનીત પ્રકાશન કેન્દ્રવાળાને જાણ કરી. સંસ્થાના કાર્યકરો તેઓશ્રીને રૂબરૂ મળ્યા અને આ નવી પ્રવૃત્તિના હેતુઓ તેઓશ્રીને સમજાવ્યા. અમારી રજૂઆતની સાથે જ તેઓશ્રી તરફથી આ પત્રિકાના ૩ મહિના સુધીના કાગળ, પ્રિન્ટીંગ, કંપોઝ વગેરેની ખર્ચની કોઈ પણ રકમ સંસ્થા પાસેથી લીધા વગર છાપી આપવાની તેમની ઉમદા ઑફર અમને મળી. સતત ત્રણ મહિના સુધી આ તમામ ખર્ચ તેઓ ભોગવી, આ પ્રવૃત્તિને સંપૂર્ણ સહકાર આપશે. મે. નવનીત પ્રકાશનનો આવો પ્રોત્સાહિત સહકાર સાંપડવા બદલ સંસ્થા તેમનો જેટલો આભાર માને તેટલો ઓછો છે.

આપણી પાસે એવું કોઈ મોટું ભંડોળ નથી કે જે ભંડોળમાંથી આ પત્રિકાના નિયમિત ખર્ચને પહોંચી વળાય. આ પ્રવૃત્તિ આપણે લાંબો સમય સુધી ચલાવવાની છે. જેથી ફક્ત એક જ વ્યક્તિ ઉપર ખર્ચનો બધો જ બોજ નાંખવો તે કેટલે અંશે વાજબી છે તે આપ સૌ જાણો જ છો. આવા શુભેચ્છકોનો ઉપયોગ આપણે આપણી અન્ય પ્રવૃત્તિઓમાં પણ કરવાનો રહેશે જ. આથી ૩ મહિના બાદ આ પત્રિકાના સંચાલન માટે સંસ્થાને આર્થિક મદદની જરૂરિયાત રહેશે જ. આપણે ત્યાં આપણા સમાજમાં આવા ઘણા જ દાતાઓ પડેલા હોવાથી અમને તેની બિલકુલ ચિંતા નથી જ. **આ પત્રિકા ચલાવવા માસિક ઓછામાં ઓછા રૂા. ૨૦૦/-ની જરૂરત રહે છે.** આથી અમો આપણા સમાજના સૌ દાતાઓને વિનંતી કરીએ છીએ કે ત્રણ મહિના બાદ આ પ્રવૃત્તિને વેગવાન બનાવવા ડોનેશન, જાહેરાત વગેરે આપી આ પ્રવૃત્તિને સફળ બનાવવા પોતાનાથી શક્ય તેટલો વધુ સહકાર આપે તેવી નમ્ર વિનંતી કરીએ છીએ. આ ફાળો અત્યારથી જ નોંધવાનું ચાલુ છે. જે દાતાને આ અંગે પોતાનું દાન - જાહેરાત નોંધાવવી હોય તેમણે સંસ્થાના કાર્યાલયે જાણ કરવા વિનંતી છે. દાતાઓનાં નામ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

**આ પત્રિકાનું નામ હાલ પૂરતું "પ્રેરણા" રાખવામાં આવેલ છે.** આ નામ કામચલાઉ છે. આનાથી સુંદર, સુશોભિત, આકર્ષક

*પ્રામાણિકપણે અસંમતિ દર્શાવવી એ પણ વિકાસની નિશાની છે.*

અન્ય કોઈ નામ વાચકમિત્રને યોગ્ય લાગે તો તે અંગે અમને સૂચનો લખી મોકલશો. આપના અભિપ્રાયો પણ અવશ્ય મોકલશો. આવા અભિપ્રાયો આગામી અંકોમાં પ્રગટ કરવામાં આવશે. આપના તરફથી આવતાં કોઈપણ લખાણો અંગે તેની યોગ્યતા તપાસી આગામી અંકોમાં ક્રમાનુસાર પ્રગટ કરવામાં આવશે. લખાણો અંગે કોઈ પણ ચાર્જ લેવામાં આવશે નહીં.

આ પ્રવૃત્તિના કેટલાક લાભાલાભ છે તે તો અનુભવે, ભવિષ્યમાં જ ખબર પડશે અને તેનો અભિપ્રાય તો આપે જાતે જ આપવાનો છે. અમે તો આપ સૌના સહકારની અપેક્ષા સાથે આ પ્રવૃત્તિના શ્રીગણેશ કરેલા છે. આપશ્રી અમારી ઉપરોક્ત રજૂઆતને લક્ષમાં લઈને આ સમાજોપયોગી પ્રવૃત્તિના વિકાસ માટે આપશ્રી તરફથી તન, મન અને ધનથી ઉદાર હાથે સહકાર આપશો એવી અપેક્ષા સાથે વીરમીએ છીએ.

*પ્રભુલાલ સંઘવી – સંપાદક*

*"પ્રેરણા" (મંગલ મંદિર), ઓગસ્ટ-૧૯૭૫ (અંક-૧)*

## "પ્રેરણા"માંથી "મંગલ મંદિર"

**ઉપરોક્ત નવું નામ વાંચી આપના મનને સહેજે આશ્ચર્ય થશે કે 'પ્રેરણા'માંથી આમ 'મંગલ મંદિર' નવું નામ ક્યાંથી આવ્યું?**

પ્રેરણા નામનું માસિક આપણે પ્રગટ કરતા હતા અને તે જ નામ ચાલુ રહે તેવી આપણા સૌની ઈચ્છા હતી. પરંતુ આ નામનું માસિક અન્ય કોઈ સ્થળે ચાલતું હોવાથી માનનીય સરકારશ્રીની સૂચનાથી આપણે નવું નામ શોધવાની ફરજ પડેલી. અને નવાં નામો આપણા તરફથી અપાયા પછી ઉપરોક્ત નામની મંજૂરી સરકારશ્રી તરફથી મળી ગયેલ છે. ત્યારબાદ રજિસ્ટ્રેશન મેળવવા માટે આપણે પોસ્ટલ ડિપાર્ટમેન્ટ પાસે અરજી કરી દીધેલ છે. ટૂંક સમયમાં જ માસિકને રજિસ્ટ્રેશન નંબર મળી જશે તેવી ધારણા છે. જેના કારણસર હવેથી આ જ નામનું માસિક આપના હાથમાં નિયમિત મળ્યા કરશે.

- **માસિકનું સંચાલન :**

**પ્રેરણા એક વર્ષ ચલાવ્યા બાદ આ નવા માસિકનો નિયમિત ખર્ચ આપણને આશરે રૂા. ૩૦૦/- (માસિક) આસપાસ ખર્ચ લાગવાનો જ છે.** અત્યાર સુધી શ્રી નવનીત પ્રકાશન કેન્દ્ર તથા શ્રી બાબુભાઈ વીરમ શાહ તરફથી માસિક ચલાવવા ડોનેશનો મળ્યા અને તેમના તરફથી મળેલા દાનમાંથી આ માસિક ચાલ્યું. પરંતુ નવા વર્ષ માટે આ માસિકનો ખર્ચ આપણા ભાઈઓ ઉપાડી લે તો સંસ્થાને તેટલી રકમનો ખર્ચનો બોજો હળવો થાય તે હેતુથી બાર મહિનાના બાર ભાઈઓ જો આ માસિકના નિભાવ ખર્ચ માટે મળી જાય તો આપણો પ્રશ્ન ખૂબ જ સારી રીતે હલ થઈ જાય. તા. ૮-૧-૭૭ના રોજ મળેલી સંસ્થાની કારોબારીમાં આ પ્રશ્નની ચર્ચા થતાં અને શુભ શરૂઆત માટે પ્રથમ મહિનાનો ખર્ચ એટલે કે આ અંકનો ખર્ચ મે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી ભોગવવાની જાહેરાત શેઠશ્રી કાંતિભાઈ શાહ તરફથી કરવામાં આવી. તેમની આ ભાવનાને સહર્ષ વધાવી લેવામાં આવી અને આ અંક તેઓશ્રીના સૌજન્યથી પ્રગટ થઈ રહેલ છે. આવી રીતે આપણી પાસે બાર ભાઈઓની નામાવલી તૈયાર કરવાની છે. આશા છે કે અન્ય ભાઈઓ પણ પોતાની ઉમદા જાહેરાત કરવાનો લાભ લેશે.

*પ્રભુલાલ સંઘવી - સંપાદક*
*"મંગલ મંદિર", જાન્યુઆરી-૧૯૭૭ (અંક-૧૨)*

## મંગલ મંદિર – ટૂંક વિગત

મંગલ મંદિરનો આ પ્રથમ વિશેષાંક આપની સમક્ષ મૂકતાં અમો અત્યંત આનંદ અનુભવીએ છીએ. છેલ્લા બે વર્ષથી વિના મૂલ્યે પ્રગટ થતા આ માસિકે તેના વાંચકવર્ગમાં સારી એવી ચાહના મેળવી છે. જો કે તેનું કદ હજી પ્રમાણમાં નાનું છે પણ લખાણોના અભાવના કારણોસર કદ વધારી શકતા નથી. આથી લેખક મિત્રોને સારા સારા સમાજોપયોગી લખાણો મોકલવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

- **અંકની શરૂઆત :**

**અમદાવાદ વિસ્તારમાં વસતા સમસ્ત કચ્છી જૈન કુટુંબોને એક જ દોરાથી બાંધવાના અને પરસ્પર મૈત્રી ભાવના વધારવાના શુભ હેતુસર આ અંકની શરૂઆત કરવામાં આવી હતી.** આ માસિકની પ્રેરણા મે. નવનીત પ્રકાશન કેન્દ્ર તરફથી આપવામાં આવી. શરૂના પાંચ અંકોનો ખર્ચ તેમના તરફથી મળ્યો. ત્યારબાદ સમાજના હાલના પ્રમુખ શ્રી બાબુભાઈ વીરમ શાહ તરફથી ત્રણ અંકોનો ખર્ચ ભોગવવામાં આવ્યો. આમ અંકની શરૂઆત થઈ. ત્યાર પછી અત્યાર સુધી નિયમિત અંક પ્રગટ થઈ રહેલ છે.

*તુચ્છ માનવી અલ્પસિદ્ધિથી પણ ઘમંડી બની જાય છે.*

- **'પ્રેરણા'માંથી મંગલ મંદિર :**

શરૂમાં આ અંકનું નામ 'પ્રેરણા' રાખવામાં આવેલ. અમુક માસ આ નામના અંક પ્રગટ થયા પરંતુ આ નામનું માસિક અન્યત્ર પ્રગટ થતું હોવાથી સરકારશ્રી તરફથી આપણને આ નામની મંજૂરી મળી નહીં. પણ અન્ય નામ પસંદગીમાં મૂકતાં 'મંગલ મંદિર' નામની માન્યતા મળી ગઈ. દર મહિને ૫૦૦ નકલોમાં આ અંક અમદાવાદ વિસ્તારમાં વસતા સમસ્ત જૈન કુટુંબોને તથા સંસ્થાના શુભેચ્છકોને પોસ્ટ દ્વારા વિના મૂલ્યે મોકલવામાં આવી રહેલું છે.

- **વિશેષાંક :**

અંકને કાયમી ધોરણે ચલાવવા અને તેના ખર્ચને પહોંચી વળવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટે આ વર્ષનો આ વિશેષાંક અમો આપની સમક્ષ રજૂ કરવા શક્તિમાન બન્યા છીએ.

આ અંકમાં ઉચ્ચ કોટિના લેખકોના લેખો, બાળકોના મનોરંજન માટે બાળ વિભાગ, આરોગ્યને લગતા ઉપચારો, સ્ત્રીઓના સર્વાંગી વિકાસ માટે મહિલા વિભાગ અને કાવ્ય વિભાગ એમ દરેકને વાંચનાર્થે ઉપયોગી તેવા જરૂરી વિભાગોનું તેમાં આયોજન કરવામાં આવ્યું છે. આશા છે કે આ અંકનું પૂરેપૂરું આપ વાંચન કરી અંકની માહિતીની આપના માનસપટ પર કેવી અસર પડી તે વિશેનો આપનો અભિપ્રાય અવશ્ય મોકલી આપશો. એટલું જ નહીં, અંકની ત્રુટીઓ અને આપનાં વધારાનાં સૂચનો પણ અવશ્ય જણાવશો કે જેથી ભવિષ્યમાં એ અંગે વિચારણા કરી વધુ વિગતો આપી શકાય. આશા છે કે આ કાર્યમાં આપ આપનો સુંદર સહકાર આપશો.

- **ક્ષમાયાચના :**

ખૂબ જ ટૂંકા સમયમાં અંકને તૈયાર કરેલ છે. પ્રૂફ રીડિંગમાં, પૂરતી માહિતી - લેખો આપવામાં તેમજ લખાણો વગેરેમાં અસંખ્ય ત્રુટીઓ રહી જવા પામેલ હશે. છતાં પણ અમારાથી શક્ય તેટલા વધારે પ્રયત્નો વડે અંકને સુશોભિત કરવામાં આવેલ છે જ. તેમ છતાં પણ કોઈપણ પ્રકારની ભૂલો રહી જવા પામી હોય તો તેને ક્ષમ્ય ગણવા અમારી નમ્ર વિનંતી છે.

- **અમો આભારી છીએ :**

વિશેષાંકમાં લખાણો તથા માહિતી વગેરે આપી પોતાની સેવા આપનાર લેખક મિત્રોના.... અને જૈન ધર્મના પ્રચારાર્થે જેમાંથી લેખો સાભાર સ્વીકારવામાં આવેલ છે તે સામયિકોના....

આ વિશેષાંકના ખર્ચને પહોંચી વળવા જાહેરાતો આપનાર અને અપાવનાર સૌ ભાઈઓ તથા વ્યાપારી પેઢીઓના....

જાહેરાતો મેળવવાના કાર્યમાં પ્રત્યક્ષ - પરોક્ષ રીતે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી મદદરૂપ થનાર સર્વે ભાઈ-બહેનો અને સંસ્થાના કાર્યકર્તાઓના....

જ્ઞાતિબંધુની ભાવનાથી સહયોગ આપી 'ધંધો નહીં પણ સેવાનું સૂત્ર' હૈયે રાખી સુંદર આલેખનીય છાપકામ કરી આપનાર 'પરીખ પ્રિન્ટરી'ના સંચાલકોના....

બ્લોકોનો વપરાશ કરવા સુવિધા આપનાર સંસ્થા શ્રી જૈન મિત્રમંડળ ગાંધીધામ (કચ્છ)ના....

પ્રેરણા અને મંગલ મંદિરના અત્યાર સુધીની કારકિર્દીમાં પ્રત્યક્ષ - પરોક્ષ સહકાર આપનાર સૌ જ્ઞાતિ-બંધુઓના અમો અત્યંત આભારી છીએ.

આ અંકની માહિતીઓ આપને જીવનમાં જરૂર ઉપયોગી થશે. આપ સૌ અમારા ભાવિ કાર્યક્રમમાં આથી પણ વિશેષ સહકાર આપશો એ જ અભ્યર્થના.

*પ્રભુલાલ કે. સંઘવી, હીરાચંદ રાઘવજી શાહ – સંપાદકો*

*મંગલ મંદિર, જુલાઈ-૧૯૭૭*

## વાંચન - મનન - ચિંતન

ચીનમાં એક ઉક્તિ છે કે કોઈ વ્યક્તિ ભલી બનવા માંગતી હોય તો ઓછામાં ઓછા ૨૫ સારાં પુસ્તકો વાંચવા જોઈએ. અને જે કોઈ વિષયનો નિષ્ણાત બનવા માંગતો હોય તેણે એ વિષયનાં ઓછામાં ઓછા ૫૦ પુસ્તકોનું વાંચન કરવું જોઈએ. ફક્ત વાંચવું અને તેને જીવનમાં ઉતારવું એ બે વચ્ચે ખૂબજ અંતર છે.

વિપુલ પ્રમાણમાં સાહિત્ય પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આજકાલ પ્રતિદિન હજારો પુસ્તકો છપાય છે, વેચાય છે અને લાખો લોકો એનું વાંચન કરે છે. વૃત્તપત્રો દ્વારા પણ ઘણું જાણી - મેળવી શકીએ છીએ. જિજ્ઞાસુઓ તેનું વાંચન પઠન પણ કરે છે. પરંતુ દરેક પુસ્તક

*પુત્ર અને શિષ્યને પોતાનાથી શ્રેષ્ઠ બનાવવાનું વિધાન છે, પણ પોતાના ગુલામ બનાવવાનું નથી.*

કે વાંચન ચારિત્ર નિર્માણ કરી શકે, સંસ્કાર ઘડતર કરી શકે એવું હોતું નથી. સારા પુસ્તકોનો અભાવ હોવા છતાં સુરુચિપૂર્ણ અને જ્ઞાનદાયી પુસ્તકો પણ પ્રગટ થાય છે. જ્ઞાનનું ક્ષેત્રફળ એટલું વિસ્તૃત બની રહ્યું છે કે પુસ્તકોનાં માધ્યમ વિના અન્યોન્ય જણાવી શકાય નહિ. વાંચન વ્યક્તિત્વને ઑપ ચઢાવે છે. જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારે છે. કૌશલ્ય પ્રાપ્ત થાય છે. વ્યવસાયનાં ફલક ઉપર પણ પુસ્તકો દ્વારા જ છેલ્લામાં છેલ્લી માહિતી ઉપલબ્ધ બની શકે.

આજે શિષ્ટ વાંચન કરતા વિદેશથી આવતું અશિષ્ટ વાંચન વિશેષ પ્રસરી રહ્યું છે. જે આજનાં યુવાનોમાં જિજ્ઞાસા પ્રગટાવી તેમને આકર્ષિત કરે છે. અને જેનાં વાંચનથી યુવાન વર્ગ ક્યારેક માર્ગ ભૂલે છે. બીજું આજની શિક્ષણ પદ્ધતિમાં પણ વાંચનનું ઊંડાણ સમજ્યા કરતાં ગોખણપટ્ટીની કે ફક્ત પરીક્ષા પૂરતી ટૂંકા વાંચનની ઈચ્છા વિદ્યાર્થીઓમાં ઊભી થાય છે. એટલે ઊંડું જ્ઞાન ઓછું કેળવાય છે અને વાંચનાભિમુખ વિદ્યાર્થીઓનું પ્રમાણ ઘટતું રહ્યું છે. તેમાં પણ ઊર્ધ્વકર્મા વાંચનની અભિરૂચિ ઘણી ઓછી વ્યક્તિઓમાં દેખાય છે. વાંચ્યા પછી તેનું મનન - ચિંતન કરી જીવનમાં ઉતારવાની અભિલાષા પણ ઘણાં જ મર્યાદિત વર્ગમાં ફાલી છે.

વાંચન પછી ઊંડાણથી તેનું મનન તેમજ ચિંતન થાય તો વિચાર વિકાસની કેડી વિસ્તારી શકાય અને વિશ્વની ઘટનાઓથી માહિતગાર થઈ ઝડપથી દોડતી દુનિયા સાથે કદમ મિલાવી શકે. બુદ્ધિનું સ્તર ઊંચું બનાવી સ્વાધ્યાયી જીવન ઉપજાવી શકાય.

*- પ્રમીલા કુરુવા (સંપાદિકા)*
*"મંગલ મંદિર", જુલાઈ-૧૯૮૨ (અંક-૭૩)*

## કચ્છીને માન્યતા

આખરે ગુજરાત સરકારે કચ્છીને માન્યતા આપી ખરી. કચ્છી ભાષાને નહીં, પરંતુ કચ્છી બોલીને. ભાષા અને બોલી વચ્ચે ફેર એ છે કે જે ફક્ત બોલી શકાય, તેને કોઈ પર્યાય ન હોય તે બોલી. આપણી કચ્છી, બોલી છે. આપણે આપણી કચ્છી બોલી ફક્ત બોલવામાં જ ઉપયોગમાં લઈએ છીએ. આપણી સ્વતંત્ર કોઈ લિપી નથી કારણકે આપણે આપણું લખાણ તો બધું ગુજરાતી ભાષામાં જ લખીએ છીએ. પરંતુ આ ભાષા અને બોલી વચ્ચેનો ફેર આપણામાંના ઘણાને ખ્યાલમાં નથી. ગુજરાત સરકારે ફક્ત આપણી કચ્છી બોલીને માન્યતા આપી છે, નહીં કે ભાષાને. ભાષાને માન્યતા આપવાની સત્તા કેન્દ્ર સરકારના હાથમાં છે, નહીં કે રાજ્ય સરકારની.

ઘણા ઘણા સમયથી આપણાં કચ્છી ધુરંધરો જેવા કે શ્રી દુલેરાય કારાણી કે જેમણે આજીવન કચ્છીની સેવા કરી છે અને કચ્છી સાહિત્યના શિરોમણિ કહેવાય છે તેઓએ તથા કચ્છી સાહિત્ય સભાના પ્રમુખ શ્રી જેઠમલ મડૈયાર, મંત્રી શ્રી માધવ જોશી અને કચ્છના જાણીતા કવિ ડૉ. સુરેશ દલાલ, મહારાષ્ટ્રના શિક્ષણ રાજ્ય પ્રધાન કુ. ચંદ્રિકા કેનિયા, કચ્છ ભારતીના પ્રમુખ શ્રી હેમરાજ શાહ તથા મુંબઈના ભૂતપૂર્વ નગરપતિ રવજી ગણાત્રા વગેરે જેવા લોકોના અથાગ પ્રયત્નોથી કચ્છીને માન્યતા મેળવવામાં સફળ બની શક્યા છીએ.

કચ્છીના પ્રચાર અને પ્રસાર માટે ખૂબજ જહેમત ઉઠાવી રહેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ શ્રી કે.કા. શાસ્ત્રીનો ફાળો પણ નાનો સૂનો નથી.

કચ્છીને માન્યતા મળવાથી હવે આપણા નવોદિત લેખકો, કવિઓને પોતાનું સાહિત્ય પ્રગટ કરવા માટે આર્થિક સહાય ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત સ્થાયી સમિતિની ભલામણ અનુસાર મેળવી શકશે. સિંધી - ઉર્દૂ તથા અર્વાચીન ભાષાઓના અનુવાદિત પુસ્તકો પ્રગટ કરવા માટે જે નિયમ અને ધોરણોથી આર્થિક સહાય અપાય છે એ જ નિયમ પ્રમાણે કચ્છી સાહિત્ય માટે પણ આપણે આર્થિક સહાય મેળવી શકીશું. આ સમાચાર આપણા માટે ખરેખર આનંદદાયક બની રહે છે.

ગુજરાત સરકારે કચ્છી બોલીને માન્યતા આપી દીધી, એથી સંતોષ માનીને આપણે બેસી નથી રહેવાનું. ફક્ત સરકારી માન્યતાથી કચ્છીનો ઉદ્ધાર નથી થવાનો. હવે કચ્છીમાં વધુને વધુ સાહિત્ય સર્જન કરવાનું છે. ઘરમાં પણ બોલચાલની ભાષા તરીકે કચ્છી બોલીને અપનાવવી જોઈએ. કચ્છમાં કચ્છી શાળાઓ શરૂ કરવી જોઈએ, તો જ આપણે કચ્છી બોલીનો વિકાસ કરી શકીશું.

કચ્છી બોલીની માન્યતા આપણા કચ્છી લેખકો અને કવિઓ માટે એક પડકાર છે જે એમણે ઝીલી લેવાનો છે. એ માટે એમણે વધુને વધુ સાહિત્ય સર્જન કરવું પડશે.

જોઈએ હવે આપણને આ મળેલો લાભ આપણા લેખકો અને કવિઓ કેટલા પ્રમાણમાં લઈ શકે છે!

*– ચંદ્રિકા દેઢિયા (સંપાદિકા)*
*"મંગલ મંદિર", ઓગસ્ટ-૧૯૮૬ (અંક-૧૧૪)*

*જે વાત સાચી નથી હોતી તે જ મોટેથી કહેવી પડે છે.*

## જ્ઞાતિના રૂઢિ રિવાજોમાંથી આપણે ક્યારે બહાર આવી શકશું?

કૉલેજની કેળવણી, નવા જમાનાની રહનસહન, પશ્ચિમના સમાજનું આકર્ષણ એ બધું હોવા છતાં આપણા લગ્નોન્મુખ યુવક- યુવતીઓ જૂની રૂઢિઓની નાગચૂડમાંથી બહાર નીકળી શકતા નથી એ જોઈને આપણને ખરેખર દુઃખ થાય.

હમણાં જ એક બહેનના મોઢે વાત સાંભળી. એમની દીકરીના લગ્ન લીધા હતા. બહેન ગ્રેજ્યુએટ છે. વાતચીત, પોશાક વગેરે આધુનિક છે. પરંતુ જ્ઞાતિના રિવાજ પ્રમાણે અમુક તોલા સોનું કરવું જ જોઈએ એવો આગ્રહ છે. પોતાની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી છે. છતાં ગમે તે ભોગે આટલું સોનું કરવું એટલે કરવું જ પડશે. "જો હું એમ ન કરું તો સમાજમાં મારું ખરાબ દેખાય..." આ એમની લાચારી હતી અને અહીં જ એમની સમજદારી પણ નિષ્ફળ નીવડી હતી. એમના માટે તો સોનું લગ્નની શોભા મટીને કલંક બની ગયું હતું.

આવા કિસ્સા આપણા સમાજમાં બનતા જ હોય છે. આ કંઈ એકલા મારી કે તમારી વાત નથી પરંતુ આપણા સમાજના સમસ્ત મધ્યમ વર્ગની આ વાત છે. કોઈ હિંમત કરીને કહેતું નથી કે આજે ઘરમાં સોનું હોય અને તમે દાગીના કે કરિયવાર કરો એ બરાબર છે. **પરંતુ આજે જ્યારે સોનાનો ભાવ તોલાના રૂા. ૩૦૦૦/-ની સપાટી વટાવી ચૂક્યો છે ત્યારે મધ્યમ વર્ગ માટે ઘરેણાં બનાવવા કઈ રીતે યોગ્ય લેખાશે?** નવી પેઢીના યુવક - યુવતીઓ હજી પણ લગ્નના મામલામાં સોનાનો આટલો બધો પ્રભાવ સ્વીકારે તે કેવું? સૌ જાણે છે કે આપણા દેશમાં કરોડો - અબજોનું સોનું સ્ત્રીઓના દાગીના રૂપે, અલંકાર રૂપે, બિન ઉત્પાદક રૂપમાં પડેલું છે. આપણા સમાજની સોનાની ભૂખને લીધે જ કરોડો રૂપિયાનું દાણચોરીનું સોનું અહીં લાવવામાં આવી રહ્યું છે. કસ્ટમની આકરી તવાઈને કારણે તેની પર ઘણો જ કાપ પડ્યો છે. છતાં સોનાની દાણચોરી કરનારાઓને લાગ મળે ત્યારે આવી પ્રવૃત્તિ ચાલતી જ રહે છે.

સોનાના દાગીના જેવી જ બાબત લગ્નના અન્ય ખર્ચાઓની છે. આટલી ભારે સાડી જોઈએ, આટલા સાડલા જોઈએ, આટલી મીઠાઈ જોઈએ — આ બધું આપણે ક્યાં સુધી ચલાવ્યા કરીશું? જેમની પાસે નાણાં છે એ લોકો ભલે આવા ઉડાઉ ખર્ચમાં મહાલે પરંતુ જેની આર્થિક સ્થિતિ નબળી છે એ લોકોએ માત્ર ગાડરિયા પ્રવાહની જેમ ધનવાનોનું અનુકરણ કરવાની શી જરૂર?

સાસરે જતી કન્યાને તેના મા-બાપ ઉમંગથી જે કંઈ આપે તે સોનાનું જ ગણાય. એ જ રીતે પોતાના ઘરમાં આવતી નવવધૂને પણ શ્વસુરગૃહેથી જે કંઈ સ્વગત મળે તે સોનું જ સમજી લેવું જોઈએ. લગ્નમાં કરિયાવર, જમણવારો, વરઘોડાની જાહોજલાલી, ફટાકડાનો ધુમાડો વગેરે જરૂર આપણે ઓછા કરી શકીએ તેમ છીએ. લગ્ન જેવા પ્રસંગે ઉમંગ - ઉજવણી - આનંદ કરવાનો હોય જ. પરંતુ એમાં થતા ખર્ચમાં હવે વિવેક અને સંયમની જરૂરત છે અને આ કામ લગ્નોન્મુખ યુવક-યુવતીઓ જ કરી શકે તેમ છે. તેઓ જરૂર આટલી હિંમત બતાવે અને કુટુંબીઓના અંતરના આશીર્વચનો લે. **રૂઢિ - રિવાજોમાં પડેલા વડીલોની આંખના પડળ તો જ દૂર થશે અને આવી પહેલ કરનારા યુવક યુવતીઓ લગ્નની સાચી ભાવના સમજવામાં અને લગ્ન જીવનને સુખી બનાવવામાં વધુ સફળ થશે.**

*— ચંદ્રિકા દેઢિયા (સંપાદિકા)*

*"મંગલ મંદિર", મે/જૂન-૧૯૮૭ (અંક-૧૨૨)*

## કચ્છના મેઘાણીની અલવિદા....

શ્રી દુલેરાય કારાણીના નામનો ઉલ્લેખ થતા જ મનોચિત્તમાં એક સત્યનિષ્ઠ, સરસ્વતીના સંન્નિષ્ઠ ઉપાસક, લોકસાહિત્યના શિલ્પી અને કચ્છના નૂરશાયર જેવા એક યોગીનું વ્યક્તિત્વ ઉપસી આવે, એમની પ્રતિમા આંખો સામે અચૂક તરવરી ઊઠે. એમની શુદ્ધ, સ્પષ્ટ અને મધુર વાણી, તેમનો અષાઢી મયૂર જેવો ટહુકો સાંભળી કચ્છી વાણીના લાવણ્ય અને અનોખી મહેકતાની પ્રતીતિ થયા વિના રહે નહિ!

સંપત્તિ, સત્તા કે કીર્તિના આ ધનપ્રધાન યુગમાં નિષ્કામ ભાવથી સાહિત્યના આ જીવે ક્ષત્રિયના ખોળિયામાં ચારણ દિલ લઈને અલિપિબદ્ધ કચ્છી વાણીની ઉપાસના કરી. આ બાબાણી બોલીને સ્વપુરુષાર્થ અને સંઘર્ષથી સમૃદ્ધ કરનાર કચ્છના લોકસાહિત્યના ભીષ્મ પિતામહ શ્રી કારાણીજીએ લોકસાહિત્યના રત્નાકરને ઉલેચીને કચ્છના ગામડે ગામડે, નેસડે-નેસડે ફરીને પાળિયા, ખાંભીઓ તથા પુરાતન અવશેષોને તેમણે ઢંઢોળ્યા છે. ગ્રામીણજનોના કેવળ કંઠમાં સચવાયેલ ને અંતરમાં ધરબાયેલ લોકસાહિત્યને આપણી પ્રજા સમક્ષ ધર્યું. કચ્છના સંતો, કવિઓ, સૂફીઓ, શૂરાઓ, સતીઓ, વીરાંગનાઓ, દાતાઓ તથા રાષ્ટ્રપ્રેમીઓને તેમણે કથા કાવ્યોમાં રસભરી શૈલીમાં જનતા સમક્ષ વર્ણવ્યા છે.

રાષ્ટ્રપ્રેમ, મર્દાનગી, જાતિના ભેદભાવ વગરનું લોકસાહિત્ય, સતીના સતની કથાઓ, સંતોની ભક્તિ કથાઓ, ભજનો, છંદો, કચ્છી પીરોલીઓ, કચ્છી સંગરો, કચ્છી સલુખા, કચ્છી કાફીઓ, કચ્છી કહેવતો, કચ્છી નાટકો, કચ્છી કિસ્સાઓ વગેરેને કસબી શ્રી કારાણીજીએ પોતાની રસપૂર્ણ શૈલીમાં અક્ષરદેહ આપ્યો છે.

*જીવનને દર્પણની માફક જીવનાર ખરો સુખી થાય છે.*

સિંધના ગુલામશા ક્લોરાએ કચ્છ પર આક્રમણ કર્યું ત્યારે થયેલા 'ઝારાના યુદ્ધ'ના પ્રસંગને અલગ અલગ કાવ્યોમાં ગુજરાતી અને કચ્છી ભાષામાં કાવ્યદેહ આપી કારાણીજીએ પોતાની આગવી હથરોટી અને કલમના કસબનો પરિચય કરાવ્યો છે. જૈન મુનિશ્રી કલ્યાણચંદ્રજી કારાણીજીના આ 'ઝારાનું મયદાને જંગ' કાવ્ય વાંચી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

હિંદીમાં જે સ્થાન સૂર તુલસીનું છે, સંસ્કૃતમાં જે કાલીદાસનું છે, તે કચ્છી ગિરામાં કારાણીનું છે અને ગુજરાતીમાં કવિતાના વિષયવસ્તુના પ્રકારમાં જે કામ નર્મદ, દલપતે કર્યું અને નરસિંહરાવ, ન્હાનાલાલ તેમજ કાંતે જે ક્રાંતિ ગુજરાતી કવિતામાં આણી છે તેવી ક્રાંતિ કચ્છીમાં કારાણીએ આણી છે. સ્વ. ઝવેરચંદ મેઘાણી પેઠે જ તેઓ શ્રી કચ્છી લોકસાહિત્યના બેનમૂન ભેખધારી આરાધક હતા.

મુંબઈની ૧૩૩ સંસ્થાઓ તરફથી ૧૯૭૨માં શ્રી કારાણીનો અમૃત મહોત્સવ ગુજરાતના એ વખતના મુખ્યપ્રધાન શ્રી ઘનશ્યામભાઈ ઓઝાની ઉપસ્થિતિમાં અને મહારાષ્ટ્રના એ વખતના શિક્ષણ પ્રધાન શ્રી અનંતનામ જોષીના પ્રમુખસ્થાને ગૌરવભેર ઉજવાયો. **શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ તરફથી શ્રી દુલેરાય કારાણીનું ૧૯૭૩માં બહુમાન કરીને સન્માનપત્ર આપવામાં આવ્યું હતું.** માર્ચ ૧૯૮૧માં ગુજરાત રાજ્ય સંગીત, નૃત્ય, નાટક અકાદમી દ્વારા કલાત્મક તામ્રપત્ર અને રોકડ પુરસ્કાર આપીને કચ્છી સાહિત્યના આ ભેખધારીનું ગુજરાત રાજયના મુખ્ય પ્રધાનની હાજરીમાં લોકસાહિત્ય ક્ષેત્રની કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

માનવી માત્ર માટે મૃત્યુ એ તો નિશ્ચિત જ છે. છતાં શ્રી કારાણી બાપાની વિદાય માત્ર તેમના પરિવારજનો માટે જ નહીં પણ સમસ્ત કચ્છ માટે એક કારમો આઘાત છે. કચ્છી સાહિત્ય ક્ષેત્રે એક ન પુરાય તેવી ખોટ પડી છે.

આપણે સૌ કચ્છની અસ્મિતા જાળવી રાખીએ અને કચ્છી ભાષાના સર્વાંગી વિકાસ માટે કચ્છી સાહિત્યકારો અને પ્રકાશકો સદૈવ પ્રયત્નશીલ રહે એ જ સદ્ગત શ્રી કારાણીજીને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

***– ચંદ્રિકા દેઢિયા (સંપાદિકા)***
***"મંગલ મંદિર", એપ્રિલ-૧૯૮૯ (અંક-૧૪૪)***

## બાલ સમૃદ્ધિ યોજના

બાળક, જેને આપણે પરમાત્માનું સ્વરૂપ માનીએ છીએ, એવા બાળકનું આ ધરતી પર આગમન એ તેના મા-બાપ માટે તો એક પરમ ઉત્સવ બની રહે છે. એને પા પા પગલીથી માંડી દોડતો કરવાની જવાબદારી એના મા-બાપ ઉપાડતા જ હોય છે. એનું શિક્ષણ, એને પરણાવવો અને એને ભવિષ્યમાં ધંધા રોજગારમાં ગોઠવવો વગેરે ઘણી જવાબદારીઓ બધા જ મા-બાપ એમની ફરજ સમજી નિભાવતા જ હોય છે. પરંતુ સૌથી વિશેષ સંઘર્ષ બાળકના જીવનમાં ૨૦થી ૨૧ વર્ષની વયે આવે છે, જ્યારે એનું ભણતર લગભગ પૂરું થાય છે અને હવે શું કરવું? એવી ગડમથલમાં હોય છે ત્યારે સૌથી મોટી મુશ્કેલી હોય છે. ગર્ભશ્રીમંત બાળકને તો આ વિચારવાનો પ્રશ્ન જ નથી રહેતો, પરંતુ જેઓ સાધારણ માણસો છે, આપણા સમાજનો મોટો વર્ગ મધ્યમ વર્ગના માણસોનો બનેલો છે, એ લોકો આવે વખતે ખરેખર મૂંઝાઈ જાય છે કે હવે શું કરવું?

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આવે વખતે એમની મદદમાં આવે છે. સમાજના કાર્યકરોનો અત્યારનો ઉત્સાહ જોતા લાગે છે કે બાળકને જન્મતા જ 'લખપતિ' બનાવી દેવો. ભવિષ્યમાં એ સ્વપ્ન એમનું પૂરું થશે જ એમાં શંકાને કોઈ સ્થાન નથી.

અત્યારના આયોજન પ્રમાણે નવજાત બાળકને શ્રી કચ્છી જૈન સેવા સમાજ તરફથી એની પ્રથમ વર્ષગાંઠે એક "બચતપત્ર" ભેટરૂપે મળી જશે. એ બાળક જ્યારે ૨૧ વર્ષની ઉંમરનો થાય ત્યારે સારી એવી રકમ એના હાથમાં રહેશે. આ બચતપત્રથી મળેલ રકમ એને પોતાની લાગશે. અને એ વિચારતો થઈ જશે કે સમાજે મારા માટે કંઈક કર્યું છે. હવે મારી પણ ફરજ બને છે કે મારે પણ મારા સમાજ માટે કંઈક કરવું અને એ જરૂર સમાજનું ઋણ અદા કરશે જ. બાળકમાં સમાજ પ્રત્યેની આ ભાવના પેદા કરવી એ જ મોટી વસ્તુ છે. અને એને મળેલી રકમ એના સંઘર્ષમય જીવનની શરૂઆતમાં ડૂબતાને તરણાં સમાન બની રહેશે.

હું સૌથી વધુ અભિનંદન સમાજના એ કાર્યકરોને આપું છું કે જેમના મનમાં સમાજના બાળકો માટે કંઈક કરવું એવો વિચાર સ્ફૂર્યો. અને પછી આ આખી યોજનાને મૂર્તિમંત બનાવી એને આજના સ્વરૂપે રજૂ કરી. મારા ખ્યાલ મુજબ આવી યોજના કોઈ પણ સમાજ આજ દિવસ સુધી કરી શક્યો નથી. (કોઈપણ વાંચકને આ વિશે માહિતી હોય તો અમને જરૂરથી મોકલાવે.) એટલે આવી યોજનાની શુભ શરૂઆત કરવાનો યશ કદાચ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ફાળે આવે. એ માટે ફરીથી હાર્દિક અભિનંદન.

આ યોજનાના બીજા યશના અધિકારી એ લોકો છે કે જેમણે આ યોજનાને વાસ્તવિક રૂપે સ્વીકારી, એમાં પાયાના પથ્થર બનવાનું કામ કર્યું છે. એ છે **શ્રીમતી લક્ષ્મીબહેન માવજીભાઈ ધારશી ફુરિયા** અને બીજા છે **સ્વ. સુશીલાબહેન બાબુભાઈ નાગડા**નો પરિવાર કે જેમણે આ યોજના શરૂ કરવા માટે રૂા. ૧,૧૧,૧૧૧/-નું દાન આપેલ છે. આ મહાન દાનના પ્રેરણા સ્રોત **શ્રી માવજીભાઈ**

*બીજાની સ્વતંત્રતા છીનવી લેવાનો કોઈને પણ હક્ક નથી.*

**કુરિયા** તથા **શ્રી બાબુભાઈ નાગડા** એટલા જ અભિનંદનના અધિકારી છે. આ બંને ભાઈઓના દાનથી પ્રેરણા લઈ સમાજના અન્ય દાનેશ્વરીઓ પણ આગળ આવશે જ એમાં શંકાને સ્થાન નથી.

***– ચંદ્રિકા દેઢિયા***
***મંગલ મંદિર, ઓક્ટોબર-૧૯૯૬***

## "વાવાઝોડાથી જાનહાનિ તથા નુકસાની"

અરબી સમુદ્રમાં ઊઠેલું ચક્રવાતી વાવાઝોડું સૌરાષ્ટ્રની સાથે સાથે કચ્છ તરફ ફંટાતા અને એની સાથે પૂનમની દરિયાની ભરતીના મોજાં ભળતાં જે વિનાશ - તારાજી સર્જાયાં તે શબ્દોમાં લખવા માટે શબ્દો પણ ઓછા પડે તેવા કલ્પનાતીત હતાં.

મંગળવાર, તા. ૯-૬-૧૯૯૮નો ગોઝારો દિવસ, જેની કલ્પના માત્ર શરીરમાં લખલખું પેદા કરે તેવા વિકરાળ રૌદ્ર અને કચ્છની આબાદીને - વિકાસને બે-એક દાયકા જેટલું પાછળ ધકેલી દે તેવું વિનાશક વાવાઝોડું કચ્છ પર ત્રાટક્યું અને બધું જ ખેદાન મેદાન કરી ગયું.

એક તરફ ૧૨૦થી ૧૪૦ કિલોમીટરની ઝડપે પાંચ કલાક સુધી ફૂંકાયેલું વાવાઝોડું અને સાથે જ તારાજીમાં સાથ આપવો હોય તેમ દરિયાની પૂનમની મોટી ભરતી આવી. તેના પરિણામે કંડલા બંદરે ખાસ અને આખા કચ્છ જિલ્લામાં કલ્પનાતીત તારાજી સર્જાઈ. સેંકડો લોકોનો અને પશુધનનો ભોગ લેવાયો. સાથે જાહેર અને ખાનગી મિલકતને પણ પારાવાર નુકસાન થયું. જે આંકડામાં અબજો રૂપિયા થવા જાય છે.

ભારતના ભાગલા પડ્યા, કરાંચી બંદર ગયું તેના પગલે ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈએ કંડલાને મહાબંદર તરીકે વિકસાવવાનું સ્વપ્નું સેવેલું અને તે સ્વપ્ન મહદ્અંશે સાકાર થતું હતું, તેવા જ સમયે ફરી પાછું કંડલા બંદર સાવ મૃતઃપ્રાય અવસ્થામાં આવી ગયું છે. બંદરની જેટી - ક્રેન - ટગબોટ્સ વગેરે બંદર પરનાં કરોડો રૂપિયાનાં સાધનો તૂટેલાં રમકડાંની જેમ વિખરાઈને પડેલાં છે. આ બધું નવેસરથી બાંધવા માટે અબજો રૂપિયા અને સારા એવાં વરસો જોઈએ.

સાથોસાથ જાનહાનિ જેના આંકડા ૨૫૦૦થી ૩૦૦૦ના અંદાજાય છે તેના કુટુંબોને બેઠા કરવા અને તેમનો આત્મવિશ્વાસ ફરી જાગૃત કરવા સેવાભાવી સંસ્થાઓ આગળ આવી પ્રયત્ન કરશે જ. જિગરના ઊંડા જખમો ભરાતાં સમય લાગશે, પણ સેવાભાવી સંસ્થાના પ્રયત્નો જરૂર કામિયાબ નીવડશે.

સૌથી મોટી હાનિ બાગાયતને થઈ છે. મકાનો કે બંદર બધાની મરામત થઈ જશે, જનજીવન થાળે પડી જશે પણ બાગાયતને જે નુકસાન થયું છે તે અકલ્પ્ય છે. ખારેક - આંબા - નારિયેળી - ચીકુના બગીચા ઠેરઠેર વેરાન થઈ ગયા છે. જગતનો તાત એવો ખેડૂત અત્યારે સાવ નિરાધાર બની ગયો છે. વૃક્ષો ઉછેરવાની પાછળ ઓછામાં ઓછા પાંચ વરસ લાગે છે. એ તો ઝડપથી તૈયાર થતા ફળ ઝાડ, કેટલાક એવાં વૃક્ષો છે જેને તૈયાર થવામાં દાયકા લાગે, ત્યાં સુધી ખેડૂત કયા આધારે જીવન જીવી શકશે તેની કલ્પના રુંવાડા ખડા કરી દે છે. ભારતીય કિસાન સંઘની શાખા અત્યારે કાર્યરત થઈ છે અને બાગાયત તરફ વધુ ધ્યાન દેવાનું નક્કી કર્યું છે તે સારી વાત છે.

સેંકડોની સંખ્યામાં જે વૃક્ષો ધરાશાયી થયા છે તેનું સ્થાન લેવા ફળ ઝાડ ઉપરાંત વડ, પીપળ, લીમડો વગેરે વૃક્ષો ઘણી મોટી સંખ્યામાં વાવીને ઉછેર કરવા, સ્થાનિક સંસ્થાઓ, ગ્રામ પંચાયતો, મહાજનો વગેરેએ કટિબદ્ધ થવું પડશે. "કોટિ વૃક્ષ અભિયાન"ને જીવનમંત્ર બનાવી દરેક કચ્છીએ આ ઝુંબેશને આગળ ધપાવવી જ પડશે.

આમ દરેક ક્ષેત્રે સેવાભાવી સંસ્થાઓ પોતાનું યોગદાન તન-મન-ધનથી આપશે તો કચ્છને બેઠો કરવામાં બહુ સમય નહીં લાગે.

દરેક કચ્છી પોતાની રીતે મદદ કરે તેવી અપેક્ષા રાખીએ.

***– ચંદ્રિકા દેઢિયા (સંપાદિકા)***
***મંગલ મંદિર, જુલાઈ-૧૯૯૮ (અંક-૨૪૫)***

## "ધરતીકંપ પછી નૂતન સર્જનની વેળાએ"

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નો દિવસ એટલે ઉત્સવનો દિવસ. સવારના ૮.૪૬ મિનિટે એ ઉત્સવને કરુણ આક્રંદમાં ફેરવી નાખતો ધરતીકંપનો અકલ્પ્ય ધ્રુજારો માત્ર માણસને જ નહિ એની સંપૂર્ણ જિંદગીને ધ્રૂજાવી ગયો. એની બિહામણી યાદ આજે પણ શરીરમાંથી લખલખું પસાર કરી જાય છે. કચ્છી પરિવારોની જિંદગીના પોતપોતાના આભના કંઈ કેટલાયે તારલાઓ ધરતીની ગોદમાં સમાઈ ગયા અને જે બચ્યા તેના ગાલ પરથી દડતા આંસુ આજે પણ રોકાતા નથી. માણસને જિંદગીમાં પછડાટ લાગે ત્યારે માના ખોળામાં માથું મૂકીને આશ્વાસન

*આપણી અડધી જિંદગી જૂની પેઢીને સમજવામાં જાય છે અને બાકીની અડધી જિંદગી નવી પેઢીને સમજવામાં જાય છે.*

મેળવે છે. પરંતુ અહીં તો ધરતીમાતા જ કોપાયમાન થઈને કંપી ઊઠ્યા ત્યારે માણસ ક્યાં જઈને આશ્વાસન મેળવે? આજે પણ ભૂકંપ પોતાનું વરવું રૂપ બતાવીને ડરાવી રહ્યો છે અને કાચો-પોચો હલી જાય છે. બહારના કંઈ કેટલાયે સલાહ આપે છે કે, છોડો આ ધરતીને. પણ કચ્છી માડુને પોતાની ધરતીનું એવું વળગણ છે કે તેને ગમે તેવા કપરા સંજોગોમાં છોડવી ગમતી નથી. કેટલાક કચ્છીઓ પેટને માટે બહાર વસ્યા છે પણ વરસે દહાડે પોતાની ધરતી, પોતાનું વતન, પોતાનું ઘર સાંભરે છે અને એ વતનને યાદ કરી, તેની ધરતીની સુગંધ માણવા અચૂક આવી પહોંચે છે. આવી છે ધરતીની મહોબ્બત! કરસનદાસ માણેકની એક પંક્તિ અત્રે યાદ આવે છે કે -

*"નથી ગમતું ઘણું, પણ કૈંક તો એવું ગમે છે,*
*બસ, એને કારણે આ ધરતીમાં રે'વું ગમે છે!"*

એક આંકડા મુજબ સમગ્ર ગુજરાતમાં ધરતીકંપે ૨૦ હજાર જેટલા માનવીનો ભોગ લીધો અને ૩.૩૮ લાખથી વધુ ઘર ધરાશાયી થયા. આ બધા આંકડા ઉપરાંત જેઓ નિરાધાર થયા, અપંગ થયા, કામધંધા વગરના થયા તે બધાના આંકડા તે રેકર્ડ ઉપર પણ નહીં આવે. મદદનો ધોધ વહ્યો, પણ એ તો ટૂંકા સમયની વાત. સંહારને બહુ વાર લાગતી નથી, પરંતુ સર્જન કરતા યુગો વીતી જાય છે. ચાહે તે સમાજ હોય, સંબંધ હોય, ઈમારત હોય કે માનવીનું કૂણું હૃદય હોય! આજે તો બધા ખભેખભા મિલાવીને નવસર્જનમાં ગુંથાયા છે. કચ્છ ફરી બેઠું થવા કોશિશ કરી રહ્યું છે. કુદરતના કોપ પર માનવતાના સુખડના લેપ શાતા આપી રહ્યા છે. અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજે પણ સારી એવી સહાય કરીને ત્રસ્તજનોના આંસુ લૂછવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. ભૂકંપના આંકડાઓનું જંગલ તો ગાંડા બાવળ જેવું વિરાટ છે. એને મિટાવવા માટે આપણા સહિયારા પ્રયાસો જ કારગત નીવડશે. બાકી તો કવિએ કહ્યું છે કે,

*"પકડ પિંઢજી બાવડી, મ કર સડ બેઆ,*
*રેઆ પરાઈ આશ તે, ઊ નર ઈંજ રેઆ."*

એટલે પારકી આશ સદા નિરાશ. આપણે બેઠા થવા માટે આપણે જ પુરુષાર્થ કરવો રહ્યો અને એમાં કચ્છી માડુ કદી પાછો નથી પડ્યો અને નહીં પડે તેવી શ્રદ્ધા છે.

*– ચંદ્રિકા દેઢિયા (સંપાદિકા)*
*મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૨ (અંક-૨૮૭)*

## નર્મદાના પ્રશ્ને કચ્છ વાસ્તવિક્તા સ્વીકારશે?

નર્મદાના પાણીની ફાળવણી બાબતે ૧૯૭૯માં જળપંચે ચુકાદો આપ્યા બાદ તેના બીજા જ દિવસે શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના મુખ્યમંત્રીપણા હેઠળની ગુજરાત સરકારે ગુજરાતની અંદરના જિલ્લાઓના પાણીની ફાળવણીની જાહેરાત કરી દીધી કે જે કચ્છ જિલ્લા માટે કારમા ઘા સમાન બની રહી. વર્ષોના વહાણા બાદ પણ કચ્છ આ કારમા ઘાના પછડાટમાંથી બહાર આવી શકેલ નથી.

એ સમયે વિરોધપક્ષમાં કચ્છના જે કોઈ ધારાસભ્યો હતા તેઓએ વિધાનસભામાં આ બાબતે વિરોધી સૂર ઉઠાવેલ હતો. પરંતુ તે અસરકારક બની, કચ્છના ફાળવાયેલ પાણીના પ્રશ્ને ફેર વિચારણા ના કરાવી શક્યો.

આ બાબત ૧૯૮૬થી શ્રી જીલુભા જાડેજાએ પ્રથમ ગુજરાત સરકારશ્રી સાથે અને ત્યારબાદ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની ૧૯૮૮માં રચના થતાં, આ નિગમ સાથે પણ કચ્છને ફાળવાયેલ પાણી બાબતે અસંતોષ વ્યક્ત કરતો પત્ર વ્યવહાર ચાલુ કર્યો. પરંતુ તેના સંતોષજનક પરિણામો ના આવતાં, આ બાબતે અસરકારક વિરોધ કરવા "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની રચના કરવામાં આવી. સમય જતાં "કચ્છ કિસાન સંઘ" આ લડતમાં જોડાયું. લડતને બળ મળ્યું. ૧૯૯૨માં આ પ્રશ્ને ભુજમાં મહા રેલી કાઢવામાં આવી. તેમ છતાં ધાર્યા પરિણામો ના લાવી શકાયા. છેવટે ૧૯૯૯માં "કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ" તથા "કચ્છ કિસાન સંઘ"ના કેટલાક અગ્રણીઓ કોર્ટમાં ગયા. ત્યારથી ગુજરાત સરકારશ્રી સાથે તથા નર્મદા નિગમ સાથે વાટાઘાટોના દ્વાર બંધ થયા. આ સમય બાદ કોઈ એકલદોકલ સંસ્થા કે વ્યક્તિ વાટાઘાટો કરી આવે પરંતુ તે જોઈએ તે પ્રમાણમાં અસરકારક ના બની શક્યા. સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે આ પ્રશ્ને "ડેડ લૉક" જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ.

અન્ય તરફ કોર્ટમાં કેસ હોવાના કારણે અથવા તો નિગમ પાસે પૂરતું ફંડ ન હોવાના કારણે કે કોઈ અન્ય કારણોસર નર્મદા નિગમે કચ્છ બ્રાંચ કેનાલના કામો પર જોઈએ તે પ્રમાણમાં લક્ષ આપ્યું નહીં અને કચ્છ બ્રાંચ કેનાલના કામો હજી સુધી ચાલુ થઈ શક્યા નથી.

દરમ્યાન જાન્યુઆરી ૨૦૦૨માં "ધરતીકંપ બાદ કચ્છમાં ઔદ્યોગિક વિકાસ" એ વિષય પર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી

*ગમતું મળે તે સુખ અને મળ્યું ગમે તે આનંદ.*

એક સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરેલ. **ત્યારે અમદાવાદમાં સમાજની કાર્યવાહીથી પ્રભાવિત થયેલ, ઉપસ્થિત કેટલાક કચ્છી અગ્રણીઓ તરફથી "કચ્છ માટે નર્મદા નીર" અંગેના પ્રશ્નમાં સક્રિય રસ લેવા અહીંના કાર્યકરોને સૂચનો થયા. આથી કચ્છ માટેના આ પ્રાણપ્રશ્નમાં ઊંડા ઊતરી વિસ્તૃત અભ્યાસ કરવા સમાજે નિર્ણય કર્યો.** આ પ્રશ્ને ભૂતકાળનો ઇતિહાસ, કચ્છની જનતાની માંગણી અને તેના પરિણામ સ્વરૂપે આદરેલ લડત, સરકારશ્રી તથા નર્મદા નિગમના અધિકારીઓનો અભિગમ, સેન્ટ્રલ વોટર કમિશનનો અહેવાલ, વિવિધ નિષ્ણાતોના અહેવાલો વગેરે બાબતે અભ્યાસ ચાલુ કર્યો. નર્મદાના પ્રશ્ને "કચ્છ બ્રાંચ કેનાલ" સમિતિની રચના કરવામાં આવી અને આ સમિતિના કાર્યકરોએ આ પ્રશ્ને રસ દાખવતા વિવિધ કચ્છી મહાનુભાવોની અવારનવાર મુલાકાતો લઈ તેઓની સાથે ચર્ચાઓનો દોર શરૂ કરી દીધો.

આ ચર્ચાઓના અંતે એક તરફ નર્મદા નિગમ તથા સરકારશ્રી સાથે "કચ્છ બ્રાંચ કેનાલ"ના કાર્યો ચાલુ કરવા તથા કચ્છના આ બાબતના પ્રશ્નો હલ કરવા કોશિશ કરવાની શરૂઆત તો કરી દીધી, તો બીજી બાજુ આ પ્રશ્ને રસ દાખવતા કચ્છના કાર્યકરો સંગઠિત થઈ, સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે વાટાઘાટો કરી આ પ્રશ્ને સુખદ નિરાકરણ લાવવા વિચારશીલ થયા. એ મુજબ લોકમાનસ કેળવાતું ગયું.

પરિણામ સ્વરૂપે અનેક કચ્છી મહાનુભાવોની ઉપસ્થિતિમાં રવિવાર તા. ૧૭-૮-૨૦૦૩ના ભુજમાં મળેલ મિટિંગમાં "કચ્છ નર્મદા સમિતિ"ની રચના કરવામાં આવી કે જે હવે પછી સમગ્ર કચ્છીઓ વતી સરકારશ્રી સાથે તથા નર્મદા નિગમ સાથે વાટાઘાટો આદરી, આ પ્રશ્ને કચ્છના હિતમાં સુખદ નિરાકરણ લાવવા કોશિશ કરશે. આ સમિતિના અધ્યક્ષપદે શ્રી કીર્તિભાઈ ખત્રીની નિમણૂક, દીર્ઘદષ્ટિપૂર્વકનો નિર્ણય સાબિત થઈને રહેશે.

પ્રશ્ન એ છે કે કચ્છ આ બાબત જે કંઈ માંગી રહેલ છે તે મળી શકશે? કચ્છની માંગ ગ્રેવિટી કેનાલથી ૨.૭ M.A.F. નિયમિત પાણી તથા સારા એવા પ્રમાણમાં વધારાના પાણીની છે જ્યારે સરકારશ્રી તથા નર્મદા નિગમના નિર્ણય મુજબ "લિફ્ટ એન્ડ ફૉલ પદ્ધતિ"ની કેનાલથી સિંચાઈના નિયમિત પાણી ૦.૫ M.A.F. તેમજ વધારાના પાણી ૧.૦ M.A.F. ની છે.

બંને વાતો વચ્ચે મોટો તફાવત છે. પ્રવર્તમાન સંજોગોમાં વાસ્તવિક્તા સ્વીકારી કચ્છ કદાચ આ બાબતે બાંધછોડ કરવા તૈયાર રહી શકે પરંતુ સરકારશ્રી તથા નર્મદા નિગમ વિવિધ કારણોસર પોતાના નિર્ણયમાં ફેરફાર કરવા શક્તિમાન દેખાતા નથી. આ સમયે રાજકીય નેતાગીરીએ હવે આગળ આવવું જોઈએ અને આ પ્રશ્ને ભાજપ તેમજ કોંગ્રેસના ધારાસભ્યોએ સંયુક્તપણે પ્રયાસો આદરી રાજ્ય સરકાર પર દબાણ વધારી, વર્ષોથી આપત્તિમાં ઘેરાયેલા રહેતા કચ્છ પ્રદેશ માટે શક્ય વધુ લાભાલાભો મેળવી આપવા કોશિશ કરવી જોઈએ. પ્રવર્તમાન સંજોગોમાં રાજકીય નેતાગીરી આ પ્રશ્ને રસ નહીં દાખવે અને કચ્છના આ પ્રાણપ્રશ્ને "કચ્છ નર્મદા સમિતિ" સાથે જોડાઈ તેઓ પણ ઉજાગર નહીં કરે તો ભવિષ્યનો કચ્છનો ઇતિહાસ આ નેતાગીરીને કોઈ પણ સંજોગોમાં માફ નહીં કરે.

બીજી તરફ જૂની વાતો ભૂલી જઈ, પ્રવર્તમાન સંજોગોની વાસ્તવિક્તા સ્વીકારી, લિફ્ટ એન્ડ ફૉલ પદ્ધતિની કેનાલ દ્વારા ૦.૫ M.A.F. નિયમિત પાણી તથા ૧.૦ M.A.F. વધારાના પાણી કચ્છ પ્રદેશ સ્વીકારી લે તો સરકારશ્રી અન્ય બાબતોમાં સહાનુભૂતિપૂર્વકના નિર્ણયો લઈ મોટી સાઈઝની કેનાલ, કેપ્ટિવ પાવર પ્લાન્ટની યોજના, વિવિધ નવા જળાશયો, માંડવી બ્રાંચ કેનાલને નલિયા થઈ લખપત સુધી લંબાવવી, દૂધઈ બ્રાંચ કેનાલને બન્નીના અંતરિયાળ પ્રદેશ સુધી લંબાવવી, કચ્છમાં ૧૦૦ મીટરના કંટૂર લેવલે લિંક બનાવવી, જ્યાં સુધી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂરા ના થાય તે દરમ્યાન માળિયા બ્રાંચમાંથી સિંચાઈની કેનાલ બનાવી કચ્છ સુધી સિંચાઈના પાણી પહોંચાડવા, ડ્રીપ ઈરિગેશન માટે સબસિડી તથા લોનની સુવિધા, રણ સરોવરની યોજના, કચ્છને હોંગકોંગ બનાવવાની સક્રિય કામગીરી વગેરે બાબતોનો યોગ્ય સ્વીકાર કરે તો જ આ બાબતે યોગ્ય નિરાકરણ લાવી શકાશે.

કચ્છની પ્રજાએ તો "કચ્છ નર્મદા સમિતિ"ની રચના કરી પોતાની પહેલ આદરી દીધેલ છે પરંતુ બૉલ હવે રાજકીય નેતાગીરીના હાથમાં છે. આ રાજકીય નેતાગીરીની કોઈ પણ વ્યક્તિની નિષ્ક્રિયતા અથવા તો હવનમાં હાડકાં નાંખવાની રીત કચ્છને નુકસાનકર્તા સાબિત થઈ રહેશે.

કચ્છના સામાજિક કાર્યકરો તથા રાજકીય પ્રતિનિધિઓ જ્યાં સુધી છૂઆછૂતને બાજુએ મૂકી, આ પ્રશ્ને એક થઈ, સરકારશ્રી પાસેથી યોગ્ય નિર્ણય લેવડાવવા સંયુક્તપણે કોશિશ નહીં કરે ત્યાં સુધી કચ્છની લડત અધૂરી જ રહેશે. પરિણામ સ્વરૂપે ઓછું મેળવી, નુકસાન વેઠવાનો સમય કચ્છની પ્રજાનો જ આવશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, કચ્છના હિતમાં, દરેકને એક જૂથ નીચે રહી, આ પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરવા, પોતાની કોશિશ અવિરતપણે ચાલુ જ રાખશે.

*— અશોક મહેતા*

*"મંગલ મંદિર", સપ્ટેમ્બર-૨૦૦૩ (અંક-૩૦૫)*

*કીર્તિ એ શૌર્યભર્યા કાર્યની સુગંધ છે.*

જૈન તત્ત્વજ્ઞાન

# જૈન શાસ્ત્રોમાં વિજ્ઞાન

• નાનાલાલ વસા •

• **વિજ્ઞાનની પ્રતિષ્ઠા :**

જૈન ધર્મમાં વિજ્ઞાન, શાસ્ત્રીય ઢબે વિચારણા બુદ્ધિગમ્ય તર્ક બદ્ધતાની ભારે પ્રતિષ્ઠા છે. જ્ઞાનની પ્રતિષ્ઠા જેટલી જ વિજ્ઞાનની પ્રતિષ્ઠા અચંબો પમાડે છે, કારણ કે જગતના અન્ય મોટા ધર્મોમાં, માત્ર ચમત્કારો, સમજાય નહીં એવી અગમ્ય અથવા અગડમ્ બગડમ્ વાતો આદેશ રૂપે આવે છે.

ઉપનિષદ કાળમાં જિજ્ઞાસા, વિચારણા અને તર્કયુક્ત અનુમાન પર ભાર હતો, તેવો જ ભાર જૈન તત્ત્વજ્ઞાનમાં જોવા મળે છે.

• **વિશ્વસનીય ઐતિહાસિકતા :**

પાર્શ્વનાથના સમયની ઐતિહાસિકતા અંગે હવે લગભગ સહમતિ પ્રવર્તે છે. એ સમય આજથી ૨૮૦૦ વર્ષો પૂર્વનો છે. પરંતુ તદ્દન પૌરાણિક અને પ્રાચીન ગણાય એવા ઋષભદેવના સમયના બધા જ ઉલ્લેખો સંસ્કૃતિના ઉમગ કાળની વૈજ્ઞાનિક વાતો જેવો છે.

**જ્યારે માનવ સંસ્કૃતિમાં સમૃદ્ધ ફળદાયી વનોની સમૃદ્ધિ ઓછી થઈ ત્યારે માનવીએ એક નવા યુગમાં પ્રવેશ કર્યો. લગ્ન સંસ્થા સ્થાપી, ખેતી શરૂ કરી. પશુઓનો ઉપયોગ કર્યો. અક્ષર જ્ઞાનની શરૂઆત કરી. ઋષભદેવ એ નવા યુગના લોકનેતા અને ટેક્નિકી જાણકારી શિખવનાર શોધક, ગુરુ અને માર્ગદર્શક બની રહ્યા.**

ભારતીય ગ્રંથોમાં ખેતીની શરૂઆત અને વન જીવનમાંથી કૃષિ પ્રદેશના બીજા ઉલ્લેખો મળતા નથી. ઈતિહાસના ઉગમકાળની નોંધ માત્ર જૈન શાસ્ત્રોમાં જ છે.

• **ઋષભના અન્ય ઉલ્લેખો :**

ઋષભ એ કલ્પના કથા નથી. એમાં બીજા પણ પ્રમાણો છે. ઋગ્વેદકાળ-જેવા જૂના કાળમાં પણ ઋષભનો ઉલ્લેખ છે બેબીલોન એસિરિયા અને ઈરાનમાં પણ ઋષભ પૂજા મળી આવે છે.

**પુરાતત્ત્વ વેત્તાઓ માને છે કે શહેરી સંસ્કૃતિ જગતમાં પહેલ-વહેલી સિંધુ કાંઠે થઈ.** આ હરપ્પા કાળના સીલમાં તાપસના, ધ્યાન કરતા યોગીના ચિત્રો દેખાય છે. ઘણા વિદ્વાનો આ સીલ (માટીની તક્તીઓ) જૈન ધર્મના હોવાનું માને છે. લિપિ ઉકેલાશે ત્યારે આ બાબતમાં ચોકસાઈ થશે. પાશ્ચાત્યો પશ્ચિમ એશિયામાં આવેલા સુમેરીઆન અક્ષરજ્ઞાનનું ઉદ્ભવસ્થાન ગણે છે. એ સુમેરની રાજધાની ઊરના લગભગ ૬૦૦૦ વર્ષો પહેલાંના અવશેષમાં બરાબર જૈન મુનિના વસ્ત્ર પહેરેલી ધાર્મિક વ્યક્તિનું ચિહ્ન છે આ શું અકસ્માત હશે ? ઋષભકાળમાં જુગલીઆઓ, ભાઈબહેનો જ સંસાર રચતા. એવી વાતો સાથે સામ્ય નાઈલ સભ્યતામાં મળે છે. પીરામીડ બાંધનારા લોકો રાજાઓ તેમજ સૈનિકોમાં ૫૦૦૦ વરસો પૂર્વે ભાઈબહેનના લગ્ન થતા. ઋષભ જીવન ચરિત્રમાં આવતી વાતો બતાવે છે કે એ કાળમાં જૈન આચાર્યો અને ઋષિઓને જગતની બધીજ સભ્યતા નાઈલ, સિંધુ, સમેર, બેબીલોન, ઈરાન, એસિરીયા વગેરેની ઝાંખી હશે. 'વોલ્ગા સે ગંગા'માં રાહુલ સાંકૃત્યાયને દસેક હજાર વરસ પહેલાંના કાળમાં કલ્પવૃક્ષ સમાવૃક્ષો ફળ આપવામાં નિષ્ફળ નીવડ્યા ત્યારે થોડા બુદ્ધિમાનોએ ખેતીથી અસ્તિત્ત્વ ટકાવવા કોશિશ એ સમયે કરી. માનવસમાજના રૂઢિચુસ્તો એ ધરતીનું પેટ ચીરવાનો પ્રયાસ કરનારાની નિંદા કરી. ધરતી શાપ આપશે એવી બીક બતાવી.

ઋષભદેવના ચરિત્રમાં આ વાતને લગભગ મળતી આવે એવી જ વાત છે કે એમના કહેવાથી ખેતી કરનારાઓએ ફરિયાદ કરી કે બળદો પાક ખાઈ જાય છે. ઋષભે બળદોનું મોં બાંધવાની સૂચના આપી પેલા લોકો મોં છોડવાં ભૂલી ગયા અને બળદોને થયેલી વેદના બદલ ઋષભદેવને પાપ પડ્યું. આ વાર્તામાં ટોન છે ખેતી આ બળદોના ઉપયોગથી ઊભી થતી પરિસ્થિતિ.

આદિ તીર્થંકર અને માનવ જાતની આદિ સભ્યતાનો સંબંધ જ જૈન ધર્મની પ્રાચીનતાનો આડકતરો અને સાંયોગિક પુરાવો છે.

• **પૌરાણિક કથાઓ :**

એ પછીના તીર્થંકરોના ચરિત્રોમાં વપરાયેલા નામો, સ્થાનો, ભૌગોલિક તેમજ સામાજિક હાલત વગેરે મૌર્ય, નંદ, શૃંગકાળના સમયના ભારતને મળતાં આવે છે. નામો પણ સંસ્કૃત સભ્યતાના ઉત્તર કાલિન સમયના છે એટલે કે ચરિત્રોની પ્રાચીનતા કે ઐતિહાસિકતા માટે શંકા ઊપજે છે, જ્યારે ઋષભદેવના ચરિત્રોમાં - મૌર્યકાલિન ભારતની માટી ખંખેરીએ તો પ્રાચીનતાના અંશો દેખાઈ આવે છે.

**આમ પોતાના આદિપુરુષથી ટેક્નિકલ વિકાસની વાત કરનારા જૈનોએ એ પછી તર્કબદ્ધ વૈજ્ઞાનિક પ્રગતિ જાળવી રાખી.**

• **શુદ્ધ વિજ્ઞાનની ઉપાસના :**

વિજ્ઞાનની વિચારસરણી માટે અભ્યાસ, માહિતી સંગ્રહ નિરીક્ષણ, ચર્ચા, તર્ક, ચિંતન વગેરેની આવશ્યકતા રહે છે, એ પછી જ અનુમાન કે તારવણી થઈ શકે.

શુદ્ધ વિજ્ઞાનને વ્યવહારમાં પલટાવનારને આપણે ટેક્નિકી શોધકો કહીએ છીએ. જૈનોમાં પહેલી સદી આસપાસના શાસ્ત્રોમાં શુદ્ધ

*આંખોની દૃષ્ટિ એ સાચી દૃષ્ટિ નથી, જ્ઞાનની દૃષ્ટિ એ જ સાચી દૃષ્ટિ છે.*

વિજ્ઞાનનો આવિર્ભાવ વધુ પ્રમાણમાં છે.

- **જૈન શાસ્ત્ર :**

**જગતને અચંબો પમાડે એવી જૈનોની શોધ સૂક્ષ્મ જંતુ સૃષ્ટિની છે. માઈક્રોસ્કોપની બસો વરસ પહેલાંની શોધ પછી જ દુનિયાને આવી સૃષ્ટિના અસ્તિત્ત્વની ખબર પડી. જૈન શાસ્ત્રોમાં સૂક્ષ્મ જંતુઓનું માત્ર અનુમાન જ ન હતું. સૂક્ષ્મમાં પણ તેમણે વર્ગીકરણ કર્યું હતું.** અતિ સૂક્ષ્મ ઓછા સૂક્ષ્મ વગેરે જાતજાતના અદૃશ્ય જંતુઓની શાસ્ત્રોએ વાત કરી. માત્ર પાણીમાં જ નહિ, પણ હવામાં તેમજ કાંપ અને માટીમાં પણ તેનું અસ્તિત્ત્વ તેમણે શોધ્યું હતું. પોતાના શરીરના ભાગલા પાડીને આપમેળે પલેપલ પોતાની વૃદ્ધિ કરતા અમીબા જંતુ વિષે જગતે માત્ર થોડા દાયકા પૂર્વે જાણ્યું. જૈન શાસ્ત્રોએ કહ્યું કે સૂક્ષ્મ જીવાતની કેટલીક પેઢીઓ થોડા જ કાળમાં થાય છે. પોતે જ પોતાની ઉત્પત્તિ કરે છે. એમની સંખ્યા લગભગ અનંત કહેવાય એટલી છે. એમ પણ કહ્યું કે, જો અનાજના દાણા કે પાણીનાં ટીપાંનાં તમામ જંતુઓ મગના દાણા જેટલી કાયા કરે તો આખા જંબૂદ્વીપમાં (એશિયામાં) ન સમાય. એવું ગણિત પણ જૈન શાસ્ત્રોએ આપ્યું.

**અને આધુનિક તબીબી વિજ્ઞાનને આશ્ચર્ય થાય એવી વાત ૨૪૦૦ વર્ષ પહેલાં જૈનોએ કરી કે પાણી ઊકાળીને પીવું.**

- **બાયોલોજી :**

**જેમ આધુનિક બાયોલોજીમાં હોય છે એમ જૈનોએ પ્રાચીન કાળમાં પ્રાણીઓ, કીટકો, પક્ષીઓ, વનસ્પતિજન્ય પદાર્થો વગેરેનું વર્ગીકરણ કર્યું. એમની સંજ્ઞા પ્રમાણે, ઇન્દ્રિય પ્રમાણે ભાગ પડ્યા. ખનિજોના પણ કોષ્ટકો બનાવ્યા.**

- **ઉત્ક્રાંતિનો સિદ્ધાંત :**

ઉત્ક્રાંતિનો સિદ્ધાંત પણ જૈન કાળગણનામાં ઉલ્લેખ પામ્યો. જૈનો એ અવનત ક્રાંતિનો સિદ્ધાંત ઉમેર્યો. પ્રાણીના તથા પૃથ્વીના ઇતિહાસને બાર આરામાં વિભક્ત કર્યું. રથના પૈડાંના બાર આરા જેમ ફરે છે, તેમ સમય પલટાય છે અને એક આરો ફરે એટલે સમયમાં જે જાતિ હોય તેના પછીના સમયમાં જરા નાની જરા હલકી બને. અગવડો વધે કુદરતી સાધન સંપત્તિ ઘટે. અત્યારે પાંચમો આરો છે. છઠ્ઠા આરામાં ગંગા સિંધુ લગભગ વોંકળા જેવી બની જાય, માનવ શરીરો સાવ નાના રોગિષ્ટ બને, ખોરાકની અછત હોય.

છઠ્ઠા આરા પછી પાછો છઠ્ઠો આરો હોય, એ પછીના પ્રત્યેક આરામાં ઉત્ક્રાંતિ થમી જાય. પહેલો આરો આવે ત્યારે સંપૂર્ણ સુખી આયુષ્યમાન પૂણ્યશાલિન માનવ સમાજ હોય.

- **અનાદિ અનંત વિશ્વ :**

આ છ આરાની ગતિ સાઈન કર્વની માફક ગ્રાફમાં દોરી શકાય. આમ સમય નથી ચક્ર પ્રમાણે ફરતો, નથી લીટીમાં ફરતો, પરંતુ તેની ગતિ તરંગ પ્રમાણે થાય છે.

તરંગ (વેવ) સિદ્ધાંત અતિ ઉચ્ચ ચિંતન માંગી લે છે. વિશ્વ રચના સિદ્ધાંત ક્ષેત્રે પણ જૈનોનો આદિ અંત વિનાની વિશ્વ રચનાનો સિદ્ધાંત જોવા જેવો છે. આજે લગભગ એમ મનાય છે કે વિશ્વની શરૂઆત એક બિંદુમાંથી ધડાકા સાથે થઈ. હવે ફરી તેનો અંત આવશે. બ્લેક હોલ જેવા શ્યામ ગર્તમાં વિશ્વ ગુમ થશે. ફરી શ્વેત ગર્ત મારફત તેનો જન્મ થશે. આ સાઇકલ રીધમથી ચાલતા વિશ્વના સિદ્ધાંતના તર્કને જ અનુરૂપ તર્ક જૈન શાસ્ત્રોમાં સૌ પ્રથમ જોવા મળે છે. (કોસ્મોલોજી એને સ્ટેડી સ્ટેટ કહે છે.)

- **ખગોળશાસ્ત્રમાં પીછેહઠ :**

સૂક્ષ્મ જંતુ સૃષ્ટિ, બાયોલોજી, ખનિજ, ઉત્ક્રાંતિ, જીવના વર્ગીકરણ, પુદગલ રચના, સમયનું તત્ત્વ, ગતિનું તત્ત્વ, ગતિને અવરોધતી ઈનર્શીયાની વાત કરનાર જૈન ચિંતકો ખગોળ શાસ્ત્રમાં કેમ ગોથું ખાઇ ગયા, એ વાત નવાઈ પમાડે છે.

જૈન શાસ્ત્રો લખાતા થયા, ત્યારે સૂર્ય સિદ્ધાંત જેવા ભારતીય ગ્રંથો અસ્તિત્ત્વમાં હતા, તેની નોંધ પણ લીધા વિના છેક દસ હજાર વર્ષો પહેલાંની (એટલે કે માનવ સભ્યતાઓ શરૂ થઈ તે પહેલાંના સમયની) ખગોળીય માન્યતાઓને શાસ્ત્રીય મોભો જૈનોએ આપ્યો, તે દુઃખદ ઘટના છે. બૃહત્ ક્ષેત્રે સંગ્રહણી વગેરે પુસ્તકો બતાવે છે કે મહાન ચિંતકોનો માર્ગ છોડીને અમુક આચાર્યોએ પોતાની કલ્પનાથી ટેબલ સ્ટોરી બનાવી કાઢી. તારાઓનું સ્થાન, સૂર્યો ઘણા બધા હોય, તારા પછી આવે, અમુક જોજન જ દૂર છે.

ખગોળની બે ત્રણ બાબતો જો કે અન્યોની સરખામણીમાં ક્ષમ્ય બને છે.

એક તો મધ્યકાળમાં સૂર્યની કે ચંદ્રની જુદી જુદી ગતિનો ખ્યાલ ન આવવાથી ઘણા જ્યોતિષાચાર્યોએ વધુ સંખ્યાના સૂર્ય અને વધુ સંખ્યાના ચંદ્રોની કલ્પના કરી જ હતી.

ખુદ ન્યૂટન પણ માનતો હતો કે સૂર્ય પર વસ્તી છે, તો ચંદ્ર સૂર્ય પર જૈન મંદિરો હોવાનું માનનારા આચાર્યો બહુ દૂર ફંટાયેલા ન કહેવાય.

- **તેજસ્વી વિચાર કણિકાઓ :**

આમ છતાં કોસ્મોલોજીના ક્ષેત્રે કેટલાંક તેજસ્વી વિચાર બિંદુઓ જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે.

આ લોક છોડીને બીજા લોકમાં જવા માટેની મુશ્કેલીઓ અંગે જૈન શાસ્ત્રો કહે છે 'ત્યાં વ્યક્તિઓ જઈ ન શકે, ઘોર અંધકાર છે. અવાજ પણ પ્રવાસ ન કરી શકે. ત્યાં દિવસ રાત થતા નથી. ખૂબ દૂર આવેલા જ્યોતિ મંડળો ફરતા નથી. સ્વયં તેજે પ્રકાશે છે. સમય, ઘડી, ઋતુ વગેરેના માપનનું મૂળ સૂર્ય અને ગ્રહો છે. એવા સમય માપનો અન્ય વિશ્વોમાં લાગુ પડતાં નથી.'

- **ભૂગોળ :**

પ્રાચીન જૈન શાસ્ત્ર આમ કહીને "લઘુક્ષેત્ર સંગ્રહણી" તથા તત્ત્વાર્થસૂત્ર કહે છે કે જ્યારે એક ક્ષેત્રમાં સૂર્યોદય થતો હોય છે ત્યારે અન્ય ક્ષેત્રમાં સૂર્યાસ્ત હોય છે, પૂર્વ દિશા બીજા ક્ષેત્ર માટે પશ્ચિમ બને છે. તો પણ ઉત્તર તો ઉત્તર જ રહે છે.

આમ પૃથ્વીના ગોળાકારનો સ્પષ્ટ ખ્યાલ જોવા મળે છે. જંબૂદ્વીપ, હિમાલય પર્વતો, એશિયાને ઘેરતા મહાસાગરો તથા દૂર આવેલા દ્વીપ સમૂહોની ઝાંખી એમના વર્ણનોમાં દેખાય છે.

*કામ, ક્રોધ અને લોભ એ ત્રણે મોટા ચોર છે, એ ચોરોની સાથે પ્રવાસ કરવો એ આપઘાત કરવા જેવું છે.*

માપ, અંતર અને સમયની બાબતમાં વધુ ચોકસાઈ દેખાડવા એમણે પ્રાચીન કાળમાં ઘણી ટેબલ સ્ટોરી લખવી પડી છે. પણ એ સમજી શકાય છે કે, માહિતી અપૂર્ણ છે, એમ કહીને આચાર્યો સામાન્ય જનતાનો વિશ્વાસ ગુમાવવા નહોતા માગતા. એટલું જ નહીં જૈન પુરાણની અટકળો બાઈબલ કે યહૂદી કાળના પ્રાચીન ગ્રંથો કરતાં વધુ શાસ્ત્રીય રીતે ગોઠવેલી અને વધુ અસરકારક દેખાય છે.

- **ગણિત :**

ગણિત વૈજ્ઞાનિક વિચારધારામાં પાયાનું રૂપ ધારણ કરે છે. શરૂઆતના કાળમાં જૈનોએ અંકગણિત ક્ષેત્રે ઘણા નવા ક્ષિતિજો સર કર્યા હતા. પણ પાછળના સમયમાં બીજગણિત, ભૂમિતિ, ત્રિકોણ મિતિ, ખગોળ વગેરેનો ભારતમાં પ્રચલિત ગણિતનો રાજમાર્ગ છોડવાથી વિજ્ઞાન અને તત્ત્વચિંતનની પ્રગતિ આડે પાળ બંધાઈ ગઈ. પાંચમી સદી સુધીમાં જે પ્રગતિ થઈ તે થઈ. પછી તો માત્ર અર્થઘટન રહ્યું. હેમચંદ્રાચાર્યે વિજ્ઞાન અંગેના પુસ્તકો લખ્યા. પરંતુ છેલ્લી બે ત્રણ સદીમાં વિજ્ઞાન એટલે શું એનો ખ્યાલ જ ભૂલાઈ ગયો અને પોતાની પ્રત્યેક વસ્તુ વિજ્ઞાન જ છે એની ભ્રમણામાં રાચવાનું જ રહ્યું.

પ્રાચીન કાળમાં જૈન સાધુઓએ આગવું ગણિત ખીલવીને રાષ્ટ્રીય ફાળો આપ્યો હતો, એ બાબત બધી જાણીતી નથી, પણ તે સત્ય છે. આઠમા નવમા સૈકાની મળી આવેલી ગણિત સારસંગ્રહની હસ્તપ્રત ભારતીય અને જૈન ગણિતના નવાં પરિમાણ દર્શાવે છે. એના કરતાં જૈન આચાર્ય મહાવીરાચાર્યે ગણિતનો ઉપયોગ સંગીત, ન્યાયતર્ક, નાટ્યવિદ્યા, સ્થાપત્ય, ઔષધિ વિજ્ઞાન, રસોઈવિદ્યા, વ્યાકરણ, પિંગળ, અર્થશાસ્ત્ર અને શૃંગાર રસમાં પણ થયો છે એમ બતાવ્યું છે. ગણિતની આવી સર્વવ્યાપકતાનો વિચાર આમ તો અતિ આધુનિક લાગે છે, પણ પાયથાગોરસે તથા આર્કિમિડિઝે એવા થોડા વિચારો વહેતા મૂક્યા હતા.

- **ગ્રીકો પહેલાં :**

ગ્રીક વિજ્ઞાન પ્રખ્યાત થયું, તે પહેલાં જૈન ગણિતના પ્રાબલ્યને ઘણા પાશ્ચાત્ય લેખકોએ ઉલ્લેખ કર્યો છે. જૈનોએ એ કાળમાં બીજગણિત તેમજ નાઈલ સંસ્કૃતિની છાપ મળી છે તે માપકરણે વિજ્ઞાનમાં પ્રગતિ કરી હતી. સૂર્ય પ્રજ્ઞપ્તિ અંગે પણ જૈન સિદ્ધાંતો મૌલિક હતા.

ભગવતી સૂત્ર પણ જૈન સાધુઓમાં ગણિતના જ્ઞાનને વિશિષ્ટ આવશ્યકતા ગણે છે. ભૂતકાળની આ ભવ્ય સિદ્ધિની સરખામણીમાં શતાવધાન વિદ્યાર્થીની રમત જેવું લાગે છે.

(આ જગ્યાએ જ્યોતિષ શાસ્ત્રના ગણિત અંગે ઉલ્લેખ કરવો જોઈએ કે જ્યોતિષ શાસ્ત્ર વિજ્ઞાન જ નથી. એનો મુખ્ય હેતુ ત્યારે અને આજે, લોકોની ભવિષ્ય જાણવાની મનોવૃત્તિ અને નબળાઈનો લાભ લઈ લોકપ્રિયતા મેળવવાનો અને સંશોધનની અન્ય પ્રવૃત્તિ માટે આર્થિક સહાય અને ઉત્તેજન મેળવવાનો રહ્યો છે.)

- **ષટખંડ આગમ :**

૨૩૦૦ વર્ષો પહેલાં ભદ્રબાહુએ સૂર્ય પ્રજ્ઞપ્તિ પર ટીકા કરતું પુસ્તક લખ્યું હતું. એમણે ભદ્રબાહવી સંહિતા લખી હતી, જેમાં ત્યારના જગતનું ખૂબ આગળ વધેલું ગણિત હતું. સિદ્ધસેન પણ ખગોળવેત્તા હતા. દિગંબરોના ષટખંડાગમનની ટીકા પરથી માલૂમ પડે છે કે બીજી સદીમાં જૈન ગણિતની મજબૂત પરંપરા હતી. નવમી સદીના ટીકા ગ્રંથ ''ધવલા''માં પણ આધાર બીજી ત્રીજી સદીના ગણિતનો છે.

- **ગણિત વિદ્યાનું જૈન કેન્દ્ર :**

**વલ્લભી વિશ્વ વિદ્યાલય પણ જૈન ગણિતનું એક વિશાળ કેન્દ્ર હતું.**

જૈન શાસ્ત્રો લખાયા ત્યારથી જ તેમાં દશાંશ પદ્ધતિના અનેક આંકડા જોવા મળે છે. અબજોથી મોટી રકમ લખાઈ છે. તેની રીત આજે તદ્દન અદ્યતન લાગે.

**ખૂબીની વાત તો એ છે કે છેક પ્રાચીન કાળમાં જૈન ગણિતમાં લોગેરિધમ તથા તેના કોષ્ટકો અને નિયમો જોવા મળે છે.**

લોગેરિધમમાં, આજના કોમ્પ્યુટરો વાપરે છે તેમ બેની સંખ્યાનો પાયો પણ એ કાળમાં અપાયો છે. ત્રણેનો પાયો લેવો હોય તો તેની પણ રીત આપી છે.

ધવલાની ટીકાઓમાં પ્રાચીન કાળનો અપૂર્ણાંક સંખ્યાનો ઉલ્લેખ છે ત્રિરાશી, વર્ગો, ઘાત વગેરે પણ ઉલ્લેખાયા છે.

- **અનંતની સંખ્યા :**

કેટલી મોટી સંખ્યા લોકો ગણે છે, તે પરથી તેની સંસ્કૃતિની પારાશીશી મપાય છે. અમુક પછાત દેશોના લોકો પાંચથી વધુ પણ ન ગણી શકતા, રોમનોને મોટી સંખ્યા લખવામાં ત્રાસ થતો. અક્ષરોની સંજ્ઞા તો આવી, પણ તેનો હિસાબ કરી શકાતો નહીં. ઈજિપ્ત, સુમેર, બેબીલોન તેમજ દક્ષિણ અમેરિકાની ઈન્કા સભ્યતાએ મોટા આંકડા લખી જોયા હતા. પણ આંકડામાં ક્રાન્તિ કરી ભારતે, દશાંશ અને શૂન્યતાના ઉપયોગથી.

જૈનો વારંવાર અનંત શબ્દ વાપરતા. અનંત સંખ્યા જુદી જુદી હોય છે. એનો વિચાર તેમને આવેલો. આ પ્રકારની શોધ પાશ્ચાત્યોએ છેક આ સદીમાં કરી. (એને કેન્ટોરનો સિદ્ધાંત કહેવાય છે.)

જૈનોએ વર્ગની, જેને ઘાતના નિયમો કરીને એક પ્રચંડ સંખ્યા આપી છે. ૨૫૬ ની સંખ્યાનો ૨૫૬ વર્ગ. આ સંખ્યા એટલી મોટી છે કે સમગ્ર બ્રહ્માંડના પ્રોટોન તથા ઈલેકટ્રોનની સંખ્યા નાની પડે.

રજ્જુનું માપ પણ ધ્યાન ખેંચતી મોટી રકમ છે. **અબજો મણ વજનનો લોખંડનો ગોળો આકાશમાંથી પડે, છ મહિના છ દિવસ સુધી પડતો રહે, અને જે અંતર કાપે, તે અંતરને એક રજ્જુ કહેવાય. પૃથ્વી, દેવલોક, પાતાળ વગેરે વચ્ચેના અંતરો માટેનું રજ્જુ એક ઘટક છે.**

મોટી સંખ્યા બનાવવા માટે હજાર ઘન જોજનના ખાડાની વાત કહેવામાં આવી છે. એ ખાડો બાળકોના સુંવાળા વાળથી ભરાય પછી ચક્રવર્તી મહાસેના તેના પર ચાલે તોય જગા ન થાય, એટલો ઠાંસીને ખાડો ભર્યો હોય. એ વાળની ગણતરી કરીએ, તોય અનંત ન થાય. પણ અનંતતાના અલંકારને યોગ્ય બને.

*જે મધમાખીના મુખમાં મધ હોય છે તેની પૂંછડીમાં ડંખ જરૂર હોય છે.*

આ અંગે એક બીજી પણ વાર્તા છે.

ચક્રવર્તીપદ મળે ત્યારે ઇંદ્ર સ્વર્ગલોકની ખાસ શિલા પર તેમનું નામ લખે. કરોડો અબજો નામ લખી શકાય એટલી મોટી શિલા. દરેક યુગે એક ચક્રવર્તી થાય. ઇંદ્ર ચક્રવર્તીને લઈ જાય છે. અબજો નામથી શિલા ભરાઇ ગઈ છે. થોડી જગા ભૂંસીને ઇંદ્ર ચક્રવર્તીનું નામ લખે છે અને કહે છે કે આ તો અનંતા વર્ષો પહેલાં થઈ ગયા, એટલે એમનાં નામો સ્મૃતિ શેષ થઈ ગયા છે. ભૂંસાય તો વાંધો નહીં.

ચક્રવર્તીને વૈરાગ્ય આવે છે કે આમ કરોડો વર્ષે તો સાવ સ્મૃતિ શેષ થવાનું છે. અમર થવાના અબળખા અર્થહીન છે.

**જૈન શાસ્ત્રો કહે છે કે અબજો વર્ષોમાં ૨૪ તીર્થંકર આવે. આવી અબજો ચોવીસી થઈ ગઈ અને અબજો ચોવીસી આવશે.**

'ઇન્ફાઇનાઇટ' સંજ્ઞા સમજાવવા માટેની આ જૈન રીત હતી.

તત્ત્વાર્થાધિગમ, જીવાજીવાભિગમ તથા ભગવતી સૂત્રમાં પાઇની કિંમતનું પ્રમાણ કાઢવાનો પ્રયાસ થયો છે. દિગંબરોએ પણ પાઇને ૧૯/૬ સમીકરણથી ઓળખાવ્યું છે. આર્ય ભટ્ટની ચોક્કસ ગણતરી પાસે જૈનોની પાઇની ગણતરી સ્થૂલ લાગે છે, તે બતાવે છે કે પાંચમી સદી પછી ઉચ્ચ ગણિતના અન્ય ક્ષેત્રો જૈનોએ જતા કર્યા હશે.

- **રસાયણ શાસ્ત્ર :**

બરાબર બે હજાર વર્ષોથી પણ પહેલાંના કાળમાં જૈનોએ રસાયણ શાસ્ત્રનાં કેટલાંક આગવા સિદ્ધાંતો રચ્યાં.

એમાં પરમાણુવાદ મુખ્ય દેખાય છે.

ભારતમાં ઉપનિષદ કાળથી જ રાસાયણિક તત્ત્વો અને મૂળભૂત અને મૂળભૂત તત્ત્વો અંગે વિચારણા ચાલતી હતી. કપિલે સાંખ્ય કારિકામાં દ્રવ્યના અંતિમ મૂળ તત્ત્વો અંગે કેટલાંક ખ્યાલો વહેતા મુક્યા હતા. જૈનોનો પરમાણુવાદ ખૂબ સ્પષ્ટ હતો અને છેક આધુનિક ગણાય એવો હતો. પહેલી સદીમાં પરમાણુવાદના સિદ્ધાંતો અંગેની વિચાર ધારાનો સંગ્રહ ઉમાસ્વાતિએ કર્યો.

પુદ્‌ગલ એટલે પદાર્થ. એ અણુનો બનેલો છે અણુ એ નાનામાં નાનું તત્ત્વ, અણુનું સંયોજન આ પરમાણુઓથી થાય છે.

બધા જ પદાર્થોનું આ મૂળ છે. પરમાણુઓમાં બે પ્રકાર છે. પોઝિટિવ નેગેટિવ જેવી જ આ વાત છે. એક પ્રકાર સુંવાળો હોય. બીજો બરછટ હોય. અથવા એક સૂકો હોય બીજો પ્રકાર સ્નિગ્ધ હોય, વિરોધી ગુણધર્મવાળા પરમાણુઓ જ સંયોજન કરી શકે અને તોજ દ્રવ્ય નિર્માણ થાય. એક સરખા ગુણોવાળા પરમાણુ ભેગા ન થઈ શકે.

ન્યુક્લિયર અને મોલેક્યુલર થિયરીને મળતા આ જૈન સિદ્ધાંતો અદ્‌ભુત છે. એટલું જ નહિ કેટલી ઉચ્ચ કક્ષાએ વિજ્ઞાની ચિંતકો પહોંચ્યા હતા, તેની ગર્વીલી સાબિતી છે.

આ સિદ્ધાંતોના ઘડતરનો સમય મહાવીર પછીના સો વરસનો કહેવામાં આવે છે.

આ વિચારો જ તક્ષશિલા યુનિવર્સિટી મારફત ગ્રીસ પહોંચ્યા હોવા જોઈએ.

જૈન આચાર્ય નાગાર્જુને યોગ રત્નમાળા, રત્નાવલિ, કક્ષપુરી વગેરે રસાયણ ગ્રંથો રચ્યા હતા. આ જૈન આચાર્ય ગુજરાતના હતા અને પ્રખ્યાત પાદલિપ્તાચાર્યના તેઓ શિષ્ય હતા. (પાલિતાણા નામ પાદલિપ્તાચાર્ય પરથી પડ્યું હોવાનું માનવામાં આવે છે.)

- **થોડાં અવતરણો :**

પરમાણુ સંયોજન અંગે તત્ત્વાર્થ સૂત્રના થોડાં અવતરણો લઈએ. આ સૂત્ર એક વિજ્ઞાન પુસ્તક જેવું જ લાગે છે.

- પુદગલ રસ, ગંધ, સ્પર્શ અને વર્ણવાળા હોય છે. (વર્ણ એટલે રંગ)
- પરમાણુમાં એક જ ગંધ, એક જ વર્ણ, એક જ રસ અને બે સ્પર્શ હોય છે.
- પુદગલનો બીજો પ્રકાર સ્કંધ છે.
- દ્વિ પ્રદેશ, ત્રિ પ્રદેશ સ્કંધો પણ પરમાણુનું કારણ છે. (મોલેક્યુલર થિયરી?)
- સ્કંધ અવયવી દ્રવ્યની ઉત્પત્તિ (૧) સંઘાતથી થાય છે. (૨) સંઘાત તૂટવાથી થાય છે. અથવા (૩) એક સ્કંધ તૂટતા એના અવયવને બીજું કોઈ દ્રવ્ય મળવાથી થાય છે.
- પરમાણુ નિત્ય છે.
- સ્નિગ્ધત્ત્વ અને રુક્ષત્ત્વથી બંધ થાય છે.
- સમાન અંશવાળા પરમાણુના સ્કંધ બનતા નથી.

(આ ભાષાંતરની ભાષા સો વરસ પહેલાંની ગુજરાતી છે. એમાં કોઈ ફેરફાર, સમજાવવા માટે, કરવામાં આવ્યો નથી.)

- **પદાર્થ વિજ્ઞાન :**

શુદ્ધ વિજ્ઞાન વિચારણામાં બે હજાર વર્ષ પહેલાં આ વાક્ય લખીને જૈન શાસ્ત્રોએ ચિંતનની કેટલી ઉત્કૃષ્ટ ભૂમિકામાં આચાર્યો વિહરતા હતા તે બતાવ્યું છે.

કોઈક આચાર્ય કહે છે કે કાળ પણ દ્રવ્ય છે, અને તે અનંત સમય એટલે પર્યાયવાળો છે.

આઇન્સ્ટાઇનના સમયમાં જે વિચારી શકવાની ક્ષમતા માનવીને પ્રાપ્ત થઈ, તે વિચાર તો પ્રાચીન કાળમાં વ્યક્ત થઈ ચૂક્યો હતો!

ગતિ અંગે સૂત્ર લખે છે કે "ગતિ સરલ રેખા પ્રમાણે થાય છે." (ન્યૂટને આ વાત શોધી હોવાનું પાશ્ચાત્યો માને છે.)

વધુમાં ગતિ અંગે આ સૂત્ર લખે છે કે "જીવ અને પુદ્‌ગલ બન્ને ગતિ કરે છે, (મેટર અને એનર્જી) બન્નેમાં ગતિ ક્રિયાની શક્તિ છે. બાહ્ય ઉપાધિથી ભલે વક્રગતિ દેખાય પણ સ્વાભાવિક ગતિ તો સીધી જ હોય છે."

મોક્ષમાં જીવની ગતિ વિગ્રહ રહિત હોય છે.

અવિગ્રહ ગતિ એક જ સમયની હોય છે.

મોક્ષ એટલે આ વિશ્વોથી પર ગતિમાં સમય થોભી જાય છે, એવી (બ્લેક હોલ) શ્યામગર્તની નવી વાતનો અણસાર આ વાક્યમાં નથી દેખાતો?

- **નવ તત્ત્વો :**

જૈન તત્ત્વમાં પંચમહાભૂતને બદલે દ્રવ્ય, શક્તિ, સમય એવાં તત્ત્વો અપાયાં છે, એ એક નવીનતા છે. નવ તત્ત્વના બનેલા વિશ્વની જૈન માન્યતામાં સમય એક તત્ત્વ ગણાયું છે

*તમે નાણાં ઉધાર આપો છો તો એ નાણાં તો તમે ગુમાવો જ છો અને નવા શત્રુ બનાવો છો તે નફામાં.*

એટલું જ નહીં, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામના તત્ત્વો પણ છે. આ છેલ્લા બે શબ્દોનો પારિભાષિક અર્થ જાણવા જેવો છે.

● **ઇનર્શિયા :**

ન્યૂટનના એક નિયમમાં એવું છે કે કોઈ પણ પદાર્થ કાં તો સદાય સ્થિર રહે છે અને કાં તો સદાય ચાલ્યા કરે છે. એ પરિસ્થિતિ બદલવા માટે બહારના બળની જરૂર પડે છે.

**ધર્માસ્તિકાય એટલે કોઈ પણ પદાર્થ કે તત્ત્વને ગતિ આપતું માધ્યમ.**

**અને અધર્માસ્તિકાય એટલે. જડત્ત્વ પદાર્થની સ્થિરતા નક્કી કરતું તત્ત્વ.**

વર્તમાન વિજ્ઞાનમાં "કાઇનેટીક કોર્સ" અંગેના સિદ્ધાંતો આવે છે, તેને જ મળતી આ વિચારણા છે. યુરોપ, અમેરિકામાં લોકો હિંસા અને ખેતી અને ભૂતપ્રેતમાં માનતા હતા, ત્યારે આ ધરતીમાં લોકો તત્ત્વની આવી વિચારણા કરી શકતા હતા.

રેડિયેશનની પણ વાત છે.

તત્ત્વાર્થના ૪૧ માં શ્લોકમાં તેજસ અને કાર્મણ દ્રવ્યો આખા લોકમાં ક્યાંક અટકાયત પામતા નથી. વજ્ર જેવી કઠિન વસ્તુ પણ એને રોકી શકતી નથી. જેમ અગ્નિ લોહપિંડમાં પ્રવેશ કરે છે તેમ અત્યંત સૂક્ષ્મ હોવાથી આ દ્રવ્યો આવ-જા કરી શકે છે. એમની ગતિ અસ્ખલિત છે.

● **અવકાશ :**

આઇન્સ્ટાઇન પછીની વિચારધારામાં અવકાશનું આ સમયનું સ્વતંત્ર અસ્તિત્ત્વ નથી, સાપેક્ષવાદનો સિદ્ધાંત અગમનિગમ અને આધિ ભૌતિક તત્ત્વ જ્ઞાન જેવો લાગે છે. ગઈ સદી સુધીમાં અવકાશ અને સમયના સંલગ્ન પરિમાણની વાત વિજ્ઞાનીઓએ હસી કાઢી હોત. ૨૩૦૦ વર્ષ પહેલાંના જૈન તત્ત્વ ચિંતનમાં અવકાશ અંગે તથા સમય અંગે સાપેક્ષવાદ જેવી જ તાત્ત્વિક ચર્ચા છે, અવકાશ એના દ્રવ્ય પ્રમાણે છે અને તે આ વિશ્વમાં છે. એ જ રીતે સમય પણ આ વિશ્વનું તત્ત્વ છે. જુદા વિશ્વમાં એની રચના કે પ્રક્રિયા તદ્દન જુદી હોઈ શકે. દાખલા તરીકે નવા વિશ્વવાદમાં બ્લેક હોલ તથા વ્હાઇટ હોલ વચ્ચેના ભોંયરામાં સમય જેવી વસ્તુ જ નથી. ત્યાં લાખો પ્રકાશ વર્ષનું અંતર પળમાં જ કપાઈ જઈ શકે.

આઇન્સ્ટાઇનના સિદ્ધાંતની એક બીજી વાત છે કે જુદા જુદા વિશ્વોમાં જુદી જુદી ગતિ પ્રમાણે ઘડિયાળ, સમય માપન, આયુષ્ય વગેરેના પ્રમાણો પણ બદલાઈ જાય છે. પ્રકાશ વર્ષની ગતિએ ગયેલું અવકાશયાન હજાર વર્ષે પાછું આવે, ત્યારે અંદર બેઠેલાને માંડ બે પાંચ વરસ થયા હોય તેવું લાગે. એમની પાસે અહીંથી લઈ જવાયેલું ઘડિયાળ હોય. એમની નાડીના ધબકારા માપીને સમય નોંધતા હોવા છતાં આવું બને.

**દેવલોકનું વર્ણન કરતાં જૈન શાસ્ત્રોમાં આ લોકની પાર આવેલા દેવલોકમાં એક શ્વાસ લેતાં પખવાડિયું લાગે. કોઈક દેવલોકમાં એક શ્વાસ લેતાં વરસ લાગે. આમ એમનું લાંબું આયુષ્ય આપણી અપેક્ષાએ હોય.** એમની અપેક્ષાએ તો નાડીના કુલ ધબકારા કે આયુષ્યના કુલ શ્વાસોચ્છ્વાસ આપણા જેટલા જ હોય, આ અદ્‌ભુત ક્રાન્તિકારી વિચારણા છે, એ યુગના સમજુ માણસોને આ વાત દિવ્ય લાગી હશે. આજના યુગના વિજ્ઞાનીને પણ આવી વિશ્વ દર્શનની વાતો અગમ્ય લાગે છે.

● **વાતારવણ :**

અત્યારની વિજ્ઞાન વિચારધારા પ્રમાણે પૃથ્વીની આસપાસ હવાનો મહાસાગર છે. હવાની સાગરની શરૂઆતમાં ભેજ હોય છે, ઘણે અંતરે વિદ્યુત સ્વરૂપના કણો "અયન" હોય છે.

વિવાહ પ્રજ્ઞપ્તિ સૂત્ર પ્રમાણે "લોકની આસપાસ ત્રણ આવરણ છે - જામેલું પાણી, જામેલી હવા અને પાતળી હવા."

એમ પણ લખ્યું છે કે "શીંકું લટકાવ્યું હોય એમ લોક ગોઠવાયો છે."

"એનો આકાર ઊંધા કોડિયા પર સુલટું કોડિયું મૂક્યું હોય એવો છે." આમ સિદ્ધ શિખર હોય કે આંતર, લોક વલય, પરાવલય, વર્તુલ, લંબગોળ, વક્રતા વગેરે અદ્યતન આકૃતિનો ઉપયોગ થયો છે.

"લોકના મધ્ય ભાગમાં થાંભલા આકારે ત્રણ નાલ છે."

"પરમાણુ છૂટા અવકાશમાં ફરતા હોય છે."

ત્રણ નાલની વાત અતિ અદ્યતન બે વિશ્વોને જોડતી ટનલની વાતને અમુક અંશે મળતી આવે છે તેની ઝાંખી હશે?

એમ તો બ્લેક હોલને મળતી પણ એક વાત સૂત્રોમાં છે.

"પાંચમા દેવલોક પછી, લોક એટલે કે વિશ્વને છેડે પછીના દેવલોક - વિશ્વ પહેલાં તદ્દન કાળા ક્ષેત્રો છે. "આમ" બે વિશ્વો વચ્ચે સંપૂર્ણ અંધારું હોય." "ત્યાં જીવ ચાલી ન શકે." "આઠ જેટલા કાળ ક્ષેત્રો આવે" વગેરે આ દાયકાની કોસ્મોલોજીની જ જાણે વાતો હોય એવું લાગે છે.

પારિભાષિક અને અતિ સાંપ્રદાયિક અર્થ ઘટનાના ગૂંચળામાંથી સંશોધન કરી ઘણું વિજ્ઞાન સૂત્રોમાંથી શોધી શકાય. તત્ત્વ વિચારણાના સૂત્રો જાણે ઉચ્ચ અભ્યાસના વિજ્ઞાન પુસ્તકો હોય એવી ઝાંખી દરેક શ્લોકે થયા કરે એ અદ્‌ભુત ઘટના છે અને આખું ભારત ગૌરવ લઈ શકે એવો એ વારસો છે.

● **મનોવિજ્ઞાન :**

તાજેતરમાં મનોવિજ્ઞાન ખીલવણીએ માનવ ચિંતન પર ખૂબ પ્રભાવ પાડ્યો છે.

પ્રાચીન ભારતીયો મનોવિજ્ઞાનને સુવર્ણ શિખરે લઈ ગયા હતા. લગભગ બધા શાસ્ત્રો એથી ભરેલા છે.

જૈન શાસ્ત્રમાં મન ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. જૈનો મુખ્યત્વે જ્ઞાનને પ્રતિષ્ઠા આપતા હોવાથી અને જ્ઞાનથી તેમજ સમયથી જ મોક્ષે જવાય એવી એમની માન્યતા હોવાથી મન અંગે એમણે ખૂબ વિચાર્યું છે.

જ્ઞાન કઈ રીતે મળે. મન, અજ્ઞાન મન, સુપ્ત મન, વગેરે મનના કેટલા પ્રકાર હોય. મનના ભાગોને કાબૂમાં રાખવા તપશ્ચર્યા કરવી, નિયમો પાળવા તો કેવી રીતે એ બધું અમલમાં મૂકવાથી માનસિક બળ મેળવવું વગેરે બાબતોને શાસ્ત્રોમાં વિસ્તારપૂર્વક આલેખાઈ છે.

*કોઈપણ માણસ જ્યાં સુધી સારો થવાનો પ્રયત્ન ન કરે ત્યાં સુધી પોતે કેટલો ખરાબ છે તે જાણી નથી શકતો.*

મનનું સંશોધન કરવાનો વિચાર, મન જાતજાતના હોઈ શકે એ વિચાર જ વૈજ્ઞાનિક છે અને પરિણામે મનોવિજ્ઞાનની અન્ય શાખાઓ વિચારકોના લક્ષમાં આવ્યા વગર ન રહે.

આધુનિક મનોવિજ્ઞાનીઓ સ્વપ્ન અને તેના અર્થઘટન પર ભાર મૂકે છે, જૈન ધર્મમાં સ્વપ્નો અને તેમાં ઓળખાતા પ્રતીકોના અર્થો એ પરત્વેનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સ્વપ્નનો અર્થ જાણનાર નિષ્ણાંતો રાજાઓ દરબારમાં રાખતા અને એ એક લગભગ રિવાજ હતો.

**અજ્ઞાન મન પ્રતીક દ્વારા જ વાત કહે છે અને અમુક દૃશ્ય સ્વપ્નમાં દેખાય તો એનો અમુક અર્થ થાય એ વિચાર સદીની શરૂઆતમાં ક્રાંતિકારી હતો, તો અઢી હજાર વર્ષો પૂર્વે કેટલો બધો દિવ્યજ્ઞાની લાગતો હશે!**

**ફિલ્સૂફોએ પ્રતીકોના અર્થ નક્કી કર્યા હતા, કમળ એટલે જીવન, હાથી એટલે વરસાદ, કળશ એટલે સિદ્ધિ. આ પ્રતીકોને શિલ્પ અને કલામાં પણ સ્થાન મળ્યું હતું. તીર્થંકરના જન્મ સમયે પણ તેમની માતાને ૧૪ સ્વપ્નો આવતા ચક્રવર્તીના જન્મ સમયે પણ ખાસ જાતના પ્રતીકાત્મક સ્વપ્નો માતાને આવતા.** તીર્થંકરોની મૂર્તિમાં પણ 'લાંછન' અથવા પ્રતીકાત્મક ચિહ્નોની સંજ્ઞા થતી. ઘણીવાર તો માત્ર એ સંજ્ઞાથી જ જમીનમાંથી મળેલી મૂર્તિ કયા તીર્થંકરની છે, એ જાણી શકાતું.

- **યોગ, મંત્ર, ધ્યાન, તંત્ર :**

યોગ અંગે હરિભદ્રથી હેમચંદ્રાચાર્ય સુધી ઘણા દાર્શનિકોએ ગ્રંથો લખ્યા છે. શ્વાસની ક્રિયા, મંત્રો, ધ્યાન વગેરે માર્ગે ઉચ્ચતમ માનસિક સિદ્ધિ મેળવવાની આ ભારતી પરંપરા જૈન ધર્મમાં પણ અપનાવાઈ છે.

જૈન શાસ્ત્રોમાં કુંડલિની સુદ્ધાં જાગૃત કરવાની વાત છે પણ મુખ્ય તાંત્રિક પરંપરાથી જૈન ગ્રંથો જુદા પડે છે. વામાચારની બાબતમાં જૈન તંત્ર વિદ્યામાં સ્ત્રી અને જાતિયતા દ્વારા સાધના કરવાની કોઈ વાત નથી.

મંત્રો તો જૈન ભક્તિનો પાયો છે. નવકાર મંત્ર, ઑમ (ૐ) વગેરે ધ્વન્યાત્મક મંત્રોના જાપ તથા તેની અનેક રીત જૈન પરંપરામાં ઉતરી છે. મંત્રોનું પ્રાબલ્ય તો એટલું બધું છે કે મંત્રોથી જ મનવાંચ્છિત ભૌતિક અને માનસિક ઐશ્વર્ય પ્રાપ્ત થઈ શકે એવી માન્યતા જૈનોમાં દૃઢ થઈ છે.

ધ્યાન, તપ અને ભક્તિનો પાયો છે. જૈન પૂજા, સામયિક, પ્રતિક્રમણ ઈત્યાદિમાં ધ્યાનને મહત્ત્વ છે, એકાગ્ર ચિત્તે ધ્યાનસ્થ બનવા પર ખૂબ ભાર મૂક્યો છે.

તંત્ર વિદ્યાને જૈનોએ રાજમાર્ગ ગણી નથી, છતાં ઘણા યતિઓએ તેમાં પ્રાવીણ્ય મેળવ્યું છે. એનું એક કારણ એ છે કે વૈદિક, બૌદ્ધ વગેરે પરંપરાઓમાં મન અને બુદ્ધિનો તેમજ હેતુઓ અને સમજણનો જે ભાગ છે, તે કરતાં જૈનોમાં વધારે છે. પરિણામે જૈન ફિલ્સુફો તપસ્વીઓને તંત્ર વિદ્યા વધુ સહેલાઈથી હસ્તગત બની હોવાની બાબતને ઘણા ઐતિહાસિક સમર્થનો મળે છે.

પરિણામે સંમોહન, ટેલીપથી વગેરે મોટા આચાર્યો માટે જાણે રમત વાત હોય એમ જૈનો માને છે અને અનુભવે છે.

બુદ્ધિગમ્ય વિધિઓની પ્રતિષ્ઠા હોવાથી જૈન પૂજા, ક્રિયાકાંડ વગેરેમાં ચોકસાઈ અને નિયમબદ્ધતા સવિશેષ દેખાય છે.

**જૈન મંદિરોમાં સ્વચ્છતા, સુગંધ, સૌન્દર્ય અને લયબદ્ધ સંગીત પર ભાર મૂકવામાં આવે છે. તેથી મનને ઉચ્ચ ભૂમિકાએ લઈ જવાનું સરળ બનાવતું વાતાવરણ મળી રહે છે.**

- **સંગીત :**

સંગીતને આત્મસાત કરવાની વિદ્યા જૈનોએ ગણી છે. તેથી જૈન ભક્તિ કાવ્યો ગેય હોય છે. સ્તવનો વગેરે ખાસ પ્રકારના ગીતોથી વાતાવરણ ગાજી ઊઠે છે, જૈન સાધુઓ ગાઈને રજૂ કરવામાં ગૌરવ સમજે છે.

સંગીત અને મૌન બન્નેનો વિવેકમય ઉપયોગ એ જૈન પૂર્વજોની સૌન્દર્ય દૃષ્ટિનો એક ભાગ છે.

(આવી ભવ્ય પરંપરાને છેડે આજે ઘોંઘાટ, બેન્ડવાજા, ભદ્દાં સિનેમા ગીતોની તરજોવાળા રાગડા, પૂજા વખતની ધાંધલ અવ્યવસ્થા, રાડારાડ, ભોજન, લહાણી, ચાંદીના વરઘોડામાં જ બધું પર્યાપ્ત થઈ જતું હોય એવી દોડાદોડ, નાણાં ઉઘરાવવા માટે ઘી બોલાવવાની કે અન્ય ચીજોનું લિલાઉં કરી લાઉડ સ્પીકરના ઉપયોગથી પવિત્ર ધાર્મિક સ્થાનોને અપાતું બજારનું સ્વરૂપ વગેરે જોઈએ, ત્યારે થાય તો ખરું જ કે ક્યાં આપણો વારસો અને ક્યાં આપણે!)

- **ચિત્રકલા વિજ્ઞાન :**

**ચિત્રો વિજ્ઞાન છે એ ઘણાને ખ્યાલ નહીં આવે.** પણ સર્વાંગી રીતે વિચારીએ તો શાસ્ત્રીય બુદ્ધિગમ્ય આયોજન વિના ભવ્ય પ્રણાલિકા સર્જાય નહીં, એ સમજાઈ જશે.

જૈન રંગીન કલ્પસૂત્રો, બિનસાંપ્રદાયિક લઘુચિત્રો, ભીંત ચિત્રો, ગુફા ચિત્રો, મંત્રના યંત્રો, રંગેલા, ગૂંથેલા, ભરત કરેલા અને ચિત્રકામવાળાં વસ્ત્ર પટ્ટો વગેરેએ ભારતીય કલાને મહાન પ્રદાન કર્યું છે એ કારણે જૈન ચિત્રકલાને પશ્ચિમ ભારતીય ચિત્રકલા કહેવામાં આવે છે.

દક્ષિણ ભારતની સિતન્નવાસલની અદ્ભુત ચિત્રગુફા એ સમગ્ર એશિયાનું ઘરેણું છે. ઈલૂરામાં હજીય રંગીન ચિત્રો જોઈ શકાય છે. જૈન ભંડારોમાં તેમજ જગતભરના મ્યુઝિયમોમાં રહેલાં હજારો રંગીન સૂત્રો, વાર્તા પુસ્તકો જૈનોનો ભવ્ય વારસો છે.

વર્ષો સુધી ઝાંખા ન થાય એવા રંગો નિપજાવવામાં રસાયણ શાસ્ત્રનું જ્ઞાન જોઈએ.

પુસ્તકો ભેજ તથા જંતુઓથી ખવાય નહીં. એ માટે જાળવણી વિજ્ઞાન આવડવું જોઈએ.

અથવા જેઓ આ વિજ્ઞાન જાણતા હોય તેમને અને તેમની સંસ્થાઓને પોષવી જોઈએ.

- **શિલ્પ સ્થાપત્ય :**

શિલ્પ અને સ્થાપત્ય એ શાસ્ત્રીય વિજ્ઞાન છે. એ કારણે આર્કિટેકચરના ઉચ્ચ શિખરો સર કરવામાં જૈનો સફળ બન્યા. રાણકપુર, દેવગઢ, આબુ, મથુરા, ખજૂરાહો વગેરે આંતરસૂઝ ઉપરાંત વિદ્યાનું પરિણામ છે. એ વિદ્યામાં ભૂમિતિ, ગણતરી, માપનશાસ્ત્ર (સ્કેઈલ એન્ડ મેઝરમેંટ) ત્રિકોણમિતિ, બીજગણિત,

*માણસ પોતાની નિષ્ફળતાથી જેટલો ડરે છે, તેટલો જ કાર્ય સિદ્ધિથી દૂર રહે છે.*

પ્રોજેકટાઈલ જોમેટ્રી, સ્ટેસ વગેરેનું એન્જિનિયરીંગ, ઉચ્ચાલન યંત્રો, યોગ્ય ઓજારોનું ઉત્પાદન, કાચા માલ, પથ્થરો, ધાતુઓ વગેરેની પરીક્ષા આ બધાનો સમાવેશ થાય છે.

કલાને વિજ્ઞાનનો રથ જોઈએ જ. કાંસ્ય શિલ્પમાં ખનીજો અને ધાતુના જ્ઞાન ઉપરાંત અગ્નિ અને બળતણની જાણકારી જરૂરી છે. ઓગાળેલા ધાતુ રસ, શિલ્પ કંડારિત માટીના વાસણમાં કેટલો સમય ઠારવો એનુંય વિજ્ઞાન હોય છે.

લક્કડ કામમાં પણ લાકડાની પરીક્ષા તથા લાકડાની જાળવણી મુખ્ય ભાગ ભજવે છે.

મોટા સ્થાપત્યોમાં ઊંડા પાયા નાંખવા માટે જમીનની જાત, ભીનાશ, ઢોળાવ વગેરે બાબતો લક્ષમાં રાખવાની હોય છે.

- **આર્થિક વિજ્ઞાન :**

**આર્થિક વિજ્ઞાન અસલથી જાણે જૈનોનો ઈજારો!** વેદોમાં તથા જૂના બાઈબલમાં પણિઓ-વેપારીઓનો ઉલ્લેખ છે. વાણિયા શબ્દમાં પણિનું મૂળ છે.

એ જાતિઓ વેપાર કરતી, સમુદ્રો ખેડતી, જૈનોએ આર્થિક વિજ્ઞાનની ખીલવણી કરી, છેક પ્રાચીન કાળમાં વેપારી કાફલાઓ નિર્માણ કર્યા, આયાત નિકાલ હૂંડિયામણ, બેંકિંગ, માર્કેટિંગ, આંતરરાષ્ટ્રીય માર્ગો, દુનિયાભરના વેપારના નિયમો, વહેંચણીની આવડત, મેનેજમેન્ટ સ્કીમ કહેવાય છે. એની સંચાલનશક્તિ, વિદેશી સંસ્કૃતિઓની જરૂરિયાતોનો ખ્યાલ, સમુદ્રોના પ્રવાહો, હવામાન, ઋતુ વગેરેનો ખ્યાલ, રત્ન પરીક્ષા, આ બધાની આવડત જ આર્થિક ક્ષેત્રમાં વર્ચસ્વ અપાવે. પોતાનો માલ, વહાણ, વગેરેનો વીમો ઉતારવાની આગવી પોતીકી પદ્ધતિ આપણા દેશમાં હતી. અને જૈનો તેમાં કુશળ હતા.

આર્થિક કૌશલ્યનો વારસો વિકસતા વ્યાપારી વિજ્ઞાનના આ યુગમાં ટકી રહ્યો છે, એ દર્શાવે છે કે હજારો વરસથી જૈન વ્યાપારી જાણકારીના પાયા અનુભવોના જ્ઞાનથી કેટલા મજબૂત બન્યા હશે!

- **રાજકીય વિજ્ઞાન :**

પોલિટિકલ સાયન્સના પાઠ્યપુસ્તકો તો ત્રણસો વર્ષથી આવ્યા, પણ ભારતમાં કૌટિલ્ય જેવાએ એ વિષય પર વિસ્તૃત ગ્રંથો લખ્યા હતા. જૈનોને આર્થિક વર્ચસ્વ પ્રાપ્ત કરવું હોય તો રાજકીય વિચારધારાઓનો સંપર્ક રાખવો જ પડે.

અજાતશત્રુ, સંપ્રતિ, ચંદ્રગુપ્ત, નંદ, ખારવેલ, અકબર, સિદ્ધરાજ, કુમારપાલ, હોયશલ વગેરે સમ્રાટોના સમયમાં જૈન સાંસ્કૃતિક પ્રવાહોને મળેલા ઉત્તેજનની વાતો જાણીતી છે.

પરંતુ પોતાની સંસ્થાને મજબૂત બનાવવામાં જૈનોએ આ વિજ્ઞાનનો સરસ અને લાભદાયક ઉપયોગ કર્યો.

એ જમાનામાં અતિ પ્રગતિશીલ ગણાય એવી લોકશાહીયુક્ત સંસ્થા જૈનોએ રચી. બૌદ્ધોએ પણ એની નકલ કરી. **જૈન સંઘમાં બધાને સરખો હક્ક હતો. ચાર પાયા નક્કી થયા, જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ વિભાગોને સમાવી લેવાયા. આ રચનાથી સ્ત્રીને સમાન મોભો અપાયો. એટલું જ નહિ, પુરોહિતવાદના અનેક અપલક્ષણો અને પુરોહિતોની સરમુખત્યારીથી જૈન સમાજ તદ્દન બચી ગયો.**

ભારતમાં જ નહીં, ઈજિપ્ત જેવા દેશોમાં તેમજ દક્ષિણ અમેરિકા ખંડની સંસ્કૃતિઓમાં પુરોહિતોનું બહુ જોર હતું. એક પ્રકારનું જુલમી શાસન તેઓ કરતા. જૈનોએ પુરોહિતોને માત્ર ધાર્મિક ઉન્નતિને કાર્યે વાળવામાં સફળતા મેળવી.

પરિણામે જૈન સંઘ અનેક તડકા છાંયડા પછી પણ ટકી શક્યો.

જૈન સમાજ અને સંસ્કૃતિ, તેનું સાહિત્ય અને વિજ્ઞાન, કલા અને આવડત બધાનું ધ્યેય ઉન્નતિ, ધર્મ અને શાંતિ રહ્યું.

જૈનોમાં ઘણા બહાદુર લડવૈયા થયા છે, છતાં લશ્કરી વિજ્ઞાનનો ઉલ્લેખ સંપૂર્ણ ટાળવામાં આવ્યો છે. ભાગ્યે જ કોઈ સંપ્રદાય આટલો શાંતિપ્રિય હશે, જૈનો પોતાના મતના પ્રચાર માટે બચાવ માટે સંઘર્ષમાં ઉતર્યા નથી. ક્યારેય કત્લેઆમ કરી નથી. બળજબરી તેનો હેતુ રહ્યો નથી. અહિંસા પ્રત્યેની તેમની વફાદારી સ્વરક્ષણના પ્રલોભનથી પર રહી છે.

- **ભાષા :**

જે લોકો સમૂહ વિજ્ઞાનના ઉચ્ચ ચિંતનો કરે, જેમને સંપૂર્ણ શાંતિમય પ્રચાર કરવો હોય, અનેક પ્રજાઓ સાથે વેપાર ખેડવો હોય, જ્ઞાન અને પુસ્તકો પર ભાર મૂકવો હોય એ પ્રજાને ભાષાના માધ્યમની જરૂર પડે. ભાષા વિજ્ઞાન વિકસાવવું જ જોઈએ.

પરિણામે પ્રાચીન કાળથી જૈનોએ વિપુલ સાહિત્ય ખેડ્યું છે. સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરેમાં હજારો ગ્રંથો દરેક યુગમાં લખાયા છે. એટલું જ નહીં પણ કન્નડ, તમીલ, ગુજરાતી વગેરે ભાષાઓનો માણેકથંભ જૈનોએ રોપ્યો છે. આ ભાષાના આદિકવિઓ અને લેખકો તેઓજ રહ્યા છે.

લેખક ઉપરાંત શબ્દ ધ્વનિનું માધ્યમ પણ એટલું જ ખેડવું પડે. સાધુઓ ઠેર ઠેર પ્રવચન આપે. રોજ પ્રવચનો કરે. પરિણામે વકતૃત્વનું ખેડાણ ખૂબ થાય.

૨૩૦૦ વર્ષો પહેલાં લખાયેલા તીર્થંકરના જીવનચરિત્ર, તેમની વાણી અંગે ઉલ્લેખો છે એ આધુનિક જાહેર વકતૃત્ત્વના પાઠ્યપુસ્તકમાંથી જાણે લીધા છે!

વક્તાની ભાષા કેવી હોય? તેવા પ્રશ્નના જવાબમાં સૂત્ર કહે છે કે તીર્થંકરની વાણીમાં ૩૫ ગુણો છે. બધાં સાંભળી શકે, ભાષામાં ક્યાંય તુચ્છકાર તુંકાર ન હોય, અર્થ ગાંભીર્ય હોય, ઉચ્ચાર યોગ્ય હોય, અવાજ ઘેરો હોય, એના પડછંદા પડતા હોય, શબ્દોમાં સંક્ષેપ હોય (લાંબું લચક ન બોલો) વિરોધાભાસી વાતો ન હોય, શ્રોતાને સંશય ન રહે એવું સમજાય, લોકો એક ધ્યાન થઈ સાંભળે એવી વાણી હોય, દેશકાલ અનુરૂપ બોલે, બાળક સમજે એ રીતે કથા રૂપે કહે, આત્મ પ્રશંસા ન હોય, પરનિંદા ન કરે, કોઈને દુઃખ થાય એવી માર્મિક વાણી ન બોલે, લોકો વાક્ચાતુર્યથી અચંબો પામે, બોલતા થાકે નહીં, સદાય હસતા અને ઉત્સાહી દેખાય, શ્રોતાને સવાલ પૂછ્યા વગર જ મનની વાતનો જવાબ મળી જાય, પ્રવચનમાં સાચા વખાણ કરે, પણ ક્યાંય ખુશામતનો ભાવ ન આવે.

*ક્યારેય જ્ઞાન વિનાના ધનિક બનવાનું જોખમ ન લેવું જોઈએ.*

● **સમાજ-કલ્યાણ :**

પોતાના ધર્મના ઉપદેશને અનુરૂપ જૈનોએ દાનનો પ્રચંડ મહિમા કર્યો અને સમાજ-કલ્યાણની એવી તો પ્રવૃત્તિ આદરી કે તેમના સામાજિક જીવનનો એક ભાગ બની ગઈ. શાળાઓ, ભોજનાલયો, વસ્ત્રદાન, દુષ્કાળ સમયની રાહતો વગેરે અંગે પ્રાચીન કાળથી જૈનોએ નામ કાઢ્યું છે. **સમાજ-કલ્યાણનું સંચાલન એ જાણે જૈનોનો અનુવાંશિક ગુણ બની ગયો છે.**

● **નારીની પ્રતિષ્ઠા અને નાતજાતના ભેદો :**

જૈનોએ પ્રાચીનકાળમાં આ બાબતમાં પહેલ કરી હતી. ભગવાન મહાવીર સ્ત્રીને સમાન ગણી દીક્ષાની છૂટ આપી. શ્રાવિકા સંઘનું નિર્માણ કર્યું. બેડીઓમાં જકડાયેલી ગુલામ કન્યાના તદ્દન હલકા ખોરાકમાંથી ભિક્ષા લેવાનો એમણે અભિગ્રહ કર્યો.

**તમામ વર્ણો સરખાં છે એમ કહ્યું. એટલું જ નહીં, ચાંડાલો પણ ધર્માભ્યાસ કરી શકે અને મુનિ પદે પહોંચી શકે એવી પ્રણાલિકા બેસાડી.**

મહાવીર નિર્વાણના સાતસો વરસો બાદ જૈન સમાજની ક્રાંતિ જાણે કે ઓછી થવા લાગી. દિગમ્બરોએ તો સ્ત્રી મોક્ષની અધિકારિણી નથી એમ કર્યું. સાધ્વીઓનો વર્ગ પણ એમણે દૂર કર્યો.

બાકીના જૈનોમાં સ્ત્રીની મહત્તાનો દાખલો સિદ્ધસેન દિવાકરના યુગમાં રહ્યો. એટલે કે ઇસ્વીસનની છઠ્ઠી સદી સુધી સ્ત્રીની મહત્તા સમાજમાં રહી.

સામાન્યતઃ શ્રમજીવી વર્ગ કરતાં સમૃદ્ધ વર્ગમાં સ્ત્રીનું સ્થાન ઓછું થાય છે. વારસાના હક્કોમાં સ્ત્રી પ્રવેશે નહીં. એવી જ માનસિક તાલીમ સમાજ આપે છે, પછી તો એવું સાહિત્ય રચાયું કે બીજા બધા ગુણને બદલે પતિ પ્રત્યેની વફાદારીને શ્રેષ્ઠત્વ ગણાવ્યું. સ્ત્રીને પુરુષની આભા નીચે સંતાડી દેવામાં આવી. પૌરાણિક વાર્તાઓમાં સ્ત્રીનું સ્થાન વધુ ઉતાર્યું. ચક્રવર્તીને ૬૪૦૦ પત્નીઓ અને એથી બેવડી સંખ્યાની ઉપપત્નીઓ હોય, એવું પ્રતિપાદન કરીને વૈભવનું એક ઘરેણું જ સ્ત્રી છે એવો જનમત કેળવાયો. દેવલોકમાં પણ સ્ત્રીઓ નાટક નૃત્ય કરી દેવને રિઝવે એવું લખાણ આવ્યું.

દસમી સદીમાં સ્ત્રીના મહત્ત્વના બે અનોખા ચમકારા જૈન સમાજમાં જોવા મળે છે. ખજૂરાહોમાં દીવાલના એક એક સેન્ટિમીટરમાં નારીની ગૌરવ પ્રતિષ્ઠા કરવામાં આવી. એવું જ તેરમી સદીના રાણકપુરમાં બન્યું. અગિયારમી સદીના દેલવાડાના દેરાસરો બંધાવવામાં પણ એક મહાન જૈન નારીએ મુખ્ય ભાગ ભજવ્યો. કલાકારો અને કારીગરો સાથેનો તેનો સંબંધ ઇતિહાસની કથા બન્યો.

તાજેતરમાં એટલે કે આ પેઢી દરમ્યાન ભારતના સમાનતાના કાયદા છતાં માનસિક રીતે ગુજરાતમાં સ્ત્રીનું સ્થાન ઓછું મોભાનું રહ્યું છે. સંસ્થાઓમાં કારોબારીઓમાં તેમની સામેલગીરી નહીંવત્ છે. જૈન સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધારે છે, છતાં વહીવટમાં સ્ત્રી ભાગ ભજવતી નથી. ગાંધીજીએ સ્ત્રી જાગૃતિ પ્રેરી હતી. છતાં ગુજરાતમાં પણ સ્ત્રીના આપઘાત અને સાસરિયાના ખૂનો ગણનાપાત્ર રહ્યા છે. સૌરાષ્ટ્રમાં જૈન વહુઆરુના બળી મરવાના કિસ્સા સાવ સાદી વાત ગણાય છે.

નાતજાતના અને વર્ણાશ્રમના ભેદો પણ વ્યવહારમાં જૈન સમાજે સ્વીકારી લીધા છે. વિશાળ હિંદુ સમાજની અસર નીચે નાતજાતના તીવ્ર ભેદો જૈનોમાં છે. ગમે તે જૈન બીજા ગમે તે જૈન સાથે લગ્ન સંબંધથી જોડાઈ શકતા નથી.

સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેનું અંતર. આ બે બાબત સિવાય, અપરિગ્રહ ક્ષેત્રે પણ પડ્યું છે. અપરિગ્રહવાદના પ્રબલ પુરસ્કર્તા જૈન સમાજનું આજનું લક્ષ્મી પ્રદર્શન, ચાંદીના વરઘોડા, લાખોના આરસના ચણતરો, પ્રતિષ્ઠા મહોત્સવના પ્રચંડ મોટા જમણવારો, આચાર્યની કે દીક્ષાની લાખોની જાહેરખબરોથી જનસમાજમાં વિરુદ્ધ લોકમત સર્જાય છે અને જૈન સંસ્કૃતિ કે વિજ્ઞાન પરસ્ત ધર્મની વાત બરાબર સ્વીકારતા નથી.

વિજ્ઞાન મંડિત ધર્મની હાંસી તો કેટલાક રૂઢિચુસ્ત જૈન અગ્રણીઓ અને આચાર્યો વિજ્ઞાન વિરોધી ઝુંબેશ ચલાવે છે, તેથી થાય છે. "અમે વિજ્ઞાન પરસ્ત છીએ. અમારા જ સિદ્ધાંતો પશ્ચિમીઓ લઈ ગયાં, આ બધું અમારું શોધેલું છે." એવો દાવો અને સાથે સાથે 'એ વિજ્ઞાન સંસ્કૃતિના વિનાશ માટે છે, પશ્ચિમીઓનું કાવતરું છે, એ બધા જૂઠા છે, રોજ બદલાયા કરે છે.' એ વાતથી આપણે શરમાતા નથી.

જૈન ધર્મના વિજ્ઞાનનો વારસો માત્ર જૈનીઓ અભિમાન લઈ શકે એથીય વિશેષ તો સમગ્ર ભારત ગૌરવ લઈ શકે એવો છે. આ વારસાની પૂરી જાણકારી પશ્ચિમના વિદ્વાનોને થશે, ત્યારે વિશ્વના માનવ સમાજમાં આખા એશિયાનો મોભો વધશે.

બે ત્રણ શાખા બાદ કરતાં વિજ્ઞાનના તમામ ક્ષેત્રોમાં જૈન દાર્શનિકોએ કંઈક પ્રદાન કર્યું છે. બે ક્ષેત્રો ખાસ કરીને તબીબી અને ખગોળ એ બે ક્ષેત્રોમાં જ એમનો ફાળો નથી. તબીબી બાબત અંગે એ દલીલ થઈ શકે કે અધ્યાત્મિક જીવન પર ભાર મૂકીને આરોગ્યને કુદરત પર છોડ્યું છે. તપશ્ચર્યા, ઉપવાસ, સાત્ત્વિક જીવન પર્યાપ્ત થશે એવો એમનો વિશ્વાસ ખરો. પરિણામે આયુર્વેદને સમાંતર સંશોધન કરવામાં એમણે રસ ન લીધો.

ખગોળમાં સૂર્ય સિદ્ધાંત, આર્ય ભટ્ટીય સુધીના ગ્રંથોમાં ભારતીય સિદ્ધિઓ અભિમાન લેવા જેવી છે. વિશ્વ સ્વરૂપ અંગે ખૂબ ચિંતન કરનારા આચાર્યોએ ક્ષેત્રોને સૂત્રમાં કેમ સ્થાન નથી આપ્યું, તે સમજાતું નથી. ઘણા નામાંકિત ખગોળ શાસ્ત્રીઓ જૈન ધર્મી હતા. ઉજ્જૈની નગરીના દરબારમાં સુદ્ધા શોભતા હતા, છતાં ખગોલીય સિદ્ધાંતોને પડતાં મૂકી તદ્દન સ્વતંત્ર બૃહદ્ ક્ષેત્રે સંગ્રહણી તૈયાર કરી, એ જરા ન સમજાય એવું તત્ત્વ છે.

એવું બને કે હજી ઘણા તાડપત્રીય ગ્રંથો ભંડારોમાં દટાયેલા પડ્યા છે તેના સંશોધન પછી કંઈક નવો પ્રકાશ પડે.

● **જીવનમાં કેમ સુખી થવું :**

આ વિષય આજના સંદર્ભમાં પણ નવો ગણાય, છતાં એ અંગે પાર વગરનાં સૂચનો જૈન ગ્રંથોમાંથી મળી રહે.

*ખ્વાબો વાસ્તવિક્તામાં પલટાઈ જાય એ માટે ઊંઘમાંથી જાગવું અતિ જરૂર હોય છે.*

જૈન પ્રાચ્ય શાસ્ત્રોમાં એવું પ્રતિપાદિત થયું છે કે નરકોમાં જીવો નપુંસક હોય. દેવોમાં સ્ત્રી અને પુરુષની જાતિ હોય. મર્દાનગી અને સ્ત્રીત્વને જૈનોએ બિરદાવી છે. ખ્રિસ્તીઓની ફિલસૂફીમાં જાતિય ફરક એ શાપરૂપ મનાય છે. જ્યારે જૈનોએ એ ફરકને દિવ્યત્ય અર્પણ કર્યું છે.

નારકી જીવોની વર્તણૂકમાંથી જીવન જીવવાના ઘણા સિદ્ધાંતો પર પ્રકાશ ફેંકાય છે એમ કહેવામાં આવ્યું છે કે નરકો સાત છે. ઉત્તરોત્તર વધુ પાપ કરનાર પહેલી, બીજીમાં અને વધુ પાપ કરનાર ત્રીજી, ચોથી, પાંચમીમાં - વગેરે.

આ નરકોમાં કર્મની સજા ભોગવવાની રીત તો જુઓ.

પહેલી, બીજી શ્રેણીમાં બીજા અસુરો સજા કરે છે. પણ પછીની શ્રેણીમાં જીવો જાતે જ એકબીજાને ત્રાસ આપે છે.

આ પણ એક જીવન દર્શન છે. નિયમોને ભંગ કરી બીજાને હાથે દુઃખી થનારા કરતાં જાતે જ દુઃખી થનારાની વેદના વધુ છે.

નરકમાં સતત વિગ્રહ હોય છે. જ્યાં સતત સંઘર્ષ ત્યાં નરક એવો અર્થ ઘટાવી શકાય. શાસ્ત્રોમાં કહ્યું છે કે "નારકી જીવોની ભૂખ અનંત હોય છે. એમની ભૂખ તરસ છીપાતી જ નથી. એમને સતત અશાંતિ રહે છે. તેઓ સદા રોગી રહે છે. ટાઢ, તાપ અતિશય લાગે છે. સદાય ભયભીત હોય છે. તેમની ગમગીની ક્યારેય છૂટતી નથી, દુઃખ ભોગવે છે, મરે છે, છતાં ફરી એમાંને એમાં જ પડી રહે છે." આ શબ્દો આજના માનવીને કેટલું બધું શીખવી જાય છે.

● **દિવ્ય પ્રણય :**

ઘણાને આશ્ચર્ય લાગે એવા દિવ્ય પ્રણયની પણ શાસ્ત્રોમાં પ્રતિષ્ઠા સમગ્ર ભારતીય આચારમાં છે. કામ વિજ્ઞાન તો વાત્સ્યાયન જેવા ઘણા આચાર્યોએ કહેલું છે. કામનો ઉપયોગ તાંત્રિકોએ ધર્મ માટે કર્યો છે, પણ શ્રેષ્ઠ પ્રણય અનેક કામમાં સાચી માનસિક તૃપ્તિ કેમ આપે એનો ઈશારો જૈન શાસ્ત્રો દેવલોકના નિરૂપણ વખતે જોવા મળે છે.

સ્ત્રી અને પુરૂષના સંબંધોમાં દિવ્યતા કોને કહેવાય અને વધુ દિવ્યતાથી વધુ સંતોષ થાય એવી એક વાત પ્રત્યે ધ્યાન ખેંચવાનું જરૂરી છે, કારણ કે આ એક માનસશાસ્ત્રનો વિષય છે આને મહાન દાર્શનિક ચિંતક વિના બીજાને આવા વિચારો ન આવે, ભારતમાં પાછળથી ભક્તિધર્મમાં એ વિચારો વધુ વિસ્તૃત રીતે વ્યક્ત થયા છે.

દેવલોક - પુણ્યશાળી જીવોને ફળ મેળવવાનું મથક એવા બાર દેવલોક છે. ત્યાં પહેલા બે દેવલોકમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેના જાતિય સંબંધો મનુષ્યને મળતા છે. પછી વધુ પુણ્યશાળીના ઉચ્ચતર દેવલોક આવે છે. ત્રીજા અને ચોથા લોકમાં કામ, સ્પર્શથી જ તૃપ્ત બને છે. પાંચમાં છઠ્ઠા દેવલોકમાં જાતિય વૃત્તિનું વધુ ઊર્ધ્વીકરણ - સબ્લીયેશન થાય છે ત્યાં માત્ર શબ્દો અને ગીત જ તૃપ્તિ માટે પર્યાપ્ત છે. સાતમા આઠમામાં એકબીજાને જોવાથી જ પૂર્ણ પરાકાષ્ઠા પામે છે અને પછીના ત્રણે દેવલોકમાં વિચારથી જ સુખ સંતોષ થાય છે, કોઈ કોઈને મળવાની અડકવાની, બોલવાની કે જોવામાં જરૂરત જોતું નથી.

છેલ્લે બારમા દેવલોકમાં જાતિય ભોગનો વિચાર સુદ્ધાં આવતો નથી.

પ્રણયમાં સુખ મેળવવાની અને સંપૂર્ણ કુદરતી સંયમ તરફ લઈ જતી આવી મનોવૈજ્ઞાનિક પ્રતીકાઅભિવ્યક્તિ, બહુ ઓછે ઠેકાણે ૨૦૦૦ વર્ષ પહેલાં જોવા મળે.

● **ઉપસંહાર :**

ભારતીય સંસ્કૃતિમાં મહત્ત્વનું યોગદાન કરનારી આવી તેજસ્વી વૈજ્ઞાનિક પરંપરાને સજીવન કરવી જ પડશે. વિજ્ઞાન જ સમાજને સિદ્ધિ, સમૃદ્ધિ અને યશ અપાવશે. માનવ સમાજમાં નેતૃત્ત્વ મેળવવાનો આ રાજમાર્ગ છે. ઈતિહાસનો વારસો છે અને જરૂરી સંપત્તિ છે. અસંખ્ય વૈજ્ઞાનિકો સર્જાવી શકે એવી શક્તિનો પરમ ઉપયોગ થવો જોઈએ. હેતુ અને દર્શન હોય, તો તેમ સહેલાઈથી બની શકે.

વર્તમાન મૂલ્યોમાં થોડું પરિવર્તન કરવું પડે. સ્થાપિત હિતોના અવરોધો સહેવા પડે. વિવેકહીન રીતે વેડફાઈ જતી સંપત્તિ અને વેરવિખેર પડેલા બુદ્ધિધનને સાચે માર્ગે લગાડવાં જોઈએ.

સમાજના મોટેરાઓની જવાબદારી ગંભીર છે.

જ્યારે મન નબળું પડે અને ચાલે છે, તે અવનતિ ચાલવા દેવાનું સમાધાન કરી લે, જ્યારે નાહિંમત થવાય ત્યારે ભંડારોમાં રહેલાં અમૂલાં સુવર્ણ રંગ કલ્પસૂત્રોને જોવાથી, કે ઉદયગીરીની જ્ઞાન સભાના શિખર પર બેસીને વિચારવાથી કે સિતક્ષવાસલ, ઇલૂરાની ગુફામાં ધ્યાન ધરવાથી કે દેલવાડા રાણકપુરના મુખ્ય મંડપની સુગંધ શ્વાસમાં લેવાથી મહાન બનવાની શ્રદ્ધાને અપૂર્વ બળ મળી રહેશે.

*મંગલ મંદિર, જૂન-૧૯૯૬*

## ગળપણ હૃદયને હાનિ પહોંચાડે?

તાજેતરમાં સંશોધનોમાંથી પ્રાપ્ત થયેલ માહિતી એ છે કે હૃદયની ધોરી નસો (રક્તવાહિનીઓ)ને સાંકડી કરીને બંધ કરી દેનાર ગુનેગાર સેચ્યુરેટેડ ચરબી એકલી જ નથી.

સાકર પણ આડકતરી રીતે મુખ્ય રક્તવાહિનીઓને (ધમની) હાનિ પહોંચાડે છે.

સાકર લોહીમાં કોલેસ્ટેરોલ અને ટ્રાયગ્લીસરાઈડનું સ્તર ઊંચું લાવે છે જે ધમનીને એટલે કે મુખ્ય રક્તવાહિનીને સાંકડી બનાવવા કે બ્લોક કરવામાં ભૂમિકા ભજવે છે.

બીજા શબ્દોમાં કહીએ તો, એચ.ડી.એલ. કોલેસ્ટેરોલનું સ્તર નીચું જાય છે અને એલ.ડી.એલ. કોલેસ્ટેરોલનું સ્તર ઊંચું આવે છે. (એચ.ડી.એલ. = હાઈ ડેન્સીટી લીપોપ્રોટીન કોલેસ્ટેરોલ જરૂરી અને લાભકારક છે જ્યારે એલ.ડી.એલ. = લો ડેન્સીટી લીપોપ્રોટીન કોલેસ્ટેરોલ અનાવશ્યક અને હાનિકારક છે.)

*મંગલ મંદિર, મે-૨૦૦૨*

# જૈન વિચારધારા

• બકુલ બક્ષી •

વૈદિક કાળમાં બ્રાહ્મણોનાં વધતા જતાં વર્ચસ્વની સામે પ્રતિરોધ થયો અને જૈન તથા બૌદ્ધ વિચારધારા આનું નક્કર પરિણામ હતાં. ઉત્તર ભારતની સમાજ વ્યવસ્થા નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગઈ હતી. આ રાજવી પરિવારોની જ બે મહાન વ્યક્તિઓ દ્વારા જૈન અને બૌદ્ધ ધર્મ વ્યવસ્થાનાં બીજ રોપાયાં. એમના જીવનકાળ દરમ્યાન જ બન્ને વિચારધારાઓને સહકાર મળ્યો. એમનાં સિદ્ધાંતોનો પાયો અહિંસા અને જીવદયા પર હતો. પશુઓનાં બલિદાન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને શાકાહારનો આગ્રહ પણ રખાયો. વર્ધમાન મહાવીર અને ગૌતમ બુદ્ધ દ્વારા પ્રચારિત ધર્મ જુદા હતા પણ મૂળ સિદ્ધાંતોમાં ઘણું સામ્ય હતું.

સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યા બાદ પોતાના રાજ્ય અને વિદેશમાં એનો પ્રચાર કર્યો. જૈન ધર્મને આવા કોઈ સમ્રાટનું પીઠબળ ન મળતાં દેશ પૂરતો જ સીમિત રહ્યો. આજે બૌદ્ધ ધર્મ દેશમાં લગભગ નામશેષ થઈ ગયો છે પરંતુ જૈન ધર્મ એટલો જ વ્યાપક છે જેટલો સદીઓ પહેલાં હતો. બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા અને બૌદ્ધ શાસ્ત્રોમાં મહાવીરને નિર્ગ્રંથનાતપુત્ત નામથી ઓળખાય છે. મહાવીર પછી ગણધરોએ ધર્મ પ્રચારનું કાર્ય ચાલુ રાખ્યું. તે સમયે જૈન સાધુઓ દિગંબર હતા. ઉત્તર ભારતમાં દુકાળની અવસ્થાથી બચવા ભદ્રબાહુ મૌર્ય રાજા ચંદ્રગુપ્તની સાથે દક્ષિણ તરફ પ્રયાણ કરી ગયા. એમના અનેક અનુયાયીઓ સાથે ગયા અને જૈન ધર્મનો પ્રચાર દક્ષિણ ભારતમાં થયો.

સ્થૂળભદ્ર ઉત્તરમાં જ રહ્યા. દુકાળનો સમય પૂરો થતાં ભદ્રબાહુ પાછા આવ્યા ત્યારે ઉત્તરના જૈનોમાં એક મોટો ફેરફાર થઈ ચૂક્યો હતો. એમણે નગ્નાવસ્થા છોડી શ્વેત વસ્ત્રો પરિધાન કરી લીધાં હતા અને આ લોકો શ્વેતાંબર કહેવાયા. ભદ્રબાહુ આ પરિવર્તનથી અસંતુષ્ટ થઈ નેપાળ ચાલ્યા ગયા અને ત્યાં જ દેહત્યાગ કર્યો. દક્ષિણ ભારતમાં હજી પણ મોટી માત્રામાં દિગંબરો છે. બે પંથ પડી જવા છતાં પણ જૈનોની મૂળ વિચારધારામાં ખાસ ફરક પડ્યો નહીં. અઢારમી સદીમાં શ્વેતાંબરોમાં પણ નવી શાખા ઉમેરાઈ - સ્થાનકવાસી, જે મૂર્તિપૂજાની વિરોધી હતી. જૈન અને બૌદ્ધ બન્ને સંપ્રદાયોમાં ગ્રંથોને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું. એમનું સાહિત્ય મુખ્યત્વે સંસ્કૃતમાં નહીં પણ સામાન્ય લોકો સમજી શકે તેવી પાલી અને પ્રાકૃતમાં રચાયું હતું.

જૈન ફિલોસોફીમાં આખા વિશ્વને જીવંત માનવામાં આવ્યું છે. કેવળ વનસ્પતિમાં જ નહીં પરંતુ પ્રકૃતિના દરેક રૂપમાં જીવ રહેલો છે અને એનો નાશ એટલે હિંસા. જૈન ધર્મ જુદા જુદા જીવસમુદાયને સ્વીકારે છે જેમાં મોખરે છે પાંચ ઇન્દ્રિયોવાળા. આમાંથી ધીરે ધીરે ઘટતાં એક ઇન્દ્રિયવાળા જીવને પણ સ્વીકારવામાં આવ્યો છે. આ દૃષ્ટિએ આખું વિશ્વ જીવિત છે અને કોઈ પણ પ્રકારનો નાશ કરવાથી ધર્મના નિયમોનો ભંગ થાય છે. જૈન વિચારધારામાં કર્મ પર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે અને પાછલા જન્મનાં કર્મોની અસર પણ આ જન્મમાં સ્વીકારાઈ છે. અહીં આ સિદ્ધાંતો બૌદ્ધ ધર્મને મળતા આવે છે. ઋષભદેવ જૈનોના પ્રથમ તીર્થંકર જૈન વિચારોનો સંગ્રહ કરવા આ તીર્થંકરની પુત્રી બ્રાહ્મીએ એક લિપિનો આવિષ્કાર કર્યો.

જૈન દર્શનશાસ્ત્રમાં એક નવો જ આયામ જોવા મળે છે જે કોઈ બીજા ધર્મમાં નથી. આ છે અનેકાંતવાદની ધારા. વાસ્તવિકતા ને જૈન બે વિરોધાભાસી રૂપમાં ન જોઈ, સાત જુદા જુદા સ્વરૂપોમાં જુએ છે. કોઈ પણ ઘટના અથવા સ્થિતિનાં બે અંત નથી પણ અનેક અંત છે. એક જ પરિસ્થિતિને જુદાં જુદાં દૃષ્ટિકોણથી જોવાથી એનાં વિવિધ રૂપ જોઈ શકાય છે. આ વિવિધરૂપ જોવામાં અનેકાંતવાદનાં મૂળ રહેલાં છે. આ દૃષ્ટિકોણ એ પુરવાર કરી આપે છે કે આપણું જ્ઞાન સીમિત છે. દરેક ઘટનાનાં વિવિધ આયામો છે અને એમના વિષે સભાન થવું તે અનેકાંતવાદ. હાથીના જુદાં જુદાં અંગો વિષે અંધજનોનું વિશ્લેષણ વાસ્તવિકતાનાં અનેક રૂપ છે. જો એકી સાથે દરેક રૂપનો અનુભવ કરી શકાય તો એને અનેકાંતવાદ કહેવાય છે. જે વ્યક્તિ એક જ રૂપને પકડી રાખે એનામાં રાગદ્વેષ જોવા મળે છે. ક્ષણની આગળ અને પાછળ ભૂત અને ભવિષ્ય છે. જ્યારે આ સ્થિતિ સમજાય છે ત્યારે ક્ષણ નાશ પામે છે. જૈન ગ્રંથ મહાપુરાણમાં સૃષ્ટિના સર્જકને મહત્ત્વ નથી અપાયું. અહીં પ્રકૃતિનાં નિયમોને મહત્ત્વ અપાયું છે. સમયની જેમ સૃષ્ટિ પણ અનાદિ છે, એનો કોઈ સર્જક નથી. જૈન ધર્મ માને છે કે ગુરુ અને શિષ્યની પરંપરા ચાલુ રહેવી જોઈએ. પુત્ર પણ આદેશોની અવહેલના કરે તો એ સજાને પાત્ર છે. જૈનો અહિંસામાં માનનારા હતા. એટલે એમની આ પરાકાષ્ઠા હતી પણ એનો અર્થ એ નથી થતો કે જૈનો યુદ્ધ વિરોધી હતા. પણ યુદ્ધ અંતિમ નિર્ણય રહેતો અને બને ત્યાં સુધી એ લેવાતો નહીં. રાજાનું શાસન પોતાની પ્રજા પૂરતું જ નહીં પણ રાજ્યમાં રહેતાં પશુ પક્ષીઓને પણ લાગુ પડતું. જૈન ચિંતક હેમચંદ્રએ પણ યુદ્ધનો વિરોધ કર્યો ન હતો. આ બધાં નિયમો માટે જ જૈન ધર્મ ટકી શક્યો છે અને આટલી સદીઓથી જળવાઈ રહ્યો છે.

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૦*

*જો મિત્રતા તમારી નબળાઈ હોય તો, તમે વિશ્વના સૌથી મજબૂત વ્યક્તિ છો.*

ધર્મ

# શ્રમણસંઘ શું આજે ભૂલો પડ્યો છે ?

● રોહિત શાહ ●

ઘણી વખત મારા મનમાં એક પ્રશ્ન જાગે છે કે ભગવાન મહાવીર તો એક જ હતા તો પછી એમના જ નામના છત્ર હેઠળ આટઆટલા પંથો અને ફાંટાઓ ફણગ્યા અને ફુલ્યા...ફાલ્યા કઈ રીતે?

કોણે આ વિસંવાદની દીવાલો ખડી કરી?

એમ કરવા પાછળનો એમનો ઇરાદો શો હોઈ શકે?

અલ્પ સંખ્યાવાળા જૈન સમાજનું વિભિન્ન ફિરકાઓમાં વિભાજિત કરવાથી કયું મહાન લક્ષ્ય સિદ્ધ થવાનું હતું?

તર્કની આંગળી પકડીને વિચારીએ તો એવું સમજાય છે કે **જૈન સમાજ સદાય ધર્મની બાબતમાં સાધુઓની વાતનું જ સમર્થન કરતો રહ્યો છે. જૈન સાધુઓએ જ જૈન સમાજને દોરવાનું કામ કર્યુ છે તેથી જો આજે જૈન સમાજ કલ્યાણના લક્ષ્ય સુધી પહોંચી શક્યો હોય તો તેનું શ્રેય જૈન સાધુઓને જ મળવું જોઈએ અને એથી ઊલટું જો જૈન સમાજ અવળા માર્ગે દોરવાયો હોય તો એ માટે પણ જૈન સાધુઓ વિશેષ જવાબદાર ગણાય.**

ઊંડો વિચાર કરતાં એમ લાગે છે કે અલગ અલગ ગચ્છના સાધુઓએ પોતપોતાની આગવી વિચાર પરંપરા ઊભી કરી અને શ્રાવકોના જૂથને એ રીતે દોરવાનો પ્રયત્ન કર્યો. પરિણામે પંથો મજબૂત બન્યા અને એકતા પાંગળી બની. સાધુઓના સમુદાય થયા. સમત્ત્વને બદલે મમત્ત્વનું શાસન સ્થપાયું. દોરનારો વર્ગ નાનો હતો પણ દોરાનારો વર્ગ અંધશ્રદ્ધાથી ભરેલો હતો એટલે દોરવાતો રહ્યો. 'સાધુ મહારાજની સામે બોલાય જ નહિ' એવી અજ્ઞાનતાથી ખદબદતી માન્યતાનો લાભ, દોરનાર વર્ગને મળતો જ રહ્યો. જાતજાતના ગચ્છ અને સમુદાયના અલગ અલગ વાવટા લહેરાવા માંડ્યા. ઉપાશ્રયો પણ મઠ જેવા બન્યા. અમુક ચોક્કસ ઉપાશ્રયમાં ચોક્કસ સમુદાયના સાધુઓ જ પ્રવેશી શકે! શું ભગવાન મહાવીરની એવી આજ્ઞા છે? એક ગુરુ મઠ સ્થાપે પછી એનો જ ચેલો એની ગાદી સંભાળે, એવું જૈન ઉપાશ્રયોનું થયું.

જૈન શ્રાવકો પાસેથી લાખો રૂપિયા ઉઘરાવીને બનાવડાયેલા ઉપાશ્રયનું નામ કોઈ જૈન સાધુના નામ સાથે જોડવું ઉચિત નથી. કારણ કે તેથી બીજા સમુદાયના સાધુને તેમાં પ્રવેશ માટે મુશ્કેલી પડે છે. માત્ર 'જૈન ઉપાશ્રય' એવું જ નામ આપવું જોઈએ અને પ્રત્યેક ફિરકાના સાધુને તેમાં આદરભર્યું સ્થાન મળવું જોઈએ.

તિથિ અને તીર્થના વિવાદથી આપણે હવે બેખબર રહ્યા નથી. સંવત્સરી ક્યારે ઊજવવી એ માટે સંઘર્ષ થાય તો શોભે ખરો? ક્ષમાપનાનું પર્વ ઊજવવા મતાગ્રહોને પ્રોત્સાહન મળે, છાપામાં ધૂમ ખર્ચા કરીને સાધુઓ પરસ્પરથી વિરોધી જાહેરાતો કરે...! વાહ રે! ખરેખર તો જીવનનો પ્રત્યેક દિવસ, અરે, જીવનની પ્રત્યેક પળ એક સંવત્સરી પર્વ બનવી જોઈએ, પરંતુ આપણે સમાધાનની ભૂમિકા ઉપર ન આવી શક્યા. હઠાગ્રહ કોણ છોડે? કોણ સાચું છે એ પ્રશ્ન અહીં અપ્રસ્તુત છે, વાત છે સમન્વયની. મહાવીરના મૈત્રીના મર્મની. સંમેલનો પાછળ હજારો રૂપિયાની ધૂળધાણી થઈ. એ બધાથી શો અર્થ સર્યો?

જૈન સાધુઓ પોતાની પ્રતિષ્ઠા સ્થાપવા પાછળ અને પોતાની પ્રતિભાથી અંધશ્રદ્ધાળુઓની આંખોને આંજી નાંખવા ખાતર ઠેર ઠેર જિનાલયો ઊભાં કરાવે છે! **માત્ર જિનાલયો ઊભાં કરવાથી ધર્મ થઈ જાય ખરો?** નાના ગામડામાં અગણિત જિનાલયો એવાં છે. જેમાં મૂર્તિની આશાતનાં થાય છે. શ્રાવકોનાં ઘરો ન હોવાથી પૂજા થતી નથી. એનો કોઈ ઉકેલ વિચારવાનું ભાગ્યે જ કોઈને સૂઝે છે કારણ કે એથી કોઈ કાયમી પ્રતિષ્ઠા મળતી નથી. એ જ રીતે હજારો જૈનો આજની વિષમ પરિસ્થિતિમાં આર્થિક સંકડાશ વચ્ચે જીવી રહ્યા છે, જૈન ધર્મના પાયામાં સાધર્મિક ધર્મ રહ્યો છે પણ કેટલા સાધુઓએ આ માટે જ માત્ર કામ કર્યું? **શ્રીમંતોની કદમબોસી કરીને પૈસા તો ઘણા ઉઘરાવ્યા પણ એ પૈસાના બે જ ઉપયોગ થયા, એક જિનાલયો ઊભાં કરવામાં અને બીજો પુસ્તકો પ્રગટ કરવામાં.** જોકે, કેટલાંક સારાં પુસ્તકો પ્રગટ થયાં છે ખરાં, પણ એવાં અગણિત પુસ્તકો જૈન સાધુઓનાં લખેલાં જોવાં મળે છે, જેમાં શાસ્ત્રીય વાતનો અર્થ સચવાયો ન હોય, ઊલટાં અર્થઘટનો થયાં હોય અને ગણી ન શકાય તેટલી ભાષાકીય અશુદ્ધિઓ એમાં ઊભરાતી હોય. બહારનું કલેવર (ટાઇટલ) ખર્ચાળ અને આકર્ષક હોય પણ અંદરનું લખાણ...? કોને પડી છે? તાત્કાલિક સસ્તી લોકપ્રિયતાનું લક્ષ્ય તો સિદ્ધ થઈ ગયું ને! અને આખરે તો કોના બાપની દિવાળી છે? શ્રીમંત જૈનો પાસે નાણાંનો તોટો નથી... ને સાધુઓને વાસક્ષેપ નાખીને એ નાણાં ઉઘરાવવાનું ઉત્તમ રીતે ફાવી ગયું છે! માટે જ તો કોઈપણ કહેવાતા મોટા આચાર્ય મહારાજને મળવા કોઈ શ્રીમંત જશે તો આપણે વેવાઈને આપીએ છીએ એથી પણ અદકેરો આદર એને મળશે. પણ જો કોઈ સામાન્ય શ્રાવક એમનાં દર્શને જશે તો એની નોંધ પણ લેવાનું આ સાધુઓને પરવડતું નથી! તમે પૈસા કેવી રીતે કમાઓ છો એ કોઈ નહિ પૂછે કેટલા લખાવો છો એમાં જ એમને રસ છે. એક સાધુ મહારાજે આનો ખુલાસો એવો આપેલો કે આ નિમિત્તે પણ પાપની કમાણી જો પુણ્યકાર્યમાં વપરાય તો સારું ને? આ જવાબ વાજબી છે. પાપની કમાણીથી પણ પુણ્ય થતું હોય તો ઠીક, પણ મને હજુ સુધી એ મહારાજના 'પુણ્યકાર્ય'ની વ્યાખ્યાનો અર્થ મળ્યો નથી!

(અત્રે એક વાત નોંધી લઉં કે બે સાધુ મહારાજોનાં પુસ્તકોમાં મારા જ લખેલા લેખ

*સફળતાની ચિંતા છોડીને આગળ વધવા ડગ ભરો.*

સીધેસીધા તેમણે પોતાના નામે છાપ્યા છે.) **આ પુસ્તકના પ્રકાશન માટે ખર્ચાયેલી રકમ 'પુણ્યકાર્ય' કહેવાય ખરું?** જોકે એમાં માત્ર સાધુઓ જ દોષિત નથી, પૈસા આપનાર પણ દોષિત ગણાવો જોઈએ. પોતાનું અનુદાન કયા માર્ગે કેવી રીતે ખર્ચાય છે તે જોયા વિના સાધુની આજ્ઞાના પાલક બનવાથી પુણ્ય ન જ થાય! પડોશમાં રહેતો એક ભાઈ આર્થિક મુશ્કેલી અનુભવતો હોય છતાં એ તરફ દુર્લક્ષ્ય સેવીને, વાસક્ષેપ નાખી વાહ વાહ કરતા-કરાવતા સાધુની આજ્ઞા સ્વીકારીને મોટી સખાવતો આપવામાં આત્માનું, ધર્મનું કે સમાજનું કોઈનું શ્રેય થતું નથી.

અવારનવાર વિવિધ સમારોહો ગોઠવીને બેન્ડવાજાં, પાલખીઓ વગેરેના શાહી ખર્ચા જૈન સાધુઓ કરાવે છે. ધર્મનો અને તપનો પ્રચાર થાય તો રૂડી વાત છે, પણ આજકાલ તો આ બધું નર્યા પાખંડ રૂપે જ થતું હોય છે.

**એક ભવ્ય ઉપાશ્રયમાં તો નાનાં નાનાં દરેક સાધુ માટે અલગ કેબિનો બનાવી છે.** ખરેખર તો ઉપાશ્રયનો એક મોટો હોલ થાય અને આચાર્યની નજર સામે યુવાન મુનિઓ સ્વાધ્યાય કરતા હોવા જોઈએ. પરંતુ આવી કેબિનો બનાવવાથી દરેક મુનિને અયોગ્ય સ્વતંત્રતા મળવાની. એકાંત સદાય બુરી બાબત છે. ઉપાશ્રયમાં આવી સુવિધા વાજબી નહિ જ ગણાય.

સાધુઓ સારામાં સારી બોલપેનો-ફાઉન્ટન પેનો, સારામાં સારા કાગળ વાપરે છે. કિંમતી મુદ્રણવાળાં લેટરપેડનો ઉપયોગ કરે છે. સંયમના માર્ગે ચાલવાના વ્રતધારી આ સાધુઓ શ્રીમંતોને ય ઝાંખા પાડે એવા ઠાઠ ભોગવતા જોવા મળે છે. એમના ચશ્માં પણ ઈમ્પોર્ટેડ ફ્રેમના હોઈ શકે. સાદગી અને સંયમના ભેખધારીઓનો આ કેવો સંયમ!

આટલું બધું ભોગવીને ય જો ઉપાશ્રયમાં સાચા અર્થમાં ધર્મ થતો હોય તો વાંધો નથી પણ ભાતભાતની વ્યૂહરચનાઓ ઘડાતી હોય છે. **આચાર્ય મહારાજો પોતાના નામ કરતાં દસ ગણાં કે તેથી ય વિશેષ વિશેષણો વાપરવાનો દુરાગ્રહ રાખે છે.** 'યુગપ્રભાવક', 'યુગ દિવાકર', 'શાસન સમ્રાટ', 'પ્રખર વક્તા', 'ગચ્છાધિપતિ', 'પ્રશાન્તમતિ', 'પૂજ્યપદ', 'વિદ્વદ્વર્ય', 'સુવિશુદ્ધસંયમ મૂર્તિ', 'પરમ કૃપાળુ' જેવાં અનેક વિશેષણોનો ઢગલો કર્યા પછી તે પોતાનું નામ લખશે—જે વાંચીને તેમના પ્રત્યે આદર નહિ થાય પણ કરુણાભર્યું હસવું જ આવશે. **સાધુની મહાનતા એના ચારિત્ર્યથી મૂલવાય કે એણે ઊભી કરેલી વિશેષણોની આવી જંગી ભરમાળથી?** કહેવાતા જ્ઞાનીઓનું આ કેવું ઘોર અજ્ઞાન!

હવે એક બીજો મુદ્દો વિચારીએ. કેટલીક જગ્યાએ એવા નાની વયના બાળમુનિઓ જોવા મળે છે કે આપણને પ્રશ્ન થાય, ખરેખર આ બાળકે સંસારની એવી તે કઈ કડવી વાસ્તવિકતાનો અનુભવ કર્યો હશે કે એ વૈરાગી બની ગયો? કે પછી એના બાળમાનસને ભરમાવી-બહેકાવીને પોતાનો શિષ્ય બનાવવાની કોઈ ગુરુની વૃત્તિનો એ શિકાર બન્યો હશે? કારણ કે મેં પ્રત્યક્ષ એવાં ઉદાહરણો જોયાં છે જ્યાં એવા બાળમુનિ પાસે કશો શાસ્ત્રાભ્યાસ કરાવવામાં આવતો નથી, પણ માત્ર પોતાની સેવા જ કરાવવામાં આવે છે! આપણે નોકર પાસેથી પણ અપેક્ષા ન રાખી શકીએ તેવી તનતોડ સેવા આવાં ભૂલકાં પાસેથી લેવામાં આવે છે! એક મહારાજ તો આવા નાના મહારાજને 'છોટે!' કહીને સાદ પાડીને હુકમો છોડનાર એ મહારાજની ઉંમર બત્રીસ વર્ષની આસપાસ છે. વૃદ્ધાવસ્થા કે બીમારીના સમયમાં સેવા લેવાય તો તે સહજ છે, પણ પોતાના પ્રમાદને પોષવા માટે થતી આવી ચેષ્ટાઓ કેટલે અંશે વાજબી ગણાય? વળી, બાળવયે દીક્ષા લીધા પછી ઉંમર અને સમજ વિકસતાં એનું મન ચલિત થવાનું પણ અશક્ય તો નથી જ. માનવ-સમાજની વચ્ચે જ એમણે રહેવાનું હોય છે. એટલે સ્થૂળ આકર્ષણો એમના ચિત્ત ઉપર પ્રભાવ પાડ્યા વિના રહી ન શકે, આમેય ખોટી વાતનો પ્રભાવ જલદી પડે છે. તેમ ઉપાશ્રયમાં ગુરુજીએ કદાચ સંયમનો મર્મ સમજાવ્યો હોય પણ બહારના દશ્યો એના સંયમને ડોલાવી નાંખે તેવાં હોય છે. એટલે બાળદીક્ષાનું પરિણામ ભયાનક આવી શકે છે. અથવા તો એવા સાધુ મનોમન કોચવાયા કરે છે. તેને ના તો સાધુત્વમાં સ્થિરતાનો અનુભવ થાય છે, ના સંસારનાં આકર્ષણો છૂટે છે. જીવનભર એ સતત રહેંસાયા કરે છે. અને પોતાના ગુરુજી પાસેથી પણ એને મળવી જોઇએ તેવી સંપૂર્ણ તાલસમ મળતી નથી. કારણ કે ગુરુને શિષ્યો ઘણા બધાં હોય છે! ત્યાં હજી ક્યાં 'ફેમિલી પ્લાનિંગ'ની જેમ 'શિષ્ય પ્લાનિંગ' શરૂ થયું છે?

અલબત્ત સઘળા જૈન સાધુઓ આ દિશામાં છે તેવું નથી પણ કમનસીબે સ્વીકારવું પડે છે કે મોટાભાગના સાધુઓ દંભ, પાખંડ અને મમત્ત્વના માર્ગે પોતાની અંગત પ્રતિષ્ઠાના છોડને પંપાળીને ઉછેરી રહ્યા છે, અસત્ય બોલતા સાધુઓનાં સંખ્યાબંધ ઉદાહરણો નોંધી શકાય તેમ છે. ભલા, સાધુને વળી ખોટું બોલવાની શી જરૂર ? ને તે પણ મામૂલી વાતમાં? સાધુને વળી અમીરોની કદમબોસી કરવાની શી જરૂર? જે સ્થૂળ વૈભવને-લક્ષ્મીને લાત મારીને સંયમનો પંથ સ્વીકાર્યો એની જ પાછળ પામર બનીને લાલચુ થવાનું એને કેમ શોભે?

અનુયાયી તો પંથ ભૂલે પણ આ તો દોરનાર ખુદ ભૂલો પડ્યો છે!

એક સમયે શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ જેવા અગ્રણીએ જૈન સાધુ-સાધ્વીના આચાર-વિચારની શિથિલતા જોઈને તે બાબતમાં મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ કર્યો હતો. શું આજે જ્યારે પરિસ્થિતિ અત્યંત ખરાબ અંતિમ સુધી પહોંચી રહી છે ત્યારે-એવો સાત્ત્વિક પ્રતિભા અને નૈતિક હિંમત ધરાવતો કોઈ જૈન અગ્રણી નથી, જે સમગ્ર જૈન સમાજને અને સાધુ સમાજને આ વરવી વાસ્તવિકતાનાં ભયસ્થાનેથી વાકેફ કરી શકે?

જૈન સંઘને પચીસમો તીર્થંકર માનવામાં આવે છે. સાધુઓના આચાર-વિચારની શિથિલતાઓ સામે એ જાગ્રત બને અને વિવેકપૂર્ણ છતાં કડક અને ચુસ્ત નીતિ અપનાવે તે અનિવાર્ય છે. માત્ર નાસ્તિકતા કે માત્ર અંધશ્રદ્ધા માનવીમાં ધર્મ પ્રત્યે ઝનૂન પ્રેરે છે. આપણે આપણી સમતોલ અને શુદ્ધ શ્રદ્ધા વડે સત્યને સુધારવા સંકલ્પબદ્ધ નહિ બનીએ તો જૈન ધર્મનું આયુષ્ય લાંબું નહિ હોય, કારણ કે આવા સાધુઓની રહેણીકરણીની વિરોધી નીતિ નવી પેઢીને ધર્મથી વિમુખ જ કરી રહી છે.

કેટલાંક વિરલ સાધુઓ આજે પણ પોતાની આચારસંહિતાનું અણીશુદ્ધ પાલન કરે છે. તેમના માટે આદરથી મસ્તક ઝૂકે તે સ્વાભાવિક છે, પરંતુ સમગ્ર સમાજને ગેરમાર્ગે દોરીને સ્વાર્થ સાધતાં તકસાધુઓના હાથમાંથી આપણે મુક્ત થઈએ અને તેમની અસલિયતથી સહુને વાકેફ કરીએ એજ આજના યુગમાં જૈન ધર્મની મહત્ત્વની બાબત મને લાગે છે.

***મંગલમંદિર, ઓક્ટોબર/નવેમ્બર, ૧૯૯૨***

*મુશ્કેલીનો પોતે જ સામનો કરે એ જ સાચો નાયક.*

# કચ્છી ચતુર્વિધ સંઘ વિચારશે ?

• લાહીરી શાહ •

વર્તમાન ચોવીસીના અંતિમ તીર્થંકર વીરપ્રભુ મહાવીર સ્વામીએ પ્રરૂપેલ જૈન ધર્મને આપણે વર્તમાનમાં અનુસરી રહ્યા છીએ. અનેક આચાર્ય ભગવંતોના અથાક પ્રયત્નોના પરિણામે, ધર્મ પ્રત્યેની જાગૃતિ અને અભિરુચિમાં વધારો થયો હોવાનું કળાય છે. ધાર્મિક ક્રિયાકાંડોમાં થયેલો વધારો પણ સ્પષ્ટ વર્તાય છે. શ્રાવકોને ધર્માભિમુખ કરી તેમને ધર્મારાધના કરવાની પ્રેરણા સાધુ ભગવંતો તરફથી મળે છે ત્યારે. સાધુ ભગવંતો સાધ્વીજીઓની ક્રિયાશૈલી બાબત. લીંબડીના અજરામર સંપ્રદાયે અપનાવેલા ક્રાંતિકારી ઠરાવો અંગેનો મુંબઈના સાંધ્ય દૈનિક, જન્મભૂમિમાં એક નાનકડો અહેવાલ. ત્રણ-ચાર અઠવાડિયા અગાઉ વાંચેલ અને ત્યારે જ આપણો કચ્છી ચતુર્વિધ સંઘ પણ આ ઠરાવોનું અનુસરણ કરે એવી જાહેર વિનંતી કરવાની ભાવના થયેલ. પણ મજકુર સમાચારનું કટિંગ હાથવગું ન રહેતા કાંઈ લખી શકાયું નહીં.

પરંતુ તાજેતરમાં આપણા સમાજની સાદ-પત્રિકા(૨૭-૯-૯૬)માં આ ઠરાવો બાબત સુશ્રાવક પન્નાલાલ છેડાની અપીલ વાંચી આ લખાણ લખવાની પ્રેરણા થઈ. અજરામર સંપ્રદાયના ઠરાવોમાં, ધાર્મિક ક્રાંતિના બીજ છે. એટલે, એ ઠરાવો આજના સમયકાળમાં અતિ મહત્ત્વના અતિ જરૂરી સમજી સર્વ સ્વીકૃત બને એ શુભ આશય અને ભાવનાથી આ લખાણ કચ્છી જૈન સમાજના સૂત્રધારો, શ્રેષ્ઠીઓ, શ્રાવકો અને સાધુ ભગવંતોને પણ વિચારણા માટે સાદર સમર્પિત કરું છું.

અજરામર સંપ્રદાયના ઠરાવો, આપણે ક્રમવાર વિચારીએ, ચર્ચીએ :

• **ઠરાવ નં. ૧ :**

**"સાધુ-સાધ્વીજીના નામ સાથે વિશેષણો ન લગાડવા"**

સંસારની માયા, મમતા, છોડનાર સાધુ-સાધ્વી વિશેષણોનું વળગણ છોડી શક્યા નથી. ચાતુર્માસની શરૂઆત પૂર્વે જ દરેક સંઘ પોતાને આંગણે ચાતુર્માસ દરમિયાન સ્થિરતા કરનાર સાધુ-સાધ્વી બાબત મસ મોટી જાહેરાતો, વિવિધ વર્તમાન પત્રોમાં છપાવે છે. આ વિજ્ઞાપનમાં સાધુ-ભગવંતોના ગુરુવર્યોનો સવિસ્તર ઉલ્લેખ હોય એટલું જ નહીં, ચોમાસા દરમ્યાન સ્થિરતા કરનાર. સાધુ યા સાધ્વીજીને અનેકવિધ વિશેષણોથી નવાજવામાં આવે છે. કોઈ આગમ ઉદ્ધારક હોય, કોઈ વ્યાકરણ વિશારદ હોય, કોઈ પ્રશાંતમૂર્તિ હોય, કોઈ શાંત-સ્વભાવી હોય, કોઈ ઉગ્ર તપસ્વી હોય, કોઈ મધુરભાષી હોય, કોઈ પ્રખર પ્રવચનકાર હોય, કોઈ સ્પષ્ટ વક્તા હોય, કોઈ કાંઈ હોય, કોઈ કાંઈ હોય... અનંત ઉપકારી તો બધા જ હોય. કોઈ વળી કોઈક વિદ્યાપીઠમાંથી હાંસલ એમ.એ. કે પીએચ.ડી. જેવી ડિગ્રી પણ લખાવે છે ! સંસારની માયા-મમતા તજનાર, દુન્યવી સુખસગવડો છોડનાર, સાધુ-સાધ્વીજીઓ માટે વિશેષણોનો મોહ ત્યાગવાનું સાવ સહજ ગણાય. સાધુ ભગવંતો, સાધ્વીજી તથા ગચ્છાધિપતિઓ, સંઘપતિઓ, સુશ્રાવકો વિચારશે ? અજરામર સંપ્રદાયને અનુસરશે ? ખ્રિસ્તી, યહૂદી, ઈસ્લામ, પારસી, બૌદ્ધ ધર્મગુરુઓ પોતાના નામ આગળ કોઈ વિશેષણ લગાડતા નથી. જગતભરના અબજો રોમન કેથોલિકોના વડા, નામદાર પોપના નામ સાથે બે-ચાર વિશેષણો જોડાતા હોવાનું જાણ્યું નથી. તો મુઠ્ઠીભર (થોડાક લાખ) જૈનોના ધર્મગુરુઓને વિશેષણોનો આ મોહ શા માટે ?

આ ઠરાવના સંદર્ભમાં અન્ય એક મુદ્દો પણ વિચારવા જેવો છે. ઘણા સાધુ-ભગવંતો અને સાધ્વીજીઓ પણ પોતાના વર્તમાન ચાતુર્માસ અંગે પત્રિકાઓ છપાવી. પોતે ભૂતકાળમાં જ્યાં ચાતુર્માસ ગાળ્યા હોય. તેવા ગામોના સંઘોને અવશ્ય મોકલાય તેવો આગ્રહ રાખે છે. જેથી વિવિધ ગામોના સંઘ, પર્યુષણ બાદ, આ ગુરુદેવોના દર્શન-વંદન કરવા સંઘ રૂપે આવે. જેટલા વધુ સંઘ દર્શન-વંદનાર્થે આવે, તેટલા વધુ પ્રમાણમાં સાધુ ભગવંતો પોરસાય ! પ્રસિદ્ધિનો આ મોહ કેટલો વાજબી?

• **ઠરાવ નં. ૨ :**

**"તપશ્ચર્યા આત્મલક્ષી, લાલચ મુક્ત હોવી જોઈએ..."**

આ ઠરાવ આપણા જૈન ધર્મના પાયાના સિદ્ધાંતને સ્પર્શે છે અને એટલે અતિ મહત્ત્વનો છે. જૈન ધર્મમાં તપ અને ધ્યાનને પણ શુભ અને અશુભ પ્રકારમાં વર્ગીકૃત કરાયા છે. અને શુભ ધ્યાન-તપને જે આત્મકલ્યાણના સાધન ગણાવાયા છે. પણ જ્યારે તપ, જપ, ધ્યાન યા અન્ય કોઈ પણ ધાર્મિક ક્રિયા આર્થિક લાભાલાભ યા કોઈ દુન્યવી વળતર માટે કરાય ત્યારે તે આત્મલક્ષી ન રહેતાં, માત્ર સ્થૂળ ક્રિયાકાંડ-કસરત બની જાય છે. આજે ધર્મ કરણી કરવા ક્રિયાકાંડ કરવા, સંઘ દ્વારા (અલબત્ત સાધુ ભગવંતોની પ્રેરણાના કારણે) અનેક પ્રકારના "પ્રલોભન" અપાય છે. સવારના અને બપોરના વ્યાખ્યાનોમાં, શ્રાવક-શ્રાવિકા સારી સંખ્યામાં હાજર રહે એ હેતુસર "સંઘ-પૂજન"ના રૂપકડાં નામે, રોકડ પ્રભાવના અપાય છે. ચોમાસા દરમ્યાન (ખાસ તો પર્યુષણ દરમ્યાન) અપાસરામાં, સામાયિક પાળનારને, સામાયિક દીઠ, રોકડ રકમ

*જે આપણી પાસેથી ધન-સંપત્તિ, સુખ-સુવિધા, માન-આદર, પૂજા-સત્કાર વગેરે પણ ચાહે છે તે આપણું કલ્યાણ નહીં કરી શકે.*

આપવામાં આવે છે. પર્યુષણ પર્વ દરમ્યાન છઠ્ઠ, અઠ્ઠમ કે અઠ્ઠાઈ કરનાર ભાગ્યશાળીને તેમની તપશ્ચર્યાની અનુમોદનાર્થે ગામના સંઘના ઉદારદિલ, સખી શ્રાવકો તરફથી આ અનેક પ્રકારની ભેટ, સોગાદો, રોકડ યા વસ્તુઓ રૂપે અપાય છે. ક્યાંક આ ભેટ સોગાદ(પ્રભાવના)ની કિંમત, ચાર આંકડા પણ પહોંચતી જણાય છે. એકાસણું જેવી તપશ્ચર્યાના પારણા માટે પણ સંઘ તરફથી વૈભવી વ્યવસ્થા કરાય છે. 'રસવૃત્તિ' પર સંયમ કેળવવાના હેતુસર કરાતી આયંબિલની ઓળી માટે વધુને વધુ સંખ્યામાં તપસ્વીઓને આકર્ષિત કરવા સંઘના આયંબીલ ખાતા દ્વારા બાર-પંદર આઈટમોનું મેનુ ગોઠવાય છે. "પારણા" રૂપે ખપાવાતી આઈટેમો એટલી, લોભામણી હોય કે તપશ્ચર્યા ન કરનાર શ્રાવકને પણ "તપસ્વીઓની" પંગતમાં બેસી આ વાનગીઓ "વાપરવાનું" મન ક્ષણભર થઈ જાય. ભાગ્યશાળી આત્માઓની તપશ્ચર્યાની અનુમોદનાર્થે યોજાતા "સાંજી" સમારંભો બાબત અહીં કાંઈ ચર્ચા નહી કરીએ. કારણ "સાંજી"ના ભવ્ય સમારોહ વ્યક્તિગત રીતે યોજાય છે. એમાં સંઘને સાંકળી ન લેવાય. પણ "સાંજી"ની ઉજવણીમાં સુશ્રાવકો થોડો સંયમ દાખવે, એ ઈચ્છનીય ગણાશે.

દુન્યવી પ્રલોભનો અને પ્રસિદ્ધિના કારણે ક્રિયાકાંડમાં જોડાનારા, ભાગ લેનારાની સંખ્યા વધતી જરૂર જાય છે પણ આપણી-સંઘની "ધાર્મિકતા" વધતી નથી. "ધર્મ" પાળવાનો નહિ, આચરવાનો જીવવાનો હોય. ધર્મ જ્યારે કોઈ ભાગ્યશાળીને સ્પર્શે, ત્યારે એ જીવાત્માનું સમગ્ર આચરણ ધર્મમય બની જાય. સાધુ ભગવંતોએ ખરા અર્થમાં, "ગુરુ" ભગવંત બનવું જોઈએ. એ જ વર્તમાનનો તકાદો છે.

- **ઠરાવ નં. ૩ :**

**"ગુરુ-ગુરુણીની તિથિ ઉજવવા પર પ્રતિબંધ"**

પ્રથમ નજરે આ ઠરાવ નિરર્થક, બિન-જરૂરી જણાય. પણ આનું હાર્દ સમજવાની જરૂર છે. જૈન ધર્માનુસાર એક આત્મા અન્ય કોઈ આત્માને નથી સુખ આપી શકતો. નથી દુઃખી કરી શકતો દરેક આત્મા તેણે કરેલા કર્મોનું જ ફળ પામે છે, ભોગવે છે. આપણે અન્ય કોઈ પણ આત્માની શાંતિ યા સુખાકારી માટે કાંઈ જ ન કરી શકીએ. વૈદિક ધર્માનુસાર ઋષિ વિશ્વામિત્ર પોતાના બળે, પોતાના તપની શક્તિને, "સંકલ્પ" દ્વારા ટ્રાન્સફર કરી, રાજા ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં મોકલવાની ચેષ્ટા કરી શકે પણ જૈન માન્યતાને આ સ્વીકાર્ય નથી. છતાં આજે ચાતુર્માસ દરમ્યાન સ્થિરતા કરનાર સાધુ-સાધ્વી, પોતાના ગુરુ-ગુરુણીની તિથિ પુણ્યતિથિ નિમિત્તે સંઘને પંચાન્હિકા, અષ્ટાન્હિકા જેવા ભવ્ય મહોત્સવોનું આયોજન કરવા. સમજાવતા - કે પછી ફરજ પાડતા હોય છે. ગુરુ-ગુરુણીની પ્રશસ્તિ માટે, તેમના ગુણાનુવાદ માટે તેમના જીવન ચરિત્ર તેમણે લખેલ કે સંકલન કરેલ કોઈ ધાર્મિક કથા, સ્તવન-સંગ્રહ યા "રત્નકણિકા" (સુવિચાર) સંગ્રહ છપાવી. પ્રકાશિત કરવાનો આગ્રહ રાખે છે. કદાચ ગુરુ-ગુરુણી આવું કાંઈ લેખનકાર્ય ન કરી ગયા હોય. તો તેમને અંજલિ આપવા તેમની યાદમાં શ્રદ્ધા સુમન સમર્પિત કરવા પોતે લખેલ તેમની પ્રશસ્તિ સ્તવન ઈત્યાદિ છપાવવાનો આગ્રહ રાખે છે. આવા પ્રકાશનોનું છપાઈકામ અતિ સુંદર, સ્વચ્છ, નયનરમ્ય તો હોવું જ જોઈએ. તેમાં ગુરુ ગુરુણી તથા તેમના પોતાના ફોટા-બહુરંગી પણ છપાવા જ જોઈએ. અલબત્ત આ બધું સંઘ યા કોઈ સખી શ્રીમંત સુશ્રાવકના જ ખર્ચે અને આના કારણે સાધુ-સાધ્વીજી અનેક સંસારી પળોજણમાં અટવાય છે.

તાજેતરમાં દક્ષિણ ભારતના પ્રવાસ દરમ્યાન, એક મહાનગરમાં એક અભિનવ બિના જાણવા મળી ત્યાં, ચોમાસુ કરનાર સાધ્વીજીના ગુરુમહારાજના સ્વર્ગારોહણની સોળમી પુણ્યતિથિ આવતી હતી. આ નિમિત્તે સાધ્વીજી મહારાજે અમુક ચોક્કસ દિવસોમાં ૧૬૦૦ પ્રતિક્રમણ થવા જ જોઈએ એવો આગ્રહ રાખ્યો હતો. પરિણામે સંઘના સક્રિય કાર્યકરો આ ૧૬૦૦ ભાગ્યશાળી ભાવિકોના નામ નોંધવાની તજવીજમાં વ્યસ્ત હતા. અહીં અત્યારે કોઈએ કરેલા પ્રતિક્રમણથી ૧૬ વર્ષ અગાઉ સ્વર્ગવાસી થયેલા આત્માને શું પહોંચતું હશે?

પરંતુ સાધુ-સાધ્વીજીની ગુરુભક્તિના ઉત્સાહના અતિરેકમાં, સંઘ પર તો અનેકવિધ જવાબદારી આવી જ પડે. જે આ ઠરાવમાં અમલીકરણના કારણે નિવારી શકાય.

એટલે જ અજરામર સંપ્રદાયે સ્વીકારેલ નિયમો જૈન ધર્મના અન્ય ગચ્છ યા ફિરકા પણ સહર્ષ સમજપૂર્વક સવિનય અપનાવે એ જરૂરી છે. ધાર્મિક ક્રિયાઓ અનુષ્ઠાનો જેટલા આડંબર રહિત હશે એટલી જ તેમની સાત્વિકતા, શુદ્ધતા, પવિત્રતા વધશે. તપશ્ચર્યા અને અનુષ્ઠાન કોઈ ભૌતિક કે દુન્યવી લાભાલાભ માટે નહિ, કોઈ દેખાડા માટે યા ચડસાચડસી માટે નહિ પણ નિજ કલ્યાણાર્થે, સ્વલક્ષી અને આત્મલક્ષી જ હોવાં જોઈએ. તપસ્યા અને ધાર્મિક ક્રિયા અનુષ્ઠાનોની આ ભાવના સાધુ-સાધ્વીઓએ શ્રાવક-શ્રાવિકાને સમજાવવી જોઈએ. આત્મલક્ષી ધર્મ-કરણી કરાશે તો જ જૈન ધર્મનું અને સાથે સાથે ધર્મના જ્યોતિર્ધર એવા સાધુ-સાધ્વીઓનું ગૌરવ વધશે.

અંતમાં, એક ખુલાસો. આ લખાણ દ્વારા કોઈની પણ ખાસ તો સાધુ-સાધ્વીજીની વ્યક્તિગત લાગણી દુભાવવાનો લેશમાત્ર પણ આશય નથી. સમગ્ર લખાણમાં ક્યાંય જીનાજ્ઞાથી વિરુદ્ધ કાંઈ લખાયું હોય, કહેવાયું હોય, તો તે માટે સહુની ક્ષમા યાચના.

*મંગલ મંદિર, નવેમ્બર-૧૯૯૬*

## મુક્તિ

સ્નાન કરવાથી જ જો ભગવાન મળતો હોય તો માછલી તો સદાય પાણીમાં જ રહે છે. ઉપવાસ કરવાથી જ જો મુક્તિ મળતી હોય તો સર્પ વાયુ ભક્ષણ કરીને જીવે છે અને બકરો માત્ર પાંદડા ખાઈને જીવે છે. ચાતક પક્ષી માત્ર વરસાદી વાદળના જળથી જીવે છે. ગુફામાં રહેવાથી મોક્ષ મળતો હોય તો ઊંદર સદા દરમાં જ રહે છે. ભસ્મ લગાડવાથી ભગવાન મળતા હોય તો ગધેડો સદા રાખમાં આળોટતો હોય છે. આંખ બંધ કરી ધ્યાન સમાધિ લગાડવાથી વૈકુંઠમાં જવાનું હોય તો બગલો હંમેશાં ધ્યાનરૂઢ હોય છે. આ બધાને મુક્તિ કેમ મળતી નથી?

***સારાંશ*** : કોઈ પણ પ્રકારના તપમાં જો ભક્તિ ન હોય તો એકલું તપ કશું જ આપી શકતું નથી.

*મહાપુરુષોનાં જીવનચરિત્રને આચરણમાં લાવવું જોઈએ.*

# જીવદયાના જશભાગી જૈન

• સુધા પી. ઝવેરી •

ભારતીય સંસ્કૃતિના આવિર્ભાવ અને તેના પાયાને સુદૃઢ કરવામાં ભારતની ત્રણ મહાન પ્રજાઓનો ફાળો છે. આ ત્રણ પ્રજાઓ એટલે વૈદિક ધર્મને અનુસરતી પ્રજા, બીજી જૈન ધર્મ સાથે સંકળાયેલી પ્રજા અને ત્રીજી બૌદ્ધ ધર્મ સાથે સંકળાયેલી પ્રજા. ભલે જૈન ધર્મ, બૌદ્ધ ધર્મની જેમ ભારતની બહાર ફેલાયેલો નહોતો, તો પણ પાછલા અઢી હજાર વર્ષ દરમ્યાન ભારતની સાંસ્કૃતિક ચેતનાને ધબકતી રાખવામાં જૈનોનો ફાળો મહાન છે. અહિંસાના સૂત્રને સ્પષ્ટ રીતે આપનાર જૈન ધર્મે ભારતવર્ષમાં તો અજવાળાં પાથર્યા જ છે પણ સાથે સાથે જગતના વિશાળ ફલક પર પોતાની અસ્મિતાનો પણ આગવો પરિચય આપ્યો છે.

**ભગવાન મહાવીર કચ્છમાં વિહર્યા હતા**

ત્રેવીસમા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથના સમયથી જ જૈનધર્મનો સૂર્ય ભારતની માથે સોળે કળાએ પ્રકાશતો થયો હતો અને ત્યારે કચ્છ પણ એના અજવાળાથી વંચિત રહ્યો નહોતો. **ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી તો કચ્છમાં વિહર્યા પણ હતા એમ ભગવતી સૂત્ર પરથી જણાય છે.** જૈન ધર્મને તો એની સ્થાપના કાળે જ વિશાળ અનુયાયી વર્ગ સાંપડ્યો હતો. સૂત્ર કૃતાંગની વિગતોએ તો કેવળ **મગધ અને તેની આસપાસમાં જ આ ધર્મના અનુયાયીઓમાં ૧૬૦૦૦ સાધુઓ, ૩૮૦૦૦ સાધ્વીઓ; ૧,૬૪,૦૦૦ શ્રાવકો અને ૩,૨૭,૦૦૦ શ્રાવિકાઓ અને બીજા હતા.**

ઠેઠ પ્રાચીન કાળથી વેપાર અને વાણિજ્ય સાથે સંકળાયેલ વૈશ્ય-વણિકોનું મહત્ત્વ તો સમગ્ર ભારતમાં રહ્યું છે. આ વૈશ્ય વર્ગમાં આવતી પેટા જ્ઞાતિઓ જોતાં શ્રીમાલમાં વસતી જ્ઞાતિઓ તરફ ધ્યાન દોરાય છે. આ શ્રીમાલ એક વખત ગુર્જરોની રાજધાની હતું. કચ્છમાં બહોળી રીતે પથરાયેલા બ્રાહ્મણ અને વણિક જ્ઞાતિઓના 'શ્રીમાળી' પેટા વિભાગોથી એ પણ સ્પષ્ટ થાય છે. ઘણાખરા શ્રીમાળી વાણિયા શ્રાવક છે. એમનો ઇતિહાસ ઓસવાળ શ્રાવકોના ઇતિહાસને લગભગ મળતો આવે છે. **'ઓસવાળ'એ નામ જોધપુરથી આશરે ૨૪ કિ.મી. દક્ષિણે આવેલા પ્રાચીન શહેર ઓસિયા પરથી પડ્યું છે.** જૈન ધર્મ પાળતા આ ઓસવાળો ધર્મ પરિવર્તન પહેલાં સોલંકી રાજૂપત હતા. જૈન ગ્રંથોના આધારે આ ધર્મ પરિવર્તન ઈ.સ. ૭૪૩ના અરસામાં થયું. ઓસવાળો પણ મૂળ તો શ્રીમાળના હતા એવું ભાટોનું કથન છે. બીજી એક દંતકથામાં શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા મૂળે કાશ્મીરના જમવાળ જ્ઞાતિના હતા અને ક્ષત્રપ વંશનો જગસોમ (ઈ.સ. ૭૮-૨૫૦) તેમને દક્ષિણ મારવાડમાં લાવ્યો. ઈ.સ. ૭૦૩માં બૂગરા નામના આરબે આ પ્રદેશને વેરાન કર્યો તેથી શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા દક્ષિણ તરફ નાઠા અને તે સમય દરમ્યાન શ્રીમાળીઓ અને ઓસવાળો કચ્છમાં આવીને વસ્યા હતા. આઠમી સદીની આ અનુમાનિત વિગતો પછી તો 'અચલગચ્છ દિગ્દર્શન'માંથી કચ્છમાં જૈન ધર્મના અસ્તિત્વની ઘણી વિગતો મળે છે. પરંતુ તે પહેલાં પણ કચ્છમાં જૈન મેરૂજીઓ વિચરતા હતા તેવા ઉલ્લેખો કચ્છના હસ્તલિખિત જૈન ધર્મના પુસ્તકોમાંથી મળે છે.

કચ્છની રાજગાદીને જીવંત રાખવામાં પણ ગુરજી માણેકમેરજીના આશીર્વાદ સાંપડ્યા એ વાત તો પાંચસો વર્ષ પહેલાની છે. **પરંતુ તેથીય પહેલાંના ઉલ્લેખોમાં સંવત ૧૪૫૧માં ભુજમાં થઈ ગયેલા ચાંપા શાહે કલ્પસૂત્રની ૮૪ પ્રતો લખાવી સર્વ આચાર્યોને વહોરાવી એવો ઉલ્લેખ છે.**

મહારાવના કારભારી તરીકે નોંધપાત્ર અવાજ કચ્છના મહારાવોના કારભારીઓ અને અધિકારીઓમાં જૈનોનો અવાજ હંમેશાં નોંધપાત્ર રહ્યો છે. રાજકારણના ક્ષેત્રે, હંસરાજ શાહ હોય કે આશકરણ શાહ, પણ જૈનો અગ્રેસર રહ્યા છે. **ભારતમાં અદ્વિતીય એવા કવિઓને સર્જવાની વ્રજભાષા પાઠશાળા જે સં. ૧૭૪૯માં કચ્છના રાજવી કવિ લખપતજીએ સ્થાપી તેના પ્રથમ આચાર્ય પણ કનકકુશળજી જૈન હતા!**

કચ્છમાં વસવાટ કરવા માટે આવેલા આ શ્રીમાળીઓમાં વાણિયા સોની (શ્રીમાળી વાણિયામાંથી). શ્રીમાળી વાણિયા અને ઓસવાલો તત્સમયે કચ્છમાં કોઠારા, નલિયા, માંડવી, મુંદ્રા અને પછી ભુજ, અંજારમાં સ્થાયી થયા અને ત્યાં ખેતી કે વેપારના ધંધામાં જોડાતા ગયા. નાના એવા ગામડામાં પણ વાણિયાની હાટડી તો હોય જ! વિશાળ પથારામાં પથરાયેલી આ જૈન જ્ઞાતિમાં આજથી પચ્ચાસ વર્ષ પહેલાં જમણવારમાં મોઢ, કંદોઈ, ભોજક, વાયડા, માહેશ્વરી વગેરે જોડાતી હતી પરંતુ હવે માત્ર ત્રણ ધારાઓ મુખ્ય રહી છે અને તે છે ગુર્જર, ઓસવાળ અને શ્રીમાળી. અલબત્ત શ્રીમાળીને ઓસવાળમાં દશા, વીસા અને પંચા એવી પેટા જ્ઞાતિઓ છે અને આ પેટા જ્ઞાતિની ધાર્મિક માન્યતાઓ પણ અલગ અલગ છે. પરંતુ જૈન ધર્મને લાગવળગે છે ત્યાં સુધી આ ત્રણે ધારાઓ એક જ જૈન ધર્મની છે.

**અહિંસાના સંદેશને આજેય અનુસરે છે**

*કર્મીઓને (કર્મચારીઓને) કાઢવા સહેલા છે પણ જાળવવા અઘરા છે.*

ભગવાન મહાવીરના અહિંસાના સંદેશને કચ્છના જૈનો આજે પણ એજ ભાવથી પાળીપોષી રહ્યા છે. વર્તમાનકાળે મોટા શહેરોમાં ધર્મના આચરણમાં વર્તાતી શિથિલતા કે આહાર-વિહારમાં લેવાતી છૂટછાટો, કચ્છના જૈનોને ચલિત કરી શકી નથી. મદ્ય-માંસથી તો દૂર રહે જ, પણ કેટલાય જૈન ઘરોમાં કંદમૂળના ક્યારેય દર્શન થતા નથી. 'અન્ન તેવા ઓડકાર'માં માનતા આ જૈનો ખૂબ જ સૌમ્ય, સહનશીલ, સમજદાર, સમભાવી, સૌજન્યશીલ અને ધર્મ સહિષ્ણુના ગુણોએ શોભે છે તેનું કારણ પણ આજ છે. દહેજ પ્રથાની ગેરહાજરી - એમની આર્ષદૃષ્ટિનું ફળ છે. જૈન સમાજમાં કરિયાવરની પ્રથાની ગેરહાજરીએ જ કોડિલી કન્યાઓના જીવન-માંગલ્યની એમની ઝંખનાને સાકાર કરી શકી છે. **જૈન જ્ઞાતિમાં દહેજના કારણે કોઈને બળી મરવું પડ્યું હોય એવા કિસ્સા જોવા નહીં મળે.** પૈસે ટકે સુખી આ પ્રજા જીવનમાં જેમ સર્વ સુખો અને ભોગ વિલાસને માણી જાણે છે તેમ ધાર્મિક પરંપરાને અનુસરવામાં વ્રત, ઉપવાસ, તપ, જપ, દ્વારા શારીરિક કષ્ટને પણ હોંશે હોંશે ઝીલી શકે છે. આમાંય કચ્છના લેટા વાણિયાઓનો તો જોટો જડે તેમ નથી. **અનશન વ્રત દ્વારા જીવનનું તપોમય સમાપન-સંથારો પણ હસતે હસતે કરી જાણનારામાં કચ્છના જૈનોનું નામ છે.** વર્તમાન સમયે શિક્ષણના મહત્ત્વને સ્વીકારીને ઉચ્ચ અભ્યાસ કર્યા પછી પણ જ્યાં બાપ-દાદાના વેપાર ધંધા જામેલા હોય છે ત્યાં આ યુવા ધન એ ધંધામાં જોડાવાનું વધુ પસંદ કરે છે. અને એટલે જ મુંબઈ-મહારાષ્ટ્રમાં દાણાવાળામાંથી નાણાવાળા થયેલા જૈનોનું વ્યાપારી ક્ષેત્રે આગવું પ્રદાન અને પક્કડ જળવાઈ રહી છે.

### કચ્છી જૈનોની નામકમાઈ પણ નોંધનીય

ભારતભરમાં પથરાયેલા કચ્છના જૈનો જ્યાં જ્યાં સ્થિર થયા ત્યાં કમાણી કેળવ પૈસાની જ કરી છે એવું નથી, એમની નામકમાઈ પણ ઊડીને આંખે વળગે છે. એ જ્યાં જ્યાં ગયા ત્યાં તો વેપારને ઉદ્યોગમાં ફેરવ્યા, મહારાષ્ટ્રમાં ગોળનો વેપાર જુઓ, દક્ષિણ ભારતમાં ઈમારતી લાકડાનો વેપાર જુઓ, ચા-સોપારી અને તેજાનાનો વેપાર લો. કચ્છના જૈનોની કામગીરી બોલશે. મુંબઈ અને મહારાષ્ટ્રમાં તો વ્યાપારના ક્ષેત્રે એમનું નામ સાધુ છાપ ચોખા, દીપકછાપ તેલ, ગોરી છાપ તુવેરદાળ, એન્કરની સ્વિચો, નવનીતની ગાઈડો, પ્રિન્સ બ્રાન્ડ પ્લાસ્ટિકની ચીજ, બેન્ઝરની સાડીઓ, અમરસન્સની કટલેરી, શીતલના પંજાબી ડ્રેસ, હિંદમાતા કટપીસ સેન્ટરના વાજબી ભાવનું કાપડ, સત્યમના ગ્રિટિંગ્સ કાર્ડ બધા જ કચ્છના જૈનોનું પ્રદાન છે. **અનાજને ચાળીને વીણીને આપવું ને તેય વળી હોમ ડિલિવરીની રીતે એ પ્રથા શરૂ કરનાર તેજશી લાધા પણ કચ્છના જ જૈન હતા.** 'વાણિયા બુદ્ધિ'નો અસલી રંગ આ કચ્છી વીસા ઓસવાળોએ મહારાષ્ટ્રને જ નહિ, ભારતમાં જ્યાં પણ વસ્યા ત્યાં લગાડ્યો છે અને વર્ચસ્વ પણ જેવું તેવું નહિ, એના નામના માર્ગ બને. મુંબઈના મસ્જિદ બંદરના એક માર્ગનું નામ નરશી નાથા સ્ટ્રીટ તો એક ઉદાહરણ છે.

એક હાથે કમાય અને હજાર હાથે વાપરે એવું સદ્‌ભાગ્ય જૈનોને પ્રાપ્ત થયું છે. એવા પુણ્ય શ્લોકી આત્માઓની યાદી તો ખૂબ જ લાંબી છે પણ ઉજળી પરંપરાની આવી વાત જ્યારે પણ નીકળે ત્યારે પુણ્યશ્લોકી જગડુશા દાતાનું નામ સૌથી પહેલાં આપણાં ચિત્ત પર ચડે. આ પરંપરાને સાચવનારાઓમાં શેઠ ડોસાભાઈ લાલચંદે કલકત્તાની કમાણી કચ્છમાં વાપરી તેની નજરે ચડતી ઈમારતો દાતાના ઉદ્દેશની પરિપૂર્તિ કરતી આજેય દેખાય છે. નામ રહંત ઠક્કરાં... ને સાર્થક કરતી એમના દ્વારા સ્થપાયેલી ઈન્દ્રાબાઈ પ્રાથમિક કન્યાશાળા, ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, પ્રસૂતિ ગૃહ, ઇન્દિરાબાઈ પાર્ક, ડોસાભાઈ લાલચંદની ધર્મશાળા, જૈન સિવણશાળા, માનવીને જીવનનો સાચો રાહ ચીંધનારી કચ્છની ગૌરવ ગાથાઓ છે તો એમના પત્ની રંભાબેન પણ એ પરંપરાને જાળવીને શેઠ ડી. એલ. લો કોલેજ અને આર.આર. લાલન કોલેજની ઈમારતો ઊભી કરવામાં આપેલું યોગદાન એ કચ્છની કીર્તિ ગાથા છે. **આર. આર. લાલન કોલેજ જેમના નામે છે તે રામજી રવજી લાલન, ભુજનાં નગરશેઠ સાકરચંદ પાનાચંદ અને માનસંગ કચરાના નામ અને કામ ભુજ અને ભુજ બહાર નજરે ચડી આવે છે.** જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટની વિશાળ હોસ્પિટલ, માતૃછાયા જેવી અદ્યતન પ્રગતિશીલ કન્યાશાળા, ભુજ શહેરમાં માત્ર 'બે આના ફી' લઈને ચલાવવામાં આવતું સાર્વજનિક દવાખાનું અને એના સેવાભાવી ડૉ. બક્ષી સાહેબ, બીદડા સર્વોદય ટ્રસ્ટ, ગામડા કે શહેરની પાંજરાપોળો, સાર્વજનિક સસ્તા ભોજનાલયો, આ બધા પેલી ઉજળી પરંપરાના પ્રતીકો છે. કેટકેટલાને યાદ કરીએ, જેમના અંતરમાં વતન પ્રત્યેની મમતા છે એવા ઉદાર દિલ શેઠિયાઓ કચ્છના કપરા પ્રસંગોએ બા-બેલી થઈને ઊભા રહે છે. અનુકંપા જેમનાં અંતરમાં દ્રવી ઊઠે ને ત્યારે જેમનાં નમણાં નામ સાંભળી આવે એવા લાલજીભાઈ એંકરવાલા, દામજીભાઈ એંકરવાલા, સુમતિભાઈ મહેતા, શાંતિદાસ આશકરણ, હેમચંદ હીરાચંદ, સોમચંદ ધારશી અને બીજા કેટલાય નામો છે જેમનું સાર્વજનિક-સેવાનાં ક્ષેત્રે ઉજળું પ્રદાન રહ્યું છે. કચ્છી પોતાના વતનમાં સખાવત કરે છે તેવું નથી. એ જ્યાં પોતાનો વિકાસ થયો હોય તેવા ગામમાં પણ સખાવતનો હાથ લંબાવે છે. આવા અનેક ગામો છે જ્યાં કચ્છીની સખાવત ઊડીને આંખે વળગે છે. તે પછી અમદાવાદ હોય કે હૈદ્રાબાદ, મુંબઈ, કોઈમ્બતુર, કલકત્તા વગેરે અનેક જગ્યાએ સાર્વજનિક કામોમાં દાનની સરવાણી વહાવી છે.

### ચબૂતરા અને પાંજરાપોળો પણ એમની દેન છે

સાચા જૈનને મન અહિંસા જીવનદૃષ્ટિ છે. માત્ર પર્યુષણમાં યાદ કરવાની કે દેરાસરમાં જ પ્રતિષ્ઠિત કરવાની ચીજ નથી. અને તેથી જ, ધર્મને સાચા અર્થમાં જીવનમાં ઉતારનારા જૈને મૂંગા પશુ-પક્ષીઓના સુખ દુઃખ તરફ નજર કરી છે. પાંજરાપોળો એ જીવદયાનું પરિણામ છે. તેમ ગામેગામ ઊભેલા ચબૂતરાના પાયામાં પણ એમનું નામ દેખાશે.

દાન પુણ્ય અને ધર્મ ધ્યાનમાં જ જીવનની પૂર્ણાહુતિ એ જૈનોનો ઉદ્દેશ નથી. દેશ માટે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ઝંપલાવતી વખતે સ્વાર્થનો વિચાર કર્યો નથી. જૈન મુનિવર જયવિજયજી મહારાજ, કલ્યાણજી

*તમારા દુશ્મન કે હરીફનું સાંભળો કારણ કે તમારી ભૂલનો સૌથી વધુ ખ્યાલ તેને જ હોય છે.*

સ્વામી, શેઠ વેલજી નપુ, શેઠ સાકરચંદ, માનસંગ કચરા વગેરે કેટલાય નામો પાયાના પથ્થર તરીકે મૂકી શકાય તેમ છે. તો આંતરરાષ્ટ્રીય પ્રતિભા એવા પ્રો. કે.ટી. શાહ (માંડવી)ને સંભાર્યા વિના કચ્છ અને ભારતની સ્વાતંત્ર્ય ચળવળનો ઇતિહાસ અધૂરો રહે. સને ૧૯૨૫માં મહાત્મા ગાંધીજીની કચ્છ યાત્રા વખતે રૂા. ૧૦,૦૦૦/-ની માતબર રકમ આ સેવા યજ્ઞ માટે સમર્પણ કરનાર માનસંગ કચરાના નામને કેમ ભૂલાય ?

## વિદેશોમાં પણ કચ્છનું ગૌરવ વધાર્યું છે

જેમને વ્યાપારી કુનેહ અને સાહસ વૃત્તિ ગળથૂથીમાં મળ્યા છે તેવા કચ્છના જૈન સપૂતો... 'જીત હકડો કચ્છી વસે ઉત ડીઆણી કચ્છ' વસાવીને આફ્રિકા અને અમેરિકામાં પણ કચ્છનું નામ ઉજળું રાખ્યું છે. બહુ આઘા ન જઈએ અને છેલ્લી દોઢ બે સદીના અતીતને નિહાળતાં, આફ્રિકાના-જંગબારમાં શેઠ સોભાગચંદ દેવસીનું નામ મોખરે આવશે. બ્રહ્મદેશમાં ચોખા અને તેલની મિલો નાખનાર ભુજના માનસંગ કચરા, રંગૂનમાં બેંકની સેવાના કારણે સરકારના પ્રીતિ પાત્ર બનેલા ભુજના મૂળચંદ શામજી રંગૂનવાળા, જેમણે વતનમાં આવવા માટે નોકરીમાંથી રાજીનામું આપ્યું તો ત્યાંની સરકારે તે સ્વીકાર્યું નહીં. અને સરકારે તેમને એ જીવ્યા ત્યાં સુધી નોકરી પર ચાલુ ગણીને પગારનો ચેક નિયમિત રીતે ભુજમાં મોકલતી રહી એ ગાથાને યાદ કરતાં હરેક કચ્છીનાં હૈયે હરખ કેમ ન જાગે? એને ગૌરવ કેમ ન થાય! શિશલ્સમાં ત્યાંના રાજાના સલાહ-મિત્ર તરીકે રહેલાં કાંતિભાઈ જીવણ જેઠાએ કચ્છની જૈન જ્ઞાતિની અસ્મિતાને બાંધનારા ખમતીધર ખોરડાના ખાનદાન છે. વિદેશમાં જવા માટે જ્યારે કોઈ નામ પણ નહોતું લેતું ત્યારે ઠેઠ સને ૧૮૯૩માં સૌ પ્રથમ અમેરિકા પહોંચનારા માંડવીના લાલન કુટુંબે એ દિવસોમાં કેટકેટલી યાતનાઓ વેઠી હશે એની તો કલ્પના જ કરવી રહી. હાલે અમેરિકા સ્થિત ડૉ. નવીનચંદ્ર ચુનીલાલ મહેતા, ડૉ. ધીરજ હરિલાલ શાહ, રશ્મિભાઈ નટવરલાલ શાહ, ડૉ. ચન્દ્રવદન હરિયા, છોટાલાલ ભેદા, વિજય છેડા, ગિરીશ છેડા, વિદેશની ધરતી પર રહે છે પણ વતનને વીસરતા નથી. 'હેમારે વટ પુગો નિરંજન, ધીણોધર સંભરન...' તેમ વતનની યાદ હૈયે રાખી, કચ્છના સુખ-દુઃખમાં સાથી થાય છે. દાનનો પ્રવાહ-કોઈ જ નામના મેળવવા માટે નહીં પણ પેલી ઉજ્જવળ પરંપરાના એક અદના યાત્રી તરીકે ઉમદા કાર્યો કરવા માટે કચ્છની સાથે સાથે ભારતની ભૂમિને પણ પોતાની ગણી છે. આંબા વાવનારા વાવ્યે જ જાય છે, એનાં ફળની અપેક્ષા એ ક્યારેય રાખતા નથી. જૈન જ્ઞાતિ ઉજળી છે એનું કારણ પણ આજ છે.

જૈન જ્ઞાતિએ વિરલા સંતો, સેવાભાવી દાતાઓ અને પુણ્યશ્લોકી આત્માઓ જગતના ભલા માટે પ્રસરાવ્યા છે. દેશવિદેશની ધરતી પર પાંગરેલી પ્રતિભાનો પમરાટ, પ્રેરણા પ્રદાન કરનાર રહ્યો છે. એ પ્રેરણાના ફળ રૂપે જ કચ્છમાં આજે નીચેની સેવાભાવી સંસ્થાઓ કાર્યરત છે :

(૧) બીદડા સર્વોદય ટ્રસ્ટ - બીદડા (૨) સર્વ સેવા સંઘ - ભુજ (૩) જૈન મેડિકલ એન્ડ એજ્યુ. ટ્રસ્ટ - ભુજ (૪) મેઘજી સોજપાલ જૈન આશ્રમ - માંડવી (૫) મુંદ્રા તાલુકાનું એંકરવાલા અહિંસાધામ (૬) ભોજાય ટ્રસ્ટ હોસ્પિટલ - ભોજાય, (૭) સાધર્મિક ભોજનાલય-માંડવી, (૮) લુણી (તા. મુંદ્રા)ની પાંજરાપોળ.

**કેવળ માનવીય સેવાના ઊંચા આદર્શની પરંપરાને જાળવતી અને મહાવીર સ્વામીના ઉપદેશોને અનુસરી, જીવમાત્ર પ્રત્યે દયાભાવથી પ્રેરાઈને સખાવત કરનારા કચ્છી જૈનોએ 'જૈનં જયતિ શાસનમ્'ની ઉક્તિને સાર્થક કરી છે.**

## સામાજિક રહેણીકરણીમાં ફેરફાર

રહેણી કરણીના રૂઢ વ્યવહારમાં એકાએક તો ફેરફાર થાય નહીં પણ ધીમે ધીમે સામાજિક રહેણીકરણીમાં ફેરફારને હવે કચ્છના જૈનો પણ અપનાવતા થયા છે. મુંબઈમાં વસતા પન્નાલાલ છેડા વ્યવસાયે વેપારી છે. પણ ખબરપત્રિકામાં અવારનવાર શુભ વિચારો છપાવતા રહે છે. તા. ૨૩-૧૦-૮૯ની ખબરપત્રિકામાં તેમણે કચ્છી ઓસવાળ જૈનોના મૃત્યુ પ્રસંગે થતા એક રિવાજને બદલવાની નમ્રતાભરી વિનંતી કરી હતી. કચ્છી જૈનોમાં ઉઠમણા પ્રસંગે, મૃત્યુ પામનારના સ્વજનના ઢીંચણને અડકીને 'વચારા વટાજે વ્યા...' (બિચારા ગુજરી ગયા) એમ કહીને ખરખરો કરવાનો ચાલી આવતો રિવાજ બદલાવવા જણાવ્યું હતું. ને તે પછી જ હવે કચ્છી જૈન મરણ પ્રસંગે દાદરમાં કરશન લધુ નિશર હોલમાં શાંતિ સભા રાખવાનો રિવાજ શરૂ થઈ ગયો છે. વળી યાત્રા કરીને પાછા વળનારની 'શાતા' પૂછવા જાય તો શ્રીફળ લઈ જવું પડતું તે પ્રથા પણ હવે અટકી છે. ખબર અંતર જરૂર પૂછે ને યાત્રા કરીને હેમખેમ આવ્યાનો હરખ વ્યક્ત કરે છે. સમયના પરિવર્તન સાથે ધર્મને બાધારૂપ ન થતા હોય તેવા સામાજિક રીતરિવાજો અપનાવવામાં સંકોચ અનુભવતા નથી.

## કલ્યાણજી - આણંદજી સંગીતકાર બેલડી

સંગીત, સાહિત્ય અને કળાના ક્ષેત્રમાં જૈનોનું પ્રદાન રહ્યું છે. તેની નોંધ લીધા સિવાય ચાલી જ ન શકે. વાસ્તવમાં કલાને જીવંત રાખનારા જૈન દેરાસરો, એમાં સચવાયેલા ચિત્રોને ગણનામાં લેવા જ પડે. **સંગીતના ક્ષેત્રે કલ્યાણજી-આણંદજીએ એમની બીનના તાને, મને તમને આપણને સૌને ડોલાવ્યા છે.**

પર્યુષણ દરમિયાન કસાઈઓ દ્વારા પશુ હત્યા ન થાય એટલો બંદોબસ્ત કરાવી શકવાની શક્તિ ધરાવતા આ 'મહાજનો' રાજાઓ માટે આશીર્વાદ રૂપ હતા. જરૂર પડી ત્યારે ભામાશા જેવાએ રાષ્ટ્ર માટે સર્વસ્વ અર્પણ કરી દેનારા આ જ્ઞાતિમાં જ પાકી શકે એમ કહીએ તો જરાય ખોટું નથી. કચ્છમાં અણીને સમયે જૈનોએ ગાડાં વાળ્યાં છે, 'રા'ના અને રૈયતના રખોપાં કર્યાં છે. **કચ્છમાં જૈનોની વસતી ૩૫,૦૦૦થી ૪૦,૦૦૦ જેટલી અંદાજે છે.**

સ્વને જીતીને સર્વને જીતવાની શક્તિ ધરાવતા જૈનોનો આ એક અછડતો પરિચય છે. 'કચ્છના જૈનો' આ ટૂંકા લેખમાં જેમનાં નામ આદર સાથે ઉમેરી શકાય એવા ઘણા મહાનુભાવોના નામ સમાવી શકાયા નથી કારણકે સ્થળની મર્યાદા તેમ કરતાં અટકાવે છે. બાકી તો જીવનથી માંડીને મૃત્યુપર્યંતના તેમના કાર્યોમાંથી પ્રેરણા લેવાનું મન થાય એવી કચ્છની જૈન જ્ઞાતિ એ કચ્છની અસ્મિતાનું એક પાનું છે.

***મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩***

*કોઈપણ મુશ્કેલી વગર જે જીતે તેને માત્ર વિજય કહેવાય, પણ અનેક મુશ્કેલી સાથે જે જીત મેળવે તેને ઈતિહાસ કહેવાય.*

# જૈન ધર્માચાર્યો વિચારશે ?

● લાહીરી શાહ ●

ભારતના ઘણા વિસ્તારો છેલ્લા બે-ત્રણ કે ચાર વર્ષથી નબળા ચોમાસાના કારણે અછત કે દુષ્કાળ જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. આવા વિસ્તારોમાં પીવાના પાણીની તથા પશુ ધન માટે ઘાસની તીવ્ર તંગી છે. કાળઝાળ ગરમીના કારણે આંધ્ર પ્રદેશમાં અંદાજે ૨૦૦૦ લોકોના મરણ થયા છે. આંધ્ર પ્રદેશની સરકાર હવે કૃત્રિમ વરસાદ - ક્લાઉડ સિડીંગ દ્વારા વરસાવવાનું વિચારી રહી છે. કર્ણાટકની સરકાર, રાજ્યના પાણી વગરના વિસ્તારોમાં ટ્રેઈન દ્વારા (ટેંકરો દ્વારા નહીં) પાણી પહોંચાડવાની યોજના બનાવી રહી છે. ચેન્નાઈ (મદ્રાસ) શહેરની પાણીની રોજિંદી જરૂરિયાત ૮૦ કરોડ લીટર પાણીની છે. પણ પુરવઠો ફક્ત ૩૫ કરોડ લીટરનો છે. ચેન્નાઈ શહેરની પાણીની તંગી દૂર કરવાનું બીડું જયલલિતાની સરકારે નહીં પણ સત્ય સાંઈબાબાએ ઝડપ્યું છે.

તામિલનાડુ અને કર્ણાટકની સરકારો કાવેરીના જળ વિવાદનું સુખદ નિરાકરણ નથી કરી શકી. કર્ણાટક અને આંધ્ર પ્રદેશની સરકારો ચિત્રાવતી નદી પર નાનો બંધ બાંધવાના મુદ્દે બાખડી રહ્યા છે. ત્યાં સત્ય સાંઈ બાબાએ, હાથ ધરેલી યોજના માટે મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક અને તામીલનાડુ એમ ચાર રાજ્યોને સમજાવી - મનાવી લીધા છે. આ યોજના અન્વયે આંધ્ર પ્રદેશમાં આવેલા સૌમાશીલા બંધ અને કંડારેલા જળાશયમાંથી ૧૫૦ કિલોમીટર લાંબી નહેર દ્વારા તામિલનાડુ અને આંધ્રપ્રદેશની સરહદે આવેલા પુંડી જળાશયમાં ૧૫ કરોડ ક્યુ. ફીટ પીવાનું પાણી ઠલવાશે. ૨૦૦ કરોડની લાગતવાળી આ યોજનાને ઓગસ્ટ ૨૦૦૩ સુધીમાં પૂરી કરવા માટે ૫૦ ફિલ્ડ ઇજનેરો અને ૪૦૦૦ મજદૂરો રાતદિવસ કામ કરી રહ્યા છે.

તાજેતરમાં આંધ્રના વિશ્વ પ્રસિદ્ધ તીર્થધામ તિરૂપતિની પાણીની તંગી નિવારવા આ નહેર દ્વારા પાણી પૂરું પડાયું હતું.

આ અગાઉ શ્રી સત્ય સાંઈબાબાએ આંધ્ર પ્રદેશના તેલંગણા અને રાયલસીમાના (કચ્છ જેવા જ) પાણીને તરસતા ૧૦૫૦ ગામડાઓને પીવાનું પાણી પૂરું પાડવાની યોજના પરિપૂર્ણ કરી જ છે.

આની સામે, પોતાના નામની આગળ અનેકવિધ વિશેષણો (જાતે જ ઉપજાવેલા) લગાડતા જૈન ધર્માચાર્યો શું કરે છે? બેંગ્લોરથી ૪૫/૪૦ કિ.મી. દૂર કરોડોની લાગતવાળું ૧૦૮ દેરીવાળું જિનાલય, નાસિકથી ૨૦/૨૨ કિ.મી. દૂર નિર્જન ટેકરી પર 'ધર્મ ચક્ર' નામનું તીર્થસ્થળ, મુંબઈમાં અંધેરી ખાતે લાખેક ભાવિકોની હાજરીમાં ૩૧૦૦ તપસ્વીઓના વર્ષીતપના સામૂહિક પારણા, મુંબઈના શાંતાક્રુઝ (પૂર્વ)ના દેરાસરમાં વિધિવત વિવિધ રકમ ભરી (નાટકસિનેમાની જેમ) 'સર્વ કામનાદિ સિદ્ધિ' હોમ હવનનું આયોજન કરે છે. ઠેકઠેકાણે દેરાસર, અપાસરા બનાવવા માટેની પ્રેરણા આપે છે. પ્રાચીન કલાત્મક - હેરીટેઝ સ્મારકની કક્ષામાં આવે તેવા પૂણે નજીકના કાત્રજ ગામના કે હૈદ્રાબાદ નજીકના કુલપાકજી તીર્થના કે પાર્લા (પૂર્વના) કે મલાડ (પશ્ચિમ)ના દેરાસરજીને આરસના વાઘા પહેરાવવા પાછળ કરોડોનું નિરર્થક આંધણ કરાવવામાં જ પોતાની શક્તિનો વ્યય કરતા રહે છે. આજના સમયમાં આત્માના અને પરભવના કલ્યાણ જેટલી જ - કદાચ તેથી પણ વધુ આવશ્યકતા, સમાજના આર્થિક રીતે નબળા વર્ગની પરિસ્થિતિ સુધારવાની છે. આજે તબીબી સહાય અને સારવાર - અતિશય મોંઘી બની છે. એટલે સામાન્ય માનવી પણ સારવાર લઈ શકે તેવી અદ્યતન હોસ્પિટલો સ્થાપવી જરૂરી છે. બીદડા અને ભોજાય ખાતે છે તેવી સેવા પરસ્ત હોસ્પિટલો સ્થાપવાની પ્રેરણા સાધુ ભગવંતોએ આપવી જોઈએ. આજના જીવન ઉત્કર્ષનો મુખ્ય આધાર ઉચ્ચ કેળવણી છે. આવી કેળવણી રાહતના દરે આપી શકે તેવી શાળાઓ અને કોલેજો શરૂ કરવાની પ્રેરણા અને આદેશ સાધુ ભગવંતો આપી શકે. કચ્છના ગ્રામીણ વિસ્તારોનો વિકાસ ખેતી સુધારણા સિવાય શક્ય નથી. આ સમજી કચ્છમાં કૃષિ શાળાઓ સ્થાપવા શ્રીમંત શ્રેષ્ઠીઓને સમજાવી શકાય. કચ્છમાં જ સારી કેળવણી અને તબીબી સારવાર ઉપલબ્ધ હશે તો ધંધાની જવાબદારીમાંથી નિવૃત્ત થયેલા વડીલો કચ્છમાં જ - કચ્છના પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહેવા રાજી થશે. આવા અનેકવિધ સુધારા કરવા માટે જૈન સાધુ ભગવંતો પોતાનો અભિગમ બદલે, એ આજના સમયનો તકાજો છે. સહુથી વધુ જરૂરત તો 'દેવદ્રવ્ય'ની વ્યાખ્યા બદલવાની છે. હજારો દેરાસરોમાં નિરર્થક જકડાઈ રહેલી આર્થિક ક્ષમતાને સમાજના ઉત્કર્ષ માટે મુકત કરવાની છે. જૈન ધર્માચાર્યો, સાધુ ભગવંતો અને શ્રેષ્ઠીઓ પણ સમયના તકાજાને સમજશે? સત્ય સાંઈબાબા, કેરલના મા આનંદમયી અને આપણા જ ચંદનાશ્રીની જૈન જૈનાચાર્યો પોતાના અનુયાયીઓના આધ્યાત્મિક કલ્યાણ સાથે સામાજિક કલ્યાણની યોજનાઓ હાથ ધરવાની પ્રેરણા અને આદેશ આપતા થશે?

*મંગલ મંદિર, જુલાઈ-૨૦૦૩*

*તબિયત સારી ન હોય તો બધી સાહ્યબી નકામી.*

# જૈન ધર્મ

• પ્રવીણ વેલજી શાહ •

આપણો જૈન ધર્મ અહિંસા અને સહનશીલતાનો ધર્મ છે. આપણા સદનસીબે આ જન્મમાં આપણે જૈન ધર્મ પામ્યા છીએ. જૈન ધર્મમાં પ્રભુ મહાવીર ભગવંત પોતાના જીવનકાળ દરમ્યાન અથાગ દુઃખ અને યાતનાઓ વેઠી મોક્ષ ધર્મ પામ્યા અને આપણા માટે ધર્મનો રાહ ચીંધતા ગયા. આપણામાં કહે છે કે ભગવાનના બધા દિવસ સરખા છે. એ સૌ કોઈ માનવા તૈયાર થશે પણ પર્યુષણના દિવસો જૈન ધર્મમાં વિશેષ દિવસો છે. એ દિવસો દરમ્યાન તન મનથી પ્રભુની ભક્તિ આપણે કરીએ છીએ. (પૈસાવાળા ધનથી પ્રભુ ભક્તિ કરે છે.) પ્રભુ ભગવંત પણ કહી ગયા છે કે આપ તન-મનથી ભક્તિ કરો. પોતાની જાતને ગમે એ કષ્ટ પડે સહન કરીને પણ બીજાને દુઃખવતાં નહીં. પણ આજના આ યુગમાં તો ધર્મની વ્યાખ્યા બદલાઈ ચૂકી છે. દેરાસરજીમાં ધર્મ કરી શકો નહી તો આપના ધર્મની કિંમત નથી. આજે તન-મનનો ધર્મ તો રહ્યો જ નહી - ધનનો જ ધર્મ છે. એવું જ નથી દેરાસરોમાં તો ધર્મ પૈસાના તોલે તોલાઈ રહ્યો છે. ધર્મની બોલી બોલાય છે. જે વધુ બોલી બોલે એ વધારે ધર્મિષ્ઠ ગણાય. એક વખતનો. જૈન ધર્મ આત્મનિરીક્ષણનો ધર્મ હતો. સહનશીલતાનો ધર્મ હતો. મનને શુદ્ધ કરનારો ધર્મ હતો. આજનો જૈન ધર્મ પૈસાના તોલે તોલાઈ રહ્યો છે. આપણા સાધુ ભગવંતો પણ પૈસાના મોહપાશમાં જકડાતા જાય છે. જે માણસો સંયમ લઈને સાધુ જીવન આંગીકાર કરી ચૂક્યા છે. એ સાધુ આત્માઓ પણ પૈસાથી લલચાઈ રહ્યા છે. આજે સાધુ મહાત્માઓ પૈસાની ભાષાથી વાત કરે છે, છડે ચોક દેરાસરમાં વ્યાખ્યાનમાળામાં પૈસાની ભાષાઓથી વાતો થાય છે. જે પૈસાપાત્ર માણસો છે એ ઉત્સાહભેર એમાં ભાગ લઈને એકબીજાથી ઉપર થવાની હોડ મૂકે છે. અને જે મધ્યમવર્ગના માનવો છે એ મુંગા થઈને આ તમાશો જોયા કરે છે અને પોતાની જાતને ધિક્કારે છે અને મનમાં અફસોસ કરે છે કે હું પૈસાદાર હોત તો?

દેરાસરમાં ઘીની બોલી બોલાય છે. ફલાણા દેરાસરમાં બે લાખ, ત્રણ લાખ મણ પર્યુષણ પર્વ દરમ્યાન ઘીની બોલી બોલાઈ અને ફલાણા ભાઈએ આટલું ઘી આપ્યું અને એમની જયજયકાર બોલાય છે. પણ પછી શું ? એ બધું ચોપડીઓમાં લખાઈ જશે. જે વધુ બોલી બોલશે એમને સંઘપતિ-ટ્રસ્ટી બનાવવામાં આવશે એનાથી શું ધર્મ થઈ જવાનો છે ? અને બે દિવસમાં બધું ભુલાઈ જશે. બે દિવસ પછી દેરાસરમાં કોઈ ફરકવાનું નથી અને ઘીની બોલીઓ ચોપડીઓમાં લખાયેલી રહેશે. આગળ જતાં લખાવેલા અને આપેલા પૈસાનું શું ? છે કોઈની પાસે એની દરકાર. આપણા સાધુ મહાત્માઓ પૈસાના મોહમાંથી બહાર નીકળે અને લોકોને જૈન ધર્મની સચ્ચાઈ શું છે એ સમજાવે. જૈન ધર્મમાંથી પૈસાનું મહત્ત્વ નામશેષ કરો અને સાચો ધર્મ શું છે એ સમજાવો. અને સારા ધર્મની વ્યાખ્યા જો આપને ન હોય તો માનવીઓને ગુમરાહ ન કરો.

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૩*

## પ્રામાણિકતા અને માનવતા હજી પ્રવર્તે છે

આજના જમાનામાં જ્યારે મોંઘવારી અને બેકારી વધી રહી છે ત્યારે માણસોમાં પ્રામાણિકતા અને માનવતા પણ ઓછી થતી જાય છે. તોય અવારનવાર ઉપરના ગુણોના દાખલા ક્યારેક ક્યારેક આપણી સમક્ષ આવે જ છે. આવો જ દાખલો ગાંધીનગરમાં બની ગયો. ડૉ. હસમુખ નાયકનું એ.ટી.એમ. કાર્ડ, પર્સ, ક્રેડિટ કાર્ડ અને અગત્યના પેપરો સાથેનું પાઉચ માઈક્રો શોપિંગ સેન્ટર (જૂના સચિવાલય) પાસે હતા ત્યારે પડી ગયું. એમને જ્યારે ધ્યાન આવ્યું ત્યારે બહુ જ નિરાશ થઈ ગયા હતા અને ચિંતામાં ઘરે બેઠા હતા ત્યારે ઓચિંતી ટેલિફોનની રીંગ વાગી અને સામેથી એક ભાઈ એ. કે. દાસ જે ઓફિસ સેક્રેટરી તરીકે કમિશનર અપંગ માનવ, સેક્ટર-૧૭ની ઓફિસમાં કામ કરે છે, એમણે જણાવ્યું કે તમારું પાઉચ મારી પાસે છે અને સુરક્ષિત છે. એમને ડૉ. નાયકનું સરનામું - ટેલિફોન નંબર એમના વૉલેટમાંથી નીકળેલા આઈડેન્ટીટી કાર્ડમાંથી મળ્યા.

ડૉ. નાયક એમને (શ્રીદાસને) પર્સનલી મળ્યા અને ઘણોઘણો આભાર માન્યો અને વિચાર્યું કે જો આપણે બધા શ્રી દાસ જેવા થઈએ અને બીજાનાં દુઃખો દૂર કરીએ તો કેટલો આનંદ આવે!?

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ)*
*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૪*

*હાથ જોડવામાં મળતી શાંતિ હાથ મેળવવામાં મળતી નથી.*

# જયણા

• શાંતિલાલ સંઘવી •

હમણાં થોડા સમય પહેલાં આપણા સમાજના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી હીરજીભાઈ સાથે ૧૫-૨૦ મિનિટ નિરાંતે વાત કરવાની તક મળી. વાતવાતમાં તેમના મુખેથી 'જયણા' શબ્દ સરી પડ્યો. તેમના કહેવા મુજબ નાની-મોટી દરેક ક્રિયા જો આપણે જયણાપૂર્વક કરીએ તો ૭૫% ધર્મ તો એમાં આવી જ જાય છે.

આ "જયણા" એક જૈન પારિભાષિક શબ્દ છે. મોટેભાગે મારી પેઢીના લોકો, ઉપરાંત પણ જે લોકો જૈન પરિભાષાથી થોડાઘણા પણ પરિચિત છે તેમના માટે આ શબ્દ અજાણ્યો નથી.

પણ નવી પેઢીના સભ્યો-યુવાનો - યુવતીઓ કદાચ આ શબ્દથી પરિચિત ન પણ હોય. તેઓ પણ જો આવા અર્થસભર શબ્દ વિશે જાણે તો તેમને પણ ઘણો આનંદ મળશે. કેવા કેવા શબ્દો આપણને વારસામાં મળ્યા છે એનો વિચાર કરીએ છીએ ત્યારે પૂર્વાચાર્યોને માટે મસ્તક નમી જાય છે.

"જયણા" એ પ્રાકૃત શબ્દ છે, મૂળ "યાતના" એ સંસ્કૃત શબ્દ પરથી આવેલ છે. જોડણી કોશમાં જયણાનો અર્થ "જતન", "સંભાળ" એમ આપેલ છે અને ગોમંડલ કોશમાં "જતન" રક્ષણ, સાચવણી, ધીરજ, સબૂરી, સાવચેતી, સંભાળભર્યું વર્તન" એવો આપેલ છે. ઉપરાંત "સમક્તિનો છ પ્રકારનો વિવેક" એવો અર્થ પણ સૂચવાયો છે. આ ઉપરાંત હું એનો અર્થ વિસ્તારીને અપ્રમાદપૂર્વક, જાગૃતિપૂર્વક એવો પણ કરું છું.

મોટાભાગની આપણી રૂટિન ક્રિયાઓ અને કાર્યો આપણે રોજની ટેવ મુજબ યંત્રવત્ કરીએ છીએ. ક્રિયા કાંઈક કરતાં હોઈએ છીએ અને મન ક્યાંક ભટકતું હોય છે. અને એટલે એ બધી નાની મોટી ક્રિયાઓમાં જે કંઈપણ દોષ રહેલો હોય છે તે આપણને દેખાતો નથી. દિવસ આખો આપણે બોલબોલ કરતા હોઈએ છીએ ત્યારે ભાન હોય છે ખરું કે આપણે શું બોલીએ છીએ ? અને તેના કેવા કેવા અર્થ નીકળી શકે છે અને તેની સાંભળનાર ઉપર કેવા કેવા પ્રકારની અસર થઈ શકે છે ? લગભગ તો બેહોશીમાં કે અર્ધબેહોશીમાં જ આપણા વાણી અને વર્તન થયા કરતા હોય છે.

તીર્થંકર એટલે જ કહે છે કે જે કાંઈપણ વિચારો, બોલો, વર્તન કરો તે જયણાપૂર્વક એટલે કે સાવચેતીપૂર્વક - સંભાળપૂર્વક - કાળજીપૂર્વક - જાગૃતિપૂર્વક, ધીરજ રાખીને, આવેશ - ઉશ્કેરાટ વગર, મન મગજ શાંત રાખીને, સારા નરસાનો વિચાર કરીને, સાવધાનીપૂર્વક, કોઈને નુકસાન કે હાનિ ન પહોંચે એનો ખ્યાલ રાખીને કરો.

સ્પષ્ટ છે કે જો આપણે આટલી જયણાપૂર્વક જીવીએ તો ૭૫% ધર્મ તો આપોઆપ જ થઈ જાય. શ્રી હીરજીભાઈની વાત અર્થમાં ૧૦૦% સાચી છે.

***'મંગલ મંદિર', સપ્ટેમ્બર-૨૦૦૪***

## થોડું આપણા ગુજરાત વિશે જાણીએ

★ પુરાણો અનુસાર, ગુજરાતની ઉત્તરે શક્તિપીઠ અંબાજીથી ત્રણેક કિ.મી. દૂર એક સ્થળ "કોટેશ્વર" નામથી છે. આ જ સ્થળે ઋષિ વાલ્મીકિનો આશ્રમ હતો અને ત્યાં જ રામાયણની રચના થઈ. ત્યાંજ લવ-કુશનો જન્મ થયો અને ત્યાં જ સીતાજી ધરતીમાં સમાઈ ગયા.

★ પુરાણો અનુસાર જ્યારે દેવાધિપતિ ઈન્દ્ર દાનવરાજ વૃત્રાસુર સામે સંગ્રામમાં હારી રહ્યા હતા ત્યારે વૃત્રાસુરનો વધ કરવા માટે ઋષિ દધીચિએ પોતાનાં હાડકાં ઇન્દ્રને અર્પણ કર્યાં અને તે હાડકાંનું વજ્ર બનાવી ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો. આ ઋષિ દધીચિનો આશ્રમ એટલે આજના સાબરમતીના કિનારે હરિજન આશ્રમની બાજુમાં પ્રાચીન શિવાલય છે તે જગ્યા.

★ પુરાણો તથા મહાભારત અનુસાર વનવાસનું તેરમું વર્ષ પાંડવોએ ગુપ્ત વાસમાં રહેવાનું હતું. આ પાંડવો જ્યાં એક વર્ષ ગુપ્ત વાસમાં વિરાટનગરના રાજાને ત્યાં નોકરીએ રહ્યા એ સ્થળ તે અમદાવાદની નજીકમાં આવેલું આજનું ધોળકા.

★ "ભાઈ મારો ડાહ્યો ડમરો" આ શબ્દો આપણા સૌના જાણીતા છે. પણ આ 'ડમરો' એટલે શું?

'ડમરો' એટલે ગુજરાતનો પરમ મુત્સદ્દી મંત્રી દામોદર મહેતા. ભાઈ મારો કેટલો ડાહ્યો? તો દામોદર મહેતા જેટલો ડાહ્યો.

***(કનૈયાલાલ જોષીના મૂળ લેખના આધારે), સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

***મંગલ મંદિર, જૂન-૨૦૦૩***

*સાચા દિલથી માફી માંગો, ભૂલનો ભાર દૂર થઈ જશે.*

# જૈન ધર્મ

• ગગુભાઈ પુનશી સંઘોઈ •

જૈન ધર્મ એ મહાન ધર્મ છે. શૂરવીરોનો એ ધર્મ છે, પરંતુ કમનસીબે વિધિની કોઈક ગતિને લીધે આ ધર્મ આજે શૂરવીર ન હોય તેવી જ્ઞાતિના હાથમાં આવી પડ્યો છે.

નિષ્ઠા વગરના સમાજના હાથમાં આ ધર્મ આજે હડધૂત થઈ રહ્યો છે અને નબળાઓનો ધર્મ બની ગયો છે.

જૈન ધર્મ અંગીકાર કરનાર સમાજની જ વાત કરીએ. જૈન ધર્મ ઉપર આપણી શ્રદ્ધા કેટલી છે તે જરા વિચારો. જૈન ધર્મમાં કોઈ પણ જાતના ફેનફતૂર છે જ નહીં. ગમે તેવા સુખ દુઃખ કે આફતના વખતે ફક્ત આપણા ધર્મ સિવાય કોઈ પણ ચીજનો આશરો લેવાની જરૂરત નથી. પણ આપણે તેમ કરીએ છીએ ખરા ?

જૈનોમાં આજે તપસ્યાઓ ઘણી જ મોટા પ્રમાણમાં થઈ રહી છે. બેથી માંડી ૩, ૪, ૮, ૧૫, ૧૬ અને એથી પણ વધી, માસખમણ એટલે કે ૩૦ દિવસના ઉપવાસ હજારોની સંખ્યામાં વ્યક્તિઓ કરે છે. આ ઘણી જ આનંદની વાત છે આના લીધે જૈન ધર્મનો પ્રભાવ ખરેખર વધી રહ્યો છે.

હવે જ્યારે બીજી બાજુ જોઈએ તો મોટી મોટી તપસ્યાઓ કરનારાઓ પોતે પણ એવી અંધશ્રદ્ધાને આચરે છે, હનુમાનજીને માને છે, શીતલાદેવીને માને છે, હવન કરાવે છે, ચંડીપાઠ કરાવે છે, જોવાર કરે છે, પુરષાઓને પૂજે છે, માતાજીના નામે મૂંડણ કરાવે છે. ખરેખર આવી અંધશ્રદ્ધા આચરવાવાળાઓ તો આધ્યાત્મિકતાને નીચે પાડે છે.

*શ્રી ગગુભાઈ પુનશી સંઘોઈના પ્રાસાદિક પરિપત્રોમાંથી વાક્ય રચનામાં થોડા ફેરફાર સહિત*

**નોંધ :** કેટલાક જૈન સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો સાથે આપણે વાતે વળગીએ ત્યારે આવી અનેક અંધશ્રદ્ધાના બીજો તેમનામાં પણ દૃષ્ટિગોચર થયા છે. જો ગુરુ મહારાજો પણ આવી અંધશ્રદ્ધાને અનુસરતા હોય તો તેઓ સમગ્ર જૈન ધર્મને અને જૈન ધર્મ અંગીકાર કરનાર વર્ગને યોગ્ય દોરવણી કઈ રીતે આપી શકશે ? - **તંત્રી**

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૪*

## કચ્છી દોહો

*ખચ્ચરડા ખીર પીંધા, તગડાંધા તાજી,*
*વડા માડુ વૈ સંધા, પૂછાંધા પાજી!*

ખચ્ચરો ખીર પીશે (મજા કરશે), તેજી ઘોડાઓને તગેડી મૂકવામાં આવશે, મોટા (યોગ્ય) માણસોને ખૂણે બેસાડી દેવામાં આવશે અને પાજીઓનો ભાવ પુછાશે.

# દેવદ્રવ્યના રૂપિયા

• ગગુભાઈ પુનશી સંઘોઈ •

મદુરા શહેરના દેરાસરમાં આ પર્યુષણ પર્વ દરમિયાન ઘીની બોલીના રૂપિયા એક લાખ ભેગા થયા છે. પરંતુ આ રૂપિયા કોઈ ગરીબ કે દુઃખીયા માણસોને કામમાં આવશે નહીં. તે દેવ દ્રવ્ય ગણાય છે અને તેથી માત્ર દેરાસર બાંધવાના કે રિપેર કરવાના કામમાં જ વપરાશે.

આવી રીતે ભારતમાં બધા મળીને ઘીની બોલીના રૂપિયા એક કરોડથીયે વધુ ભેગા થયા હશે પણ આ રૂપિયા કોઈ ગરીબોનાં દુઃખ-દર્દ ઓછા કરવામાં વપરાશે નહીં.

ઘીની બોલીના રૂપિયા માત્ર દેરાસર બાંધવામાં જ વાપરી શકાય એવું નક્કી થયાને બે હજાર વર્ષ થયા હશે. તે જમાનામાં એ બરોબર હશે પણ હવે જમાનો બદલાયો છે ત્યારે આપણે પણ બદલાવું જોઈએ.

હવે દહેરાસરવાળાઓએ એવું નક્કી કરવું જોઈએ કે ઘીની બોલીમાં ભેગા થયેલા રૂપિયામાંથી અર્ધી રકમ દેવ દ્રવ્ય તરીકે રાખવી અને અર્ધી સાધારણ ખાતામાં રાખવી જે સ્કૂલો, દવાખાનાઓ, અનાથાશ્રમો અને એવા ઉપયોગી કાર્યોમાં ખરચી શકાય.

આ વાત શ્રાવકો તો કબૂલ કરી લેશે પણ સાધુઓ સહેલાઈથી કબૂલ કરે તેમ નથી.

મેં મારા મનથી નક્કી કર્યું છે કે મદુરાના દહેરાસરવાળાઓ આવતા વર્ષથી અર્ધી રકમ સાધારણ ખાતામાં ખરચવાનું નક્કી કરે નહીં તો મારે ઘીની બોલીમાં ભાગ લેવો નહીં.

જો ઘણા શ્રાવક મારી જેમ મનથી નક્કી કરે તો આખરે સાધુઓને નમતું આપવું પડે. આ બાબત વિચાર કરી જોવા સર્વે શ્રાવક બંધુઓને હું નમ્ર વિનંતી કરું છું.

*શ્રી ગગુભાઈ પુનશી સંઘોઈના પ્રાસાદિક પરિપત્રોમાંથી*

*મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૪*

## દૂધ અને બદામ શા માટે?

વ્યાયામ કરતા યુવાનોના તેમજ શારીરિક શ્રમનો વ્યવસાય કરતા લોકોને દૂધ અને બદામ લેવાની ભલામણ સદીઓથી આપણા પૂર્વજો કરતા આવ્યા છે.

તબીબી દૃષ્ટિએ જોતાં દૂધ અને બદામ બંને કેલ્શિયમના સમૃદ્ધ પ્રાપ્તિસ્થાન છે અને કેલ્શિયમ હાડકાંની મજબૂતી માટે અત્યંત મહત્ત્વનું છે.

આ ઉપરાંત પણ ભારે કસરત કે શ્રમ કરનાર માટે જરૂરી બનતી ઊર્જા (શક્તિ) પણ દૂધ અને બદામ પૂરી પાડી શકે છે.

*કુદરતી દુઃખ એક કસોટી છે, જ્યારે ઊભું કરેલું દુઃખ એ શિક્ષા છે.*

માહિતી

# રક્તદાન અંગે આટલું અવશ્ય જાણો

• રોહિત શાહ •

**(૧) લોહી કોણ આપી શકે ?**

૧૯ થી ૫૫ વર્ષની વયના સામાન્ય તંદુરસ્તી ધરાવનાર કોઈપણ વ્યક્તિ (સ્ત્રી કે પુરુષ) લોહી આપી શકે.

**(૨) લોહી કેટલું લેવાય છે ?**

એક તંદુરસ્ત વ્યક્તિમાં લગભગ ૫ થી ૬ લિટર જેટલું લોહી હોય છે. તેમાંથી ૨૫૦ થી ૩૦૦ મિ.લિ. જેટલું લોહી લેવામાં આવે છે. જેનાથી શરીરને કોઈપણ નુકસાન થતું નથી. ગુમાવેલ લોહી ફક્ત જૂજ કલાકોમાં ફરી બની જાય છે.

**(૩) લોહી કેટલી વખત આપી શકાય?**

વર્ષમાં સરખા અંતરે ૪ વખત (અલબત્ત દર ત્રણ મહિને) લોહી આપી શકાય. મહિલાઓએ વર્ષમાં ફક્ત બે વખત રક્તદાન કરવું જોઈએ.

**(૪) લોહી કેવી રીતે લેવાય છે?**

રક્તદાન કરવાની ઇચ્છાવાળા વ્યક્તિની તપાસ કર્યા બાદ યોગ્ય હોય તો જ લોહી લેવામાં આવે છે. લોહી લેવાની પ્રક્રિયામાં સોય અને સીરિન્જ ડિસ્પોઝેબલ હોય છે. ઈન્જેકશનની સોય પણ ઓટોકલેવ કર્યા બાદ જ વાપરવામાં આવે છે. જેથી કમળો એઈડ્સ કે અન્ય રોગોનો ભય રક્તદાતાને રહેતો નથી.

**(૫) લોહીના વર્ગો (બ્લડ ગ્રૂપ) કયા? તેમાં શ્રેષ્ઠ કયું?**

વર્ગીકરણની દૃષ્ટિએ લોહીના મુખ્ય ચાર વર્ગો છે : A, B, AB અને O. તે ઉપરાંત Rh - Positive અને Rh Negavtive પણ હોય છે. જરૂરિયાત પ્રમાણે જરૂર પડતું લોહી જે તે પરિસ્થિતિમાં શ્રેષ્ઠ ગણાય.

**(૬) લોહી કોના માટે વપરાય છે?**

ક્ષય, કેન્સર, લ્યુકેમિયા તથા અન્ય મોટા ગંભીર ઓપરેશન માટે.

લોહીની ઊણપથી પીડાતા એનીમિયાના દર્દીઓ માટે દાઝી જવાથી લોહી ખૂટી ગયું હોય ત્યારે.

અતિ ભયંકર એવા લિમાફિલિયાના રોગોના દર્દીઓ માટે.

યંત્રો પર અકસ્માતમાં સપડાયેલા કામદારો માટે તથા મોટા દર્દનો ભોગ બનેલા અનેક દર્દીઓના ઓપરેશન માટે.

**(૭) લોહી આપવાથી નુકસાન થાય ખરું?**

ના, જરાપણ નહિ. લોહીમાં કેટલાક કોષો નાશ પામે છે, તો કેટલાક નવા કોષો અવિરતપણે જન્મે છે. **તમે રક્તદાન ન કરો તો પણ નિયત સમયે લોહી નાશ પામવાનું જ છે. તો પછી રક્તદાન કરી બીજાને નવજીવન કેમ ન બક્ષીએ?**

**(૮) લોહી ક્યારે અપાય?**

અરે! ભલા કામમાં શુકન શું જોવા? દર્દીના મરણ ઘડી પર કોઈનો અંકુશ થોડો છે? તેના કોઈ મુહૂર્ત જોવાતા હશે? આપણે તો આજે જ રક્તદાન કરવું રહ્યું. હા, વર્ષગાંઠના શુભદિને અથવા જીવનના યાદગાર દિવસોએ રક્તદાન કરો તો ખોટું નથી. બાકી તો આજની ઘડી રળિયામણી.

તમે તમારા લત્તામાં, કચેરીમાં, કોલેજમાં, કારખાનામાં, સંસ્થામાં કે જ્યાં સગવડ મળે ત્યાં રેડક્રોસને આમંત્રણ આપીને રક્તદાનનો કાર્યક્રમ યોજી શકો છો. (અમદાવાદ શાખા : ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ફોન : ૭૭૯૦૫, સમય : ૧૧.૦૦ થી ૫.૦૦)

**(૯) રક્તદાન કોણ ના કરી શકે?**

ટી.બી., દમ, ડાયાબિટીસ, એઈડસ, ચામડી અને કમરના રોગી રકતદાન ન કરી શકે. કમળા પછી ૫ વર્ષ, બાળકોના જન્મ બાદ કે ગર્ભાવસ્થામાં કે માસિક ધર્મ દરમ્યાન મહિલાઓ રક્તદાન ન કરે, ન્યુમોનિયા, ટાઈફોઈડ, ઓપરેશન પછી ૬ મહિના રકતદાન ન કરવું. કોઈપણ તાવ શરદી મટી ગયા બાદ ૧ મહિના સુધી રક્તદાન ન કરવું.

***દાનમાં આનંદ છે, રક્તદાનમાં બ્રહ્માનંદ છે.***

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૧૯૯૨*

## ક્યાં છે સાચો ધર્મ?

*આજે તો ધર્મ સાંપ્રદાયિક માન્યતાઓમાં, ઉપરછલ્લા ક્રિયાકાંડોમાં અને મિથ્યા આડંબરોમાં જ અટવાઈ ગયો છે. ધર્મના નામે ફેલાયેલી ધર્માંધતાએ સમાજને છિન્નભિન્ન કરી નાખ્યો છે. જીવનની દરેક સમસ્યાનું સમાધાન આપનારો ધર્મ, પોતે જ જાણે કે આજે એક સમસ્યારૂપ બની ગયો છે.*

*મને પ્રશ્ન થાય છે કે, ક્યાં છે સાચો ધર્મ?*

*અંદરની યોગ્યતાને પ્રકાશિત કરવા ગુરુનો સ્પર્શ જરૂરી.*

# કુટુંબીઓના ભલા માટે આટલી તકેદારી બધા જ રાખે!

● કે. પી. ગાલા (એડવોકેટ) ●

માણસની જિંદગીનો કોઈ ભરોસો નથી. આ સારી તંદુરસ્ત દેખાતી વ્યક્તિ કઈ ઘડીએ ઉપરવાળાનું તેડું આવ્યે ઉપડી જાય એ કોઈ જાણતું નથી. કોઈ વ્યક્તિ ઘણા સમયથી બીમાર હોય, કોઈ અસાધ્ય જીવલેણ રોગથી પીડાતી હોય ત્યારે એ પોતાના મિલકતોની ઘણીવાર વ્યવસ્થા કરી નાંખે છે. પણ જ્યારે કોઈનું ઓચિંતુ અવસાન થાય. કોઈ યુવાન વ્યક્તિ અકસ્માતમાં સપડાઈ મૃત્યુ પામે ત્યારે એના વ્યવહાર, લેતી દેતી સમજતાં આટોપતાં એનાં સગાંવહાલાઓને તકલીફ પડે છે. ક્યારેક તો એ માટે અનેક કાનૂની કાર્યવાહી કરવી પડે છે. આવું બને ત્યારે એ અંગે ખર્ચ તો થાય છે, કોર્ટ કચેરી કે અન્ય કાર્યાલયોમાં ધક્કા ખાવા પડે છે અને રકમ મેળવતાં વર્ષો લાગી જાય છે.

કેટલાક પુરુષો પોતાના આર્થિક વહેવારો કોઈને જણાવતા નથી. 'બૈરાંઓ એમાં શું સમજે' એમ માની પત્નીને સુદ્ધાં કોઈ માહિતી આપતા નથી. ઘણા પુરુષો એવા આર્થિક વહેવારોની ક્યાંય પૂરી નોંધ પણ રાખતા નથી કે માલ મિલકતના દસ્તાવેજોની યાદી પણ નથી રાખતા, વળી એવા દસ્તાવેજો પણ આડાઅવળા મુકે છે. આવી વ્યક્તિ પોતાના મૃત્યુ અગાઉ જો કોઈ ચોક્કસ વ્યવસ્થા ન કરે અને ઓચિંતી મૃત્યુ પામે તો એના કુટુંબીઓ ઉપર આવા વહેવારોને સૂલટાવતાં ખૂબ જ મોટી આફત ઉતરી પડે છે.

આજે લોકો પોતાની સંપત્તિ પોતાના જ કબજામાં રાખતા નથી. એ બેંકના ખાતામાં હોય, સેફ ડિપોઝિટ લોકરમાં હોય, ક્યાંક કોઈને વ્યાજે ઉધાર અપાયેલ હોય, શેર કે ડિબેંચરમાં રોકાયેલી હોય, કોઈ લિમિટેડ કંપનીમાં વ્યાજે ડિપોઝિટ કરેલી હોય. આ ઉપરાંત પ્રોવિડંટ ફંડ, જીવન વીમા પોલિસી, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ, મ્યુચ્યુઅલ ફંડ એમ વિવિધ સ્થળે લોકોએ એમનાં નાણાં રોકેલા હોય છે. આ બધાની જો પૂરતી વિગત ક્યાંય નોંધાયેલી ન હોય તો મૃત વ્યક્તિઓના વારસદારોને પારાવાર પરેશાની વેઠવી પડે છે. એમાંથી બચવા દરેક વ્યક્તિ જો જરા સરખી તકેદારી રાખે તો મૃત્યુ બાદ વારસદારોનું કામ ઘણું આસાન થઈ જાય છે. આ માટે કેટલાક મહત્ત્વના સૂચનો અહીં રજૂ કરું છું.

(૧) તમારી સર્વ સ્થાવર મિલકતોની યાદી બનાવો. જેમાં એ મિલકતોનું પૂરું વર્ણન (એના સર્વે નંબર સહિત) લખો. આ મિલકતો જો ભાડેથી અપાઈ હોય તો ભાડૂતોના નામ અને અન્ય વિગત પણ લખો. આ મિલકતો સંબંધે અન્ય કોઈ મહત્ત્વની બાબતો હોય તો પણ એ યાદીમાં એનો ઉલ્લેખ કરો.

(૨) ત્યારબાદ તમારી કિંમતી કોઈ જંગમ મિલકત હોય તો તેની યાદી બનાવો. દાખલા તરીકે જર, જવેરાત દાગીના વગેરે યાદીમાં જ્યાં જરૂર જણાય ત્યાં મહત્ત્વની અન્ય વિગતો પણ લખો. જો દર દાગીના હોય તો એનું અંદાજે વજન લખો. જો હીરા કે અન્ય કિંમતી પથ્થરો હોય તો તેનું વજન તથા અન્ય વર્ણન લખો.

(૩) બેંકના સેફ ડિપોઝિટ લોકરનો નંબર, બેંકનું નામ અને સરનામું લખવું.

(૪) જીવન વીમા પોલિસીના નંબર વીમાની રકમ, એજન્ટનું નામ વગેરે વિગત લખવી.

(૫) બેંકના ખાતાઓ હોય તો તેના નંબર, ખાતાનો પ્રકાર (સેવિંગ્સ કે કરંટ) બેંકનું નામ, સરનામું લખવું અને ખાતું તમારા એકલાં જ નામે છે કે જોઈન્ટ એકાઉન્ટ છે તથા ઓપરેટ કોણ કરે છે વગેરે વિગત લખજો.

(૬) તેવી જ રીતે જો બેંકમાં કે કોઈ કંપનીમાં ફિક્સ્ડ ડિપોઝિટ મૂકી હોય તો તેની પણ પૂરી વિગત (રસીદ નંબર સહિત) લખવી અને એ ક્યારે પાકે છે તે પણ લખવું.

(૭) તેવી જ રીતે નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ, વિકાસ પત્ર, બેરર બોન્ડ જેવી યોજનાઓમાં કોઈપણ થાપણ મૂકી હોય તો તેના નંબર, થાપણની રકમ ક્યારે એ રકમ પાકે છે. વગેરે જરૂરી વિગત લખવી.

(૮) પ્રોવિડન્ટ ફંડ અંગે પણ જરૂરી વિગત લખવી. જો પબ્લિક પ્રોવિડંટ ફંડમાં નાણાં રોક્યા હોય તો (એકાઉન્ટ નંબર સહિત) બેંકનું નામ તથા સરનામું લખવું.

(૯) જો કોઈ પાર્ટી કે મિત્રને વ્યાજે રકમ આપી હોય તો તેની વિગત પણ લખવી.

(૧૦) જો ઓનરશિપ ફલેટ કે દુકાન હોય તો તેનું વર્ણન, શેર નંબર, સર્ટીફિકેટ નંબર તથા સોસાયટીનું નામ અને સોસાયટીનો રજિસ્ટ્રેશન નંબર લખવો.

(૧૧) આ ઉપરાંત કોઈ પાસેથી કોઈ રકમ વ્યાજે લીધી હોય કે પ્રોવિડંટ ફંડ યા વીમા પોલિસી ઉપરથી કોઈ રકમ ઉપાડી હોય તો તેની વિગત પણ લખવી.

(૧૨) આ ઉપરાંત તમે જે જગ્યાના ભાડૂત હો તો તે જગ્યાનું વર્ણન ભાડાનું બિલ કોના નામે છે. માસિક ભાડું કેટલું છે

*વિષમ સ્થિતિમાં ખુશ રહેવાની કરામત શીખો.*

અને મકાન માલિકનું નામ તથા સરનામું લખજો.

(૧૩) તમે જો ધંધો કરતા હો તો એમાં તમે ભાગીદાર છો કે પ્રોપ્રાયટર છો એ લખજો.

(૧૪) તમારી જે સ્થાવર મિલકતો હોય, ઓનરશિપ જગ્યા હોય, ભાડેથી જગ્યા હોય, બેંક એકાઉન્ટ કે ડિપોઝિટ રસીદો હોય તે તમારા એકલાના નામે નહીં પણ કોઈકની જોડે (જોઈન્ટ) હોય તો તે વિગત પણ લખવાનું ભૂલતા નહીં.

(૧૫) તમારો ઇન્કમ ટેક્ષનો તથા વેલ્થ ટેક્ષનો નંબર લખજો.

(૧૬) બધા દસ્તાવેજો ક્યાં મૂક્યા છે તેનો ઉલ્લેખ કરજો.

આ યાદીમાં પ્રસંગોપાત ફેરફારને અવકાશ રહે છે. જ્યારે કોઈ ફિક્સડ ડિપોઝિટની રકમ પાકી, તમે કોઈકને આપેલા નાણાં વસૂલ થયા કે, યાદીની અન્ય વિગતોમાં જે ફેરફાર થયો તે અમુક સમયના અંતરે નોંધતા રહો તો સારું પણ એનાથી પણ મહત્ત્વનું સૂચન છે કે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં તમને યોગ્ય લાગે તે વ્યક્તિના નામે નોમિનેશન કરો. આથી તમારા નોમિનીને કોર્ટની કોઈ કાર્યવાહી કર્યા વગર કે કોઈ હુકમ મેળવ્યા વગર જ એ રકમ પ્રાપ્ત થઈ શકશે.

બેંક એકાઉન્ટ બેંકની ફિક્સડ ડિપોઝીટ, પ્રોવિડંટ ફંડ, જીવન વીમા પોલિસી, સેફ ડિપોઝિટ લોકર વગેરે મોટાભાગના રોકાણમાં નોમિનેશન થઈ શકે છે. તમે જો જોઈન્ટ એકાઉન્ટ હોલ્ડર હો તો બધા એકાઉન્ટ હોલ્ડર સાથે મળીને એક નોમિનેશન કરી શકે છે. એમ ન કરવું હોય તો ગમે તે એકાઉન્ટ હોલ્ડર પોતાનું નોમિનેશન કરી શકે તે તમારો નોમિની જો સગીર હોય તો સગીર નોમિની વતીથી અન્ય વ્યક્તિને એ રકમ ઉપાડવાનો હક્ક મળી શકે છે.

એકવાર નોમિનેશન કર્યા પછી પણ જો તમે ઇચ્છો તો નોમિનેશન બદલી શકો છો.

નોમિનેશન કરવાથી નોમિની એ મિલકતનો માલિક બનતો નથી. પણ મરનારના અન્ય વારસદાર વતીથી (કોર્ટમાંથી હુકમ મેળવ્યા વગર જ) એ રકમ ઉપાડી શકે છે યા એ રકમ વસૂલ કરી શકે છે. નોમિનીને એ રકમ ચૂકવાઈ જાય ત્યારે રકમ ચૂકવનાર પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે. ધારો કે મરનારના વારસદારોમાં કોઈ ઝઘડો થયો અને એ ઝઘડાને અવગણીને વીમા નિગમે વીમાની રકમ નોમિનીને ચૂકવી દીધી તો જીવન વીમા નિગમની જવાબદારી પૂરી થઈ. મરનારના અન્ય વારસદારો જીવન વીમા નિગમને એ ચૂકવણી માટે જવાબદાર ન ઠેરવી શકે.

એટલે જો કોઈ વ્યક્તિ પોતાની સર્વપ્રકારની અસ્કયામતો તથા જવાબદારીઓની વખતોવખત યાદી બનાવે અને જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં નોમિનેશન કરે તો વગર ખર્ચે મિલ્કતોની રકમની વસૂલાત તો થાય જ પણ સાથોસાથ સદ્ગત વ્યક્તિના સર્વે વહેવારોને ઉકેલવામાં એના કુટુંબીઓને ઘણી સગવડ પડે!

*'મંગલ મંદિર', ફેબ્રુઆરી-૧૯૯૩*

# નાગરિકો માટે આશીર્વાદરૂપ ગ્રાહક સુરક્ષા ધારો

• અતુલ શાહ •

મુંબઈના એક પ્રખ્યાત વેપારી, મુંબઈની એક પ્રતિષ્ઠિત હોસ્પિટલમાં, એક નામાંકિત ડૉક્ટરના હસ્તે, મોં માગી ફી ખર્ચીને, ઘૂંટણનું ઓપરેશન કરાવે છે. ઘૂંટણનું ઓપરેશન સફળ થાય છે પણ ઓપરેશન કરતાં ડૉક્ટર બેદરકારીથી ઘૂંટણની બાજુએથી પસાર થતી એવી નસ કાપી નાખે છે કે એ વેપારીને ફુટડ્રોપ આવે છે એટલે ચાલતાં પાનીથી પંજો ઉપાડી શકાતો નથી. આવા નામાંકિત ડૉક્ટર સાથે બગાડવું સારું નહિ અને કોર્ટમાં ચુકાદો આવતાં ૧૦-૧૫ વર્ષ લાગી જાય એ બેવડા કારણે વેપારી ડૉક્ટર સામે પગલાં લેતા નથી.

એક મધ્યમ વર્ગની મહિલાએ એક સારા ડૉક્ટરના નર્સિંગ હોમમાં પેટનું ઓપરેશન કરાવ્યા પછી અસહ્ય દુઃખાવો ચાલુ રહ્યો. બીજી વાર હોસ્પિટલમાં બતાવતાં ખબર પડી કે ઓપરેશન કરતાં પેટમાં બે રૂમાલના ટુકડાઓ રહી ગયા હતા. બીજીવાર ઓપરેશન કરી રૂમાલના ટુકડાઓ કાઢી લેવામાં આવ્યા ત્યારે એ મહિલાનો જાન બચ્યો.

આવી બેદરકારી માટે ડૉક્ટર કે નર્સિંગ હોમ સામે પગલાં લેતાં ઘણો ખર્ચ થાય અને ચુકાદો આવતાં વર્ષો નીકળી જાય જે મધ્યમ વર્ગની ગૃહિણીને પોષાય તેમ ન હોતા અને ગ્રાહક સુરક્ષા ધારાની સમજ ન હોતા એ મહિલા સમસમી બેસી રહી.

એક નોકરિયાત માણસ જે પોતાની થોડી આવકમાંથી બચત કરી દિવાળીના ટાંકણે કુટુંબને ખુશ કરવા એક દુકાનેથી ટી.વી. ખરીદી લાવે છે. બે એક દિવસ ટી.વી. ચાલ્યા પછી તે બરાબર ચાલતું નથી. પેલા ભાઈ દુકાનદાર પાસે ફરિયાદ કરે છે પણ એ દુકાનદાર ટી.વી. બદલી કરી આપવાને બદલે સામે ગળે પડે છે. 'તમે લઈ ગયા ત્યારે બરાબર ટેસ્ટ કરીને લઈ ગયા હતા. તમારા છોકરાઓએ બગાડી નાખ્યું હશે.'

સામાન્ય આવકનો સામાન્ય માણસ મુંઝાઈ જાય છે. કોર્ટો-વકીલો-ધક્કા ખર્ચા વગેરેથી એનું મગજ બહેર મારી જાય છે. એને ગ્રાહક સુરક્ષા ધારાની સમજ હોત તો વગર કોર્ટ ફીએ, વગર વકીલે, રૂબરૂ યા પોસ્ટથી, એ માટે સ્થપાયેલ ડિસ્ટ્રિક્ટ ફોરમમાં એણે ફરિયાદ કરી હોત તો કદાચ ત્રણ-ચાર મહિનામાં એને ખામીવાળા ટી.વી.ને બદલે એ દુકાનદાર પાસેથી નવું ખામી વગરનું ટી.વી. મળી શક્યું હતો.

આ ગ્રાહક સુરક્ષા ધારો શું છે તેની થોડી જરૂરી માહિતી દરેક નાગરિકે મેળવવી જરૂરી છે. કારણ કે દરેક નાગરિક નાનો હોય કે મોટો, સ્ત્રી હોય કે પુરુષ, ક્યારે ને ક્યારે કોઈ નાની કે મોટી વસ્તુ કે સેવાનો ગ્રાહક હોવાનો-થવાનો.

પહેલાંના જમાનામાં જરૂરિયાતો ઓછી હતી. ચીજવસ્તુઓ પણ ઓછી અને સાદી હતી. મોટા ભાગના માલ કે ચીજવસ્તુઓની જાત, કિંમત વગેરેની જાણકારી મોટા ભાગના સમુદાયને રહેતી. આથી લોકો માલ કે ચીજવસ્તુઓની ખરીદી બાબત સાચો અને ત્વરિત નિર્ણય લઈ શકતા.

વિજ્ઞાને પ્રગતિ કરી તેમ રોજિંદા વપરાશનાં ટેકનિકલ સાધનો અને ઉપકરણો વધ્યાં. વિવિધ્ બ્રાન્ડની વિવિધ ચીજો-કાર, ટી.વી., ફ્રીજ, વોશિંગ મશીન વગેરે વગેરે બજારમાં વેચાવા માટે આવવા લાગી.

આ બધી ચીજોની ટેક્નિકલ જાણકારી મોટાભાગના ગ્રાહકોને હોતી નથી. આવી ચીજો ખરીદવા ગ્રાહક ઘણી વખત દુકાનદાર કે પોતાના મિત્ર કે ઓળખીતાના અભિપ્રાય પર આધાર રાખે છે.

અમુક જરૂરી ચીજો તથા દવાઓ સિવાય બીજી ચીજો કે સેવાઓની બાબતમાં કોઈ ભાવ નિયમન નથી.

જાહેરાતો કરતી કંપનીઓ અને એડવર્ટાઈઝિંગ એજન્સીઓ ઘણી વખત માલ તથા ચીજ વસ્તુઓની સાચી જાણકારી આપવાને બદલે સતત છેતરામણી જાહેરાતો કરતી હોય છે અને લોકોને માલ ખરીદવા લલચાવતી હોય છે.

તોલમાપમાં ઘાટો, હલકી જાતો, ભેળસેળ, ઠગાઈ વગેરે દૂષણો વ્યાપારમાં વણાઈ ગયા છે. ઘણી હોસ્પિટલો, નર્સિંગહોમો, ડૉક્ટરો, દર્દીઓના સ્વાસ્થ્યને અગ્રતાક્રમ આપવાને બદલે તેમની નજર માત્ર દર્દીના ખિસ્સા તરફ હોય છે.

તાર, ટપાલ, ટેલિફોન, ઈલેક્ટ્રિસિટી, વીમો, બેંકિંગ, શિક્ષણ, ગૃહનિર્માણ દરેક ક્ષેત્રે ખાનગી, સરકારી, અર્ધસરકારી અને સહકારી કંપનીઓ, કોર્પોરેશનો અને ખાતાઓ સેવા માટે ગ્રાહકો પાસેથી મોનોપોલી ધોરણે પૈસા લેતા છતાં, ગ્રાહકોની દરકાર કરતા હોતા નથી.

એટલે ગ્રાહકોના હક્કોની વધારે સારી રક્ષા માટે ૧૯૮૬માં ગ્રાહક સુરક્ષા ધારો ઘડવામાં આવ્યો, જેનો અમલ ૧૫ એપ્રિલ, ૧૯૮૭થી લાગુ કરવામાં આવ્યો. આ કાયદામાં ૧૮ જૂન, ૧૯૯૩ના રોજ અમલમાં આવેલ મહત્ત્વના સુધારાઓ કરવામાં આવ્યા.

આ કાયદાના મુખ્ય હેતુઓ ગ્રાહકોના હક્કોની સુરક્ષા કરવી. જાનમાલને જોખમકારક યા નુકસાનકારક હોય તેવી ચીજ વસ્તુઓના

*ભોગ પ્રાપ્તિ માટે નહીં પણ સમર્પિત ભાવથી ભક્તિ કરવી.*

વેચાણ સામે ગ્રાહકને રક્ષણ આપવું, ગેર વાજબી વેપારી પદ્ધતિઓ સામે ગ્રાહકનું રક્ષણ કરવું, બજારમાં વેચાતા જુદા જુદા માલોની ઉપયોગિતા, ધોરણ, સફાઈ, કિંમત વગેરેની ગ્રાહકોની જાણકારી આપવી, શક્ય હોય ત્યાં સુધી હરીફાઈના ભાવોએ વિવિધ માલો ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપવી, ગ્રાહક શિક્ષણ આપવું વગેરે છે.

વધુમાં આ કાયદાનો હેતુ ગ્રાહકની ફરિયાદને ઓછા ખર્ચે અને ઝડપી નિવારણ કરવાનું છે.

કાયદાની મુખ્ય વિશિષ્ટતાઓ એ છે કેઃ

(૧) કેન્દ્ર સરકારે બાકાત કર્યા હોય તે સિવાયના બધા માલ તથા સેવાઓને આ કાયદો લાગુ પડે છે.

(૨) આ કાયદો ખાનગી, જાહેર તેમજ સહકારી ક્ષેત્રોને આવરી લે છે.

(૩) ગ્રાહકે ફરિયાદ દાખલ કરવા કોઈ કોર્ટ ફી ભરવી પડતી નથી.

(૪) ગ્રાહક પોતે પૂરી વિગતો સાથે ફરિયાદ દાખલ કરી શકે છે.

(૫) ફરિયાદનો ચુકાદો પુરાવાઓની લાંબી પ્રક્રિયાને બદલે કુદરતી ન્યાયના સિદ્ધાંત પર અપાય છે.

(૬) ફરિયાદનો નિકાલ, માલનું લેબોરેટરીમાં ટેસ્ટ કે પૃથક્કરણ કરવાના ન હોય તો ત્રણ મહિનાની અંદર અને ટેસ્ટ કે કે પૃથક્કરણ કરવાનું હોય તો પાંચ મહિનાની અંદર કરવાનો રહે છે.

ચુકાદાની નકલ માટે ધક્કા ખાવા પડતા નથી પણ સામાન્ય રીતે ફરિયાદી તથા સામા પક્ષને તે ટપાલથી મોકલી દેવાય છે.

આ કાયદાની થોડી બીજી મહત્ત્વની જોગવાઈઓ અને વ્યાખ્યાઓ જાણી લઈએ :

ગ્રાહક એટલે શું ?

માલની બાબતમાં ગ્રાહક એટલે પૈસાથી રોકડે, વચન કે ક્રેડિટ પર જેણે માલ ખરીદેલ હોય તે. આ વ્યાખ્યામાં આવી વ્યક્તિની સંમતિથી તે માલનો વપરાશ કરનારનો સમાવેશ થાય છે પણ તેમાં ફરી વેચાણ કે વેપારી હેતુ માટે જેણે માલ ખરીદેલ હોય તેનો સમાવેશ થતો નથી. વેપારી હેતુઓ સ્વરોજગારીથી પોતાનું ભરણપોષણ રળવા ખરીદાયેલ માલના ઉપયોગનો સમાવેશ થતો નથી.

સેવાની બાબતમાં ગ્રાહક એટલે જેણે પૈસાથી રોકડે, વચન કે ક્રેડિટ પર સેવા ભાડે કરી હોય યા પ્રવૃત્તિ કરી હોય તે. આ વ્યાખ્યામાં આવી વ્યક્તિની સંમતિથી તે સેવાનો લાભ લેનાર હોય તેનો પણ સમાવેશ થાય છે. પરંતુ સેવાની વ્યાખ્યામાં જેણે આવી સેવા મફત યા અંગત કરાર હેઠળ લીધી હોય તેનો સમાવેશ થતો નથી.

ગ્રાહકની વ્યાખ્યામાં 'વ્યક્તિ' શબ્દ વપરાયો છે તેમાં ભાગીદારી પેઢી, હિંદુ અવિભક્ત કુટુંબ, સહકારી સોસાયટી તથા બીજા દરેક એસોસીએશનનો સમાવેશ થાય છે.

ફરિયાદ કોણે, ક્યારે, ક્યાં અને કેવી રીતે કરવી ?

કોઈપણ ગ્રાહક કે ગ્રાહકોની માન્ય એસોસીએશન કે ઘણા ગ્રાહકોની સામાન્ય ફરિયાદ હોય તો તેમના વતી બે કે વધુ ગ્રાહકો તથા કેન્દ્ર કે રાજ્ય સરકાર, પૈસાથી ગ્રાહકે ખરીદેલ માલ બાબત નીચેના કોઈ પણ કારણસર ફરિયાદ કરી શકે.

(૧) વેપારીએ ગેરવાજબી વેપાર પદ્ધતિ યા અંકુશાત્મક વેપાર પદ્ધતિ અપનાવી છે.

(૨) ગ્રાહકે ખરીદેલ માલમાં એક કે તેથી વધુ ખામીઓ છે.

સ્ટેટ કમિશનના ચુકાદા સામે અપીલ નેશનલ કમિશન પાસે તેના ચુકાદાની તારીખથી ૩૦ દિવસની અંદર કરવાની હોય છે.

નેશનલ કમિશનના ચુકાદા સામે અપીલ સુપ્રિમ કોર્ટમાં તેના ચુકાદાની તારીખથી ૩૦ દિવસની અંદર કરવાની હોય છે.

સ્ટેટ કમિશન કે નેશનલ કમિશન પાસે અપીલ કરવામાં કોઈ ફી નથી.

*'મંગલ મંદિર', મે-૧૯૯૪*

## માનવતા મહોરી ઊઠી

હંમેશની ટેવ મુજબ સવારે મોર્નિંગ વૉક માટે ગયો હતો. લગભગ સવારના ૫.૩૦ વાગ્યા હતા. એક રિક્ષા દાદા સાહેબના પગલાં પાસે મેઈન રોડ પર ઊભી રહી. ડાંગ જિલ્લાના આદિવાસી જણાતા ત્રણ વ્યક્તિ જેમાં બે પુરુષ તથા એક સ્ત્રી એકાદ વર્ષના બાળક સાથે રિક્ષામાંથી ઊતર્યા. લઘરવઘર કપડાં સાથેનાં ગરીબ વ્યક્તિઓ કદાચ મજૂરી કામ કરવા અમદાવાદ આવ્યા હશે. સાથે એકાદ બે થેલી સિવાય કોઈ સામાન નહીં. ટ્રેનમાંથી ઊતરી રિક્ષા કરી સીધા સ્ટેશનથી નવરંગપુરા ઉપરોક્ત સ્થળે આવ્યા હશે. આવનાર વ્યક્તિમાંથી એક ભાઈએ રિક્ષાવાળાને પૂછ્યું, "કેટલું ભાડું થયું?"

રિક્ષાવાળો કહે, "પચ્ચીસ રૂપિયા."

આગંતુક કહે, "સવારના દોઢો ચાર્જ ગણીને થયા?"

રિક્ષાવાળો : "ના ભાઈ, અત્યારે સવારના પાા વાગ્યા છે. તેથી દોઢું ભાડું ન લેવાય. અને તમારા જેવા પાસેથી દોઢું ચાર્જ લઈ કયા ભવમાં છૂટીશ?"

આગંતુક કહે, "સ્ટેશને બેઠા ત્યારે તમે કહેલું કે દોઢું ભાડું થશે."

રિક્ષાવાળો : "ત્યારે હજી ૫ વાગ્યા ન હતા અને પછી વિચાર આવ્યો કે ૫ મિનિટ મોડા બેઠા હોત તો મારાથી દોઢું ભાડું માંગી ન શકાય."

આવનારામાંથી સ્ત્રી, પોતાના સામાનમાંથી ભાડું ચૂકવવા પૈસા ફંફોસતી હતી. રિક્ષાવાળો કહે, "બહેન, ઉતાવળ નથી. નિરાંતે પૈસા કાઢો અને કદાચ ૨/૫ રૂપિયા ઓછા હશે તો પણ ચાલશે."

આજના સમયમાં જ્યાં ડગલે ને પગલે છેતરપિંડી - લૂંટફાટ ચાલે છે અને ખાસ કરીને અમદાવાદના રિક્ષાવાળા ગોળગોળ ફેરવી વધારે પૈસા પડાવતા હોય છે ત્યારે આવા રિક્ષાવાળાની ઉદારતા સામે ઝૂકી જવાય.

*પ્રતાપ નારાણજી દંડ*

*મંગલ મંદિર, જૂન-૨૦૦૩*

*લાલચ અને આળસથી કોઈ વ્યક્તિ સુખી થતી નથી.*

# જાણવા જેવું

## કપાળ પર બામ લગાડવાથી માથાનો દુઃખાવો દૂર કઈ રીતે થાય છે?

ઘણી વ્યક્તિ માથું દુઃખે ત્યારે કપાળે, મોઢા પર, બોચી પર બામ ઘસે છે. આવું કરવાથી તેમને રાહત થાય છે. બામમાં એવાં કેટલાંક તત્ત્વો છે, જે અમુક પ્રકારની પીડા હળવી કરે છે. મોટા ભાગના બામમાં મિથાઈલ સૅલીસાઈલેટ, મેન્થોલ અને કપૂર હોય છે. બામમાંનું મિથાઈલ સૅલીસાઈલેટ ચામડી પર ઘસવાથી એ તરત જ ત્વચા સોંસરવું અંદર ઊતરી જાય છે. સાયટિકા, રુમેટીઝમ કે સાયનસની સાધારણ પીડા આ રીતે બામથી દૂર થાય છે.

એવી જ રીતે બામમાંનો મેન્થોલ ત્વચાના છિદ્રોમાંથી અંદર ઊતરી સૂક્ષ્મ રક્તવાહિનીઓ સુધી પહોંચીને તેને સહેજ પહોળી કરે છે, તેથી માથું દુઃખતું હોય એ વ્યક્તિને શરૂઆતમાં થોડી ઠંડક લાગ્યા પછી ઍનાલજેસીક ઈફેક્ટ થાય છે. જાણે સરદર્દ ગાયબ થઈ ગયું હોય એવું લાગે છે. કપૂર પણ આ જ રીતે પીડા દૂર કરવામાં મદદરૂપ થાય છે. કપૂરની અસર હળવા ઍનાલજેસિક જેવી જ હોય છે, તેથી એ પીડાશામકનો રોલ ભજવે છે.

આમ બામમાંના મુખ્ય ત્રણ ઘટક મિથાઈલ સૅલીસાઈલેટ, મૅન્થોલ અને કપૂર ભેગાં મળીને પીડા દૂર કરવાનું કામ કરે છે.

## પેન્સિલ પર એચ., એચ.બી.વન, એચ.બી.ટુ. વગેરે લખ્યું હોય છે તેનો શો અર્થ થાય?

પેન્સિલ પર તેના એક છેડે એચ., એચ.બી. વન વગેરે સંકેત અંગ્રેજીમાં લખેલા હોય છે. સામાન્ય રીતે ચિત્રકારો અને આર્કિટેક્ટો પેન્સિલના વપરાશમાં ખૂબ ચીવટ રાખતા હોય છે. તેમને ચોક્કસ પ્રકારના કામ માટે અમુક જ જાતની પેન્સિલની જરૂર પડે છે, જેથી તેઓ પેન્સિલ ખરીદતી વખતે તેની પર લખેલી સંજ્ઞા વાંચીને પછી જ પેન્સિલ પસંદ કરે છે.

સામાન્ય રીતે પેન્સિલમાં કાર્બનની પાતળી લીડ ગોઠવેલી હોય છે. આ લીડમાં કાર્બનનું પ્રમાણ વધુ હોય તેમ એ વધુ હાર્ડ ગણાય. અક્ષર એટલા ઘાટીલા (ડાર્ક) આવે છે. આમ પેન્સિલની લીડમાંના કાર્બનનું પ્રમાણ વધતું જાય તેમ તેની સંજ્ઞામાં હાર્ડનેસનો ક્રમ વધતો જાય છે. ખૂબ ઝાંખા અક્ષર આવે એવી પેન્સિલનો હાર્ડનેસ નંબર ઓછો હોય છે. **એચ (H) મૂળાક્ષરની આગળનો નંબર પેન્સિલની લીડ કેટલી કઠણ છે તે સૂચવે છે, જ્યારે મૂળાક્ષર બી (B) પેન્સિલની લીડ કેટલી કાળી (ઘેરી કાળી) હશે તે સૂચવે છે.**

આ લીડ ગ્રેફાઈટની બનેલી હોય છે અને તેમાં અમુક અંશે માટી ભળેલી હોય છે. જેમ ગ્રેફાઈટનું પ્રમાણ વધુ હોય તેમ પેન્સિલ લખવામાં કે ચિત્રો દોરવામાં વધુ સરળ પડે છે.

## ચામડી પર કેટલીક વાર ખંજવાળ આવે છે તેનું કારણ શું?

કેટલીક વાર આપણને હાથે, પગે, ચહેરા પર કે શરીરના અન્ય ભાગમાં એકાએક ખંજવાળ આવે છે. વળી આ રીતે ખંજવાળવાથી એક પ્રકારની રાહત અનુભવાય છે. જેને માટે કેટલીક વાર મીઠી ખંજવાળ (ખંજવાળવાથી મીઠું લાગે) એવો શબ્દ પ્રયોગ થાય છે.

આવી ખંજવાળ ઉપડવાના કારણો અનેક હોઈ શકે. આપણી ત્વચા એક મહત્ત્વની સંવેદનશીલ ઈન્દ્રિય છે. મચ્છર અથવા બીજું કોઈ જીવાણું કરડે, ડંશ મારે, અથવા કોઈ જલદ રસાયણ ચામડીને સ્પર્શે, કોઈ દવાનું રિએક્શન થાય, એલર્જી હોય અથવા શિયાળામાં ચામડી અતિશય સૂકાઈ જાય, ત્યારે ખંજવાળ ઉપડે છે. તેનું કારણ એ છે કે, આ તમામ પ્રકારની ખંજવાળમાં ચામડી નીચેના જ્ઞાનકોષો છંછેડાય છે. પીડાની જાણ કરતા આ જ્ઞાનતંતુ ઉપરોક્ત કોઈપણ કારણસર વધુ પડતા ઉત્તેજિત થાય ત્યારે ખંજવાળ આવે છે.

## આરડીએક્સ (RDX) શું છે અને બીજા સ્ફોટક પદાર્થ કરતાં પણ એ વધુ શક્તિશાળી વિસ્ફોટક કેમ ગણાય છે?

**આર.ડી.એક્સ. (RDX) એ રિસર્ચ ડેવલપ્ડ એક્સપ્લોઝીવ્સનું ટૂંકુ નામ છે.** તેની ખરી ઓળખ સાઈક્લૉનાઈટ અને હેક્સાજન તરીકે અપાય છે. આ એક એવા પ્રકારનો પ્લાસ્ટિક સ્ફોટક પદાર્થ છે જેની કોઈ ગંધ નથી અને પરંપરાગત ડિટેક્ટીંગ ડિવાઈસથી (મેટલ ડિટેક્ટર, સ્નીફર યંત્ર વગેરે)એ શોધી કાઢી શકાતો નથી. આ સ્ફોટક પદાર્થ બીજા એક્સપ્લોઝિવ કરતાં વધુ ખતરનાક ગણાય છે કારણકે બીજા વિસ્ફોટક કરતાં તેની રચના જુદી અને વધુ ખોફનાક છે. આ સ્ફોટક પદાર્થના રસાયણોના દરેક અણુ બળતણ પદાર્થ અને ઑક્સિડાઈઝર બંને ધરાવે છે. જેનું ખરું રાસાયણિક નામ સાઈક્લોટ્રાયમિથાઈલીન ટ્રિનિટ્રામીન છે. આ સ્ફોટક પદાર્થને જામગરી ચાંપવામાં આવે ત્યારે પ્રચંડ વિસ્ફોટ થાય છે જેને લીધે ઉત્પન્ન થતા શોક વેવ્ઝ (ધ્રુજારીના મોજા - કંપન) પ્રતિ સેકન્ડે ૮૦૦૦ મીટરની ઝડપે પ્રસરે છે. **આર.ડી.એક્સ.ની એક ખાસ લાક્ષણિકતા એ છે કે માટીના રમકડાંની માફક તેને કોઈપણ આકારમાં ઢાળી શકાય છે.** બૂટની દોરી જેવી દેખાતી ચીજ પણ આર.ડી.એક્સ. બોમ્બ હોઈ શકે કે દેખાવમાં ઢીંગલી કે બીજાં કોઈ રમકડાંનાં સ્વરૂપે આ બોમ્બને ગમે ત્યાં ગોઠવી શકાય. આ સ્ફોટક પદાર્થની સંરચના સૌ પ્રથમ જર્મનીમાં ૧૮૯૯માં હૅન્સ હેનિંગે કરી હતી.

*મંગલ મંદિર, મે-૧૯૯૯*

*મહેનત વગર મળેલું સુખ લાંબા સમય સુધી ટકતું નથી.*

# નેત્રદાન

• સુનીલ સાવલા •

## નેત્રદાન અંગે કેટલીક શંકાઓનું નિરાકરણ અત્રે આપેલ છે.

**(૧) માન્યતા : ચક્ષુદાન મૃત્યુ બાદ બે કલાકની અંદર થવું જોઈએ.**

જવાબ : **ચક્ષુદાન કરવા માટે કોઈ ચોક્કસ સમય નક્કી નથી કરાયો પણ સાધારણ રીતે મૃત્યુ બાદ ચારથી પાંચ કલાકની અંદર કાઢેલા ચક્ષુની ગુણવત્તા વધારે સારી હોય છે.** જો મૃત્યુ બાદ આંખના પોપચા બંધ કરી તેના પર ભીના રૂનાં પોતાં મૂકવામાં આવે તથા પંખો બંધ કરી દેવામાં આવે (જો રૂમમાં એરકંડીશન હોય તો ચાલુ કરવું) તો આઠ કલાક સુધી પણ આંખની ગુણવત્તા સારી જ રહે છે. એટલે સૌથી ઉત્તમ એ કે જેવું કોઈનું મૃત્યુ થાય તુરંત નેત્રદાન અભિયાનના કાર્યકરનો સંપર્ક કરી લેવો.

**(૨) માન્યતા : નેત્ર કાઢી લીધા પછી ચહેરો વિકૃત બની જાય છે.**

જવાબ : નેત્ર કાઢ્યા પછી ખાલી રહેલ જગ્યામાં રૂ તથા પ્લાસ્ટીકની કેપ ભરી પોપચા બંધ કરી દેવામાં આવે છે જેથી એમ લાગે કે મૃતક વ્યક્તિ ગાઢ નિંદ્રામાં સૂતી છે. ચહેરામાં બિલકુલ કોઈ વિકૃતિ આવતી નથી.

**(૩) માન્યતા : નેત્ર કાઢી લીધા પછી ચાર કલાકમાં અંધ વ્યક્તિને આપવામાં ન આવે તો તે નકામા બની જાય છે.**

જવાબ : નેત્ર કાઢ્યા પછી તેને એર ટાઈટ બોક્સમાં બરફની વચ્ચે રાખીને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે છે. જ્યાં તેના પર જરૂરી પ્રોસેસિંગ કરવામાં આવે છે. પછી તેને પ્રિઝર્વ (સાચવવા) કરવા બે કેમિકલ આવે છે. એમ.કે. મિડિયમમાં ચાર દિવસ સુધી આંખ રાખી શકાય છે અને ઓપ્ટિકલ સોલ્યુશનમાં ચૌદ દિવસ સુધી આંખ સાચવી શકાય છે પણ આપણે ત્યાં જરૂરતમંદોની લાઈન એટલી લાંબી છે કે એ જ દિવસે અથવા બીજા દિવસે તેમને આપી દેવાય છે. આંખ જેટલી મળે છે તેના કરતાં આંખ જેમને જોઈએ છે તેમનું વેઈટિંગ લિસ્ટ અનેક ગણું મોટું હોવાથી એક વ્યક્તિને એક જ આંખ આપવામાં આવે છે. **જેથી એક વ્યક્તિના નેત્રદાનથી બે વ્યક્તિના જીવનમાં ઝગમગાટ થાય છે અને બે કુટુંબમાં આનંદ ઉલ્લાસ લહેરાય છે.**

**(૪) માન્યતા : મૃતક વ્યક્તિનું બ્લડ ગ્રૂપ તથા આંખ લેનાર દર્દીનું બ્લડ ગ્રૂપ એક જ હોવું જોઈએ?**

જવાબ : બિલકુલ નહીં. આંખ લગાડતી વખતે ફક્ત કોર્નિયા લગાડાય છે, જેમાં બ્લડ ગ્રૂપ મેચિંગની બિલકુલ જરૂરત નથી.

**(૫) માન્યતા : મોતીયો કે ચશ્માંવાળા નેત્રદાન ન કરી શકે?**

જવાબ : મોતીયા કે ચશ્માંવાળી આંખ પણ એટલું જ ઉત્તમ કામ આપે છે જેટલી તંદુરસ્ત માણસની આંખ, કારણકે આંખમાં રહેલ કોર્નિયા નામનો ભાગ સરસ કંડિશનમાં હોવો જોઈએ જે કામમાં આવે છે.

**(૬) માન્યતા : નેત્રદાનમાં મળેલ આંખનો ફક્ત કોર્નિયા વપરાય છે.**

જવાબ : નેત્રદાનમાં મળેલ આંખમાં કોર્નિયા મહત્ત્વના ભાગ તરીકે વપરાય જ છે પણ સાથે સ્ક્લેરા અને વિટરિયસ લિક્વિડ પણ વપરાય છે. એટલે એક નેત્રમાંથી કોકને કોર્નિયા આપી શકાય, બીજાને સ્ક્લેરા આપી શકાય, ત્રીજાને વિટરિયસ લિક્વિડ આપી શકાય.

**(૭) માન્યતા : નેત્રદાન કરવા મૃતકના શરીરને હોસ્પિટલમાં લઈ જવો પડે છે.**

જવાબ : બિલકુલ નહીં. નેત્ર કાઢવાની પ્રક્રિયા એકદમ સરળ હોવાથી ડોક્ટર તમારા ઘેર અથવા જ્યાં મૃતકનું શરીર પડ્યું હોય

*સુખી થવા માટે ધન કરતાંય સમજની વધારે જરૂર છે.*

એ જગ્યાએ જઈને નેત્ર કાઢી શકે છે.

**(૮) માન્યતા : નેત્ર કાઢવામાં ઘણો સમય લાગે છે.**

જવાબ : નેત્ર કાઢવામાં ફક્ત પંદરથી વીસ મિનિટ લાગે છે. આજે પણ એવા કિસ્સા બને છે કે મૃતકના પરિવારને નેત્રદાન કરવાની ઈચ્છા હોવા છતાં, સ્મશાન ગૃહમાં જવામાં મોડું થશે એ ભયના કારણે નેત્રદાન કરવાનું પડતું મૂકે છે. જલદી આંખ મેળવવાથી નેત્રની ગુણવત્તા વધારે સારી રહે છે.

**(૯) માન્યતા : નેત્રદાન કરવામાં ખર્ચ લાગે છે.**

જવાબ : આ પ્રવૃત્તિ બિલકુલ નિઃશુલ્ક ચાલે છે. મૃતકના પરિવારને કોઈ ખર્ચ કરવો પડતો નથી. તથા જે વ્યક્તિને નેત્ર આપવામાં આવે છે તેની પાસેથી પણ કોઈ ખર્ચ લેવાતો નથી.

**(૧૦) માન્યતા : નેત્રદાન કરતાં પહેલાં મૃતક વ્યક્તિના હાથે ફોર્મ ભરાયેલું હોવું જોઈએ.**

જવાબ : આ એક બહુ પ્રચલિત સામાન્ય માન્યતા છે કે નેત્રદાન કરવા માટે મૃત્યુ પહેલાં ફોર્મ ભરેલું હોવું જોઈએ. હકીકતમાં એવા કોઈ ફોર્મની આવશ્યક્તા નથી. **મૃત્યુ બાદ નેત્રદાન કરવા માટે તેના વારસદારની મંજૂરી હોવી અતિ જરૂરી છે.** જો તમારે મૃત્યુ બાદ નેત્રદાન કરવાની ઈચ્છા હોય તો તમારા કુટુંબીજનોમાં, મિત્રવર્તુળોમાં તમારી ઈચ્છા જણાવી રાખો એ બહુ મહત્ત્વનું છે.

**(૧૧)માન્યતા : આ જન્મમાં ચક્ષુદાન કરવાથી આવતા જન્મમાં અંધ થઈશું તથા નેત્ર લેનાર વ્યક્તિના કર્મો આપણને નડશે.**

જવાબ : એકવાર માણસનું મૃત્યુ થાય ત્યારબાદ તેનું શરીર જડ બની જાય છે. તેથી તેના આત્માને અને આ શરીરને કોઈ જ સંબંધ નથી. વળી એકવાર સદ્‌ભાવનાથી આપણે નેત્રદાન કરીએ તો તે નેત્રનો ઉપયોગ કરનાર વ્યક્તિને દેખતો કર્યાનું પુણ્ય તો કમાઈએ જ છીએ તથા આ ઉમદા કામ પાછળની આપણી ભાવના સારી હોવાથી દૃષ્ટિ પામનાર વ્યક્તિના પાપ સાથે કોઈ નિસ્બત નથી.

***મૃત્યુ બાદ માનવીના ફેફસાં, કિડની, મગજ વગેરે બધાં અંગો બંધ પડી જાય છે. પણ આંખ થોડાક કલાક સુધી જીવિત રહે છે. કદાચિત પ્રભુ એમાં સાંકેતિક સંદેશો પાઠવે છે, "હે માનવી! સ્વર્ગે જતાં પહેલાં નેત્રદાન કરીને કોક અંધજનના જીવનમાં પ્રકાશ રેલાવતો જા!" જે વ્યક્તિ નેત્રદાન કરે છે તેના અંતરચક્ષુ ઊઘડે છે. આપની અમૂલ્ય આંખોને બાળશો નહીં. ચમત્કારો વડે નહીં પણ નેત્રદાન વડે અંધ વ્યક્તિને દેખતા કરી શકાય છે. નેત્રદાન કરો ને કરાવો.***

***મંગલ મંદિર, મે-૧૯૯૯***

## લીંબુ એક - ગુણ અનેક

સાવ સસ્તું અને સુલભ લીંબુનું મહત્ત્વ ઘણા ઓછા લોકો જાણતા હોય છે એટલે સોનામહોર જેવા કીમતી આ લીંબુની યોગ્યતા લોકો જાણતા નથી. લીંબુની છાલ દાંત અને પેઢા ઉપર ઘસવાથી દાંતની છારી દૂર થાય છે, નવી છારી જામતી નથી, પેઢાં મજબૂત થાય છે. એટલે દાંત હલવાનો પ્રશ્ન ઊભો થતો નથી. લીંબુની છાલ જીભ ઉપર ઘસવાથી જીભના જ્ઞાનતંતુઓ સતેજ રહે છે. સ્વાદની યોગ્ય પરખ થાય છે અને જીભનું આરોગ્ય વધે છે. લીંબુની છાલને સૂકવ્યા પછી બાળીને તેની રાખ મધમાં ચાટવાથી ઊલટી બંધ થાય છે, લીંબુનો રસ કે છાલ ચહેરા પર ઘસવાથી ચામડી ચમકદાર અને કોમળ બને છે. તેનાથી ખીલ કાળા ડાઘ કે શીતળાનાં ચાઠાં દૂર થાય છે.

રોજ સવારે ગરમ પાણીમાં લીંબુ નીચોવીને પીવાથી મોટા આંતરડામાં જામેલો મળ ઓગળે છે. ઉપરાંત સ્થૂળકાયવાળા માટે ચરબી પણ ઓછી થશે. લીંબુને વાળના મૂળમાં ઘસવાથી ખરતાવાળ અટકે છે અને ટાલ પડતી પણ અટકે છે. પગનાં તળિયાંમાં લીંબુ ઘસવાથી આંખ અને વાળને ફાયદો થાય છે.

મેલેરિયાના દર્દી માટે લીંબુ ક્વીનાઈન જેવું અકસીર નીવડે છે. તેનાથી પિત્ત ઘટે છે, પાણીનો શોષ પડતો ઓછો થાય છે - ગરમ પાણીમાં લીંબુ અને મધ લેવાથી શરદી-સળેખમ અને અપચો દૂર થાય છે. સ્નાન કરતી વખતે પણ પાણીમાં લીંબુનો રસ નાખી નહાવાથી ચામડી કોમળ અને તેજસ્વી બને છે. મધમાખી કે વીંછીના ડંખ ઉપર પણ લીંબુનો રસ અકસીર નીવડે છે. તેનાથી બળતરા ઓછી થાય છે અને નુકસાન વધતું અટકે છે. દરાજ થઈ હોય તેઓ પણ લીંબુ ઘસે તો તેમને ફાયદો થાય છે.

અંતે પર્યાવરણની શુદ્ધિમાં પણ લીંબુની સૂકવેલી છાલ અતિ ઉપયોગી નીવડે છે. સૂકવેલી છાલ બાળવાથી હવા શુદ્ધ થાય છે.

***રૂક્મણી ગુલાબચંદ રાંભિયા***

***મંગલ મંદિર, જૂન-૨૦૦૨***

# પ્રદૂષણ મુક્ત ઊર્જા - પવન ઊર્જા

• લાહીરી શાહ •

ભારતના ઘણા અન્ય રાજ્યોની જેમ ગુજરાત પણ વર્ષોથી વીજળીની અછતથી પરેશાન અને પીડાતું રાજ્ય છે. પ્રતિ વર્ષ, વીજળીની ખપત અને માંગ વધતી રહે છે જ્યારે અનેકવિધ કારણોસર વીજ ઉત્પાદનમાં અપેક્ષિત વધારો થતો નથી. ગુજરાતમાં કોલસો નથી. લિગ્નાઈટ કચ્છ જિલ્લામાં પુષ્કળ છે પણ કોઈક અગમ્ય કારણસર, ગુજરાત સરકારને કચ્છમાં જ શક્તિશાળી (થર્મલ લિગ્નાઈટ આધારિત) વીજ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવાનું મુનાસિબ નથી જણાયું.

ગુજરાતમાં જળ વિદ્યુત ઉત્પાદન વધારવાની શક્યતા નહિંવત છે એટલે ગુજરાતના ઉદ્યોગોએ અને કૃષિકારોએ તો સરદાર સરોવર બંધનું બાંધકામ પૂરું થાય અને ત્યાં વીજ ઉત્પાદન શરૂ થાય ત્યાં સુધી પરિસ્થિતિ સુધરવાની પ્રતિક્ષા કરવાની રહી.

આ માહોલમાં ગુજરાત સરકારે બિન પરંપરાગત ઊર્જા સ્રોતના વિકાસ અને વપરાશ પર વધુ ધ્યાન વધુ લક્ષ કેન્દ્રિત કરવાની જરૂર છે. કેન્દ્ર સરકારની નીતિ અન્વયે ૨૦૧૨ સુધીમાં દેશની કુલ ઊર્જા જરૂરિયાતના ૧૦ ટકા બિન પરંપરાગત ઊર્જા-સૌર, પવન, બાયોમાસ, ટાઈડલ વેવ અને નાના(મીની) ટાઈડલ દ્વારા પૂર્તિ કરવાની છે. આ બધા પૈકી ટાઈડલ પાવર અને મીની ટાઈડલ યોજનાઓના તો ભારતમાં શ્રી ગણેશ પણ થયા નથી. બાયો-માસ આધારિત ઊર્જા ફક્ત કૃષિકારો માટે છે. સૌર ઊર્જાના ઉપકરણો સોલર કૂકર, હીટર, લેન્ટર્ન, રોડ લાઈટ, ટ્રાફિક સિગ્નલ નાના પાયા પર કહો કે વ્યક્તિગત વપરાશકારોને જ કામ આવી શકે, કારણકે આ બધા ઉપકરણો ખૂબ સહેલાઈથી- સરળતાથી - ઉપયોગમાં લઈ શકાય અને તે પણ ઓછા ખર્ચે.

પવન-ઊર્જા ખૂબ જ કાર્યક્ષમ છે. તેના દ્વારા ઉત્પાદિત વિદ્યુત પ્રમાણમાં સસ્તી છે. પણ પવન ઊર્જા માટે ચોક્કસ શક્તિ - ગતિ - ઝડપવાળા પવન અનિવાર્યપણે જરૂરી છે. પવનની આવી અનુકૂળતા ગુજરાત, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુમાં સવિશેષ છે. સરકારી અંદાજ પ્રમાણે, ભારતભરમાં ૨૦,૦૦૦ મે.વો. વીજળી, પવન ઊર્જા દ્વારા ઉત્પન્ન કરી શકાય. પણ આ પોટેન્શીયલ સામે અત્યારે તો ૧,૧૦૦ મે.વો. વીજળી પવનચક્કીઓ દ્વારા મેળવાય છે. જે પૈકી તામિલનાડુનો હિસ્સો ૮૦૦ મે.વે.નો છે.

ગુજરાતમાં વિન્ડ ફાર્મ કચ્છ જિલ્લાના માંડવી શહેરના સમુદ્ર તટ નજીક અંજાર તાલુકાના તુણા બંદરે અને સૌરાષ્ટ્રના ઓખા મંડળમાં આવેલા છે. માંડવીનું વિન્ડ ફાર્મ ૧૯૮૬માં રૂા. ૧૮૫ લાખના ખર્ચે શરૂ કરાયું હતું. અહીં અલગ અલગ ક્ષમતાવાળી એકબીજાથી ૩૦ મીટર દૂર આવેલી ૨૨ પવનચક્કીઓ વીજળી ઉત્પન્ન કરે છે. આ પવનચક્કીઓની સરેરાશ ઊંચાઈ ૨૦ મીટર (૬૫ ફીટ) છે અને વજન ૧૦ ટન લગભગ છે. તેના પાંખિયા ૭.૫ મીટર (૨૦ ફીટ) લાંબા છે. તૂણા અને ઓખા મંડળના વિન્ડ ફાર્મની કોઈ અધિકૃત માહિતી મળી શકી નહીં. પવન ચક્કીના પાંખિયા ફરવાના કારણે ઉત્પન્ન થતી યાંત્રિક મિકેનીકલ શક્તિનું જનરેટર દ્વારા વીજ શક્તિમાં રૂપાંતર થાય છે. આ જનરેટર ઈન્ડક્શન ટાઈપનાં હોતાં, તે વીજળી વગર કાર્યરત કરી શકાતા નથી. એટલે આ જનરેટર, જે તે વિસ્તારનો ઈલેક્ટ્રીક ગ્રીડના સ્તરે જ ચાલતા હોય છે અને એટલે જ પવનચક્કી દ્વારા ઉત્પાદિત વીજળી રાજ્યના વીજ બોર્ડની ગ્રીડને પૂરી પાડવી પડે. જો પવન ચક્કી કોઈ ખાનગી ઉદ્યોગ ગૃહની માલિકીની હોય તો તે ઉદ્યોગ ગૃહને ફ્રી વ્હીલિંગ Free Wheeling નો લાભ અપાય છે.

પવન ચક્કીનો ઉપયોગ વીજ ઉત્પાદનને બદલે ડાયરેક્ટર પાણી ખેંચવા માટે (બોર કે કૂવામાંથી) થઈ શકે. વર્ષો અગાઉ કચ્છના માંડવી તાલુકાના કોડાય ગામે, ગામનો હવાડો એક પવન ચક્કી દ્વારા જ ભરાતો હોવાનું યાદ છે.

પવન ચક્કી બેસાડવા માટે સરકાર દ્વારા સારી એવી આર્થિક સહાય અપાય છે પણ મૂળ તકલીફ જમીનની ઉપલબ્ધિની છે. ખાનગી ઉદ્યોગ ગૃહને વિન્ડ ફાર્મ સ્થાપવું હોય તો વિશાળ જગ્યાની જરૂર પડે. જે સરકાર પાસેથી મેળવવા માટેની પ્રક્રિયા ખૂબ જટિલ છે. વળી આ જગ્યા પર સાનુકૂળ ગતિવાળા પવનની ઉપલબ્ધિ પણ અનિવાર્ય છે. જમીન મેળવવામાં પડતી મુશ્કેલીના કારણે ખાનગી ઉદ્યોગગૃહો વિન્ડ ફાર્મ સ્થાપવા તૈયાર થતા નથી અને સરકારી રાહે વિન્ડ ફાર્મના પ્રોજેક્ટ માટે નાણાનો અભાવ છે. આ કારણોસર જ, ભારતના ઘણા વિસ્તારોમાં કુદરત મહેરબાન હોવા છતાં, પણ પ્રદૂષણ મુક્ત પવન ઊર્જાનો જોઈએ તેવો અને તેટલો લાભ લઈ શકાતો નથી. સત્તાધીશો આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારશે ? પવન ઊર્જાનો વ્યાપ, પ્રસાર અને પ્રચાર વધે તે માટે સરકારે સભાનપણે સઘન કાર્યવાહી કરવી જરૂરી છે.

*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૨*

***આત્મ વિશ્વાસનો અભાવ અને અજ્ઞાન એટલે અંધશ્રદ્ધા.***

# રેલવે ટિકિટનું આરક્ષણ : અગત્યના નિયમો

★ વેઇટિંગ લિસ્ટની આરક્ષિત ટિકિટ પર સામાન્ય ક્લાસમાં યાત્રા કરનારા, રેલવે પાસે રિફંડ માગી શકે છે. એ માટે ટી.સી. પાસે ટિકિટ પાછળ જનરલ કોચમાં યાત્રા કર્યાનું લખાવવાનું હોય છે અને એ લખી આપવું ટી.સી. માટે બંધનકારક હોય છે.

★ આરક્ષણ ૬૦ દિવસ અગાઉ કરાવી શકાય છે. (એન.આર.આઈ. ૩૬૦ દિવસ પહેલાં પણ કરાવી શકે.) ભારતીય રેલવેમાં કોમ્પ્યૂટરાઇઝેશન રિઝર્વેશન સિસ્ટમ અમલમાં હોવાથી દેશના કોઈ પણ ખૂણેથી કોઈપણ સ્થળે જવા બુકિંગ કરાવી શકાય. દા.ત., દિલ્હીમાં બેઠેલો માણસ મુંબઈથી ગાંધીધામનું કે કોલ્હાપુરમાં બેઠેલો માણસ રાજકોટથી પોરબંદરનું આરક્ષણ કરાવી શકે છે. આમ, સવારે આઠ વાગ્યે માસ્ટર કોમ્પ્યૂટરમાંથી તમામ પબ્લિક રિઝર્વેશન સિસ્ટમ (પી.આર.એસ.)ને કમાન્ડ અપાય છે ત્યારે એક સાથે ૧૫૦૦થી વધુ કોમ્પ્યૂરાઈઝ્ડ આરક્ષણ કેન્દ્રો ધમધમતા થઈ જાય છે. જેથી કતારમાં બીજા કે ત્રીજા નંબરમાં હોય એવા લોકોને આરક્ષણ મળતું નથી. એમાંય ગઠિયાઓ અડધી રાતથી લાઈન લગાવી બેસી જતા હોવાથી સામાન્ય યાત્રીને બુકિંગ મળતું નથી.

★ રેલવે ટ્રાફિક ટિકિટ સર્વિસ એજન્ટનો સહારો લેવાય છે એ એજન્ટ ગરજ મુજબ પૈસા વસૂલે છે, પરંતુ કોઈ એજન્ટને સ્લીપર ક્લાસ ટિકિટના રૂા. ૧૫ તથા અપર ક્લાસની ટિકિટના રૂા. ૨૬ કરતાં વધુ આપવા નહીં. વધુ રકમ માગનારા વિરુદ્ધ મધ્ય અથવા પશ્ચિમ રેલવેના મોનિટરી કક્ષ, વાણિજ્ય વિભાગ, ગવર્નમેન્ટ રેલવે પોલીસ કે રેલવેના વિજિલન્સ વિભાગને ફરિયાદ કરી શકાય છે.

★ સિનિયર સિટીઝનને યાત્રા ભાડામાં ૩૦ ટકા રાહત મળે છે. એ માટે હવે કન્સેશન જોઈએ છે કે નહીં તે રેક્વિઝિશન ફોર્મમાં લખવાનું હોય છે. વરિષ્ઠ નાગરિકની ટિકિટ કોઈપણ વ્યક્તિ કઢાવી શકે. જો કે યાત્રા દરમિયાન પ્રવાસીએ ઓળખપત્ર સાથે રાખવું પડે.

★ સાતસો આઠસોના વેઈટિંગ લિસ્ટ બાદ આરક્ષણ બંધ કરાય તેને 'નો-રૂમ' કહેવાય છે. નો-રૂમ આવ્યા બાદ ટિકિટ ન મળે, પરંતુ સંબંધિત ટ્રેઈન માટે ૨૪ કલાક પહેલાં નો-રૂમ ખૂલે. આથી અચાનક યાત્રા ખેડનારા એક દિવસ અગાઉ અથવા તે જ દિવસે આરક્ષિત ટિકિટ મેળવી શકે. નાના સ્ટેશનોના રોડસાઈડ ક્વોટા પણ ઉપલબ્ધ હોય છે. જેની જાણકારી કરન્ટ બુકિંગ વિન્ડો પરથી મળે છે. ઉપરાંત તત્કાળ બુકિંગ પણ લઈ શકાય છે. જો કે એ માટે ઓળખપત્ર હોવું જરૂરી છે. તત્કાળ ટિકિટમાંથી એક યાત્રીની ટિકિટ રદ ન થઈ શકે. આખી ટિકિટ રદ કરાવવી પડે.

★ વિધાનસભા, સંસદસભ્ય, પ્રધાન, ઈન્ટરવ્યૂ કે પરીક્ષા આપવા જતા વિદ્યાર્થી, કેન્સર પેશન્ટ, હાર્ટ પેશન્ટ, મૃતકના સ્વજન અને વિદેશી પ્રવાસીને આરક્ષણના વી.આઈ.પી. ક્વોટાનો લાભ મળી શકે. એ માટે આસિસ્ટન્ટ કમર્શિયલ મેનેજર (રિઝર્વેશન)ને અરજી કરવાની હોય અને અરજી સાથે પ્રમાણપત્ર જોડવું પડે.

★ દિવસે દોડતી ટ્રેઈન કરન્ટ ટિકિટ પર આરક્ષિત કોચમાં યાત્રા કરવી હોય તો ટી.સી.ને મળી આરક્ષણ ચાર્જનો ડિફરન્સ અને પેનલ્ટી ચૂકવી દેવી. ટ્રેઈન છૂટવાના ૨૪ કલાક પહેલાં કુટુંબની એક વ્યક્તિને બદલે બીજી વ્યક્તિનું એ જ ટિકિટ પર આરક્ષણ કરાવી શકાય. એટલું જ નહીં, ટ્રેઈન ઉપડવાના ૨૪ કલાક અગાઉ રિઝર્વેશન ચાર્જ ભરી મુસાફરીની તારીખ તથા ગાડી પણ બદલાવી શકાય. ટિકિટ ફાટી જાય અથવા ગૂમ થાય તો ડુપ્લિકેટ ટિકિટ મળી શકે. રિઝર્વેશન ચાર્ટ બન્યા પહેલાં અરજી કરી ૫૦૦ કિ.મી. સુધીના ૨૫ (પચ્ચીસ) ટકા અને ત્યારબાદની મુસાફરી ભાડાના ૧૦ ટકા રકમ ચૂકવી ડુપ્લિકેટ ટિકિટ મેળવી શકાય છે. (ચાર્ટ બની ગયા બાદ ૫૦ ટકા રકમ ચૂકવવી પડે.) આર.એ.સી. (રિઝર્વેશન અગેઈન્સ્ટ કેન્સલેશન)ની ટિકિટ ખોવાઈ જાય તો તેની ડુપ્લિકેટ ન મળે પણ ટિકિટ ફાટી જાય તો ૨૬ ટકા પેનલ્ટી ભરવાથી ટિકિટ મળે. જો કે વેઇટિંગ લિસ્ટની ટિકિટમાં ડુપ્લિકેટ ન મળે.

★ વેઇટિંગ લિસ્ટની ટિકિટ ટ્રેઈન ઉપડ્યા પહેલાં રદ કરાવો તો ૧૦ રૂપિયા રિઝર્વેશન ચાર્જ કપાય. ટ્રેઈનમાં પણ ટિકિટ રદ કરાવી શકાય. કેન્સલ કરાવેલી

*આકાશના તારા તોડી લાવવાનું કહેનારો તણખલું અડતાં ગોથું ખાઈ જાય છે.*

ટિકિટની ટી.ડી.આર. (ટિકિટ ડિપોઝિટ રસીદ) લઈ ૯૦ દિવસમાં સંબંધિત ચીફ કમર્શિયલ મેનેજરને અરજી કરી રિફંડ મેળવી શકાય છે.

★ બીજા વર્ગમાં ૩૫ કિ.ગ્રા., સ્લીપર ક્લાસ અને એ.સી. ચેર કારમાં ૪૦ કિ.ગ્રા., ટુ અને થ્રી ટાયર એ.સી.માં ૫૦ કિ.ગ્રા. તથા ફર્સ્ટ ક્લાસમાં ૭૦ કિલો વજન લઈ જવાની છૂટ હોય છે. એથી વધુ વજન હોય તો વધારાનું વજન બ્રેકવાનમાં રાખવું જરૂરી છે. નહીંતર સંપૂર્ણ સામાનનું ભાડું દંડરૂપે ભરવું પડે છે. લોકલ ટ્રેઈનની દ્વિતીય શ્રેણીમાં ૧૦ કિ.ગ્રા. તથા ફર્સ્ટ ક્લાસમાં ૧૫ કિ.ગ્રા. વજન લઈ જવાની છૂટ છે.

★ ૫૦૦ કિ.મી. કરતાં વધુ લાંબી યાત્રા કરનારા બ્રેક જર્નીનો લાભ લઈ શકે. ૫૦૧ કિ.મી.ની મુસાફરી બાદ બે દિવસનું રોકાણ થઈ શકે. સળંગ યાત્રામાં બે વખત જર્ની બ્રેક કરી શકાય. જર્ની એક્સ્ટેન્શન પણ કરી શકાય છે. યાત્રા શરૂ કરવા અગાઉ અથવા મુસાફરી દરમ્યાન લાંબા અંતરના ભાડાની રકમ ભરી ટિકિટ મેળવી શકાય અને ગાડી બદલવી ન પડે. યાદ રહે કે એમાં 'ટેલિસ્કોપિક ઈફેક્ટ'નો લાભ મળતો નથી.

★ એક ટિકિટ પર યાત્રા કરનારા એક જ પરિવારના સભ્યોએ અલગ અલગ સ્ટેશને ઊતરવું હોય ત્યારે ના છૂટકે તેમણે ટિકિટ ચેકરોને દંડ ચૂકવવો પડે છે પરંતુ ઈન્ડિયન રેલવે કોચિંગ ટેરિફ રૂલ નંબર ૨૨૦ અંતર્ગત એક જ ટિકિટ પર યાત્રા કરનારા એક ગ્રૂપ કે એક જ પરિવારના સભ્યોએ જો અલગ અલગ સ્ટેશને ઊતરવું હોય તો એક જ ટિકિટ પરથી બે અલગ અલગ ટિકિટ (ફ્રી એક્સેસ ફેર રિસિપ્ટ) બનાવી આપવાની ફરજ ટ્રેઈન ટિકિટ એક્ઝામિનરો (ટી.ટી.ઈ.)ની છે. આ સામે યાત્રીએ એક પૈસો પણ ટી.સી.ને આપવાનો રહેતો નથી. રેલવેના બધા જ વિભાગોમાં ગાડીમાં શારીરિક ખોડ-ખાંપણ ધરાવતી વ્યક્તિઓ અને મહિલાઓ માટે અલગ સગવડ (કોચ) રાખવામાં આવે છે.

★ રિઝર્વેશન ટિકિટ પ્રવાસના દિવસને બાદ કરતાં એક દિવસ પહેલાં રદ કરાવવામાં આવે તો સેકન્ડ ક્લાસમાં રૂા. ૨૦/- અને ફર્સ્ટ ક્લાસમાં રૂા. ૫૦/- કપાત છે. અનરિઝર્વ્ડ ટિકિટ ગાડી ઉપડવાના ૩ કલાક પહેલાં રદ કરાવવાથી રૂ. ૧૦/- કપાત થાય છે. રિઝર્વેશન ટિકિટ દીઠ ૫૦ ટકા કાપી રિફંડ અપાય છે. ગાડી રવાના થઈ ગયા પછી પણ અનુક્રમે ૩, ૬ અને ૧૨ કલાક પછી કેન્સલ કરાવી શકાય છે. ટિકિટ પાછી સોંપી રિફંડ માટે અરજી કરવી પડે છે. ૫ થી ૧૨ વર્ષના બાળકોને બધા જ વર્ગમાં ૫૦ ટકા રાહત દરથી ટિકિટ અપાય છે.

★ કન્સેશન : ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શાળામાં આવવા જવા માટે બીજા વર્ગમાં ૧૦૦ ટકા કન્સેશન, ૨૫ વર્ષથી નાના વિદ્યાર્થી / શિક્ષકો / નર્સ- / સ્કાઉટને સ્લીપરમાં ૫૦ ટકા કન્સેશન, મંદબુદ્ધિ, અંધ જન, કેન્સર અને હૃદયરોગના દર્દી અને તેની સંભાળ રાખનારને એ.સી.ને પ્રથમ વર્ગમા ૫૦ ટકા અને અન્ય વર્ગમાં ૭૫ ટકા, ૬૦ વર્ષની મહિલા અને ૬૫ વર્ષના પુરુષોને બધા જ વર્ગમાં ૩૦ ટકા રાહત અપાય છે.

★ એક સાથે ગ્રૂપમાં પ્રવાસ કરનારાઓને રૂટ સરક્યુલર ટિકિટ ખૂબ ઓછા દરે આપવામાં આવે છે. તમામ રૂટો યાત્રાધામો, પ્રવાસધામો માટે નક્કી હોય છે. રૂટમાં પાછા ફરવાનો પ્રવાસ અલગ માર્ગે કરવાનો હોય છે. ૫૦૦ કિ.મી.થી વધુ લાંબા પ્રવાસમાં ૨૪ કલાક બ્રેક જર્ની (રોકાઈને પ્રવાસ કરવાની) સગવડ હોય છે. જે સ્ટેશન પર રોકાવાનું થાય ત્યાં ટિકિટ ચેકર પાસે તારીખ સમયની નોંધ કરાવવી જરૂરી છે.

*મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૨*

## લોન નહિ, છાત્રવૃત્તિ

અમદાવાદના ડૉ. હરિપ્રસાદ દેસાઈ સાચા અર્થમાં એક લોકસેવક હતા. લોકોની સેવા કરવાની વૃત્તિ તેમનામાં સહજ રીતે આવી હતી.

એકવાર એમના ઘર પર કોઇ અજાણ્યો યુવાન ચઢી આવ્યો. હરિપ્રસાદે તેને પૂછ્યું : "કેમ ભાઈ, તારે મારી પાસે અત્યારે આવવું પડ્યું?"

"એક ખાસ કામે આવ્યો છું!"

"બોલ, કયું ખાસ કામ?"

યુવાન બોલ્યો : "સાહેબ, આ વર્ષે બી.એ.ની પરીક્ષામાં હું પ્રથમ નંબરે આવ્યો છું. મારી ઈચ્છા હવે બેરિસ્ટર બનવાની છે. આ માટે હું લંડન જવા માગું છું. જો આપ મને વીસ હજાર રૂપિયા ઉધાર આપો તો મારું આ સ્વપ્ન સાકાર બને! લંડનથી પાછા ફર્યા બાદ તમને હું તમારી તમામ રકમ વ્યાજ સાથે ચૂકવી દઇશ."

"એવડી મોટી રકમ તે તું કઈ રીતે ચૂકવી શકીશ?"

"મને વિશ્વાસ છે કે બેરિસ્ટરીમાં પણ હું પ્રથમ આવીશ, અને તમારી રકમ પરત કરવા જેટલો પૈસો હું કમાવી લઇશ."

તરત જ ડૉ. દેસાઇએ પોતાના મુનીમને વીસ હજાર રૂપિયા આપવા કહ્યું, યુવાને આ રકમ અંગે લખાણ કરી લેવા દેસાઇને કહ્યું.

ડૉ. દેસાઇએ પૂછ્યું : "તારું નામ શું છે?"

"ફિરોજશા મહેતા!"

ડૉ. દેસાઇએ ફિરોજશા મહેતાને કહ્યું : "આ રકમ હું તને લોન તરીકે નહિ, છાત્રવૃત્તિ તરીકે આપું છું, અને છાત્રવૃત્તિનું કોઈ લખાણ હોય નહિ!"

પછી તેમણે પોતાની સાથે તે યુવાનને જમાડ્યો અને જ્યારે તે યુવાન વિદાય થયો ત્યારે બીજા પાંચ હજાર રૂપિયા તેના હાથમાં મૂકી કહ્યું : "ભાઈ, આ પૈસામાંથી કપડાં વગેરેની વ્યવસ્થા કરજે."

ફિરોજશા મહેતા ડૉક્ટરની આ ઉદારતા જોઈ જ રહ્યા!

*મંગલ મંદિર, જુલાઈ-૧૯૯૯*

*પુસ્તકો વાંચીને કેટલાય લોકોએ પોતાનાં જીવનમાં નવો અધ્યાય શરૂ કર્યો છે.*

# વરખ હિંસક છે ?

આજકાલ સમગ્ર મુંબઈમાં અને જૈન-જૈનેતરોમાં એક ગોબલ્સ પ્રચાર કરવામાં આવી રહ્યો છે કે વરખ ગાયના આંતરાડાના ચામડામાંથી બનાવવામાં આવે છે અને સોના-ચાંદીનો વરખ વાપરવા કે ખાવામાં સોના-ચાંદીના વરખનો ઉપયોગ કરવો તે હિંસાને પ્રોત્સાહિત કરવા સ્વરૂપે છે. આ ગોબેલ્સનો પર્દાફાશ કરવા વર્ધમાન સંસ્કૃતિ ધામના યુવાનોએ મલાડમાં ચિંચોલી ફાટક પાસે આવેલા સોના ચાંદીના વરખ બનાવનારાઓની મુલાકાત લઈ તેમનો ઈન્ટરવ્યૂ લીધો હતો અને સમગ્ર મુલાકાતની વિડિયો ફિલ્મ પણ ઉતારવામાં આવી હતી. તેના ફોટાઓ પણ પાડવામાં આવ્યા હતા. સોના-ચાંદીનો વરખ બનાવનાર વેપારીઓના એસોસિએશનના સભ્યોએ જાહેર આહ્વાન આપ્યું છે કે અમારા ધંધામાં પ્રચાર કરવામાં આવે છે તે પ્રમાણે કોઈ જાતની હિંસા કરવામાં નથી આવતી અને જાહેર જનતા ક્યારે પણ આવીને અમારી રૂબરૂ મુલાકાત લઈ શકે છે. એટલું જ નહીં, પણ એસોસિએશને સભ્યો પાસેથી રૂા. ૧ લાખ ભેગા કર્યા છે અને જો કોઈ સાબિત કરી આપે કે વરખ બનાવવામાં પશુઓને દર અઠવાડિયે મારી તેના આંતરડાનું ચામડું વાપરવામાં આવે છે તો અમે તેને રૂા. ૫૧,૦૦૦/-નો પુરસ્કાર આપીશું. વળી આ અંગેની અખબારોમાં જાહેરખબર પણ આપવાનું તેઓએ નક્કી કર્યું છે.

વરખ અંગેનો વિવાદ વરખ બનાવવાની સાચી પ્રક્રિયાની પરખ નથી તે વાત ઉપરથી ઊભો થયો છે. કેટલાક લોકો એવું માને છે કે વરખ બનાવતી વખતે, વરખ બને તે દરેક સોનાચાંદીના વરખને પશુનું ચામડું અડે છે અને એના પદાર્થો વરખમાં ભળી જાય છે. આ તદ્દન ગેરવાજબી વાત છે. વરખની પ્રક્રિયાની વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે. વરખ જેમાં બનાવવામાં આવે છે તે ચામડાની વચ્ચે નહીં પણ ઈમ્પોર્ટેડ કલરીંગ સિન્થેટિક કાગળોની વચ્ચે ટીપવામાં આવે છે. સહુ પ્રથમ સોના-ચાંદીની પતળી પટ્ટી બનાવવામાં આવે છે. જે જયપુર કે દિલ્હીમાં જ બને છે અને ત્યાંથી મંગાવવામાં આવે છે. ૧૦૦ ગ્રામ ચાંદી કે સોનાની અતિ બારીક પટ્ટી ૬૦-૭૦ ફૂટ જેટલી લાંબી થાય છે તેના ૧ ઈંચ-૧ ઈંચના કે જરૂરિયાત પ્રમાણે નાના મોટા ટુકડા કરીને રંગીન કાગળોની વચ્ચે મૂકવામાં આવે છે. ૮૦ થી ૧૦૦ પાનાની એકસરસાઈઝ નોટ જેવી આ બુકમાં ઉપર નીચેના ૮/૧૦ પાના છોડી દેવામાં આવે છે અને બાકીના કાગળોમાં ત્રણ-ચાર કાગળો છોડીને સોના-ચાંદીના આ નાના ટુકડાઓ ગોઠવવામાં આવે છે. આ કાગળોનો કલર જુદો જુદો હોય છે. તેમાં લાલ કલરની લાંબી લીટીઓ વાળો કાગળ હોય છે એ કોઈ પશુનું લોહી નથી તે માત્ર એક પ્રકારનો કાગળ જ હોય. તેના ઉપર ચામડાનો એક ટુકડો વીંટાળવામાં આવે છે અને તે ચામડાથી વીંટાયેલ એ ૮૦ થી ૧૦૦ કાગળને એક લેધર બેગમાં મૂકી એ બેગ બંધ કરી દેવામાં આવે છે. પછી આ લેધર બેગ ઉપર ૪ થી ૫ કલાક હથોડાથી ટીપવામાં આવે છે. વરખની ગુણવત્તા કેવી કરવાની છે એ મુજબ અને એટલા ભારથી એને હથોડા મારવામાં આવે છે. ૪-૫ કલાક પછી જ્યારે આ પુસ્તી (લેધર બેગ) ખોલવામાં આવે ત્યારે તેમાંથી વરખ બહાર કાઢવામાં આવે છે અને આ ધંધામાં કામ કરતા વેપારીની ઘરની બહેનો તેને સાદા કાગળની વચ્ચે સાચવીને રાખતા હોય છે. આવા એક વરખની થોકડીમાં લગભગ ૧૫ થી ૧૬ વરખના પાના આવતા હોય છે, જે બજારમાં ૨૦ થી ૨૫ રૂા.ની થોકડીના ભાવે વેચતા હોય છે. આ વરખના પાના કોઈવાર ચોંટી જાય તો તેને માટે આરસનો ભૂકો કે પથ્થરની માટી જેવો પાવડર વાપરવામાં આવે છે. હવે આ લેધર બેગ કે કાગળ પર વીંટાળાતું ચામડું ૧૦થી ૧૫ વર્ષ સુધી ચાલે છે અને આ ચામડું લેવા માટે કોઈ ગાયને મારવી નથી પડતી. બજારમાં વેચાતાં ઘેટાં-બકરાના ચામડામાંથી જ આ પુસ્તી બનાવવામાં આવે છે. માંસના વેપારીઓ ખાવા કે એક્ષ્પોર્ટ કરવા પશુની કતલ કરતા હોય છે. વરખની પુસ્તી બનાવવા માટે નહીં અને આ પુસ્તીઓને કારણે લાખો પશુઓને મારવા પડે છે એ વાત તદ્દન વાહિયાત છે. ચામડાનો વપરાશ યુગો જૂનો આપણા જીવનમાં વણાયેલો છે. પહેલાના જમાનામાં ઘી-તેલ રાખવાના કુડલા ચામડાના બનતા, પાણીની મશકો ચામડાની બનતી. આજે મંદિરોમાં જે ઢોલ વાગે છે તે પણ ચામડામાંથી બને છે. અનાજ, ગોળ વગેરે તોળવાનાં ત્રાજવા, અત્તર ભરવાની શીશીઓ પણ ચામડાની બનતી. એટલે આ બધી વસ્તુઓ બનાવવા પશુઓને મારી નાખવામાં આવે છે એમ કહેવું માત્ર અતાર્કિક જ નહીં પણ મૂર્ખામીભર્યું છે. ખરું તો, જીભનો સ્વાદ પોષવા, હૂંડિયામણ કમાવવા અને માંસની નિકાસ દ્વારા તગડો નફો કમાવવા માટે પશુની હત્યા કરવામાં આવતી હોય છે.

સમગ્ર વરખ ઉદ્યોગમાં ચામડાની પુસ્તીમાં જેટલું ચામડું વપરાતું હોય છે તે તો

*ખરાબમાં ખરાબ અને પહેલા નંબરની ઠગાઈ પોતાની જાતને છેતરવી તે છે.*

ચર્મઉદ્યોગમાં વપરાતા ચામડાની અપેક્ષાએ સમુદ્રમાં બિંદુ જેટલું પણ નહીં વપરાતું હોય. બીજું દાવો કરવામાં આવે છે તેમ ચામડું સોના-ચાંદીના વરખને લાગી જાય છે તેથી વરખ પણ લોહી માંસવાળો થઈ જાય છે તે બધી વાતો અતિશયોક્તિભરી અને ઉત્સાહના અતિરેકમાં પ્રચારવામાં આવી હોય છે. સુવર્ણના ૮ ગુણ છે. દક્ષિણાવર્ત, કાટ ન લાગે વગેરે તેમાં સોના-ચાંદીનો એક સામાન્ય ગુણ વિશિષ્ટ છે કે પોતાને કોઈ અશુદ્ધ વસ્તુ અડે તો પોતે અશુદ્ધ ન થાય પરંતુ પોતાની શુદ્ધિ એ જેને અડે તેને અર્પણ કરે. માટે જ નાનપણમાં ગામડામાં આપણે જોયું હશે કે કોઈક જગ્યાએ આભડછેટ વગેરે લાગે અથવા તો માંગલિક વિધિ વિધાનવાળી કોઈ પણ પ્રક્રિયામાં પહેલા સોનાવર્ણી(સોનાના વરખનું કે વીટીં નાખેલું) પાણી છાંટવામાં આવતું હતું.

કેટલાક લોકો એવો પ્રચાર કરે છે કે વરખ ટીપવા માટે ૯-૧૩નો ચામડાનો ટુકડો ૩ ઈંચ ડાયામીટરવાળા આંતરડામાંથી બનાવવામાં આવે છે. હવે ૩ ઈંચ ડાયામીટરનું આંતરડું કાપવાથી ૯-૧૩ ઈંચનો ટુકડો ક્યારેય ન બનાવી શકાય એ તો ગણિતથી પણ સમજી શકાય તેમ છે. વળી આ ટુકડામાં સાંધીને જો પુસ્તી બનાવવામાં આવે તો વરખ તૂટી જાય. એટલે એ પણ શક્ય નથી. અને ૯-૧૩ ઈંચનો સાંધ્યા વગરનો ટુકડો આંતરડામાંથી જ બનાવવાનો હોય તો લગભગ હાથી સિવાય કોઈ પશુના આંતરડામાંથી ન બની શકે. એટલે વરખ બનાવવા હાથીનો શિકાર કરવામાં આવે છે એટલું મોટું જુઠાણું ચલાવવું પડે. ઉપરથી આ ચામડું અત્યારે વાપરવું હોય તો પણ વાપરી શકાય તેમ નથી કારણ કે તે અંગેનું ઔષધિઓનું જ્ઞાન પણ આજે લુપ્ત થઈ ગયું છે. સો વર્ષ પહેલાં ક્યાંક કોઈક લોકો હરણની ચામડી વચ્ચે વરખ ટીપતા પણ તે ૧૦૮ જુદી જુદી ઔષધિઓ વડે ચામડાને સાફ કરવામાં આવે તો જ એ ચામડું વરખ બનાવવામાં વાપરવા યોગ્ય બનાવી શકાતું. આજે તો માત્ર સિન્થેટિક કાગળ જ વાપરવામાં આવે છે.

સોના-ચાંદીના વરખમાં અન્ય કોઈ ચીજ ઉમેરાય તો વરખમાં કાણા પડી જાય છે. પાનવાળાને ચાંદીનો વરખ પોસાતો નથી એટલે એલ્યુમિનિયમ ફોઈલમાંથી વરખ બનાવવામાં આવે છે. તે શરીરને નુકસાનકારક છે. વર્ધમાન સંસ્કૃતિ ધામના સરસંચાલક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ તથા અન્ય કાર્યકરભાઈઓ શ્રી રમેશભાઈ મોદી, શ્રી અશ્વિનભાઈ વગેરેએ આવી જહેમત ઊઠાવી વરખની પરખ કરી છે. આ અંગે કોઈ પણ ભાઈ-બહેનોને ફોટાઓ કે વિડિયો ફિલ્મ જોવી હોય તો ફોન (૦૨૨) ૨૩૮૮૭૬૩૭ ઉપર સંપર્ક કરી શકે છે.

આવો, વરખના વિવાદને હવે કાયમ માટે વિદાય આપી દઈએ.

*મંગલ મંદિર, જાન્યુઆરી, ૨૦૦૩*

**પમરાટ**

**એક નાનું સરખું ફૂલ**
**જો દૂર સુધી સુગંધ ફેલાવી શકે,**
**નાનકડું કોડિયું**
**જો ચોમેર ઝળહળાટ પ્રસરાવી શકે**
**તો માનવપ્રતિભા શું ન કરી શકે?**

# કોમ્પ્યૂટર યુગમાં ગુનાશોધન - સગડ શોધવાની લુપ્ત થતી કળા : પગી

• મહેશ સોલંકી "બેનામ" •

માનવ જીવનને ઉપકારક એવી અનેક કળાઓ પરંપરાગત આપણી ભારતીય સંસ્કૃતિમાં ચાલતી આવી છે. આવી જ એક વિશિષ્ટ કળા છે પગેરું એટલે કે સગડ શોધવાની કળા 'પગી'. જે કળા શીખવાની કોઈ શાળા નથી, ક્યાંય પ્રમાણપત્ર અપાતું નથી પરંતુ આ પરંપરાગત એક લોકશાસ્ત્ર છે.

ગુજરાતના સંશોધનાત્મક લેખક શ્રી પુષ્કર ચંદરવાકર પગેરું શોધવાની કળાની શરૂઆત વિષે નોંધે છે કે,

"ઋગ્વેદમાં એક પ્રસંગ છે. ઈન્દ્ર દેવની ગાયો પણ લોકો ચોરી ગયા હતા ત્યારે ઈન્દ્રએ 'સરમા' નામની કૂતરીને ગાયો અને ગાયોના ચોરોને શોધી લાવવાનું કામ સોંપ્યું. તે કૂતરી ગાયો ચોરવા આવનારના સગડ સુંઘીને પગેરે ચડી હશે તેમજ માનવાનું ને?

માટે સગડ શોધવાનું જ્ઞાન કે વિજ્ઞાન પરંપરાગત હોવાથી લોકશાસ્ત્રના એક અંગ તરીકે સ્વીકારી શકાય. વળી ઋગ્વેદમાં આવતી સગડ શોધવાની ઘટના પરથી કહી શકાય કે, કૂતરા-કૂતરી દ્વારા પ્રાચીન કાળમાં સગડ શોધાતાં અને પગેરું લેવાતું."

કૂતરા - કૂતરી દ્વારા લેવાતા સગડને પગલે બુદ્ધિશાળી માનવીએ પોતાની બુદ્ધિ, કોઠાસૂઝ અને આવડત-અનુભવને કામે લગાડીને ઝીણવટભરી દૃષ્ટિને વિકસાવી આ પગી કલાનો પ્રારંભ કર્યો હશે. તે કળા દ્વારા ગુના શોધી માનવજાત માટે ઉપકારક બનવા 'પગી' એ પ્રથમ પગલું જોઈ પગની ડગે આગળ વધ્યો હશે.

કચ્છમાં પ્રાચીન કાળથી કોઠાસૂઝવાળા માનવી ગુનેગારને શોધવા માટે તેના પગની છાપને ઓળખીને પીછો કરી તેનું પગેરું મેળવતા. આ કલામાં માહિર હોય તેને 'પગી' તરીકે ઓળખવામાં આવતા. આ કળા માત્ર પુરુષોને જ હસ્તગત હોવાનું જણાય છે.

કચ્છમાં આવા 'પગી' રાજાશાહીથી જ ગુના શોધવામાં સક્રિય રહ્યા છે.

કચ્છના ઇતિહાસમાં મહારાઓશ્રી દેશળજી બીજા (સને ૧૮૧૯થી ૧૮૬૧) થઈ ગયા. જેઓના શાસનકાળમાં કચ્છમાં સારી એવી શાંતિની સ્થિતિ હતી. એ સમયમાં 'કલગીની ચોરી', ઘટના ખૂબ ચકચારી ઘટના હતી. જેમાં સગડ કળાનાં દર્શન થાય છે.

રાઓશ્રી દેશળજી પ્રજાનાં સુખ દુઃખ સાંભળવા કચ્છમાં પ્રવાસે નીકળતા ને કેમ્પ ગોઠવાય, ડેરા તંબૂ તણાય, રસાલો બંદોબસ્ત સાથે રહે, આવો એક પ્રવાસ વાગડમાં કરતાં શિકારપુર ગામે ડેરાતંબુ નંખાયેલ. રાત્રે ગરમી હોવાથી દેશળજી તંબુની બહાર ઢોલણી પથરાવી આરામ કરવા પોઢેલા. ચોકિયાતો હતા પણ તેઓ મુસાફરીના થાકથી લોથપોથ ને અહીં પ્રવેશવાની કોણ હિંમત કરે એમ વિચારી નિર્ભય થઈ સૂતા હતા.

સવારે ઊઠી દાતણ પાણી વગેરેથી પરવારીને દેશળજી તંબુમાં જઈ પોતાનો પોશાક ધારણ કરવા ગયા તો પાઘડી પરની કિંમતી કલગી મળી નહીં. અંગત માણસોને બોલાવી કલગીની તપાસ કરાવી તો ક્યાંયથી ન મળી, ને ચોરાયાનો વહેમ ગયો.

ચોરીના સગડ મેળવવા માટે તે સમયના જાણીતા પગીઓને સંદેશા મોકલવામાં આવ્યા અને છાવણી ફરતે પગીઓએ પગની ઓવાડ નાખી તો પૂર્વ દિશાએથી કોઈ નવા પગનાં નિશાન છાવણીમાં આવતા દેખાયા ને તે પાછા જતા પણ દેખાયા. આ પગ લઈ પગેરાં-પગી તથા સિપાઈઓ આગળ ને આગળ વધતા ગયા તો એ પગેરું ઠેઠ રણ રસ્તે તોરાડ તરફ આગળ ને આગળ જતું જોવામાં આવ્યું. ને ચોર એ જ રાત્રે રણ ઓળંગી સામે કાંઠે પહોંચી ગયાનું જણાયું. આ હકીકતની જાણ દેશળજી બાવાને કરવામાં આવી.

આવી ઘટનાની જાણ લોકોમાં થાય કે, ખુદ રાજવીના તંબુમાંથી તેની આબરૂ જેવી પાઘમાંથી કિંમતી કલગીની ચોરી થઈ તો તે પ્રજાનું શું રક્ષણ કરવાના હતા તેવી ચર્ચા ને ઉહાપોહ થાય ને દેશ વિદેશમાં કચ્છ રાજ્યની આબરૂ - ઈજ્જત ઘટે એથી આ કલગી ચોરી એક પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયેલ. આ વિચારે આ ઘટનાને ત્યાં જ દબાવી દેવાઈ પરંતુ મનમાં તો એ ખટકો રહી ગયેલો કારણકે તંબુની આસપાસના લોકો આ વાતને જાણતા હતા.

આ ઘટનાને ચાર-છ માસ વીતી ગયા. કચ્છ વાગડના પલાંસવા ગામના ગઢવી-મારૂ ચારણ સગાને ત્યાં ચોરાડ જતા ને કવિ હોઈ રાધનપુર નવાબ જોરાવરખાનની કચેરીમાં પણ અવારનવાર જતા. તે મુજબ રાધનપુર કચેરીમાં જતાં નવાબે ધારણ કરેલ પોશાકમાં પાઘડી પરની કલગી જોતાં ચમક્યા અને તેને દેશળજીની ચોરાયેલ કલગી યાદ આવી. ધારીને જોયું તો એ જ કલગી કારણકે કવિ, દેશળજીના દરબારમાં પણ જતા આવતા હતા. કવિએ ભુજ આવી ખાનગીમાં દેશળજી બાવાને મળીને એ કલગીની વાત કરી. પણ સામે રજવાડું હોવાથી શું થઈ શકે તે વિચારમાં ખોવાઈ ગયા. વાત પાકા પાયે સાચી હતી કોઈ અફવા તો નહોતી જ. કવિ વિશ્વાસુ હતા.

સામે રજવાડું હોઈ દેશળજી બાવા

*બહુ વિચાર કરતા રહીએ તો તક ખોઈ બેસીએ એવું બને.*

ચિંતામાં પડ્યા. શું કરી શકાય? અંગત વિશ્વાસુ માણસો સાથે વાત થઈ, કે જેમ કલગી ગઈ તેમ પાછી લઈ આવે તેવો કોઈ માણસ આપણા દેશમાં નથી ?

તે સમયે કચ્છ, સિંધ, ચોરાડમાં આસિયો-માંડિયો નામે ઓળખાતા એ જમાનાના નામીચા ચોર હતા. તેના પર તેની નજર કરી ને ફોજદારે બાવાને વાત કરી, તેનાથીય સવાયા છે પણ ગુનેગાર છે. ખુદ નવાબને ઉપાડી લાવે તેવા છે. હુકમ હોય તો... બાવાએ કહ્યું, ભલે કરો પણ તેમાં આપણો હાથ છે તેની ગંધ બહાર ન જવી જોઈએ. તમે તો જાણો છો અંગ્રેજ કાયદાનો અમલ. મુશ્કેલીમાં ન મુકાઈએ તેવી ચીવટથી કામ કરાવો.

યોજના મુજબ બંનેને કામ સોંપાયું ને પડકાર હોય તેમ યુક્તિથી નવાબના મહેલ વગેરેની માહિતી મેળવી ચંદન ઘો નો ઘા કરી દોરીને સહારે ઉપર ચડી જઈ નવાબ - બેગમ ઊંઘતા હતાં, કપડાં, પાઘ, કલગી પડ્યા હતા. દાગીનાની પોટલી પડેલ તે ઉઠાવી નીચે બારી વાટે સેરવી આસિયાએ લઈ લેતા ચેતવવા નવાબને પડકાર માટે અંગૂઠો દબાવ્યો. નવાબે જાગતાં પડકાર્યો, 'કૌન હૈ?' માંડીયે કહ્યું, 'તારો બાપ.' નવાબે ત્રાડ પાડી, 'સંત્રી, પહેરેગીર ! કૌન હૈ?' ક્રોધમાં કહ્યું, કમબખ્તો ક્યા દેખતે હો, પકડો ઉસે. મશાલો સળગતાં સૈનિકો-પગીઓ સાથે નીકળ્યા. પૂંઠ પકડી. બંને ચોર રણ ઓળંગી, આશ્રય લીધા વગર ભુજ કામ સોંપનાર અમલદારને ઘેર પહોંચ્યા. ત્યાં બંનેને બેસાડી, જમાડી, બાવાને બાદમાં એકાંતે મળી રાધનપુરથી ભુજ સુધીની તમામ વાત કરી ને લાવેલ વસ્તુ સોંપતા એ જ કલગી હતી.

એવા પણ સમાચાર આપ્યા કે, રાધનપુર નવાબના પગીઓ અને ઘોડેસવારોએ તેઓએ પૂંઠ પકડી છે તે પાછળ આવવા જ જોઈએ.

દેશળજી બાવાને એક તરફ ગર્વ થતો હતો. તો બીજી તરફ તેઓની મૂર્ખાઈ પર હસવું પણ આવતું હતું. તેઓને બચાવવા કેમ તે વિચારે દ્વિધામાં હતા. એ સમયે એવો કાયદો હતો કે જે રજવાડાની હદમાં કોઈ પણ ગુનેગારનો પગ આવે તેને શોધીને ગુનેગારને સોંપવાની ફરજ તે રાજ્યની જ રહેતી કાં તો તેનો પગ તેની પોતાની હદ બહાર જતો તેમણે બતાવવો પડતો અથવા તે ગુનેગારને રજૂ કરવો જોઈએ એવો કડક નિયમ હતો. આમાંથી બચવા દેશળજીએ અમલદારોને સમજાવી, જો આ બંને કચ્છમાં રહે તો જવાબદારી રાજ્યની રહેશે જેથી તેને માંડવી તરફ રવાના કરો. ત્યાં જાણીતા વહાણવટીને સૂચના આપો કે તેઓને વહાણમાં ચડાવી દે અને એમનો પગ દરિયામાં ઉતરતો મૂકાવી દે. પછી ભલે તેને કચ્છના બીજા કાંઠે પાછા ઉતારી દે ને કચ્છમાં આવતા રહે. પણ અત્યારે તેઓના તાજા પગનાં નિશાન માંડવી સુધી પહોંચવા જોઈએ. જેથી તેઓ ત્યાંથી કચ્છ બહાર ચાલ્યા ગયા છે તેવું બતાવી શકાય.

અમલદારે એમ જ કર્યું. ને રાધનપુર નવાબના પગીઓએ માંડવી બંદર સુધી પગેરું લઈ નિરાશ થઈ પાછા ગયા. ચોરાયેલ કલગી વ્યાજ સહિત પાછી લાવ્યા. કચ્છી માંડુ એ વાત એ જમાનામાં વર્ષો સુધી ગુપ્ત રહેલી ને તે ચોરોએ પણ ત્યાર પછી કચ્છમાં ચોરી કરવાનું બંધ કરેલું.

## • કચ્છના પગીઓ :

કચ્છમાં રાજાશાહીના વખતથી ગુના શોધવા માટે ગુનેગારોનું પગેરું લેવા માટે પરંપરાગત પગીઓનો ઉપયોગ થતો આવ્યો છે. કચ્છના રાઓશ્રી ખેંગારજીના સમયમાં રાજાશાહી પગી તરીકે લખપત તાલુકાના લાખાપર ગામના હાજી અબ્દુલ્લા સુમરા પગારદાર પગી હતા. રાજવી શિકારમાં જાય ત્યારે તેની સાથે રહે. એ માણસના પગમાં સ્ત્રી-પુરુષના પગ પણ જુદા તારવી શકે તેમજ પ્રાણીઓના પગ પણ ઓળખી શકે તેવા કાબેલ પ્રાણીના પગ પરથી તે નર છે કે માદા, એટલું જ નહીં પગમાં ખોડને કારણે લંગડાય છે, માદા ગર્ભવતી, એક આંખે કાણો છે તેવા સચોટ અનુમાનો કરી રાજવીને દંગ કરી દેતાં. રાજવીએ એ સમયે લાખાપર ગામે દસ એકરની વાડી ભેટમાં આપેલ. પગી રામસિંગ ગગુજી પણ જાણકાર પગી હતા.

પોલીસ ખાતામાં પણ પગીને ગુનાશોધમાં સાથે રાખવામાં આવતા. નિષ્ણાત પગીને પગારદાર તરીકે નોકરીમાં લેવાતા. સાંયરાના ખોયરાજી મગાજી પગી, લખપતના અલી મામદ સુમાર નોતીયારના નામ જાણીતા. હાલે હાસમ અલી મામદ ખલીફા લખપત ખાતે પોલીસ પગી તરીકે સેવા બજાવે છે.

ખાનગી પગીઓ પણ એક સમયે જાણીતા હતા તેમાં લખપત તાલુકાના ગુગરિયાણા ગામના ભલા ફકીરાણી ખૂબ જ જાણીતા હતા. હાસમ ખલીફા તેને પોતાના છોરુ માને છે. ભુલા જત દરિયાના કાદવમાંથી પણ ગુનેગારનું પગેરું તારવી લેતા. સાંઢડીનું બચ્ચું મરી ગયેલ હોય તે કઈ સાંઢડીનું છે તે પણ ઓળખી બતાવતા. તેને સરકારી પગી તરીકેની નોકરી માટે ઓફર કરવામાં આવેલ પણ તેણે સ્વીકારી નહીં.

કચ્છમાં કેટલાક ચકચારી કેસોમાં પગીઓના સહયોગથી ગુનેગારો પકડાઈ ગુનો સારી રીતે ઉકેલવામાં આવતાં ગુનેગારોને સજા થઈ પગેરાને સફળતા મળેલ.

પગી હાસમ ખલીફાએ પોલીસ પગીઓ જેઓ સારી કામગીરી કરી નિવૃત્ત થઈ ગયેલ છે, તેઓનાં નામ જણાવતા પગી કળાના જાણકારોમાં ભીરંડીયારા આ.પો.ના પગી કાનજી સોઢા (કુરન) ધોરડો, ઓ.પી.ના પગી અકબાલ ખમીસા (પનેવારી) ખાવડા બી.એસ.એફ.ના પગી અબ્દુલ કરીમ નોડે (લડિયા), સુમેરસીંગ સોઢા (કુરન) વગેરે અનેક પગીઓ થઈ ગયા તેનો ઉલ્લેખ કરેલ.

પગી હાસમ ખલીફાએ કચ્છના કેટલાક નોંધપાત્ર કેસ વિષે જણાવતાં આ કળા પણ ગુનો શોધવામાં કેવી મદદરૂપ બને છે તે જણાઈ આવે છે.

કચ્છના વાગડ વિસ્તારમાં માપર ગામે ચોરી સાથે ખૂન થાય તો તે વખતે ચકચારી બનાવ હતો. તેમાં ગુનો બની ગયા બાદ પગીને બોલાવવામાં આવેલ. પગેરું લેતાં, ગુનેગારો પકડાવેલ. ડી.એસ.પી. શ્રી બસિષ્ઠ આ.એ. રૂા. ૨૫/- એસ.ટી. તથા રૂ. ૧૦૧/ - ખાનગી ઈનામ આપેલ.

સને ૧૯૭૭માં નરા ગામનો સરદાર જગદારસિંહ કુનરા ખૂન કેસ જમીન અદાવત

*દરેક જણને એવા કોકની ખાસ જરૂર રહે છે, જે એને બતાવે છે કે એ શું કરી શકે છે.*

પ્રશ્ને ખૂબ ચકચારી બનેલો. તેના ગુનેગારોના સગડ મેળવતાં ઠેઠ લુણા ગામ સુધી પહોંચી તહોમતદારોને પકડાવેલ.

અંજારની પ્રજા તથા વેપારી આલમે ખુશ થઈ પગીઓનું સન્માન કરીને રૂા. ૧૦૧/- બંને પગીઓને ભેટ આપેલ.

માત્ર કચ્છમાં જ નહીં કચ્છ બહાર પણ કચ્છના પગીઓની નામના હતી. તેની પગ શોધવાની કુશળતાને કારણે કચ્છ બહારથી પોલીસ દ્વારા કચ્છી પગીઓને ગુના શોધવા મદદે બોલાવતા. સને ૧૯૯૨માં હાસમભાઈ ગુજરાતમાં ગોધરા તેમજ જુનાગઢ તાલુકાના વિસાવદર ગયેલા.

સૌરાષ્ટ્રના ઈતિહાસ પ્રસિદ્ધ બહારવટીયા કાદુ મકરાણીના પૌત્ર મકરાણી બહારવટીયે વીસાવદરની હદમાં લુંટ કરીને બે-ત્રણ જણનું ખૂન કરી નાસી ગયેલ. જે અગાઉ પણ તેણે અનેક ગુનાઓ કરેલા. આ ઘટના સૌરાષ્ટ્રમાં ખૂબ ચકચારી બનેલ. તે વખતે રાજકોટ રેન્જ ડી.આઈ.જી. શ્રી પી. કે. દત્તા સા. હતા. કચ્છમાંથી પગીઓને બોલાવતાં કચ્છ કુરનના પોલીસ પગી કાનજી રતનજી સોઢા અને લખપત પોલીસ પગી હાસમ અલીમામદ ખલીફાને મોકલાવેલ.

ખુંખાર બહારવટીયાઓની બંદૂકોના ભય વચ્ચે ગુનેગારોના સગડ લેવાના હતા. રાજસ્થાનથી બે પગીઓ રણછોડ રબારી અને સથાભાઈ કોલીને પણ બોલાવેલ.

ચારે પગીઓએ વીસાવદરથી પગેરું લેવાનું શરૂ કર્યું ને ધારી થઈ ગિરનારની ડુંગરાઈ ખીણ વિસ્તાર સુધી દુધાવદર ગામે પહોંચ્યા. જ્યાં ગુનેગાર બહારવટીયાની રખાત રામબાઈ કોલી સબાઈ તળાવ ખાતે રહેતી. તે જ દિવસે બાઈને ઘેર બાળકનો જન્મ થયો હતો. તેના ઘેર સુધી પગેરું લેતા પહોંચ્યાં. શંકા પડતાં પોલીસની પૂછપરછમાં બાઈએ કબૂલાત કરી લીધી ને તે જ ગામનાં એક જૂના મકાનમાંથી ગુનેગાર બહારવટીયાને તેના સાગરીત માંજા રબારી સાથે પકડાવેલ. વીસાવદર પી.એસ.આઈ. શ્રી ચુડાસમા ને સ્ટાફ હતો. તેઓ તરફથી દરેક પગીને રૂા. ૫૧/- તથા જી.એસ.ટી. તેમજ ડી.આઈ.જી.પી. શ્રી પી. કે. દત્તા સા. તરફથી રૂા. ૫૦/- અને જી. એસ.ટી. મળેલ.

કચ્છના રાજવીઓ શિકારે જતા ત્યારે પણ પગીને પોતાની સાથે રાખતા. સિંહ - સિંહણના શિકાર માટે જંગલમાં પ્રથમ પગી દ્વારા પગ જોવાતા. સિંહ-સિંહણના પગના નિશાન મળતાં, તેને પગલે દિશા મળતી અને ઠેઠ તેના અસલ ઠેકાણે પહોંચી, તેના પાણી પીવા જવાના માર્ગમાં અનુકૂળતા જોઈ શિકાર માટે મંચ ગોઠવીને રાહ જોવાતી. આમ શિકાર શોધવા માટે પણ પગેરાની કળાનો ઉપયોગ થતો. સિંહ છે કે સિંહણ, ચિત્તો કે અન્ય જાનવર જેના પગની છાપ પરથી નક્કી કરી લેવાતું. ખેંગારજી બાવા સાથે શિકારમાં જતા લાખાપરના પગી હાજી અબ્દુલ્લા સુમરા રાજના પગારદાર પગી પણ હતા.

એક વખત ખેંગારજી બાવાને તેણે સિંહણનાં પગલાંની છાપ જોઈ શિકાર કરવા ના પાડેલી ને કહેલું, સિંહણ ગર્ભવતી છે, એક પગે લંગડી ને કાણી છે. એ સમય ગર્ભવતી સિંહણને પ્રાણી હોય તેનો શિકાર ન કરતા. બાવાએ તેની વાત પર ધ્યાન ન આપતાં શિકાર કર્યો. જોયું તો ખરેખર સિંહણ એવી જ નીકળી ત્યારે બાવાને ખૂબ અફસોસ થયેલ ને પૂછ્યું, "તેં કેમ જાણ્યું?" તો કહે પગની છાપ પરથી. લંગડાતી હોઈ જમીનમાં એક પગ ઓછો દબાતો હતો. ને વજન વધુ હોઈ પંજા ઊંડા પડતા હતા ને પગલાં આડાઅવળા હોઈ નક્કી કરેલ કે સિંહણ લંગડાતી ને હલંગ પરથી કાણી અને પેટના વજનથી ગર્ભવતી હોવાનું જણાવેલું.

આ ઘટનામાં કચ્છના પગીઓ કેટલા કુશળ પગી હતા તે જણાઈ આવે છે.

હાલમાં ગુનાશોધન માટે આવા પગી કળાનો બહુ જૂજ ઉપયોગ થાય છે. તેમ તેના નિષ્ણાતોની સંખ્યા પણ દિન પ્રતિદિન ઘટતી જાય છે. પોલીસ ખાતામાં પગીની પોસ્ટ હજુ પણ છે પરંતુ અસલ કામગીરીને બદલ અન્ય સામાન્ય કામગીરી લેવાય છે. જરૂર પડ્યે કેટલાક નિષ્ણાત પગીઓની મદદ લેવાય છે.

પગી કળા કોઠા સૂઝને શિષ્ય પરંપરાથી થોડે અંશે ટકી છે જે લુપ્ત થવાને આરે છે. કચ્છના રણમાં દુશ્મન દેશના ઘુસણખોર જાસુસ વગેરેના પગલાં આવતા-જતાં પગી દ્વારા ઓળખાય છે.

આમ કચ્છના પોલીસ પગી, સાચી ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમનું કાર્ય કરે છે. કચ્છમાં સરહદી અફાટ રણમાં ભલભલા ભૂલા પડે ને પોતાનો જાન ખોઈ બેસે તેવા વિસ્તારમાં દિશા સૂચન માટે પગીઓ બારે માસ ઉપયોગીને ઉપકારક બને છે. વિજ્ઞાનના વિકાસની સાથે 'ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ' નામનું વિજાણુ સાધન સ્થળ સુધી પહોંચવામાં ઉપકારક છે પરંતુ તે યંત્રની મર્યાદા હોય છે. જ્યારે પગીઓ ગમે ત્યારે બારેમાસ પગનાં નિશાન અને તે ન હોય તો આકાશના તારા જોઈને પણ સાચી દિશા તરફ દોરી જાય છે અને લક્ષ્ય સિદ્ધ કરવામાં સહાયક બને છે.

*મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩*

## પાયાનો પથ્થર

મંદિર નિર્માણનું નક્કી થયું ત્યારે મૂર્તિ, શિખર કે દીવાલ બનવા માટે પથ્થરોમાં ભારે પડાપડી જામી. પણ.... પાયાનો પથ્થર બનવા માટે કોઈ કહેતાં કોઈ તૈયાર ન થયું.

વર્ષો સુધી પાયામાં જ પુરાવાનું, હજારો મણનું વજન છાતી પર ઝીલ્યા જ કરવાનું, શ્વાસ લેવા પૂરતુંય વજન હેઠું નહીં મેલવાનું : આવું તે કોણ સ્વીકારે?

ને કોઈ તૈયાર ન જ થાય તો મંદિરની દીવાલો શી રીતે ચણાય? મૂર્તિ પણ ક્યાં બેસાડાય? ને શિખર પણ ક્યાંથી ઊભું થાય? વળી કળશ પણ ક્યાંથી ઝળકે? અને ધ્વજા પણ ક્યાં ફરફરે?

આખરે... એક પથ્થરના હૈયે સમર્પણ ભાવ જાગી ઊઠ્યો, એ અંતરથી બોલ્યો : "ભલે મને પાયામાં જ પૂરો. પણ મંદિરનું નિર્માણ કાર્ય તો અત્યારે જ આરંભો."

ને ત્યારે... મૂર્તિ, મંદિર ને શિખરના પથ્થર એના સમર્પણને વંદી રહ્યા, અભિવંદી રહ્યા. શિખરની પતાકા લહેરાવતો આ વાયરો કોનું કીર્તન કરે છે?

"પાયાના પથ્થરની જેમ પાયામાં પુરાઈએ."

*– સાભાર : "અમૃતબિંદુ"*

*માણસ ચમક્યા વિના વીજળીનો ઝબકારો જોઈ શકે એનું નામ કુશળતા.*

# ખોરાક વિશે ખોટી માન્યતા

• ડૉ. કેતન ઝવેરી •

ખોરાક અંગે જાતજાતની સાચી ખોટી માન્યતાઓ આપણે ત્યાં લોકો ધરાવતા હોય છે. તેમાં કેટલીક ખોટી માન્યતાને પરિણામે લોકો જે સારો ખોરાક છે તે ખાતા નથી, તો વળી નુકસાનકારક ખોરાક વધુ પ્રમાણમાં લેવા માંડે છે. દાખલા તરીકે -

વજન ઘટાડવા માટે લોકો સહુથી પહેલાં ભાત ખાવા બંધ કરી દે છે. પણ ભાતથી વજન વધે છે એ માન્યતા ખોટી છે. ચોખા, ઘઉં, બાજરો, જુવાર વગેરે કોઈ પણ અનાજ એકસરખા પ્રમાણમાં ખાવાથી એકસરખી કેલેરી જ આપણને મળે છે. ઊલટું, બીજા બધા ધાન્ય કરતાં ચોખામાં ચરબીનું પ્રમાણ ઓછું છે. વળી ચોખામાં બીજી કોઈ જાતની ચરબી (ઘી-તેલ) ઉમેર્યા વિના તે ખાઈ શકાય છે. ભાત બંધ કરીને રોટલી-ભાખરી-થેપલાં - પૂરી વગેરેનો ખોરાક વધારનાર મોણમાં તેલ/ ચોપડામાં ઘી ને કારણે ઊલટાની વધારે ચરબી લે છે અને પરિણામે શરીર ઘટવાને બદલે વધતું જાય છે.

ભાતમાં રેસાતત્ત્વનું પ્રમાણ ખૂબ ઓછું છે. ભાતની સાથે શાકભાજી કે કઠોળ ભેળવીને ખાવા સલાહભર્યું છે. દાળ તરીકે મગની ફોતરાવાળી દાળ સાથે ભાત લેવા હિતાવહ છે, કારણ કે તે રસાતત્ત્વથી ભરપૂર છે.

પોલિશ કરેલા ચોખામાં રેસાતત્ત્વ સાવ ઓછું હોય છે. ચોખાને પોલિશ કરવાથી તેનું ઉપલું પડ નીકળી જાય છે. પણ આ ઉપલા પડમાં જ સૌથી વધુ રેસાતત્ત્વ અને ખનિજ રહેલાં હોય છે. એટલે નજરને લોભાવતાં પોલિશ કરેલા ચોખાને બદલે હાથછડના ચોખા વાપરવાથી આપણને વધુ રેસાતત્ત્વ મળે છે. આ રેસાતત્ત્વની હાજરી કોલેસ્ટેરોલ અને શુગરને નિયંત્રણમાં રાખવા માટે ખૂબ જ જરૂરી છે.

બીજી એક માન્યતા બહુ વ્યાપક છે કે કેળાં ખાવાથી શરદી થાય. પણ તેને કોઈ વૈજ્ઞાનિક સમર્થન નથી. માટે કેળાં જેવા સરસ ખોરાકથી નાનાં બાળકોને પણ વંચિત રાખવાં નહીં. શરદી તો વાઈરસના ચેપથી થાય અથવા એલર્જીથી થાય. શરદીના વાઈરસનો ચેપ કોઈ ખોરાકથી ફેલાતો નથી. શરદીના દરદીના નજીકના સંપર્કથી ફેલાય છે. એલર્જીથી થતી શરદી પણ સામાન્ય રીતે હવામાં ઊડતાં રજકણોથી થાય છે અને એને કેળા ખાવા સાથે કોઈ સંબંધ નથી.

રોજિંદા ખાદ્ય પદાર્થો અંગે આપણે ત્યાં લોકો જાતજાતની સાચી-ખોટી માન્યતાઓ ધરાવતા હોય છે. ખોટી માન્યતાઓને પરિણામે જે સારો ખોરાક છે એ લોકો ખાતા નથી અને નુકસાનકારક ખોરાક વધુ ને વધુ પ્રમાણમાં (સારો હોવાની ગેરમાન્યતાથી દોરવાઈને) ખાધા કરે છે ! ઘણીવાર તો ડૉક્ટરો કહી કહીને થાકી જાય છતાં લોકો પોતાના મનમાં ઘર કરી ગયેલી માન્યતાઓ છોડી શકતા નથી. આવી કેટલીક ખૂબ પ્રચલિત માન્યતાઓ.

### (૧) ભાત ખાવાથી શરીર ફૂલી જાયઃ

જેમનું વજન વધારે હોય એ લોકો વજન ઉતારવા માટે સૌથી પહેલાં ભાત ખાવાના બંધ કરી દે છે.... અને એ પછી વજનમાં ઓર વધારો થાય છે !! ભાતથી વજન વધે છે એ માન્યતા તદ્દન ખોટી છે. એક સરખા પ્રમાણમાં ચોખા, ઘઉં, જુવાર, બાજરો વગેરે કોઈ પણ ધાન્ય ખાવાથી લગભગ એક સરખી જ કેલરી મળે છે. ઊલટું ચોખામાં બીજા બધા ધાન્ય કરતાં ચરબીનું પ્રમાણ સૌથી ઓછું છે. વળી ચોખાને બીજી કોઈ કોઈ પણ જાતની ચરબી (ઘી/તેલ) ઉમેર્યા વગર સહેલાઈથી ખાઈ શકાય છે. ભાત બંધ કરીને રોટલી, ભાખરી, પરોઠા, થેપલા, પૂરી વગેરે ખાવાનું વધારનાર, ખોરાકમાં ચરબીનું પ્રમાણ (મોણમાં તેલ/ ચોપડવામાં ઘીને કારણે) વધારે છે અને પરિણામે શરીર ઘટવાને બદલે વધે છે.

ભાતમાં રેસાતત્ત્વનું પ્રમાણ ખૂબ ઓછું છે અને ડાયાબિટીસના દર્દીઓમાં એકલા ભાત ખાનારના લોહીમાં શુગર વધવાની શક્યતા ઘણી વધારે રહે છે. એટલા માટે ભાતની સાથે લીલા શાક / વટાણા / ભાજી વગેરે ભેળવીને ખાવું વધુ સલાહભર્યું છે. દાળ તરીકે મગની ફોતરીવાળી દાળ (જે રેષાતત્ત્વથી ભરપૂર છે એ) ખાવી હિતાવહ છે. બીજા કોઈપણ આખા કઠોળ સાથે પણ ભાત ખાઈ શકાય.

પૉલિશ કરેલા ચોખામાં રેસાતત્ત્વ સૌથી ઓછું હોય છે. ચોખાને પૉલિશ કરવાથી તેની ઉપરનું પડ સંપૂર્ણપણે નીકળી જાય છે. ચોખાના આ ઉપલા પડમાં જ સૌથી વધુ રેષાતત્ત્વ મળે. રેષાતત્ત્વની હાજરી શુગર અને કોલેસ્ટેરોલને નિયંત્રણમાં રાખવા માટે ખૂબ જરૂરી છે. માટે ભાત ખાવા અને શાક ફોતરાવાળી દાળ કઠોળ સાથે ખાવા.

### (૨) શિંગતેલ કરતાં કપાસિયા તેલ વધુ સારું :

કંપનીઓના પ્રચાર કે અન્ય કોઈ 'શુભેચ્છક'ની સલાહથી મોટાભાગના હૃદયરોગના દર્દીઓ એવી ખોટી માન્યતા ધરાવતા હોય છે કે શિંગતેલ કરતાં કપાસિયાનું તેલ વધુ સારું ! હકીકત એ છે કે કપાસિયાનું તેલ શિંગતેલ કરતાં વધુ નુકસાનકારક છે. શિંગતેલમાં આશરે ૨૧ ટકા સંતૃપ્ત ચરબી

*જેણે ધન ખોયું તેણે કશું નથી ખોયું પણ ચારિત્ર્ય ખોયું તેણે બધું જ ખોયું.*

આવેલી છે, જ્યારે કપાસિયા તેલમાં ૨૬ ટકા સંતૃપ્ત ચરબી છે. સંતૃપ્ત ચરબી જેટલી વધારે હોય એટલા વધુ પ્રમાણમાં કોલેસ્ટેરોલ બને, જે શરીરને નુકસાન કરી શકે. આ ઉપરાંત શિંગતેલમાં મોનોસેચ્યુરેટેડ ચરબી (જે ફાયદો કે નુકસાન નથી કરતી) એનું પ્રમાણ કપાસિયા તેલ કરતાં ઘણું વધારે છે જે ઇચ્છવા યોગ્ય છે. આમ ખોટી માન્યતાને કારણે હૃદયરોગના અને વધુ કૉલેસ્ટેરોલ ધરાવતાં દર્દીઓ તેલ બદલીને બકરું કાઢતાં ઊંટ પેઠું જેવો ઘાટ ઊભો કરી દે છે. હકીકતમાં તેલનો કુલ વપરાશ ઓછો કરવો એ સૌથી અગત્યની વાત છે અને પછી તેલના પ્રકારની પસંદગી આવે છે. સૌથી ઓછી સંતૃપ્ત ચરબી ધરાવતાં તેલોમાં સરસવ/રાયનું તેલ (૧૦ ટકા), તલનું તેલ (૧૩ ટકા) વગેરે આવે છે જે પૈકી સરસવનું તલનું તેલ વધુ સ્વાસ્થ્યપ્રદ ગણી શકાય. વૈજ્ઞાનિક આધાર વગર કોઈની કહેલી વાત સાંભળીને લોકો પોતાની જ તબિયતને નુકસાન પહોંચાડે છે. એનો આ એક જીવંત દાખલો છે.

### (૩) ચીકુ ખાવાથી ચરબી વધે :

ઘણાં લોકો ચરબી વધવાની બીકને કારણે ચીકુ જેવાં ફળો નથી ખાતા. હકીકતમાં ઘઉં, બાજરા જેવા અનાજ કરતાં પણ ઓછી ચરબી ચીકુમાં રહેલી છે. વળી સો ગ્રામ ઘઉં, ચોખા કે બાજરો ખાવાથી આશરે ૩૫૦ કૅલરી જ મળે છે. વળી, ચીકુ અને અન્ય ફળોમાં રેષાતત્ત્વ સારા એવા પ્રમાણમાં હોય છે જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. ફળોમાં રહેલા ફ્લેવોનોઈડ્સ અને અન્ય એન્ટી ઑક્સિડન્ટ તત્ત્વો સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે.

### (૪) ઘી ખાવાથી ગેસ ન થાય :

ઘણા લોકો રસ, ઢોકળાં, ખીચડી, ભાત કે અન્ય કોઈ પણ ખોરાક લૂખો ખાવાને બદલે ફરજિયાત ઘી નાખીને જ ખાય છે. એવી આશામાં કે આનાથી ગેસ કપાશે. હકીકતમાં આ માન્યતાને કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. ઊલટું વધુ પડતું ઘી ખાવાથી કૉલેસ્ટેરોલ વધવાની, વજન વધવાની, પિત્તાશયની તકલીફ થવાની, હૃદયરોગ થવાની વગેરે અનેક શક્યતાઓ વધે છે. ઘીમાં કૉલેસ્ટેરોલ વધારે એવી સંતૃપ્ત ચરબી ઘણાં વધુ પ્રમાણમાં છે. જેટલું વધારે ખી ખાવામાં આવે એટલું કોલેસ્ટેરોલ વધે છે અને હૃદયરોગની સંભાવના પણ વધે છે. દુનિયાભરમાં ગુજરાતીઓમાં હૃદયરોગ વધુ થવાનું એક કારણ વધુ ઘી ખાવાની ટેવ પણ હોઈ શકે. રોટલી કે રોટલો ઘી વગર ખાઈ જ ન શકાય એવો વહેમ રાખશો નહીં. ગેસ થવાનો હોય તો ઘી ખાવાવાળાને પણ થાય જ છે. રોજના કુલ ચાર-પાંચ ચમચીથી વધુ ઘી અને તેલ (બંને મળીને) ખાવાથી નુકસાન જ થાય છે.

### (૫) કેળા ખાવાથી શરદી થાય :

બહુ વ્યાપક એવી આ માન્યતાને કોઈ વૈજ્ઞાનિક સમર્થન નથી. નાનાં બાળકોને કેળા જેવા સરસ ખોરાકથી વંચિત રાખવા એ તદ્દન ગેરવાજબી છે. શરદી કાં તો વાઈરસના ચેપથી થાય અથવા એલર્જીથી થાય. શરદીના વાઈરસનો ચેપ કોઈ ખોરાકથી ફેલાતો નથી. માત્ર શરદીના દર્દીના નજીકના સંપર્કમાં આવવાથી જ ફેલાય છે. એલર્જીથી થતી શરદી પણ સામાન્ય આવવાથી જ ફેલાય છે. એલર્જીથી થતી શરદી પણ સામાન્ય રીતે હવામાં ઊડતા રજકણોથી થાય છે એને કેળા ખાવા સાથે કોઈ સંબંધ નથી.

### (૬) કમળાના દર્દીને શેરડી ને ચણા જ ખવડાવાય :

કમળાના સાદા કેસમાં ઘણાં લોકો દર્દીને માત્ર શેરડી કે ચણા જ ખાવા આપે છે. આ સિવાય બીજી કોઈ વસ્તુ ખાવા પર પ્રતિબંધ ફરમાવી દે છે. હકીકતમાં સાદા કમળાના દર્દીઓએ ખોરાકમાં ઘી-તેલનું પ્રમાણ સાધારણ ઓછું કરવા સિવાય બીજી કોઈ તકેદારી રાખવાની જરૂર નથી હોતી. રોટલી, દાળ, ભાત, શાક વગેરે સામાન્ય ખોરાક દર્દીને સહેલાઈથી આપી શકાય. દર્દીને ભૂખ મરી ગઈ હોવાથી જે ભાવે તે ખાવાની છૂટ આપવી જોઈએ. માત્ર ઘી-તેલ ઓછું રાખવું જોઈએ.

### (૭) એલોપથીમાં ખોરાકની પરેજી જરૂરી નથી હોતી :

આ માન્યતા બિલકુલ ખોટી છે. હા ! આયુર્વેદ જેવી અટપટી પરેજી ન હોય પણ રોગો ન થાય અને થયેલા રોગો કાબૂમાં રહે એ માટે ખોરાકી પરેજી અતિ આવશ્યક છે. તંદુરસ્ત માણસે પણ તંદુરસ્તી જાળવી રાખવા માટે ખાવા-પીવામાં સંયમ રાખવો જરૂરી છે. ઘી-તેલ-મીઠું (નમક) વગેરેનો ઉપયોગ ઓછો કરવો અને ફળ-શાકભાજી-કઠોળ વગેરેનો ઉપયોગ વધારવો લગભગ બધા માટે જરૂરી છે. રોગ પ્રમાણે હૃદયરોગ, બી.પી., ડાયાબિટીસ, એસિડિટી, ગાઉટ, પથરી, દાંતનો સડો વગેરે અનેક રોગો માટે અનેક દવાની સાથે લેવા માટે ખોરાકની પરેજી જરૂરી હોય છે.

*મંગલ મંદિર, જુલાઈ-૨૦૦૩*

## જિવાડવા માટે જીવીએ

આ જગતમાં જે માનવી કેવળ પોતાના જ સ્વાર્થ માટે જીવે છે, એ વારંવાર જીવનમાં ડગલે ને પગલે ભૂલો પડે છે અને અનહદ દુઃખ વેઠે છે. પરંતુ જે માનવી બીજાની સેવા કરવા માટે મદદરૂપ થવાની પ્રેમભરી ભાવનાથી જીવે છે તે માનવીના જીવનનો આનંદ તદ્દન જુદા જ પ્રકારનો હોય છે, જેનું વર્ણન શબ્દોમાં થઈ શકતું નથી અને આથી જ આપણે સૌએ એક વાત હંમેશ માટે સમજી લઈએ કે બીજાને ઉપયોગી અને મદદરૂપ થવા માટે આ જગતમાં જે મનુષ્ય જીવશે તે જ જીવનસંગ્રામમાં "જીવનવીર" બનશે અને જે કેવળ પોતાના સ્વાર્થ માટે જીવશે તે સદાય માટે "જિંદગી હારી જશે." ભગવાને તમને ત્રણ વસ્તુ ભેટ આપી છે કે જેની ઉપર કોઈનો પણ હક્ક નથી ને તે છે : તન, મન ને ધન. આનો કઈ રીતે અને ક્યાં ઉપયોગ કરવો તેની પસંદગી તમારે કરવાની છે. બસ, પછી આનંદ જ આનંદ. જેની પાસે ધન નથી તે તન અને મનથી પણ સમાજસેવા કરી શકે છે - આપણે વિચારીએ કે આપણે સમાજને કઈ રીતે ઉપયોગી થઈ શકશું.

*ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ)*
*મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૪*

*સારા વિચાર અને સંતોષ હશે તો સમતા આપોઆપ મળશે.*

# ચક્ષુદાન
# ચાલો, આંખ આડેના પડળ ઉતારીએ...

• હીરેન મહેતા •

મુંબઈના ગામદેવી વિસ્તારમાં રહેતા ધનસુખભાઈને એમની ૪૦મી મેરેજ એનિવર્સરી જરા જુદી રીતે ઉજવવાનો વિચાર આવ્યો. એમણે પત્ની વનલતાને વાત કરી. વનલતાબહેનને પણ એ આઈડિયા ગમી ગયો. લગ્નતિથિની સવારે બન્ને જણ શહેરની એક આઈ બેન્કમાં જઈ નેત્રદાનમાં પ્લેજકાર્ડ ભરી આવ્યા. બે દીકરા-વહુ અને દીકરી-જમાઈ પણ એમને અનુસર્યા. આઈ બેન્કમાં એક જ કુટુંબનાં નામે ૧૦ પ્લેજ કાર્ડ ભરાઈ ગયાં.

ટ્રાફિક મેનેજમેન્ટ ક્ષેત્રે મોટું નામ ધરાવતા મહારાષ્ટ્રના વરિષ્ઠ પોલીસ ઓફિસર ડૉક્ટર પી.એસ. પસરિચાના આખા પરિવારે પણ આઈ ડોનેશનનાં પ્લેજ કાર્ડ ભર્યાં છે. ચક્ષુદાન (આઈ ડોનેશન) માટેનું પ્લેજ કાર્ડ એટલે પોતાના મરણ પછી આંખ કાઢીને કોઈ અંધજનને આપવા માટેની સંમતિ.

એક અંદાજ પ્રમાણે ભારતમાં ૧ કરોડથી વધુ લોકો અંધ છે. (અમુક સંગઠનો તો આ આંક ૧ કરોડ ૫૦ લાખની આસપાસ મૂકે છે.) ૧ કરોડમાંથી ચાલીસેક લાખ લોકો એવા છે જેમની દૃષ્ટિમાં બીજી ખરાબી નથી, ફક્ત આંખ પરના પારદર્શક પડદા (કોર્નિયા)ની કોઈ ક્ષતિને કારણે એમને અંધાપો આવ્યો છે. આ ૪૦ લાખમાંથી ૬૦ ટકા (અંદાજે ૨૪ લાખ) તો બાર વર્ષથી પણ ઓછી ઉંમરના બાળકો છે!

ટેલિવિઝનની અંદરની ટ્યૂબ બગડી જાય તો પડદો (સ્ક્રીન) બ્લેન્ક થઈ જાય. સાવ કાળોધબ્બ. આંખમાં ઊલટું છે. પડદામાં ફૂલું થવાથી કે બીજા કોઈ કારણે ઈન્ફેક્શન થયું હોય અથવા કોઈક રીતે પડદાને ઈજા પહોંચી હોય તો આંખની અંદર અંધારું હી અંધારું. આંખની આગળના આ પટલ (કોર્નિયા)માંથી તો પ્રકાશનાં કિરણ આપણી આંખમાં જાય છે અને આપણે બધું જોઈ શકીએ છીએ. આંખમાં લાઈટ જઈ ન શકે તો આપણને દેખાય કઈ રીતે?

અગાઉ શીતળા (સ્મૉલ પોક્સ)ની બીમારીથી કોર્નિયા પર અસર થઈ હોવાના કિસ્સા બહુ બનતા. 'હવે આ રોગ તો નાબૂદ થઈ ગયો છે, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં વિટામીન-એ ની અછતને કારણે હજુ ઘણા લોકોમાં કોર્નિયાને હાનિ થતી હોવાના કેસ નોંધાય છે.'

મુંબઈના ઓપથેલ્મોલોજિસ્ટ (નેત્રરોગના નિષ્ણાત) અને બોમ્બે સિટી આઈ ઈન્સ્ટિટ્યૂટના મેડિકલ ડિરેક્ટર ડૉક્ટર કુલીન કોઠારી કહે છે, કોર્નિયા તો આંખનો દરવાજો છે. શર્ટના બટનની સાઈઝના આ દરવાજાને કંઈ પણ નુકસાન થયું તો માણસ આંખની દૃષ્ટિ ગુમાવી દે.'

પરંતુ પોણો-એક કલાકની સર્જરીથી એમની દૃષ્ટિ, એમની એક ઇન્દ્રિય પાછી લાવી શકાય છે. સર્જરીમાં ખાસ કંઈ કરવાનું પણ હોતું નથી. બીજી વ્યક્તિની આંખના ડોળા (આઈબોલ)માંથી કોર્નિયા કાઢી અંધજનની આંખમાં એ પડદો રોપી દેવાનો. (કોર્નિયાનું ગ્રાફટિંગ કરવાનું). કેરેટોપ્લાસ્ટી તરીકે ઓળખાતી આ શસ્ત્રક્રિયા સફળ (અને આવા ઓપરેશનનો સકસેસ રેટ બહુ ઊંચો છે.) એટલે પેલો પ્રજ્ઞાચક્ષુ ચકાચક દેખાતો થઈ જાય.

પરંતુ એટલી સહજતાથી આ થઈ જતું હોત તો કોર્નિયાથી બ્લાઈન્ડ એવા ૪૦ લાખમાંથી બહુ ઓછા લોકો હજુ અત્યારેય અંધ હોત. ખાટલે મોટી ખોડ છે અંધજનોની આંખમાં બેસાડવા માટે પડદો એટલે કે કોર્નિયા મળવાની. અમુક દેશોમાં આર્ટિફિશિયલ કોર્નિયા બનાવવાની શરૂઆત થઈ છે, પરંતુ એ પડદા બહુ મોંઘા મળે છે અને એની સફળતાનો પાકો અંદાજ હજુ મળ્યો નથી.

એટલે આજની તારીખમાં કોર્નિયલી બ્લાઇન્ડ (કોર્નિયાની ખરાબીને કારણે અંધાપો ભોગવતા) લોકોને દેખતા કરવા માટેનો એક જ ઈલાજ છે - બીજા કોઈની આંખનો કોર્નિયા બેસાડવાનો છે.

જીવતા માણસની આંખમાંથી તો કોર્નિયા કાઢવાનો પ્રશ્ન જ નથી. એટલે કોર્નિયા મેળવવાનો એકમાત્ર સ્ત્રોત છે મૃત વ્યક્તિની આંખ. મૃત વ્યક્તિની આંખ મળે કઈ રીતે? નેત્રદાનથી. પણ ૧ અબજની વસતિ ધરાવતા આપણા દેશમાં દર વર્ષે નેત્રદાન દ્વારા કેટલી આંખ મળે? ફક્ત ૧૫ હજાર!

અત્યારે જ દેશમાં સરેરાજ ૪૦ લાખ કોર્નિયલી બ્લાઇન્ડ લોકો છે. દર વર્ષે એમાં ૪૦,૦૦૦નો વધારો થાય છે. ચક્ષુદાનથી મળતી આંખ દર વર્ષે અંધજનોની યાદીમાં ઉમેરાતા લોકો માટે પણ પૂરતી નથી. એમાંય વર્ષે ૨૫ હજાર (આંખ)નો ખાડો રહે છે. આ બેકલોગ વધતો રહેશે તો કોર્નિયલી બ્લાઇન્ડ પોપ્યુલેશન ૪૦ લાખથી વધીને ૫૦-૬૦ લાખ સુધી પહોંચી જતાં વધુ વાર નહીં લાગે.

માટે જ જરૂર છે વધુ ને વધુ નેત્રદાનની. ઘરની કોઈ વ્યક્તિનું મરણ થાય ત્યારે નજીકના સ્નેહીઓ તાત્કાલિક નિર્ણય લઈને મૃતકની આંખ ડોનેટ કરે તો એનાથી બે જણની આંખ દેખતી થઈ શકે છે, પણ તકલીફ એ છે કે એક તો આપણે ત્યાં આઈ બેન્કની સંખ્યા બહુ ઓછી છે અને બીજું, લોકો ઝટ ચક્ષુદાન માટે તૈયાર થતા નથી.

બોમ્બે સિટી આઈ ઈન્સ્ટિટ્યૂટના કો-ઓર્ડિનેટર ડૉક્ટર મુર્તઝા પૂનાવાલાએ આપેલી માહિતી પ્રમાણે આખા દેશમાં ગણીને ૧૭૧ આઈ બેન્ક છે. આ આંકડો કોઈને મોટો

*ગુસ્સો તમારા પર હાવિ થાય તે પહેલાં તમે તેના પર સવાર થઈ જાઓ.*

લાગતો હોય તો એમની જાણ માટે કહેવાનું કે ૧૭૧માંથી પણ બરાબર કાર્યરત હોય એવી આઈ બેન્ક તો ૫૦ થી ૫૫ જ છે. બાકીની બધી નામ પૂરતી. મુંબઈ જેવા મુંબઈમાં પણ વ્યવસ્થિત ગણી શકાય એવી પાંચ-સાત જ આઈ બેન્ક છે. હમણાં એમાં એકનો ઉમેરો થયો. બોમ્બે સિટી આઈ ઇન્સ્ટિટ્યૂટમાં આ સપ્તાહે નવનીત શાહ આઈ બેન્ક શરૂ થઈ છે.

બ્લડ બેન્કમાં જેમ આપણે લોહી જમા કરાવી કે મેળવી શકીએ એવું આઈ બેન્કનું છે. મરણ પછી ચક્ષુદાન કરવા જવાની કોઈની ઇચ્છા હોય તો નજીકની આઈ બેન્કનું પ્લેજ કાર્ડ ભરવાનું અને ઘરના લોકોને પણ એનાથી વાકેફ કરવાના.

આ વ્યક્તિ મૃત્યુ પામે પછી ઘરમાંથી કોઈ આઈ બેન્કને જાણ કરે એટલે ત્યાંથી ડૉક્ટર અને ટેક્નિશિયન આવીને આંખ કાઢી જાય. આવી આંખનો કોર્નિયા પછી કોઈ અંધ વ્યક્તિના ડોળામાં રોપવામાં આવે.

જો કે જેણે મરણ પહેલાં આઈ બેન્કનું પ્લેજ કાર્ડ ભર્યું હોય એની આંખ ડોનેટ કરી શકાય એવું નથી જ નથી. કોઈનું આકસ્મિક નિધન થાય અને ઘરના લોકોને ચક્ષુદાન કરવું હોય તો કોઈ પણ આઈ બેન્કનો સંપર્ક સાધી શકાય. માણસ મૃત્યુ પામે એના ચાર થી છ કલાકમાં આંખ કાઢી લેવામાં આવે એ જ જરૂરી છે. એ ગાળામાં આઈ બેન્કમાંથી ડૉક્ટર આવે ત્યાં સુધી આંખ સુકાય નહીં એની કાળજી લેવાની.

એ માટે ડૉક્ટરો સૂચવે છે કે મૃતદેહના માથા નીચે તકિયો રાખો. જે રૂમમાં મૃતદેહ રાખ્યો હોય ત્યાંનો પંખો, શક્ય હોય તો બંધ રાખો. રૂમમાં એરકન્ડિનશ હોય તો એ ચાલુ કરો તથા આંખ પર રૂનાં પોતાં મૂકો. આઈ બેન્કના ડૉક્ટર આવીને દસ-પંદર મિનિટમાં મૃતકની આંખી કાઢી લેશે. એમાં બીજી કોઈ લાંબી-ચોડી વિધિ કરવી પડતી નથી. ફક્ત મૃતકના કાનૂની વારસદારમાંથી કોઈ પણ એક વ્યક્તિ આઈ ડોનેશનના દસ્તાવેજ પર હસ્તાક્ષર કરે તો ચાલે.

મૃતદેહમાંથી આંખ કાઢવાને ઇન્યુક્લિયેશન કહે છે. આઈ બેન્કના ડૉક્ટર ઇન્યુક્લિયેશનની સાથે મૃતદેહમાંથી સેમ્પલ ટેસ્ટિંગ પૂરતું લોહી પણ લે. મૃતકની આંખની જેમ એનાં લોહીની ચકાસણી સુદ્ધાં કરવી પડે. લોહીની તપાસમાં મૃતક એઈડસ કે હેપેટાઈટીસ-બી જેવી બીમારીથી પીડાતો હોવાનો ખ્યાલ આવે તો એની આંખ કોઈને આપવાને બદલે રિસર્ચ વર્ક માટે ઉપયોગમાં લેવાય છે.

લોહીનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી આઈ બેન્કવાળા આંખનો ડોળો સોલ્યુશનમાં સાચવી રાખે. અગાઉ લાંબો સમય આઈબોલ સાચવવાની પદ્ધતિ નહોતી એટલે તરત ને તરત એનું ગ્રાફટિંગ કરવું પડતું, પરંતુ એમકે (મેકેરી કોફમેન) મિડિયમ તરીકે ઓળખાતાં પ્રવાહીમાં આંખનો ડોળો ૭૨ કલાક સુધી જાળવી શકાય છે. અગાઉ આ સોલ્યુશન આપણે આયાત કરવું પડતું, પણ હવે ઘર આંગણે, હૈદરાબાદની એક કંપનીએ એમકે મિડિયમ બનાવવાની શરૂઆત કરી છે. (ત્રણ દિવસ સુધી આંખના ડોળાને જીવંત રાખતા પ્રવાહીને શોધકના નામ પરથી એમકે મિડિયમ તરીકે ઓળખવામાં આવે છે.)

આઈ બેન્કસ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ હવે નેત્રદાનને પ્રોત્સાહન આપવા માટે મોટા પાયે ઝુંબેશ ઉપાડવાનું ઠેરવ્યું છે. અમુક ડૉક્ટરોએ પણ પોતાની રીતે એને લગતી પુસ્તિકા બહાર પાડી છે તો કોઈકે વળી એ માટે વિવિધ ધર્મના સાધુસંતો તથા મૌલવીઓને અપીલ કરી છે. આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ, દેશની પ્રજા પર ધર્મગુરુઓની ખાસ પકડ છે. મોરારિબાપુ કે પાંડુરંગશાસ્ત્રી આઠવલે નેત્રદાન માટે અપીલ કરે તો એમના થોડા અનુયાયીઓ તો ચોક્કસ આઈ બેન્કમાં જઈને પ્લેજ કાર્ડ ભરી આવે. માની લો કે નેત્રદાન માટેની ચળવળને સારો આવકાર મળ્યો અને આઈ ડોનેશનના ફોનકોલ્સ વધવા માંડ્યા. તો આપણી પાસે એ બધે પહોંચી શકે એટલા આઈ બેન્કના ડૉક્ટર્સ છે ખરા?

બોમ્બે સિટી આઈ હોસ્પિટલ એટલે જ આ નવેમ્બરથી ફેમિલી ડૉક્ટરસ તથા બીજા જનરલ પ્રેક્ટિશનર્સ (જી.પી.) માટે મૃતદેહમાંથી આંખ કઈ રીતે કાઢવી એનો ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરી રહી છે. ફેમિલી ડૉક્ટરોને આઈ ડોનેશન કેમ્પેઈનમાં જોતરવાનો એક ફાયદો એ પણ છે કે કોઈ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે એના ઘરવાળા ફેમિલી ડૉક્ટર પાસે ડેથ સર્ટિફિકેટ લેવા તો જાય જ. એ સમયે ફેમિલી ડૉક્ટર મૃતકના સંબંધીઓને નેત્રદાન માટે પણ સમજાવી શકે. વળી એણે પોતે જ ઇન્યુક્લિયેશનની ટ્રેનિંગ લીધી હોય તો મૃતકના પરિવારજનોએ આઈ બેન્કનો કોન્ટેક્ટ કરવો ન પડે. જનરલ પ્રેક્ટિશનર આંખનો ડોળો કાઢી પોતાની રીતે આસપાસની આઈ બેન્કમાં જમા કરાવી શકે.

બોમ્બે સિટી આઈ ઈન્સ્ટિટ્યૂટના ડૉક્ટર કુલીન કોઠારી કહે છે, 'અમુક દેશોમાં તો એવો નિયમ છે કે અકસ્માત જેવા મેડિકો-લીગલ કેસમાં પોલીસ જ ડૉક્ટરને બોલાવીને મૃત વ્યક્તિની આંખ કઢાવી શકે છે. પોસ્ટમોર્ટમની વિધિ લાંબી ચાલે તો ઇન્યુક્લિયેશનનો સમય ચાલ્યો ન જાય અને મૃતકની આંખ નકામી ન જાય.' આ સામે આપણે ત્યાં ઘણી વારે ૬૦-૭૦ કલાક લાશ નધણિયાતી હાલતમાં પડી રહે છે. એ પછી મૃતકના પરિવારજનોની ઇચ્છા હોય તોય આંખ કાઢવાનો અર્થ રહેતો નથી.

કાયદા કરતાંય વધુ તો જો કે આમજનતાનું નેત્રદાન તરફનું વલણ બદલવાની જરૂર છે. ઘણાં લોકો આઈ ડોનેશન વિશેની ભળતીસળતી માન્યતાઓથી પીડાય છે તો કેટલાક વળી એમાંય ધરમને વચ્ચે લાવે છે કે અમારા ધર્મમાં ચક્ષુદાન કરવા પર પ્રતિબંધ છે. હોતું હશે? દુનિયાનો ક્યો મજહબ, ક્યો ધર્મગ્રંથ કોઈનું ભલું થતું હોય એવું કામ કરવાની મનાઈ ફરમાવે છે?

અંધાપો ભોગવતા ૧ કરોડ ભારતીયોમાંથી ૪૦ લાખ લોકોની દૃષ્ટિ કોર્નિયા ગ્રાફટિંગથી પાછી લાવી શકાય એમ છે, પણ આટલા કોર્નિયા લાવવા ક્યાંથી? જવાબ છે નેત્રદાન.

**ચક્ષુદાન**

**અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી આંખોની એમ. એન. જે. હોસ્પિટલમાં નેત્ર પ્રત્યારોપણના ઓપરેશન કરવામાં આવે છે.**

***મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૩***

***જો એક મનુષ્યની ઉન્નતિ થાય છે તો તેની સાથે સમગ્ર સમાજની ઉન્નતિ થાય છે.***

# વિલ વસિયતનામું

• જી. એમ. આચાર્ય •

વિલ (WILL) અંગ્રેજી શબ્દનું ભાષાંતર કરીએ તો 'ઇચ્છા' એવું થાય છે. કાયદાની ભાષામાં જેને ટેસ્ટામેન્ટ કહે છે એનો ગુજરાતી અર્થ વસિયતનામું.

વિલ વિશે ધ્યાનમાં રાખવા જેવી અમુક બાબતો તથા વ્યક્તિની હયાતી બાદ પરિવારને ખૂબ ઉપયોગી થઈ શકે તેવા ખાસ ધ્યાનમાં રાખવા જેવા કેટલાંક સૂચનો જોઈએ :

૧. દરેક પરિવારે પોતાનું મકાન, દુકાન, ફ્લેટ, પ્લોટ વ. જેવી સ્થાવર મિલકતો હોય તે ઉપરાંત વિવિધ બેંકોમાં ફિક્સ ડિપોઝિટ, બચત ખાતાં, લોકરો અથવા તો પોસ્ટના નાની બચતના સર્ટિફિકેટ, માસિક આવક, પી.પી.એફ. વ. જેવા અન્ય નાણાકીય રોકાણો કરેલ હોય છે. આમ, આ તમામ સ્થાવર અને જંગમ મિલકતમાં નાણાકીય એકાઉન્ટ્સમાં પોતાના એકના જ નામે ન રાખતાં બે વ્યક્તિના નામે રાખવું જોઈએ. ખાસ કરીને પત્નીનું નામ તમામ જગ્યાએ જોઈન્ટમાં રાખવું જોઈએ.

૨. સિનિયર સિટીઝન કદાચ પેન્શનર હોય તો અને કદાચ પેન્શન માટેનું બેન્કમાં તેમના સિંગલ નામનું એકાઉન્ટ હોય તો તે પેન્શનરે બેંકમાં નોમિનેશન ફોર્મ ભરી તેની એન્ટ્રી પાસબુકમાં કરાવવી ખૂબ જરૂરી છે.

૩. આ ઉપરાંત સિનિયર સિટીઝનોએ નીચેના કાગળો અલગ અલગ ફાઈલ બનાવી સાચવી વ્યવસ્થિત રાખવા :

(૧) ઇન્કમટેક્ષ અંગેના અગત્યના કાગળો

(૨) પેન્શનર હોય તો તેના પેન્શનના તમામ કાગળો.

(૩) ટેલિફોન બિલ, પહોંચ વ. તમામ

(૪) ગેસ કનેક્શન બુક

(૫) મ્યુનિસિપલ કે સરકારી તમામ ટેક્સ-વેરા બિલ પહોંચ.

(૬) મકાન કે સ્થાવર મિલ્કતના દસ્તાવેજો.

(૭) વાહનના તમામ લાગતા વળગતા કાગળો.

## • વસિયતનામું કોણ કરી શકે?

કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ઉંમરે વસિયતનામું કરી શકે. હાલના ઝડપી યુગમાં યુવાનવયે મૃત્યુ થવાના અનેક બનાવો બનતા હોય છે. તેવા સમયે યુવાનો પણ વસિયતનામું કરી શકે. પરંતુ સિનિયર સિટીઝનોએ વસિયતનામું કરવું ખૂબ જ જરૂરી છે. પોતાની હયાતી બાદ પોતાની સ્થાવર-જંગમ મિલકતની વહેંચણી કોને અને કેટલી કરવી તે નક્કી કરવા ઇચ્છતી તમામ વ્યક્તિ વસિયતનામું કરી શકે છે.

પુરુષો જ વિલ/વસિયતનામું કરે તેમ નથી. સ્ત્રી પણ પોતાની હયાતી બાદ પોતાના નામ પરની માલમિલકત, ઘરેણાં, ઝવેરાત માટે વિલ-વસિયતનામું કરી શકે છે.

વસિયતનામું પૈસાપાત્ર કે મોટી મિલકતવાળાએ જ કરવું જોઈએ તેવી માન્યતા સદંતર ભૂલ ભરેલી છે. સામાન્ય માણસ માટે પણ વસિયતનામું કરવું ખૂબ જ જરૂરી છે.

## • વસિયતનામું શા માટે?

આપે ક્યારેય એવો વિચાર કર્યો છે ખરો કે આપની હયાતી આ દુનિયામાં નહીં હોય ત્યારે આપના વારસદારોને શું શું તકલીફો પડશે? આવી તકલીફો ભવિષ્યમાં આપના વારસદારોને ન પડે તે માટે આપે વસિયતનામું કરવું અત્યંત જરૂરી છે.

અગર કોઈ વ્યક્તિએ વસિયતનામું ન કર્યું હોય તો તેના વારસોને જરૂર પડ્યે કોર્ટ દ્વારા વારસદારો નક્કી કરવા પડે છે અને તેનું વારસાઈ સર્ટિફિકેટ મેળવવું પડે છે. આ પદ્ધતિ અતિશય લાંબી અને ખર્ચાળ પણ છે. વળી, આમાં ઘણીવાર અને ગૂંચવણો પણ ઊભી થાય છે. પરંતુ જો વ્યક્તિએ વસિયતનામું કરેલ હોય તો તેના વારસદારોને આવી કોઈ ઝંઝટ કે માથાકૂટ રહેતી નથી અને વસિયતનામા મુજબ મિલકતની વહેંચણી થઈ શકે છે.

તમારી ઇચ્છા મુજબ કોને કેટલી મિલકત મળે તે માટે પણ વસિયતનામું ખાસ જરૂરી છે. આમ નક્કી કરી અગાઉથી વહેંચણી ન થઈ હોય તો વારસદારોમાં નાની અમસ્તી બાબતે પણ મનદુઃખ થવા કે કોર્ટ કચેરી સુધી વાત પહોંચવાના અનેક પ્રસંગ બનેલા છે.

## • હિંદુ વારસાધારો - ૧૯૫૬ :

મોટા ભાગના લોકો આપણે ત્યાં એવું માનતા હોય છે કે "આપણે ક્યાં કઈ મોટી માલ-મિલકત છે કે વસિયતનામું કરવું પડે" તે વાત બરાબર નથી. કારણકે આઝાદી આવ્યા પછી આવા કાયદાઓ સુધર્યા છે તે જાણવું જોઈએ અને તેના આધારે વસિયતનામું દરેક વ્યક્તિએ કરવું ખાસ જરૂરી છે. આઝાદી પહેલાં આપણા દેશમાં "ભારતીય વારસાધારો, ૧૯૨૫" હતો. તેમાંથી ૧૯૫૬ની સાલમાં "હિંદુ વારસાધારો, ૧૯૫૬" અમલમાં આવતા ઘણા મોટા ફેરફારો વારસા બાબતે થયા છે. આ કાયદો હિંદુ, શીખ, બૌદ્ધ, જૈનને સરખો જ લાગુ પડે છે. પરંતુ પારસી, ખ્રિસ્તી, યહૂદી પ્રજાને "ભારતીય વારસાધારો, ૧૯૨૫" લાગુ પડે છે અને મુસ્લિમ પ્રજાને

*હું તમને શીખવાડવા નહીં, પણ જગાડવા આવ્યો છું. - ઓશો*

તેમનો શરિયતનો કાયદો લાગુ પડે છે.

આ નવા કાયદા "હિંદુ વારસાધારો, ૧૯૫૬"ની કલમ-૩૦માં વારસા બાબતે જોગવાઈ કરવામાં આવી છે જેમાં વસિયતનામું કર્યા વગર ગુજરી જનાર વ્યક્તિની મિલકત તેની માતા, પત્ની, પુત્ર અને પુત્રીને સરખે ભાગે મળે તેવી જોગવાઈ કરેલ છે. આ જ કાયદામાં કોઈ પણ વ્યક્તિ પોતાની મિલકતનું વસિયતનામું બનાવવાની કાર્યપદ્ધતિ તથા તે અંગેની તમામ પ્રોસીજરની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદા મુજબ સ્ત્રી પણ પોતાની મિલકતનું વિલ કરી શકે છે.

હિંદુ વારસાધારાની કલમ-૩૦ મુજબ ૧૯૫૬થી વ્યક્તિની મિલકતમાં પત્ની, પુત્ર ઉપરાંત પુત્રીઓને પણ સરખો હિસ્સો આપવામાં આવેલ છે. એટલે કે પુત્રીઓને પુત્ર સમકક્ષ ગણેલ છે. કેટલીક એવી ખોટી માન્યતા સમાજમાં પ્રવર્તે છે કે પુત્રીઓને ભાગ મળી શકે નહીં. પરંતુ તે વાત બરાબર નથી. પુત્રી અપરિણીત હોય, પરિણીત હોય, વિધવા હોય કે ત્યક્તા હોય અથવા છુટાછેડા લીધેલ હોય છતાં તમામ પુત્રીઓને પુત્રોની જેમ જ વારસામાં સરખો હિસ્સો મળે છે. આ રીતે ૧૯૫૬થી હિંદુ વારસાધારા બાદ પુત્રીઓ-સ્ત્રીઓને વારસામાં સમાન હક્ક પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, પરંતુ કોઈ પુત્ર કે પુત્રી અગર ગુજરી ગયા હોય તો તેનાં પત્ની કે પતિ અને સંતાનો (પુત્ર-પુત્રી) પણ વારસામાં તેમના હિસ્સા પૂરતા હક્કદાર છે જે ખૂબ જ મહત્ત્વની જોગવાઈ છે.

- **પત્ની અને બાળકો સમકક્ષ :**

હિંદુ વારસાધારાની મહત્ત્વની બાબત એ છે કે જો વ્યક્તિએ વસિયતનામું ન કર્યું હોય તેવી વ્યક્તિની તમામ મિલકતો માતા, પત્ની, પુત્રો અને પુત્રીઓને સરખે હિસ્સે મળે છે.

આ બાબત મારી દૃષ્ટિએ પત્નીને અન્યાયકર્તા છે. કારણ અહીં પત્ની-અર્ધાંગિનીને બાળકો સમકક્ષ ગણી છે. તેને તેનો વરાડ મુજબ જ વારસો મળે છે. દા.ત., એક પતિ-પત્નીને ત્રણ પુત્ર અને બે પુત્રીઓ હોય અને તેણે વસિયતનામું ન કર્યું તો મિલકતમાં છ સરખા ભાગ થાય છે. - ૩ પુત્ર બે પુત્રી ૧ પત્ની. આમ પત્નીને કુલ મિલકતના છઠ્ઠા ભાગે મિલકત મળે આ બાબત મારી માન્યતા મુજબ યોગ્ય નથી. પત્ની તમારા સંતાનોની માતા છે. તે મુખ્ય વ્યક્તિની ધર્મપત્ની-અર્ધાંગિની છે, જે જીવનભર તમારા પડછાયાની જેમ સાથે રહી તમને સાથ-સંગાથ આપી મદદ કરી. તમારા સંસાર રથને તમારી સમકક્ષ રહી, આજે આ સ્થાને પહોંચાડવામાં તેનું પણ તમારા જેટલું જ પ્રદાન છે. તમે આજે જે કંઈ મેળવ્યું-પ્રાપ્ત કર્યું ભેગું કર્યુ તેમાં તે પણ તમારી સંગાથે સંપૂર્ણ સાથીદાર રહી છે. તેનું યોગદાન પણ તમારા જેટલું જ છે. બિલકુલ ઓછું આંકી શકાય જ નહીં. પતિના કામના કમાવાના કલાકો કરતાં પત્નીના કામના કલાકો (રજા વગરના) બમણાથી પણ વધુ થાય. તમે ભૌતિક સંપત્તિ સ્થાવર-જંગમ મિલકત એકઠી કરી હશે પરંતુ તમારા કાર્યો કરી સંસ્કાર-વ્યવહાર વારસો તેણે બનાવ્યો હોય છે. આમ ઘરમાં પિતા-માતા બંને સંતાનો માટે સર્વસ્વ છે. આથી જ વસિયતનામું કરનારે પહેલાં પોતાની તમામ મિલકત પોતાની હયાતી બાદ પોતાની પત્નીને જ મિલકત મળે અને પત્ની હયાત ન હોય ત્યારે જ સંતાનો વચ્ચે વહેંચણી કરવી જોઈએ. આમ ન કરવું હોય તો વિકલ્પે એવું કરી શકાય કે કુલ મિલકતના પચાસ ટકા પત્નીને મળે અને બાકીના પચાસ ટકામાંથી તમામ સંતાનો અને બાળકોમાં વહેંચણી કરવી.

આમ ૧૯૫૬ના હિંદુ વારસાધારામાં થયેલ જોગવાઈથી પત્નીને, સ્ત્રીઓને, માતાઓને જે અન્યાય થયેલ છે તે અન્યાય વસિયતનામું કરી નિવારી શકાય છે.

એવો એક કિસ્સો મારા ધ્યાનમાં આવેલ છે કે પતિએ વિલ બનાવ્યું ખરું પણ પોતાની તમામ મિલકત સંતાનો વચ્ચે વહેંચી દીધી અને પત્નીને ગેરસમજથી, અજાણતા કે ઈરાદાપૂર્વક કોઈ પણ કારણસર વસિયતનામામાંથી બાકાત રાખી. આમ થવાથી આ કિસ્સો છેક સુપ્રિમ કોર્ટ સુધી ગયો અને સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે "વિલમાંથી પત્નીને બાકાત રાખી શકાય નહીં."

આટલી છણાવટ બાદ વિલ કરનાર વ્યક્તિને એવી સલાહ આપવાનું મન થાય છે કે વસિયતનામું બનાવતી વખતે પત્નીનું ભવિષ્ય સલામત બને, તે સન્માનપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક પોતાનું પાછલું જીવન વ્યતીત કરી શકે માટે તમારા વસિયતનામાના પહેલા પેરેગ્રાફમાં નીચે મુજબ લખવાનું ચૂકશો નહીં.

"મારી હયાતી બાદ એટલે કે મારા અવસાન બાદ મારી તમામ સ્થાવર-જંગમ મિલકત મારી પત્નીને પ્રાપ્ત થશે અને તેની એટલે કે મારી પત્નીની હયાતી બાદ બાકી રહે તે મિલકતની વહેંચણી નીચે મુજબ કરવી."

આટલી જોગવાઈ કરી પછી નીચે ભાઈઓ-બહેનો વચ્ચે વહેંચણી કરી આપવી અથવા તો તમારી મિલકતના પચાસ ટકા ભાગ પત્નીને આપી બાકીના પચાસ ટકાની વહેંચણી કરી આપવી. આમ કરવાથી તમારી જીવનસંગિની - અર્ધાંગિનીનું ભવિષ્ય સલામત રહેશે.

- **વસિયતનામું કોણ કરી શકે?**

સામાન્યમાં સામાન્ય માનવી, યુવાન, વૃદ્ધ કે મહિલા જેને પોતાના નામે સ્થાવર-જંગમ મિલકત હોય તેણે વસિયતનામું બનાવવું જ જોઈએ. હિંદુ સ્ત્રી પોતાના સ્ત્રીધનનું અને હિંદુ વારસાધારાની કલમ-૧૪(૧) નીચે પ્રાપ્ત કરેલ મિલકતનું વિલ કરી શકે છે. અસ્થિર મગજની વ્યક્તિ અને સગીર વયની વ્યક્તિએ કરેલ વિલ ગેરકાયદેસર ગણાય છે.

- **કઈ કઈ મિલકતોનું વસિયતનામું થઈ શકે ?**

જે વ્યક્તિને પોતાની સ્વોપાર્જિત મિલકત હોય તે મિલકતને તે વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબની વહેંચણી કરી શકે છે એટલે કે વસિયતનામું કરી શકે છે.

વ્યક્તિને બાપદાદાની વારસામાં મળેલ વડીલોપાર્જિત મિલકત હોય તો તેના પર તે વ્યક્તિના વારસદારોનો સમાન હક્ક લાગે છે. વડીલોપાર્જીત મિલકત ભલે તે વ્યક્તિએ પોતાના નામ પર કરી લીધેલ હોય છતાં તેના પર તે વ્યક્તિના વારસદારોને (પત્ની, પુત્રી,

*આંખ-કાન ખુલ્લાં રાખીને સાંભળવું, પછી બોલવું.*

પુત્ર) સમાન હક્ક પ્રાપ્ત થાય છે.

આમ, વ્યક્તિ પોતાના દ્વારા મેળવેલ મિલકત એટલે કે સ્વોપાર્જિત મિલકતનું પોતાની ઈચ્છા મુજબની વહેંચણી કરતું વસિયતનામું કરી શકે છે.

- **વસિયતનામું કેમ કરવું-કઈ રીતે કરવું ?**

વસિયતનામું કરવું, બનાવવું તે એટલું બધું સરળ અને સહેલું છે કે તેમાં કોઈ વકીલ કે એડવોકેટ કે કાયદાના જાણકારની જરૂર રહેતી નથી. ઉપરાંત આ વસિયતનામું સાદા કાગળ પર લખી શકાય છે. તે માટે કોઈ પણ જાતના સ્ટેમ્પ પેપરની કોઈ જરૂર રહેતી નથી અને વસિયતનામું બનાવવાનું કોઈ ફોર્મેટ પણ નથી. સાદી સીધી ભાષામાં વસિયતનામું કરવાનું હોય છે. કદાચ સ્ટેમ્પ પેપર પર વસિયતનામું કર્યું હોય છતાં તેને રજિસ્ટર કરાવવું જરૂરી નથી.

વકીલો દ્વારા કરાવાયું હોય તો સ્ટેમ્પ પેપર તથા તેના ટાઈપિંગ અને તે માટેનો ખર્ચ થાય તે ઉપરાંત તે વકીલ કદાચ ૨૦૦ કે ૫૦૦ રૂપિયા ફી લે ત્યાં સુધી વાજબી ગણાય. ઊંચી ફી આપી દંડાવું નહીં.

સાદા કાગળ પર સરળ ભાષામાં વિલ બનાવવું અને તેમાં વિગતો તદ્દન સ્પષ્ટ હોવી જોઈએ. તેમાં તમો તમારી સ્વોપાર્જિત મિલકતમાંથી કઈ મિલકત કોને ફાળવો છો અથવા તમારા પત્ની તથા ક્યા ક્યા સંતાનોને (નામજોગ) કેટલો હિસ્સો આપવા માગો છો તે સ્પષ્ટ શબ્દોમાં લખવું.

- **વિલ કરતાં ખાસ કાળજી રાખવાની બાબતો :**

૧. વિલ કરનારે વિલ કરી છેલ્લે તેમાં સહી કરવી જોઈએ તથા તારીખ નાખવી જોઈએ. આ બંને બાબતો ખૂબ મહત્ત્વની અને જરૂરી છે. વ્યક્તિ કદાચ સહી કરી શકે તેવી શારીરિક સ્થિતિમાં ન હોય તો અંગૂઠાનું નિશાન પણ કરી શકાય છે.

૨. તમે વિલમાં કરેલ સહી અથવા તો અંગૂઠાનું નિશાન તમોએ પોતે જ કરેલ છે તેની શાખ અથવા સાક્ષી તરીકે બે વ્યક્તિઓની (સાક્ષીમાં) સહી કરાવવી જ જોઈએ તે ફરજિયાત છે.

૩. વિલમાં જ્યાં જ્યાં ચેકચાક કે સુધારો કર્યો હોય ત્યાં તમારી સહીની સાથે જ સાક્ષીની સહીઓ પણ કરાવવી જેથી આ સુધારો તમારા દ્વારા સાક્ષીની હાજરીમાં થયો છે તેમ નક્કી થાય.

૪. આ સાક્ષીઓ તમારી હયાતી બાદ પણ જીવિત હોય એટલે કે તમારાથી નાના - યુવાન હોય તે વધુ સારું. જેથી જ્યારે પણ કોઈ વાંધો પડે તો સાક્ષીઓ તેમાં સાક્ષી પુરાવી શકે.

૫. સાક્ષીઓને વિલ વંચાવવું જ તેવું જરૂરી નથી. પરંતુ આ સાક્ષીઓ તમારા વિશ્વાસુ અને હિતેચ્છુ હોય તેવા રાખવા હિતાવહ ગણાય.

૬. વિલથી જેને મિલકતમાં ભાગ મળતો હોય કે લાભ મળતો હોય તેવી વ્યક્તિઓને સાક્ષી તરીકે રાખી શકાય ખરા પણ રાખવા હિતાવહ નથી.

૭. શક્ય હોય તો વિલમાં તમારા ફેમિલી ડૉક્ટરની સહી સાથેનું સર્ટિફિકેટ લખાવવું કે, "આ વિલ કરનારની શારીરિક અને માનસિક સ્થિતિ નોર્મલ છે, એટલે કે સારી છે." બીમાર માણસ હોય તેના માટે ડૉક્ટરી સર્ટિફિકેટ હોવું ખાસ જરૂરી છે.

૮. તમે કરેલ વિલને રજિસ્ટર કરાવી શકાય પણ તે કરાવવું ફરજિયાત નથી. પરંતુ રજિસ્ટર કરાવવું મારી દૃષ્ટિએ હિતાવહ ગણાય.

૯. તમે કરેલું વિલ તમારી હયાતી દરમિયાન ગમે તેટલીવાર બદલી શકાય છે - ફેરવી શકાય છે અને એક કરતાં વધારે વિલ કર્યા હોય તો છેલ્લું વિલ જે હોય તે જ કાયદેસર અને માન્ય ગણાય છે. અમલવારીપાત્ર બને છે.

૧૦. આથી જ વિલ ગમે તેટલીવાર બનાવો તે તમામમાં તારીખ નાખવાનું ભૂલવું નહીં. તો જ ક્યું વિલ છેલ્લું તે નક્કી થઈ શકે. આમ, વિલની તારીખનું ખૂબ મહત્ત્વ છે તે ભૂલવું નહીં.

૧૧. એક કરતાં વધારે વિલ હોય તો તેમાં દરેક બાબતે સાક્ષીઓ પ્રથમ વિલમાં હોય તે જ બીજા વીલમાં જરૂરી નથી.

૧૨. પ્રથમ વિલ બનાવ્યા બાદ તેમાં સુધારાવધારા અથવા તો વહેંચણીમાં ફેરફાર કે અન્ય પ્રસંગે સુધારા વિલ પણ કરી શકાય છે. જેને કાયદાની ભાષામાં કોડિસાઈલ કહે છે. તેને મૂળ વિલ સાથે જોડીને જ રાખવુ.

૧૩. પરંતુ વિલની પ્રક્રિયા તદ્દન સરળ હોવાથી સુધારા કરવાને બદલે જૂના વિલને ફાડીને ફેંકી દેવું. નવું જ વિલ બનાવવું જેથી એક કરતાં વધારે વિલને કારણે કોર્ટ કજિયા ઊભા ન થાય.

૧૪. પ્રથમ વિલ રજિસ્ટર કરાવ્યું હોય તો પણ તે પછી જો વિલ ફેરવવામાં અથવા બદલવામાં આવે તો તેને પણ રજિસ્ટર કરાવવું ફરજિયાત નથી. હિતાવહ ખરું.

૧૫. જ્યારે એવું લાગે કે ભવિષ્યમાં વિલ બાબતે વારસદારોમાં તકરાર થવાનો સંભવ છે તો વિલમાં "નોટરી"ની સહી કરાવવી અથવા તે વિલને રજિસ્ટર કરાવવું વધુ હિતાવહ છે.

૧૬. જો બહુ મોટી મિલકત હોય તો વિલના "એક્ઝીક્યુટર - અમલ કરનાર" પણ નીમી શકાય. વિલ મુજબ ફલાણી વ્યક્તિ વહેંચણી કરશે. વિલમાં નીમેલા અમલ કરનાર એકઝીક્યુટરની સહી હોવી જરૂરી નથી.

૧૭. વીલ બનાવી તેને સુરક્ષિત જગ્યાએ

સાચવીને રાખવું અને તેની માહિતી તમારી અંગત વ્યક્તિ - તદ્દન નજીકનાં સગાં એટલે કે પત્ની, સંતાનો કે અન્ય નજીકનાં સગાં-મિત્રોને હોવી જોઈએ.

૧૮. તમે જીવિત હો ત્યાં સુધી તમે કરેલ વિલનું પુનરાવલોકન પણ કરતાં રહેવું જોઈએ. જેથી સ્થિત સંજોગોમાં કોઈ ફેરફાર થયા હોય તો તે મુજબનો ફેરફાર તમે વિલમાં કરી શકો.

૧૯. વિલમાં એકથી વધુ પેજ (પાનાં) હોય તો તેના દરેક પાને સહી કરવી જેથી પાછળથી પાના બદલી શકાય નહીં. આ પાને પાને સહી કરવી ફરજિયાત નથી, પણ હિતાવહ છે. જરૂરી છે.

૨૦. વિલ કરનારને છેલ્લે આમ ઉમેરવું કે "આ વિલમાં લખ્યા સિવાયની અન્ય જે કોઈ પણ મિલકત હોય તો તે કોને મળશે તેનો ખાસ ઉલ્લેખ કરવો."

ફરી ફરી યાદ અપાવવાનું મન થાય છે કે વિલ સાદા કાગળ પર પણ થઈ શકે. તેમાં મિલકતની વહેંચણી સ્પષ્ટ રીતે કરી, નીચે વિલ કરનારે સહી ખાસ કરવી. સાથે બે સાક્ષીઓની પણ સહી કરાવવી જોઈએ અને વિલમાં તારીખ ખાસ નોંધાવવી. આમ, કાળજી રાખી કાયદેસર વિલ બનાવી શકાય.

વસિયતનામું એ તમારા અવસાન બાદ તમારી તમામ માલ મિલકત કોને કેટલી અને ક્યારે કેવી રીતે મળે તે બાબતની તમારી અંતિમ ઈચ્છા બતાવે છે.

આપ જે મિલકતની વહેંચણી કરો છો તે તમારી પોતાની જાત મહેનત અને પરસેવાની છે. તેની વ્યવસ્થા - વહેંચણી કઈ રીતે, કોને કેટલી કરવી તે તમારો અબાધિત અધિકાર છે. બાપાની કમાયેલ મિલકતમાં મારો ભાગ છે તેવો કોઈ અધિકાર સંતાનને નથી. હા, વડીલોપાર્જિત મિલકત હોય તો વાત અલગ છે. ઘણી વખત પોતાનું સંતાન કે દત્તક સંતાન મા-બાપને હેરાન કરતાં હોય છે અને સ્વચ્છંદી બની ગયા હોય તો વિલ દ્વારા સ્વોપાર્જિત મિલકતમાંથી આવા સંતાનને બાકાત કરી શકાય છે.

વસિયતનામું બનાવવું, લખવું તદ્દન સહેલું છે પરંતુ ઘણી વખતે તો વકીલ પાસે કરાવેલ વસિયતનામામાં પણ શબ્દરચના એવી હોય છે કે તેના જુદા જુદા અર્થ થતા હોય છે. આના કારણે ઘણી વાર અનર્થ પણ થાય છે. આથી વસિયતનામું તદ્દન સરળ ભાષામાં, ટૂંકા ટૂંકા વાક્યોવાળું, સ્પષ્ટ અને ચોક્કસ ભાષામાં લખવું જોઈએ. ગોળ ગોળ ભાષામાં ન લખવું. સ્પષ્ટ રીતે લખી જણાવવું.

એક ખૂબ અગત્યની બાબત એ છે કે તમારી મિલકતમાં તમારી પત્નીના પિયરપક્ષ તથા સાસરી પક્ષના ઘરેણાં, દરદાગીના, ઝવેરાત, માલસામાન, મિલકત તેને જે લગ્ન વખતે મળ્યા હોય અને ત્યારબાદ તમે તમારી પત્નીને પ્રસંગોપાત નવાં ઘરેણાં, દરદાગીના બનાવી આપ્યા હોય કે ખરીદ કર્યા હોય અથવા કોઈ મિલકત કે જે તેને પિયરમાંથી મળી હોય કે તમે પત્નીના નામે તેના ભવિષ્ય માટે રોકાણો કર્યા હોય. આવી તમામ મિલકત તેની "સ્ત્રીધન"ની વ્યાખ્યામાં આવી જાય છે. આવી મિલકતો દરદાગીના, ઝવેરાત, ઘરેણાં તમારી પત્ની પાસે હોય અથવા તેના નામે હોય તો તેની સ્વતંત્ર માલિકી તમારી પત્નીની ગણાય છે અને તેની વહેંચણી વસિયતનામા દ્વારા તમારાથી થઈ શકે નહીં તે સમજી લેવું ખાસ જરૂરી છે. અગર આમ કરવામાં આવે તો કાયદાકીય ગૂંચ ઊભી થાય છે. આવી "સ્ત્રીધન"ની કે પત્નીના નામે મિલકત, ઘરેણાં, ઝવેરાત દરદાગીના વગેરેની વ્યવસ્થા પત્ની જુદા વિલ દ્વારા કરી શકે છે.

અને હા, તમે તમારી તમામ મિલકત તમારા અવસાન બાદ તમારી પત્નીને મળે અને તમારી પત્નીના અવસાન બાદ સંતાનોમાં વહેંચણી વસિયતનામામાં કરી હોય છતાં તમારા અવસાન બાદ તમારી મિલકતની વહેંચણીમાં તમારી પત્ની ફેરફાર કરી શકે, તેને વેચી પણ શકે. તે જે સંતાન તેને વધુ સાચવે-સારવાર કરે તેને વધુ અને અન્યને ઓછું તેવો કંઈ પણ ફેરફાર કરી મિલકતની વહેંચણી વિલ-વસિયતનામું કરીને કરી શકે તે તેના અધિકારમાં આવે છે. પરંતુ જો પત્નીએ પોતે વિલ ન કર્યું હોય તો તમારા વિલ મુજબ વહેંચણી થશે તે યાદ રાખવું.

*મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૩*

## "જીવન-સંધ્યા"

### શું મા-બાપની આખરી મંજિલ?

હમણાં થોડા સમય પહેલા માટે "જીવનસંધ્યા" નારણપુરામાં જવાનું થયું. આ સંસ્થામાં ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને પ્રવેશ મળે છે. વ્યક્તિ દીઠ મહિનાનો ચાર્જ રૂ. ૮૦૦/- છે. જેમાં બે ટાઈમ જમવાનું, ચા-નાસ્તો અને રહેવાનો ચાર્જ આવી જાય છે.

અહીંનાં સંચાલિકા બહેન સાથે વાત કરતાં જાણવા મળ્યું કે અહીં છોકરાઓ પોતાનાં મા-બાપને જુદા જુદા કારણોસર મૂકી જાય છે. અને ઘણા છોકરાઓ પોતાનાં મા-બાપની પૃચ્છા કરવા પણ નથી આવતાં.

એમણે એક કિસ્સો કહ્યો જે સાંભળી આપણું હૃદય કંપી ઉઠે.

એક માજીને ત્રણ દીકરા છે. પણ માને રાખવા ત્રણેમાંથી એકે દીકરો તૈયાર ન હતો. ત્રણેએ મળીને નક્કી કર્યું કે બાને આપણે "જીવન-સંધ્યા"માં મૂકી આવીએ. બાને આ વાત સીધે સીધી કરી હોત તો તેઓ તૈયાર ન થાત. એટલે દીકરાએ બાને કહ્યું કે આજે આપણે બીજા ભાઈના ઘેર રહેવા જવાનું છે. એમ કહી બાને દીકરો જ્યારે "જીવન-સંધ્યા" પાસે લઈ ગયો ત્યારે બાએ તરત જ કીધું, "આ ઘર મારા દીકરાનું તો નથી." પછી ત્યારે એમને ખબર પડી કે દીકરો એમને "ઘરડા-ઘર"માં મૂકવા આવ્યો છે. ત્યારે એટલું રડવા લાગ્યા કે સંસ્થાવાળા પણ સ્તબ્ધ થઈ ગયા. સંસ્થાવાળાએ જ્યારે દીકરાને પૂછ્યું કે બા તૈયાર નથી તો કેમ બળજબરીથી મૂકી જાવ છો? ત્યારે દીકરાએ કીધું મારી પત્નીએ મને ધમકી આપી દીધી છે કે જો બાને ઘરે રાખવા હોય તો હું તમારી સાથે રહેવાની નથી. તમે બા અને છોકરાઓ સાથે રહેજો હું ચાલી પિયર. દીકરો પણ રડવા લાગ્યો કે મારું સંસાર સારી રીતે ચલાવવા બાને અહીં મૂકવા જ પડે નહીં તો મારી પત્ની ભાગી જશે પછી મારું ને મારાં બાળકોનું શું થશે. હું મને બાયલો કહેવા તૈયાર છું.

છોકરાઓ એ વિચારતા નથી કે એમને પણ ઘરડા થવાનું જ છે. ત્યારે એમનું શું થશે. આપણાં સંતાનોને વારસામાં સંપત્તિ ન આપી શકીએ તો કંઈ નહીં પણ સારા સંસ્કાર તો જરૂર આપી શકીએ.

*ચંદ્રકાંત દામજી શાહ. (કે. ડી. શાહ)*
*મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૪*

*ક્ષણિક સુખ પાછળ ન દોડો, આત્માનો આનંદ શોધો.*

# સુજલામ્ સુફ્લામ્ યોજના

• અશોક મહેતા •

એક તરફથી આપણે જોઈએ તો આ યોજનામાં કંઈ જ નવું નથી પરંતુ જૂની યોજનાઓને વ્યવસ્થિત કરી એક જૂથમાં સામેલ કરી, તેને આપણી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. આ યોજનાઓનો તાલીમબદ્ધ પ્રોગ્રામ બનાવી તેને સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું લક્ષ સેવવામાં આવેલ છે. નર્મદા નદીના ચોમાસાના વધારાના પાણીના આયોજનો, તેનાથી હયાત ડેમોમાં પાણી ઠાલવવું, ચેક-ડેમો બનાવવા, કૂવાઓ રિચાર્જ કરવા, ખેત તલાવડીઓ બનાવવી, દક્ષિણ ગુજરાતની નદીઓને ઈન્ટરલીંક કરી મધ્ય ગુજરાતની નદીઓ સાથે જોડવી, કલ્પસર યોજના વગેરે યોજનાઓનો સમાવેશ આ યોજનામાં કરી લેવામાં આવેલ છે.

કુદરતી રીતે જોઈએ તો ગુજરાતમાં પાણીની વહેંચણી અસમાન ધોરણે થયેલ છે. દક્ષિણ ગુજરાતના અઢળક વરસાદ અને બારેમાસી નદીઓ, મધ્ય ગુજરાતમાં મધ્યમ કક્ષાનો વરસાદ જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખૂબ જ સામાન્ય વરસાદ અથવા તો દુષ્કાળની પરિસ્થિતિ વારંવાર ઉત્પન્ન થયા કરે.

પરિણામ સ્વરૂપે યોગ્ય પ્રમાણમાં ખેતી ના થઈ શકે, જરૂરી ખેતી કરવા ભૂગર્ભ જળ ખેંચી લેવાના, બિન આયોજિત ઉપયોગના કારણે ભૂગર્ભ જળ ઊંડા ને ઊંડા ઊતરતા જાય. જમીનમાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ તથા ખારાશનો ભાગ વધતા અને તે પાણીનો ઉપયોગ કરતાં અનેક રોગજન્ય સમસ્યાઓ ઉત્પન્ન થાય છે જેના અંતે સામાન્ય મનુષ્યનો જીવન નિર્વાહ ખૂબ જ કઠિન બની જાય.

આમ સમગ્ર ગુજરાતની વાત કરીએ તો અસમાન રીતે વહેંચાયેલી જળ સંપત્તિ, ભૂગર્ભ જળનો અતિશય બિન આયોજિત ઉપયોગ અને જમીન ઉપરના પાણીને રોકી રાખવાના બિન આયોજનના કારણે ૧૮,૦૦૦ ગામોમાંથી ૮૨૫૦ ગામો પીવાના પાણીની નબળી ગુણવત્તાનો ભોગ બનેલ છે. ૧૯૯૦ના દાયકામાં ભૂગર્ભ જળ જે ૩૦ મીટરે ઉપલબ્ધ હતા તે અત્યારે ૧૫૦ થી ૧૮૦ મીટરે ઉપલબ્ધ થાય છે. આમ ધરતીના પેટાળમાંથી પાણી શોષાઈ જાય છે જ્યારે જમીન ઉપર પાણીનો સંગ્રહ થતો નથી. યોગ્ય વિકલ્પના અભાવે ધરતીમાંથી ટ્યૂબવેલ દ્વારા વધુ ને વધુ પાણી ખેંચાય છે અને વધુને વધુ વીજળીનો ઉપયોગ થાય છે. રિચાર્જની અન્ય કોઈ વ્યવસ્થાના અભાવે "ડાર્ક ઝોન" વધતા રહ્યા છે. ખેતી માટે વીજળીનો વપરાશ ૪૦૦૦ મેગાવોટ પર પહોંચ્યો છે.

આ સમગ્ર સમસ્યાના કાયમી ઉકેલ માટે ગુજરાત સરકારે એક સમિતિની રચના કરી કે જેમાં નીચે મુજબના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો.

| | |
|---|---|
| શ્રી એસ. કે. શેલત - | મુખ્યમંત્રીશ્રીના સલાહકાર |
| ડૉ. પી. કે. મિશ્રા - | મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ |
| શ્રી એમ. એસ. પટેલ- | સચિવશ્રી, સિંચાઈ વિભાગ |

આ સમિતિએ ઉપરોક્ત સમસ્યાનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ જે યોજનાઓની રજૂઆત કરી તે યોજના સુજલામ્ સુફલામ્ યોજના. આ યોજના ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલ છે.

★ **સુજલામ્ સુફલામ્ યોજના-૧ :** એટલે મહેસાણા, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, કચ્છ અને સુરેન્દ્રનગર એમ ૧૦ જિલ્લા માટેની યોજના કે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૬૦૮૮ કરોડ જેટલો ગણવામાં આવેલ છે. આ યોજના ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ છે.

★ **સુજલામ્ સુફલામ્ યોજના-૨ :** એટલે દમણગંગા, પાર, તાપી, સાબરમતી તેમજ વચ્ચે આવતી નદીઓ, નદી પરિસરો અને જળાશયોને જોડી દઈને ચોરવાડ સુધીના પ્રદેશની પાણીની સમસ્યાઓનો સર્વાંગી ઉકેલ લાવવાની યોજના.

★ **સુજલામ્ સુફલામ્ યોજના-૩ :** એટલે કલ્પસર યોજના કે જેમાં નર્મદા, મહીસાગર, ઢાઢર અને સાબરમતી જેવી મુખ્ય ચાર નદીઓ સહિત કુલ ૧૨ નદીઓના પાણીને દરિયામાં મળતાં પહેલાં જ અટકાવી એક વિરાટ બંધ બાંધી તેને એક વિશાળ સરોવરમાં ફેરવી નાખતી યોજના. કલ્પસર યોજના એટલે સિંચાઈ અને પીવાના પાણી ઉપરાંત વીજળી અને રેલવે તથા રોડ જેવી પરિવહન યોજના તથા અન્ય અનેક મહત્ત્વની સુવિધાઓ દ્વારા ગુજરાત - સૌરાષ્ટ્રની એકંદર સમૃદ્ધિમાં વધારો કરતી યોજના.

અત્યારે સુજલામ્ સુફલામ્ યોજના-૧ ના અમલીકરણની વાતો ચાલે છે અને તેના ઠેરઠેર ઉદ્‌ઘાટનો કરવામાં આવી રહેલ છે તેથી આ યોજનાને વિસ્તૃતપણે નિહાળશું.

આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૬૦૮૮નો ગણવામમાં આવેલ

*જે બનવાકાળ છે તે બનીને જ રહેશે અને જે બનવાકાળ નથી તે કદી બનશે નહીં તો પછી ચિંતા શાની?*

છે અને તેને ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાના લક્ષ્યાંકો નિરધારિત કરવામાં આવેલ છે. આ યોજનાના નાણાકીય સંસાધનો સુનિશ્ચિત કરવામાં આવેલ છે. કહેવામાં આવે છે કે આ યોજનાને, વડાપ્રધાનશ્રી, નાયબ વડા પ્રધાનશ્રી તથા કેન્દ્રીય નાણા મંત્રીશ્રી તરફથી હરાકાત્મક પ્રતિસાદ મળેલ છે. કેન્દ્રીય નાણા મંત્રીશ્રીએ આ યોજનાઓનો સૈદ્ધાંતિક સ્વીકાર કરેલ છે અને કેન્દ્ર પુરસ્કૃત "એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ક્રેડિટ ફંડ" કે જેનું નવું નામ "લોકનાયક જય પ્રકાશ નારાયણ ફંડ" જાહેર કરવામાં આવેલ છે તેમાંથી તેમજ "રૂરલ ઈન્ફ્રાસ્ક્ટ્રચર ડેવલપમેન્ટ ફંડ" (RIDF)માંથી નાણાકીય સહાય ઉપલબ્ધ થઈ શકશે તે આધારે આ યોજના તરતી મૂકવામાં આવેલી છે.

સુજલામ્ સુફલામ્ યોજના-૧ મુખ્યત્વે પાંચ વિભાગમાં વહેંચવામાં આવેલ છે.

■ **વિભાગ-૧ :** રૂા. ૪૪૨૫ કરોડ
મહેસાણા, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા અને અમદાવાદ એમ ૬ જિલ્લાની યોજનાઓ

■ **વિભાગ-૨ :** રૂા. ૭૯૨ કરોડ
પંચમહાલ અને દાહોદ જિલ્લાઓ માટેની યોજનાઓ

■ **વિભાગ-૩ :** રૂા. ૪૯૨ કરોડ
કચ્છ જિલ્લા માટેની યોજનાઓ

■ **વિભાગ-૪ :** રૂા. ૩૨૯ કરોડ
સુરેન્દ્રનગર જિલ્લા માટેની યોજનાઓ

■ **વિભાગ-૫ :** રૂા. ૫૦ કરોડ
એક લાખ ખેત તલાવડી નિર્માણ કરવાની યોજના

**કુલ રૂા. ૬,૦૮૮ કરોડ**

***ઉપરોક્ત પાંચ વિભાગોની વિગતવાર માહિતી નીચે મુજબ છે.***

■ **વિભાગ-૧ :** મહેસાણા, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા તથા અમદાવાદ જિલ્લાઓ માટેની યોજના.

- આ યોજના હેઠળ કડાણા ડેમથી બનાસ રીવર બેસીન સુધી ૨૮૦ કિ.મી. લાંબી કડાણા રિચાર્જ કેનાલ તૈયાર કરવામાં આવશે કે જેમાં કડાણાનું દરિયામાં વહી જતું ફલડ વોટર ૭૦૦ મિલિયન ઘનમીટર પાણી વહન કરવામાં આવશે. આનાથી ૨૧ નદીઓ અને સેંકડો તળાવો પુનર્જીવિત કરવામાં આવશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૪૬૦ કરોડ ગણવામાં આવેલ છે.
- નર્મદા મેઈન કેનાલમાંથી નર્મદા યોજનાના ઉત્તર ગુજરાતના હિસ્સાના એક મિલિયન એકર ફીટ પાણીથી ધરોઈ, માઝુમ, મેશ્વો, વાત્રક, હાથમતી, ગૂહાઈ, મુક્તેશ્વર અને સીપુ-દાંતીવાડા સહિતના નવ પ્રમુખ જળાશયો કે જે હાલ તેની ક્ષમતાના ૫૦ ટકા જેટલા પાણીનો સંગ્રહ કરે છે તેના કમાન્ડ વિસ્તારને સંપૂર્ણ ૧૦૦ ટકા ક્ષમતા ઉપર ભરવામાં આવશે અને તેની નહેરોનું વિસ્તરણ કાર્ય હાથ ધરાશે અને વહેણ સિંચાઈ સિવાયના વિસ્તારોમાં ચેક ડેમો કરવામાં આવશે. વિસ્તારના ૫૦૦૦ ગામ તળાવો પણ નર્મદાના પાણીથી ભરવામાં આવશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૨૯૬૯ કરોડ ગણવામાં આવેલ છે.
- નર્મદા મેઈન કેનાલમાંથી કડાણા રિચાર્જ કેનાલને જોડતી ડ્રિસ્ટ્રિબ્યુશન લાઈનના નેટવર્કનું કાર્ય કે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૭૩ કરોડનો ગણવામાં આવેલ છે.
- આ છ જિલ્લાઓમાં પીવાના પાણી માટે બલ્ક અને ડ્રિસ્ટ્રિબ્યુશન લાઈનોનું આયોજન વિચારવામાં આવેલ છે કે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૯૨૩ કરોડ ગણવામાં આવે છે.
- આ રીતે ૬ જિલ્લાઓ માટે રૂા. ૪૪૨૫ કરોડનું આયોજન વિચારવામાં આવેલ છે.

■ **વિભાગ-૨ :** પંચમહાલ અને દાહોદ જિલ્લાઓ માટેની યોજનાઃ

- પંચમહાલ અને દાહોદ એમ બે જિલ્લાના આદિવાસી ક્ષેત્રોમાં કડાણા ડાબા કાંઠા હાઈ લેવલ યોજના અને પાનમ જળાશયની હાઈલેવલ યોજનાથી સિંચાઈની સુવિધાઓ વિકસાવવામાં આવશે. આ ઉપરાંત ચેકડેમો બનાવવામાં આવશે અને તળાવો ઊંડા કરાવવામાં આવશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૩૮૨ કરોડનો ગણવામાં આવેલ છે.
- પીવાના પાણી માટેની યોજનાઓ રૂા. ૪૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે.
- આ રીતે બે જિલ્લાઓ માટે રૂા. ૭૯૨ કરોડનું આયોજન વિચારવામાં આવેલ છે.

■ **વિભાગ-૩ :** કચ્છ જિલ્લા માટેની યોજના

| | |
|---|---|
| • ૧૫ ટાઈડલ રેગ્યુલેટર બનાવવામાં આવશે. | રૂા. ૯૦ કરોડ |
| • ૩૩ બંધારા બનાવવામાં આવશે. | રૂા. ૭૭ કરોડ |
| • ૯૪૯ ચેક-ડેમો તૈયાર કરવામાં આવશે. | રૂા. ૮૦ કરોડ |
| • ૧૯ રિચાર્જ ટેન્ક તૈયાર કરવામાં આવશે. | રૂા. ૨૨ કરોડ |
| • ૧૫૦ કૂવાઓ રિચાર્જ કરવામાં આવશે. | રૂા. ૩ કરોડ |
| • પીવાના અને ઘર વપરાશના પાણીની લાઈન ડિસ્ટ્રિબ્યુશનના કાર્યો | રૂા. ૨૨૦ કરોડ |
| **કુલ** | **રૂા. ૪૯૨ કરોડ** |

નોંધ : ઉપરોક્ત સુજલામ્ સુફલામ્ યોજના સિવાય કચ્છ

***વિચાર એ એક એવું પંખી છે જે સ્વરૂપે પિંજરામાં પાંખ તો પ્રસારે છે પણ ઉડવા માટે અશક્ત છે.***

જિલ્લાને નર્મદા નદીના વધારાના પાણીમાંથી જે એક મિલિયન એકર ફીટ પાણી ફાળવવામાં આવેલ છે તેના આયોજનોની જાહેરાત નીચે મુજબ કરવામાં આવેલ છે :

- કચ્છ શાખા નહેરના વહેણમાં આવતા જળાશયો આ પાણીથી ભરવામાં આવશે.
- ફતેહગઢ યોજનામાં નવા વધારાના વિસ્તારમાં પાણીનો સંગ્રહ કરવામાં આવશે.
- કચ્છ શાખા નહેરને લંબાવીને સિંચાઈનો વિસ્તાર વધારાશે.
- કચ્છના બન્ની વિસ્તારમાં પાણી આપવામાં આવશે.
- વાપકોસ (WAPCOS)ના અભ્યાસ અહેવાલ અનુસાર આ વધારાના એક મિલિયન એકરફીટ પાણી નેટવર્ક યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૧૩૨૦ કરોડ થશે, જ્યારે વહન માટેનો વાર્ષિક સંચાલન તથા મરામતનો ખર્ચ રૂા. ૨૨૧ કરોડ થશે. આ યોજનાથી કચ્છ વિસ્તારમાં વધારાના ૮૬,૦૦૦ હેક્ટરમાં સિંચાઈનો લાભ મળી શકશે.

■ **વિભાગ-૪** : સુરેન્દ્રનગર જિલ્લા માટેની યોજના

- નર્મદાના પાણીથી ૧૭ નદીઓ પરના હયાત ચેક-ડેમો ભરવામાં આવશે.
- રૂા. ૮૫ કરોડના ખર્ચે નવા ૧૦૭ ચેક-ડેમો બનાવી તેને નર્મદાના પાણીથી ભરી દેવામાં આવશે.
- હયાત મધ્યમ અને નાની સિંચાઈ યોજનાના ૨૭ સરોવરોને આ પાણીથી ભરી દેવામાં આવશે.
- પીવાના પાણી માટે રૂા. ૨૪૪ કરોડની પાઈપ લાઈન યોજના હાથ પર લેવામાં આવશે.
- આ રીતે ટોટલ રૂા. ૩૨૯ કરોડનું આયોજન વિચારવામાં આવેલ છે.

■ **વિભાગ-૫** : ખેત તલાવડી

- એક લાખ ખેત તલાવડીઓ બનાવી એક કરોડ ઘન મીટર પાણીનો સંગ્રહ કરાશે.
- ૬૫ લાખ માનવ દિન રોજગારી ઉત્પન્ન થશે.
- ૬૦,૦૦૦ મે. ટન ઘઉંનું વિતરણ કરવામાં આવશે.
- દરેક ખેડૂત બે ખેત તલાવડી બનાવી શકશે.
- આ યોજનાનો ખર્ચ રૂા. ૫૦ કરોડ અંદાજવામાં આવેલ છે.

■ **સુજલામ્ સુફલામ્ યોજનાના વિશિષ્ટ લાભો :**

- ભૂગર્ભ જળના તળ નીચા જવાના બદલે રિચાર્જ થશે.
- ૨૭૯૧ ગામો ફ્લોરાઈડના દૂષિત પાણીથી મુક્ત થશે. ૪૫૫ ગામો નાઈટ્રેટના દૂષિત પાણીથી મુક્ત થશે. ૭૯૨ ગામોમાં ખારાશ ફેલાતી અટકાવાશે.
- પીવાના પાણીની યોજનાઓને આ યોજના સાથે સંલગ્ન કરવાથી રૂા. ૫૦૦ કરોડની બચત થશે.
- ખેતી માટેના ટ્યૂબવેલમાં વપરાતી ૨૬૯૪ મેગાવોટ જેટલી વીજળીનો બચાવ થશે.
- કૃષિ વિષયક વીજળી સબસિડી રૂા. ૧૦૯૧ કરોડની બચશે.
- ટ્યૂબવેલથી ધરતીમાંથી પાણી ખેંચવાનું બંધ થતાં ટ્યૂબવેલનો દર વર્ષનો રૂા. ૧૦૦૦ કરોડનો રિકરિંગ ખર્ચ બંધ થશે.
- કૃષિ ઉત્પાદન ૨૩૬૯ કરોડ રૂપિયા વધશે.
- એગ્રો ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન મળશે.
- સાડા ચાર લાખ હેક્ટરમાં ભૂતળ પાણીથી સિંચાઈ સુવિધા ઉત્પન્ન થશે અને ૩૭૯૩ ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ થશે.

**આ રીતે સુજલામ્ સુફલામ્ યોજના કાગળ પર તો ખૂબ જ સારી દેખાય છે પરતુ વ્યવહારમાં પણ તે ચરિતાર્થ બને તો સમગ્ર ગુજરાતની ખેતી વિષયક કાયાપલટ કરવામાં તે ખૂબ જ ઉપયોગી બની રહેશે.**

***મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૪***

## સફળતા માટે જરૂરી સર્જન

સફળતા ને નિષ્ફળતા, નિષેધાત્મક અને વિધેયાત્મક, સર્જન અને વિસર્જન – આમ દરેક વસ્તુના, વિચારના બે પ્રવાહ હોય છે. કોઈપણ વસ્તુનો જ્યારે નકાર, નિષેધ કરવામાં આવે છે ત્યારે તેની પાછળ ઈર્ષ્યા રહેલી હોય છે. જ્યારે વિધેયમાં કોઈને કોઈ પ્રેરણા રહેલી હોય છે.

સફળતા માટે કોઈ ને કોઈ સર્જન જરૂરી છે પણ બીજાનું વિસર્જન નહીં. જેના મનમાં વિસર્જનની વિચારશ્રેણી હોય તે કદી બીજાને હલકો પાડ્યા વિના અને નાનો ચીતર્યા વિના મોટો બની શકતો નથી.

ઈતિહાસમાં આ જ વાતની પુષ્ટી કરતું દૃષ્ટાંત છે. બાદશાહ અકબરે એક વખત સભામાં એક લીટી દોરી અને જાહેર કર્યું કે અડ્યા કે ભૂંસ્યા વિના આ લીટીને કોઈ નાની કરી શકે એમ છે?

બાદશાહના સવાલથી સભાજનો વિચારમાં પડી ગયા. અડ્યા કે ભૂંસ્યા વિના લીટી નાની થાય જ કેમ? અંતે બીરબલે આ કામ કરવાનું બીડું ઝડપ્યું. બાદશાહે ફરીથી પોતાની શરત જણાવી. પણ આ તો બીરબલ હતો. તેણે પાટિયા પાસે જઈને બાદશાહે દોરેલી લીટીની નીચે જ એક મોટી લીટી દોરી. સભાજનો દંગ થઈ ગયા કારણ કે હવે બીરબલની લીટી આગળ બાદશાહની લીટી નાની લાગતી હતી.

જોયું ને.... સફળતા બીજાનું વિસર્જન કરવામાં નહીં પણ પોતાનું સર્જન કરવામાં રહેલી છે.

*તમામ કામો મન દઈને કરો, કોઈ કામ નાનું નથી.*

# ટ્રેડ મિલ ટેસ્ટ

• ડૉ. હિતેન્દ્ર શાહ •

આપણે આપણી જુદી જુદી બીમારી માટે જાત જાતના ટેસ્ટ કરાવતા હોઈએ છીએ. આવા ટેસ્ટમાં સામાન્ય રીતે પેથોલોજિકલ લેબોરેટરી ઈન્વેસ્ટિગેશન, એક્સ-રે, સોનોગ્રાફી વગેરે હોય છે, જેનાથી આપણને આપણા રોગ અને શારીરિક પરિસ્થિતિની જાણ થાય છે. અને એ પ્રમાણે આપણે આપણી સારવાર કરાવીએ છીએ અને આપણા શરીર માટે જરૂરી ધ્યાન રાખીએ છીએ અથવા માવજત કરીએ છીએ.

આ ઉપરાંત ઘણી સ્પેશિયલ તપાસ હોય છે કે જે ખાસ રોગ માટે અને વિશિષ્ટ સાધનોની મદદથી કરવામાં આવે છે. જેવા કે TMT, 2D ECO, MRI, CAT SCAN વગેરે. આ લેખમાં આપણે TMT વિશે થોડી માહિતી મેળવીશું.

સ્વાસ્થ્યની રોજિંદી સંભાળ અને રોગની શરૂઆતમાં જ નિદાન ઘણા રોગો અને માનસિક પરેશાનીથી મુક્તિ આપે છે. નિદાન કરવા ઘણી જાતના ઈન્વેસ્ટિગેશન થાય છે. આમાંનો એક "TMT" છે. **આ ટેસ્ટ આપણા હૃદયની ધડકન ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.**

TMT એટલે Tread Mill Test (ટ્રેડ મિલ ટેસ્ટ)નું ટૂંકુ નામ છે. TMT એ હૃદયની તપાસ માટેનો ખાસ ટેસ્ટ છે.

TMT (ટ્રેડ મિલ ટેસ્ટ) માટે એક વિશિષ્ટ મશીન હોય છે. જેમાં મુખ્ય ત્રણ ભાગ હોય છે :

(૧) Tread Mill Belt : આ 6 x 2 થી 2.5 ફુટનો પાટો હોય છે કે જે મોટરની મદદથી ફરે છે અને ધીમે ધીમે તેની સ્પીડ પણ વધારવામાં આવે છે. તથા અલગ અલગ સ્ટેજમાં તેની Steepness (ઢાળ)માં ફેરફાર કરવામાં આવે છે, જેથી વધુ શારીરિક શ્રમ પડે છે.

(૨) કોમ્પ્યુટર

(૩) ખાસ પ્રકારના ECG માટેના લીડ, કોડ અને આ ઈ.સી.જી.ને સમજીને કોમ્પ્યુટરમાં ટ્રાન્સફર કરી શકે તેવું વિશિષ્ટ સોફ્ટવેર.

## ■ TMT એટલે શું?

TMT (Tread Mill Test) એટલે કે TMT મશીનના પાટા પર ચાલતા રહી અલગ અલગ પરિસ્થિતિમાં શારીરિક શ્રમ હેઠળ કાર્ડિયોગ્રામ અને આ ઉપરથી દર્દીના હૃદયમાં લોહીનું પરિભ્રમણ બરાબર છે કે નહીં તેની તપાસ. **આ ટેસ્ટ દ્વારા કોઈ પણ જાતના કોરોનરી ફેક્ટર / કોરોનરી ઈનસફીસિયન્સી ટૂંકમાં હૃદયની નબળાઈ અથવા હૃદયરોગ વિશે જાણી શકાય છે.**

## ■ TMT કોણે કરાવવો જોઈએ?

- શારીરિક રીતે જાગૃત અને ૪૦-૪૫ વર્ષની વયથી ઉપરની વયના કોઈપણ વ્યક્તિએ.
- જે દર્દીઓને છાતીનો દુઃખાવો હોય તેવા દર્દીએ.
- ધબકારા વધી જવા, ચક્કર આવવા, જેવી ફરિયાદવાળા દર્દીઓએ.
- હાર્ટ એટેક આવ્યા પછી
- એન્જિયોપ્લાસ્ટ કે બાયપાસ કરાવ્યા પછી
- શારીરિક સ્થૂળતા અથવા હાઈ કોલેસ્ટેરોલ ધરાવતા દર્દીએ.

## ■ TMT (Tread Mill Test) કરાવવાથી શું જાણી શકાય? અને તેના ફાયદા શું છે?

- છાતીમાં દુઃખાવો હૃદયમાં લોહી ઓછું ફરવાથી છે કે નહીં તે ખબર પડે છે. આ જાણ્યા પછી જરૂરી દવાઓ લેવાથી મોટી મુશ્કેલી ટાળી શકાય છે.
- એન્જિયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી કરાવ્યા પછી હૃદયની નળીઓ બરાબર કામ કરે છે કે નહીં તે જાણી શકાય છે.
- હૃદયરોગવાળા દર્દીઓએ કેટલું કામ કરવું અથવા કેટલો શ્રમ લેવો તે નક્કી થઈ શકે છે.
- TMT ટેસ્ટ પરથી હૃદયમાં લોહીનું પરિભ્રમણ બરાબર છે કે નહીં તે જાણી શકાય છે.

શ્રી કચ્છી જૈન ભવન પરના આપણા મેડિકલ સેન્ટર પર અન્ય આધુનિક ઉપકરણો ઉપરાંત આવી TMT મશીનની સવલત પણ હવે ઉપલબ્ધ છે. જરૂરિયાત મુજબ બોડી ચેક-અપ સાથે હૃદયની કામગીરી અંગે પણ તપાસ કરાવી શકાશે.

*મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૪*

### તમારી ઈચ્છા શું છે?

**માનવી તરીકે તું તારી પોતાની જાતને એટલી ઊંચે લઈ જા કે, તારા પ્રારબ્ધની પ્રત્યેક વાત નક્કી કરતાં પહેલાં ઈશ્વરે તને પૂછવું પડે કે, બોલ તારું પ્રારબ્ધ કઈ રીતે નક્કી કરું? તારી ઈચ્છા શું છે?**

*ક્યાંક મૂંઝવણ થાય તો તમારું દિલ કહે તેમ કરો.*

## વિચાર મંથન

# સાંપ્રત સમસ્યા - બનાવ

થોડા દિવસો પહેલાં જ વર્તમાનપત્રમાં એક દુઃખદ પ્રસંગ વાંચ્યો. જેનું વર્ણન કંઈક આ પ્રમાણે હતું 'દોરડા પરથી પટકાઈ પડતાં કુશળ વ્યાયામવીરનું કરુણ મૃત્યુ'. સમગ્ર કિસ્સો વિગતવાર વાંચતા જાણવા મળ્યું કે અમદાવાદના ધરણીધર દહેરાસરના વિસ્તારમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા કોના માટે? તો ખ્યાલ આવ્યો કે હમણાં હમણાં જૈન ધર્મનું ચાતુર્માસ શરૂ થવાનું છે જેથી ઠેકઠેકાણે મહારાજ સાહેબોના પ્રવેશ માટે ધામધૂમથી આયોજન કરાય છે. એવા જ એક મ.સા.ના પ્રવેશ વખતે આવા હેરતભર્યા પ્રયોગોનું આયોજન કરવામાં આવ્યું હતું અને આવો અરેરાટી ઉપજાવે તેવો કરુણ અંજામ આપણે નજરે જોઈ રહ્યા.

આવો દુઃખદ પ્રસંગ વાંચતાં મનમાં પ્રશ્ન થાય છે કે ચાતુર્માસ પ્રવેશ માટે આવી ધામધૂમ શા માટે? જે સાધુ ભગવંતો ત્યાગનો મહિમા આપણને સમજાવે છે તો એ શા માટે આવા આડંબરો પ્રવેશ માટેના ઇચ્છતા હોય છે? પ્રવેશ પાછળ હજારો નહીં પણ લાખો રૂપિયાનો ધૂમાડો ઉપરાંત આટલા બધા માનવ સમુદાયના કિંમતી સમયનો વેડફાટ! આવું બધું શા માટે?

**સાધુ ભગવંતો ધારે તો પોતાના શ્રાવકોને આવા ખોટા ખર્ચાઓમાંથી ઉગારી શકે અને એ પૈસા કોઈ સમાજ ઉપયોગી કાર્યમાં વાપરી શકે. તો સમાજમાં લોકહિતના કેટલાંય કામો થઈ શકશે.**

સંતો કેવા કેવા સમાજોપયોગી કાર્યો કરે છે. જેમાંના થોડા ઘણા ઉદાહરણો પ્રસ્તુત છે.

આંધ્ર રાજ્યના અનંતપુર જિલ્લાના ૬૮૧ ગામોમાં શ્રી સત્ય સાંઈબાબા સંસ્થાન તરફથી અંદાજે ૨૫૦ કરોડ રૂપિયા ખર્ચીને પીવાના પાણીની સગવડ થઈ.

સૌરાષ્ટ્રના અનેક ગામોમાં પૂ. શ્રી પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય પરિવારોએ તળાવો ઊંડા કરાવવાનું ને કૂવા રિચાર્જિંગના અનેક સુંદર કાર્યો કર્યાં.

વિવિધ સંપ્રદાયના સ્વામિનારાયણ સંતોની પ્રેરણાથી કચ્છ જિલ્લામાં અનેક ડેમો બંધાયા, કૂવા રિચાર્જ થયા, લાખો વૃક્ષો વવાયા અને અનેક ગુરુકુલોનું નિર્માણ થયું. આરોગ્યક્ષેત્રે કચ્છ ભુજમાં અદ્યતન હોસ્પિટલ પણ બંધાઈ રહેલ છે.

જામનગરના સંતોએ લાખોટા તળાવ ઊંડું કરવાની કામગીરી ઉપાડી છે.

અત્યારે આપણા કચ્છની હાલત પણ કંઈક અંશે આવી જ હશે. દરેક ગામોમાં સાધુ ભગવંતોના પ્રવેશના સામૈયા અને એમાં પણ હૂંસાતૂંસી કે ક્યા ગામમાં વધારે દેખાડો થયો? ક્યા ગામે વધારેમાં વધારે પૈસાનો ધૂમાડો કર્યો? અને પછી વાહવાહ! એની ફલશ્રુતિ શું? એનો આપણે વિચાર કરીએ છીએ ખરા?

**ફક્ત મંદિરો બાંધવા તથા વિવિધ જડ ક્રિયાકાંડો પાછળ સમય તથા પૈસા વેડફવા નકામા છે.** હવે સાધુ ભગવંતોએ કાર્યની દિશા બદલવી પડશે. આપણા જૈન ધર્મગુરુઓએ હવે રચનાત્મક કાર્યો પાછળ લાગી જવું પડશે અને એમણે શ્રાવકોને પણ સમજાવવા પડશે કે કરવાં જેવાં કાર્યો કયા છે કારણ કે સાધુ ભગવંતોની વાણી સમાજના ચોક્કસ વર્ગ માટે 'બ્રહ્મવાક્ય' હશે જેથી એ ધાર્યું કામ કરાવવાને શક્તિમાન હશે અને લોકહિતના અનેક કાર્યો કરાવી શકાશે.

આજનો શિક્ષિત યુવાધન પણ ધર્મના 'આગે સે ચલી આતી હૈ'ના સિદ્ધાંતમાં આંધળો વિશ્વાસ નહીં મૂકે. આધુનિક વિજ્ઞાન અને શિક્ષણના કારણે ધર્મ શું છે? એ આજના યુવાનો સારી રીતે સમજવા લાગ્યા છે જેથી યુવાનોને પણ ધર્મના માર્ગે વાળવા હોય તો સાચો ધર્મ શું છે? એની સાચી સમજ શક્તિ સાધુ ભગવંતોએ પણ કેળવવી પડશે અને ખોટા આડંબરો - ખોટી વાહવાહમાંથી બહાર આવવું પડશે.

અસ્તુ.

*મંગલમંદિર, ઓગસ્ટ-૨૦૦૦*

## વૃક્ષ

માનવીના આરોગ્ય માટે ઔષધ આપ્યાં. ખાવા માટે ફળ આપ્યાં. તોરણ માટે પાન આપ્યા ને વિસામો દેવા શીળી - મીઠી છાયા આપી. એટલું જ નહીં, ઠંડો વાયુ પણ ઢોળ્યો. ઝૂલવા માટે પારણું આપ્યું, ઘર બાંધવા માટે લાકડું આપ્યું, રસોઈ માટે ઇંધણ આપ્યા, તરવા માટે નાવડાં ને તરાપા આપ્યાં ને આંતરડામાંથી દોરડાં આપ્યાં.

એને કુહાડો કે કરવત મારી વૃક્ષને ખતમ કરવા મથનારો માનવ પોતાની મોતે મરીને ખતમ થઈ ગયો ત્યારે પણ "એણે જ મને વાવ્યું હતું ને સીંચ્યું હતું" એમ વિચારી નનામી બની, એના મૃતદેહને ઝીલી લીધો ને સ્મશાન સુધી પહોંચાડી દીધો.

પણ સ્મશાનમાં તો એનું સમર્પણ પરાકાષ્ઠાએ પહોંચી ગયું. ને માનવી સાથે એ પોતે પણ જલીને રાખ થઈ ગયું.

લીલા તોરણથી ભસ્મ સુધી અને ભસ્મથી ફરી લીલા અંકુર સુધીની તારી સમર્પણ યાત્રાને ધન્ય છે!!!

# વૃદ્ધાશ્રમ : નવી સમાજ વ્યવસ્થા

• રમણીકલાલ પ્રેમજી દેઢિયા •

માનવજીવનમાં વૃદ્ધત્વ એક કુદરતી પ્રક્રિયા છે. વૃદ્ધાવસ્થા એ માનવજીવનની સંધ્યા છે. દિવસભરનું કામ કરી સંધ્યાકાળે માનવી, પશુ, પ્રાણી વિસામો લે છે તેવી જ રીતે જીવનભરના કામ પછી માનવીનો વિસામાનો કાળ છે.

પલટાતી જીવન પરિસ્થિતિએ મોટી વયે વિધુર થતા પુરુષની સ્થિતિ ભારે દયનીય કરી મૂકી છે. આધેડ પુરુષ મોટો થયો છે જૂની પરંપરામાં, એટલે તે વચ્ચે ફરીથી લગ્ન કરવાનો વિચાર કરી શકે નહીં; ને એકલતા ન સહેવાવાથી એ મોટી વયની નારી સાથે લગ્ન કરે તો ટીકાપાત્ર બને.

**આપણા આદિ કવિ અને સંત નરસિંહ મહેતાએ 'ઘડપણ કોણે મોકલ્યું' એ કાવ્યમાં વૃદ્ધાવસ્થાનો અત્યંત વાસ્તવિક ચિતાર આપ્યો છે. ઉંબર ડુંગર થાય, પાદર પરદેશ થાય, પાણીની ગોળી ગંગા જેટલી દૂર લાગે, દીકરા જુદા થાય, વહુઓ ગાળ દે, અપમાન કરે, કડવા વેણ કહે.**

હૂંફાળું, રસભર્યું અને અતિ ઉત્તમ દામ્પત્યજીવન ભોગવીને વિધુર થયેલા વાનપ્રસ્થોની અસહ્ય સમસ્યાઓને વાચા આપવાની જરૂરિયાત છે. જીવનમાં સહધર્મચારિણીની વિદાયના પરિણામે એક પ્રકારનો ખાલીપો, સમજપૂર્વકના સથવારાનો અભાવ અનુભવાય છે.

સરસ મઝાનું જીવન ગોઠવાઈ ગયું હોય, સુખની સોડ તાણીને નિશ્ચિંત સૂતાં હોઈએ. ત્યાં અચાનક જ કાળ થાપટ મારે, આખી સૃષ્ટિ વેરવિખેર થઈ જાય, પગતળેથી ધરતી ફસડી પડે અને હૃદય વિષાદથી ભરાઈ જાય, એકલતાથી હદ વગરનો અજંપો થાય છતાં લાચાર, પામર માનવી કોઈ પણ મકસદ વગર જીવ્યા કરે, ચારે બાજુથી એકાંત એને કોરી ખાય, ધરતી અને મનની દીવાલોમાં એકાન્તના નહોર વડે પોપડા ખરવા માંડે, હમણાં જ દ્વાર ખટખટવાશે અને એનું આગમન થશે એવા ભણકારા વાગે. તે નથી તેની વેદના વરતાય, છાતી ઉપર પહાડ જેવો ભાર લાગે, શ્વાસ, સંબંધો, સંદર્ભો વેરણછેરણ થઈ જાય, પાલવ મોતનો ઝાલી જીવનનો પથ કાપે, ખાલીપાથી ભર્યાભર્યા આ જીવનના દિવસો ખંડેર સમા થાય, ઠાલું ઠાલું ઉપરથી હસતું અને મનની અંદર એક ખૂણામાં ચૂપકેથી દિલ રડતું હોય, એની વાતો, એની આંખો, એના પાયલની છમછમ, એના અતીતની યાદોની સરગમના સ્મરણો વાગોળ્યા કરતા હોય, કોને કહે ? જે ઉંમરે માનવીને એકલતાની ક્ષણોનો ભાગીદાર જોઈએ અને એ ઉંમરે એ વિધુર થાય અને એમની પીડા એ વખતે ઘરના સભ્યો સમજી નથી શકતા. વૃદ્ધાવસ્થાનું એકાંત એ અંદરથી કોરી નાંખનારી પીડા છે.

અત્યારે એકલા રહેતાં વૃદ્ધજનો એમના મકાનમાં મૃત હાલતમાં મળી આવે છે. ઘણીવાર તો એકલી રહેતી વ્યક્તિ જીવંત છે કે નહિ એની માહિતી દૂધવાળો કે ટપાલી પૂરી પાડી છે. એકાકી વૃદ્ધોને એકલતા કોરી ખાતી હોવાથી કંટાળો અને ખાલીપો અનુભવે છે અને ક્યારેક તો જગતથી વિખૂટા પડી ગયા હોય એમ એકલા ઉદાસ અને સૂનમૂન બેઠેલા દેખાય છે. એવા કેટલાયે વૃદ્ધજનો છે, જેઓ કાયમી એકલતાનો અભિશાપ વેઠતા રહીને મૃત્યુની પ્રતીક્ષા કરતા રહે છે. પાછલી ઉંમરે એકલા પડી ગયેલા વૃદ્ધજનોને મૈત્રી મળે તો કદાચ દવાદારૂની કે શુશ્રૂષા, ચાકરીની જરૂર ન રહે. વૃદ્ધ સ્ત્રી-પુરુષોનાં મૈત્રી મેળાઓ મોટા પાયા પર યોજાવા જોઈએ. મૈત્રી માનવીય ઝંખનાની ભીની કવિતા છે.

ઢળતી વયે પ્રેમાળ પત્નીનો વિયોગ કેવો ખાલીપો ઊભો કરે છે, કેવો સથવારાનો અભાવ ઊભો કરે છે તે તો જે અનુભવ કરે તે જ જાણે. વ્યક્તિગત દૈનિક જીવનમાં નાની મોટી શારીરિક કે માનસિક તકલીફોમાં પોતાની અંગત પ્રિય પાત્રની ખોટ તો કેમ પૂરાય? એ તો જીરવવી જ રહી. કોઈ કોઈ ભાગ્યશાળી વૃદ્ધોને શેષ જીવનના પથ પર કોઈ સ્નેહભરેલ સથવારો મળી પણ જતો હોય છે; પરંતુ સગાંઓ, સ્નેહીઓ અને સમાજના ડરે તેઓ એવી હૂંફ સ્વીકારતાં અચકાતા હોય તેમને માટે માર્ગ મોકળો થાય તો કંઈ ખોટું નથી. એકાકી વૃદ્ધોની મહત્ત્વની સમસ્યા એ છે કે તેઓને જીવન જીવવું છે. રસ અને આનંદપૂર્વક જીવવું છે, પોતાની પાસે અનુભવનું જે ભાથું છે, તેમાંથી થોડું સમાજ માટે પ્રદાન કરવું છે. તે માટે તેમને જરૂર છે કોઈક સહૃદયી હૂંફ આપનાર, પુરુષ હોય તો સ્ત્રીની અને સ્ત્રી હોય તો પુરુષની સહાયની. એમની સમસ્યા માત્ર રોટલાની નથી - પરંતુ મનોવૈજ્ઞાનિક છે. જે ઘરમાં એક સમયે એમનું એકચક્રી શાસન હતું ત્યાં હવે નિવૃત્ત થયા પછી અને તેમાંય એકાકી થયા પછી તો સાવ નગણ્ય વ્યક્તિ બની રહેવાનું એમનાથી સહેવાતું નથી, તેનું તેઓને દુઃખ રહે છે. તેમાં તેમને સાંભળનાર અને સમજનાર વ્યક્તિઓનો અભાવ વધુ સાલે છે; તેમને ત્યારે જરૂર રહે છે કોઈ સમભાવી, સહૃદયી, વ્યક્તિઓની કે મિત્રની, કોઈ એવી વ્યક્તિ જે આશ્વાસન ધરે, આત્મીયભાવે વર્તે અને એમની નાની મોટી શારીરિક કે માનસિક તકલીફોમાં સહાય પહોંચાડી સાથ આપે.

આપણે એવું ઇચ્છીએ કે સમાન વિચારણા કે શોખનો રસ ધરાવતા સ્ત્રી-પુરુષોનાં પાત્રોના મેળાપ થાય અને આવી વ્યક્તિઓ મૈત્રીભાવે પરસ્પર સાથે રહેવાનું પસંદ કરે તો તેમાં કશું ખોટું નથી, આવા વૃદ્ધો માટે લગ્નનું લાઈસન્સ લેવું પણ જરૂરી નથી. કારણ કે આ તો પરસ્પરનો સહવાસ ને શેષ જીવનમાં હૂંફ, ઉષ્મા અને સહારો પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ છે. વૃદ્ધો પ્રત્યે સૂગ અવહેલનાને બદલે સહાનુભૂતિ, ઉદારતા અને સમભાવ રાખી તેમના મૈત્રીભાવને અપનાવી લેવાની જરૂર છે તે માટે લોકોએ અભિગમ બદલવો પડશે.

*મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૨*

*હતાશ ન થવું એ સફળતાનું મૂળ છે અને તેજ પરમ સુખ છે.*

# ચિંતન - મનન

• ગુલાબ કોઠારી •

માણસ ભોજનથી પુષ્ટ થાય એ જરૂરી નથી. પુષ્ટતાને માટે સારું પાચન આવશ્યક છે. વાંચવું - સાંભળવું માણસને ગુણવાન બનાવી દે એ સંભવિત નથી. એનું મનન જરૂરી છે. મનન જ માણસના મનને પ્રભાવિત કરે છે. એના વિચાર તંત્રને પરિષ્કૃત કરે છે. માણસનો વિકાસ કરે છે.

એનું સારું ઉદાહરણ છે સંચાર માધ્યમોનો પ્રભાવ. આજે ટી.વી. અને સમાચારપત્રોને જોશો તો જણાશે કે જીવનના બિનજરૂરી વિષયો એમાં છવાયેલા રહે છે. મહત્ત્વપૂર્ણ વિષય ગૌણ રહે છે. જો આપણને પૂછવામાં આવે કે આજના મુખ્ય સમાચાર કયા છે, તો જવાબ મળશે - અહીં અકસ્માત, ત્યાં આટલા મર્યા, શહેરમાં ઝઘડા થયા - વગેરે વગેરે. જીવનના મૂળ વિષયોની બાબત પર બહુ ઓછા લોકોનું ધ્યાન જાય છે. વધારે લોકો તો ગુના - અકસ્માત વગેરેના સમાચારો જ જુએ છે.

આનું કારણ સ્પષ્ટ છે. એમના વાંચવા - લખવા વિશે ચિંતન - મનનની જરૂરિયાત જણાઈ નથી. જે સામે આવ્યું તે જોવા બેસી ગયા. શું જોવું જોઈએ, શું વાંચવું જોઈએ, શું વાંચવા - જોવાથી આપણી માનસિકતા દૂષિત થાય છે વગેરે બાબતો પર વિચાર જ નથી કરતા. શા માટે વાંચીએ છીએ, એના પર પણ વિચાર નથી કરતા. શું વાંચ્યું જે જીવનમાં ઉપયોગી છે? ઉપયોગી કેવી રીતે બની શકે છે? એને માટે કોઈ પ્રકારનું ચિંતન નથી. તો પછી તમે જ કહો કે શા માટે વાંચો છો, શા માટે જુઓ છો? શા માટે અમૂલ્ય જીવનનો એક મોટો ભાગ એને માટે નકામો ગુમાવો છો? શું એ સમય પાછો આવી શકે છે? શું આપણો સમય એટલો મૂલ્યહીન છે કે એને કોઈ હેતુ વગર નકામો ગુમાવવામાં આવે? શું આપણું દરેક કાર્ય સાર્થક ન હોવું જોઈએ? એના વિના જીવન કેવી રીતે સાર્થક થશે?

વાત ચિંતનની છે, મનનની છે. એનો પ્રયોગ ફક્ત સંતોને જ લાગુ નથી પડતો. દરેક વિચારશીલ માણસે ચિંતન કરવાનું છે. પોતાના અતીતના કાર્યોનું ચિંતન, વર્તમાનનું ચિંતન અને ભાવિ યોજનાઓનું ચિંતન. શું છો અને શું બનવું છે, એનું ચિંતન, કેવી રીતે લક્ષ્ય સુધી પહોંચી શકાય એનું ચિંતન. ચિંતન કર્યા વગર, ફક્ત કરતા રહેવાથી, લક્ષ્ય સુધી નથી પહોંચી શકાતું.

ચિંતન કેવી રીતે કરવામાં આવે, એને વિશે જાણકારી મેળવી શકાય છે, મોટા પાસેથી - વૃદ્ધો પાસેથી શીખી શકાય છે. પોતાની પ્રવૃત્તિઓને, પોતાના સ્વભાવને કેવી રીતે સમજી શકાય, કેવી રીતે બદલી શકાય, એનું જ્ઞાન પણ જરૂરી છે. એના વિના જીવનયાત્રાની સાચી શરૂઆત નહીં થાય.

ફક્ત ચાલતા રહેશો, પહોંચશો ક્યાંય નહિ. ચિંતનને માટે સ્વાધ્યાય કરવો પડે છે. પોતાના કાર્યોનું, વ્યવહારનું અવલોકન કરવું પડે છે. સચ્ચાઈ ઓછી થાય ત્યારે એનો સ્વીકાર કરવો જરૂરી છે. જાગરૂક રહેવું પડશે, પોતાના વિકાસ પ્રત્યે. નિરંતરતા પણ ટકાવી રાખવી પડશે. સ્વાધ્યાય મનનનો માર્ગ છે. એનાથી થોડી ક્ષણો માટે તમે મનની દુનિયામાં રહો છો. તમારા મનને સમજો છો, પોતાની ઈચ્છાઓને જાણી શકો છો. એમને પરિષ્કૃત કરી શકો છો, પોતાનાં કાર્યોનું વિશ્લેષણ કરો છો, પોતાની ભૂલોને પણ સુધારવાનો સંકલ્પ કરો છો. આ રીતે દિવસે દિવસે પોતાના વ્યક્તિત્વમાં - સુંદરતા લાવી શકો છો.

ચિંતનનો માર્ગ લાંબો હોય છે. દરેક ક્રિયાની પ્રતિક્રિયા લાંબી હોય છે. દરેક અવાજને પડઘો હોય છે. અડધા કલાકમાં વાંચેલી બાબત પર કલાકો સુધી ચિંતન કરી શકાય છે. બે મિનિટના વ્યવહાર પર કલાકો સુધી ચિંતન કરવું પડે છે. આ ચિંતન - મનન વગર વાંચવાનો અડધો કલાક નકામો જશે. બે મિનિટનો વ્યવહાર તમારી સામાજિક છબીને પ્રભાવિત કરી દેશે.

આપણે જાગરૂક રહેવાનું છે કે નવા વિચાર આપણા વિચારોમાં પ્રવેશ ન કરે. આપણે મનન કરતા રહીએ, નિર્મળ બનતા રહીએ, આપણા લક્ષ્ય સિવાય બીજા કોઈ પણ માર્ગ તરફ આકર્ષિત ન થઈએ, આ જ આપણી સફળતાનું સૂત્ર હશે. કંઈ બનવા ઈચ્છતા હો તો એને માટે કંઈ કરવું પણ પડશે. નિરંતર ટકી રહેવા ઈચ્છતા હો તો નિરંતર કંઈ કરતા પણ રહેવું પડશે. આનો કોઈ શોર્ટકટ નથી.

*મંગલ મંદિર, જૂન ૨૦૦૨*

## ડૉક્ટરોને

***ઈશ્વર તમારા દ્વારા જ કાર્ય કરી રહ્યો છે. તમે તો તેના હાથનું એક હથિયાર છો. આ સત્ય હંમેશાં યાદ રાખશો તો ઈશ્વર તેના પોતાના કાર્ય માટે તમારો જ વધારે ને વધારે ઉપયોગ કરશે ને પછી તમારું જીવન ધન્ય બની જશે.***

*ભજનથી સુખ પ્રાપ્તિ અને દુઃખથી છુટકારો મળે છે.*

વિચાર વિમર્શ

# મનુષ્ય જીવનનું અમૃત : હાસ્ય

• ડૉ. ચીનુભાઈ નાયક •

હાસ્ય એ જીવનનું અમૃત છે. જીવનમાં જે માણસોને હસતાં આવડતું નથી તેઓ અભિમાની અને આડંબરી હોય છે. હાસ્ય ન હોય તો જીવન જીવવાની મજા આવે ખરી? અંગ્રેજ લેખક થેકરેએ કહ્યું છે : People who do not know how to laugh are always pompous and conceited એટલે કે **જે લોકોને હસતાં આવડતું નથી એ લોકો દંભી અને આડંબરી હોય છે. હાસ્ય જીવન સંગ્રામ જીતવાનું હથિયાર છે.**

ગુજરાતીમાં કહેવત છે કે 'હસે તેનું ઘર વસે.' ઘર એ ચાર દીવાલોથી બનતું નથી પરંતુ હાસ્યથી તે મંગલમય અને આનંદમય બને છે. હાસ્યથી દુશ્મન પણ મિત્ર બની જાય છે. સ્વામી રામતીર્થના જીવનના એક પ્રસંગનું સ્મરણ થઈ આવે છે. તેઓ સ્ટીમરમાં બેસીને અમેરિકા જઈ રહ્યા હતા. સાનફ્રાંસિસ્કો બંદર આવતાં બધા મુસાફરો પોતાનો સરસામાન લઈને ઊતરી પડ્યા; સ્વામી રામતીર્થ શાંતિથી બેસી રહ્યા. એક અમેરિકન એમની પાસે આવ્યો અને બોલ્યો : આપ ક્યાંથી આવો છો? આપની ઓળખ આપશો? સ્વામીજીએ સ્મિતવદને ઉત્તર આપ્યો, 'હું હિન્દુસ્તાની ફકીર છું.' એણે બીજો પ્રશ્ન પૂછ્યો : અમેરિકામાં આપનો કોઈ મિત્ર છે? સ્વામીજીએ પેલા અમેરિકનના ખભે હાથ મૂકીને હસતાં હસતાં જણાવ્યું કે 'હા, હું માત્ર એક જ અમેરિકનને ઓળખું છું અને તે આપ છો.' સ્વામીજીના ઉત્તરથી પેલા અમેરિકન પ્રભાવિત થઈ ગયા અને પોતાના મહેમાન બનાવ્યા.

**સમગ્ર જીવસૃષ્ટિમાં હસવાની શક્તિ એકલા મનુષ્યને જ મળેલી છે.** આ મૂલ્યવાન શક્તિને કારણે ગમે તેવી પરિસ્થિતિમાં મનુષ્ય પોતાના મનનું સમાધાન કેળવી શકે છે એવો મનુષ્ય દુઃખને પણ હસીને આવકાર આપતો હોય છે.

એમ કહેવાય છે કે દિવસમાં એકવાર પણ જે મનુષ્ય ખડખડાટ હાસ્ય વેરી શકે છે તેના આયુષ્યમાં વધારો થાય છે કારણ કે હાસ્ય માનસિક તનાવને દૂર કરવામાં મદદરૂપ થાય છે. આજનો મનુષ્ય વિવિધ પ્રકારનાં માનસિક અને શારીરિક તનાવથી તંગ આવી ગયો છે ત્યારે વગર પૈસાની દવા તે હાસ્ય છે. જીવનમાં હાસ્યનું ખેડાણ કરવાથી ચહેરો તંદુરસ્ત અને શોભાયમાન બની જાય છે. રોતલ ચહેરા બિસમાર અને બીમાર બની જતા હોય છે, જીવનની કોઈ સુરખીનો ભાવ તેમાં જણાતો નથી. રોતલ ચહેરો કોઈનેય જોવો ગમતો નથી! અંગ્રેજીમાં કહેવત છે કે : Have a smile for a friend and a friend for a smile. એટલે કે મિત્ર માટે હાસ્ય કેળવો અને હાસ્ય માટે મિત્ર. આજના માનવીને વિવિધ પ્રકારની ભૌતિક સામગ્રી સાથે એકલતાના કિનારા કોરી ખાય છે.

સંસારમાં જે મનુષ્ય હસતો રહે છે એનું સમગ્ર જીવન ગૃહસ્થ જીવન, કૌટુંબિક જીવન અને સામાજિક જીવન સ્થિર રહે છે. હસતો માણસ જ્યાં જાય ત્યાં વાતાવરણ હળવું બની જાય છે. જીવનમાં સાચી શાંતિનો અનુભવ કરવા માટે નિખાલસ અને મુક્ત વાતાવરણ આવશ્યક છે. જીવનમાં હાસ્યનું ખેડાણ ન કરનાર માણસો અર્ધપાગલ જેવા હોય છે. તેઓ મુશ્કેલીઓનાં રોદણાં જ રોતાં હોય છે અને દુઃખનો ભારો માથે લઈને ઘૂમતા હોય છે. તેમના જીવનમાં ક્યાંય હાસ્યનો ફુવારો જોવા મળતો નથી. આવા માણસોને ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવી બીમારી સહેલાઈથી આવી શકે છે.

નોંધપાત્ર બાબત એ છે કે હાસ્ય કેળવવા માટે કોઈ કિંમત ચૂકવવી પડતી નથી. જીવનને અને મનને તંદુરસ્ત રાખવા માટે હાસ્યનું ખેડાણ આવશ્યક છે. હાસ્ય એ જીવનનું નવનીત છે.

***મંગલમંદિર, જુલાઈ-૨૦૦૨***

## સ્વતંત્રતાનો સોદો

આપણે આટલાં વર્ષોના અનુભવે જોઈએ છીએ કે જાતે જવાબદારી ઉપાડીને કામ કરવાની લોકોને ટેવ જ પડી નથી. આપણે જનતાને જઈને સમજાવીએ કે તમારું રાજ તમે ચલાવો. પણ જનતા પોતે રાજ કરવા માટે તૈયાર નથી. એ તો સામેથી કહે છે કે અમારા માટે ખાવાપીવાની, પહેરવા-ઓઢવાની શિક્ષણ વગેરેની વ્યવસ્થા કરી આપો એટલે બસ. એરિક ફ્રોમ કરીને એક મોટો વિચારક છે. એનું એક પુસ્તક છે "Fear of Freedom". સ્વતંત્રતાની બીક. તેણે આ બાબતની મનોવૈજ્ઞાનિક ઢબે ચર્ચા કરી છે. તે કહે છે કે માણસ સ્વતંત્ર બનતાંયે ડરે છે. સ્વતંત્રતાથી ગભરાઈને દૂર ભાગે છે, કારણ કે સ્વતંત્ર વ્યક્તિની અમુક જવાબદારીઓ હોય છે. એ જવાબદારીઓ નિભાવવાની માણસની તૈયારી હોતી નથી. એટલે તો એ પોતાની સ્વતંત્રતાનો સોદો કરે છે. પોતાની જવાબદારીઓ એ બીજાના માથે નાંખી દે છે અને સાટામાં પોતાની સ્વતંત્રતા વેચી દે છે.

*– જયપ્રકાશ નારાયણ*

# દાન સુધરે તો ધર્મ સુધરે

● સ્વામિ સચ્ચિદાનંદ ●

*ચાતુર્માસના આ દિવસોમાં મંદિરોમાં, દેરાસરોમાં વગેરે અનેક જગ્યાએ લોકો દાન આપે છે. આવા દાન માનવતાલક્ષી હોવાં જોઈએ. સ્વામી સચ્ચિદાનંદનો 'દાન સુધરે તો ધર્મ સુધરે' એ લેખ તેઓના 'નવી દિશા' પુસ્તકમાંથી અત્રે સાભાર રજૂ કરેલ છે.*

*– તંત્રી*

## ● દાનોનું વર્ગીકરણ :

જ્યારે કોઈ ધર્મ સુધરવાનો હોય તો તેનું પ્રાથમિક લક્ષણ મારી દષ્ટિએ તેની દાન વ્યવસ્થાનો સુધાર છે. કોઈ પણ ધર્મનું મૂલ્યાંકન કરતાં પહેલાં તેના દાનતત્ત્વનો વિચાર કરવો જોઈએ. તે ધર્મ કેટલું દાન આપે છે? ક્યાં આપે છે? કોને આપે છે? શા માટે આપે છે? તેની વ્યવસ્થા કેવી છે? જો આ પ્રશ્નોના સચોટ ઉત્તરો મેળવી શકાય તો ધર્મનું સુધરેલું કે બગડેલું રૂપ સહજ રીતે જાણી શકાય. ધાર્મિક ક્ષેત્રનાં દાનોનું વર્ગીકરણ આ રીતે કરી શકાય. (૧) ઈશ્વર માટે થનારું દાન, (૨) આ લોક કે પરલોકનાં વિશેષ પ્રકારના ફળોની લાલસાથી થનારું, દાન, (૩) વર્ગલક્ષી-વર્ણલક્ષી કે વેશલક્ષી થનારું દાન, (૪) સમાજલક્ષી દાન અને (૫) માનવતાલક્ષી દાન.

**વિશ્વભરના લગભગ બધા જ ધર્મોએ સૌથી વધુ દાન ઈશ્વર પાછળ વાપર્યું છે.** ઈશ્વરનું ભવ્ય મંદિર વગેરે બાંધવું, સોનાના કળશ અને છપ્પન ગજની ધજા ચડાવવી, સોના-ચાંદીના દરવાજા બનાવવા, ઊંચામાં ઊંચો આરસપહાણ જડાવવો, ભવ્ય વસ્ત્રો, આભૂષણો, મુગટો, વાસણો, છડીચમ્મર, સિંહાસન વગેરે બધું જ ભવ્યાતિભવ્ય બનાવવું. સોના-ચાંદી-રત્નો વગેરેની એટલી ઝાકઝમોળ કરી મૂકવી કે રજવાડાંની સાહ્યબી પણ ઝાંખી પડે. ભગવાનના સેવા-સ્નાન-પરિધાન ભોજન-શયન વગેરે માટે અનેક માણસોને રોકવા, લખલૂટ સંપત્તિના ભંડાર ભેગા કરવા - આ બધું દાન વ્યવસ્થાથી કરવું અને એ જ વ્યવસ્થાથી ચલાવવું. લોકોને ભગવાનને જમાડવા માટે, તેમને દૂધ-નાસ્તો કરાવવા માટે, તેમને વસ્ત્રાભૂષણ આપવા માટે સતત પ્રેરણા આપવી અને ઈશ્વર નિમિત્તે દાનનો પ્રવાહ ચાલુ રખાવવો. **આવાં દાનોથી મંદિરો વગેરે ધર્મસ્થળો તો ભવ્ય બને છે પણ પ્રજા ભવ્ય નથી થઈ શકતી.** પ્રજા તો દરિદ્રની દરિદ્ર જ રહી જાય છે. વળી આવા સમૃદ્ધ ભગવાનો સુધી મોટા ભાગે સમૃદ્ધ ભક્તો જ પહોંચી શકતા હોય છે. ગરીબ ભક્તોના ઉપેક્ષા થતી હોય છે કારણ કે મંદિરનું પૂરું ગણિત જ ધનથી ગણાય છે.

## ● ઈશ્વરની ઉપાસના બિનખર્ચાળ જોઈએ :

પ્રાચીન કાળમાં જ્યારે ઋષિયોગ ચાલતો હતો ત્યારે આવાં સમૃદ્ધિથી છલકાતાં મંદિરો તથા તેવાં જ વસ્ત્રાભૂષણે કે તરેહ તરેહના ભોગો વગેરેની પદ્ધતિ દેખાતી નથી. ઋષિઓ, દર્ભાસન ઉપર બેસીને સવાર-સાંજ સંધ્યા વંદન કરે છે. ઈશ્વરની ઉપાસના સરળ તથા બિનખર્ચાળ છે. વચ્ચે કોઈ ત્રીજા માણસની દખલગીરી નથી.

મહાત્મા ગાંધીજી જીવનભર ઈશ્વરની ઉપાસના કરતા રહ્યા. **તેમની ઉપાસનામાં બહુ મોટી શક્તિ હતી, પણ તેમણે કદી પણ ઈશ્વર નિમિત્તે રાતી પાઈ પણ વાપરી નથી.** હા ઈશ્વરના માણસો (હરિજનો) માટે તેમણે લાખ્ખો રૂપિયા વાપર્યા હશે. મ. ગાંધીજીનો ઈશ્વર બિનખર્ચાળ છે એટલે તે સૌના માટે સહજ-સુલભ છે. આવો ઈશ્વર હોય ત્યાં જ સમાનતાની પ્રતિષ્ઠા થઈ શકે. **હિંદુ પ્રજાએ જ્યારથી અત્યંત ખર્ચાળ ઈશ્વરને અપનાવ્યો, ત્યારથી તેનું મોટા ભાગનું દાન, ઈશ્વરને રહેવા, પોષવા, ખવડાવવા, પીવડાવવા કે નવડાવવામાં વપરાવા લાગ્યું છે.** ભક્તોનો ઉત્સાહ ઉભરાતો રહે તે માટે નવા-નવા ઉત્સવો, સમૈયાઓ, સંઘો વગેરેનું આયોજન કરતા રહેવાનું જેથી ઈશ્વરલક્ષી દાન વધતું રહે તથા ભક્તોનો કેફ પણ સચવાઈ રહે.

**બીજું દાન કર્મકાંડલક્ષી થતું હોય છે.** 'આ કર્મ કરો તો ફળ મળે, પરલોકનું ભાથું બાંધવું હોય તો આટલું આટલું દાન કરો.' આવી પ્રેરણાથી જે કર્મકાંડો, અનુષ્ઠાનો, વિધિઓ વગેરે કરવા-કરાવવામાં આવે છે તે પરલોક ફળલક્ષી દાન છે. **જો એકવાર લોકોને ખ્યાલ આવી જાય કે પરલોક જેવી કોઈ વસ્તુ જ નથી, તો આવા ઘણાં દાનો આપોઆપ અટકી જાય.** પોતાના માટે કે પોતાના સ્વજન માટે પરલોકમાં ખાટલો-ગોદડું-રજાઈ - ગાય વગેરે આપનાર અને આ બધું ત્યાં ઉપર કોઈક જગ્યાએ પોતાને કે પોતાના સ્વજનને મળી જશે એવું માની લેનાર માણસો આજે પણ મોટા પ્રમાણમાં છે, એટલે પરલોકલક્ષી દાનો થયાં કરે છે.

કેટલીકવાર ધર્મ દ્વારા નિશ્ચિત વર્ગ, વર્ણ કે વેશને એટલું બધું મહત્ત્વ અપાય છે કે પ્રજાની બધી દાનશક્તિ નિશ્ચિત વર્ગ માટે, નિશ્ચિત વર્ણ માટે કે નિશ્ચિત વેશ માટે વપરાતી થઈ જાય છે. જે પ્રજા પાસે દાનભોગી-દાનથી જીવનારો-વર્ગ જેટલો મોટો હશે તે પ્રજા તેટલી જ અનુત્પાદક તથા તેટલી જ ધર્માભાસમાં જીવનારી થઈ જશે. દાનમાત્રથી આજીવિકા ચલાવનાર સ્વયં પગભર રોજીવાળા નથી હોતા, તે ચોંટીને

*ભગવાન જે કંઈ કરે છે અને કરશે તેમાં જ તમારું હિત છે એવો વિશ્વાસ રાખો.*

જીવનારા પરોપજીવી હોય છે. એટલે તેનો વિશાળ વર્ગ એક તરફ તો અનુત્પાદક બનીને દરિદ્રતામાં વધારો કરશે તો બીજી તરફ ઉત્પાદક વર્ગને ચોંટીને તેને ચૂસ્યા કરશે. **સતત ચૂસતા રહેવા માટે અંધશ્રદ્ધા અને ધર્માભાસની સ્થાપના જરૂરી છે. જેથી ચૂસાનારો વર્ગ ફરિયાદ કરવાની જગ્યાએ પોતાને અહોભાગી માનતો રહે.** આપણું અઢળક દાન આ દિશામાં વહી રહ્યું છે.

- **દાનપ્રથા સમાજલક્ષી હોવી જોઈએ:**

ઉપર કહ્યાં તે ત્રણ દાનો જો સીમિત પ્રમાણમાં થતાં હોય તો ખાસ વાંધો ન આવે, પણ જ્યારે પ્રજાની પૂરી દાનશક્તિ આ ત્રણમાં જ પૂરી થઈ જાય તો પ્રજાની પ્રગતિ ન થાય, પતન થાય.

ધર્મના દ્વારા જ્યારે પ્રજાનું ઉત્થાન થવાનું હોય ત્યારે પહેલાં તેની દાનપ્રથા સમાજલક્ષી બને. સમાજના પ્રશ્નો ઉકેલવામાં ધર્મ ભાગ ભજવવા લાગે. સમાજના અસંખ્ય પ્રશ્નો છે, જેમ કે જન્મેલાં બાળકોનું અપોષણ, તેમને દૂધ, દવા વેક્સિનેશન અપાવવાં, પ્રસૂતા સ્ત્રી માટે પણ આવી જ વ્યવસ્થા કરવી. મોટા બાળકો માટે ક્રીડાંગણ, રમતગમતનાં સાધનો, બાળમંદિરો વગેરે તરફ દાનશક્તિને વાળવી. મોટાં બાળકો માટે નિશાળ, પુસ્તકો, ભોજન, છાત્રાલય, ગણવેશ, શિષ્યવૃત્તિ વગેરે તરફ દાન પ્રવાહ વાળવો. તેથી પણ મોટા યુવાનો માટે કૉલેજો, અન્વેષણ સંસ્થાઓ, પ્રયોગશાળાઓ, વિજ્ઞાન ભવનો, વિશ્વ વિદ્યાલયો, વિદેશગમન, યંત્રો, સાધનો વગેરે માટે દાન આપવું. જે કરોડો અને અબજો રૂપિયા ઈશ્વરના રહેઠાણ માટે તથા તેના સંચાલન માટે વપરાતા હતા તેને હવે વિદ્યાર્થીઓના રહેઠાણ અને સંચાલન માટે વાપરવામાં આવે તો તે સમાજલક્ષી દાન થયું કહેવાય. હજારો વિધવાઓ, ત્યક્તાઓ, અનાથ બાળકો, વૃદ્ધો, લાચારો, રોગીઓ વગેરે પીડિત માણસો માટે દાન દેવાય તે સમાજલક્ષી દાન છે. પરલોકને સુધારવા કરતાં આ લોકને સુધારવો વધારે મહત્ત્વનું કાર્ય છે. પોતાના આ લોકને સુધારવાની સાથે બીજાના આલોકને સુધારી આપવામાં પોતાનું દાન આપવું તે રોકડિયો ધર્મ છે, જેનું પરિણામ સ્પષ્ટ દેખાય. જે પરલોક દેખાતો કે અનુભવાતો નથી, તેના માટે લાખ્ખોનાં દાન આપતાં તે ઉધાર ધર્મ છે. **જો પરલોક હોય જ નહિ, જો તે માત્ર કલ્પના જ હોય, તો તે નિમિત્તે કરેલાં બધાં દાન અર્થહીન બની જાય છે.**

સાચી ધાર્મિક વ્યક્તિ જ્યારે ધર્મને પચાવતી થાય છે. ત્યારે તે આપોઆપ માનવતાવાદી બની જાય છે. તેની દાનશક્તિ માત્ર પોતાના સમાજ પૂરતી જ સીમિત રહેતી નથી. તે સંપ્રદાય, જાતિ, રાષ્ટ્ર વગેરેના સીમાડાથી ઉપર થઈને 'વસુધૈવ કુટુંબકમ્'ની સ્થિતિ પ્રાપ્ત કરી લે છે. આવી વ્યક્તિનું દાન માનવતાલક્ષી બની જતું હોય છે. હિંદુ-મુસ્લિમ, શીખ, ઈસાઈ કે જૈન, બૌદ્ધ ગમે તે પરંપરામાં જન્મ્યો હોય પણ તેનું જીવવું તો માનવતાના વિશાળક્ષેત્રમાં જ થતું હોય છે. ધર્મ જ્યારે માનવતાવાદની પ્રેરણા આપે ત્યારે તે સંકુચિત સંપ્રદાય મટીને વિશાળ દૈવી ધર્મ બની જાય છે.

હિંદુ પ્રજા (અને બીજી પ્રજાઓ પણ) ધર્મપ્રેરિત અઢળક દાન આપતી રહી છે. આજે પણ કરોડો રૂપિયાના સમૈયાઓ, મંદિરો, યજ્ઞો, સપ્તાહો, સંઘો વગેરે થતાં જ રહે છે. જો આ બધું દાન સમાજ માટે તથા માનવતા માટે વપરાતું થાય તો ધર્મનો જયજયકાર આપોઆપ થઈ જાય છે. **ધર્મસુધારણા માટે દાનસુધારણા જરૂરી છે. જો પ્રજા આંધળું દાન આપશે તો ધર્મ તારનાર નૌકા નહિ થાય પણ ડુબાડનારી શિલા થઈ જશે.**

***મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૦૨***

## નૂતન વર્ષાભિનંદન

*આ નૂતન વર્ષે આપની જીવનયાત્રા પરમ કૃપાળુ પરમાત્મા સરળ ને પ્રકાશિત બનાવે!*
*આપનું જીવન પવિત્ર, રસમય, પ્રેમમય, પ્રામાણિક અને પ્રકાશમય બને.*
*આપના કુટુંબમાં - સમાજમાં, પરસ્પર પ્રેમ, સંપ, ઐક્ય અને આનંદ વૃદ્ધિ પામો.*

## આપણે આપણા કામમાં શ્રેષ્ઠતમ રહીએ...

ભારતીય ઉદ્યોગ મહામંડળના ટેક્નોલોજી વિભાગના સિનિયર સલાહકાર અને ટેક્નોલોજી ઈન્ફર્મેશન, ફોરકાસ્ટિંગ એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલ TIFAC ટિફાકના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે કામ કરતા શ્રી વાય. એસ. રાજન થોડા સમય પહેલાં અમેરિકા ખાતે યોજાયેલ એક મિટિંગમાં ગયેલા. વિદેશી બેંકો માટે કામ કરતા ભારતીય નિષ્ણાતોની એ મિટિંગ હતી. આ મિટિંગમાં ભાગ લેનાર એક મહાનુભાવે પોતાની જાપાનની મુલાકાતની એક વાત કરી.

તેઓ જાપાન ગયેલા. ઉતારો એક હોટેલમાં હતો. રાત્રે સૂવા માટે પલંગમાં પડ્યા ત્યારે બાથરૂમમાં ટપકતા પાણીના નળનો અવાજ તેમના કાને અથડાયો. ઊભા થઈ નળ સરખો બંધ કરવા પ્રયત્ન કર્યો, પરંતુ નળ લીકેજ હતો એટલે પાણી ટપકવાનું બંધ ન થયું. આ અંગે તેમણે હોટલના મેનેજરને ફરિયાદ કરી.

થોડીવારમાં બે માણસો આવ્યા. અડધો કલાક જેટલું કામ કર્યું અને નળ રિપેર કરી દીધો. પછી તેમણે આપણા ભારતીય સજ્જનની માફી માગી અને જણાવ્યું કે આજે આપની ઊંઘમાં ખલેલ પડી છે. એટલે આજની રાત્રિ માટેનું રૂમનું ભાડું આપની પાસેથી નહીં લેવામાં આવે. આનાથી પણ આગળ વધીને એ નળ રિપેર કરનાર બે માણસોમાંથી એક બોલ્યો, "સર, જરા આપ નજર કરો. તમને જે નળે તકલીફ આપી છે તે નળ જાપાનનું ઉત્પાદન નથી. પરદેશથી આયાત કરેલો માલ છે."

આ સત્ય પ્રસંગ દર્શાવે છે કે જાપાની લોકોને પોતાના દેશની ક્ષમતાનું ગૌરવ છે. તેઓ તેમના કામમાં શ્રેષ્ઠ રહેવા માંગે છે. જો આપણે પણ આપણા કામના ક્ષેત્રમાં જાપાનીઓની જેમ શ્રેષ્ઠ રહેવા પ્રયાસ કરીએ તો વિકસિત ભારતનો દરજ્જો આપણે ધારીએ છીએ તેના કરતાં પણ વહેલો આવશે.

***મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૪***

*જુઠ્ઠું બોલીને મિત્ર બનાવવા કરતાં સત્ય બોલીને શત્રુ બનાવવા અધિક સારું છે.*

# 'આપણે' - અહીંના અને ત્યાંના

• ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ •

આપણો દેશ આટલો મહાન છે. છતાં આપણું મીડિયા આટલું નકારાત્મક શા માટે? આપણે ભારતીયો પોતાનાં સબળાં પાસાં અને સિદ્ધિઓને કબૂલ કરતાં શા માટે અચકાઈએ છીએ? સફળતાની અનેક ગાથાઓ આપણી પાસે છે, પણ તેને કેમ સ્વીકારવા જ નથી માગતા? શા માટે? આપણે દૂધ ઉત્પાદનમાં પહેલા છીએ. રિમોટ સેન્સિંગ ઉપગ્રહોમાં પણ પ્રથમ નંબરે છીએ. ઘઉં અને ચોખાનું વિશ્વના બીજા નંબરનું ઉત્પાદન અહીં થાય છે. આ ડૉ. સુદર્શનને જુઓ. તેમણે એક આદિવાસી ગામને સ્વાવલંબી એકમમાં ફેરવી નાંખ્યું છે. આવી લાખો સફળતા છે પણ આપણું મીડિયા ખરાબ સમાચારો અને નિષ્ફળતા કે આફતોની વાતોમાં જ રાચે છે. **હું તેલ અવીવમાં હતો અને ઈઝરાયલી છાપું જોતો હતો. ખૂબ બોમ્બમારા અને હુમલાઓ પછીનો એ દિવસ હતો. હમ્માસ ત્રાટકેલું અને ઘણાં મોત થયેલાં. પરંતુ વર્તમાનપત્રના પહેલા પાના પર એક યહૂદી સજ્જનનો ફોટો હતો. જેમણે જમીનને પાંચ વર્ષના ગાળામાં ધાનના ભંડાર અને ફળની વાડીમાં ફેરવી નાંખી હતી. સવારે ઊઠીને લોકોને આ પ્રેરક ચિત્ર જોવા મળ્યું. હત્યા, મૃત્યુ, બોમ્બવર્ષાની જુગુપ્સાપ્રેરક વિગતો અંદરના પાને હતી - બીજા સમાચારોમાં દટાયેલી. ભારતમાં આપણે માત્ર મૃત્યુ, બિમારી, આતંકવાદ, ગુનાખોરી જ વાંચીએ છીએ. આપણે આટલા નકારાત્મક શું કામ?**

બીજો પ્રશ્ન : એક રાષ્ટ્ર તરીકે આપણને વિદેશી ચીજોની ઘેલછા શા માટે છે? આપણને વિદેશી ટેલિવિઝન જોઈએ, 'ઈમ્પોર્ટેડ' શર્ટ જોઈએ. ત્યાંની ટેક્નોલોજી જોઈએ. આયાત કરેલી કોઈ ચીજ માટે આ પાગલપન કેમ? આત્મસન્માન માત્ર સ્વાવલંબન દ્વારા જ આવે તે આપણને નથી સમજાતું? આ વ્યાખ્યાન માટે હું હૈદ્રાબાદ આવ્યો ત્યારે ૧૪ વર્ષની એક બાળાએ મારા 'ઑટોગ્રાફ' માગ્યા. મેં એને પૂછ્યું કે, જીવનમાં એનું ધ્યેય શું છે? તો કહે 'મારે વિકસિત ભારતમાં જીવવું છે.' મારે અને તમારે એ બાળા માટે એવું વિકસિત ભારત બનાવવું પડશે એવો નિર્ધાર કરો. તમારી પાસે દસ મિનિટ છે? તો મને રજા આપો. જુસ્સા સાથે કંઈ કહેવાની. તમારા દેશ માટે જો દસ મિનિટ હોય તો આગળ સાંભળો.

તમે કહો છો, આપણી સરકાર બિનકાર્યક્ષમ છે, તમે કહો છો કે આપણા કાયદા જરીપુરાણા છે. તમે કહો છો કે સુધરાઈ કચરો ઉપાડતી નથી. તમે કહો છો કે ટેલિફોન કામ નથી કરતા, આપણી રેલવે તો મજાક માત્ર છે, ઍરલાઈન વિશ્વમાં સૌથી પછાત છે, પત્રો ઠેકાણે પહોંચતા નથી. તમે કહો છો કે આપણો દેશ ઉકરડે નખાઈ ગયો છે. તમે કહો છો, કહો છો, કહેતા જ રહો છો, પણ તમે એ માટે શું કરો છો? કલ્પના કરો કે એક જણ સિંગાપુર જઈ રહ્યો છે. એને નામ આપો તમારું. એને ચહેરો આપો તમારો. એ 'તમે' સિંગાપુર ઍરપોર્ટથી બહાર નીકળો છો અને શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય પ્રવાસી છો. સિંગાપુરમાં તમે રસ્તા પર સિગારેટનું ઠૂંઠું નથી ફેંકતા કે રસ્તા ઉપર ખાતા નથી. ત્યાંની ભૂગર્ભ રેલવે માટે તમને એટલું ગૌરવ થાય છે કે જેટલું ત્યાંના જ એક નાગરિકને થાય! સાંજના પાંચથી આઠ વચ્ચે ઓર્ચાર્ડ રોડ (આપણા પેડર રોડ કે માહિમ કોઝવેની જેવો રોડ) પર વાહન ચલાવવા પાંચ ડૉલર (૬૦ રૂપિયા) પણ તમે આપી દો છો. દુકાનમાં કે રેસ્ટોરન્ટમાં વધારે સમય નીકળી ગયો હોય તો પાર્કિંગ પ્લોટ લૉટમાં વધારાના પૈસાની ટિકિટ તમે જાતે જ પંચ કરી લો છો. સિંગાપુર વિરુદ્ધમાં કશું નથી કહેતા. અને અહીં કેમ કહો છો? તમે રમઝાન દરમિયાન દુબઈમાં રસ્તા પર ખાવાની હિંમત નહીં કરો અને જેદ્દાહમાં હશો તો રખે માથું ઢાંક્યા વિના બહાર જાઓ? તમારા એસ.ટી.ડી. કૉલ કોઈ બીજાના નામે ચડાવી દેવા માટે લંડનની ટેલિફોન એક્સચેન્જના કર્મચારીને મહિને ૧૦ પાઉન્ડ (૬૮૦ રૂપિયા) આપીને ખરીદવાની હિંમત નહીં કરો! વૉશિંગ્ટનમાં ૯૦ કિ.મી.થી વધુ ઝડપે ડ્રાઈવિંગ પણ નહીં કરો અને પોલીસને એમ કહેવાની હિંમત પણ નહીં કરો કે, 'જાનતા હૈ સાલા મૈં કૌન હૂં? ફલાણાનો દીકરો છું. લે તારા બે ડોલર ને ફૂટ અહીંથી!'' ઑસ્ટ્રેલિયા કે ન્યુઝીલેન્ડના સમુદ્ર કિનારે પીધેલું નાળિયેર નહીં ફેંકો. તમે ટૉકિયોની ગલીઓમાં કેમ પાનની પિચકારી નથી મારતા? બોસ્ટન જઈને તમે કેમ નકલી ડિગ્રી નથી ખરીદી લેતા? આપણે હજી એ જ 'તમે'ની વાત કરીએ છીએ. તમે પરદેશની સિસ્ટમને માન આપીને તેને અનુસરશો પણ તમારા દેશમાં નહીં અનુસરો!

પછી જેવા ભારતની ધરતીને અડ્યા કે કાગળનો ડૂચો રસ્તા પર ફેંકશો. જો વિદેશમાં તમે સમજણવાળા નાગરિક બની શકો છો તો ભારતમાં કેમ નહીં? મુંબઈના જાણીતા માજી મ્યુનિસિપલ કમિશનર તિનઈએ એક ઈન્ટરવ્યૂમાં કહેલું કે, **'શ્રીમંતો કૂતરાઓને રસ્તા પર ફરવા લઈ જાય છે કે જેથી તે રસ્તા પર વિષ્ટા છોડે અને પછી એ જ લોકો ઊલટા ફરીને સત્તાવાળાઓને ગંદી ફૂટપાથ અને નબળી કાર્યક્ષમતા માટે**

*દુઃખ-ચિંતાનું કારણ વસ્તુઓનો અભાવ નથી, પણ મૂર્ખતા છે.*

**ભાંડશે.** ઑફિસરો પાસેથી એવી શી આશા રાખો છો? એમના કૂતરાઓને હાજત થાય ત્યારે ઝાડુ લઈને તેની પાછળ પાછળ ફરે? અમેરિકામાં કૂતરો કામ પતાવે પછી તેના માલિકે સાફ કરવું પડે છે, તેવું જ જાપાનમાં છે. ભારતના નાગરિક એવું અહીં કરશે? આપણે ખરા છીએ! આપણે સરકાર ચૂંટવા મતદાન મથકે જઈએ છીએ અને પછી બધી જ જવાબદારી લુંટાવીને ઘેર આવી જઈએ છીએ. આપણું યોગદાન તદ્દન ગુણાત્મક હોવું જોઈએ. તેમ છતાં સરકાર બધું કરે તેવી આશા કરતા બેસી રહીએ છીએ. સરકાર સફાઈ કરે તેવી આશા રાખશું પણ રસ્તે કાગળ ફેંકતા નહીં અચકાઈએ કે નહીં વાંકા વળીને કોઈ બીજાએ નાંખેલ કાગળને ડસ્ટબીનમાં નાંખીએ. રેલવે સ્વચ્છ સંડાસ પૂરા પાડે તેવી આશા રાખીશું પણ તેને બરોબર વાપરતાં નહીં શીખીએ. આપણે માગશું કે ઈન્ડિયન ઍરલાઈન્સ શ્રેષ્ઠ ભોજન અને પ્રસાધનો આપે પણ નાનો શો મોકો મળે તો તેને તફડાવી લેતા અચકાઈશું નહીં.

દહેજ, સ્ત્રીઓ, પુત્રી હોવી વગેરે જેવા સળગતા સામાજિક મુદ્દાઓ પર આપણે ડ્રોઈંગ રૂમ-ચર્ચા ખૂબ મોટા અવાજે કરશું પણ ઘેર આવતા ઊલટું જ! આપણું બહાનું? "આખી સિસ્ટમ જ બદલવી જોઈએ - મારો એક પુત્ર દહેજ છોડે તેથી શું બદલી જવાનું?" તો, સિસ્ટમને કોણ બદલવાનું છે? સિસ્ટમ બની કોના થકી? કોના માટે છે? આપણે મોટા એમ માની લેવું બહુ સરળ છે કે, સિસ્ટમ બને છે પાડોશીઓથી, બીજાનાં ઘરોથી, બીજા શહેરોથી, બીજાં સમુદાયોથી અને સરકારથી! પણ ચોક્કસ તેમાં હું અને તમે તો નથી જ! એ સિસ્ટમને કોઈક વિધેયક નિયમો આપવાનું આવે ત્યારે આપણે અને આપણો પરિવાર એક કોચલામાં બેસી જઈએ છીએ. દૂર દૂર નજર નાંખીએ છીએ કે કોઈક 'મિસ્ટર ક્લિન' આવશે અને તે હાથના એક રાજસ્વી ઝટકાથી આપણા માટે ચમત્કાર કરી દેશે! નહીં તો પછી આપણે દેશ છોડીને ભાગી જઈએ છીએ. આપણે ભયના માર્યા આળસુ કાયરોની માફક આપણે દેશ છોડી અમેરિકા જઈએ છીએ અને પછી ત્યાંની ચમકમાં મહાલીએ છીએ. ત્યાંની સિસ્ટમનાં વખાણ કરતા રહીએ છીએ!

વળી, ન્યુયોર્કમાં રહેવામાં ખતરો ઊભો થાય તો ઈંગ્લેન્ડ તરફ દોડીએ છીએ. જો ત્યાં બેકારી વ્યાપે તો તુરત પછીની ફ્લાઈટ પકડી અખાતના દેશમાં જઈએ છીએ ને અખાતના દેશોમાં યુદ્ધ ફાટી નીકળે તો માંગણી કરીએ છીએ કે ભારત સરકાર બચાવી લે અને ઈન્ડિયન ઍરલાઈન્સ દ્વારા (વિનામૂલ્યે) ભારત પહોંચાડી દે!

**પ્રત્યેક જણ દેશને લૂંટવા અને ઉચ્છેદવા બેઠું છે. સિસ્ટમમાં પોતા તરફથી કશું કરવાનું કોઈ નથી વિચારતું.**

***મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૨***

## કલા

**સુંદર ભાષણ કરવું એ કલા છે. તે જ રીતે ક્યાં ચૂપ રહેવું એ પણ એક કલા છે.**

**યોગ્ય સમયે બોલવું એમ યોગ્ય સમયે મૌન રહેવું એ પણ આત્મસંયમની એક કલા છે.**

# મહિલા માટે ઘરકામ કે નોકરી?

• પ્રભા કે. શાહ •

મહિલાઓમાં કુંવારી છોકરીઓનો સમાવેશ નથી એમ માનીએ તો પુરુષ સમોવડી નારી, પુરુષો સમાન હક્ક માગતી મહિલાઓ, ખભેખભા મિલાવી ચાલનારી નારીની માન્યતા ધરાવતા પુરુષો અને મહિલાઓ ફક્ત એટલું વિચારે કે બધી જ મહિલાઓ ઘરકામ છોડી નોકરી કરવા લાગશે તો?

ઉત્તર બધાયને મળી જશે.

ઘરકામ છોડી મહિલા નોકરી કરવા લાગશે તો ઘરની શાંતિ, સુખ, આરામ, મનભાવતા ભોજનની તૃપ્તિ બધું જ માળિયે ચડી જવાનું. બાળકોને અપાતા સંસ્કાર (જે ખરેખર આજે અપાતા જ નથી) પતિ સાંજે થાકેલ ઘેર આવતાં અપાતો હાસ્યમિશ્રિત આવકાર અશક્ય બને. કેમકે પોતે જ એટલી થાકી ગયેલ હોય છે કે પોતે જ એ જરૂરિયાત મહેસૂસ કરે છે ત્યાં નોકરી કરતી મહિલા પરિવારને શું આપી શકશે?

જે પ્યાર અને મમતા ઘેર રહી પતિ અને બાળકો પર લુંટાવી શકે છે એ પ્યાર ને મમતા અગર નોકરી કરી પાછી વળશે ત્યારે એને મળી શકશે ખરાં?

મજબૂરીથી જે મહિલાઓ નોકરી કરે છે (ઘાટણ, વિધવા કે અપાહિજ પતિની પત્ની) તેમનાં ઘરમાં જોશું તો કશુંક ખૂટતું નજર આવશે.

દલીલ એવી પણ છે કે આજના મોંઘવારીના જમાનામાં એકલા પતિની કમાણીથી પૂરું નથી થતું તો એમને એટલું જ કહેવાનું કે પહેલાના જમાનામાં કમાનાર એક ને ખાનાર દસ છતાં પૂરું થતું હતું. મોંઘવારીના પ્રમાણમાં પગારો, આવક પણ એટલા વધ્યાં છે છતાં પૂરું નથી થતું. કારણ?

કારણ જરૂરિયાત પોતે વધારી છે. સાદાઈ છોડી ખોટા દેખાવ અને આડંબર વધાર્યા છે. લોકો સંતોષી મટી અસંતોષી બન્યા છે. વધારે સુખસાહ્યબી મેળવવામાં અલ્પ સુખ જે મળતું હતું તે પણ ગુમાવી બેઠા છે. આર્થિક સંતુલન માટે ખોટાં કામો કરતાં માનસિક, શારીરિક સુખ છીનવાઈ ગયું છે.

**શોખ માટે નોકરી કરતી મહિલા પોતાના સર્કલ, મોજશોખ, કીટીપાર્ટી, ક્લબ પ્રત્યેની જવાબદારી નિભાવતાં ઘર પ્રત્યેની જવાબદારી ભૂલી ગઈ છે.**

નોકરી કરતી મહિલાના (આર્થિકરૂપે પતિને સહાયક બનવા) ઘર, લગ્નના ૧૪-૧૫ વર્ષ બાદ પણ તૂટતા નજરે પડે છે.

ઘરનાં પ્રત્યેક પરિવારનાં પ્રત્યેક સભ્ય સાદાઈ અને સંતોષથી જીવન જીવશે, જરૂરિયાતને લગામ દેશે અને મહિલા પોતે કરકસરથી ઘર ચલાવશે, શક્ય એટલું જાતે જ કામ કરશે તો નથી લાગતું કે મહિલાઓને નોકરી કરવી પડે?

નોકરી કરતી મહિલાની આવક કામવાળી પાછળ, ઘાટણ પાછળ, બાળકોનાં ટ્યૂશન પાછળ જ વપરાઈ જશે તો આમાં ક્યાં આત્મસંતોષ મળ્યો કે ક્યાં આવક વધી ને વધુ આરામ મળ્યો?

ટાઈમ પાસ કરવા માટે પણ નોકરી સિવાય સેવાનાં ઘણાં જ વિસ્તૃત કાર્યો છે માટે નોકરી કરવી જરૂરી નથી.

**ખરેખર સુખી થવું હોય, પરિવારને સુખી કરવું હોય તો બને ત્યાં સુધી મહિલાઓએ નોકરી કરવી નહીં જોઈએ અને ઘરનાં પ્રત્યેક કામ આનંદપૂર્વક કરવાં જોઈએ.**

**આખરે વ્યક્તિગત સુખ એ પારિવારિક સુખ બને, પારિવારિક સુખ ગામનું સુખ બને, સુખી ગામ કે નગર સુખી રાજ્ય બને અને હરએક સુખી રાજ્ય સુખી દેશ બને.**

*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૩*

- ★ *બીજાનું ભલું કરવાની કોઈ પણ તક જવા દેશો નહીં.*
- ★ *વાણી મધુર રાખો, કટુ શબ્દ કદી બોલો નહીં.*
- ★ *જીવનનો સાચો આનંદ આપવામાં છે, લેવામાં નહીં.*
- ★ *કોઈ પણ સંજોગોમાં રોજનું કામ રોજ પૂરું કરો. કોઈ પણ કામ મુલત્વી રાખવું નહીં. આજે થઈ શકે છે તે કાલ પર રાખો નહીં.*
- ★ *"હું બધું જ છું" એમ જે જાણે છે તે બહુ ઓછું જાણે છે.*
- ★ *જીવન સફાચટ સાગરસમ છે. એનું બની શકે એટલું મંથન કરો અને મેળવો.*
- ★ *ઢોળાયેલા દૂધ માટે રડો નહીં. ભૂતકાળ ભૂલી ભવિષ્યનો વિચાર કરો.*
- ★ *માનવીમાત્ર ભૂલને પાત્ર છે. ક્ષમા દૈવ છે.*

*તક સૂર્યોદય જેવી હોય છે, જો તમે બહુ લાંબો સમય રાહ જુઓ તો ચૂકી જવાય છે.*

# કચ્છના રણમાં ખીલ્યું ઓસ્ટ્રેલિયાનું ગુલાબ

• સંકલન : નાનજી ભવાનજી - કોલ્હાપુર •

જોધપુરના કલેક્ટર મિ.ભટ્ટી પોતાની ઓફિસમાં બેઠા છે. વૈશાખ મહિનો છે. વીજળી ગુલ છે. એ.સી. બંધ છે. આજ સમયે એક જુવાન ગોરા બદનની છોકરીએ ઓફિસનું બારણું ઉઘાડીને (અંગ્રેજીમાં) અંદર આવવાની રજા માગી : 'હું અંદર આવી શકું? માફ કરજો બહાર કોઈ પટાવાળો નથી. એટલે મારે જ તમને પૂછવું પડે છે.' કલેક્ટર સાહેબે ઈશારાથી સંમતિ આપી.

થેન્કસ એ લોટ! કહીને યુવતીએ ભટ્ટી સાહેબની સામેની ખુરશીમાં બેઠક લીધી. સ્મિત ફરકાવતાં કહ્યું, 'હું ઓસ્ટ્રેલિયાથી આવું છું, મારું નામ રોબિન ડેવિડસન.'

કલેક્ટર સાહેબે પ્રસન્નતાપૂર્વક પૂછ્યું, 'બોલો -ઠેઠ ઓસ્ટ્રેલિયાથી અહીં સુધી કેમ આવવાનું થયું?'

**રોબિને એના આગમનનું પ્રયોજન રજૂ કર્યું. 'હું યુનિવર્સિટીમાં સ્પેશિયલ અભ્યાસક્રમ માટે શોધ નિબંધ તૈયાર કરી રહી છું. મેં એક તદ્દન નવો જ સબ્જેક્ટ પસંદ કર્યો છે. મેં સાંભળ્યું છે કે ઇન્ડિયામાં કેટલીક વિચરતી જનજાતિઓ છે, મારે આવી એકાદ રખડતી ભટકતી જનજાતિ વિષે અભ્યાસ કરવો છે. તમે આ કામમાં મને મદદ કરી શકો?'**

કલેક્ટર હસ્યા : 'એના માટે અહીં શા માટે આવી? અરબસ્તાનમાં જવું હતું ને!'

રોબિને નકારમાં માથું ધુણાવ્યું. અને કહ્યું, ત્યાં ન જવાનાં એક કરતાં અનેક કારણો. પહેલું કારણ પેટ્રોલનું. ખનીજ તેલની કૃપાથી આરબો હવે વણઝારા નથી રહ્યા. બીજું કારણ પૈસૌ. પેટ્રો ડોલરે એમને યુરોપિયનો કરતાં પણ વધારે આધુનિક બનાવી દીધા છે. ત્રીજું કારણ સલામતી. હું સ્ત્રી છું, રૂપાળી છું અને એકલી છું. આરબ દેશમાં ગયા પછી હું કુંવારી ન રહી શકું. કોઈ હવસખોર શેખ મને બુરખો ઓઢાડી દેતા વાર ન કરે.

કલેક્ટર સાહેબે વિચાર કરીને સલાહ આપી. 'આ સલામતી વાળી વાત સૌથી વધુ અગત્યની છે. એક કામ કર, તું ગુજરાતમાં ચાલી જા. આમ પણ અહીં રાજસ્થાનમાં અસલની પરંપરાગત સંસ્કૃતિ હવે લુપ્ત થતી જાય છે. અહીંના ઘાઘરો અને ચોલી હવે હિંદી ફિલ્મોને અભડાવી રહ્યા છે. સંસ્કૃતિ વિકૃતિ બનતી જાય છે. બીજું એક કારણ એ પણ ખરું કે અહીંના ગામડામાં માલધારીઓ હવે એક સ્થળેથી બીજા સ્થળે ભટકતા નથી. પણ ગુજરાતમાં આ પ્રાચીન પરંપરા તને આજે પણ જોવા મળશે. ત્યાંના લોકો પ્રેમાળ છે. સ્ત્રીઓ માયાળું છે. ત્યાં કાયદાનું શાસન પ્રવર્તે છે. તારું કામ ત્યાં પાર પડશે.'

"ઓ.કે." રોબિને સાહેબની સલાહ સ્વીકારી લીધી. 'જેમ તમે કહેશો તેમ, પણ એને માટે મારે જવાનું કયાં?'

'ગુજરાતમાં પણ રાજસ્થાનના જેવું જ રણ છે. હું તને કચ્છ ભૂજનાં કલેક્ટર ઉપર ભલામણ ચિઠ્ઠી લખી આપું છું. એ મારા મિત્ર છે. તને જરૂર મદદ કરશે.'

ભટ્ટી સાહેબની ભલામણ ચિઠ્ઠીને ખિસ્સામાં રાખી, રોબિન બહાર નીકળી. વહેલું આવે ભુજ. ત્યાં કલેક્ટર તરીકે રામકૃષ્ણન કરીને એક દક્ષિણ ભારતીય સદગૃહસ્થ હતા. એમણે રોબિનને શાંતિથી સાંભળ્યા. તરત જ એમના દિમાગમાંથી એક જાતનું નામ બહાર આવી રહ્યું : રબારી. એમણે ધંધુકાના પુંજાભાઈ ગમારાને ફોન જોડ્યો. પુંજાભાઈ એ વખતે 'ઘેટાં ઊન વિકાસ નિગમ'ના ચેરમેન હતા. રોબિનનાં પ્રોજેક્ટ માટે એ વધુ માર્ગદર્શન આપી શકે એમ હતા. પુંજાભાઈએ રોબિનની જવાબદારી સ્વીકારી. રોબિનને લઈને એ ભુજના પાદરમાં પડાવ નાખીને પડેલા રબારીના ઝુંડ પાસે ગયા. મુખીને બોલાવ્યો. ખાટલા ઢળાયા. કઢેલા દૂધનાં તાંસળાં આવ્યાં. રબારણો આ ધોળી બાઈને જોવા ટોળે વળી. પુંજાભાઈએ ઈશારો કર્યો : "હા તો શરૂ કરો, બેન તમતમારે ઈન્ટરવ્યૂ..."

'હું ઈન્ટરવ્યૂ માટે નથી આવી,' રોબિને કહ્યું. 'મારે તો આ લોકોની સાથે જીવવું છે. એમનો અભ્યાસ કરવો છે. એમની જીવન શૈલી, ખાણી-પીણી, ઉત્સવો, રીત-રિવાજો, હાડમારીઓ.... આ બધું જાતે અનુભવવું છે.'

'અરે પણ માવડી! આ તો ભટકતી કોમ છે. પશુ સાથે પશુ બનીને જીવતાં માણસ છે. આજે અહીં તો કાલે ક્યાંક બીજે ઠેકાણે. ઘણી વાર તો એમનાં બૈરાં પણ હારે નથી જાતાં. તું ક્યાં જીદે ચડી છો?'

પણ રોબિન ટસની મસ ન થઈ. છેવટે મુખીએ વાત મંજૂર રાખી. કલેક્ટરને વિનંતી કરી 'સાહેબ, આ બાઈની ભાષા અમને હમજાતી નથી. એનું કા'ક કરો.'

રામકૃષ્ણન એક અઠવાડિયું દુભાષિયા તરીકે એમની સાથે રહ્યા. પછી એમણે રબારીનાં ઝુંડને લીલી ઝંડી ફરકાવી દીધી : 'અબ તુમ્હારે હવાલે રોબિન- સાથીઓ....'

રબારીઓની પોઠમાં મોટા ભાગના પુરુષો. ગણી-ગાંઠી સ્ત્રીઓ. એમાં એક આ રોબિન. પણ પ્રકૃતિની સાવ નજીક એવી આ ભોળી, સરળ પ્રજાએ આ પરદેશી યુવતીને પોતાની દીકરીની જેમ માનીને અપનાવી

*ઘણા ખરા પૂર્વગ્રહો ઊંધા પિરામિડ જેવા હોય છે, તુચ્છ-મામૂલી વાત સાવ નાના પાયા પર ઊભેલી હોય છે.*

લીધી. રબારણોએ રોબિનને એમનાં કપડાં આપ્યાં. 'લે, બોન! તારી ચડ્ડી અને પેન્ટ અમારા મલકમાં ન શોભે. મર્યાદા લોપાય. અમારી તો દશ વરસની દીકરીયે ઘાઘરી-પોલકુ પે'રે!' રોબિન વસ્ત્રોની બાબતમાં રબારણ બની ગઈ. નાનકડા અરીસાએ સાક્ષી પૂરી. આ કપડામાં એ કેવી શોભે છે.

પણ ખરો પ્રશ્ન જાજરૂનો ઊભો થયો. અહીં એને વિદેશી ઢબનું બેઠકવાળું ટોઈલેટ ક્યાંથી મળે? અને 'પ્રાયવસી'થી ટેવાયેલી જુવાન રોબિન સાવ ખુલ્લામાં જઈ પણ શી રીતે શકે! આ મડાગાંઠનો ઉકેલ માણસ પાસે ન હતો, પણ સમય પાસે હતો. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ! કબજિયાતનું દબાણ વધતું ગયું, અને મુંઝવણ વધતી ગઈ. ચોથા દિવસની વહેલી સવારે રોબિન શરમની સરહદ તોડીને નેસડાની બહાર નીકળી પડી. હાથમાં પાણીનો લોટો, ખુલ્લો વિશાળ વગડો અને ઉપર ગગન વિશાળ. એવું જ સ્નાનની બાબતમાં પણ બન્યું. ઓસ્ટ્રેલિયાનાં સિડની શહેરમાં એના બાપના ઘેર હતા એવા બાથરૂમ અને આરસનાં ટબ અહીં કયાંથી કાઢવા! શરીરની સુગંધ ઊડવા માંડી અને પરસેવો બંડ પોકારવા માંડયો એટલે રોબિને પણ રબારણોની સાથે બેસીને ખુલ્લામાં સ્નાન કરવાનું શરૂ કર્યું.

પછી વારો આવ્યો ભોજનનો. પહેલે દિવસે તો એના મોમાંથી રાડ નીકળી ગઈ. બાજરીના રોટલાની સાથે લીલા મરચાં અને બાજુમાં લસણની ચટણી.

તમે લોકો આવું ("સ્પાઈસી ફુડ") તીખું ખાવ છો? એણે સિસકારા મારતા પૂછ્યું : 'તમારાં આંતરડા બળી નથી જતા? પેટમાં અલ્સર નથી પડતાં?'

રબારણો પાસે ઉત્તર ન હતો પણ ઉપાય હતોઃ 'લે, સાથે આ છાશ પીવાનું રાખ. પેટને ટાઢક થાહે.' 'આ શું છે? એન્ટાસીડ છે?'

'ના, આ અમારી ધરતી ઉપરનું અમરત છે.' રોબિન દોઢ વરસ રહી. રબારીઓની સાથે રહી. રબારણ બનીને રહી. રોટલો મરચું અને છાશ ખાઈને રહી. છાશ પણ પાછી ઘેટા-બકરાના દૂધમાંથી બનાવેલી. રબારીઓ રખડતા રઝળતા ભૂજથી શરૂ કરીને દોઢ વરસમાં છેક રાજકોટ અને વાંકાનેરના પાદર સુધી પહોંચ્યા. **રોબિને એક પણ વાર હોટલ વિષે પૂછપરછ ન કરી કે એમ પણ ન કહ્યું કે, હું થાકી ગઈ છું, મારા માટે બસ કે ગાડીની સગવડ કરો.** આવી હતી એ અભ્યાસ કરવા માટે એની લગન. એનું તપ અને એની સહનશક્તિ આ રબારીઓ માટે અભ્યાસનો વિષય બની ગયા. **રોબિને શિવરાત્રી ઉજવી, ધૂળેટીના રંગો માણ્યા. જન્માષ્ટમી અને રામનવમી પાળ્યાં. નવરાત્રીમાં ગરબે ઘૂમી, દિવાળીમાં ફટાકડા ફોડ્યા અને ડિસેમ્બરના આખરી સપ્તાહમાં એણે બેહદ આશ્ચર્ય અનુભવ્યું કે અડધી દુનિયા જે તહેવાર દરમિયાન દારૂ, કેક અને ડાન્સના કેફમાં ચૂર થઈને ઝૂમી ઊઠે છે એ તહેવારનું આ જાતિને મન કશું મૂલ્ય જ નથી.** આ ગોવાળો તો બસ છેલ્લા પાંચ હજાર વરસથી એક ગોવાળિયાના બર્થ-ડે ને ઉજવતા રહે છે. કોઈપણ ધાંધલ કે ધમાલ વગરના લેશમાત્ર કે પ્રસાર વગરના ધર્મ પરિવર્તનની કોઈપણ દૂષિત વૃત્તિ - પ્રવૃત્તિ વગરના આ ગ્રામીણ આનંદને એ અહોભાવપૂર્વક નીરખી રહી.

અને પછી એક દિવસ એ ઓસ્ટ્રેલિયા ઊડી ગઈ! એનું કામ પૂરું થયું. સમય પૂરો થયો. **ઓસ્ટ્રેલિયા જઈને એણે એક સચિત્ર, દળદાર પુસ્તક તૈયાર કર્યું. કચ્છ - કાઠિયાવાડની રબારી કોમ વિષેનો એનો મહાનિબંધ યુનિવર્સિટીમાં તો સ્વીકારાયો જ, પણ ગ્રંથ રૂપે એને પ્રજાએ પણ ઉમળકાભેર વધાવ્યો.**

એક દિવસ ભૂજના કલેક્ટર રામકૃષ્ણન એમની ઓફિસમાં બેઠા હતા. વીજળી ગુલ હતી. પંખા, એ.સી. બંધ હતા. ત્યાં જ પટાવાળાએ આવીને એક પરદેશી પાર્સલ ટેબલ ઉપર મૂક્યું. પાર્સલમાં એક ચોપડી હતી અને સાથે એક ટૂંકો પત્ર : રોબિનના પ્રણામ. આ પુસ્તક એ રબારીઓને અર્પણ જેમણે મને દોઢ વર્ષ સુધી એક પુત્રીની માફક સાચવી. અહીંના પ્રકાશક તરફથી મને રોયલ્ટીના દસ હજાર પાઉન્ડ મળ્યા છે. એ ચેક પણ તમારા હાથમાં સોંપુ છું. એ પૈસા રબારીઓ માટે ઉપયોગમાં લેશો. ભારતની, લુપ્ત થવાને આરે ઊભેલી એક તદ્દન અભણ અને ગરીબ જાતિ દિલની આટલી ઉદાર હશે એ હકીકત એમની સાથે રહ્યા વિના કોણ માની શકે? એમને કહેજો કે હું ફરીથી ક્યારેક એમને મળવા માટે આવીશ. આ જન્મે નહીં તો આવતા જન્મે. અને ત્યારે મુદત દોઢ વરસની નહીં હોય...

**પત્ર વાંચી રામકૃષ્ણના મુખથી શબ્દો સર્યા : કચ્છના રણમાં ખીલ્યું ઓસ્ટ્રેલિયાનું ગુલાબ.**

*મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૦૩*

- ★ *ઘરમાં દીવાલ ભલે હોય પરંતુ ઘરમાં રહેનારના દિલ વચ્ચે દીવાલ ન ચણાય તેની કાળજી રાખવી.*
- ★ *તમારા વિચાર, વાણી અને વર્તનમાં જો ઉજ્જવળતા ન હોય તો પછી એકલાં ઊજળા કપડાં પહેરવાથી શું ફાયદો?*
- ★ *જેની પાસે સંસ્કાર હોય તેની પાસે સંપત્તિ આવે પણ ખરી.*
- ★ *સંપત્તિ છીનવી શકાય છે, જ્યારે સંસ્કારો મેળવવા પડે છે, છીનવી શકાતા નથી.*
- ★ *ભૂલ આશીર્વાદરૂપ છે. જો એમાંથી તમે કાંઈ શીખો નહીં તો એ શાપ બની રહે છે.*
- ★ *મહેનત માણસને મારી નાખતી નથી, ખરાબ ટેવો અને કસરતનો અભાવ માણસની તંદુરસ્તીને હાનિકારક છે.*
- ★ *જરૂરી અને બિનજરૂરી વચ્ચે વિવેક રાખો.*
- ★ *જે વહેલા સૂઈ વહેલા ઊઠે છે તેમના બળ, બુદ્ધિ ને સંપત્તિમાં વધારો થાય છે.*

*હોય એનાથી વધુ લેવાની ઈચ્છા અશાંતિ સર્જે છે.*

# બુદ્ધિ એટલે શું?

• શાંતિલાલ સંઘવી - અમદાવાદ •

બુદ્ધિ કોને કહેવાય? બુદ્ધિ એટલે શું? એવા સવાલ કોઈ આપણને પૂછે તો આપણને નવાઈ લાગે. આપણે કહીએ કે બુદ્ધિ એટલે બુદ્ધિ જ વળી, બીજું શું?

પણ બુદ્ધિની વાત એટલી સરળ નથી. માણસની બુદ્ધિ મહા માયાવિની છે, અનેક રૂપ ધારિણી છે, સહેજપણે જો અસાવધ રહ્યા તો ક્યાંય ઊંધે પાટે ચડાવી દે એટલી શક્તિ બુદ્ધિમાં રહેલી છે.

ઘણા વિચારકો - ચિંતકોએ બુદ્ધિની વ્યાખ્યા આપી છે. પણ એમની વ્યાખ્યા એકબીજાથી જુદી પડે છે. શાસ્ત્રોમાં પણ વ્યાખ્યા તો ઘણી છે પણ એકબીજાથી ભિન્ન છે અને એટલે સામાન્ય જણ મુંઝાય છે કે બુદ્ધિનું સાચું સ્વરૂપ શું?

અહીં આપણે બુદ્ધિને સમજવાનો યથાશક્તિ પ્રયત્ન કરીએ. ઘણા વિદ્યાર્થીઓને પરીક્ષામાં ૯૨-૯૩ ટકા માર્ક આવે છે. ઘણાને ઓછા માર્ક આવે છે, તો ઘણા નાપાસ થાય છે. વધારે ટકાવાળા બુદ્ધિશાળી તેમ નાપાસ એ બધા બુદ્ધિ વગરના એવું કહી શકાશે? **મનોવિજ્ઞાનીઓ સ્પષ્ટ જ કહે છે કે ભણતરને અને બુદ્ધિને કશી જ લેવાદેવા નથી.** ઊંચામાં ઊંચા ડિગ્રીધારી માણસો જે સમસ્યા ઉકેલી ના શકે તે સમસ્યા ચપટી વગાડતાં એક સાવ સામાન્ય અભણ માણસ ઉકેલી બતાવે એ બિલકુલ શક્ય છે. એક મનોવિજ્ઞાનીએ કહ્યું છે કે, **"સમસ્યાને ઉકેલવાની આવડત એટલે બુદ્ધિ."** આ વાતના સમર્થનમાં તેણે બે બિલકુલ સાચી ઘટના રજૂ કરેલ છે :

વાત છે પોરબંદરની. ૨૦ ટનનો દાગીનો કેરીયર દ્વારા ત્યાં પહોંચ્યો. આટલી કેપેસિટીવાળી ક્રેન ત્યાં નથી. દાગીનો નીચે ઉતારવો કેમ? વધારે કેપેસિટીવાળી ક્રેઈન અમદાવાદથી મંગાવવી પડે. એમાં તો ઘણા દિવસ લાગે અને ઘણો ખર્ચ થાય. તો હવે શું કરવું એની ચર્ચા ફેક્ટરીના માલિક અને સલાહકારો વચ્ચે થતી ત્યાંના થોડે દૂર કામ કરતાં એક કારીગરે સાંભળી. કારીગરે શેઠને કહ્યું, 'દાગીનો હું નીચે ઉતારી આપું.' સ્વાભાવિક રીતે જ કોઈ એની વાત માનવા તૈયાર ન હતા. કારીગર કહે છે કે તો તમારી મરજી. બાકી ઈચ્છા થાય તો કહેજો. પછીથી શેઠને લાગ્યું કે જોઈએ તો ખરા કે તે કેમ ઉતારે છે? જો ઉતરી જાય તો સારું જ છે. પૂછ્યું કે કેટલો ખર્ચ થશે? કેટલો સમય લાગશે? કારીગરે કહ્યું ખર્ચ લગભગ પાંચથી છ હજાર થશે અને મારું પોતાનું મહેનતાણું એક હજાર રૂપિયા થશે તે અલગ અને સમય લગભગ ત્રણથી ચાર કલાક થશે. **આટલા સસ્તામાં કામ થાય એવી તો શેઠને કલ્પના જ ન હતી. શેઠે શરત મૂકી કે દાગીનો નીચે આવી જાય પછી મહેનતાણું આપું.**

કારીગરે ગામમાંથી બરફની મળી તેટલી પાટો મંગાવી. કેરિયરની લેવલે બધી પાટો ગોઠવી, ને બરફની પાટોનું પ્લેટફોર્મ તૈયાર કર્યું. તેના પર તરપાલ બિછાવી. પછી ફેક્ટીના ૨૦-૨૫ કારીગરોએ મળીને કેરિયરમાંથી દાગીનાને ખેંચીને બરફની પાટો ઉપર ગોઠવી દીધો અને શેઠને કહ્યું કે હવે થોડાક જ કલાકમાં જેમ જેમ બરફ પીગળતો જશે તેમ તેમ દાગીનો નીચે આવી જશે. વાત થઈ પૂરી.

બીજો કિસ્સો ૧૫-૨૦ વર્ષ પહેલાંનો અમદાવાદનો છે. એક મોટી મલ્ટી નેશનલ કંપનીમાં એક અગત્યનું મશીન કામ કરતું બંધ થઈ ગયું. રોજના અમુક લાખ રૂા.નું નુકસાન. ઘણાએ ઘણી મહેનત કરી. ખૂબજ ક્વોલિફાઈડ એન્જિનિયરો પણ ચાલુ ન કરી શક્યા. છેલ્લો રસ્તો રહ્યો જે કંપનીનું મશીન હતું તે કંપનીના ઈજનેરને જર્મનીથી બોલાવીને મશીન ચાલુ કરાવવું. આ કામમાં પણ ૫-૭ દિવસ નીકળી જાય અને ૧૦-૧૫ લાખનો ખર્ચ થાય. ખર્ચ તો કંપનીને પરવડે પણ સમયનું શું? કોઈકે મેનેજિંગ ડિરેક્ટરને સૂચવ્યું કે ફલાણી પોળનો ફલાણો મિસ્ત્રી છે તેને જરા બતાવી જુઓને? આવું સૂચન કરનારની અક્કલ ઉપર ડાયરેક્ટર ખફા થાય જ ને? પણ તે ભાઈ પોતાની વાતને વળગી રહ્યા કે આખરે જર્મનીથી નિષ્ણાતને બોલાવવાનો તો છે જ. દરમ્યાન એક બે કલાકમાં પેલા મિસ્ત્રી આવીને જોઈ જાય તો વાંધો શું? છેવટે પેલા મિસ્ત્રીને બોલાવવાની રજા મળી. મિસ્ત્રી આવ્યો. મશીન ચારેબાજુથી બરાબર જોયું અને કહ્યું, "મશીન તો ચાલુ કરી દઉં પણ મારો ચાર્જ રૂા. પાંચ હજાર થશે. બોલો છે કબૂલ?" **કારીગરનું મોઢું નાનું બાકી ડાયરેક્ટર તો પચાસ હજાર પણ આપવા તૈયાર થાત.** શરત એ કે મશીન ચાલુ થઈ જાય પછી રૂપિયા પાંચ હજાર આપવા. કારીગરની શરત એ છે કે તે મશીન રિપેર કરે ત્યારે રૂમમાં કોઈની હાજરી ના જોઈએ. બંનેની શરત બંનેને કબૂલ. કારીગર રૂમમાં ગયો, રૂમ બંધ કર્યો. ત્રણ ચાર મિનિટ પછી કારીગર બહાર આવ્યો ને કહ્યું કે "જાઓ મશીન ચાલુ કરી જુઓ." મશીન તો ધડધડાટ ચાલુ થઈ ગયું.

"તો લાવો રૂપિયા પાંચ હજાર."

મેનેજરે જરા ડહાપણ બતાવ્યું કે, "આમ માત્ર બે-પાંચ મિનિટના પાંચ હજાર હોતા હશે? બહુ વધારે કહેવાય. થોડું ઓછું કરો."

*જ્ઞાનનું અભિમાન રાખ્યા વિના સતત શીખતા રહો.*

કારીગરનો જવાબ કે "સાહેબ, આ ચાર્જ બે પાંચ મિનિટનો નથી, ભેજું ચલાવવાનો આ ચાર્જ છે. છતાં તમે કહેતા હો તો હું મશીન ફરીથી બંધ કરી દઉં. તમે ચાલુ કરી દેજો. મારે ચાર્જ નથી જોઈતો." મેનેજરે ફટાફટ રૂા. લાવીને ગણી આપ્યા!!

એટલે કે **સમસ્યાને ઉકેલવાની આવડત એટલે બુદ્ધિ.**

**ગુજરાતની વાત કરીએ તો મહામંત્રીઓ મુંજાલ મહેતા, ઉદા મહેતા, દામોદર મહેતા, વસ્તુપાળ - તેજપાળ વગેરે પાસે કોઈ ડિગ્રી નહોતી. બિરબલ પાસે ક્યાં કોઈ ડિગ્રી હતી! પણ આ બધા લોકો ગમે તેવી મુશ્કેલ સમસ્યાનો પણ ઉકેલ શોધી શકવા માટે મહાન બુદ્ધિશાળી.**

શાસ્ત્રોમાં બુદ્ધિનું એક અન્ય લક્ષણ પણ બતાવેલ છે. **"બુધ્ધિ કર્માનુસારિણી"** આનો અર્થ એ થયો કે મને જે કરવાનું ગમે, તેના માટે મનગમતી દલીલ હું શોધી કાઢું. મને મિષ્ટાન્ન ખૂબ ભાવતા હોય તો તેની ફેવરની દલીલ હું શોધી કાઢું. કોઈ સિગારેટ પીતો હોય તેને કહીએ કે સિગારેટથી તો કેન્સર થવાની શક્યતા છે. તો તે જવાબમાં દલીલ કરશે કે લાખો લોકો સિગારેટ પીવે છે એ બધાને ક્યાં કેન્સર થાય છે? અને જે બિલકુલ નથી પીતા તેને પણ તો કેન્સર થાય જ છે. આવા લોકો આગળ ગમે તેવી સચોટ અને સાચી વાત રજૂ કરીએ તો પણ જો એને અનુકૂળ ન હોય તો પોતાની ફેવરની દલીલ ગમે ત્યાંથી શોધી કાઢશે. પોતે ભ્રષ્ટાચાર કરતો હશે તો તે ભ્રષ્ટાચાર શા માટે પોતાના કેસમાં યોગ્ય છે તેની દલીલ પણ શોધી કાઢશે. **કરવું હશે તો કરવાના હજાર કારણો શોધી આપશે અને નહીં કરવું હોય તો ન કરવાના હજાર બહાના શોધી કાઢશે. આ પણ થયું બુદ્ધિનું એક લક્ષણ.**

બુદ્ધિ માણસને કેવી રીતે ભરમાવે છે, ખોટે રસ્તે લઈ જાય છે એની વાત તો લાંબી થાય એમ છે.

છેલ્લે જૈનોની એટલે કે આપણી પોતાની બુદ્ધિ મર્યાદાની વાત કરીને પૂરું કરીએ. આપણા જૈનોમાં સંપ્રદાયની દૃષ્ટિએ ઘણા જ ફાંટા - ફીરકા છે. આ બધાના પણ મૂળભૂત સિધ્ધાંતો અને તત્વજ્ઞાનમાં જરા પણ તફાવત નથી. જે મતભેદો છે તે બધા ઉપરછલ્લા છે. ચપટી વગાડતા ઉકેલી શકાય એવા એ બિન મહત્ત્વના મતભેદો છે. છતાં એ સાવ સામાન્ય મતભેદોને દૂર કરીને સમગ્ર જૈન સમાજની એકતા હજુ સુધી સિધ્ધ થઈ શકી નથી તેનું કારણ?

જૈનો ક્ષમા કરે પણ સમસ્યાને ઉકેલવાની આવડત એટલે કે ખરી બુદ્ધિનો અભાવ.

**જગતના તમામ સફળ માણસોની જીવન કથા વાંચવાથી તરત સમજાય છે કે સમસ્યાને ઉકેલવાની તેમની શક્તિ એ જ તેમની સફળતાનું રહસ્ય.**

***મંગલ મંદિર, ઓગસ્ટ ૨૦૦૪***

*માણસ પોતાને સાચો ગણાવવા<br>જેટલો આતુર હોય છે,<br>તેટલો સાચો બનવા માટે<br>આતુર હોતો નથી.*

કચ્છ

# કચ્છમાં જૈનો

• ગુલાબ દેઢિયા •

પંખીઓ માળા તરફ પાછા ફરી રહ્યાં છે. સીમમાંથી ખેડૂતો - સાથીદારો ગામ ભણી આવી રહ્યા છે. ખેતરે કામ કરવા આવેલા બે-ત્રણ વૃદ્ધાઓ ઝડપથી પગ ઉપાડે છે, ઉતાવળે ઘરે પહોંચે છે. હવે દિવસ ઝળાહળા રહ્યો છે, સૂર્યાસ્તની તૈયારી થઈ ગઈ છે. આકાશમાં લાલાશ પથરાઈ ગઈ છે. હવે ખીચડી કે બાજરાના રોટલા ક્યારે બની રહે? એકલી વૃદ્ધા સ્ત્રી બાજરાના લોટમાં છાશ મેળવી પી જાય છે. ઉપરથી પાણી પી લે છે, તૃપ્તિનો ઑડકાર આવી જાય છે. એનો ચૌવિહાર આનાથી સચવાઈ જાય છે. આ છે આજ સુધીના કચ્છના જીવતા જૈન ધર્મનું ચિત્ર. દિવસભર મજૂરી કરવી, સખત કામ કરવું અને ધર્મ સાચવવો.

કચ્છમાં જૈન ધર્મ મહાવીર સ્વામીના સમય કે એ પહેલાંથી પ્રવર્તમાન છે. એના પુરાવા પણ મળે છે. કચ્છના મહાતીર્થ ભદ્રેશ્વરની સ્થાપના મહાવીર સ્વામીના નિર્વાણ પછી માત્ર ૨૩મા વર્ષે શ્રેષ્ઠી દેવચંદ્રે કરી એવા ઉલ્લેખ મળે છે. તે વખતે ભદ્રાવતી નગરીમાં સિદ્ધસેન રાજા રાજ્ય કરતો હતો. એટલે ૨૫૦૦ વર્ષથી તો કચ્છમાં જૈન ધર્મ છે (ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ નામના પુસ્તકમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ ખૂબ ચીવટપૂર્વક એ હકીકતો નોંધી છે.)

ગૃહસ્થાશ્રમમાં જૈન ધર્મનું પાલન કરનાર વિજય શેઠ અને વિજ્યા શેઠાણી એ ભદ્રાવતી નગરીના હતા.

સં. ૧૨૮૮માં વસ્તુપાળ અને તેજપાળે ભદ્રેશ્વરની યાત્રાએ આવી ગયેલા. આ તીર્થનો અલગ અલગ સમયે ૧૫ વખત જીર્ણોદ્ધાર થયો.

ભદ્રેશ્વરને યાદ કરતાં દાનેશ્વરી જગડુશાનું નામ યાદ આવે. એ પ્રતાપી પુરુષે જે સત્કાર્યો કર્યા છે એ વાંચતા ખ્યાલ આવે કે તે વખતે કચ્છની જાહોજલાલી અને જૈન ધર્મનો પ્રભાવ કેટલા વ્યાપક હશે. જગડુશાએ વિ.સં. ૧૩૧૩થી ત્રણ વર્ષ લગાતાર પડેલા દુકાળમાં છેક દિલ્હી સુધી અનાજ પૂરું પાડ્યું હતું. કચ્છમાં જગડુશા જેવા દાનવીર ભાગ્યે જ કોઈ મળે. ભદ્રેશ્વરનો ફરી જીર્ણોદ્ધાર કરનાર વર્ધમાન અને પદ્મસિંહ ઉદાર શ્રાવકો હતા. ચીન દેશ સુધી વેપાર કરતા હતા. નજીકના સમયના નરશી નાથા અને કેશવજી નાયકની સેવાઓ અને ધર્મકાર્યો કચ્છ બહાર પણ પ્રસિદ્ધ છે.

આજથી પાંચસો વર્ષ પહેલાં સં. ૧૫૫૦ની આસપાસ ઓસવાલ જૈનો કચ્છ આવ્યા. ગુજરાતમાંથી આવેલા જૈનો પૂર્વે વેપારમાં હતા અને કચ્છમાં તેમનું આગમન વેપાર અર્થે થયું હતું. કચ્છમાં તેઓ ગુર્જર ઓસવાલના નામે ઓળખાવા લાગ્યા. ભુજમાં અનુપચંદ શેઠ નામે ગુર્જર જૈન કચ્છના રાજમાં માનભર્યું સ્થાન ધરાવતા હતા. ગુર્જર ઓસવાલ અંજાર, ભુજ, માંડવી, મુંદ્રા વગેરે શહેરોમાં જ વિશેષ પ્રમાણમાં રહે છે અને વ્યાપારી છે. ગામડાંઓમાં પણ વ્યાપારી તરીકે જ પથરાયા. ઓસવાલો મૂળ ક્ષત્રિય રાજપૂત હતા. એમણે જૈન ધર્મ સ્વીકાર્યો હતો.

હાલ જેઓ કચ્છી ભાષા બોલે છે તે દશા અને વીસા ઓસવાલ જૈનો મારવાડથી પારકર તથા સિંધમાં થઈને કચ્છ આવ્યા. તેઓ ગામડાંઓમાં વિશેષ પ્રમાણમાં વસ્યા. ખેતીને મુખ્ય વ્યવસાય બનાવ્યો.

ઓસવાલો પૂર્વે ઓસ પારકર, ગોલવાડ, સાંચોર, જાલોર, જેસલમેર, રાણી, ઈડર વગેરે પ્રદેશોમાં વસતા હતા. રાજકીય અસ્થિરતાને લીધે ઓસવાલો સિંધ પ્રાંત છોડી કચ્છ વાગડમાં આવ્યા. જામ રાવળે જામનગર વસાવતાં કેટલાક ઓસવાલો હાલાર ગયા. જામનગરના ઓસવાલો હજી પણ ઘરમાં કચ્છી ભાષા બોલે છે.

કચ્છના ઓસવાલો મૂળ સીસોદિયા, પરમાર, રાઠોડ, ભટ્ટી, ચૌહાણ અને ચાવડા વંશના હતા. કચ્છના જૈનોના આજે બોલાતા નામના મૂળ પરથી એનો ખ્યાલ આવી શકે છે. ક્ષેત્રસિંહ પરથી ખેતશી, જયવંત જેવેત, વિષ્ણુસિંહ વિશનજી કે વશનજી, ટક્કરસિંહ ટોકરશી, વ્રજબાઈ વેજબાઈ, લક્ષ્મીબાઈ લાછબાઈ, ચંપા આઈ ચાંપઈ, રમા આઈ રામઈ વગેરે નામો બન્યા છે.

ઈ.સ. ૧૫૪૮ - આજથી સવા ચારસો વર્ષ પહેલાં ભુજની રાજગાદી પર ખેંગારજી આવ્યા. તેમને આ પદ સુધી પહોંચાડવામાં જૈન યતિ માણેકમેરજીએ ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. રાજાએ તેમને ઉપાધ્યાયની પદવી આપી હતી. કચ્છમાં જૈન ધર્મના વિકાસમાં યતિઓનો ફાળો પણ નોંધપાત્ર છે.

ખેંગારજી પછી કચ્છની ગાદીએ આવનાર ભારમલજીએ ભુજમાં 'રાજ વિહાર' નામે જૈન દેરાસર બંધાવ્યું છે. ભદ્રેશ્વરના જીર્ણોદ્ધારમાં કચ્છના રાજ્યે સારો ફાળો આપ્યો હતો. જૈનો મહાજન કહેવાતા, સારા હોદ્દાઓ પર પણ હતા અને માન મેળવતા.

આજથી સવાસો વર્ષ પહેલાં ભુજમાં પ્રાચીન વ્રજ પાઠશાળા હતી. જેમાં જૈન યતિ કનકકુશળજી શિક્ષણ આપતા હતા. પીંગળશાસ્ત્રના અભ્યાસ માટે રાજસ્થાન તેમજ ગુજરાતથી વિદ્યાર્થીઓ અહીં આવતા અને કનકકુશળજી પાસે શીખતા. આ વિદ્યાર્થીઓમાં કવિ દલપતરામ, દુલા કાગ, ભાવનગરના

*સેવા માટે પૈસાની જરૂરત નથી, જરૂરત છે પોતાના સંકુચિત જીવનને છોડવાની અને ગરીબો સાથે એકરૂપ થવાની. - વિનોબાજી*

રાજકવિ પીંગળશી વગેરેનો સમાવેશ થાય છે.

કચ્છ કોડાયમાં સવાસો વર્ષ પહેલાં શા. હેમરાજ ભીમશી (જન્મ સં. ૧૮૯૨) નામે ગજબના જ્ઞાનપીપાસુ ગૃહસ્થ થઈ ગયા. દીક્ષા લેવા પાલિતાણા હર્ષચંદ્રસૂરિ પાસે ઘરેથી રજા લીધા વગર મિત્રો સાથે પહોંચ્યા. દીક્ષા ન લઈ શક્યા. ગુરુએ બંગાળમાં મુર્સીદાબાદમાં અભ્યાસ માટે મોકલ્યા. ત્યારબાદ અન્ય સ્થળોએ ફરી ફરી જ્ઞાન મેળવ્યું. સંવત ૧૯૨૮માં કોડાયમાં અવઠંભશાળા સ્થાપી. જે એક પ્રકારની વિદ્યાપીઠ જ હતી. જે તે વખતે ગુજરાતભરમાં એક જ હશે અને શ્રાવક-શ્રાવિકાઓ માટે જ્ઞાનની પરબ માંડી દીધી. જ્યારે સ્ત્રી શિક્ષણનો પ્રસાર નહોતો તે સમયમાં બહેનો પણ સંસ્કૃત પ્રાકૃતનું શિક્ષણ મેળવી વિદુષી બની. જે તે સમયનું ક્રાંતિકારી પગલું હતું.

સંવત ૧૯૩૦માં સદાગમ પ્રવૃત્તિની શરૂઆત હેમરાજ ભાઈએ કોડાયમાં કરી. એમણે સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટે યોગ્ય વ્યક્તિઓને ઠેઠ કાશી સુધી જવા પ્રેર્યા હતા. 'સદાગમ પ્રવૃત્તિ' દ્વારા જૈન આગમો અને શાસ્ત્રોનો સંગ્રહ અને અભ્યાસ થતો. કોડાયમાં પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ભંડાર રચ્યો. રૂઢિવાદીઓએ મુશ્કેલીઓ પણ ઊભી કરી છતાં હેમરાજભાઈ આ બધું તે વખતે કરી શક્યા અને કોડાય 'કચ્છનું કાશી' કહેવાયું. આ સંસ્થાના વિદૂષી, હાલાપુરના સેવામૂર્તિ પાનબાઈ ઠાકરશીએ તો આઝાદીની લડતમાં ભાગ લીધો હતો.

કચ્છના જૈન પંડિત રત્નોમાં પ્રો. રવજી દેવરાજ વિશેષ ઉલ્લેખનીય છે. પ્રથમ આગમ 'આચારાંગ સૂત્ર'નો ગુજરાતી અનુવાદ તેમની વિદ્વતાનો પરિચય આપે છે. સિદ્ધાંત કૌમુદીના આધારે સંસ્કૃત શિક્ષણ માટે પાંચ પુસ્તિકાઓ એમણે તૈયાર કરી હતી. 'શતપદી ભાષાંતર', 'સદ્ગુણ પ્રશંસા' વગેરે પુસ્તકો એમણે લખ્યા છે.

બિદડાના વેલજીભાઈ સાધનાશ્રમવાળા જૈન ધર્મ અને મહર્ષિ અરવિંદના ઊંડા અભ્યાસી હતા. બિદડાના આશ્રમમાં એમણે સેંકડો સંસ્કૃત, અંગ્રેજી, પ્રાકૃત અને ગુજરાતીનાં અલભ્ય પુસ્તકોનો સંગ્રહ કર્યો છે. આજે પણ સારી રીતે જળવાયો છે.

હેમરાજભાઈના મિત્ર કોરશીભાઈ જે મુનિ કુશલચંદ્રજી બન્યા. એમણે સમાજમાં પ્રવર્તી રહેલ કુરિવાજો અને શિથિલતા સામે સુધારક વૃત્તિ અપનાવી.

કચ્છ ગેલડાના કલ્યાણચંદ્રજી મહારાજે સોનગઢની સંસ્થા શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમની સ્થાપના અને વિકાસમાં ખૂબ જ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

ઉપાધ્યાય લબ્ધિમુનિએ બાર જેટલા સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે. આચાર્ય દેવચંદ્રસૂરિ તો શાસ્ત્રનાં અવતરણો, પૃષ્ઠ સંખ્યા અને શ્લોક સંખ્યા સહિત કહી શકતા. જિતેન્દ્ર સાગરસૂરિ, સાગરચંદ્રસૂરિ, મુનિ દેવચંદ્રજી અને મુનિ રત્નચંદ્રજી વિદ્વાન સાધકો હતા.

૧૧મા સૈકામાં અચલગચ્છની સ્થાપના કરનાર શ્રી આર્યરક્ષિતસૂરિ, શ્રી કલ્યાણસાગરસૂરિ, ગૌતમસાગરસૂરિ વગેરે મહાન જૈનાચાર્યો થઈ ગયા. આચાર્ય ગુણસાગરસૂરિજી અને એમના શિષ્ય મુનિ કલાપ્રભસાગરજી વિદ્વાન સાધુ ભગવંતો છે. આ ગુણસાગરસૂરિજીએ ૧૧૯ જેટલા ગ્રંથોની રચના કરી છે.

મુનિ અમરેન્દ્રવિજયજી કચ્છ ભુજપુરના છે. તેઓ વિદ્વાન લેખક અને અધ્યાત્મ માર્ગમાં આગળ વધેલા અને જૈન ધર્મને આજના સંદર્ભમાં તપાસનાર નિર્ગ્રંથ સાધક છે.

કચ્છના અન્ય વિદ્વાનોમાં ભુજપુરના પ્રજ્ઞાચક્ષુ આણંદજીભાઈ, કોડાયના પં. ફતેહચંદ લાલન અને શિવજી દેવશી મઢડાવાલા.

આજથી પચ્ચીસેક વર્ષ પહેલાં કચ્છનાં ઘણાં ગામોમાં જૈનોની વસતિ ખૂબ જ સારા પ્રમાણમાં હતી. જૈનોએ કચ્છ પ્રદેશની સારી સેવા કરી છે. જૈન વસતિવાળાં ગામોમાં શાળા, લાઈબ્રેરી, સાર્વજનિક દવાખાનું, પાંજરાપોળ જેવી સુવિધાઓ એમણે જ ઊભી કરી હતી. હજી પણ દુષ્કાળ જેવી કુદરતી આપત્તિમાં જૈનો કોઈપણ જાતના ભેદભાવ વગર કચ્છને પડખે ઊભા રહે છે.

કચ્છમાં કદાચ વિદ્વાનો ઓછા પાક્યા હશે પણ આચાર ધર્મ સારી રીતે પળાતો. અહિંસા અને જીવરક્ષા માટે પર્યુષણ દરમ્યાન અમારિનું પાલન થતું. ભઠ્ઠીઓના ચૂલા બંધ રહે, લુહાર કોઢની ભઠ્ઠી બંધ રાખે. ધોબી કપડાં માટે ભઠ્ઠી ચાલુ ન કરે, કંદોઈ મીઠાઈ માટે પણ ચૂલો ન સળગાવે, કસાઈ અને માછીમારો પણ પોતાનું કામ બંધ રાખે. માછીમારોને તો જૈનો તરફથી અનાજ આપવામાં આવતું. નવીનાળ ગામમાં એ હજી ચાલુ છે. હજી પણ પૂનમ અને અમાસની પાંખી પાળવામાં (પખવાડિયે બંધ) આવે છે અને ગામના ખેડૂત, મજૂર, બળદ બધાને રજા હોય છે.

ઘણા વર્ષો જે શેઠને ત્યાં કામ કર્યું હતું એ શેઠ આજે પોતાની વાડીએ આવ્યા હતા. તેથી ચારણ દંપતીને મનમાં આનંદ હતો.

નેમજી નાનજી લધાભાઈએ પૂછ્યું, શું એ સાચી વાત છે કે તું મોમાયાને મારે છે? મોમાયાની પત્ની માંગલે કહ્યું, છે એવો તો માર ખાય! શેઠ આ મોટી ઉંમરના મોમાયા અને માંગલને જોતા રહી ગયા. હવે એ મરદ ચારણને પૂછ્યું, 'કેમ મોમાયા તું પુરુષ થઈને બાયડીનો માર સહન કરી લે છે?'

'શેઠ, વાત એમ નથી. આ માંગલ મને શું મારવાની? મેં કોઈક ભવમાં એને માર માર્યો હશે તે વસૂલ કરે છે ને હું ચૂકવું છું. નહિ તો એની શું હિંમત કે મને મારી શકે?' ચારણના ચહેરા પર પૂર્ણ શાંતિનો ભાવ હતો.

કચ્છના એક ગામડાનો ખેડૂત કોઈ શાસ્ત્રો વાંચ્યા વગર કર્મ સિદ્ધાંતને આ રીતે સમજી શક્યો અને જીવનમાં ઉતારી શક્યો છે.

*મંગલ મંદિર, ફેબ્રુઆરી/માર્ચ-૧૯૮૫*

# કચ્છનું આંદોલન અને તેની મર્યાદા

• દામજી માણેક ગડા •

અન્યાયની સામે ઊભા રહેવું અને તેનો સામનો કરવો એ ધર્મનું પ્રથમ સોપાન છે. પ્રથમવાર કચ્છના ઇતિહાસમાં હજારોની સંખ્યામાં માણસોએ સંગઠિત થઈને પોતાના પર થઈ રહેલા અન્યાયની સામે લડવા સોગંદ લીધા છે. આઝાદી પહેલાં રાજાશાહીમાં કચ્છની પ્રજાના આર્થિક વિકાસ તરફ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. આઝાદી પછી આપણી નિર્બળ અને માયકાંગલી નેતાગીરી કચ્છનાં પ્રશ્નોની સચોટ રજૂઆત કેન્દ્ર સરકાર સમક્ષ કરી શકી ન હતી.

કચ્છને જ્યારે ગુજરાત રાજ્ય સાથે જોડવામાં આવ્યું ત્યારે કચ્છના વિકાસ પર ગુજરાત સરકાર ધ્યાન આપશે એવી આશા હતી. પરંતુ એ આશાઓ ઠગારી નીવડી છે. કચ્છ અને કચ્છી પ્રજાની સતત થઈ રહેલી ઉપેક્ષા, એ એની વ્યથા બની ગઈ છે. એજ વ્યથામાંથી સંઘર્ષના બીજ ફુટ્યા છે. કચ્છી બાળક જન્મે છે, તેની સાથે માઈગ્રેશન એના લલાટ પર લખાવીને આવે છે. આજ દિવસ સુધી કચ્છમાંથી ઘણી કોમો સ્થળાંતર કરી ગઈ છે, તેમનો સંબંધ કચ્છી ભાષા અને કચ્છી સંસ્કૃતિ સાથે સમાપ્ત થઈ ગયો છે.

કોઈપણ પ્રજાનું અસ્તિત્વ અને તેની સંસ્કૃતિ ભયમાં હોય ત્યારે તેની વ્યથામાંથી નવા ઇતિહાસનું સર્જન થાય છે. ૧૬મી જૂનની ભુજમાં યોજાયેલ રેલી કચ્છ અને કચ્છી પ્રજાને થયેલ અન્યાયને વાચા મળે એના પ્રતીકરૂપે હતી. દાયકાઓ પછી એક ન્યાયહિત આંદોલનની શરૂઆત થઈ એ કચ્છના ભાવિ ઇતિહાસ માટે શુભ નિશાની છે. આ આંદોલન એક દિવસનું નથી. આ લાંબી લડત લડવાની છે.

કૉલેજ કાળથી આંદોલનકારીઓ સાથે સંકળાયેલો હોવાથી કચ્છના આંદોલન રેલીની ઘણી મર્યાદાઓ મને સ્પષ્ટપણે દેખાય છે. તેના તરફ ધ્યાન દોરવાનું ચોક્કસ મન થઈ આવે છે. પ્રથમ તો હજારોની સંખ્યામાં લોકો સંગઠિત થઈને પોતાના પર થઈ રહેલા અન્યાયને સરકાર સમક્ષ રજૂ કરે છે ત્યારે તેની નોંધ માત્ર ગુજરાતી ભાષાનાં ચારથી પાંચ વર્તમાનપત્રો લે છે. બીજા દિવસના અખબારોનાં એક ખૂણામાં માત્ર થોડી લાઈનોમાં એનો ઉલ્લેખ કરવામાં આવે છે. કચ્છની તમામ પ્રજા નાત-જાતના ભેદભાવ વગર ન્યાય માટે પોકાર કરે છે. એ પ્રશ્નને આપણે રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બનાવી શક્યા નથી. કચ્છનો પ્રશ્ન કચ્છી પ્રજાનો પ્રશ્ન છે, તેની સાથે સાથે એ રાષ્ટ્રનો પ્રશ્ન છે. રાષ્ટ્રની સુરક્ષા વ્યવસ્થા કચ્છની સાથે સંકળાયેલી છે. દિલ્હીની બોટ ક્લબમાં દેવીલાલ હજારો માણસોની કિસાન રેલી કાઢે, કે શરદ જોષી હજારો કિસાનો ભેગા કરીને મહારાષ્ટ્રના હાઈવે બંધ કરી દે છે. આસામનાં ૨૦૦૦ બોડો યુવકો આસામ બંધની હાકલ કરે છે. ઝારખંડ મુક્તિ મોરચો ઝારખંડ બંધનું એલાન કરે ત્યારે એની નોંધ દિલ્હીનું ગુપ્તચર ખાતું લે છે. કેન્દ્ર સરકારનાં માહિતી અને પ્રસારણ ખાતાનાં પ્રતિનિધિઓ આ આંદોલનની ભીતરમાં સળગતાં પ્રશ્નોનો અભ્યાસ કરે છે. દેશભરનાં મુખ્ય અખબારોનાં પ્રતિનિધિઓ એ વિષયો પર અભ્યાસ કરીને એ અખબારોનાં અગ્રલેખોમાં આંદોલન વિશે વિગતવાર માહિતી આપે છે. આ પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બનાવવામાં આવે છે. દેશનાં એક અંધારા ખૂણામાં રહેતો જાગૃત નાગરિક દેશની સળગતી સમસ્યાઓ વિશે જાણકારી પ્રાપ્ત કરી શકે છે. તે સમસ્યાઓ વિશે અભ્યાસ કરીને પોતાના પ્રત્યાઘાતો આપી શકે છે.

આપણે આટલી મોટી રેલી યોજીને કચ્છ પર થઈ રહેલા અન્યાયને રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બનાવી શક્યાં નથી, એ મોટામાં મોટી રેલીની મર્યાદા મને દેખાઈ આવી છે. મને આંદોલનનું સૌથી વધુ ભયજનક સ્થાન એ દેખાય છે કે આપણી પાસે સમર્પિત કાર્યકર્તાઓનું દળ નથી. આપણી નેતાગીરી પાસે કચ્છનાં અન્યાયની સંપૂર્ણ વિગતો નથી. વિષયો પર ઊંડો અભ્યાસ નથી. સાથે સાથે આંદોલન પ્રત્યે સતત જાગૃતિ નથી. આંદોલનકારી નેતાઓનું એમના વિષયો પર ચિંતન અને મનનનો અભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે. હંમેશાં નેતાગીરીનો જન્મ પાયામાંથી થાય છે. આંદોલનને જ્યારે પ્રતિષ્ઠાનો કાટ લાગે છે, ત્યારે આંદોલનની વાસ્તવિક્તા બાજુમાં રહી જાય છે. માત્ર પ્રતિષ્ઠા એમનો લક્ષ્ય રહે છે. પ્રતિષ્ઠાની દોડ કાર્યની પાછળ પાછળ આપમેળે આવે છે. એક વાત ચોક્કસ છે કે, જે વટ પાડવા માટે કશું કરતા હોય છે, તેમાંથી કોઈ દિવસ નવસર્જન થતું નથી.

હવે કચ્છના આંદોલનની શરૂઆત થઈ ચૂકી છે. જ્યાં સુધી ન્યાયપૂર્ણ સમાધાનનો માર્ગ નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેવાની છે. ઈશ્વર આપણને શક્તિ આપે કે ન્યાયની લડતમાં આપણે સફળ થઈને કચ્છનાં નવા ઇતિહાસનું નિર્માણ કરવા શક્તિમાન બનીએ.

*મંગલ મંદિર, માર્ચ/એપ્રિલ ૧૯૯૪*

*અહંકાર તો સત્કાર્યોના સત્ત્વનો પણ નાશ કરે છે.*

# કચ્છ રાજયના સિક્કાઓનો અમૂલ્ય વારસો

• અમૃતલાલ એન. માલદે •

ગુજરાતના કોઈપણ રજવાડાંના સિક્કાઓ આપણા કચ્છ રાજયના સિક્કાઓની વિવિધતા સુંદરતા અને રમણીયતાના તોલે ન આવી શકે. કચ્છ રાજયના સિક્કાઓનો સમય સન ૧૬૧૭થી ૧૯૪૮ સુધીનો, કુલ મળીને લગભગ ૧૭ રાજાઓનો ૩૩૧ વર્ષનો કાળ સૌથી લાંબો કાળ છે અને તેથી જ કચ્છના સિક્કાઓ ભારતના દેશી રાજયોના સિક્કાઓમાં એક વિશિષ્ટ સ્થાન ભોગવે છે. તદ્‌ઉપરાંત કચ્છનું પોતાનું મૌલિક ચલણ હોવાથી બીજા રાજયના સિક્કાઓથી તદન અલગ તરી આવે છે. કચ્છના સિક્કાઓ ગુજરાત સુલતાન, મોગલ બાદશાહી, બ્રિટનના સમ્રાટો, કચ્છના રાજવીઓના અને છેવટે 'જયહિંદ'ના નામથી અંકિત કરેલ બહાર પાડવામાં આવ્યા હતા. તે સિક્કાઓ પર્શિયન તથા નાગરી લિપિમાં જોવા મળે એક જ ભુજની ટંકશાળામાંથી બધા સિક્કાઓ બહાર પાડવામાં આવ્યા હતા.

ત્રાંબિયો, દોકડો, ઢીંગલો, ઢબુ અને પાયલો આ સિક્કાઓ તાંબાના અને આધિયો, કોરી, અઢી કોરી, પાંચ કોરી(પાંચિયો), દશ કોરી (દશિયો) આ સિક્કાઓ ચાંદીના અને પચીસ કોરી, પચાસ કોરી અને સો કોરી આ સિક્કાઓ સોનાના હતા. સ્વતંત્ર ભારતની આજની આપણી યુવા પેઢીને તો આ સિક્કાઓની જાણ જ નહીં હોય. આપણાં કચ્છના આવા અમૂલ્ય વારસાની આપણે ઝલક જોઈએ.

(૧) **ત્રાંબિયો :** જ્યોર્જ પાંચમાના નામનો રાવ ખેંગારજીનો સન ૧૯૨૦ વિ.સં. ૧૯૭૭માં બહાર પાડેલો સિક્કો.

(૨) **દોકડો :** જ્યોર્જ પાંચમાના નામનો રાવ ખેંગારજીનો સન ૧૯૨૯ વિ.સં. ૧૯૮૫માં બહાર પાડેલો સિક્કો.

(૩) **ઢીંગલો :** (૧-૧/૨ દોકડો) = ૧/૧૬ કોરી. જ્યોર્જ પાંચમાના નામનો રાવ ખેંગારજીનો સન. ૧૯૨૬ વિ.સં. ૧૯૮૨માં બહાર પાડેલો સિક્કો.

(૪) **ઢબુ :** (૩ દોકડા)=૧/૮ કોરી રાણી વિક્ટોરિયાના નામનો મહારાવ શ્રી ખેંગારજીનો સન ૧૮૮૭ વિ.સં. ૧૯૪૪માં બહાર પાડેલો સિક્કો.

(૫) **પાયલો :** ૧/૪ કોરી. જ્યોર્જ છઠ્ઠાના નામનો અને મહારાવ વિજયરાયજીના નામનો સન ૧૯૩૪ વિ.સં. ૨૦૦૦માં બહાર પાડેલો સિક્કો.

(૬) **આધિયો :** ૧/૨ કોરી. જ્યોર્જ છઠ્ઠાના નામનો અને વિજયરાયજીના નામનો સન ૧૯૪૬ વિ.સં. ૨૦૦૨માં બહાર પાડેલો સિક્કો.

(૭) **કોરી :** રાણી વિક્ટોરિયાના નામનો અને મહારાવ પ્રાગમલજીના નામનો સન ૧૮૬૩ વિ.સં. ૧૯૨૦માં બહાર પાડેલો સિક્કો.

(૮) **અઢી કોરી :** રાણી વિક્ટોરિયા અને મહારાજાધિરાજ મિરઝા મહારાવ શ્રી ખેંગારજી સવાઈ બહાદુરના નામનો સન ૧૮૯૯ વિ.સં. ૧૯૫૬માં બહાર પાડેલો સિક્કો.

(૯) **પાંચ કોરી :** મહારાજાધિરાજ મિરઝા બહાદુર શ્રી મદનસિંહજી સવાઈ બહાદૂર, સ્વતંત્ર ભારતમાં 'જય હિંદ' શબ્દ સાથે સન ૧૯૪૭ વિ.સં. ૨૦૦૪માં બહાર પાડેલો સિક્કો.

(૧૦) **દશ કોરી :** મહારાજાધિરાજ મિરઝા, મહારાજા શ્રી ખેંગારજી સવાઈ બહાદુર સન ૧૯૪૨ વિ.સં. ૧૯૯૮માં બહાર પાડેલો સિક્કો.

હજી આજે પણ આપણા ઘણાઓના ઘરમાં પટારાઓમાં આ નાણાં યાદગીરીરૂપે હશે, આપણાં કચ્છના આવા અમૂલ્ય વારસા બદલ આપણે જરૂર ગૌરવ અનુભવીએ.

*મંગલ મંદિર, જૂન/જલાઈ-૧૯૯૪*

# કચ્છનું ગૌરવ

શ્રી હીરાચંદ રતનશી છેડા એટલે શ્રી હીરા-રતન-માણેક મૂળ કચ્છ સુજાપુરના વતની છે અને હાલ તેઓ વ્યાપાર અર્થે કેરલના કાલિકટ શહેરમાં પોતાનો વ્યવસાય કરી રહ્યા છે. શ્રી હીરા - રતન - માણેકે સૂર્ય ઊર્જા શક્તિ દ્વારા મનુષ્ય શક્તિ મેળવીને અનાજ વગર લાંબો સમય સુધી શારીરિક શક્તિ ટકાવી શકે છે તેવું સંશોધન કરવાના ઉદ્દેશ્યથી, શ્રી કચ્છી જૈન ભવન ખાતે તા. ૧-૧-૨૦૦૦થી ૪૧૧ ઉપવાસ શરૂ કર્યા છે. આ અગાઉ તેઓએ ૨૧૧ ઉપવાસની આરાધના કરી ઊર્જા શક્તિનો સ્રોત શરીર ટકાવવામાં કઈ રીતે મદદરૂપ થાય છે તેનું સંશોધન કર્યું છે અને તેના અનુસંધાને તેઓ ફરીથી ૪૧૧ ઉપવાસ શરૂ કરી રહેલ છે.

તા. ૧૮-૬-૯૫થી તા. ૧૬-૧-૯૬ દરમ્યાન કરેલા ઉપવાસના પારણા બોતેર જિનાલય ખાતે કર્યા હતા. તેઓશ્રી ૨૦૭મા ઉપવાસે પાલિતાણાની યાત્રા કરી ડુંગર ચડ્યા હતા.

શ્રી હીરા-રતન-માણેક તેમના ૪૧૧ ઉપવાસની શરૂઆત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી શરૂ કરતા હોવાથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ગૌરવ અનુભવે છે.

*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૦*

# કચ્છના કિલ્લાઓ

• બકુલ બક્ષી •

કિલ્લેબંદી મુખ્યત્વે પર્વત પર કરવામાં આવતી. રક્ષા અને વ્યૂહની દૃષ્ટિએ આ બહુજ સુરક્ષિત સ્થળ ગણાતું. એક ગેરલાભ પણ હતો - પર્વત પર મોટા કદનાં શહેરો બાંધી શકાતા ન હોવાથી ફક્ત રાજમહેલને જ ત્યાં રાખવામાં આવતી. પ્રાચીન સમયથી આપણાં મેદાની ઈલાકાના શહેરોની ફરતે કોટ (કિલ્લો) ચણવાની પ્રથા પ્રચલિત હતી. સિંધુ સંસ્કૃતિના અવશેષોમાં પણ આવા કોટના પુરાવાઓ મળી આવ્યા છે. એમનું બાંધકામ દુશ્મનના આક્રમણને રોકી શકે એટલું મજબૂત રાખવામાં આવતું. કલાત્મક પ્રવેશદ્વારો અને ઝરુખાઓ આ સ્થાપત્યની ખાસિયત હતી. કચ્છ પ્રદેશમાં સિંધુ સંસ્કૃતિનાં અનેક અવશેષો મળી આવ્યા છે જેમાં કેટલાક કિલ્લાઓની રાંગ હજી પણ ટકી રહી છે.

કચ્છ વિસ્તારનો કદાચ સૌથી પ્રાચીન સૂરકોટડાનો કિલ્લો હડપ્પા સંસ્કૃતિના સમયનો છે. ભુજ નજીક સૂકાયેલા નાળાં પાસે વસેલા આ શહેરના ખંડેર મળી આવ્યા હતા. ચારેક હજાર વર્ષ પહેલાનાં નગરોને પણ સંરક્ષણની આ ઢાલ આપવી પડતી હતી. તે દર્શાવે છે કે તે સમયમાં પણ આક્રમણો અને યુદ્ધો સામાન્ય હશે. ઈંટ માટીના આ બાંધકામને પૂરેપૂરું મજબૂત બનાવવામાં આવતું. સૂરકોટડામાં જે પણ પ્રજા વસી તેણે કિલ્લેબંધીમાં ઉમેરો કર્યો. કચ્છનાં જે ગામોની પાછળ "કોટડા" શબ્દનો પ્રયોગ કરાયો છે ત્યાં જરૂર આવા કિલ્લાઓ કે ગઢ હતા.

એક અંદાજ પ્રમાણે કચ્છમાં ક્યારેક સિત્તેર જેટલા કિલ્લાઓ હતા. આમાં પ્રસિદ્ધ પામેલા હતા : સૂર કોટડા, વાઘમ ચાવડાનો પાટગઢ, ગુંતળી ગઢ, પાણિયારા ગઢ, કેરાકોટ, કંથકોટ વગેરેનો સમાવેશ થાય છે. કચ્છમાં આટલા બધા કોટ બાંધવાની શું જરૂર પડી તે પ્રશ્નનો સાચો જવાબ આપવો મુશ્કેલ છે. આક્રમણ સામેનું સંરક્ષણ એકમાત્ર કારણ હોય તે કદાચ સંભવ નથી. લૂંટારા, હિંસક પ્રાણીઓ, નદીઓના પૂર વગેરે આફતોથી બચવા આ કિલ્લાઓનું સર્જન થયું હોય એ સંભવ છે. ત્યારબાદ જે રાજાઓએ ત્યાં રાજ કર્યું એમણે કિલ્લેબંદીમાં પોતાનું યોગદાન પણ આપ્યું. માટે જ સુરક્ષા કવચ જેવા આ ગઢ લાંબું ટકી શક્યા.

કચ્છના ગામોમાં જે કિલ્લા બંધાતા તેમાં દરેક દિશાના મુખ્ય માર્ગને જોડતા ચારથી પાંચ દ્વાર રાખવામાં આવતા. રાત્રે દરવાજાઓ બંધ કરી દેવાતા પણ ખાસ સંજોગોમાં જવા-આવવા માટે એક નાની બારી રખાતી. જેને "ગડક બારી" કહેવામાં આવતી. કોઈ કોઈ કિલ્લામાં પ્રવેશદ્વારની બાજુએ ગોખલાં બનાવવામાં આવતાં. જેમાં કુળદેવીની સ્થાપના થતી અને સિંદૂરથી પૂજા કરવામાં આવતી. ગઢની દીવાલમાં ત્રાંસા છિદ્રો પાડી નિશાન માટે તોપની નળી ગોઠવવામાં આવતી. કચ્છમાં લગભગ એક જ રાજાની સત્તા હોવા છતાં અનેક કિલ્લાઓ જોવા મળે છે. મુખ્ય હેતુ બહારના આક્રમણકારોથી સંરક્ષણ મેળવવાનો હતો.

પાટગઢનો કિલ્લો ઈસવીસન ૬૦૦ની આસપાસનો ગણવામાં આવે છે. આ વસાહત મોટા વિસ્તારમાં હતી. આ વિસ્તારમાં ચાવડા વંશની સત્તા હતી. જેનો છેલ્લો રાજા હતો. વાઘમ ચાવડા. અહીંનો કિલ્લો આ છેલ્લા રાજાના નામ પરથી ઓળખાય છે.

કચ્છના કિલ્લાઓમાં કદાચ સૌથી પ્રખ્યાત છે - કંથકોટ. ગ્રીક ભૂગોળશાસ્ત્રી ટોલેપીએ પશ્ચિમના રણના એક કિલ્લાનો ઉલ્લેખ કર્યો છે તે કદાચ કંથકોટ જ હતો. દાદા કંથડ નામના ગામ પરથી આ જગ્યાનું નામ પડ્યું અને એક ગામ વસી ગયું. આઠમી સદીમાં અહીં કાઠીઓનું થાણું હતું અને એક સમયે પ્રખ્યાત લાખા ફુલાણીની અહીં સત્તા હતી.

આ સ્થળને દાદા કંથડનાથનું નામ જરૂર અપાયું પણ કિલ્લો તેથી પણ પ્રાચીન હોવાની સંભાવના છે. કિલ્લામાં એક મોટો કૂવો ચણવામાં આવ્યો હતો જે "મોડ કૂવો"ના નામે જાણીતો છે.

મૂળરાજ સોલંકીએ અહીં આશરો લીધો હતો. મહંમદ ગઝની જ્યારે ગુજરાત પર ચડી આવ્યો ત્યારે અણહિલવાડના ભીમદેવ સોલંકીએ પણ અહીં આશ્રય લીધો હતો. જો કે એ વિશે નિષ્ણાતોમાં થોડો મતભેદ જરૂર છે. સુલતાન અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને કંથકોટના રાજાને હરાવ્યાનો ઉલ્લેખ જૂના ગુજરાતી સાહિત્યમાં જોવા મળે છે. પંદરમી સદીમાં મહંમદ બેગડાનું અહીં વર્ચસ્વ હતું અને અબુલ ફઝલ "આઈને અકબરી"માં આ કિલ્લાનો નિર્દેશ કરે છે. મધ્યયુગમાં પ્રખ્યાત આ કિલ્લો ડુંગરાળ પ્રદેશમાં આવેલો હતો. જ્યાં આજે એના ખંડેર માત્ર રહી ગયાં છે.

ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનું એક સૂર્યમંદિર પણ અહીં છે. ચૌદમી સદીનું એક પુરાણું જૈન મંદિર અને કંથડનાથનું મંદિર પણ છે. અહીંથી ઉત્તર-પશ્ચિમે દરિયાનું પાણી હતું જે સમય જતાં પાછું ઠેલાતું ગયું. કચ્છના શાહ સોદાગર જગડુશાના પૂર્વજો આ કંથનગરીના હતા. શહેર ઉજડી જતાં એ ભદ્રેશ્વર જઈને વસ્યા. આ શહેરના ઇતિહાસ પર "કંથ કોટેશ્વર" નામની એક નવલકથા પણ લખાઈ હતી. કચ્છના ઇતિહાસના ઉતાર ચડાવનો આ કિલ્લો સાક્ષી છે. આ દુર્ગ અભેદ્ય હોવાથી આશ્રય લેનારાઓની ખાસ પસંદગી પામતો હતો. આ કિલ્લાઓ કચ્છની તવારીખનું સંગ્રહસ્થાન હતા જેના વિશે વધારે સંશોધન જરૂરી છે.

*મંગલ મંદિર, ફેબ્રુઆરી ૨૦૦૦*

*તમે જ્યાં હો, ત્યાંથી, જેટલું કરી શકો તેટલું પૂરા દિલથી જોર લગાવી કરો વિજય માટે બીજો વિકલ્પ નથી.*

# કચ્છી પ્રજા : પાણી વગરના પ્રદેશના પાણીદાર લોકો

• અમિતા બુચ •

*કચ્છડો ખેલે ખલકમેં, જીં મહાસાગર મેં મચ્છ,*
*જિત હિકડો કચ્છી વસે, ઉતે અસાંજો કચ્છ.*

(મહાસાગરમાં જેમ બધે માછલી જોવા મળે છે તેમ કચ્છી આખી દુનિયામાં ફેલાયેલો છે. જ્યાં જ્યાં એક કચ્છી વસે છે ત્યાં ત્યાં એક કચ્છ વસે છે.)

જાણીતા કચ્છી કવિ દુલેરાય કારાણીના આ શબ્દોમાં ખાસ અતિશયોક્તિ નથી. "કચ્છી માડુ" આજે ખરેખર આખી દુનિયામાં ફેલાઈ ગયા છે. કચ્છી માણસ પરિશ્રમથી જલદી થાકતો નથી, કદી દીનતા દાખવતો નથી, ક્યાંય હાથ લાંબો કરતો નથી. કચ્છની ટેકને અને કચ્છના વટને તે કદી ભૂલતો નથી અને એટલે જ તો આર્થિક સમૃદ્ધિ તેના માટે સહજ બની રહે છે.

આજે મુંબઈનું અર્થતંત્ર ખરેખર કોના હાથમાં છે? આ સવાલ જો મુંબઈગરાઓને પૂછવામાં આવે તો મોટાભાગના લોકો એક જ જવાબ આપે : કચ્છીઓના હાથમાં. વેપાર ધંધામાં કચ્છીઓ દુનિયાની કોઈ પણ પ્રજાને હંફાવી શકે છે. કરકસર, સાદગી અને સાહસ કચ્છીઓના લોહીમાં છે.

મુંબઈના અંધેરી વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષના નિખિલ વેદને ૧૯૮૮માં યોટિંગ (હવાના જોરે સઢવાળી હોડી દોડાવવાની રમત)ની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કાંસ્યચંદ્રક મળ્યો અને તેના નાના ભાઈ અમિષ વેદને સુવર્ણચંદ્રક મળ્યો. તાકાત અને સાહસ માંગી લેતી આ રમતમાં આટલી મોટી સિદ્ધિ મેળવીને બંને ભાઈઓ મુંબઈ પાછા ફર્યા ત્યારે તેમના માનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં એડમિરલ જૈને તેમને પૂછ્યું હતું, "હાઉ કમ યુ આર સો એડવેન્ચરસ ડિસ્પાઈટ બીઈંગ ગુજરાતીઝ?" (તમે ગુજરાતી હોવા છતાં આટલા સાહસિક કઈ રીતે છો?)

તે વખતે વેદ ભાઈઓએ કહ્યું હતું, "ગુજરાતી હોવાની સાથેસાથે અમે કચ્છી પણ છીએ. સાહસિકતા અને મહેનતુ સ્વભાવ એ કચ્છીઓની ઓળખ છે."

કચ્છની ધરતી એ સતીઓ, શૂરાઓ, સંતો, ભક્તો અને તપસ્વીઓની પણ ભૂમિ છે. દાદા ધોરમ અને મેકણ જેવા મહંતો કચ્છની ધરણીને પાવન કરી ગયા છે. લાખો ફૂલાણી, અબડો અણભંગ અને રાઓશ્રી ખેંગારજી પહેલા જેવા રણવીરો કચ્છની વીરતાનો ડંકો વગાડી ગયા છે. જગડુ દાતાર જેવા અજોડ દાનવીરો પણ કચ્છમાં પાકી ગયા છે. સોનલ અને હોથલ જેવી મહાશક્તિમાન મહિલાઓને અને જેસલ-તોરલ જેવી સંત બેલડીઓને કચ્છીઓ ઉપરાંત આખું ગુજરાત પ્રેમ અને ભક્તિભાવ સાથે યાદ કરે છે.

એક જમાનામાં કચ્છના વહાણવટીઓ તેમની સાહસિકતા, શક્તિ અને દરિયાઈ જ્ઞાન માટે જગતભરમાં ખ્યાતિ ધરાવતા હતા. ઈ.સ. ૧૪૯૮માં ભારત આવવા નીકળેલા અને મધદરિયે ભૂલા પડીને અટવાઈ ગયેલા વાસ્કો-ડી-ગામાને હિંદની સાચી દિશા દેખાડીને તેને કાલિકટ બંદરે લઈ આવનાર કચ્છ માંડવીનો કાનો માલમ હતો.

ભૌગોલિક દૃષ્ટિએ કચ્છ ભારત ભૂમિથી અલગ હતું તેમ ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ કચ્છ અનેક સદીઓથી અલગ હતું. કચ્છની સંસ્કૃતિ જુદી, એનો પહેરવેશ જુદો, એની પાઘડીનો પેચ જુદો, કચ્છનો ચલણી સિક્કો જુદો, કચ્છની બોલી - બાબાણી બોલી પણ જુદી, કચ્છનું ખમીર અને એની ખુમારી પણ જુદા.

કચ્છી પ્રજા એટલે વેપારી પ્રજા એ છાપ મહદ્ અંશે સાચી છે. છતાં વેપાર સિવાયનાં અનેક ક્ષેત્રોમાં પણ કચ્છીઓ દેશ દુનિયામાં જાણીતા બન્યા છે. આવા કેટલાક કચ્છીઓ પર એક ઊડતી નજર ફેરવી લેવા જેવી છે : ક્રાંતિવીર વીર અને પરમ દેશભક્ત પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, ફિલ્મ સંગીતના ક્ષેત્રે ઊંચું સ્થાન ધરાવતા કલ્યાણજી આણંદજી અને કલ્યાણજીભાઈના પુત્ર વીજુ શાહ, શ્યામ બેનેગલની લગભગ બધી જ ફિલ્મોમાં સંગીત પીરસનાર અભ્યાસુ સંગીતકાર વનરાજ ભાટિયા, પર્યાવરણ નિષ્ણાત અને જેમને જાપાનની સરકારે પ્રદૂષણ રહિત ટાઉનશિપ બનાવવાનું કામ સોંપ્યું છે તે ડૉ. રશ્મિ મયૂર, સ્પેસ સાયન્સને લગતી દુનિયાની ટોચની સંસ્થા નાસામાં સેવા આપતા રોકેટ ટેકનોલોજીના નિષ્ણાત ડૉ. હંસ મારુ, અંગ્રેજી સાપ્તાહિક "વીક" દ્વારા જેમને પાણી બચાવ, કચરા નિકાલ વગેરે જેવી અનેક સામાજિક પ્રવૃત્તિ બદલ મેન ઑફ ધ યરનો ઍવૉર્ડ અપાયો હતો તે એક્સેલ ઈન્ડસ્ટ્રીઝના વડીલ કાંતિસેન શ્રોફ, ૧૯૯૭માં પાકિસ્તાનમાં રમાયેલી એક વન-ડે મેચના છેલ્લા તબક્કે સિક્સર મારીને પાકિસ્તાનીઓને જોરદાર થપ્પડ મારીને ભારતને જીત અપાવનાર બોલર રાજેશ ચૌહાણ, જાણીતા અંગ્રેજી સાંધ્ય દૈનિક મિડ-ડે ના તંત્રી અયાઝ મેમણ, રંગીલા જેવી સુપરહીટ ફિલ્મ લખનાર તથા તેમાં અભિનય આપીને લોકચાહના મેળવનાર નીરજ વોરા, જે કચ્છ સાથે જોડાણ ધરાવે છે એવી બહુ જ ઓછા લોકોને ખબર પડે છે તેવા જાણીતા ઉદ્‌ઘોષક અમીન સાયાની, મહાભારતમાં 'સમયનો અવાજ' બનનાર વિખ્યાત ઉદ્‌ઘોષક

*પૈસા કમાવવા માટે બુદ્ધિની જરૂર પડતી હશે, પરંતુ એના સદુપયોગ માટે તો સંસ્કાર જ જોઈશે.*

હરીશ ભીમાણી, જુનિયર દેવ આનંદ તરીકે લોકપ્રિય બનનાર કિશોર ભાનુશાળી, નાટ્યલેખક ઉત્તમ ગડા, નાટ્ય નિર્માતા - નિર્દેશક લતેશ શાહ, ટેબલ ટેનિસ ક્ષેત્રે દેશ વિદેશમાં જાણીતો બનેલો ખેલાડી કમલેશ મહેતા....

આ યાદી હજુ ઘણી લાંબી થઈ શકે છે, પણ કચ્છીઓની વ્યાપકતાનો અંદાજ આપવા આટલાં નામો પૂરતા છે.

કચ્છના સમર્થ સાહિત્યકાર દુલેરાય કારાણી પ્રત્યે ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી અને કાકાસાહેબ કાલેલકરને ઘણું માન હતું. કારાણી વિશે ઝવેરચંદે લખેલું : "કોઈને કાંકરા જેવી કઠોર, તો કોઈને જડસુ જણાતી, સાહિત્યમાં અવગણના પામેલી, કચ્છી લોકવાણીમાં સામર્થ્યને પકડનાર તેમજ પુત્રવત્ અનુરાગે તેના ખોળામાં રમણ કરનાર ભાઈ કારાણીનું ગુજરાત સવિશેષ ઋણી રહેશે."

નિખિલ અને અમિષની માફક ૧૩ વર્ષની વિશ્રુતિ વોરા પણ રાષ્ટ્રીય કક્ષાની તરણ ચેમ્પિયન છે. વિશ્રુતિ સ્કુબા ડાઈવિંગ (શ્વસનયંત્ર પહેરીને દરિયાની અંદર ઊતરવું)માં રસ ધરાવે છે. વિશ્રુતિ મુંબઈની માણેકજી કૂપર સ્કૂલના ૮મા ધોરણમાં ભણે છે. તે દરરોજ બે કલાક તરવાની પ્રેક્ટિસ કરે છે અને રજાના દિવસે અને વેકેશનમાં બને તેટલો સમય તરવામાં ગાળે છે. વિશ્રુતિ કહે છે, "મુકે ઈંગ્લિશ ચેનલ તરણી આય, મુકે પાઈલટ ભનેને આકાશમેં ઉડણું આય." (મારે ઈંગ્લિશ ચેનલ તરવી છે, મારે પાઈલટ બનીને આકાશમાં ઊડવું છે.)

તેર વર્ષની છોકરીની દુનિયા સર કરવાની આ વૃત્તિ તેના કચ્છી મિજાજની ચાડી ખાય છે.

કચ્છી માણસ જ્યારે કોઈ કામ હાથમાં લે છે પછી તેને છેક સુધી પૂરું કર્યા વગર છોડતો નથી. રાયધણજર (અબડાસા)ના વીરચંદ કલ્યાણજી ધરમશી આર્કિયોલોજીમાં રસ ધરાવે છે. એટલે તેઓ કમાણીની ઝાઝી ચિંતા કર્યા વિના, તેમની અભ્યાસવૃત્તિ સંતોષવામાં ગળાડૂબ રહે છે. તેમણે આદિવાસી સમાજ અને તેની વસ્ત્રપ્રણાલિકા, ભૂતપ્રેત અને વળગાડ જેવા વિવિધ વિષયો પર ઘણું સંશોધન કર્યું છે. દુનિયાભરની ફિલ્મો વિશેનું તેમનું જ્ઞાન ઊંડું છે.

કચ્છીઓ ફક્ત પોતાની વ્યક્તિગત પ્રગતિ કરીને બેસી રહ્યા નથી. કચ્છ યુવક મંડળના પ્રમુખ કોમલ છેડા ચળવળો ચલાવવામાં નિષ્ણાત છે. હાલમાં મુંબઈથી કચ્છ સુધીની બીજી એક સુપરફાસ્ટ ટ્રેઈન શરૂ કરવા માટે તેઓ મુંબઈમાં દસ હજાર કચ્છીઓનું સરઘસ લઈને નીકળ્યા હતા. કોમલ છેડાનું કહેવું છે કે, "કચ્છીઓ જરાય વિરોધ કર્યા વગર ચૂપચાપ વેપાર જ કરી જાણે છે એવું નથી. વખત આવે ત્યારે કાયદો પણ બતાવી જાણે છે."

***મંગલ મંદિર, ફેબ્રુઆરી ૨૦૦૦***

*પ્રતિભા અને અવસર કરતાં એકાગ્રતા અને નિરંતર પ્રયાસ પર જીવનની સફળતાનો ઘણો આધાર રહેલો છે.*

# કચ્છ ગ્રામવાસિની

• વિષ્ણુ પંડ્યા •

મીઠડી. ખારી. કડવી. ઢોરી. મોડ ભાખરી. બોલાડી. ઝીકડી. જતવાળી. કોડકી. ફોટડી. ભુજોડી. હરૂડી. જાંબુડી.... કોનાં હશે આ નામો? કોઈ ગામઠી સ્ત્રીઓનાં કે ગાય-બકરી જેવા પશુપ્રાણીનાં? કોનાં?

આ બધાં નામોવાળા ગામડાં કચ્છમાં હજુ ઊભાં છે. પોતાનું અસ્તિત્વ ટકાવવા મથતાં નાનાં સરખાં ટપકાં જેવાં ગામો. ત્યાં કદાચ રેલરસ્તો જતો નથી. કોઈક જગ્યાએ દિવસમાં એકાદ બસ મળી જાય. ખેતી, ખેતમજૂરી અને કારીગરીમાંથી જીવનગુજરાન થઈ જાય. ટપાલી ટપાલ આપી જાય છે પણ ખબરઅંતર પૂછવા જેવું કંઈ છે નહીં : સુબહા હોતી હૈ, શામ હોતી હૈ, ઉમ્ર યૂં હી તમામ હોતી હૈ!

પણ ના. જિંદગી તો છે. જિંદગીના રૂપરંગ છે. મેળાઓનો ઉલ્લાસ છે. આંગણે બંધાતાં ઘોડિયાંનો ઉત્સવ છે. લગ્નનાં ગીતો ગૂંજે છે. હજુ ક્યાંક પ્રભાતિયાં સંભળાય છે. લોકબોલીનાં પ્રેમ, વિરહ, વાત્સલ્ય અને વીરતાના રંગો છલક છલક થતા રહે છે અને તેમાં રોજિંદા જીવનનો કણસાટ ભૂંસાઈ જાય છે.

નખત્રાણાથી આગળ રોહા સાવ ખોબા જેવડું ગામડું છે. નિશ્વાસને સાંભળી શકાય એવા જર્જરિત મહેલમાં કવિ કલાપીએ મનભર ગઝલો લખી હશે? જાણકાર મિત્રે કહ્યું કે લાઠીથી જુવાન સુરસિંહજી રોહા - કુંવરીને પરણવા આવ્યા હતા અને તેમને આ એકાંતિક સ્થાન ગમી ગયું હતું!

ભુજોડી તેનાથી થોડુંક અલગ અને આગવું છે. કચ્છના પચાસેક હજાર વણકરોમાંના થોડાક અહીં પરંપરાગત રીતે વસે છે અને અદ્ભુત વણાટકામ કરી જાણે છે. ભાતીગળ શેતરંજી, ઊની શાલ, ગાલીચા, ધાબળા, સૂતી ચાદર, દરવાજાના પડદા, બગલથેલા સુદ્ધાનું વણાટકામ થાય છે. ભુજોડીને તેની કળાકારીગરી માટે બહાર જવું પડતું નથી. મુંબઈથી એક્સેલ પરિવારના કાંતિસેન શ્રોફ અને ચંદાબહેન શ્રોફ અહીં આવીને વસ્યા છે. "શ્રૃજન" સંસ્થા હસ્તશિલ્પની આધુનિક ગતિવિધિથી ધમધમે છે. વણકરોની પોતાની હાથવણાટ મંડળીઓ પણ ખરી!

અણગોરગઢ, બોલાડી, ઝીકડી : સાંભળ્યા છે આ નામ? થોડાક કચ્છી માડુંઓ રહે છે અને ભૂલી ગયા છે કે આ બધાં, કચ્છ જેને કવિ રાજા તરીકે ઓળખે છે તે લાખા ફુલાણીના પૂર્વજોએ સ્થાપેલાં ઐતિહાસિક સ્થાનો છે. સિંધથી તેને અહીં આવીને વસવાનું શા માટે સૂઝ્યું હશે? આ પ્રકૃતિપ્રેમી રાજાએ સુરખાબના શિકાર પર પ્રતિબંધ મૂક્યો હતો : "ઈશ્વરની આટલી સુંદર ભેટ લોહીમાં રગદોળાય?"

એક વાર અમે રતાડિયા - ગણેશ ગયા હતા. મુંદ્રા તાલુકાના આ ગામમાં રચનાત્મક પ્રવૃત્તિનું થાણું. "પણ આ ગણેશ વળી શું?" તો જાણ્યું કે રતાડિયા એક નહીં, બે છે. અહીં રાજા દેશળજીએ હલ્લો કર્યો, જીતી લીધું એટલે લુણીથી ગણેશમૂર્તિ પધરાવી અને રતાડિયા ગણેશ જાણીતું થઈ ગયું! પણ છસરાનો ભૂતકાળ એનાથી પણ વધુ રસપ્રદ નીકળ્યો. વસતિ? નવસો માણસોની. પણ તેના પર ન જશો. સાત પાળિયા જોઈને જજો. તેરમી સદીથી મુસ્લિમોની વસતિ હતી. ચૌદમી સદીમાં લાખણસિંહ મરાયો, પછી તેના ભાઈઓ - એક, બે, ત્રણ.... છ ભાઈઓ ઢળ્યા. બનેવી બાકી શાનો રહે? તેણેય તલવાર ઉઠાવી. પ્રાણ પડ્યા. છ ભાઈઓનાં લોહીની 'સર' (સેર-પ્રવાહ) ભેગી થઈ એટલે ગામનું નામ પડ્યું છ-સરા!

અને, વ્રજવાણી? સુંદર નામ છે ને? રાપર તાલુકાના આ ગામડામાં પ્રાંથળિયા આયરો વસતા હતા. એક પ્રણયી ઢોલી નીકળ્યો અને તેના ઢોલના ધ્રબકારે એકસોવીસ આયરાણીઓ સતી થઈ! આ પાળિયાઓ હજુ વ્રજવાણીના પાદરમાં ઊભા છે. મેઘાણી જીવ્યા હોત તો તેમણે આ કહાણી કેવી રીતે વર્ણવી હોત? ગુંદિયાળી ત્યાંથી ઘણું દૂર છે. માંડવી તાલુકાનું ગુંદિયાળી પણ ચારણકન્યા ગુંદલના આત્મવિલોપનનાં ગીત ગાય છે. બિદડાને ભુજોડીની જેમ સખાવતીઓ દ્વારા આધુનિક સેવા કેન્દ્રમાં પલટાવી નાખવામાં આવ્યું છે. માંડવીથી ગાંધીધામ જતાં મોટરરસ્તે મેં તેનો સુંદર દરવાજો જોયો. કચ્છી ગામડાંઓનાં પ્રવેશદ્વાર અત્યંત આકર્ષક રહ્યાં છે.

ગઢશીશાને "ગ્રામશક્તિ" નામ આપ્યું હોત તો ખોટું નહોતું. કથા એવી છે કે ત્રણસો વર્ષ પહેલાંના રાજ્યશાસન દરમિયાન અહીં લૂંટફાટ થતી. ધોળે દિવસે લોકો લૂંટાઈ જાય. આવું તે કેમ ચાલે? પણ કરવું શું? રાયઘણ પહેલા પાસે અંકુશ જ નહોતો. એટલે ઘોડાલક, વીરપર, વરજડીનાં ગામલોકો ભેગાં થયાં. પોતાનું રક્ષણ પોતે કરશે એવા સંકલ્પ સાથે ગામ વસાવ્યું તે ગઢશીશા. છેક ઉત્તર ગુજરાતના કડી નગરથી બ્રિટિશરોની સામે

*સાચું બોલનારાને જૂઠાણાંની ખબર ન હોય, પરંતુ જૂઠું બોલનારને સત્યની ખબર હોવી જોઈએ.*

હારેલા - થાકેલા હનુમંતરાવ અહીં આવીને વસ્યા હતા. ગઢશીશાનાં ગ્રામજનોએ રાવને આશ્રય આપ્યો, તેમના રાણી સતી થયાં તેની "છતરડી" બંધાવી.... પછી તો આ ગામે સ્વાતંત્ર્યની લડાઈમાં પણ ભાગ લીધો.

ભારતથી પાછા વળતાં સિકંદરે કચ્છનો રસ્તો પસંદ કર્યો હતો અને કોરી ક્રીક પાસેના સાંધણ ગામ - બંદરથી સમુદ્રમાર્ગે જવા નીકળેલો! આજે તો એકાદ હજારની વસતિ ધરાવતું ગામ શેષ રહ્યું છે. હા, કોટેશ્વર પ્રાચીન - પ્રસિદ્ધ છે. દેવાલયની ધજા સમુદ્રની હવાથી ફરફરે છે. રાત પડતાં જો ઝીણી નજર હશે તો દૂ....ર સુદૂ....ર વીજળીના દીવાનો ઝાંખો પ્રકાશ દેખાશે; તે કરાચી હશે.

સુથરીનું સ્મરણ થાય છે? ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ - અહીં ભારતીય વિમાન તૂટી પડ્યું અને મુખ્યમંત્રી બળવંતરાય મહેતા સહિત ચાર જણ મૃત્યુ પામ્યા. બ.ગો.નું નાનકડું સ્મારક પણ છે. દરકાર કોણ રાખે? પણ અફસોસ કરવા જેવો કોનો? અહીં કેટલાક ગામડામાં વસતિ જ નથી. ખારોડ, નાળિયેરી, ટીંબો, સંગારા ટીંબો, ખીલણા, રખાણ, ફુલરા, ટીંબો, સાડઈ રખાલ, નાભોઈ, સાપર ટીંબો, સાકરી, ભરૂડિયા, રાતા તળાવ, કુંભારડી, બાપુઆરી, પસા, રાજડાય, ગજણસર, વીરખાલ....આ થોડાંક જ નામો છે. વસતિગણતરી પ્રમાણે આ ગામડાંઓમાં કોઈ રહેતું જ નહોતું. કેટલાંક સ્થાનો પ્રાસંગિક બની જાય છે, મોસમ પ્રમાણે આવે અને લોકો વસી જાય પછી પાછા વળે. એવું બનતું હશે?

બનતું હશે. ૧૯૮૫માં સીમા-સંમેલન માટે વિમલાજી, આચાર્ય રામમૂર્તિ વગેરેની સાથે જવાનું થયું ત્યારે ભુજ તાલુકાનું એક ગામડું - વાવડી જોયું, તો ત્યાં છ પુરુષો અને ૧૦ સ્ત્રીઓ એમ કુલ મળીને સોળ ગ્રામજનોની વસતિ હતી!

આધુનિક ભારતને સાંસ્કૃતિક ધારાથી અલગ-થલગ ન કરવું હોય તો આ ગામડાંઓની નજદીક જવા જેવું છે....ગામોની પણ પોતાની ઓળખ છે : કદાચ, આપણા કાનમાં તેનો રણકાર સંભળાય!

*મંગલ મંદિર, ફેબ્રુઆરી ૨૦૦૦*

## માનવતાની મહેક

ઘણાં વર્ષો અગાઉ જ્યારે અમદાવાદમાં કાપડની મિલો ધમધોકાર ચાલતી હતી અને મિલોની અવનતિની શરૂઆત થઈ ગઈ હતી, ત્યારે એક મિલમાં કે જે ગમે ત્યારે બંધ થઈ જાય તેવી પરિસ્થિતિમાં હતી; વેપારીઓ કે જેઓનાં મિલ પાસે લેણાં બાકી હતાં તેઓ દરરોજ મિલમાં આવી, રકમની વસૂલી માટે બેસતા.

એક દિવસ તે મિલમાં શેઠની ઓફિસમાંથી સૌરાષ્ટ્રનો એક વેપારી ખુશખુશાલ બહાર આવ્યો, કારણ કે તેને તેની લેણી નીકળતી રકમનો ચેક મળી ગયો હતો. ઓફિસની બહાર વેઈટીંગ લોન્જમાં એક સદ્‌ગૃહસ્થ, તેમનાં પત્ની તથા એક બાળક વીલે મોઢે બેઠા હતા. પેલા વેપારી ભાઈની નજર તેમના ઉપર પડી. તેઓ બેઠેલા ભાઈનાં કપાળે કેસરનો ચાંદલો જોઈ સમજી ગયા કે આ કોઈ આપણો સાધર્મિક ભાઈ છે. તેઓએ તેમને પૂછ્યું કે 'ભાઈ, તમે અહીં કેમ આવ્યા છો અને સાથે પરિવારને પણ કેમ લાવ્યા છો?' પેલા ભાઈએ રડતાં રડતાં કહ્યું કે, 'ભાઈ, હું પણ ગામડાનો એક નાનો વેપારી છું. વધારે ધન કમાવવાની લાલચમાં સગાસંબંધીઓ પાસેથી ઊછીના પૈસા લઈ વેપાર કર્યો અને આ મિલમાં માલ સપ્લાય કર્યો. તેની રકમ ઘણા સમયથી બાકી છે. કેટલાય દિવસોથી ધક્કા ખાઉં છું. પણ શેઠ મારી વાત સાંભળતા નથી. લેણદારોનો તકાદો વધી ગયો છે એટલે ઘરે ધક્કા ખાય છે. તેથી ઘરમાં પણ રહેવાય તેવું નથી. જો આ મિલમાંથી મારી બાકી નીકળતી રકમ મળે તો જ જિવાય નહીંતર મારે આપઘાત કરવા સિવાય કોઈ છૂટકો નથી.' પેલા વેપારીભાઈએ પેલા દુખિયાભાઈને શાંતિથી સાંભળ્યા અને આશ્વાસન આપ્યું કે ભાઈ ગભરાઈશ નહીં બધા સારા વાના થશે. તેઓ તરત જ શેઠની કેબિનમાં પાછા ગયા અને મિલવાળા શેઠને વિનંતી કરી કે આ ભાઈને ચેક આપી દો. પેલા મિલવાળા શેઠ કહે કે, 'મારી પાસે જેટલી બેન્ક બેલેન્સ છે, તેનો ચેક તમને અપાઈ ગયો છે. અને હવે થોડા દિવસો સુધી હું કોઈ પેમેન્ટ કરી શકું તેવી શકયતા નથી.'

પેલા વેપારીભાઈએ થોડીવાર વિચાર્યું અને શેઠને પોતાને આપેલ ચેક પાછો આપતાં કહ્યું કે 'શેઠ મારો ચેક પાછો લ્યો અને એના બદલે પેલા બહાર બેઠેલા ભાઈને તેમનો ચેક લખી આપો.'

પેલા મિલવાળા શેઠ કહે કે, 'ભાઈ, તમને હું હવે તમારું પેમેન્ટ આપી શકું તેમ નથી, તેની તમને જાણ છે છતાં તમે મેળવેલ રકમ શા માટે બીજાને આપી દો છો?' ત્યારે પેલા વેપારીભાઈએ કહ્યું કે, 'શેઠ કદાચ મારું પેમેન્ટ નહીં મળે તો મને કોઈ વાંધો નહીં આવે પણ બહાર બેઠેલા મારા સાધર્મિક ભાઈને જો પેમેન્ટ નહીં મળે તો તેને આપઘાત કરવાનો વખત આવશે. કોઈ વ્યક્તિ પોતાના બૈરા-છોકરાઓને લઈને ક્યારે આવે? જ્યારે તેને કોઈ છૂટકો ન હોય. મારું પેમેન્ટ ભવિષ્યમાં મારા નસીબમાં હશે તો હું વસૂલ કરી લઈશ.'

પેલા વેપારીભાઈ પોતે મેળવેલ ચેક, મિલવાળા શેઠને પરત કરી, દુખિયારા વેપારી ભાઈના નામનો ચેક લઈ બહાર આવ્યા અને પેલા ભાઈને આપ્યો કે 'ભાઈ, લ્યો આ ચેક અને તમારા પરિવાર સાથે પાછા જાવ. ભવિષ્યમાં પરિવારને હેરાન થવું પડે એવા ધંધા કરશો નહીં.' પેલા વેપારીભાઈ તો ડઘાઈ ગયા. તે ભાઈને પગે લાગવા માંડ્યા. પેલા ભાઈની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયા અને એક સાધર્મિક ભાઈને મદદ કરવાના સંતોષ સાથે ઓફિસ છોડી ગયા. એવી વ્યક્તિને તથા તેમની માનવતાને સલામ.

***પ્રતાપ નારાણજી દંડ***

*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૪*

*બીજાની પ્રગતિમાં તમે જેટલો ફાળો આપશો, એટલી તમારી પ્રગતિ વધશે.*

# કીર્તિ સ્તંભ સમાન ભુજનો "આયના મહેલ"

• મહેશ ડી. નાગડા - દેવલાલી •

હિંદુસ્તાનની આઝાદી પૂર્વે સદીઓ સુધી દેશના અલગ અલગ ભાગો પર રાજપૂતો, મુસ્લિમો, મરાઠાઓ અને છેવટે એ બધા પર અંગ્રેજોએ રાજ કર્યું. તેઓએ દુશ્મનો સામે રક્ષણ માટે સખત પથ્થરો વડે કે પહાડોને કોરીને ઊંચા અને અવનવી રચનાઓવાળા કિલ્લાઓ બનાવ્યા. તે સાથે પોતાનું નામ અમર થઈ જાય એવી કલા સ્થાપત્યથી સભર ઈમારતો અને મહેલોની સ્થાપનાઓ પણ કરી.

આશ્ચર્ય તો એ વાતનું છે કે સખત પથ્થર દિલ હૃદયના રાજવીઓ, સુલ્તાનો, નવાબો, શહેનશાહો કે મરાઠાઓમાં હંમેશાં યુદ્ધ કરીને, ડરાવીને, હુમલા કરીને કે કાવાદાવા કરીને સત્તાસ્થાન વધારવાની ઈચ્છા રહેતી. તો તેમના જ દિલમાં પોતાનું નામ અમર થઈ જાય અને વિશ્વમાં અજબ ગણાય એવી ઈમારતો કે મહેલો જે કોમળ કલા સ્થાપત્યમાં અજોડ હોય તેની સ્થાપના કરવાની કલ્પનાઓ ક્યાંથી આવતી? અને એ કલ્પનાઓને વાસ્તવમાં પલટાવવાની પ્રેરણા ક્યાંથી આવતી?

આપણા દેશમાં કલાસ્થાપત્યથી સભર એવી ઘણીએ ઈમારતો અને મહેલોની અંદરની અને બહારની રચનાઓ વિશે વધુ જાણવાની અને જોવાની ઈચ્છા હંમેશાં બધાયને થતી હોય છે. અહીં જયપુરના રાજપુર રાજવીનો "હવા મહેલ" અજોડ છે, તેવો જ કચ્છનો "આયના મહેલ" પણ રાજપુર રાજવીના હસ્તે બંધાયેલ, તેની વિગતો રજૂ કરું છું.

"આયના મહેલ" કચ્છના કલાપ્રેમી મહારાઓશ્રી લખપતજીના એક કીર્તિ સ્તંભ સમાન છે. "આયના મહેલ" એટલે અરીસાનો મહેલ. મહારાઓ શ્રી લખપતજીની પ્રેરણા અને રામસિંહ માલમની કલા સાધનાનો સમન્વય એટલે "આયના મહેલ".

જૂના રાજમહેલના બીજા માળ ઉપર આ "આયના મહેલ"ની રચના કરવામાં આવી છે. તેની દીવાલો સફેદ સંગેમરમરની છે. આ દીવાલોને એવી ચકચકિત બનાવવામાં આવી છે કે, આજે પણ એ ભીંતોમાં દીપકના પ્રતિબિંબ પડે છે. દુનિયાની એક અજાયબી જેવો આ આયના મહેલ જોનારને મંત્રમુગ્ધ બનાવી દે છે.

ભુજના દરબારગઢની અંદર જનાનખાનાની બાજુમાં આવેલ આ મહેલમાં પ્રવેશ કરતાં જ જાણે દિવસ ચાલ્યો જાય છે અને રાતરાણી રમતી રમતી જોનાર સામે આવી જાય છે. અહીં પહેલા જ વિશાળ ખંડની વિશિષ્ટતા એ છે કે, એની દીવાલની બાજુમાં ચાલવા માટે એક પટ્ટી જેવો સાંકડો માર્ગ રાખવામાં આવેલ છે.

વચ્ચેની જગામાં રંગીલા રાજા લખપતજીની જલક્રીડા માટે એક સુંદર હોજ બનાવવામાં આવેલ છે. આ હોજની ચારે તરફ પાણીના ફુવારાની રચના કરવામાં આવી છે. હોજ જ્યારે પાણીથી ભરપૂર હોય અને ફુવારાની સેરો ફરફર ઊડતી હોય ત્યારે ઝીણા અવાજે ઝરમર ઝરમર વરસતા મેહુલાનો (વરસાદનો) ભાસ થાય છે.

ફુવારાઓ માટે રામસિંહ માલમે તે સમયે પંપો અને સાઈફનની યુક્તિપૂર્વક યોજના કરી. આ હોજમાં કૃત્રિમ જળચર પંખીઓ પણ મૂકવામાં આવ્યા છે. તેની સાથે સાથે નાની નાની હોડીઓ પણ તરતી હોવાથી એ હોજનું દ્રશ્ય મનોહર સરોવર જેવું બની જાય છે.

આજે પણ અહીં વીજળીની રોશની ગોઠવવામાં આવી નથી. જૂના સમયની રીતે દીપકોના પ્રકાશથી જ આયના મહેલના દર્શન કરાવવામાં આવે છે. આજે પણ હોજ હાજર છે અને ફુવારા ચાલુ થઈ શકે છે. અહીં જ્યારે દીપમાળ પ્રગટાવવામાં આવે છે ત્યારે કોઈક અલૌકિક દ્રશ્ય ઊભું થઈ જાય છે.

અહીં બેસીને જ મહારાઓશ્રી લખપતજીએ પોતાના વખતમાં અનેક કવિતાઓની રચનાઓ કરી હતી. અહીં જ તેમણે રાજનર્તકીઓના નૃત્યો જોયા હતા. અહીં જ તેમણે અનેક કવિઓની કવિતાઓ સાંભળી હતી અને તેમનો સત્કાર કર્યો હતો.

કચ્છની ગ્રીષ્મ ઋતુની સખત ગરમી અહીં શીતળતામાં પલટાઈ જાય છે. બહારથી વધુ પડતો પ્રકાશ હવામાં ઊડતા રેતીના સૂક્ષ્મ રજકણો અને તપતા સૂરજનો તાપ અંદર પ્રવેશી ન શકે એટલા માટે આયના મહેલના પ્રવેશ દ્વાર પાસે પણ અંધારું રાખવામાં આવ્યું છે.

આગળના ખંડમાં પ્રવેશ થતાં ત્યાં પણ રાતનો જ ભાસ થાય છે. સૂરજ દાદાના દિવસની તો અહીં કલ્પના પણ આવે નહીં. આ ખંડમાં ચારે દીવાલોમાં, સ્તંભોમાં, છતમાં, ભોંયતળિયાઓમાં એમ ચોતરફ નાના મોટા સોનેરી ફ્રેમોવાળા આયના એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે અહીં એક દીપક પ્રકટાવતા તે હજારો દીપકોનો ભાસ આપે છે. અહીં જ્યારે ચારે તરફ ઘણાય દીપકો પ્રગટાવવામાં આવતા હશે ત્યારે આ ખંડમાં ઝળહળતી રોશની કેવી ઝળકી ઊઠતી હશે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી !

આ મહેલના નાના દરબાર ખંડમાં ઊંચા પ્રકારના કચ્છી રેશમી ભરતવાળા ગાલીચા

*જે અવારનવાર મૌન પાળે છે તેના જીવનમાં ક્લેશનું સ્થાન ભાગ્યે જ જોવા મળે છે.*

પાથરેલા છે. દીવાલો પણ એવા જ ભરતકામના સુશોભનથી શણગારવામાં આવી છે.

આ દીવાલો પણ સંગેમરમરના પથ્થર પર કરેલા કોતરકામ વચ્ચે સોનાથી મઢેલા વેલ - બુટ્ટામાં નાના મોટા માણેક જેવા અકીકના દાણા એવી રીતે ગોઠવવામાં આવેલા છે કે તેનું આબેહૂબ વર્ણન કોઈ કલમ કરી શકે તેમ નથી.

અહીં જ્યારે પાણીના ઝીણા ફુવારા ફરફર કરતા ઊડતા હોય, દીપકોનો મંદમંદ પ્રકાશ ચારે તરફ ફેલાઈ રહ્યો હોય, કોમળ કંઠનો મધુર ધ્વનિ લહેરાઈ રહ્યો હોય ત્યારે ત્યાં સ્વર્ગના ગાંધર્વભુવનનો ભાસ થાય તો તેમાં શી નવાઈ ?

અહીં મહારાઓશ્રી લખપતજી, એમના પિતા દેશલજી વગેરે રાજવીઓની છબીઓ વિશિષ્ટતાથી ભીંત પર ચીતરવામાં આવેલ છે. એમાં રાજાઓના ગળામાં રહેલ હારના હીરા મોતી વગેરે ચિતારાની પીંછી વડે ચીતરવામાં આવેલ નથી, પણ તેમાં સાચા હીરા - મોતી - માણેક બેસાડવામાં આવ્યા છે.

ચિત્રમાં હીરા - મોતી - ચીતરવાને બદલે ખરેખરા રત્ન ગોઠવવાની કલ્પના કરનાર અને તેને મંજૂરી આપનાર મહારાઓના કલા પ્રેમ માટે તો શું કહેવું ?

એ ઉપરાંત આ મહેલમાં સંખ્યાબંધ આશ્ચર્યજનક અને અવનવા પ્રકારની અજાયબી ભરેલી અનેક ચીજોનો સંગ્રહ કરવામાં આવેલ છે. ડચ, ઈંગ્લીશ અને ફ્રેંચ બનાવટના મધુર નાદ કરતા ઘડિયાળો, કાચના અને ચીની બનાવટના યાંત્રિક રમકડાંઓ અને દેશી વિદેશી ચિત્રોનું દર્શન કરતા આનંદ પ્રાપ્ત થાય છે.

આયના મહેલમાં દુનિયાની આઠમી અજાયબી જેવી બીજી એક નવાઈ જેવી વસ્તુ છે - એ છે હાથીદાંતનો દરવાજો. આ આખો દરવાજો હાથીદાંતનો તૈયાર કરવામાં આવેલ છે. હાથીદાંત પર કચ્છના કોઈ કલાકારે ફૂલ, વેલ, બુટ્ટા વગેરેની ઝીણી ઝીણી કોતરણીને એવો ઉઠાવ આપેલ છે કે તે જોઈને છક્ક થઈ જવાય છે. વિદેશીઓ તો હાથીદાંતના આ દરવાજા પરનું કલાત્મક કોતરકામ જોઈને તેની કલા પર આફરીન પોકારે છે.

આયના મહેલમાં વાપરવામાં આવેલ જુદા જુદા પ્રકારના કાચ અને ચીનાઈ લાદીઓ જેવી લીલા રંગની સંગેમરમરની લાદીઓ, કચ્છના કલાકાર રામસિંહ માલમની જ કલાકૃતિઓ છે એ વાત પણ લક્ષમાં રાખવા જેવી છે.

અહીં ઝુમ્મર, હાંડી, ગ્લાસ વગેરે જૂના જમાનાની રોશનીના સાધનો પણ વિપુલ પ્રમાણમાં જોવામાં આવે છે.

***મંગલ મંદિર, ફેબ્રુઆરી ૨૦૦૦***

**સંગ્રહવૃત્તિ**

***વાદળ જ્યાં સુધી જળનો સંગ્રહ કરી રાખે ત્યાં સુધી કાળું રહે છે અને જળનું દાન કરતાંની સાથે જ ઉજ્જવળ બની જાય છે!***

***કુદરતની આ કરામત એમ સૂચિત કરી જાય છે કે સંગ્રહવૃત્તિ જીવન મલિન કરે છે, જ્યારે દાનવૃત્તિ જીવન ઉજ્જવળ કરે છે.***

## કદર (APPRECIATION)

જીમી દુરાંત અમેરિકાનો એક જાણીતો હાસ્યકાર. કલાકો સુધી પ્રેક્ષકોને - શ્રોતાઓને પકડી રાખવાની એક અદ્‌ભુત શક્તિનો માલિક.

એકવાર એક રાતે એક ટાપુ ઉપરની યુદ્ધની હોસ્પિટલમાં ઘવાયેલા સૈનિકો સમક્ષ એનો મનોરંજક કાર્યક્રમ ચાલી રહ્યો હતો. જીમીએ પોતાની અદ્‌ભુત વાક્‌પટુતા અને હાસ્યસભર અભિવ્યક્તિથી તમામ સૈનિકોનાં દિલ જીતી લીધાં હતાં અને એની પ્રત્યેક રજૂઆતને પ્રચંડ તાળીઓથી સૌ વધાવી લેતા હતા.

કાર્યક્રમ લગભગ પૂર્ણ થવાની અણી પર હતો પરંતુ શ્રોતાઓમાંથી ઘવાયેલો એક સૈનિક ઘોડીના સહારે ઊભો થયો અને કહ્યું, 'જીમી સાહેબ, આપ હજી વધુ આઈટેમો પેશ કરો. કારણ કે હજી અમે ધરાયા નથી. આ માત્ર અદ્‌ભુત પ્રોગ્રામ જ નથી અમારી વેદનાભરી કાળી ડિબાંગભરી જિંદગીમાં આશાનું એક તેજસ્વી કિરણ છે અમારા માટે.' બીજા સૈનિકોએ પણ એની વાતને વધાવી લીધી. સૈનિકોના સ્નેહ આગળ જીમી ઝૂકી ગયો અને એણે કાર્યક્રમ ચાલુ રાખ્યો. પણ એના એક પત્રકાર મિત્રે જીમીનું ધ્યાન દોર્યું કે આજની મોડી રાત્રિએ જીમીએ બીજા શહેરમાં રેડિયો ઉપર બીજો કાર્યક્રમ આપવાનો છે અને એ શહેરમાં જવા માટે છેલ્લી શીપ ઊપડવાને થોડી જ વાર હતી. પણ જીમીએ કહ્યું, "ના. અને ઘવાયેલા સૈનિકો તરફ ઈશારો કરતાં કહ્યું, "દોસ્ત, જોતો નથી પેલા બે સૈનિકોનો દરેકનો એક હાથ કપાઈ ચૂક્યો છે એમ છતાં બંને જણ એકમેક સામે પોતાનો એક એક હાથ મિલાવી તાલીઓ પાડી રહ્યા છે. આવી અદ્‌ભુત કદર મને ક્યારેય મળી નથી." અને જીમીએ પોતાનો કાર્યક્રમ સવાર સુધી ચાલુ રાખ્યો.

Next to excellence is Appreciation. ઉત્તમ પછી પણ જો કોઈ મહત્ત્વની ઘટના હોય તો તે છે કદર. વોલ્ટેર કહે છે, "By appreciation we make excellence in others our own property." **કલાકારની સાથે સાથે એ કલાને માણનારો એનો ભોકતા પણ એવો જ કલાકાર છે. બંનેમાં માત્ર એટલો જ તફાવત છે કે એક કલાની અભિવ્યક્તિ કરે છે જ્યારે બીજો એનો આનંદ માણે છે.** કદર દ્વારા બીજાના ઉત્તમને આપણે નવાજીએ છીએ અને એ કદર પછી જાણે આપણી મિલકત બની જાય છે.

કલાકાર કે કોઈપણ ક્ષેત્રના પ્રદાનની કદર કરવાના પ્રયાસમાં વ્યક્તિની પોતાની દિલની ઉદારતા, બુદ્ધિની પ્રગલ્ભતા અને આત્માની spiritual integrity હોય છે. કદર સામાની કલાનો સાચુકલો સ્વીકાર છે. કલાની અભિવ્યક્તિનું Recognition છે. આથી કલાકાર અને ભોક્તા બંનેની મૂળભૂત લાગણી તો એક જ છે, આનંદ પામવાની ચેષ્ટા.

કલાકાર પોતાની કલાકૃતિ દ્વારા પોતાનામાં પડેલી સર્જકશક્તિનો અદ્‌ભુત આવિષ્કાર આપે છે પણ એ કલાને માણનાર પેલો ભોક્તા પણ કલાકાર જ છે. એ પણ કલાને એના અતલ ઊંડાણમાંથી સમગ્રતયા એને માણે છે. એ માણવાની એની સજ્જતા સમર્થતા પણ કલા જેટલી જ સમકક્ષ છે. ભલે દરેક વ્યક્તિ performer બની ના શકે પણ સાચી enjoyer તો બની જ શકે ને?

***મંગલ મંદિર, જાન્યુઆરી ૧૯૯૬***

# કચ્છી કોઠાસૂઝ ભલભલા ચક્રવ્યૂહ ભેદી શકે છે

• અમિતા બુચ •

સ્વપ્નનગરી મુંબઈના સફળ કચ્છીઓએ એક વાત સાબિત કરી આપી છે કે હાથ, હૈયું અને દિમાગ મજબૂત હોય તો સપનાં સાકાર કરવામાં કોઈ પણ મુશ્કેલી નડી શકતી નથી.

મુંબઈના શીતલ સ્ટોર્સના સ્થાપક સ્વ. બાબુભાઈ લધ્ધાભાઈ શાહ ૧૯૫૮ના અરસામાં ઘરમાં કોઈને કહ્યા વિના પહેરેલાં કપડે મુંબઈ આવી પહોંચ્યા હતા અને તેમણે શરૂ કરેલો શીતલ સ્ટોર્સ આજે મુંબઈગરા સહિત દેશ-વિદેશના ગ્રાહકોને આકર્ષી રહ્યો છે.

બાબુભાઈને કુટુંબની ખેતીમાં રસ નહોતો પડતો. ખેતરમાં બેઠાં બેઠાં માથું ખંજવાળતા બાબુભાઈ રોજ વિચારતા કે ગમેતેમ કરીને મુંબઈ પહોંચવું છે. ધારેલું કામ કોઈ પણ રીતે પાર પાડવાની મક્કમતા બાબુભાઈમાં પહેલેથી જ હતી. બાબુભાઈ મુંબઈ પહોંચ્યા અને કરિયાણાની દુકાનમાં નોકરીએ લાગી ગયા. પછી એ નોકરી છોડીને રદ્દીની દુકાન શરૂ કરી. દસેક વર્ષ એ દુકાન ચલાવી. ત્યાર પછી ૧૯૬૮માં, અત્યારે જ્યાં શીતલ સ્ટોર્સ ઊભો છે ત્યાં ૩૫૦ ફૂટની જગ્યામાં પિતાજીની મદદથી કટલરીની દુકાન શરૂ કરી. કટલરીમાં વિશેષ તક ન જણાતાં ૧૯૮૦માં એ જ જગ્યાએ ૯૦૦ સ્ક્વેર ફૂટની જગ્યામાં રેડીમેઈડ ગારમેન્ટ્સ વેચવાનું કામ શરૂ કર્યું. આજે શીતલના એ શો રૂમનો એરિયા ૫,૦૦૦ સ્ક્વેર ફૂટ થઈ ચૂક્યો છે અને મુંબઈનો ગણનાપાત્ર સ્ટોર્સ બની રહ્યો છે.

ચૌદ વર્ષની ઉંમરથી દામજી શાહ બાબુભાઈની સાથે બિઝનેસમાં જોડાયા હતા અને બાબુભાઈની સાથે રહીને કામ કરતાં તેઓ બિઝનેસના અનેક સિદ્ધાંતો શીખ્યા છે. દામજી શાહ કહે છે, “બાબુભાઈ ખાસ ભણ્યા નહોતા પરંતુ એમબીએના પાઠ તેમણે કોઠાસૂઝથી ભણી લીધા હતા. તે હંમેશાં કહેતા કે સંપીને સંગઠિત રહેવું એ મેનેજમેન્ટનો પહેલો પાઠ છે. અને એ પાઠના આધારે આજે બાબુભાઈની હયાતી નથી તેમ છતાં અમે વિકાસ સાધી શક્યા છીએ.

સમાજનું અને દેશનું ઋણ ચૂકવવા બાબતે અત્યંત સભાન એવા એક કચ્છી એક્સેલ ઈન્ડસ્ટ્રીના કાન્તિસેન શ્રોફ છે. તાજેતરમાં “કચ્છ ભારતી” એવોર્ડ તેમણે સ્વીકાર્યો નહોતો. તેમનું કહેવું છે કે કચ્છ માટે કે દેશ માટે અમે જે કરી રહ્યા છીએ એ તો અમારી ફરજ છે. એમાં કંઈ નવું નથી. લોકો કંઈ કર્યા વિના બેસી રહે છે એ ખોટું છે.

મિત્રો અને સગાંસંબંધીઓ પાસેથી માંગીને એકઠી કરેલી દસ હજારની મૂડીમાથી રૂપિયા ૪૭૦ કરોડનું સામ્રાજ્ય ખડું કરનાર કાન્તિસેનભાઈના મોટા ભાઈ ચાંપરાજભાઈ શ્રોફનું માનવું હતું કે જીવન ફૂટબોલની રમત છે. રસ્તો રોકીને ઊભેલા તગડા જવાનોની વચ્ચેથી તમારે ધ્યેય સુધી પહોંચવાનું છે. એ તમારા દુશ્મન નથી, પ્રતિસ્પર્ધીઓ છે. પ્રતિસ્પર્ધીઓ જેટલા મજબૂત, રમત એટલી વધુ રોમાંચક.

ચાંપરાજભાઈનાં બધા ભાઈ બહેનો ભણી શકે તેમ નહોતાં, એટલે ચાંપરાજભાઈ અને બહેન નંદિનીને ભણાવવા માટે કાન્તિસેનભાઈ અને અન્ય ભાઈઓએ ભણતરનો ભોગ આપ્યો હતો. ચાંપરાજભાઈએ ભણીને ૧૯૪૧માં મુંબઈની પ્રિન્સેસ સ્ટ્રીટના નાના ઘરમાં રાત્રે રસાયણો તૈયાર કરવાની પ્રયોગશાળા શરૂ કરી. નામ રાખ્યું “કિચન લેબોરેટરી”. એ રસોડામાં દિવસે રસોઈ થાય અને રાત્રે રસાયણો તૈયાર થાય. ત્યારબાદ થોડા સમયમાં અન્ય ત્રણ ભાગીદારો સાથે મળીને રૂ. ૧૦,૦૦૦ની મૂડી એકઠી કરીને જોગેશ્વરીમાં નાની જગ્યામાં એક્સેલની શરૂઆત કરી. એક્સેલ ઈન્ડસ્ટ્રી આજે પણ ત્યાં જ ધમધમે છે.

માત્ર પશ્ચિમ જર્મનીમાં બનતું સંઘરાયેલા અનાજનું જીવાતથી રક્ષણ કરવામાં ઉપયોગી એવું એલ્યુમિનિયમ ફોસ્ફાઈડ રસાયણ અસરકારક છે એટલું જ એ જોખમી અને ખતરનાક પણ છે. પરંતુ શ્રોફબંધુઓએ બધાં જ જોખમો ખેડી સતત ત્રણ મહિના સુધી પ્રયોગો કરી છેવટે એ રસાયણ દેશમાં તૈયાર કર્યું. પહેલો નમૂનો સરકારી પ્રયોગશાળામાં ચકાસણી માટે મોકલાવ્યો. સંતોષકારક પરિણામે સરકારી ઓર્ડર્સ મળ્યો.

મુંબઈ ઉપરાંત વડોદરા અને ભાવનગરમાં પણ એક્સેલના એકમો કાર્યરત છે. એક્સેલના બધા જ એકમોમાં મળીને કુલ ચાર હજાર જેટલા કારીગરો કામ કરે છે, પરંતુ આટલાં વર્ષોમાં નથી કોઈ હડતાલ પડી કે નથી કોઈ નુકસાનીનું વર્ષ પસાર થયું.

બહુ ઓછા લોકોને એ ખબર હશે કે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના ભારત ખાતેના મુખ્ય કર્તાહર્તા શેમારુ વિડિયોવાળા બુધ્ધિચંદ અને રમણભાઈ મારુ છે. આજથી ત્રીસેક વર્ષ પહેલાં બુધ્ધિચંદભાઈ કચ્છથી મુંબઈ ભણવા માટે આવ્યા હતા. ભણતરની સાથે કમાઈ કરવાના હેતુથી ૧૯૬૧માં શેઠિયા અટકધારી દૂરના પિતરાઈ ભાઈ સાથે મળીને શેઠિયા અને મારુના નામનો સમન્વય કરી નાનીઅમથી શેમારુ સરક્યુલેટિંગ પુસ્તક લાઈબ્રેરી શરૂ કરી. લાઈબ્રેરીને સફળતા મળે તે માટે તેઓ ઘરે-ઘરે અને સ્કૂલે-સ્કૂલે ચાલીને જતા. ૧૯૬૪ સુધીમાં તો મુંબઈના વિવિધ વિસ્તારોમાં એકમાંથી ચાર અને ચારમાંથી બાર સરક્યુલેટિંગ લાઈબ્રેરી ધમધમતી થઈ ગઈ. ત્યારબાદ ૧૯૭૧માં રમણભાઈ પણ તેમની સાથે જોડાયા. રમણભાઈ કહે છે, “એ

*હકીકતનો ઈન્કાર ન કરો, નહીં તો હકીકત તમને હરાવશે. - સરદાર વલ્લભભાઈ પટેલ*

અરસામાં વિડિયો ટેક્નોલોજી ચલણમાં આવી અને અમને થયું કે હવે વિડિયોનો જમાનો આવવાનો છે એટલે વિડિયો કેસેટના ઉત્પાદન અને ડિસ્ટ્રિબ્યુશનના ક્ષેત્રમાં મોટા પાયે ઝંપલાવ્યું અને ગાંધીનગર તથા પોંડિચેરીમાં કેસેટના ઉત્પાદન એકમો નાખ્યા." વિડિયો કેસેટના ક્ષેત્રમાં ઝંલપાવ્યા બાદ શેમારુ વિડિયોની પ્રગતિનો ગ્રાફ દિનપ્રતિદિન ઊંચે ચડતો ગયો અને આજે શેમારુનું ટર્નઓવર રૂ. ૪૦ કરોડથી વધુ છે.

બુદ્ધિચંદભાઈ અને રમણભાઈનું કહેવું છે કે કચ્છી સહજ દૂરંદેશીને કારણે ટૂંકાગાળાના ફાયદાઓ છોડીને લાંબાગાળાના ફાયદાવાળા પ્રોજેક્ટસ હાથ ધરવા અમે પ્રેરાયા. તેઓ કહે છે, "અમે ભલે કોઈ બિઝનેસ ડિપ્લોમા કે એમબીએ કર્યું નથી, પણ અમે કચ્છની પાઠશાળામાં ભણ્યા છીએ."

શેમારુની માફક નવનીત પ્રકાશનની સફળતાયાત્રા પણ પગપાળા શરૂ થઈ હતી. નવનીતના લાલજીભાઈ ગાલા અને ધનજીભાઈ ગાલા ૧૯૪૨માં મુંબઈ આવ્યા. મુંબઈ આવીને પૈસા કમાવા માટે છૂટક કામો કરી રહ્યા હતા ત્યારે વપરાઈને પસ્તીમાં ફેંકાઈ ગયેલાં ગાઈડો અને પુસ્તકો જોઈને ગાલા બંધુઓને વિચાર આવ્યો કે આ પુસ્તકોને બાઈન્ડ કરી ફરી ઉપયોગમાં કેમ ન લઈ શકાય! એવું વિચારી તેમણે શાળા-કોલેજનાં પુસ્તકો બાઈન્ડિંગ કરી તેનું વેચાણ કરવાનું શરૂ કર્યું.

૧૯૪૫માં અન્ય બે ભાઈઓ અમરચંદભાઈ અને ડુંગરશીભાઈ પણ તેમની સાથે જોડાયા અને પ્રિન્સેસ સ્ટ્રીટના દાદર નીચે ધનપલાલ બ્રધર્સની દસ બાય દસની જગ્યામાં શૈક્ષણિક પુસ્તકો ભાડે આપતી દુકાન શરૂ કરી. શરૂઆતમાં તો સ્કૂલે-સ્કૂલે અને ઘેર-ઘેર જઈને લોકોને સેકન્ડ હેન્ડ પુસ્તકો અને ગાઈડો વેચતા. ધીરે ધીરે સેકન્ડ હેન્ડ ગાઈડ અને પુસ્તકો એટલાં લોકપ્રિય બનવાં લાગ્યાં કે એ પુસ્તકોનો સ્ટોક ઓછો પડવા લાગ્યો. જે તે પુસ્તકોના પ્રકાશકો પાસેથી જોઈતો જથ્થો મળે નહીં અને ધક્કા ખાવા પડે તથા ગ્રાહકો નિરાશ થઈને પાછા જાય. એ પરિસ્થિતિમાં ગાલાબંધુઓને થયું કે પોતાનું સ્વતંત્ર પ્રકાશન હોય તો કેવું?

પછી નાના પાયે નવનીત પ્રકાશને ધીમેધીમે ઘણી પ્રગતિ કરી. આજે અમદાવાદ-કલોલ હાઈવે પર આવેલા દંતાલી ગામમાં દોઢ લાખ ચોરસ ફૂટના વિસ્તારમાં અદ્યતન પ્રેસ ધમધમી રહ્યું છે. સ્ટેશનરીમાં પણ નવનીતનું નામ બહુ મોટું છે. આજે અમેરિકા, બ્રિટન અને આફ્રિકા સુધી નવનીતની સ્ટેશનરી પહોંચે છે.

નવનીત પ્રકાશન ભારતભરમાં તેના સો જેટલા એવા ફ્રેન્ચાઈઝ શો રૂમ શરૂ કરવા માંગે છે જેમાં લોકો નિરાંતે બેસીને પુસ્તકો જોઈ શકે. નવીનત પ્રકાશનના ડિરેક્ટર (ફાઈનાન્સ) સુનીલ ગાલા કહે છે, "અમે પુસ્તકોનાં ખરીદ વેચાણનો ખ્યાલ બદલવા માંગીએ છીએ. પુસ્તકો માત્ર ખરીદવાની વસ્તુ નથી પણ જાણવાની અને માણવાની વસ્તુ છે એવું વલણ કેળવાય એ માટે દરેક સ્ટોરમાં શાંતિથી બેસીને પુસ્તકો ઊથલાવી શકાય તેવી સવલતો ઊભી કરવા માંગીએ છીએ."

બેન્ઝર શીતલ અને રૂપમ એ વાગડના કચ્છીઓનો શો-રૂમ છે. મુંબઈમાં ઘણા એ લોકોને વાગડિયા પણ કહે છે. જ્યારે દામજીભાઈ એન્કરવાલા અને અમરસન્સવાળા વાગડના નહીં, પણ કચ્છના છે. આ વાગડિયાઓમાં પોતાની હિંમત અને બુદ્ધિમત્તાથી પ્રભાવિત કરી જાય એવી વ્યક્તિ રૂપમ શો-રૂમના યુવાન માલિક વીરેન શાહ છે. રૂપમ વિશે વાત કરીએ એ પહેલાં એટલું જાણી લઈએ કે વીરેનભાઈને માત્ર ધંધામાં જ રસ છે એવું નથી. નામદેવ લહુટેનાં બાળનાટકોમાં એ કામ કરતા હતા. એ પછી આઈ.એન.ટી.ના નાટકો કર્યાં. કાનન કૌશલ અને વિજય દત્ત સાથે નાટકો કર્યાં. મહેન્દ્ર જોશીના મશહૂર નાટક ખેલૈયામાં પણ કામ કર્યું. આ વીરેનભાઈ હવે લંડન સ્થિત દુનિયાના જગપ્રસિદ્ધ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ માર્કસ એન્ડ સ્પેન્સર તેમ જ હેરોડ્ઝ સાથે હાથ મિલાવી રહ્યા છે અને બંને શો-રૂમમાં રૂપમ દ્વારા ઈન્ડિયન કાઉન્ટર રાખવામાં આવશે. રૂપમનું પોતાનું એક્સપોર્ટ હાઉસ છે. દુબઈમાં રૂપમની ફ્રેન્ચાઈઝ છે. વડોદરા અને સુરતમાં વીરેનભાઈએ રૂપમનાં બે અદ્યતન બહુમાળી શો-રૂમ્સ કર્યાં છે જેને વીરેનભાઈના કહેવા મુજબ ખૂબ જ આવકાર સાંપડ્યો છે. વીરેનભાઈને વેપારના સંસ્કાર ગળથૂથીમાં મળ્યા છે. પિતા રાયચંદભાઈ એમના જમાનામાં એમ.એ.,એલએલ.બી. થયા છે પણ તે જ્ઞાન વધારવા માટે. વાસ્તવમાં ચર્ચગેટનો જાણીતો શો-રૂમ રૂપમિલન એમણે શરૂ કર્યો હતો અને આજે પણ એ શાનદાર રીતે રૂપમિલનનું સંચાલન કરી રહ્યા છે. રાયચંદભાઈ પહેલેથી જ ઘરેડમાં ખાસ નહીં માનનારા વ્યક્તિ. કચ્છી વીસા ઓસવાળ સમાજમાં વિધવા વિવાહ પર પ્રતિબંધ હતો ત્યારે રાયચંદભાઈએ વિધવા સાથે લગ્ન કર્યા હતાં. એમને જ્ઞાતિએ જ્ઞાતિ બહાર મૂક્યા હતા. જ્ઞાતિના એ નિર્ણય સામે રાયચંદભાઈએ કેસ માંડ્યો હતો અને કેસ જીતી ગયા હતા. રાયચંદભાઈ આજે મુંબઈ અને મહારાષ્ટ્રની અનેક વેપારી સંસ્થાઓના પ્રમુખ અને અગ્રણી છે.

વીરેનભાઈ કચ્છી પ્રજાની ખાસિયત પ્રગટ કરતાં કહે છે, "અમે ખૂબ મહેનતુ. સવારના સાતથી રાત્રીના દસ સુધી કામ કરીએ. વડીલો જે કંઈ કામ કરી ગયા તેનાં ફળ હવેની પેઢી ચાખી રહી છે. અગાઉ બોલેલા શબ્દની ખૂબ કિંમત હતી અને શબ્દ પર લાખો રૂપિયા જ્ઞાતિજનને મળી રહેતા. આજે પણ મળે છે. પણ ક્યારેક તેમાં વિશ્વાસઘાત થાય. જ્ઞાતિમાં કોઈ વેપારી નબળો પડે તો તેની મદદે જ્ઞાતિ આવે. અગાઉ ભણતર ન હતું, પણ હવે જ્ઞાતિનાં દીકરા-દીકરીઓ અમેરિકામાં ભણે છે. ડોક્ટરો, વકીલો અને કોમ્પ્યુટર એન્જિનિયરો ઘણા છે. ભારતમાં અને મુંબઈમાં કોમ્પ્યુટર ક્ષેત્રે નામના કાઢી ચૂકેલી એપ્ટેક (એપલ કોમ્પ્યુટર) કંપની રાજેશ નિશર અને અતુલ નિશર નામના બે યુવાન ભાઈઓએ શરૂ કરી હતી. રાજેશ નિશર હવે હયાત નથી. અગાઉ કરિયાણાં, પસ્તી અને રેડીમેઈડ ગારમેન્ટ્સમાં જ મોનોપોલી ધરાવતા કચ્છીઓ હવે નવાં-નવાં ક્ષેત્રોમાં પણ પ્રવેશી રહ્યા છે. સફારી લગેજથી સુમતિભાઈ મહેતા જાણીતા છે."

વીરેનભાઈ કહે છે, "કચ્છીઓ જે વિષયમાં પ્રવેશે પછી તેમાં ખૂબ જ ઊંડા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૬ ઉપર)**

*સારો માણસ કેવો હોવો જોઈએ એની ચર્ચામાં વખત બગાડો નહિ, પણ પોતે સારા થાવ.*

## કચ્છના એક મહાન સંગીતકારની વિદાય...

કચ્છી વાણિયો વેપાર કરી જાણે. કોઈ પણ કલાક્ષેત્રે પોતાનું આગવું પ્રદાન કચ્છની બહુ ઓછી વ્યક્તિઓએ આપ્યું હશે. કલ્યાણજીભાઈ એમાં અપવાદરૂપ હતા.

તા. ૩૦-૬-૧૯૨૮ના ગુજરાતના કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામના જૈન પરિવારમાં શ્રી કલ્યાણજીભાઈ વીરજી શાહનો જન્મ થયો. મુંબઈની માટુંગા બોર્ડિંગ અને સાવલા સ્કૂલમાં અભ્યાસ કર્યો. ત્યારે જ સંગીતની પ્રવૃત્તિમાં એમની વિશેષ રુચિ હતી. એમના સહોદર એમ કહેતા કે કલ્યાણજીભાઈને જો શોધવા હોય તો એ સંગીતના રૂમમાં જ મળે. સંગીત ક્ષેત્રે આગળ વધતા વધતા ૧૯૫૨માં "નાગીન" ફિલ્મમાં ક્લે વાયોલિન વગાડી આ વિદેશી વાજિંત્ર ઉપર સૌ પ્રથમવાર બિન બજાવી તેઓએ ભારતભરમાં પ્રસિદ્ધિ મેળવી હતી. ત્યાર પછી તો અનેક ફિલ્મોમાં તેઓનું સંગીત લોકપ્રિય બન્યું હતું.

સંગીતક્ષેત્રમાં કલ્યાણજીભાઈના યોગદાનને લક્ષમાં લઈને ભારત સરકારે તેમને "પદ્મશ્રી"થી વિભૂષિત કર્યા હતા. એટલું જ નહીં પણ "સરસ્વતીચંદ્ર"ના સંગીત માટે નેશનલ ઍવોર્ડ, "કોરા કાગઝ" માટે ફિલ્મ ફેર અને સૂરસિંગાર સંસદ સન્માનથી નવાજવામાં આવ્યા હતા. આ વર્ષનો લતા મંગેશકર પુરસ્કાર પણ કલ્યાણજી આણંદજીને આપવાનું જાહેર થયું છે.

સંગીત ક્ષેત્રે શ્રી કલ્યાણજીભાઈનું મહાન પ્રદાન હોય તો એ કે "લીટલ વંડર્સ"ની સ્થાપના. ૧૯૯૨માં તેમણે લીટલ વંડર્સની સ્થાપના કરી. તેમના અવિરત પ્રયાસથી ઘણા બાળ કલાકારો સંગીત ક્ષેત્રે નામના મેળવી શક્યા છે. કલા પારખુ, પુસ્તક પ્રેમી, ધર્મ પરાયણ કલ્યાણજીભાઈ યોગ સાધના પણ કરતા હતા. યોગ અને ચુસ્ત આહાર વડે ૭૨ વર્ષનું લાંબું આયુ માણીને સંગીત પ્રેમીઓને ખુશ કરી દીધા હતા. આવા મહાન કલાકારને "મંગલ મંદિર" ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે.

*મંગલ મંદિર, સપ્ટેમ્બર ૨૦૦૦*

## તમારી જાતને પ્રશ્ન પૂછો અને આગળ વધો

તમારું દીર્ઘકાલીન ધ્યેય શું છે?
તમે શું કરવા ઇચ્છો છો?
તમે તે કેટલા સમયમાં પૂરું કરશો?
તમારું તાત્કાલિક ધ્યેય શું છે?
તે તમે કઈ તારીખ સુધીમાં પ્રાપ્ત કરશો?
તમારા માટે આ ધ્યેયનું આટલું મહત્ત્વ શા માટે છે?
તમે તે પ્રાપ્ત કરવા માટે શું શું કરવાનું વિચારો છો?
તે મેળવવા હાલ તમે શું કરી રહ્યા છો?
તમને તેમાં સફળતા અંગે કેવી સંભાવના લાગે છે?

## ભૂકંપની ભવિષ્યવાણી

ભૂકંપની આગાહી કરવી અસંભવ નહીં પણ મુશ્કેલ જરૂર છે. આજે પણ વિજ્ઞાનીઓ માટે એ પડકારરૂપ છે.

ભૂકંપથી પૃથ્વીના વ્યવહારમાં અસામાન્ય પરિવર્તન આવે છે. જેમકે કૂવાના પાણીમાં એકદમ વધારો અથવા ઘટાડો, કૂવામાંથી રેડાન નામનો ગેસ નીકળવા લાગે છે. માટીમાં હાઈડ્રોજનનું પ્રમાણ અચાનક વધી જાય છે.

પૃથ્વી પર નાના નાના ભૂકંપ તો આવતા જ હોય છે અને એની નોંધ પણ વેધશાળામાં લેવાતી રહે છે. પરંતુ આવા આંચકાની સંખ્યામાં એકદમ વધારો - ઘટાડો થાય એ મોટા ભૂકંપનું સૂચક છે. આપણા ટેલિવિઝન ઉપર પણ એની અસરરૂપે પિક્ચર બગડી જતા દેખાય છે. ૧૯૯૩ના લાતૂર ભૂકંપ વખતે આવું બન્યું હતું.

પરંતુ સૌથી આશ્ચર્યજનક બાબત એવી છે કે પશુ-પક્ષીઓ ભૂકંપ આવી રહ્યો છે તેવી આગાહી પોતાના વર્તનથી કરી શકે છે. ૧૯૬૬માં ચીનના બેઇજિંગ શહેરમાં ભયંકર ભૂકંપ આવ્યો અને સારું એવું નુકસાન થયું, તે વખતે થયેલા નિરીક્ષણ પરથી તારણ કાઢવામાં આવ્યું કે પશુ-પક્ષીઓને ભૂકંપની ચોક્કસ જાણકારી થાય છે. ૧૯૭૬ના ભૂકંપ પહેલાં પણ જાનવરો હરકત કરતા હતા. પોલીસના પાળેલા કૂતરા પણ પોલીસના હુકમો માનતા નહિ. સાપ-ઉંદર પોતાના દરમાંથી બહાર નીકળી આવ્યા, પાળેલા જાનવરો પણ બંધન તોડીને ભાગતા હતા. ૧૯૭૫ના ઈટલીના ભૂકંપ પહેલાં પણ આવું જોવામાં આવ્યું હતું. પીંજરાના પક્ષીઓ છૂટવા માટે બૂમાબૂમ કરતા હતા.

પશુ-પક્ષીઓ ભૂકંપ પહેલાં આવું વર્તન કેમ કરે છે? એક જર્મન વૈજ્ઞાનિક મુજબ ધરતીની નીચલા સ્તરે રહેલી શિલાઓ, ઉપરના સ્તરની શિલાઓ ઉપર દબાણ લાવે છે. અને આને કારણે ધરતીના ઉપરના ભાગમાં વિદ્યુત-ચુંબકીય અસર થાય છે તેના કારણે વાતાવરણ ઉત્તેજિત થાય છે અને તેના ફળ સ્વરૂપ પશુ-પક્ષીના રોમાંચ રોમાંચિત થઈ જાય છે અને તે બેબાકળા બની જાતજાતની હરકતો કરે છે. આ વિદ્યુત-ચુંબકીય અસર ટેલિવિઝનના પિક્ચર ઉપર પણ પડે છે. પણ આપણે તેની નોંધ લેતા નથી, કેમકે આપણને એની સમજ પડતી નથી. પણ આવું મોટાભાગે થાય તો પણ તમે તેની નોંધ કરી હોય તો તમે પણ ભૂકંપની ભવિષ્યવાણી કરી શકો. જરૂર છે થતા પરિવર્તનની નોંધ કરવા જેવી બારીક નજરની.

*મંગલ મંદિર, નવેમ્બર ૨૦૦૦*

## માણસ

માણસ એટલે ભગવાને ભૂલથી ખોટો ગણેલો દાખલો.

નહિતર આમ ન હોય. જન્મ થવાની જાણ મહિનાઓ પહેલાં થઈ જાય છે. અને.... મૃત્યુની જાણ ઘડી પહેલાય નથી હોતી!

*માણસ પોતે જ પોતાનો મિત્ર છે ને પોતાનો શત્રુ પણ છે, શું થવું એ તેણે નક્કી કરવાનું છે.*

# માંડવી બંદરનો સમૃદ્ધ અતીત

• અનિલ કોઠારી •

કચ્છના માંડવી બંદરે ૮૪ દેશોના વહાણોના વાવટા ફરકતા એમ કહેવાતું એમાં અતિશયોક્તિ ન હતી. આ બંદરની જાહોજલાલીની નોંધ બ્રિટિશરોને પણ લેવી પડી હતી.

૧૭૩ વર્ષ પહેલાં માંડવી બંદરની જાહોજલાલીની આંકડાબદ્ધ માહિતી આ લેખક પાસે આવી છે. ૧૭૩ વર્ષ પહેલાં માંડવી બંદરની વસ્તી પચાસ હજાર જેટલી હતી. પશ્ચિમ હિંદના બંદરોમાં આગેવાન બંદર તરીકે માંડવીનું નામ હતું. માંડવી બંદરનો વેપાર મુંબઈ, મલબાર, સિંધ, મકરાન, અરબસ્તાન, ઝાંઝીબાર જેવા બંદરો સાથે ઘણો હતો. માંડવી બંદર અને મુંદ્રા બંદરની જકાતનો ઈજારો જૈન વેપારીઓ પાસે હતો અને ઈજારા પેટે કચ્છના રાવને વર્ષે ૧૧થી ૧૨ લાખ કોરીની જકાતની આવક હતી.

માંડવી બંદર મજબૂત વહાણો બાંધવા માટે પણ વિખ્યાત હતું. કચ્છી વહાણો બતેલા, નાવડીઓ અને કોટીઆ તરીકે ઓળખાતા. અરબસ્તાનનાં વહાણો ઘાવ અને બંગલાં કહેવાતા. સિંધના વહાણો ધંગી કહેવાતા. મકરાની વહાણો બગસ તરીકે અને મલબારી વહાણ ફત્તેમારી કહેવાતા.

એ જમાનામાં વહાણોનો વીમો ઉતરાવવાની આજની જેવી ચોક્સાઈ ન હતી. મસાલા અને હાથીદાંત માટેના વીમાના દર વધુ રહેતા. માંડવી બંદરે લગભગ ૩૦૦ બતેલા રહેતા, જે ૫૦થી ૫૦૦ ખાંડી સુધી માલ વહન કરી શકતા. નાનાં બતેલા મુંબઈ, ઝાંઝીબાર અને મોખા બંદર સુધી આવજાવ કરતા. માંડવી બંદરે ૬૦ જેટલી નાવડીઓ રહેતી અને ૪૦૦ જેટલા કોટીઆ વહાણો રહેતા.

વહાણોમાં લઈ જવાતા માલના નૂરની વિગતો જાણવા જેવી છે : મુંબઈનું નૂર ખાંડીએ ૧ રૂપિયો, મલબારનું નૂર ચોખાની ગૂણીએ પોણી કોરી હતું. મલબારથી માંડવી આવતા લાકડાનું નૂર ૨૦ મણના બે રૂપિયા હતું. સોનમીઆણીનું નૂર ખાંડીએ ૧૦થી ૧૨ કોરી હતું.

એ જમાનામાં કચ્છમાં સોના-ચાંદીના રીઆલો, સુવર્ણ મહોરો, ઠક્ષ, હૈદ્રાબાદ, સુરત અને મુંબઈના રૂપિયા ચાલતા. કચ્છમાં કોરીનું ચલણ હતું. ૮ ચાંદીની કોરીનો એક ચાંદીનો રીઆલ અને ૧૯ કોરીમાં એક સુવર્ણ રીઆલ મળતો. ઉપરાંત ૩ કોરીમાં હૈદ્રાબાદી રૂપિયો, ચાર કોરીમાં ઠક્ષનો રૂપિયો, ૩ાા કોરી એક દોકડાનો સુરતનો રૂપિયો મળતો. ૧૮ કોરીનું એક ઈબ્રામી ચલણ મળી શકતું.

કચ્છમાં રૂ, ઊન, અનાજ, ઘી, તેલ અને ગેંડા તથા હાથીના ચામડાની ઢાલો મળતી. જાણીતા રૂના વેપારીઓ ખેડૂતોને અંગ ઉધારા નાણાં ધીરતા અને રૂના પાકના સોદા બજાર ભાવ કરતાં ઓછા ભાવે કરી લેતા. માંડવી, મુંદ્રા, અને તુણા બંદરો પરથી ૧૫ હજાર જેટલી રૂની ગાંસડીઓ નિકાસ થતી. દરેક ગાંસડીમાં ૧૦ મણ રૂ રહેતું એ ગણતરીએ જકાતની કોરી ૩,૭૫,૦૦૦ થાય. ૧૮૩૬ની સાલમાં કચ્છના રાવ અને જામસાહેબ વચ્ચે જકાત બાબત વિવાદ થતાં કચ્છના રૂની ઘણી ગાંસડીઓ જામસાહેબે અટકાવી દીધી હતી. કચ્છમાં ૩૨ રૂપિયા એક શેર ગણાતો. ૫૦ શેરનો એક મણ ગણાતો. એક મણ રૂનો ૧૦થી ૨૦ કોરી ભાવ ગણાતો. વરસાદ ન પડે તો એ ભાવ માલની અછતને કારણે ૨૫-૩૦ કોરી સુધી પહોંચી જતો. નિકાસ જકાતનો દર ૧૦.૪ ટકા જેટલો હતો.

માંડવી બંદરેથી મુંબઈ જતું ઊન વાગડ, અબડાસા, મારવાડ અને જેસલમેરથી આવતું. ૧૦૦ ઘેટાં પરથી ઊતરેલું ઊન લગભગ એક મણ જેટલું થાય. ઘેટાં પરથી વર્ષમાં બે વાર ઊન ઉતારવામાં આવે - ભાદરવા મહિનામાં અને ચૈત્ર મહિનામાં. ભાદરવાના ઊનનાં તાર વરસાદ પડી ગયો હોય તો લાંબા હોય. લાંબા તારનું ઊન વર્ષમાં એક જ વાર મળે. બીજી વખત કાપવામાં આવે તો ઘેટા ગરમીથી મરી જાય. કાળું ઊન સફેદ ઊન કરતાં કિંમતી ગણાય.

અનાજમાં લાલ તથા સફેદ ચોખા, મઠ, મગ, ઘઉં, ચણા અને અડદ કચ્છથી મુંબઈ નિકાસ થતાં. કચ્છથી નિકાસ થતું ઘી ઘણું ખરું પંચામ અને વાગડથી આવતું. તલનું તેલ પણ નિકાસ થતું. ઝાંઝીબારથી લાવવામાં આવતા ગેંડા અને હાથીનાં ચામડાંની ઢાલો થતી, જે મસ્કત અને બસરા નિકાસ થતી. ઝાંઝીબાર અને મસ્કત નિકાસ થતું સૂતરુ કાપડ ટૂંકા પનાનું હતું. લોહાણા વેપારીઓ ઢેડ અને વોરા કારીગરો પાસેથી સૂતર વણાવતા.

ઝાંઝીબારથી માંડવી બંદરે આયાત થતી વસ્તુઓમાં હાથી દાંત, ગેંડાના ચામડાં, નાળિયેર, જુવાર, સોહિલી ચોખા, મીણ, લીંબુની છાલ, લવિંગ, ચટાઉ ઉપરાંત દર વર્ષે લગભગ બસો ગુલામોને માંડવી બંદરે ઉતારવામાં આવતા. ઝાંઝીબારમાં ગુલામોનો વેપાર ઘણા વેપારીઓ કરતા. આ ગુલામો કચ્છના વેપારીઓ ખરીદી લેતા. ઝાંઝીબારમાં એ જમાનામાં રીઆલનું ચલણ હતું. નાની નાની વસ્તુઓની લેણદેણ વિનિમય ધોરણે

*જીવનમાં બધું ગયા પછી પણ ભવિષ્ય તો રહે જ છે.*

(બાર્ટર સિસ્ટમ) થતી. કચ્છનું મીઠું પણ ઝાંઝીબાર જતું.

માંડવી બંદરનો વેપાર હિંદના પશ્ચિમ કાંઠાના મોટા ભાગના બંદરો સાથે થતો હતો. માંડવીમાં લાકડું, સઢનું કાપડ, બાંસર નામનું કાપડ, ઊંચી જાતના ચોખા આવતા. દમણથી માંડવી આવતો માલ દર વર્ષે ત્રીસેક હજાર રૂપિયાનો થતો. કોચીનથી પણ લગભગ દર વર્ષે બે લાખ રૂપિયાનું લાકડું, પચાસેક લાખ નાળિયેર, એકાદ હજાર ખાંડી કાથો, બે-એક હજાર બંડલ કોપરાં, અઢી કરોડ રતલ સોપારી, વિવિધ જાતના ચોખાની પચીસેક હજાર ગૂણી, હોળીમાં વપરાતા ગુલાલ માટે પતંગનું લાકડું માંડવી બંદરે આયાત થતાં.

માંડવી બંદરનો વેપાર બાબલમાંડની સામુદ્ર ધુની બહાર બુરબુરા બંદર સાથે હતો. બુરબુરો કોઈ શહેર ન હતું પણ વિવિધ દેશોનો લોકો ત્યાં આવતાં. આ લોકો સોનાલી કહેવાતા. માંડવીથી ૫૦૦ ગાંસડી કાપડ અને મશરૂની નિકાસ થતી. ત્યાંથી ગુંદર, બાબુલખેર અને એરીઓ આવતા. માંડવીનાં વહાણો મુંબઈથી પણ ૧૦૦ મણ ગુંદર, ૧૦૦ મણ એરીઓ લાવતા. ઉપરાંત ૪૦૦ પેટી કૉફી અને ૧૦૦૦ મણ ઘીની પણ આયાત કરતા.

માંડવીથી મોખા બંદરે દર વર્ષે લગભગ ૫૦૦૦ ગાંસડી રૂ, ૫૦૦૦ ગાંસડી કાપડ, ૪૦૦ ગાંસડી સૂતર નિકાસ થતાં. આ ઉપરાંત ૨૦૦૦ કડીઆ તમાકુ, ૨૦૦ ગૂણી નવસાગર, ૨૦૦ મણ ટંકણખાર, ૨૫૦ મણ લાખ, ૨૦ કળશી પબડી, ૩૦૦ મણ ગાંજો, ૧૫૦ પીપ તાડી, ૩૦૦ કળશી તલની આયાત થતી. મોખા બંદરેથી ૧૦૦૦ મણ કિસમિસ દ્રાક્ષ, ૨૦૦ મણ અંજીર, ૭૦૦ મણ ખજૂર, ૫૦૦ વાડીઆ મીઠી આંબલી, ૩૦૦-૪૦૦ ખાંડી એળીઆ, ૨૦૦૦ મણ કૉફી માંડવી બંદરે ઊતરતાં.

કચ્છનો સિંધ સાથેનો વેપાર એકબાજુ લખપત, જખૌ, માંડવી, મુંદ્રા અને અંજાર સાથે હતો. સિંધથી સફેદ અને રાતા ચોખા, બાજરી, હળદર, પબડી આવતા. સિંધના રાતા ચોખા પચવામાં હલકા ગણાતા. તબીબો કરી તરીકે આ ચોખાની ભલામણ કરતા. કચ્છથી લખપત માર્ગે લોખંડ, સ્ટીલ, સીસું, ટીન, સાકર, જીરાસર ચોખા, સોપારી, સિંદૂર, નાળીયેર, કથરોટ, ખજૂર, ખારેક, લાકડું, સઢનું કાપડ, લાંબું મશરૂ કાપડ, લવિંગ, એલચી, દાળ, લોબાન, ચંદન, રેશમી દોરી, ઉપરાંત કોઈક વખત મલબારી સેલા આવતા.

માંડવી બંદરના વેપારીઓની જાહોજલાલીની ઝાંખી નીચેની માહિતી પરથી થઈ શકશે. માંડવીમાં ચંદનની કિંમત ૧ કોરીનો શેર, સિંધમાં ૩૦ રૂપિયે મણ, લોબાન કચ્છમાં ૫૦ કોરીનું મણ, સિંધમાં ૮૦ રૂપિયે મણ.

આમ, માંડવી બંદર લગભગ પોણા બસો વર્ષ પહેલાં ખૂબ ધમધમતું હતું. આજે તો પાકિસ્તાન થયા બાદ બંદર ભાંગી પડ્યું છે.

ખરાશંકર જટાશંકર જોશીના લેખનો આધાર આ લખાણ માટે લીધો છે, જેનો સાભાર સ્વીકાર કરું છું.

***મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૨***

## કચ્છી કોઠાસૂઝ ભલભલા ચક્રવ્યૂહ....

**(અનુસંધાન : પાના નં.-૧૦૩ ઉપરથી ચાલુ)**

ઊતરે. કામ પ્રથમ.''

ચીમનભાઈ સાવલા કહે છે, ''તમારામાં ભૂમિ સૂંઘવાની તાકાત હોય તો ક્યારેય ખોટો ધંધો હાથમાં નહીં આવે.'' મુંબઈના બ્રીચ કેન્ડી વિસ્તારમાં આવેલા ત્રણ મજલાના ડિપાર્ટમેન્ટલ સ્ટોર બેન્ઝરના ૪૯ વર્ષના માલિક ચીમનભાઈ રામજીભાઈ સાવલા પણ અનેક સફળ કચ્છી બિઝનેસમેનની માફક ઝાઝું ભણ્યા નથી, પણ તેમનું ગણતર પાક્કું છે. પાંચ ભાઈઓ વચ્ચે વહેંચાયેલા પિતાજીના કાંદા-બટેટા અને નાળિયેરના હોલસેલ બિઝનેસમાંથી કેટલું રળી શકાય એ પ્રશ્ન ઊઠ્યા પછી બેસી રહે તો ચીમનભાઈ શાના. મુંબઈ આખામાં ફરીને જોયું કે તૈયાર કપડાં, કોસ્મેટિક્સની ચીજવસ્તુઓનો બિઝનેસ ધમધોકાર ચાલે છે. ૨૩ વર્ષની ઉંમરે બેન્ઝરની જગ્યાનો સોદો નક્કી કર્યો. એ જગ્યાના દસ્તાવેજો તૈયાર કરવા માટે તેઓ જ્યારે સોલિસિટરની પાસે ગયા ત્યારે સોલિસિટરે કહ્યું, ''કાલે કોઈ વડીલને લઈને આવજે.'' ચીમનભાઈએ તેમને કહ્યું, ''હું જ મારો વડીલ છું. હું જ બધી કાર્યવાહી કરીશ.'' ત્યારે સોલિસિટર બે ઘડી તેમને જોતાં રહી ગયા હતા.

ત્યારે એક મજલાથી શરૂ કરેલો બિઝનેસ આજે ત્રીજા મજલા સુધી વિસ્તર્યો છે અને ૧૭,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલો ડિપાર્ટમેન્ટલ સ્ટોર બની ગયો છે.

ચીમનભાઈ કહે છે, ''અમારા બિઝનેસના ત્રણ ગુરુમંત્ર છે ગુણવત્તા, સારી સર્વિસ અને કિફાયતી દામ.''

ખાદ્યપદાર્થો, લાઈટ-પંખાની સ્વીચો અને છત્રી જેવી રોજબરોજના જીવન સાથે સંકળાયેલી ચીજવસ્તુઓના ઉત્પાદનમાં પણ કચ્છીઓ અગ્રેસર છે. લક્ષ્મીચંદભાઈ વેરશી મસાલાવાળાના હિમાદ્રી મસાલા આજે ભારતભરમાં લોકપ્રિય બન્યા છે. મસાલાની નિકાસમાં પણ તેમનું મોટું નામ છે.

આજથી લગભગ ૧૨૦ વર્ષ પૂર્વે કચ્છ (માંડવી)થી બે સાહસિક ભાઈઓ નાગજીભાઈ અને પુરુષોત્તમભાઈએ મલબાર, કાલિકટ (કેરાલા) ગામે પ્રયાણ કર્યું અને મરી-મસાલા અને કાપડના ધંધાની શરૂઆત કરી. પછી અહિંસક (પશુજન્ય ચરબી વગરનો) સાબુ બનાવવાની ફેક્ટરી નાંખી. ધંધો આટલો બહોળો બનાવ્યા પછી પણ તેઓ અટક્યા નહીં. તેમણે છત્રી બનાવવાનું પણ શરૂ કર્યું. આજે તેમની સન બ્રાન્ડની છત્રીઓ ભારતભરમાં છવાઈ ગઈ છે.

લાઈટ અને પંખાની સ્વિચોમાં કચ્છી દામજીભાઈ શાહની એન્કર કંપનીનું નામ મોખરે છે. ઉપરાંત બીજા અનેક ઉદ્યોગો પણ શરૂ કર્યા છે. હવે એન્કરની માફક પોઈન્ટર નામની બીજી એક કંપની પણ સ્વિચ ક્ષેત્રમાં ઝડપભેર આગળ વધી રહી છે. આ કંપનીના માલિકો પણ કચ્છી છે. પોઈન્ટરના નવીન છેડા અને હરીશ ગાંધીએ આ લાઈનમાં છેલ્લાં પંદરેક વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે. નવીન છેડા કહે છે, ''બદલાતા મૂડની સાથે તાલ મિલાવી શકે તેવી જાતજાતની રંગીન સ્વિચોવાળી ગ્રિપ રેન્જ બજારમાં મૂકનાર પોઈન્ટર પહેલી કંપની છે.''

***મંગલ મંદિર, એપ્રિલ ૨૦૦૦***

# સિન્ધુના પાણી અને કચ્છ

• ડી. એમ. અંજારિયા •

સિન્ધુનું નામ સાંભળતાં જ પ્રત્યેક કચ્છી આજે એક વેદના-સભર રોમાંચ અનુભવે છે. હિમાલયમાંથી નીકળી સિન્ધુ નદી એક જમાનામાં આજે જ્યાં કચ્છનું રણ છે તે પ્રદેશમાંથી અને ત્યાંથી વાગડની ઉત્તરેથી ઝીંઝુવાડા અને નળ સરોવર થઈને ધોલેરા બંદર પાસે ખંભાતના અખાતને મળતી હતી. તે વખતે કચ્છના રણનું રણ તરીકે કોઈ અસ્તિત્વ ન હતું. સંશોધન ત્યાં સુધી કહે છે કે કચ્છના રણનો અત્યારનો સમગ્ર પ્રદેશ સપ્ત સિન્ધુનો પ્રદેશ કહેવાતો, કારણકે સિન્ધુ ઉપરાંત અન્ય છ નદીઓ સરસ્વતી, જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજના પાણી પણ કચ્છની ઉત્તરે સાગર જેવું વિશાળ દ્રશ્ય સર્જી ખંભાતના અખાતને મળતાં હતાં. કચ્છ આ રીતે ડેલ્ટા પ્રદેશ હતો. ખડીર અને ખાવડા તે વખતે સપ્ત સિન્ધુના સાગરમાં ટાપુ તરીકે ભૌગોલિક મહત્ત્વ ધરાવતા હશે. અત્યાર કરતાં તે ધરતી તે વખતે સહેજ ઊંચાઈ પર હતી. સંશોધનકાર અમૃત પંડ્યાએ તો આજથી ચાલીસેક વર્ષ પહેલાં કુમારમાં લખેલું કે, મહાન સિકન્દર હિન્દુસ્તાન પરથી તેની ચડાઈ બાદ ઝીંઝુવાડા બંદરેથી વહાણ દ્વારા કચ્છની ઉત્તરેથી પરત ફરેલો.

અગિયારમી કે બારમી સદીમાં એક મોટો ભૂકંપ થતાં સિન્ધુના પાણી ખંભાતના અખાતમાં પડતાં બંધ થયાં. સરસ્વતી લુપ્ત થઈ ગઈ. સિન્ધુનું વહેણ પશ્ચિમમાં લગભગ ત્રણસો ચારસો કિ.મી. દૂર ખસી ગયું અને તેના પાણીની એક શાખા કચ્છની પશ્ચિમે આવેલા કોરી ક્રીકમાં મળવા લાગી. ડૉ. એન.ડી. ગુલાટી તેમના પ્રસિદ્ધ ગ્રંથ "ઈન્ડુસ વોટર ટ્રીટી"માં જણાવે છે તે પ્રમાણે કચ્છના અબડાસા, લખપત અને તેને ઉત્તરે આવેલા રણવાળા વિસ્તારને બાદ કરતાં સપ્ત સિન્ધુનો સમગ્ર પ્રદેશ સૂકો પટ થઈ ગયો. ઝીંઝુવાડા અને ધોલેરા બંદર મટી ગયા. કચ્છનો ભાગ ભૂકંપના કારણે ઊંચો થતાં સિન્ધુના પાણી પશ્ચિમ તરફ વળી ગયાં અને કચ્છની ઉત્તરે તે રીતે કચ્છનું રણ અસ્તિત્વમાં આવ્યું. સામાન્ય રીતે અન્ય સ્થળોએ આવેલાં રણ રેતીનાં બનેલા છે પણ કચ્છનું રણ રેતીનું નથી, પણ તદ્દન સપાટ છે. આ રણમાં સમુદ્રનાં કોઈ અશ્મિભૂત અવશેષો પ્રાપ્ત થતા નથી પણ માત્ર નદીના વહેણના અને વહાણોને લાંગરવાના કાણાંવાળા મોટા પથ્થરોના અવશેષો પ્રાપ્ત થયા છે, જે દર્શાવે છે કે ભૂતકાળમાં અહીં દરિયો નહીં પણ નદીના મોટા વહેણો હતા.

૧૭૬૩ની સાલમાં સિન્ધના ગુલામશા કલોરાએ કચ્છના પશ્ચિમ ભાગ પર આક્રમણ કર્યું અને સિયાત નજીકના ઝારા વિસ્તારમાં મોટું યુદ્ધ થયું જે ઝારાના યુદ્ધ તરીકે ઓળખાય છે. આ યુદ્ધ વખતે અને તે પહેલાં લખપતની ગણના કચ્છના સૌથી મોટા શહેર તરીકે થતી હતી. લખપતની વસ્તી તે વખતે રસબ્રુકના જણાવ્યા મુજબ ૩૨,૦૦૦ની હતી. પશ્ચિમ કચ્છ અને બન્ની વિસ્તારમાં લાખો એકર જમીનમાં સિન્ધુના પાણીથી ચોખા, મકાઈ અને ઘઉંની સમૃદ્ધ ખેતી થતી હતી. કચ્છને પરાજિત કરી ગુલામશા સિન્ધ પરત ફર્યા ત્યારબાદ તેણે સૌ પ્રથમ સિન્ધુના પાણીની જે શાખા કચ્છમાં આવતી હતી તેના આડે અલ્લાબંધ નામનો માત્ર આઠ ફૂટનો એક નાનો બંધ બનાવી તેના પાણી કચ્છમાં આવતાં અટકાવવાનું કામ કર્યું. જેમાં તે મહદ્ અંશે સફળ રહ્યો.

ત્યારબાદ ૧૬મી જૂન ૧૮૧૯ના રોજ થયેલા એક પ્રચંડ ભૂકંપ દ્વારા કુદરતે કચ્છને એક જબ્બર થપાટ મારી. લખપત નજીકની નદીનો પટ ૧૮ ફૂટ નીચે બેસી ગયો. સીંદરી બંદરથી ૧૬ માઈલ દૂર ઉત્તરે નદીનો ૨ થી ૬ માઈલ સુધીનો પટ ઊંચો થઈ ગયો અને સીંદરીથી તદ્દન નજીકનું ઉત્તરે આવેલું રણ ૧૨ ફૂટ નીચે ઉતરી ગયું. અલ્લાબંધનો ટેકરો ભૂકંપથી વધારે ઊંચો - લાંબો થઈ જતાં કચ્છમાં કોરી ક્રીકમાં આવતું પાણી તદ્દન બંધ થઈ ગયું. સિન્ધુની શાખાના પાણી લખપતની પશ્ચિમે ૫૫ કિ.મી. દૂર દરિયામાં પડવા માંડ્યા. કચ્છ અને ફળદ્રુપ બન્ની પ્રદેશ સદાને માટે એક દુષ્કાળગ્રસ્ત વિસ્તાર બની ગયો. બન્નીનો છ લાખ એકરનો વિસ્તાર માત્ર એક ચરિયાણમાં ફેરવાઈ ગયો. પીવાના પાણીના સાંસાં પડવા લાગ્યાં. કચ્છના હજારો લોકોએ હિજરત કરી. ૧૯૨૩થી ૧૯૩૫ની વચ્ચે સિન્ધુ ખાતે સક્કર બેરેજ ડેમ બંધાયો. પરિણામે રણમાં ઠલવાતાં ઉપરોક્ત નદીઓનાં પાણી પણ બંધ થયાં. ત્યારબાદ કાલાબાગ, કોટરી, તોન્સા, કુસ્માર વગેરે બંધો બંધાયા. કચ્છનું રણ મીઠા પાણીના અભાવે અને ક્યારેક ફેલાતા દરિયાના પાણીના કારણે ક્ષારયુક્ત બની ગયું જે પરિસ્થિતિ આજપર્યંત ચાલુ છે.

૧. ગુલામશા ક્લોરાએ ૧૭૬૩ની આસપાસ અલ્લાબંધ બાંધી સિન્ધુના મોટા ભાગનાં પાણી કચ્છમાં આવતાં અટકાવ્યાં બાદ ૧૮૧૯ના ભૂકંપ સુધીના ૫૬ વર્ષ દરમ્યાન કચ્છના રાજ્ય તરફથી આ પાણી પરત મેળવવા કોઈ સક્રિય પ્રયત્ન થયેલા હોય તેમ જણાતું નથી.

૨. ૧૯૨૩થી ૧૯૩૫ની વચ્ચે સક્કર બેરેજનું બાંધકામ ચાલુ હતું તે દરમ્યાન કચ્છના રાજવીએ સિન્ધુની એક શાખા

*સમૃદ્ધિ મિત્રો બનાવે છે, વિપત્તિની કડાઈમાં મિત્રોની પરીક્ષા થાય છે.*

પૂર્વનારા કેનાલને કચ્છ સુધી લંબાવી કચ્છને પાણી અપાવવા ભારતની બ્રિટિશ સરકાર સમક્ષ દાવો કરેલ. પણ તે વખતે કચ્છ રાજ્ય સાથે સરકારનો સંબંધ સારો ન હોઈ આ માંગણી તરફ કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહીં.

૩. સિન્ધુના પાણી કચ્છમાં લાવવાનો સમર્થ પ્રયત્ન પ્રથમ વખત કચ્છના મહારાવશ્રી વિજયરાજજીએ સી.સી. હોવસ દ્વારા કરાંચીથી તેમના તા. ૨૪-૭-૧૯૪૩ના પત્રથી વિગતવાર આપવામાં આવેલ. તેમાં દર્શાવેલ યોજનાઓનો સ્વીકાર સૈદ્ધાંતિક રીતે તમામ સ્તરે કરવામાં આવેલો. શ્રી હોવાસે એવી યોજના રજૂ કરેલી કે બન્ની સુધી સિન્ધુના પાણી પહોંચાડવામાં ગંજાવર ખર્ચને કારણે વિકલ્પે કચ્છના રણના ઉત્તર ભાગે સિન્ધુના પાણીથી આશરે એક લાખ એકર જમીનમાં હાજીપુર બેરેજમાંથી પાણી આપી, ચોખાનો પાક લઈ શકાય તેમ છે. આ દરખાસ્ત પર ૧૯૪૬માં સેન્ટ્રલ વોટર પાવર ઈરિગેશન એન્ડ નેવિગેશન કમિશને ઊંડી વિચારણા કરેલી. માર્ચ ૧૯૪૭માં કચ્છના ચીફ એન્જિનિયર શ્રી એચ. એમ. અંતાણી ચર્ચા કરવા દિલ્હી ગયા, જે પરથી મે ૧૯૪૭માં સદર કમિશનના બે સભ્યો શ્રી મોહસીન અલી અને શ્રી મિથલ એક સપ્તાહ માટે કચ્છ આવેલા. આ બંને સભ્યોએ કમિશનને આપેલા પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવ્યું કે સિન્ધના એન્જિનિયર શ્રી હોવસની યોજના પ્રમાણે લોઅર સિન્ધ બેરેજમાંથી રણની ઉત્તરે પાણી મેળવી પાક મેળવી શકાય તેવું તાંત્રિક આયોજન શક્ય છે. પણ ત્યારબાદ ભારત - પાકિસ્તાનનું વિભાજન થતાં આ યોજના આગળ વધી શકી નહીં.

૪. આઝાદી પછી એપ્રિલ ૧૯૫૦માં કચ્છના ચીફ કમિશનરે કેન્દ્ર સરકારના વર્કસ માઈન્સ એન્ડ પાવર્સ મિનિસ્ટ્રી ડે. સેક્રેટરી શ્રી ગુલાટીને પત્ર લખી કમિશનના સભ્યોશ્રી મોહસીન અલી અને મિથલ તેમજ કચ્છના ચીફ એન્જિનિયર શ્રી અંતાણીના ટેકનિકલ પાસાઓ પરના અભિપ્રાય મુજબ કચ્છને સિન્ધુના પાણી મળે તે અંગે યોગ્ય કરવાની વિનંતી કેન્દ્ર સરકારને કરી.

૫. ૧૫-૧૨-૧૯૫૭ના રોજ ગાંધીધામના સ્થાપક શ્રી ભાઈપ્રતાપ દયાલદાસે એક અભ્યસ્ત અહેવાલ, ઐતિહાસિક તથ્યો અને આધારો સાથે કેન્દ્રના કેબિનેટ પ્રધાન શ્રી એસ. કે. પાટીલને ઉદ્દેશીને પાઠવેલો. કચ્છને શા માટે સિન્ધુના પાણી આપવા જોઈએ....? તે વિષેની જોરદાર છણાવટવાળો આ અહેવાલ પ્રત્યેક કચ્છીએ વાંચવા જેવો છે.

૬. કેન્દ્ર સરકારે આ પ્રશ્ને કચ્છ તે વખતે મહારાષ્ટ્ર મુંબઈ રાજ્યમાં હોઈ ત્યાનીં સરકારનો અભિપ્રાય માંગતા, મુંબઈ રાજ્યના સુપ્રિ. એન્જી. શ્રી ધાનકે પોતાના તા. ૭-૩-૧૯૬૦ અહેવાલમાં જણાવ્યું કે, પાકિસ્તાન સરકાર ગુડ્ડુ બેરેજમાંથી કચ્છના મોટા રણની ૨૦ લાખ એકર જમીનને નવસાધ્ય કરવા તથા બન્ની વિસ્તારની બે લાખ એકર જમીનમાં ખેતી માટે સિન્ધુ પરના ગુડ્ડુ બંધમાંથી કુલ ૬૬૦૦ ક્યુસેક પાણી આપે તે માટે માંગણી કરવી જોઈએ. કારણકે, ભૂતકાળમાં આ પ્રદેશ સિન્ધુનો મુખ્ય પ્રદેશ હતો અને એ પાણીના અભાવે આ પ્રદેશે ગુમાવેલી પોતાની ફળદ્રુપતા પાછી આપવી તાંત્રિક રીતે શક્ય છે.

૭. મે ૧૯૬૦માં ગુજરાત રાજ્યની અલગ સ્થાપના થતા ગુજરાત સરકાર ઉપરોક્ત દરખાસ્ત અને ઈજનેર શ્રી ધાનકના અભિપ્રાયના આધાર પર આગળ કાર્યવાહી કરવા કેન્દ્ર સરકારને આગ્રહ કરેલો કારણકે ભારત - પાકિસ્તાન વચ્ચે સિન્ધુ જળ કરારની વાટાઘાટો અંતિમ તબક્કામાં હતી ત્યારે કચ્છને પાણી આપવાની કોઈ યોજનાનો આ વાટાઘાટમાં આગ્રહ કેન્દ્ર સરકારે પડતો મૂક્યો હતો. કેન્દ્ર સરકારે ગુજરાતને એવો જવાબ આપેલો કે ૪૦૦ કિ.મી.ના દુર્ગમ અને ખારા પટ રણ વિસ્તારમાં કેનાલનું કામ અતિ વિકટ છે. કેન્દ્ર સરકારે ગુડ્ડુ બેરેજમાંથી પાણી મેળવવાનો ખ્યાલ તાંત્રિક રીતે અવ્યવહારૂ જાહેર કરી તેને બદલે કોરી બેરેજમાંથી પાણી મળી શકે તેવી શક્યતાનો સ્વીકાર કર્યો. પણ તે માટે પાકિસ્તાનને દરખાસ્ત કે વિનંતિ કરવા જાહેર ન થયેલ કારણો સબબ ઈન્કાર કરેલો. પંડિત નહેરૂએ તે વખતે કચ્છના સંસદસભ્ય ડૉ. મહેતાને એમ કહેલું કે સિન્ધુનાં પાણીને બદલે કચ્છને રાજસ્થાન કેનાલમાંથી પાણી આપવામાં આવશે. ત્યારબાદ તા. ૧૯-૯-૧૯૬૦ના પંડિત નહેરૂ અને પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અયુબખાન વચ્ચે વિશ્વ બેંકની મધ્યસ્થીથી સિન્ધુ જળ કરારની કરાંચીમાં અધિકૃત જાહેરાત કરવામાં આવી. જેમાં કચ્છને પાણી મળે તેવી કોઈ યોજના નહોતી.

રાજસ્થાન હિમાલયની નદીઓના તેમજ નર્મદાના તટ પ્રદેશમાં ન હોવા છતાં તેને રાવી બિયાસના પાણી મળે છે અને નર્મદાના પાણીમાંથી પણ હિસ્સો મળશે. જ્યારે કચ્છ દુષ્કાળગ્રસ્ત અને ભૂતકાળમાં સપ્ત સિન્ધુનો પ્રદેશ હોવા છતાં તેને કોઈ ન્યાયીક હક્ક મળેલ નથી કારણકે નર્મદાના જળ જો કચ્છ સુધી પહોંચશે તો પણ કચ્છની કુલ ખેતીલાયક વેરાન પડેલ જમીનના માત્ર ૧.૬૦ ટકા જમીનને જ પાણી મળશે, જે કચ્છની ક્રૂર મશ્કરી સમાન હશે. કચ્છને આંસુઓ સિવાય કશું જ મળ્યું નથી.

*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૨*

# કચ્છની લોકકળાઓ અને કારીગરી

• ખોડીદાસ પરમાર •

## • લોકકળા - કારીગરી

દેશ કે પરદેશની લગભગ બધી જ લોકકળાઓ અને કારીગરી એ તળપદ લોકોની રૂઢિ પરંપરા અને પ્રણાલિઓમાંથી અવતરિત એવી કોઠાસૂઝની સરજતો છે. એની રચનાનું સર્જન કાર્ય વિશેષ રૂપે સાંધિકકાળના સરજનથી મંડાયું હોવાથી આ લોકકલાકારીને જનસમાજે પોતીકી ગણીને માણી અને પ્રમાણી છે.

લોકસંઘના સમૂહથી ગણ્ય રૂપે નિષ્પન્ન થયેલી આ કળાકારીનું સ્વરૂપ સરળ બાંધાનું, સાદગીભર્યું અને તત્કાલે સહજ રીતે ઉપલબ્ધ એવી સામગ્રીમાંથી સર્જાયું હોવાની તળપદ જનતાની લોકનારીઓ - કળાકારો, કારીગરો, વસવાયા - એ સહુએ પોતપોતાની આવડત અને કોઠાસૂઝના આધારે પરંપરાગત રીતે ઊતરી આવેલી લોકકળાકારીગરીનું ચિત્રણ - ઘડતર, કંડારણ કે મંડન રૂઢિ પ્રમાણે ચાલુ રાખ્યું, તો કોઈ વાર કોઈ કલાપ્રેમીએ પોતાની અંગત સૂઝનું નાવીન્ય ઉમેરીને પણ પરંપરાએ ચાલી આવતી કળાકારીગરીમાં કશુંક નવું ઉમેર્યું પણ છે. આમ, પ્રાચીન, મધ્ય કાળ વટાવીને લોકકળાકારીગરીનો સ્રોત ઊતરી આવેલો છે.

આ દર્શિત લોકકળાઓ કારીગરો તેમજ લોકનારીઓ દ્વારા સાંધિક રીતે સર્જિત કળા પ્રકાર છે. તેનો ઉપયોગ લોકો સાંસારિક લોકવ્યવહાર તેમજ દેવ-દેવીઓનાં વિધિવિધાન અને અનુષ્ઠાનોમાં કરતા હોવાથી આ લોકકળાકારીગરીમાં અભદ્રતા નથી હોતી; પણ જનરુચિને ગમે એવી ભદ્રિક્તા સાથે તેજસ્વી રંગો અને ઘાટ-સઘાટે રૂપદર્શી હોવાથી સહુ તેને સ્વીકારે છે.

લોકકળાકારીગરીનો વિકાસ અને ઘડતર સાંધિક રીતે થયાં હોવાથી તે લોકનારીઓ કલાકારો, વસવાયા દ્વારા નિર્મિત થયેલી 'લોકકળા' છે. એકલ વ્યક્તિના સર્જન કાર્યમાં જે રીતે નામ - છાપ હોય છે, પણ લોકકળા સાંધિક સર્જન હોવાથી તેમાં કોઈ નામ - છાપ નથી હોતી.

## • કચ્છની લોકકળાઓ

ભારતના પશ્ચિમ છેડે સિંધ - પાકિસ્તાનને અડીને આવેલો કચ્છ પ્રદેશ ગુજરાત રાજ્યનો જ ભાગ છે. કચ્છ સમુદ્ર અને રણ વચ્ચે કાચબા જેવા આકારનો લાગતો હોવાથી એનું નામ “કચ્છ” થયું હશે.

કચ્છમાં હરપ્પન સભ્યતાની પરંપરાના “ધોળાવીરા”, “સૂર કોટડા” વગેરેના ઉત્ખનનમાંથી હરપ્પા પરંપરાની સંસ્કૃતિના પાંચેક હજાર વર્ષ પૂર્વેના અવશેષો મળ્યા છે, તેમાં પ્રાચીન કચ્છી લોકકળાની એંધાણીઓ જોઈ શકાય છે.

ઈ.સ. પૂર્વે ૩૨૬માં સિકંદર કચ્છમાંથી પસાર થયેલો ત્યારે મોટું રણ અર્ણવ હતો. તે પછી કચ્છમાં ફેરફાર થતા ગયા અને આ પ્રદેશમાં અનેક જાત-પ્રાંતની પ્રજાઓનો પગ ફેરો ચાલુ રહેલો એવું અનુમાન કરાય છે.

સિકંદર પછી મૌર્ય, શુંગ, કાઠી ઉપરાંત ક્ષત્રપના તો 'લાઠ્ય' (यष्टि) જેવા શિલાલેખો આંધૌમાંથી મળ્યા છે. એ પછી યવન, ક્ષહરથ-શક, કૃષાન, હૂણ જેવાં પ્રજાજૂથો અહીં આવી વસ્યા છે.

આભીર, રબારી, ભરવાડ, જત વગેરે જેવા માલધારીઓ; ખારવા, સંઘાર જેવા દરિયાખેડૂઓ; કણબી, રાજપૂતો, ગરાસિયા જેવા ખેડવાયા ઉપરાંત વસવાયા, ભણસાલી, લોહાણા, સમા, સમરા, જેઠીમલ્લ વગેરે છે.

સિંધ જવાનો પુરાણો જમીન માર્ગ કચ્છમાંથી જતો હોવાથી તેમજ સમુદ્ર માર્ગ પણ દુનિયા સાથે જોડાયેલા હોવાથી સિંધમાંથી આવીને કચ્છમાં સ્થાયી થયેલા મુસ્લિમ કબીલાઓ તેમજ જૈન, નાગર વગેરે જેવી પ્રજાઓ કચ્છમાં ઠરીઠામ થઈ ગઈ છે.

કચ્છમાં ચાવડા, ચાલુક્યો, સમા, જાડેજાઓના રાજ્ય કાળમાં લોકજીવન અને લોક સંસ્કૃતિનો તેમજ વિવિધ કલાકારીનો બહુ સારો વિકાસ થયો હોવાથી કચ્છીમાં લોક સંસ્કૃતિના સંશોધન માટે વિપુલ માહિતી મળી શકે તેમ છે.

***નોંધ : ઈ.સ. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ કચ્છમાં ભીષણ ધરતીકંપ થતાં જાનહાનિ, માલહાનિ, સ્થાપત્યો, મકાનો વગેરે ઉપરાંત લોકકલાકારીગરીને ભારે નુકસાન થયું. આ ધ્વંસમાં ઘણું નાશ પામ્યું છે.***

## (૧) કચ્છનું લોકભરત

કચ્છ પ્રદેશમાં ચોમાસું ખેડૂતો તેમજ માલધારીઓ માટે કામની મોસમ, પણ શિયાળા-ઉનાળામાં વધારે નવરાશ હોવાથી કચ્છી લોકનારીઓ પોતપોતાની આવડતનો કળા-કારીગરીનો કસબ હાથ ઉપર લે છે.

બન્ની વિસ્તાર તેમજ કચ્છના અન્ય વિસ્તારની સ્ત્રીઓ ઉનાળાના તાપે તપતા લાંબા દિવસોમાં પોતાના માટે, બાળકો માટે તેમજ ઘરના ઉપસ્કરોની શોભા માટે ભરતનો કસબ શરૂ કરી દે છે.

કચ્છી પ્રદેશ ઓછા વરસાદવાળો હોવાથી અહીં લીલીછમ અને ફૂલેભરી હરિયાળી નથી; ફૂલે મ્હેંકતી ફૂલવાડીઓ નથી, એથી રંગરંગીન ફૂલોની સરજત કચ્છી સ્ત્રીઓએ પોતાના ભરતકામમાં ભરી છે. ચિતારાઓએ ભીંત ચિત્રો કે પોથી ચિત્રોમાં ચિત્રિત કરી દીધી છે!

કચ્છમાં બધી જ નાતજાતની લોકસ્ત્રીઓ

*માણસ જ્ઞાનની ચુંગાલમાં ફસાયો કે એના જ્ઞાન અને બુદ્ધિ બેકાર થઈ જાય છે.*

ભરત ભરે છે. કચ્છમાં અનેક પ્રજાજૂથો હોવાથી સહુના ભરતમાં નાતપાંતની છાપ જોઈ શકાય છે. જેને આ પ્રમાણે વિભાગી શકાય : પાકું ભરતકામ, ખારેકી ભરત, નાકાનું ભરત, સૂફ ભરત, મોચી ભરત - આરી ભરત.

### (૨) આહીરી પાકું ભરત

ભુજ શહેરની આસપાસના વર્તુળોમાં આહીરોના લગભગ ૩૨ ગામો આવેલા છે. આહીરો વિશેષ રૂપે માલઢોર પણ રાખે છે અને ખેડવાયા પણ છે.

આહીરોમાં ભરેલાં કાપડાં, છોકરીઓને ઘાઘરીની કિનારી, છોકરાને કેડિયા તેમજ ભરેલી ટોપી પહેરવાનો ચાલ હોવાથી આહીરાણીઓ ઉનાળાના નવરા દિવસોમાં ભરતકામ કરે છે.

આહીરો કાનુડા-મુરલીધરને પૂજે છે, એથી આઠમના રોજ આહીરી સ્ત્રી, બાળકોનો ભરત ભરેલો પોશાક જોઈને ખુશ થાય છે. આહીરોમાં યુવાન છોકરા - છોકરીઓના લગ્નો પણ એક જ તિથિના થાય છે, ત્યારે કૃષ્ણ સખા આહીરોની રોનક જોઈ શકાય છે.

આહીર ભરતમાં રંગીન - જેવાં કે લાલ, કાળા, લીલા, પીળા, દેશી કે રેશમી કાપડ પટ ઉપર ભરતનો આળેખ કર્યો પછી આળેખ ઉપર સાંકળી કે દોરીથી બંધવણું કરીને અંદરના ભાગે હીર કે સૂતરના પૂરણા પુરાય છે. આહીરાણીઓ પોતાને પહેરવાનું કપડું બહુ ઠાવકાઈથી ભરે છે. તેમાં કાચ, સતારા પણ ટાંકે છે. તેમના ભરતમાં લાલ, ગુલાબી, ભૂરો, લીલો, પીળો અને સફેદ રંગો મુખ્ય હતા, પણ હાલનાં સમયે મોરપીચ્છનો ઉપયોગ શરૂ થયો છે. મોરપીચ્છ સૂતરનો રંગ કાચો હોવાથી ભરતકામ ધોવાતાં તે રેળાવા લાગે છે.

આહીરી ભરતમાં મોર, પોપટ, ફૂલગોટા, કલ્પવૃક્ષ, હાથી, પૂતળી વગેરે જેવાં શોભાંકનો ભરે છે. આહીરી ભરતમાં જે બંધવણવાળું હોય તે "પાકું ભરત" કહેવાય છે.

### (૩) રબારીઓનું લોકભરત

કચ્છી રબારીઓના ભરતમાં ભારે ભભક જોઈ શકાય છે. રબારણો પોતાની લાંબા પેટ (ચાળ)ની કંચૂકી, દીકરીની કાપડી, છોકરાનું કેડિયું, ટોપી ઉપરાંત ચોરણીના પગ પાસેના મોશકા, ચાકળા, તોરણ, ઊંટની ઝૂલ, તલવારનું ખોળું, વરરાજાને લગ્ન વખતે પાઘડી, માથે બાંધવાનો મોડ વગેરે જાડી, પાતળી દોરીના બંધવણાથી ભરે છે, વળી ગોદડાં ઢાંકવાની મળી (કીલ) અને સુપડા ઉપર પણ ભરતની રેખ માંડે છે!

ભરત રંગીન કાપડ તેમજ અતલસ અને મશરુ (એલ્યો) ઉપર પણ ભરાય છે. રંગરંગીન સૂતર તેમજ હીરથી ભરત ભરી તેની આસપાસ સતારા પણ ટાંકે છે.

હાથી, ઘોડા, વલોણું, પંખો, મોર, પોપટ, કલ્પવૃક્ષ વગેરે શોભાંકનોથી નમૂનો સૌંદર્યમય બનાવી દે છે.

ઢેબરિયા રબારીમાં તો કંચુકી રંગરંગીન દોરાથી ભરી, પૂરી થયે સિલાઈ કરાવ્યા પછી તેને કાળા રંગમાં બોળી દે છે, કપડું ધોવાતું જાય, ધીમે ધીમે કાળો રંગ ઓછો થાય એ વખતે એ કંચુકી બહુ સુંદર દેખાય છે. કબૂતરની ડોક જેમ લાલ, જાંબલી, ભૂરો રંગ ચળકે એવી રીતે આ કંચુકીનો નીચે ભરેલા ભરતનો આછો ઘેરો રંગ અને તેમાં જડેલી ખાંપો ચમકે છે. મીરાંબાઈ કહે છે ને,

*"ચૂંદડી ઓઢું રે ત્યારે રંગ ચૂવે, જે રંગબેરંગી હોય, ઓઢું કાળો કામળો, ત્યારે દૂજો ડાઘ ન લાગે કોય."*

### (૪) ખારેકી ભરતકામ

લીલું રસભર્યું ખલેલું સૂકાઈને ખારેક બની જાય છે, ત્યારે તેના ઉપર સળ ઉપસી આવે છે. આ સૂકી ખારેકનાં ઉપસેલા સળનું સમાધાન માંડી કચ્છની લોકનારીઓએ ભરતમાં પણ આવી સરજત શરૂ કરી દીધી છે.

કોઈ દેશી સુતરાઉ કપડું કે ધાબડ અટલસ ઉપર પાતળી દોરીને વિવિધ આકારે સીવીને ટાંકી દીધા પછી એના ઉપર રંગરંગીન સૂતર કે રેશમથી નીચેની દોરી ઉપર ટાંકાની રેખ માંડી દેવાતા દોરી ઉપર ચડાવેલા રંગરંગીન દોરાથી ભરાયેલ ભરતવાળી દોરીવાળું ભરત ઉપસેલું લાગે છે. કાપડ ઉપર ઉપસેલા સળવાળું આવું ભરત લોહાણા, મેમણ વગેરેમાં થાય છે.

### (૫) સૂફ ભરતકામ

સ્વચ્છ ને સાફ, ચોખ્ખું કહીએ છીએ, એ પરંપરાએ સ્વરાજ્ય મળ્યા પછી સિંધ - પાકિસ્તાનમાંથી કચ્છની કંધારે આવી વસેલા સોઢાના ભરતકામને 'સૂફ' ભરત કહેવાયું છે. 'સાફ-સૂફ' રીતે સોઢાનું 'સૂફ' ભરત એકદમ ચોખ્ખું અને નજાકતવાળું છે.

'સૂફ' ભરતકામ સુતરાઉ કાપડના તાણાવાણાની ઉપર ત્રાગ મેળવીને ભરાતું હોવાથી કાપડનાં પોતની સાથોસાથ સૂફ ભરત ચોંટી જાય છે. આ ભરતકામ કરવામાં ઘણી ચોક્સાઈ જોઈએ છીએ. સોઢાના 'સૂફ' ભરતની જેવી જ કાપડ ઉપર તાણાવાણાની ઉપર ત્રીબથી ભરવાની રીત પંજાબમાં ખ્યાત હતી. પંજાબી કન્યાઓ પોતાના લગ્નની ઓઢણી - પાનેતરમાં આવું જ 'ફૂલકારી' પરંપરાનું ભરત ભરે છે. જેમાં વિવિધ ભૂમિતિની ભાતો ઉપરાંત અલંકાર - હાર, કર્ણફૂલ, કંગન પણ ભરે છે.

સૌરાષ્ટ્રમાં આ પરંપરામાં જે ભરત ભરાય છે તેને 'કથિપી' કહે છે.

### (૬) નાકાનું ભરત

સૌરાષ્ટ્રમાં જેને 'નાકા ભરત' કહે છે; આવું ભરત ભરેલા ઘાઘરા-ચણિયા પ્રૌઢ સ્ત્રીઓ જ પહેરે છે, એ ભરતનો પ્રકાર મૂળ સિંધમાંથી કચ્છમાં અને ત્યાંથી સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલો છે. સિંધમાં આ ભરતને 'હૂરમચી' કહે છે. કચ્છમાં 'બાવળિયા' અને સૌરાષ્ટ્રમાં 'નાકાભરત' કહેવાય છે.

'નાકાનું ભરત' આળેખ-ચિત્રણ કર્યા સિવાય કાપડ ઉપર દોરાથી જે ભરવાની આકૃતિ હોય તેની 'ખાટલી' માંડી પછી તેના ઉપર ભરાય છે. બૌધિકતત્ત્વનો આમાં ઉપયોગ કરવાનો હોવાથી પ્રૌઢ ઉંમરની સ્ત્રીઓ જ વિશેષરૂપે આ ભરત ભરે છે.

દોરાથી જ આલેખેલી 'ખાટલી' આકાર ઉપર ખાટલામાં જેમ ઉપર નીચે, નીચેથી ઉપર પાટી ભરાય છે, એવી રીતે માંડેલી ખાટલીની ઉપર નીચે, નીચે ઉપર ત્રીબથી ભરતાં આકાર

*સારા માણસ બનો, સજ્જન બનો, પછી જુઓ કોઈ તમારી પાસે નહિ ફરકે.*

ઝંકૃત થાય છે. આવી રીતે સૌરાષ્ટ્ર - કચ્છમાં કાંગરી, બાવળિયો, પોટલિયો, ચટકુડું વગેરે ભરાય છે.

### (૭) બન્ની વિસ્તારનું ભરતકામ

કચ્છના બન્ની વિસ્તારમાં રહેતા માલધારી જત, મુતવા વગેરે મુસ્લિમ જાતિઓમાં માનવ, પશુ વગેરે આકૃતિ ચિત્રણનો નિષેધ હોવાથી તેમના ભરતમાં વિશેષ રૂપે ભૌમિતિક આકૃતિઓ, ખાંપ, ચટકુડા, કાંગરી, બાવળિયા વગેરે બહુ જ ખંતપૂર્વક ભરાય છે. સ્ત્રીઓનાં આભામાં બહુ જ ઝીણવટપૂર્વક ભરાયેલ ભરત આશ્ચર્ય ઉપજાવે છે.

જેવો પ્રદેશ એવી અસર, એ રીતે બન્ની વિસ્તારમાં આવળ, બાવળ, બોરડી જેવા કાંટાળાં વૃક્ષોનો પરિસર હોવાથી જતના ભરતમાં કાંટાદાર ડાળી, પાન એવું આપણે ઘડીક અનુભવીએ છીએ.

### (૮) મોચી ભરત - આરી ભરત :

કચ્છ માલધારીઓનો પ્રદેશ હોવાથી માલધારીઓની સાથોસાથ ચમાર અને મોચી પ્રજા વસતી હતી. ચમારે કમાવેલા ચામડામાંથી મોચી સઘાટા પગરખાં, ઘોડાનાં જીન વગેરે બનાવતા હતા. મોચી ચામડું સીવવાનું તેમજ તેના ઉપર ઊનનું ભરત પણ કરતા હતા. તેથી મધ્ય કાળે કચ્છી મોચીઓએ સૂતરાઉ તેમજ કાઠી દરબારો માટે મોચીઓએ ચાકળા, ચંદરવા, તોરણ તેમજ સ્ત્રીઓ માટે ઘાઘરાપાટ, કાપડા વગેરે વ્યાપારિક રીતે ભરવાનું શરૂ કર્યું.

મોચીનું હાથે ભરેલું ભરત તેમજ 'આરીથી' ભરેલું ભરતકામ ઘણું સુંદર બનતું, તેની માગ દેશ તેમજ પરદેશમાં પણ હતી. મોચીએ ભરેલી આકૃતિપ્રધાન પિછવાઈ તેમજ ભુજબુટ્ટીના ઘાઘરાપાટ આજે સંગ્રહસ્થાનોની ચીજ બની ગયા છે.

મોચીનું ભરત ચિત્ર સંદેશ દેખાવમાં લાગતું હતું. કૃષ્ણ, ગોપી રાસમંડળ, હાથી, ઘોડા, ગાય, કદંબ જેવી આકૃતિઓથી ભરેલું તેમનું ભરત તો ભોં ઉપર ભાત પાડે એવું છે!

### (૯) મોતી પરોણું

કચ્છી લોકપ્રજાઓમાં કીડિયા મોતીમાંથી ગૃહ શણગારના ઉપસ્કરો નહિવત્ બને છે. ઘરના બારસાખે મોતીના બે ગોળ ટોડલિયા આહીર કે રાજપૂતોમાં જોઈ શકાય, પણ રબારી જાતિમાં તો કીડિયા મોતીમાંથી પહેરવાના અલંકારો બનાવાય છે.

નાની છોકરીઓને લમણા ઉપર મોતી પરોણાનું 'ધબક' પહેરાવાય છે. મોટી ઉંમરની સ્ત્રીઓ ડોકને ચપોચપ રહે એવા મોતીના ડોકિયા પરોવીને માથે છીપ કે પ્લાસ્ટિકનાં બટન ટાંકી ડોકે પહેરે છે. ખોબા ભરાય એટલા વિવિધ રંગ મોતીની 'ઝરમર' પરોવી સ્ત્રીઓ સારા પ્રસંગે ડોકમાં પહેરે છે. આવા જ પ્રકારની કંઠ ઝરમર મિસરની રાણીઓ, કુંવરીઓ આજથી પાંચેક હજાર વર્ષ પહેલાં પહેરતી હતી, તે ચિત્ર-શિલ્પમાં જોઈ શકાય છે.

કચ્છી સ્ત્રીઓ વિશેષ રૂપે રૂપાના અને કીડિયા મોતીને પરોવીને સુંદર ઘરેણાં બનાવે છે. તેમાં માથા ઉપર બંને લમણામાં પહેરાતો મોતીનો ધબક મુખ્ય ગણાય. હાથના પોંચે હાથી દાંતનું બલોયું, ચાંદીના ચૂડામણિ, પગમાં રૂપાનાં કાંબી-કડલાં અને ડોકમાં સોનાની પાંદડીવાળો-સીઅર (શ્રીહાર), કાનમાં પંદડો અને નાકની વાળી જેવાં ઘરેણાં ઘાટસઘાટા હોય છે.

તળ લોકપ્રજામાં શરીર શોભાવણ છૂંદણાં (ત્રાજવાં)ની પરંપરા ઘણી પ્રાચીન છે. ભારહૂતના સ્તૂપમાં જખ અને જક્ષિણીઓની જે મૂર્તિઓ મળે છે, એમાં જક્ષિણીઓના કપાળે, ગાલે, હાથે, દૂંટીએ છૂંદણાં જેવા પ્રતીકો કંડારેલા છે. જેમાં બીજ, ચંદ્ર, ટપકું વગેરે પ્રતીકો છે. હાલના સમયે કચ્છમાં વસતા જખો શું યક્ષ હશે? જખ સ્ત્રીઓ પણ છૂંદણાં ત્રોફાવે છે.

શરીર ઉપર નર-નારીઓ ત્રાજવાં (છૂંદણાં) ત્રોફાવે છે, એના બે ફાયદા રહે છે. છૂંદણાંની ભાતથી હાથ-પગ સંમોહક લાગે અને શરીર ઉપર ત્રાજવું અનેક વાર સોયની અણીથી ત્રોફાયું હોવાથી ધનુર્વા થવાની શક્યતા ઓછી એવી પરંપરિત માન્યતા છે.

### • રંગ, છાપ અને વણાટની કલાકારી:

કચ્છી કારીગરોને મન કલા કારીગરી ભાવ સાધનાનો રૂડો યોગ છે. એથી કચ્છી મુલકના વિપરિત સંજોગોમાં પણ તેમણે પોતપોતાની કલાકારીમાં પ્રાણ રેડીને કાર્ય કર્યું છે.

ભુજોડીના વણકરનો ઊની ધાબળો, તેના છેડાની વણાટ ભાતો કલામય છે. માંડવીમાં અટપટા વણાટનો 'ઈલાયચો' (હિમરું, મશરું)માં નીચેના ભાગે સૂતરાઉ પડ; ઉપરના ભાગે રેશમ પટની કરામત કારીગરો મનમોજથી કરે છે.

કચ્છી મુસ્લિમ તેમજ હિંદુ ખત્રીઓ જાતભાતનાં વસ્ત્રોમાં રંગ અને ભાત ઉપસાવે છે. ખત્રીવટાના સીરખમાં હાથી, ઘોડા, પૂતળી, સૈનિક, છંદાવેલ વગેરેનું ભાતિક કામ દાદ માગી લે એવું છે.

રેશમ તેમજ મલમલ અને સુતરાઉ કાપડને નખ વડે બાંધીને કારીગરો તૈયાર કરે, જેમાં વેલબુટ્ટા, બારભાત, ચંદ્રમણિ રાસમંડળના સુશોભનોને ખત્રીઓ વિવિધ રંગે રંગી, નિતારીને રૂપસુંદર બનાવી દે છે, એ છે કચ્છી ખોંભી. "અ" - "જરઠ" - "જે વૃદ્ધ નથી" - સદા સમયુવાન છે એવા કચ્છી "અજરખ"નો નીલ, શ્વેત અને રક્તરંગની મધુર જમાવટ અહીં થાય છે. ઉપરાંત વનસ્પતિના તળપદ રંગોથી રંગેલ, અલીજર્સ વગેરે કચ્છી વસ્ત્રોની નીપજ છે.

કચ્છમાં મીણિયા - બાટિક છાપ, રંગાવટનો પરંપરિત ધંધો છે. શાંતિ નિકેતનના 'શ્રીનિકેતન'માં બાટિકનો કસબ શીખવાય છે, ત્યારે કચ્છી લોકનારી કચ્છમાં બાટિક ભાતનાં ઓઢણાં અને ઘાઘરા પહેરે છે. એક કવિ કહે છે :

*"ઉદ્યોગ અપારા, કસબી સારા, સઈ, સુતારા સોનારા,*
*ભરત ભરનારા ગૂંથણહારા, રંગરંગોથી રંગનારા"*

અહીં છે અહીં છે.

***મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૨***

*પ્રેમ કરવો એ કળા છે*
*પરંતુ નિભાવવો એ સાધના છે.*

*માણસનું બાળપણ કેવું વીતે છે, તે એના જીવનના ઘડતરમાં બહુ મોટો ભાગ ભજવે છે.*

# કચ્છનો ઔદ્યોગિક વિકાસ – ભૂકંપ બાદ સેમિનાર વૃત્તાંત

• સૂરજલાલ મહેતા •

**મિઠી માની કચ્છજી, મિઠો મેજો ખીર,**
**મિઠા માડુ કચ્છજા, ધન કચ્છજો ખમીર.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરોના સહકારમાં શનિવાર, તા. ૫-૧-૨૦૦૨ના રોજ “અટિરા ઓડિટોરિયમ“ અમદાવાદ ખાતે “કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ” એ વિષય ઉપર એક સેમિનારનું આયોજન થયું હતું.

કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપમાં તારાજ થયેલ કચ્છ જિલ્લાના અર્થતંત્રને વેગવંતુ બનાવવા કેન્દ્ર સરકારે બહાર પાડેલા જકાત વેરા રાહત અંગે તેમજ રાજ્ય સરકારે વેચાણવેરામાં આપેલી રાહતની જાહેરાત પછી કચ્છમાં ઔદ્યોગિક વિકાસમાં વેગ લાવવાના પ્રયાસોમાં સાથ સહકાર આપવાના તેમજ ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોની ખુલ્લા મનથી ચર્ચા થાય તેવા શુભ આશયથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, ઈન્ડેક્ષ્ટ-બી ના સહયોગમાં “કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ” એ વિષય ઉપર સેમિનારનું શનિવાર તા. ૫-૧-૨૦૦૨ના રોજ “અટિરા ઓડિટોરિયમ“ અમદાવાદ ખાતે આયોજન કર્યું હતું. આ પરિસંવાદમાં કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી શ્રી બાલાસાહેબ વીખે પાટીલ તેમજ રાજ્યના ઉદ્યોગ-પ્રવાસન મંત્રી શ્રી સુરેશભાઈ મહેતા ખાસ હાજર રહીને ચર્ચાને જીવંત બનાવી હતી.

પરિસંવાદનો પ્રારંભ શ્રી અમિતભાઈની પ્રાર્થના સાથે થયો હતો. ત્યારબાદ ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ સહુનું અભિવાદન કરી સ્વાગત પ્રવચન કર્યું હતું.

મંચ ઉપર બિરાજમાન શ્રી બાલાસાહેબ વીખે પાટીલ, શ્રી સુરેશભાઈ મહેતા, શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી ગૌતમ અદાની, શ્રી એલ. માનસિંગ, શ્રી હસમુખ અઢિયા, શ્રી હીરાલાલ બી. શાહ, શ્રી શાંતિલાલ ગાલા, શ્રી શાંતિલાલ સોમૈયા, શ્રી બિપિનભાઈ શાહ, શ્રી રાજુભાઈ ગોગરી અને શ્રી લક્ષ જૈનનું ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા અને શ્રી હસમુખ ગઢેચાએ બુકે વડે અભિવાદન કરી સ્વાગત કર્યું.

શ્રી હસમુખ ગઢેચા (ટ્રસ્ટી - શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ)એ શ્રી કચ્છી જૈન સેવા સમાજની સમાજોપયોગી પ્રવૃત્તિની વિગતો આપી આજના આ સેમિનારની પૂર્વ ભૂમિકાની રૂપરેખા પ્રસ્તુત કરી હતી (પાછળ અલગ રીતે ટેક્સ માફી નોટિફિકેશનની ચર્ચા આપી છે.)

ઉદ્યોગ કમિશનર શ્રી હસમુખ અઢિયાએ આ સેમિનારનું મહત્ત્વ અને ધ્યેય વિશે સમજણ આપીને જણાવ્યું હતું કે આમ તો ભૂકંપ એક રીતે તો સંકટને અવસરમાં બદલવાની તક મળી છે તેવા સમયે સરકારનો અભિગમ શું છે તે જણાવ્યું હતું. આ સેમિનાર યોજીને સરકારનું દૃષ્ટિબિંદુ ઉપયોગકારો સમક્ષ રજૂ કરવાની તક આપવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આભાર માન્યો હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ શ્રી એલ. માનસીંગે બહાર ગયેલા કચ્છીઓને પણ અહીં ઉદ્યોગ માટે આવવું જોઈએ જેથી કચ્છને વધુ સારું બનાવી શકીએ એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શ્રી કાંતિસેન શ્રોફે જણાવ્યું હતું કે નકારાત્મક વિચારો છોડીને આશાવાદી હકારાત્મક વિચારો કરવા જોઈએ. જગડુશાના વખતથી આપણે કામ કરીએ છીએ. બાયો ટેક્નોલોજી માટે આપણે આગળ આવવું જોઈએ. આ એક નવો જ અભિગમ કચ્છને ઊંચે લઈ જશે.

અદાણી ગ્રૂપ ઈન્ડસ્ટ્રીઝના શ્રી ગૌતમ અદાણીએ પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે અહીં હાજર રહેવા માટે ગૌરવ અનુભવું છું. સિમ્પ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝ - દૂર્ગથી આવેલા શ્રી હીરાલાલ બી. શાહે કચ્છને હોંગકોંગની પેટર્ન પર વિક્સાવવાની હિમાયત કરી હતી.

સમારંભના પ્રમુખ અને રાજ્યના ઉદ્યોગ અને પ્રવાસન મંત્રી શ્રી સુરેશભાઈ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આ સમારંભ યોજવા બદલ આભાર માનતા જણાવ્યું હતું કે સૂકા રણમાં વહાણ ચલાવનારા તરીકે કચ્છીઓ જાણીતા છે. સરકારની ટહેલ પછી ૨૨૬ ઉદ્યોગો માટેની અરજીઓ આવી છે. કચ્છના પરદેશમાં વસતા ઉદ્યોગ સાહસિકોને કચ્છમાં ઉદ્યોગ ક્ષેત્રે મૂડી રોકાણ કરવા અનુરોધ કર્યો હતો. ભૂકંપ પછી પુનર્વસન માટે સરકારે શ્રેણીબંધ પગલાં લીધા છે અને તેથી કચ્છમાં મૂડી રોકાણનું આકર્ષણ વધ્યું છે.

સમારંભ ઉદ્‌ઘાટન કેન્દ્રના નાણા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી બાલાસાહેબ વીખે પાટીલે દીપ પ્રગટાવીને પરિસંવાદનું વિધિસર ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું કે ભારત સરકાર દ્વારા કચ્છમાં થતાં ઔદ્યોગિક મૂડીરોકાણ માટે કરમુક્તિની જાહેરાત ઉપરાંત ભારતની રિઝર્વ બેન્ક,

*વ્યક્તિના મનમાં હંમેશાં બે આખલાની લડાઈ હોય છે – સારું અને ખરાબ. જેને તમે પોષો તેનો વિજય થાય છે.*

સીડબી વગેરે સંસ્થા દ્વારા લેવાયેલાં વિવિધ પગલાંઓની માહિતી આપી હતી. કચ્છ ભારતનો એક એવો વિક્સિત વિભાગ બને અને દેશના અન્ય પ્રદેશો તેનું અનુકરણ કરે તેવી શક્યતાઓ - સંભાવનાઓ છે. કચ્છના નવનિર્માણ માટે કેન્દ્ર સરકારને નાણાકીય સાધનોની કોઈ મર્યાદા નડે તેમ નથી. આ સેમિનારમાં કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે જે સૂચનો હશે તેના અંગે ખુલ્લા મનથી વિચારણા હાથ ધરાશે. આપણા સહુનું તેમાં શ્રેય છે. વાવાઝોડું - દુષ્કાળ અને પછી ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ વચ્ચે પણ ગુજરાતે તેના ઔદ્યોગિક વિકાસનો દર જાળવી રાખ્યો છે તે બદલ સરકાર અભિનંદનને પાત્ર છે. કચ્છી જ્યાં પણ રહેતો હોય ત્યાં પોતાના વિકાસ સાથે સાથે એ ગામનો પણ વિકાસ કરે છે.

શ્રી કચ્છી જૈન સેના સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આભાર વિધિ કરી હતી.

ત્યારબાદ ચા ના વિરામ બાદ પ્રથમ બિઝનેસ સેશન કચ્છમાં કર રાહત અંગેની મળી હતી. જેના પ્રમુખ સ્થાને શ્રી એલ. માનસીંગ હતા અને અન્ય વક્તાઓમાં શ્રી વિશ્વજિત દત્તા, કમિશનર, સેન્ટ્રલ એક્સાઈઝ અને કસ્ટમ્સ-રાજકોટ, શ્રી એચ.સી. દેસાઈ, જનરલ મેનેજર, ઈન્ડેક્ષ્ટ-બી; શ્રી આર. જે. શાહ, અગ્ર મુખ્ય ઉદ્યોગ સલાહકાર વગેરેએ સરકાર તરફથી પોતાના વિચારો સ્લાઈડ શોની મદદથી રજૂ કર્યા હતા. જ્યારે મૂડી રોકાણકારો વતી શ્રી પીયૂષ વોરા, આશાપુરા ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, શ્રી પ્રવીણ દોશી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ભુજ વગેરેએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ત્યારબાદ ભોજનના વિરામ બાદ બીજી બિઝનેસ સેશનમાં કચ્છમાં આંતરમાળખાકીય સવલત અંગે વિચાર વિનિમય થયો હતો. બીજી સેશનના પ્રમુખસ્થાને કંડલા પોર્ટ ટ્રસ્ટના ઉપાધ્યક્ષ શ્રી વિપુલ મિત્રા રહ્યા હતા. આ સેશનમાં શ્રી આર. એન. જાની, સિનિયર જનરલ મેનેજર, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન; શ્રી સી. જે. રાવલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડના એક્ઝિક્યુટિવ એન્જિનિયર; શ્રી જે. વી. વ્યાસ, ગુજરાત વિદ્યુત બોર્ડના અધિક્ષક ઈજનેર; શ્રી યોગેન્દ્ર ગર્ગ, સંયુક્ત વિકાસ કમિશનર, કંડલા સ્પેશિયલ ઈકોનોમી ઝોન અને શ્રી સ્નેહલ કંથારિયા, અદાણી ગ્રૂપ ઓફ કમ્પનીઝે પોતાના વિચારો રજૂ કર્યા બાદમાં મૂડીરોકાણકારો વતી શ્રી રસિક મામતોરા, સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિવાસી મેનેજર, કચ્છ મિત્રના તંત્રી શ્રી કીર્તિ ખત્રી અને નિવૃત્ત ડીડીઓ શ્રી શશિકાંત ઠક્કરે પોતાના વિચારો રજૂ કર્યા હતા. અને પ્રશ્નોત્તરી બાદ સેશન સમાપ્ત થઈ હતી.

ઉદ્યોગ કમિશનરશ્રી હસમુખ અઢિયાના પ્રમુખ સ્થાને ત્રીજી બિઝનેસ સેશન શરૂ થઈ હતી. આ સેશનમાં સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ સર્વિસ ઈન્સ્ટિટ્યૂટ - અમદાવાદના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ડી. એન. કપૂર, નિવૃત્ત એડિશનલ ડાયરેક્ટર ઓફ જીઓલોજી - માઈનિંગના શ્રી જે. વી. ભટ્ટ, ગુજરાત ઈન્ફર્મેટિક લિમિટેડના ડેપ્યુટી જનરલ મેનેજર કુ. નીતા શાહ, સેન્ટર ફોર એન્ટરપ્રૂનરશિપ ડેવલપમેન્ટના ચીફ પ્રોજેક્ટ લીડર શ્રી પ્રિયકાંત મહેતા, કેલિફોર્નિયાના એન.આર.આઈ. શ્રી બિપિન શાહ એ કચ્છમાં જુદા જુદા ક્ષેત્રમાં મૂડી રોકાણની તકો અંગે વિચાર વિનિમય કર્યા હતા. FOKIAના કન્વીનર શ્રી નિમેષ બધેકા અને આરતી કેમિકલ્સના શ્રી રાજુ ગોગરીએ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

ચર્ચાને અંતે પ્રશ્નોત્તરી થઈ હતી. ત્યારબાદ પ્રમુખ સ્થાનેથી શ્રી હસમુખ અઢિયાએ સેશનનું સમાપન કરતાં પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ત્યારબાદ સેમિનારની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી હતી.

*મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૨*

# "મૃત્યુ અને મહોત્સવ"

'હૈયા અચો, મા વનેં તા'

તારીખ ૨૭-૧૧-૨૦૦૩ના પરોઢિયે ચાર વાગ્યાના ટકોરે બબાબાઈ (મારાં બહેન) મને બોલાવવા આવ્યાં. તે દિવસે હું 'મિલન મંદિર' (મલાડ-મુંબઈ)ના બીજા માળે સૂતો હતો અને બા પહેલા માળે હતાં. આ સમાચાર સાંભળતાંની સાથે જ હું ઝડપથી નીચે પહેલા માળે બા પાસે ગયો. બાની તબિયત નાજુક હતી અમે બધા જ બાની આસપાસ બેઠેલા હતા. ત્યાં જ મારા મનમાં વિચારોની એક લહેર આવી.

"અરે વીંયાજી તૈયારી થઈ વઈ? નકરેજો મુહુરત કેટલા વગે જો આય?" "છ વગે જો."

એક તરફ મારા નાના ભાઈ રતિલાલની દીકરી ભક્તિના લગ્નની સંપૂર્ણ તૈયારી થઈ ચૂકી હતી અને વહેલી સવારમાં જ માની તબિયત નાજૂક થઈ જતાં મારાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. તાત્કાલિક ડોક્ટરને બોલાવ્યા. ડોક્ટર આવ્યા અને તેમણે ચેક-અપ બાદ જણાવ્યું, 'મા બધાને છોડીને કોઈ બીજી જ દુનિયાના રહેવાસી થઈ ગયાં.' ચારેકોર એક અજીબ શાંતિ પ્રસરી ગઈ. બધા જ સ્તબ્ધ થઈ ગયા. બધાને લગ્નના શુભ પ્રસંગને કેવી રીતે પાર પાડવો એના વિશે ચિંતા થવા લાગી. ચર્ચા-વિચારણા બાદ નિર્ણય લેવાયો કે લગ્નમાં કોઈપણ ફેરફાર નહિ થાય. નાના બધા જ લોકો "ભક્તિ" સાથે સવારનું મુહૂર્ત સાચવીને આગળ જશે. ત્યાર બાદ અમે બધા પણ માને અંતિમ યાત્રાની વિદાય આપીને શુભ પ્રસંગમાં જોડાશું.

ઉપરોક્ત નિર્ણય લેવાયો તે સાથે પ્રાર્થનાસભા કે શોકસભા ન રાખવાનો પણ નિર્ણય લેવાયો. કારણ કે, એક દિવસ રહીને જ મોટાભાઈની દીકરીના દીકરાના લગ્નનો પ્રસંગ પણ સાચવવાનો હતો. માતાજી ૯૪ વર્ષનાં હતાં અને તેમણે પણ અઠવાડિયા પહેલા કુટુંબ સમક્ષ આ જ ઇચ્છા વ્યક્તિ કરી હતી કે મારા મૃત્યુ બાદ કોઈપણ જાતનો શોક પાળવો નહિ તથા લગ્નના કાર્યક્રમમાં પણ કોઈ ફેરફાર કરવો નહિ.

જીવન અને મૃત્યુ એ મનુષ્યના જીવનની સૌથી મોટી હકીકત છે. **જે જન્મ્યો છે તેનું મૃત્યુ તો નિશ્ચિત જ છે.** આ સચ્ચાઈ જેટલી જલદી સ્વીકારી અને તે દુઃખની કપરી પળને વીસરી આવનારી શુભ પ્રભાતનું આશાભેર સ્વાગત કરવું જોઈએ.

*મુરજી નરશી લોડાયા*

*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૪*

# કચ્છમાં નોંધાયેલ ભૂકંપોની યાદી

**(ઇ.સ. ૧૮૧૯ના મહા ભૂકંપથી ૨૦૦૧ના મહા ભૂકંપ સુધી)**

| તારીખ | વિસ્તાર |
|---|---|
| ૧૬-૬-૧૮૧૯ | સમગ્ર કચ્છ |
| ૧૯-૬-૧૮૪૫ | સમગ્ર કચ્છ |
| ૩૦-૪-૧૮૬૪ | સમગ્ર કચ્છ |
| ૧૦-૬-૧૮૮૨ | ભચાઉ |
| ૨૮-૬-૧૮૮૨ | ચિત્રોડ - લાકડિયા |
| ૧૫-૧૨-૧૮૮૨ | ભુજ - અંજાર - ભચાઉ - લાકડિયા - રાપર |
| ૨૦-૮-૧૮૮૮ | ખાવડા |
| ૧-૬-૧૮૯૦ | લખપત - ખાવડા - ભુજ |
| ૧૧-૧-૧૮૯૨ | લખપત |
| ૯-૭-૧૮૯૨ | રાપર |
| ૪-૧૧-૧૮૯૩ | લખપત |
| ૨૬-૨-૧૮૯૬ | ભુજ |
| ૩૦-૧-૧૮૯૮ | અંજાર |
| ૧-૪-૧૮૯૮ | ભુજ - અંજાર - માંડવી |
| ૧૩-૭-૧૮૯૮ | ભુજ - અંજાર - માંડવી - ભચાઉ |
| ૧૫-૧૦-૧૮૯૮ | ભુજ - અંજાર - માંડવી - મુંદ્રા - નલિયા |
| ૨૫-૧૨-૧૯૦૦ | રાપર - ભચાઉ - શિકારપુર |

**● વીસમી સદીના ભૂકંપો ●**

| તારીખ | વિસ્તાર |
|---|---|
| ૧૩-૧૦-૧૯૦૧ | ભુજ - અંજાર |
| ૧૪-૧-૧૯૦૩ | સમગ્ર કચ્છ |
| ૯-૪-૧૯૦૪ | ભુજ |
| ૨૮-૪-૧૯૦૪ | ભુજ - જખૌ - અંજાર |
| ૩૦-૭-૧૯૦૪ | ખડીર |
| ૩૦-૧૧-૧૯૦૪ | લખપત |
| ૧૦-૭-૧૯૦૫ | ભુજ |
| ૧૧-૧-૧૯૦૬ | ખડીર |
| ૩૦-૬-૧૯૦૬ | ખાવડા - લખપત |
| ૧૨-૩-૧૯૦૭ | ખાવડા |
| ૧૨-૭-૧૯૦૭ | ભુજ - ભચાઉ - નખત્રાણા |
| ૧૩-૭-૧૯૦૭ | માડવી - અંજાર - મુંદ્રા - રાપર - ખાવડા - ખડીર |
| ૯-૧૦-૧૯૦૭ | ખાવડા |
| ૧૮-૧૦-૧૯૦૭ | લાકડિયા - ભચાઉ - રાપર |
| ૨૧-૧૦-૧૯૦૭ | ભચાઉ - લાકડિયા |
| ૨૯-૯-૧૯૦૮ | ખાવડા |
| ૨૧-૧૦-૧૯૦૮ | ખાવડા |
| ૩૦-૧૧-૧૯૦૮ | ભુજ - ભચાઉ - અંજાર - માંડવી - ખાવડા - ખડીર |
| ૭-૨-૧૯૦૯ | ખાવડા |
| ૯-૪-૧૯૦૯ | લાકડિયા - રાપર - ભચાઉ |
| ૨૪-૩-૧૯૧૦ | ભુજ |
| ૧-૮-૧૯૧૦ | ખાવડા |
| ૧૩-૧૨-૧૯૧૦ | ભુજ - અંજાર - ભચાઉ - લાકડિયા - રાપર - ખાવડા |
| ૧૬-૧૨-૧૯૧૦ | ભચાઉ - લાકડિયા - ખડીર |
| ૨૩-૧-૧૯૧૧ | લાકડિયા |
| ૧૧-૯-૧૯૧૧ | લખપત |
| ૧૪-૩-૧૯૧૨ | લાકડિયા - ચિત્રોડ - ભચાઉ - રાપર - ખડીર |
| ૧-૧૦-૧૯૧૨ | ખાવડા |
| ૭-૧૧-૧૯૧૨ | ખડીર |
| ૨૬-૬-૧૯૧૩ | ખાવડા |
| ૧૦-૬-૧૯૧૮ | ભચાઉ |
| ૧૮-૧૦-૧૯૨૦ | રાપર |
| ૨૧-૨-૧૯૨૧ | લખપત - ખાવડા - અબડાસા - ભુજ |
| ૨૭-૧૦-૧૯૨૧ | ભુજ - નેત્રા - લખપત - નારાયણ સરોવર - નલિયા |
| ૯-૨-૧૯૨૨ | ચિત્રોડ |
| ૧૩-૩-૧૯૨૨ | ભુજ- માંડવી - અંજાર - ભચાઉ - લખપત |
| ૭-૮-૧૯૨૩ | ભુજ - માંડવી |

*વખાણ સાંભળીને ફુલાઈ જશો તો વિકાસ નહીં થાય.*

| | |
|---|---|
| ૫-૩-૧૯૨૪ | ખાવડા |
| ૨૫-૧૦-૧૯૨૪ | માતાનો મઢ |
| ૧-૧૦-૧૯૨૫ | ખાવડા |
| ૧૩-૧૦-૧૯૨૫ | શીકરા - જંગી |
| ૨૬-૮-૧૯૨૬ | ખાવડા |
| ૧૭-૧૨-૧૯૨૬ | ખાવડા |
| ૧૮-૧૧-૧૯૨૭ | ભુજ - ભચાઉ - અંજાર - રાપર - ખાવડા |
| ૩૦-૧૨-૧૯૩૨ | ખાવડા |
| ૬-૩-૧૯૩૩ | ખડીર |
| ૨૫-૧-૧૯૩૫ | રાપર |
| ૨૩-૭-૧૯૩૫ | ભુજ |
| ૧૨-૧૨-૧૯૩૯ | શિકારપુર |
| ૩૧-૧૦-૧૯૪૦ | સમગ્ર કચ્છ |
| ૧૩-૧૧-૧૯૪૦ | અંજાર - ભુજ - ખાવડા |
| ૩૦-૧-૧૯૪૧ | ખડીર |
| ૨૮-૧૧-૧૯૪૫ | ભારાપર |
| ૨૧-૭-૧૯૫૬ | અંજાર - ભચાઉ - ભુજ |

**• એકવીસમી સદી •**

| | |
|---|---|
| ૨૬-૧-૨૦૦૧ | સમગ્ર કચ્છ |

*હજુ આજે પણ નાના મોટા આફ્ટર શોક આંચકા આવ્યા જ કરે છે.*

***મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩***

## કચ્છી રૂઢિપ્રયોગો

- અક મેં મધ - સહજ પુરુષાર્થ વડે પ્રાપ્ત કરી શકાય તેવું
- અભકે થંભ ભરાયણું - અશક્ય પ્રયાસ કરવો
- અભ કે લત હણણી - બડાઈનાં બણગાં ફૂંકવાં.
- ઉકેડે તે ડીયા - અસ્થાને પૂજા કરવી
- ઉઠવારો ચપ - મળે નહીં પણ લલચાવે તેવું
- ઉઠજી પુઠતે નગારો - પારકે પૈસે તાગડધિન્ના
- ઉન ઉતારે ગનણી - કસ કાઢી લેવો
- ઓટો ગોટો વારણું - ભીનું સંકેલવું
- કંધ મિંજા કુછણું - વ્યંગમાં બોલવું
- કોયલ કુછે ને કૂતો ઉધરકે - કોઈને બોલાવીએ ને કોઈ સાદ દે.
- ગુડેં ધરાયેલ - પ્રેમથી ઉછેરેલ
- ઘા મેં ઘટ ન રખણી - પુરા બળથી પ્રહાર કરવો

***ગુલાબચંદ ધારશી રાંભિયા***
***મંગલ મંદિર, જૂન-૨૦૦૩***

## કચ્છનું અવનવું....

❀ કચ્છમાં ચાર મોટી દીવાદાંડીઓ જખૌ, માંડવી, છછી અને નવી નાળ ટાપુ પર આવેલી છે.

❀ જખૌની દીવા દાંડી ૧૯૬૪માં ચાલુ થઈ.

❀ ભારતના પશ્ચિમ કિનારા પર જખૌની દીવા દાંડી મોટામાં મોટી ઊંચી દીવા દાંડી તરીકે જાણીતી છે. તેના પ્રકાશનો વિસ્તાર ૨૪ નોટીકલ માઈલ એટલે કે ૩૬ કિ.મી. છે. ૨૨,૬૦,૦૦૦ કેન્ડલ પાવર ધરાવે છે. પ્રત્યેક મિનિટે ૬ ફ્લેશ આપે છે.

❀ કચ્છના પાટનગર ભુજની સ્થાપના સંવત ૧૬૦૫માં થઈ.

❀ અંજાર (કચ્છ)ના તોરણ સંવત ૧૬૦૨માં બંધાયા હતા.

❀ હિંદના દાદા નવરોજીના એક માત્ર પુત્ર ડૉ. અરદેશરની કબર કચ્છ માંડવીના સલાયા વિસ્તારમાં આવેલી છે.

❀ ભુજીયા ડુંગર પરનો કિલ્લો ઈ.સ. ૧૭૨૭માં બંધાયેલ.

❀ ભુજનું હમીરસર તળાવ જ્યારે ઓગને છે ત્યારે ભુજમાં ખાસ રજા પાડવામાં આવે છે.

❀ ભુજનું મ્યુઝિયમ ગુજરાતનું સૌથી જૂનું મ્યુઝિયમ છે.

❀ ભુજનું વિજયરાજજી પુસ્તકાલય ૧૧૦ વર્ષ જૂનું છે.

❀ ભદ્રેશ્વરમાં આવેલ દુરાશની સેલાર વાવ એક હરિજને બંધાવેલ. સાત માળની આ વાવના ચાર માળ તો આજે પણ દેખાય છે.

❀ લાખા ફુલાણીના દાદા જામ સાડે બંધાવેલ કંથકોટનો કિલ્લો કચ્છના સર્વે કિલ્લાઓમાં શ્રેષ્ઠ છે.

❀ કંડલા ફ્રી ટ્રેડ ઝોન ભારતનું સૌ પ્રથમ ફ્રી ટ્રેડ ઝોન છે.

❀ સ્થાપત્ય શાસ્ત્રની દષ્ટિએ ૯મી - ૧૦મી સદીનો ઉત્તમ નમૂનો એટલે કેરા કોટનું શિવાલય.

❀ કચ્છમાં શિક્ષણની પહેલી શાળા રા' દેશળજીના શાસન દરમ્યાન ૧૮૫૦માં શરૂ થઈ હતી.

❀ કચ્છમાં પ્રથમ દવાખાનાના પાયા સને ૧૮૪૯માં પડ્યા હતા.

❀ કચ્છમાં પોલીસ વ્યવસ્થાનો આરંભ સને ૧૮૮૪માં થયો.

❀ કચ્છની સર્વ પ્રથમ કૉલેજ એટલે ભુજની આર. આર. લાલન કૉલેજ.

❀ કચ્છમાં પ્રથમ સ્પીનિંગ મિલ ઇ.સ. ૧૯૩૪માં અંજારમાં શરૂ થઈ.

❀ ઈ.સ. ૧૯૪૪માં માંડવી પાસે દિવાસળીનું કારખાનું શરૂ થયું.

❀ રૂપિયાનું ચલણ કચ્છમાં ઈ.સ. ૧૯૪૯માં દાખલ કરવામાં આવ્યું.

❀ કચ્છમાં સૌ પ્રથમ વિમાન ઈ.સ. ૧૯૩૭માં ઉતર્યું હતું.

❀ કચ્છમાં સૌ પ્રથમ રેલવેના પાટા ઈ.સ. ૧૯૦૨માં નાખવામાં આવેલ.

***મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩***

*ભગવાનની ભક્તિ દેખાડાથી નહીં, શુદ્ધ ભાવનાથી જ થાય.*

# તવારીખે કચ્છ

કચ્છ એ અત્યંત પ્રાચીન ભૂમિ છે. સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે તેનો સંબંધ પ્રાગૈતિહાસિક કાળ સાથે છે તે કચ્છમાં ઠેર ઠેર મળતા ફોસિલ્સ-અશ્મિભૂત અવશેષો અને પુરાવશેષો પરથી જાણી શકાય છે. કરોડો વર્ષ જૂનાં ફોસિલ્સ પણ કચ્છમાંથી પ્રાપ્ત થયાં છે. પણ ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ સિંધુખીણની સંસ્કૃતિથી શરૂ થાય છે. કચ્છના ઇતિહાસનો ઘટનાક્રમ પણ તે સંદર્ભે તપાસીએ.

| | | |
|---|---|---|
| ૧. | હડપ્પાના લોકો પ્રથમવાર કચ્છ આવ્યા. | ઈ.સ. પૂર્વે ૩૦૦૦ |
| ૨. | સિકંદર કચ્છમાંથી પસાર થયો... | ઈ.સ. પૂર્વે ૩૨૫ |
| ૩. | રુદ્રદામને કચ્છ પર સત્તા જમાવી... | ઈ.સ. ૧૫૦ |
| ૪. | કચ્છના સિક્કા શરૂ થયા. | ઈ.સ. ૧૬૧૭ |
| ૫. | ઔરંગઝેબના ભાઈ દારાએ કચ્છમાં આશ્રય મેળવ્યો | ઈ.સ. ૧૬૫૯ |
| ૬. | કચ્છમાં વ્રજભાષાની પાઠશાળા | ઈ.સ. ૧૭૪૯ |
| ૭. | આયના મહેલની રચના | ઈ.સ. ૧૭૫૨-૬૦ |
| ૮. | ઝારાનું યુદ્ધ | ઈ.સ. ૧૭૬૨ |
| ૯. | બારભાયા રાજય | ઈ.સ. ૧૭૮૮ |
| ૧૦. | સ્વામી સહજાનંદ કચ્છમાં પધાર્યા | ઈ.સ. ૧૮૦૩ |
| ૧૧. | ભયાનક ભૂકંપ, અલ્લાહબંધ થયો | તા. ૧૬-૬-૧૮૧૯ |
| ૧૨. | કચ્છમાં પ્રથમ પ્રાથમિક શાળા | ઈ.સ. ૧૮૫૦ |
| ૧૩. | કચ્છમાં પ્રથમ કન્યાશાળા | ઈ.સ. ૧૮૫૫ |
| ૧૪. | કચ્છ-મ્યુઝિયમની સ્થાપના | ૧-૭-૧૮૭૭ |
| ૧૫. | સ્વામી વિવેકાનંદની કચ્છયાત્રા | ઈ.સ. ૧૮૯૧ |
| ૧૬. | મહાત્મા ગાંધીજીની કચ્છ મુલાકાત | ૨૨-૧૦-૧૮૯૧ |
| ૧૭. | વાઈસરોય લૉર્ડ ઈરવીનની મુલાકાત | ઈ.સ. ૧૯૨૭ |
| ૧૮. | કચ્છ રાજવી અને ભારતના ગર્વનર જનરલ વચ્ચે જોડાણખત | ૪-૫-૧૯૪૮ |
| ૧૯. | કચ્છનું ભારત સંઘ સાથે જોડાણ અને 'ક' વર્ગના રાજયનો દરજ્જો | ૧-૬-૧૯૪૮ |
| ૨૦. | કચ્છનું દ્વિભાષી મુંબઈ રાજયમાં વિલીનીકરણ | ૧-૧૧-૧૯૫૬ |
| ૨૧. | કચ્છનું ગુજરાત રાજયમાં વિલીનીકરણ | ૧-૫-૧૯૬૦ |

*મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩*

- ★ *એક વખત નગરમાં હું વૃક્ષની શોધ કરવા નીકળ્યો. તો રસ્તામાં મને એક વીજળીના થાંભલાએ રોકીને કહ્યું, 'ભાઈ, અહીંયા વૃક્ષના ધાંધિયા છે.'*
- ★ *દરેક મનુષ્યની માફક હું પણ સમાજનું જ એક અંગ છું. એક શિષ્ટ અને સમજદાર નાગરિક તરીકે મારી ફરજ બજાવવાની છે. જેથી સમાજ પણ શિષ્ટ અને સુદૃઢ બની શકે.*
- ★ *મારા વિચારો, નિર્ણયો અને કાર્યોની જવાબદારી મારી પોતાની જ છે. તેનું પરિણામ આવે ત્યારે દોષનો ટોપલો બીજા પર કેમ ઢોળાય?*

*વિચાર કરો, શું આ દિવસો સદા આવા જ રહેશે?*

# કચ્છના વિવિધ જોવાલાયક સ્થળો અને નજીકના જૈન તીર્થો

| ક્રમ | સ્થળ | કિ.મી. - અંતર | પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ભુજ | અમદાવાદથી ૩૯૬ | મુખ્ય શહેર |
| ૨. | ધીણોધર અને થાન | ભુજથી ૬૦ | ધાર્મિક સ્થળ |
| ૩. | કોટેશ્વર અને નારાયણ સરોવર | ભુજથી ૧૬૦ | યાત્રાધામ |
| ૪. | લખપત | ભુજથી ૧૫૦ | શિલ્પ - સ્થાપત્ય |
| ૫. | માતાના મઢ | ભુજથી ૯૫ | ધાર્મિક સ્થળ |
| ૬. | હાજીપીર | ભુજથી ૧૫૫ | ધાર્મિક સ્થળ |
| ૭. | મેકણદાદા | ભુજથી ૩૮ | ધાર્મિક સ્થળ |
| ૮. | કોટાય મંદિર | ભુજથી ૩૦ | ધાર્મિક સ્થળ |
| ૯. | વાંઢાય | ભુજથી ૨૫ | તીર્થધામ |
| ૧૦. | જેસલ તોરલની સમાધિ (અંજાર) | ભુજથી ૪૬ | ધાર્મિક સ્થળ |
| ૧૦. | મુન્દ્રા | ભુજથી ૬૦ | બાંધણીકામ |
| ૧૧. | માંડવી | ભુજથી ૬૦ | બાંધણીકામ |
| ૧૨. | કંડલા (મહાબંદર) ગાંધીધામ | ગાંધીધામ નજીક | ઉદ્યોગ |
| ૧૩. | કંથકોટ (ભચાઉ) | ભુજથી ૧૨૫ | ડુંગરો |
| ૧૪. | મા રવેચી (રાપર) | ભુજથી ૧૫૫ | |
| ૧૫. | ધોળાવીરા (રાપર) | ભુજથી ૧૪૦ | સ્થાપત્ય માટે |

## ભુજ શહેરમાં

• આયના મહેલ (જૂનો મહેલ), • મહારાવશ્રી મદનસિંહજી મ્યુઝિયમ, • આનંદકુંજ, • પ્રાગમહેલ (નવો મહેલ), • કચ્છ મ્યુઝિયમ, • શરદબાગ મહેલ, • સ્વામિનારાયણ મંદિર, • ભારતીય સંસ્કૃતિ દર્શન (લોકકળાનું મ્યુઝિયમ), • સુરલભીટ્ટ, • ટપકેશ્વરી, • પાલાર મહાદેવ.

## માંડવીની આસપાસ

• જૈન આશ્રમ, • વિવેકાનંદ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, • કાશી વિશ્વેશ્વરનું મંદિર, • વિન્ડફાર્મ, • વિજય વિલાસ મહેલ, • આશાપુરા માતાજીનું મંદિર, • માંડવીનો દરિયાકિનારો, • બોંતેર જિનાલય, • બિદડા હૉસ્પિટલ.

## કચ્છમાં આવેલ જૈન તીર્થો

| ક્રમ | તીર્થનું નામ | મૂળ નાયક ભગવાન | કિ.મી. - અંતર | ભોજનશાળા | રહેવાની સગવડ |
|---|---|---|---|---|---|
| ૧. | ભદ્રેશ્વર | શ્રી મહાવીર સ્વામી | ગાંધીધામથી ૩૫, ભુજથી ૮૦ | છે | છે |
| ૨. | સુથરી | શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ | માંડવીથી ૬૪, ભુજથી ૮૬ | છે | છે |
| ૩. | કોઠારા | શ્રી શાંતિનાથ | ભુજથી ૮૦ | છે | છે |
| ૪. | નલિયા | શ્રી ચંદ્રપ્રભ | તેરાથી ૧૩, ભુજથી ૯૭ | છે | છે |
| ૫. | જખૌ | શ્રી મહાવીર સ્વામી | નલિયાથી ૧૫, ભુજથી ૧૦૮ | છે | છે |
| ૬. | તેરા | શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ | નલિયાથી ૧૩, ભુજથી ૮૪ | છે | છે |
| ૭. | બોંતર જિનાલય | શ્રી આદીશ્વર | માંડવીથી ૧૦, ભુજથી ૪૫ | છે | છે |

## કચ્છના મહાતીર્થો - મોટી - નાની - પંચતીર્થી

### મોટી પંચતીર્થી (અબડાસા)

સુથરી : ધૃતકલ્લોલ પાર્શ્વનાથજી
કોઠારા : શાંતિનાથ પ્રભુજી
જખૌ : મહાવીર સ્વામી
નલિયા : ચંદ્રપ્રભ સ્વામી
તેરા : જીરાવલ્લા પાર્શ્વનાથજી
સાંધાણ : શાંતિનાથજી

### નાની પંચતીર્થી

મુંદ્રા : શ્રી શીતલનાથ પ્રભુજી
ભુજપુર : ચિંતામણિ પાર્શ્વપ્રભુજી
મોટીખાખર : આદીશ્વર પ્રભુજી
નાનીખાખર : ચિંતામણિ પાર્શ્વનાથજી
બિદડા : શ્રી આદિનાથ પ્રભુજી

*મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩*

# કચ્છી પ્રજા

• નરેન્દ્રકુમાર જોષી •

સાહસિક, ખમીરવંતી અને વતન પરસ્ત કચ્છી પ્રજાને "કચ્છી માડુ" તરીકે ઓળખવામાં આવે છે. કચ્છી માડુનો પહેરવેશ, જુદી જાતનો, તેની ભાષા જુદીભાતની અને તેની પાઘડીનો પેચ પણ જુદી રીતનો (હવે પાઘડી રહી નથી) તેની વિશિષ્ટતાઓનો પાર નથી. તેનું શૌર્ય, ત્યાગ, ટેક અને બલિદાનની કથા અનોખી છે. તેના ભવ્ય ભૂતકાળનું ગૌરવ અજોડ છે. ધર્મ અને સ્વાતંત્ર્યની રક્ષાની ભાવના વિરલ છે. એક તરફ આવળ, બાવળ અને બોરડીની વંકી વનરાજીમાં એ વિચરે છે, તો બીજી બાજુ સાગરરાજના સોહામણા પારણે હીલોળા લે છે.

કચ્છનું રાજકૂળ સિંધમાંથી ઊતરી આવેલું છે. કચ્છના જાગીરદારો અને મૂળ ગરાસિયા પૈકી વાઘેલા, ચાવડા, સોલંકી વગેરે ગુજરાત તરફથી આવેલા છે, જ્યારે કચ્છની આમ જનતા પશુ પાલન કરનારા આહીરો, રબારી, ચારણ સંઘાર, સમા, રાજપૂત, કણબી, મેઘવાળ અને ભણસાળી પૈકી છે.

કાઠિયાવાડમાં વસતા કાઠીઓ અગાઉ કચ્છમાં રહેતા હતા. વર્તમાન કચ્છની પ્રજા સિંધ ગુજરાત, રાજસ્થાન, પંજાબ જેવા પ્રાંતોમાંથી આવીને વસેલા લોકોની બનેલી છે. ભારતવર્ષ માટે કહેવાય છે કે, જુદી જુદી જાતિઓ ભારતને આંગણે આવી, શરૂમાં ઘર્ષણ થયાં પણ પછી મૂળ પ્રજાએ આવનાર પ્રજાને પોતામાં સમાવી લીધી. તેમ કચ્છમાં પણ આવું જ બન્યું છે. જુદી જુદી દિશાઓમાંથી આવેલી પ્રજાઓએ ભિન્નતા ભૂલીને એકતા સાધી લીધી છે. વતનપરસ્તી એ કચ્છની પ્રજાની મોટી ખાસિયત છે.

*અમૃત ઘાયલે કહ્યું છે કે :*

*"સ્નેહનું પાણી, શૂરનું પાણી, પોતાના પ્રચંડ પૂરનું પાણી,*
*હસતું રમતું રણમાં દીઠું સત અને સિન્દૂરનું પાણી*
*વાહ રે ભાઈ કચ્છનું પાણી!"*

કચ્છ ભલે નપાણિયો પ્રદેશ કહેવાતો હોય પણ તેના લોકો તો પાણીદાર છે જ.

સિંધનો બાદશાહ ક્લોરા કચ્છ ઉપર ચડી આવ્યો ત્યારે ત્રીસ હજાર કચ્છી યુવાનો જેમાં જાડેજા, હોથી, મોકરશી, બુઢ્ઢા, બારાચ, વીરભદ્ર, અબડા, સાહેબ, મિયાણા જત, બોરીચા, ચામર, નાતિયાર, સમા, સુમરા, સૈયદ, મલેક, મેઘવાળ જેવી અનેક કોમોના લોકો વીંઝાણના ઠાકોર લાખાજીની સરદારીમાં એકત્ર થઈ વતન માટે કુરબાની આપી હતી.

જગડુશા દાતાર અને સુંદરજી સોદાગર જેવા પ્રજાહિત માટે ધન વાપરનારા સુપુત્રો, વફાદારી માટે વખણાયેલા દાસી ઝીકડી અને ભીયાં કક્કલ, સ્ત્રીઓના રક્ષણ માટે સમર્પણ કરનાર અબડા અડભંગ જેવા વીર પુરુષો રામસંગ માલમ જેવા સાહસિક અને કારીગર જેસલ - તોરલ, મામૈયા દેવ અને મેકરણ દાદા જેવા જનતાના હૈયા સુધી પહોંચતા સંતો કચ્છની ભૂમિ ઉપર થઈ ગયા છે.

ધંધાર્થે કચ્છ બહાર વસતા કચ્છીઓ પોતાના વતનને યાદ કરીને અનેક સખાવતો કરતા રહ્યા હતા અને આજે પણ કરે છે. કચ્છમાં આવતી કુદરતી આપત્તિમાં આવા સાહસિકો જ પોતાની વતન પ્રત્યેની ફરજ અદા કરતા હોય છે.

મુંબઈના એક વખતના ગવર્નર લૉર્ડ રે એ કહ્યું હતું કે "સ્કોટલેન્ડની પ્રજાની જેમ કચ્છી પ્રજા વ્યાપારમાં, દરિયાઈ કામમાં અને કળા કૌશલમાં આગળ વધેલી છે. મુંબઈ ઈલાકામાં હું જ્યાં જ્યાં માતબર વેપારીને જોઉં છું ત્યાં ત્યાં કચ્છીઓ અવશ્ય માલૂમ પડ્યા છે. જેમ સ્કૉટલૅન્ડના લોકો સ્કૉટલૅન્ડને પહેલું ગણે છે, તેમ કચ્છીઓ પણ કચ્છને પહેલું ગણે છે, પોતાના વતનને વીસરી જતા નથી."

કચ્છની અંદર વસતા કચ્છીઓ કરતાં કચ્છની બહાર વસતા કચ્છીઓની સંખ્યા મોટી છે. જૂના સમયમાં કચ્છમાં આવતા દુષ્કાળોની પરંપરા, અને રોજગારીના અભાવે વતનનો મોહ છોડી પુરુષાર્થે પરદેશ જવા પ્રેરાયા હતા. આવા લોકો જ કચ્છને તેની કુદરતી આપત્તિમાં વહારે ધાય છે. આર્થિક રીતે સશક્ત અંગો, નબળાં અંગોને મદદરૂપ થતાં રહ્યાં છે. પ્રજા એકબીજાના ઓથે ઊભી રહીને પોતાની અસ્મિતા જાળવી રહ્યા છે.

કચ્છમાં વસતી જનસંખ્યા પૈકી મુખ્ય જાતિઓમાં બ્રાહ્મણો પૈકી સારસ્વતો, પુષ્કરણા, મોઢ, સાચોરા, શ્રીમાળી, ઔદિચ્ય, ગિરનારા, અબોટી, મુખ્ય છે.

ઉપરાંત નાગર, કાયસ્થ, ખત્રી (હિંદુ અને મુસલમાન), લોહાણા, શ્રાવક વાણિયા, ભાટિયા, ખોજા, મિયાણા, આહીર વગેરે મુખ્ય છે.

રજપૂતોની જુદીજુદી અનેક પેટા શાખાઓ છે. તે પૈકી કેટલાકમાં વાઘેલા, સોલંકી, સોઢા, સિંધલ, હોથી, સંઘાર, મકવાણા, ચાવડા, ગોહિલ, ડાભી, પરમાર, ટાંક, તુંવાર, ખોડા, બારડ, ઝાલા વગેરે વગેરે.

અનુસૂચિત જાતિના ભંગી, ચમાર, ગરોડ, મેઘવાળ, તુરી, તુરીબારોટ છે. જ્યારે ભીલ ઢોડિયા, કોળી પારધી, વાઘરી વગેરે અનુસૂચિત જનજાતિના લોકો વસે છે. તેમ વિમુક્ત જાતિ તરીકે જાણીતા - કોળી, બાફણા, ડફેર, મિયાણા, સંધી વગેરે આવે છે. આમ અનેક જાતિનો લોક સમૂહ કચ્છમાં વસે છે.

*મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩*

*સમયસરનું મૌન શક્તિશાળી વક્તવ્ય કરતા પણ વધુ અસરકારક છે.*

# કચ્છના વિકાસના પ્રશ્નોનો સેમિનાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ આયોજિત "કચ્છના વિકાસના પ્રશ્નોની માહિતી" અંગેનો સેમિનાર રવિવાર, તા. ૫-૯-૨૦૦૪ના મુંબઈમાં સુમતિ ગુર્જર ભવન, ચેમ્બુર ખાતે ખૂબજ ઉત્સાહપૂર્વકના વાતાવરણમાં યોજાઈ ગયો. દેશના અનેક શહેરોમાંથી અંદાજિત ૫૦૦ જેટલા કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. આ સેમિનારમાં મુંબઈ ઉપરાંત મદુરાઈ, કોઈમ્બતુર, સેલમ, રાઉરકેલા, રાયપુર, બારામતી, સાંગલી, સતારા, નાગપુર, વલસાડ, વાપી, સુરત, વડોદરા, અમદાવાદ, કચ્છ વગેરે અનેક સ્થળેથી કચ્છી ડેલીગેટ્સ પધારેલ હતા.

**શ્રી અમરચંદ ગાલા** (નવનીત ગ્રૂપ)ના શુભ હસ્તે મંગલદીપ પ્રગટાવીને આ સેમિનારનો શુભારંભ થયો હતો.

મધ્યપ્રદેશના નાણામંત્રી શ્રી રાઘવજીભાઈ સાવલા, ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શ્રી સુરેશચંદ્ર મહેતા, ગુજરાત રાજ્યની વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ તેમજ હાલના નાણાપંચના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ, ભૂતપૂર્વ નાણામંત્રી તેમજ હાલના રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ, હાલના સાંસદ શ્રી પુષ્પદાન ગઢવી, ભૂતપૂર્વ સાંસદ શ્રી અનંતભાઈ દવે, હાલના ધારાસભ્યશ્રીઓ શ્રી નરેન્દ્રભાઈ જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા, શ્રીમતી નીમાબહેન આચાર્ય, શ્રી છબીલદાસ પટેલ તેમજ ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા તેમજ કચ્છ જિલ્લા પંચાયતના અધ્યક્ષ કુ. જાગૃતિબહેન શાહ વગેરે મહાનુભાવો આ સેમિનારમાં ઉપસ્થિત રહેલ હતા.

શ્રી લક્ષ જૈન, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી અશોક મહેતા, શ્રીમતી સુષ્મા આયંગર, ડૉ. જ્ઞાનેશ્વર રાવ, શ્રી રસિકભાઈ મામતોરા, શ્રી નિમેષ ફડકે, શ્રી હર્ષદરાય ધોળકિયા, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી અરુણભાઈ વચ્છરાજાની, શ્રી નિખિલભાઈ છાયા, શ્રી મધુભાઈ માંકડ, શ્રી સુમતિભાઈ મહેતા, શ્રી પંકજ શાહ, શ્રી શશિકાંતભાઈ ઠક્કર, શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી લાલ રાંભિયા વગેરે વિવિધ વિભાગના તજજ્ઞોની આ સેમિનારમાં હાજરી ઉલ્લેખનીય હતી.

શ્રી નવનીતલાલ શાહ (આશાપુરા માઈન્સ), શ્રી વસંતભાઈ અદાણી (મુન્દ્રા પોર્ટ), શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી ચંદ્રકાન્ત ગોગરી, શ્રી શાંતિભાઈ મેકોની, શ્રી મેઘજીભાઈ રામજિયાણી, શ્રીમતી લીલાબહેન કોટક, શ્રી શંભુભાઈ માવ, શ્રી હીરાચંદ પટેલ, શ્રી શશિકાંત જેસરાણી, શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી જગશી જેઠાભાઈ છેડા, શ્રી બિપિન જૈન, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી શાંતિલાલ મુરજી સાવલા, શ્રી પારસ પદમશી મૈશેરી, શ્રી શાંતિલાલભાઈ સોમૈયા, શ્રી કોમલ છેડા, શ્રી વિનોદભાઈ ચીમનલાલ શાહ વગેરે અનેક શ્રેષ્ઠીવર્ય તેમજ સમાજના વિવિધ વિભાગના આગેવાનશ્રીઓ આ સભામાં ઉપસ્થિત રહેલ હતા.

મધ્યપ્રદેશના નાણાંમંત્રી **શ્રી રાઘવજીભાઈ સાવલા**એ જણાવેલ કે કચ્છમાં અનેકવિધ સમસ્યાઓ છે. ધરતીકંપ, વાવાઝોડાં, દુષ્કાળ, સરહદનાં પ્રશ્નો વગેરે મુશ્કેલીઓ આ પ્રદેશમાં છે છતાં અહીંની પ્રજા એ 'ધીંગી ધરતીના ધીંગા માડુ'ની ઉક્તિને અનુસાર છે. કચ્છ ધરતીકંપ બાદ ઊભું થઈ ગયું કે જ્યારે લાતુરને હજુ તેની સમસ્યાઓ સતાવે છે. કચ્છમાં અનેક ઉદ્યોગો આવ્યા છે અને ૮૫૦૦ કરોડના ઉદ્યોગો પાઈપ લાઈનમાં છે એની સરખામણીમાં મધ્યપ્રદેશમાં તો માત્ર રૂા. ૨૦૦૦ કરોડના ઉદ્યોગો પણ પાઈપ લાઈનમાં નથી. કચ્છમાં દર વર્ષે ચાર કરોડની કેરીનો પાક થાય છે. વર્ષે ૨૦૦ કરોડના ફળ-ફૂલ પેદા થાય છે. કચ્છની પ્રગતિને હવે કોઈ જ રોકી શકે તેમ નથી.

ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી **શ્રી સુરેશચંદ્ર મહેતા**એ જણાવેલ કે હું ૧૯૬૨થી જાહેર જીવનમાં છું. ત્યારથી તે અત્યાર સુધી મેં કચ્છના વિવિધ પાસા નિહાળ્યા છે. તે અનેકવિધ સારી-નરસી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલ છે. કચ્છને ચારે તરફ રણ અને દરિયાનો વિસ્તાર હોવાથી તે એક સમયે દુનિયાથી વિખૂટો પડેલ પ્રદેશ રહેવા પામેલ હતો આજે તે સેન્ટરમાં આવી ગયેલ છે. અખાતના દેશો કે વેસ્ટર્ન કન્ટ્રીઝથી આજે તે નજીક છે. ધરતીકંપ બાદ કચ્છનો વિકાસ વધવા પામ્યો છે. આપણે કચ્છના અલગ રાજ્ય રચનાની વાત કરીએ છીએ પરંતુ તેથી અત્યારે જે ગુજરાત તરફ નજર રાખવી પડે છે તે નજર કેન્દ્ર તરફ રાખવી પડશે. આ પ્રશ્ને લાગણીથી ના વિચારીએ પરંતુ બુદ્ધિથી વિચારવું જરૂરી છે. આ પ્રશ્ને આપણે ચાતરશું તો તે ઈતિહાસની બહુ મોટી ભૂલ ગણાશે. કચ્છમાં કંડલા વિકસેલ છે, મુન્દ્રા વિકસી રહ્યું છે. અનેકવિધ ઉદ્યોગોની સ્થાપના થઈ ચૂકેલ છે અને અનેકવિધ ઉદ્યોગો આવી રહ્યા છે. આપણે આપણા અંગત રાગદ્વેષ તથા અહમ્ બાજુમાં મૂકી એક સાથે રહીને કચ્છના હિતમાં કામ કરીએ તે આજની તાતી જરૂરિયાત છે.

*આત્મીયતાનો ભાવ કેળવો, બધા સંઘર્ષ ઉત્સવ બની જશે.*

ગુજરાત રાજ્ય વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ તથા હાલના ગુજરાત રાજ્યના નાણાપંચના અધ્યક્ષ **શ્રી ધીરુભાઈ શાહે** જણાવેલ કે આજનું સંમેલન એ સંવાદનું સંમેલન છે, વિવાદનું સંમેલન નથી. કચ્છના તમામ પાસાઓને આવરી લઈને કચ્છનો વિકાસ સાધવા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશને એક રિપોર્ટ તૈયાર કરવાનું ઠરાવેલ છે. આપણે આ પ્રકારના સેમિનારો અગાઉ ઘણી બધી જગ્યાએ યોજેલ છે પરંતુ ત્યારબાદ તેના આનુષંગિક કાર્યો કરવામાં આવતા ન હોવાથી તેના ફળો મળતા નથી. આજનું સંમેલન અખિલ ભારતીય સંમેલન જેવું બનવા પામેલ છે તેથી આજે આપણે જે વિકાસની વાતો કરીએ છીએ તેના આનુષંગિક કાર્યો કરવા એક સમિતિની રચના કરવી ખૂબ જરૂરી બની રહે છે.

ગુજરાતના માજી નાણાં પ્રધાન અને હાલે રાપર વિભાગના ધારાસભ્ય **શ્રી બાબુભાઈ મેઘજી શાહે** જણાવ્યું હતું કે કચ્છના હિત માટેના આયોજનમાં વિસંવાદિતા ઊભી થાય એવું કશું જ કરવાનો ઈરાદો ક્યારે પણ હોઈ શકે નહીં.

માજી વિધાનસભ્ય **શ્રી તારાચંદ છેડાએ** જણાવ્યું હતું કે કચ્છના પ્રશ્નો અંગે કાર્યરત વ્યક્તિઓ, સંગઠનો અને કચ્છના બધા જ રાજકારણીઓએ સંકલનમાં રહીને કામ કર્યું હોત તો કચ્છમાં આજે જે સારા પરિણામો દેખાઈ રહ્યા છે તે વીસ વર્ષ પહેલાં જ આવી ગયા હોત.

વિધાનસભ્યો **શ્રીમતી નીમાબહેન આચાર્ય** અને **શ્રી છબીલદાસ પટેલે** જણાવ્યું હતું કે નર્મદાની કચ્છ કેનાલનું કામ શરૂ થતું નથી એમાં આપણે પણ દોષી છીએ. આ કામો જલદી પૂરાં થાય તે માટે આપણે સૌએ સહિયારા પ્રયાસ કરવા જોઈએ.

વિધાન સભ્ય **શ્રી નરેન્દ્રસિંહજી જાડેજાએ** કચ્છને ફાળવવામાં આવેલ નર્મદાના ચોમાસાના વધારાના પાણી માટે કચ્છમાં વધારાની સંગ્રહશક્તિ ઊભી કરવાની હિમાયત કરી હતી.

વિધાનસભ્ય **શ્રી ગોપાલભાઈ ધુવાએ** કચ્છમાં ઔષધીય વનસ્પતિની ખેતી માટે અનુરોધ કર્યો હતો.

કચ્છના સાંસદ **શ્રી પુષ્પદાન ગઢવીએ** જણાવ્યું હતું કે કચ્છની ખનીજ સંપત્તિ, વિશાળ સાગરકાંઠો, પૌરાણિક પર્યટન સ્થળો વગેરેને અનુલક્ષીને ઔદ્યોગિક વિકાસની ઉપલબ્ધ તકો ઝડપી લેવા હાકલ કરી હતી.

આ અગાઉ ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી **ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ** સહુને આવકાર આપતા જણાવેલ કે સમાજના દરેક વિભાગના અગ્રણીને એક સાથે, એક મંચ પર ઉપસ્થિત રાખી, કચ્છના વિકાસ માટે વિચાર-વિમર્શ કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે કે જેના પરિણામો ખૂબ જ સુંદર આવે તેવી આપણે સહુ આશા રાખીએ.

ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખપદેથી **શ્રી નેણશીભાઈ લધાએ** પોતાની સરળ તેમજ અસ્ખલિત વાણીપ્રવાહનો ધોધ વહેવડાવી સમારંભમાં ઉપસ્થિત સહુ મહાનુભાવોને આશ્ચર્યચકિત કરી દીધેલ. તેમણે જણાવેલ કે કચ્છમાં અમે બે મોટી ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરેલ છે અને બીજા બે યુનિટો તૈયાર થઈ રહ્યા છે પરંતુ કચ્છમાં ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરવાની પ્રેરણા મને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત "કચ્છનો ઔદ્યોગિક વિકાસ—ધરતીકંપ બાદ"ના સેમિનારમાંથી મળેલ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની સેવાકીય વિવિધ પ્રવૃત્તિઓને સરળ પણ અંતરના ઊંડાણેથી આવતા વાણી પ્રવાહથી તેઓશ્રીએ બિરદાવેલ હતી. કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા ખૂબજ હિતાવહ હોતાં કચ્છ બહાર વસતા કચ્છીઓને ફરી પાછા વતનમાં પહોંચી જવા હાકલ કરી હતી.

ઉદ્‌ઘાટન સમારંભ બાદ વિકાસના વિવિધ વિષયોના તજજ્ઞોના પ્રવચનોના સેમિનારના સેશન-૧ ની અધ્યક્ષતાની જવાબદારી **શ્રી લક્ષ જૈને** ખૂબજ કુશળતાપૂર્વક નિભાવેલ હતી. આખા દિવસના સેમિનારના હાર્દ સમા આ સેશનમાં **શ્રી હીરાલાલ પારેખ, શ્રી રસિકભાઈ મામતોરા** તથા **શ્રી નિમેષ ફડકેએ** ઉદ્યોગો તથા તેને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરેલ હતી.

**શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાએ** કચ્છમાં બેન્કિંગ વ્યવસ્થા વિશે જણાવેલ કે કચ્છના લોકોની ડિપોઝિટની રકમ અંદાજે રૂા. ૬૦૦૦ કરોડ જેટલી બેન્કમાં જમા છે જ્યારે તેની સામે ધિરાણ માત્ર રૂા. ૭૫૬ કરોડનું છે. લોકોને ધિરાણ વધુ મળે તેવા પ્રયાસો થવા જોઈએ. કચ્છની ડિપોઝિટ કચ્છમાં રહે અને કચ્છના વિકાસમાં તેનો ઉપયોગ થાય તે માટે "કચ્છ ડેવલપમેન્ટ બેન્ક"ની વ્યવસ્થા આપણે વિચારવી જોઈએ.

'કચ્છ મિત્ર'ના તંત્રી **શ્રી કીર્તિભાઈ ખત્રીએ** સરહદના અનેકવિધ પ્રશ્નોની છણાવટ કરેલ હતી. ખાસ કરીને સિરક્રીકનો વિવાદ યુનોમાં ઢસડાઈ જાય તેવો ભય વ્યક્ત કરી આ બાબતે સચેત રહેવા અપીલ કરી હતી.

**શ્રી હર્ષદરાય ધોળકિયાએ** કચ્છ યુનિવર્સિટી વિષયે અનેકવિધ માહિતી આપતા જણાવેલ કે કચ્છ યુનિવર્સિટી, એ સેન્ટ્રલ યુનિવર્સિટી બને તો સર્વગ્રાહી રીતે તેના અનેક ફાયદા થશે. સેન્ટ્રલ યુનિવર્સિટીની માંગણીના સમર્થનમાં તેઓશ્રીએ સચોટ મુદ્દાઓ રજૂ કર્યા હતા.

**ડૉ. જ્ઞાનેશ્વર રાવે,** ભુજની નવનિર્મિત વિશાળ જનરલ હોસ્પિટલ અને તેના ખૂબજ અદ્યતન સાધનોનો પૂરતો સદુપયોગ થાય તે માટે વિના વિલંબે, આ હોસ્પિટલ સાથે સંલગ્ન મેડિકલ કૉલેજ શરૂ થાય તે માટે, યોગ્ય રીતે, સંકલિત કાર્યવાહી માટે રજૂઆત કરી હતી.

**શ્રી અરુણ વચ્છરાજાનીએ** કચ્છના વિકાસની શક્યતાઓ વિશે અને **શ્રી નિખિલ છાયાએ** કચ્છમાં ભૂકંપ પછીની વિસંગતતાઓ તથા **શ્રી મધુભાઈ માંકડે** કચ્છમાં ખેતીની પરિસ્થિતિ અને તેના પ્રશ્નો અંગે અને **શ્રી પંકજ શાહે** કચ્છની હસ્તકલા અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યાં હતાં.

**શ્રી સુમતિભાઈ મહેતાએ** કચ્છમાં મુંદ્રા

*થોડી સહનશીલતાને બદલે ગુસ્સો કરતાં કામ બગડે છે.*

ખાતે ચાલતા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં, બાયોટેકનોલોજીના આધારે ખારેક અને કેળાં પર ચાલતી સંશોધનની પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી.

**શ્રી અશોક મહેતા**એ કચ્છ માટેના વરસાદી અને નર્મદાના પાણીના ઉપયોગ માટેના રાજ્ય કક્ષાના આયોજનમાં થઈ રહેલ ઢીલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આ અંગેના કામો વિના વિલંબે શરૂ થાય તે માટે સક્રિય પ્રયાસો થાય તે માટે દરેક રાજકીય અગ્રણીઓને અપીલ કરી હતી.

**સુશ્રી સુષ્મા આયંગરે** દુષ્કાળનો સામનો કરવાના ઉપાય અંગે જણાવ્યું હતું કે દુષ્કાળ રાહતના કામોને બદલે દુષ્કાળ નિવારણ માટેનું આયોજન થવું જોઈએ. અને દુષ્કાળના વર્ષમાં નહીં પણ સારા વર્ષ દરમ્યાન જળસંગ્રહ માટે તળાવો અને ઘાસ સંગ્રહ માટે "કાલરો"માં નાણાં રોકાણ કરવા જોઈએ.

સેમિનાર દરમ્યાન ઉપસ્થિત શ્રોતાગણ તરફથી આવેલ પ્રશ્નો તથા સૂચનોની છણાવટપૂર્વકની રજૂઆત **શ્રી ભાઈલાલભાઈ પટેલ** તથા **શ્રી શશિકાંતભાઈ ઠક્કર** દ્વારા કરવામાં આવેલ હતી.

સમગ્ર સેમિનારનું સંચાલન **શ્રીમતી ફાલ્ગુની હીરેન** તથા **શ્રી હીરેન કે. શાહ** દ્વારા કરવામાં આવેલ હતું.

આ સેમિનારને સફળ રીતે પાર પાડવામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના કાર્યકરોનો અથાગ પ્રયાસ દૃષ્ટિગોચર થતો હતો. શ્રી સુમતિ ગુર્જર ભવનના વ્યવસ્થાપક ગણ તથા તે સમાજના યુવકોનો સ્વયંસેવક તરીકેનો સહયોગ ખાસ ઉલ્લેખનીય રહ્યો હતો.

આ અગાઉ તા. ૩-૯-૦૪ના "મુંબઈ પત્રકાર પરિષદના કાઉન્સિલ હોલ"માં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં પ્રિન્ટ મીડિયા તથા ઈલેક્ટ્રોનિક મીડિયાના ૫૦ જેટલા પત્રકારો ઉપસ્થિત રહેલ હતા. આ પત્રકાર પરિષદ યોજવામાં શ્રી જયંત છેડા, શ્રી યોગેશ ઠક્કર, શ્રી ચંદ્રસેન મોમાયા તથા શ્રી દીપક મેપાણીનો સુંદર સહકાર સાંપડેલ હતો.

*મંગલ મંદિર, ઓક્ટોબર ૨૦૦૪*

# ઓશો : અચાનક ઝબકેલ વીજળી

રહસ્યદર્શી ઓશો કહે છે કે, "તમે બીજાને સમજવા માંગતા હો, તો પ્રથમ તમારી જાતને સ્વીકારો, સમજો અને જાણો."

શું તમને ક્યારેય વિસ્મય થાય છે કે, "તમારા અસ્તિત્વનું પ્રયોજન શું છે? તમે કેમ આવ્યા છો? તમારા અસ્તિત્વની કોઈ જરૂર ખરી કે? કે તમે એક ચમત્કાર છો! આવા પ્રશ્નોના સાચા જવાબ જડતા નથી, પરંતુ એ હકીકત છે કે તમારું અસ્તિત્વ છે. પછી કોઈ ઇચ્છે કે ન ઇચ્છે, તમે તમારો રોલ ભજવો કે ન ભજવો.

"તમે અસ્તિત્વનું એક રહસ્ય છો. આ જીવન તમને સર્જન, ઉત્સવ, આનંદ અને શક્ય તમામ શુભ કાર્યો માટે આપેલ છે. શું તમારે મન આ જીવન અવસરનું કોઈ મૂલ્ય છે? કે પછી તમને તેની કોઈ પરવા નથી?

"મોટાભાગના લોકો તો એમ જ જીવે છે, જાણે તેમને કાંઈ પડી જ નથી. રોજિંદાં કાર્યો, આપાધાપી અને બેહોશીમાં જ જીવન વેડફાઈ રહ્યું છે, જાણે કે અમરપટો લઈને આવેલ હોય. અમૂલ્ય જીવનનું મૂલ્ય આપણે સમજ્યા જ નથી.

"તેથી પ્રાતઃકાળે તમે ઊઠો અને રોજિંદી પ્રવૃત્તિઓના વમળમાં લપેટાઈ જાઓ તે પહેલાં ઘડી થોભો અને ધ્યાનમાં ડૂબો. જીવન જીવવાની જે તક મળી છે તે માટે કૃતજ્ઞતા અનુભવો. તમે જે કાંઈપણ કરી રહ્યા છો તે છતાં પણ અસ્તિત્વનો હજી પણ તમારામાં રસ છે અને તેથી જ તેણે તમારી જીવનયાત્રાને ચાલુ રાખી છે. એ માટે અસ્તિત્વનો આભાર માનો.

"અસ્તિત્વ પ્રતિ કૃતજ્ઞ બનો અને તમારી જાતને પ્રેમ કરો. અસ્તિત્વ તમને ચાહે છે અને એને તમારી જરૂરિયાત છે. પ્રેમનું ચિંતન કરી તમારા અણુએ અણુને પ્રેમની ઊર્જાથી ભરી દો.

"તમારો પ્રેમ તમે બીજા પર વરસાવો તે પહેલાં શરૂઆત તમારી જાતથી કરો. સ્વયંને પ્રેમ કરવા કરતાં અન્યને પ્રેમ કરવો સહેલો છે. કારણ કે માણસ પોતાની જાતની ખામીઓ સદા શોધતો ફરે છે અને પોતે અધૂરો અધૂરો છે તેમ તેને લાગે છે. પરંતુ તમને એ સમજાય છે કે તમે જેવા છો તેવા જ અસ્તિત્વ તમને સ્વીકારે છે અને તમારી હયાતી એ ઇચ્છે છે?

"અસ્તિત્વ તમારી ઉપર કોઈ નીતિનિયમો કે શરતો થોપતું નથી. એ તમને કોઈપણ પૂર્વશરતો વગર પ્રેમ કરે છે પછી તમે પાપી હો કે સંત, એ તમને સ્વીકારે છે તમારી સમગ્રતામાં. સૂર્ય, ચંદ્ર, તારા અને સમગ્ર પ્રકૃતિ તમારો સ્વીકાર કરે છે. કુદરત પાસેથી શીખો અને તમારી જાતનો સ્વીકાર કરો.

"સવારે ઊઠીને વૉશ બેઝીનમાં મોઢું ધુઓ ત્યારે અરીસામાં તમારો ચહેરો એ રીતે જુઓ કે જાણે તમે તમારા પ્રિય પાત્રને જોતા હો કે કોઈ નિર્દોષ બાળકને જોતા હો; તમારા હૃદયનો સમગ્ર પ્રેમ તમારી આંખોમાં વહેવડાવી તમારી તરફ આનંદ અને આશ્ચર્ય સાથે જુઓ કે તમે કોણ છો? થોડી ક્ષણો બધું ભૂલી જઈ તમારી જાત સાથે રહો. આ અત્યંત અલભ્ય ક્ષણો છે. જ્યારે તમે તમારો સમગ્ર પ્રેમ તમારી જાતમાં વહેવડાવો છો અને આશીર્વાદોથી ભરાઈ જાઓ છો.

"આ એક ધ્યાન જ છે, અને તે તમારા જીવનમાં લયબદ્ધતા લાવશે. યાદ રાખો, દિનચર્યાની આવી મંગલ શરૂઆત તમને ચોક્કસપણે અન્યને પ્રેમ કરતાં શીખવશે. તમારા પ્રત્યેક શ્વાસમાં પ્રેમ હશે અને ઉચ્છવાસમાં કરુણા. તમારા અણુએ અણુમાં પ્રેમ છલકાશે. આ પ્રેમનું ચુંબકત્વ તમારા જીવનમાં ક્રાંતિ આણશે. તમારામાંથી વહેલો પ્રેમ અનેકગણો થઈ તમારા પર વરસશે. પ્રેમથી અધિક શક્તિશાળી કોઈ ધ્યાન નથી.

પ્રેમ જ પરમાત્મા છે."

*મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૨*

*પુરુષનું સ્વપ્ન અને મહિલાનાં આંસુ વિશ્વમાં કશું પણ કરવા સક્ષમ છે.*

કચ્છનો પાણી પ્રશ્ન

# નર્મદાના નીર અને કચ્છ

## એક અહેવાલ

કચ્છને નર્મદનાં નીર મળી જ રહેશે એ માટે જો ગુજરાત સરકાર કૃતનિશ્ચયી હોય તો જે નહેર કચ્છને મળનારી છે તેનું ખોદકામ સરદાર સરોવર તરફથી આગળ વધી રહ્યું છે. તેની સાથો સાથ કચ્છને છેડેથી પણ ખોદકામ શરૂ કરવાનો તાત્કાલિક નિર્ણય લઈ કચ્છના લોકોને આ અંગે ખાતરી મળી રહે તે માટે યોગ્ય કરવાની માંગણી સાથે, **અમદાવાદ, મુંબઈ અને કચ્છના કચ્છી અગ્રણીઓના બનેલા એક પ્રતિનિધિ મંડળે, નર્મદા નિગમના ચેરમેન શ્રી સનત મહેતાની ગાંધીનગર ખાતે તા. ૩૧-૧-૮૯ના રોજ મુલાકાત લીધી હતી** અને કચ્છને પૂરતા પ્રમાણમાં નર્મદાનું પાણી ફાળવવા રજૂઆત કરી હતી.

હાલના આયોજન મુજબ નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર મારફત માંડવી તાલુકાના નાની ખાખર સુધી જ પાણી પહોંચાડવાનું વિચારવામાં આવેલ છે તેને બદલે ખોસલા પંચની ભલામણ મુજબ આ નહેરને મૂળ આયોજન મુજબ માંડવી થઈને અબડાસાના કંડુલી ગામ સુધી લઈ જવા ઉપરાંત બન્ની શાખા નહેર મારફત લખપત તાલુકાના નરા સુધી તેમજ પ્રાથડ શાખા નહેર મારફત રાપર તાલુકાના સૂકા વિસ્તારોને નર્મદાના પાણી પહોંચાડવા અંગે પુનઃ વિચારણા કરવા ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું અને સાથે આંકડાકીય આધારભૂત માહિતી આપવામાં આવી હતી.

કચ્છની ભૌગોલિક સ્થિતિ જોતાં એવી પણ માગણી કરવામાં આવી કે નર્મદાની મુખ્ય નહેર કચ્છ વિસ્તારમાં ખોદાય તેની સાથે મજકુર નહેરમાંથી અન્ય પેટા નહેરો પણ તૈયાર કરવામાં આવે જેના વડે કચ્છના નાના-મોટા બધા ડેમ અને બંધારા, નર્મદાનાં નીરથી ભરી શકાય. ચોમાસાની ઋતુ દરમ્યાન નર્મદાના વધારાના નીર જે સરદાર સરોવર બંધાયા પછી પણ, દરિયામાં વહી જવાના છે તે કચ્છના આવા ડેમ કે બંધારામાં સંગ્રહિત કરી કચ્છના સૂકા વિસ્તારોના વિકાસ માટે ઉપયોગમાં લઈ શકાય.

આ બેઠકમાં શ્રી સનતભાઈ મહેતા ઉપરાંત નર્મદા નિગમના ડીરેક્ટર શ્રી પી.એ. રાજ અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. જ્યારે ૧૯ સભ્યોના આ પ્રતિનિધિ મંડળમાં શ્રી કચ્છી જૈન સમાજના અમદાવાદના અગ્રણી કાર્યકરો શ્રી હીરજીભાઈ શાહ, ડૉ. ચન્દ્રકાન્ત દેઢીઆ, શ્રી મુળજીભાઈ લોડાયા, શ્રી મહેશભાઈ શાહ, કચ્છશ્રુતિના તંત્રી કુ. કુરુવા તેમજ શ્રી હરીશભાઈ રંગવાળા ઉપરાંત મુંબઈથી શ્રી ગણાત્રા (માજી મેયર, મુંબઈ) શ્રી પ્રભાત કારિયા, શ્રી વીરન સોમૈયા, શ્રી ભવાનજી રામજી ગાલા (પત્રકાર અને તંત્રી કચ્છ રચના), તેમજ કચ્છના ધારાસભ્યો શ્રી હરિલાલભાઈ પટેલ (રાપર) શ્રી કનુભા જાડેજા (અબડાસા) અને શ્રી વાલજીભાઈ દનીચા (મુન્દ્રા) તેમજ કચ્છથી શ્રી મહેશ ઠક્કર (માજી ધારાસભ્ય), શ્રી શિવદાસ પટેલ (માજી જિલ્લા પંચાયત પ્રમુખ) અને શ્રી મેઘજીભાઈ મોથારિયા, પ્રતિનિધિ તરીકે સામેલ રહ્યા હતા.

**શ્રી સનતભાઈએ જણાવ્યું હતું કે, હાલના તબક્કે નર્મદના પાણીની વહેંચણીમાં ફેરફાર થઈ શકે એમ નથી.** પરંતુ ગુજરાતને ફાળવવામાં આવેલ નર્મદાના પાણીમાં વધારો થવાની શક્યતાઓ છે અને જો આ પાણી વધશે તો કચ્છ સૌરાષ્ટ્રના અન્ય ભાગોને આ યોજના નીચે આવરી લેવામાં આવશે એવી હૈયાધારણા તેઓએ પ્રતિનિધિ મંડળને આપી હતી.

ત્યારબાદ નર્મદા યોજનાનો હવાલો સંભાળતા, જળસંપત્તિ વિભાગના માનનીય મંત્રીશ્રી મહંત વિજયદાસજીની પણ આ પ્રતિનિધિમંડળે મુલાકાત લીધી હતી અને નર્મદાના પાણી કચ્છના બધા જ વિસ્તારોમાં પહોંચે એવી જોગવાઈ કરવા માંગણી કરી હતી. તે ઉપરાંત રાજસ્થાન કેનાલ તથા પાકિસ્તાનની સિંધુ નદીના પાણી કચ્છને મળે તે માટેના પ્રશ્નો ફરી હાથ ધરવા કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરવા પણ જણાવવામાં આવ્યું હતું. શ્રી મહંત વિજયદાસજી એ આ બાબતો તપાસી તે અંગે ઘટતું કરવાની ખાતરી આપી હાતી.

કચ્છ જિલ્લાનો હવાલો સંભાળતા પ્રધાન અને ઉદ્યોગ ખાતાના માનનીય મંત્રીશ્રી હરિસિંહ મહીડા તથા સમાજ કલ્યાણ અને ખેતીવાડી ખાતાના માનનીય મંત્રીશ્રી દોલતભાઈ પરમારને પણ આ પ્રતિનિધિ મંડળ મળ્યું હતું અને કચ્છના પ્રશ્નો પ્રત્યે સહાનુભૂતિ ભર્યું વલણ લેવા આગ્રહભરી રજૂઆત કરી હતી.

***મંગલ મંદિર, માર્ચ-૧૯૮૯***

# નર્મદાના નીરથી કચ્છ નંદનવન બની જશે એ વાત ભ્રામક છે.

અવારનવાર કુદરતી આફતનો ભોગ બનતો કચ્છ જિલ્લો નર્મદાના નીરથી નવપલ્લવિત બની જશે એવી આશા છેતરામણી હોવાનું ચિત્ર ગાંધીધામ ચેમ્બરનાં એક પ્રતિનિધિ મંડળે સ્થળ પર અભ્યાસ કર્યા બાદ આપેલ વિગતો પરથી ઉપસે છે.

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનાં ૧૫ સભ્યોનાં પ્રતિનિધિ મંડળે ચેમ્બરના પ્રમુખ શ્રી ભોમરાજભાઈ જગાણીની આગેવાની હેઠળ તાજેતરમાં નર્મદા સરદાર સરોવર યોજનાનાં સ્થળની મુલાકાત લઈ આ યોજના હેઠળ ગુજરાતના અન્ય પ્રદેશોની સરખામણીમાં કચ્છને સિંચાઈનો કેટલો લાભ મળશે તેનો ઝીણવટભર્યો અભ્યાસ કરતાં કચ્છ જિલ્લો વધુ એકવાર ગુજરાત સરકારના અન્યાયનો ભોગ બન્યો હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

આ યોજનાનો માસ્ટર પ્લાન તૈયાર કરનાર ખોસલા પંચે તેના અહેવાલમાં કચ્છના બન્ની વિસ્તાર સહિતના રણ પ્રદેશને આવરી લઈ છેક છાડબેટ સુધી નર્મદાના પાણીથી સિંચાઈ થઈ શકે તેટલા પ્રમાણમાં નવ લાખ એકર ફીટ પાણી આપવાની ભલામણ કરી હતી જે માત્રા હવે ઘટાડીને ફક્ત ૧,૮૫,૦૦૦ એકર ફીટ કરવામાં આવી છે. એટલું જ નહીં સંબંધિત અન્ય બાબતોનો અભ્યાસ કરતાં આટલું પાણી પણ કચ્છને હંમેશાં મળતું રહેશે કે કેમ તેની શંકા ઉત્પન્ન થાય છે.

ખોસલા પંચની ભલામણો બાબત યોજના સાથે સંકળાયેલાં રાજ્યો વચ્ચે વિવાદ થતાં રચાયેલી ટ્રિબ્યુનલે બંધની ઊંચાઈ ૪૯૫ ફૂટ માન્ય રાખી મધ્ય પ્રદેશને (૬૫ ટકા) ૧૮૨.૫૦ લાખ એકર ફીટ, ગુજરાતને (૩૨ ટકા) ૯૦ લાખ એકર ફીટ, મહારાષ્ટ્રને (એક ટકો) ૨.૫૦ લાખ એકરફીટ અને રાજસ્થાનને (૨ ટકા) ૫ લાખ એકર ફીટ પાણીની ફાળવણી કરી હતી. **ગુજરાતને ફાળવેલા પાણીના કુલ જથ્થાનું જુદા જુદા જિલ્લાઓમાં કેટલા પ્રમાણમાં વિતરણ કરવું તેનો નિર્ણય રાજ્ય સરકાર પર છોડ્યો હતો.**

પરંતુ કમનસીબે ખેતી માટે મુખ્યત્વે, વરસાદ પર આધારિત અને સિંચાઈની અલ્પ સુવિધા ધરાવતા કચ્છ જિલ્લાની, જળ સંપત્તિ અને સિંચાઈ સવલતોની બાબતમાં અન્ય જિલ્લાની સરખામણીમાં ઉતરતી સ્થિતિ હોવા છતાં રાજ્ય સરકારે કચ્છની માત્ર ૩૭ હજાર હેક્ટર જમીનને પાણીની ફાળવણી કરી છે. **ઉલ્લેખનીય વાત એ છે કે સૌરાષ્ટ્ર ગુજરાત પ્રદેશનાં જળ સાધનો કચ્છ વિસ્તાર કરતાં ૨૩ ગણા વધારે છે તેમજ સુરેન્દ્રનગર સિવાયના તમામ જિલ્લાઓ કચ્છની સરખામણીમાં સિંચાઈ ક્ષેત્રે સમૃદ્ધ છે. તેમ છતાં નર્મદાના નીરનો ફક્ત બે ટકા હિસ્સો કચ્છને મળશે એ નિરાશાજનક છે.**

અન્ય જિલ્લાઓની સરખામણીમાં કચ્છની ૭૦.૮ ટકા જમીનને વધારાના પાણીની જરૂર છે. ગુજરાતની ખેતીલાયક ૫૦ લાખ એકર પડતર જમીન પૈકીની ૪૦ લાખ એકર જમીન ફક્ત કચ્છમાં આવેલી છે. એ દૃષ્ટિએ નર્મદાનાં પાણી મેળવવાનો અગ્રહક્ક કચ્છને મળવો જોઈએ તેને બદલે કચ્છને અલ્પ માત્રામાં પાણી આપી કચ્છના વિકાસનાં દ્વારને બંધ કરવામાં આવ્યાં હોવાનું પણ ફલિત થાય છે.

## ● અસંતુલિત અભિગમ :

નર્મદા નિગમે જળ વહેંચણીમાં તદ્દન અસંતુલિત અભિગમ અપનાવ્યો હોવાનું કેટલાક ઉદાહરણો પરથી જણાઈ આવે છે.

કચ્છ જિલ્લાના પાંચમા ભાગનું (૮૭૦૭ ચો.કિ.મી.) ક્ષેત્રફળ ધરાવતા અમદાવાદ જિલ્લાને ૩.૩૦ લાખ હેક્ટર જમીન માટે પાણીની ફાળવણી કરવામાં આવી છે. જે કચ્છ જિલ્લાને મળનારા પાણીના જથ્થા કરતાં દસગણું વધુ છે. અમદાવાદ જિલ્લાની ૪૬,૩૫૦ હેક્ટર જમીનને ધરોઈ સિંચાઈ યોજનાનો લાભ મળે છે. જ્યારે કચ્છની ૨૪,૫૨૦ હેક્ટર જમીન માટે એક માત્ર રૂદ્રમાતા, કાયલા, કાસવતી સિંચાઈ યોજના ઉપલબ્ધ છે. આ સિંચાઈ યોજના પણ સંપૂર્ણપણે વરસાદ પર અવલંબિત છે.

**ટ્રિબ્યુનલે રાજસ્થાનને પાંચ લાખ એકર ફીટ પાણી ફાળવ્યું છે. જે કચ્છને મળવાના પાણી કરતાં ત્રણ ગણું વધુ છે.** રાજસ્થાનને ઈંદિરા કેનાલ દ્વારા હિમાલયના મબલખ જળ પ્રાપ્ત થયાં છે પરંતુ તેનાં બારમેર અને સાંચોર વિસ્તાર સૂકા છે એ કારણોસર રાજસ્થાનને નર્મદાનું પાણી ફાળવાયું છે પરંતુ કચ્છમાં તેનાથી પણ વધારે સૂકા વિસ્તાર આવેલા છે અને જનતા પાણીના એક એક બિંદુ માટે તલસે છે ત્યારે કચ્છના વાજબી દાવાની અવગણના કરી રાજસ્થાન પ્રત્યે હમદર્દી બતાવવાનું કોઈ ઔચિત્ય જણાતું નથી. ગુજરાત સરકાર આ બાબત પર ફેર વિચારણા કરી રાજસ્થાનને મળનાર પાંચ લાખ એકર ફીટ પાણી કચ્છને આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવે એ જરૂરી છે.

નર્મદા નિગમે યોજના અંગેની તેની પુસ્તિકામાં પડતર જમીનના વિકાસ બાબત કચ્છના સંદર્ભમાં લખ્યું છે કે "મુખ્યત્વે કચ્છના મૂળભૂત સાધન સંપત્તિ વિહીન પછાત વિસ્તારોમાં પથરાયેલી ૨૦ લાખ હેક્ટર ખરાબાની જમીનનો મહત્તમ ઉપયોગ આ વિસ્તારમાં પાણીની ઉપલબ્ધિ દ્વારા જ શક્ય છે અને તો જ ગુજરાતની પર્યાવરણીય સમતુલાની પુનઃસ્થાપના થઈ શકશે." પરંતુ આ વિધાનથી ઊલટી જ રીતે કચ્છને નર્મદાના નીરથી મહદ્અંશે વંચિત રાખવામાં આવ્યું છે.

## ● નિરાશાની પરંપરા :

આ પછાત અને દુકાળિયા મુલકના વિકાસ માટે અનિવાર્ય એવું પાણી મેળવવા

*"કરીશું" આ નક્કી નથી, પણ "મરીશું" આ નિશ્ચિત છે.*

માટેની તમામ યોજનાઓમાં કચ્છને નિરાશાની પરંપરાનો સામનો કરવો પડ્યો છે, સ્વતંત્રતા પહેલાંની કચ્છમાં સિંધુનું પાણી લાવવાની યોજના દેશના વિભાજનને કારણે અમલી બની શકી નહીં. ત્યારબાદ રાજસ્થાનની બિયાસ સતલજ યોજનાનો કચ્છને પણ કેનાલ દ્વારા લાભ મળશે એવી આશા ઠગારી નીવડી અને હવે કચ્છને નવ લાખ એકર ફીટ નર્મદાના પાણી ફાળવવામાં આવશે અને બન્ની સહિત રણના વિસ્તારો હર્યાભર્યા થશે એવી ખોસલા પંચે જન્માવેલી આશા પણ રાજ્ય સરકારના 'અન્યાયી' વલણને લીધે ફળીભૂત થઈ શકી નથી.

ગુજરાત રાજ્યે નર્મદા ટ્રિબ્યુનલ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે જો ગુજરાતને ૮૦ લાખ એકર ફીટ પાણી ફાળવવામાં આવશે તો કચ્છના બન્ની તથા રણ વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવશે. હવે જ્યારે ટ્રિબ્યુનલે ગુજરાતને ૯૦ લાખ એકર ફીટ પાણી ફાળવ્યું છે. ત્યારે ગુજરાત સરકારે પોતાની બાંયધરીનું પાલન કરવું જોઈએ અને કચ્છને અપેક્ષિત માત્રામાં પાણી આપી પોતાનું દાયિત્વ નિભાવવું જોઈએ. નર્મદા યોજનાના પ્રધાન શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ તથા રાજ્ય સરકાર પાણીના અભાવે ઔદ્યોગિક ક્ષેત્રે પછાત રહી ગયેલા આ સરહદી પ્રદેશના વિકાસ અર્થે નર્મદાનું પૂરતું પાણી ફાળવવા ફેરવિચારણા કરશે એવી પ્રતિનિધિ મંડળે આશા વ્યક્ત કરી હતી.

વિપુલ પ્રમાણમાં ખનિજ સંપત્તિ ધરાવતા કચ્છમાં નિમક તથા ખનિજ આધારિત સિમેન્ટ, એલ્યુમિનિયમ, સોડાએસ, કોસ્ટિક સોડા, ક્લોરિન વગેરે ભારે ઉદ્યોગો સ્થાપવાની પૂરતી સંભાવના છે. કચ્છમાં જમીનની વિપુલતા, કુશળ કારીગરો અને નાણા રોકાણની શક્યતાઓ હોવા છતાં પાણીની તંગીને કારણે ઔદ્યોગિક વિકાસ શક્ય બનતો નથી.

કચ્છનો સમગ્ર વિસ્તાર અને ખાસ કરીને કંડલા સંકુલ તેની પાણીની જરૂરિયાત માટે હાલમાં ભૂગર્ભ જળ ભંડારો પર પણ આધાર રાખે છે જેથી પાતાળકૂવાઓમાં પાણીની સપાટી ચિંતાજનક રીતે ઘટતી રહી છે. અગાઉ પાણીનું સ્તર ૪૦ ફૂટનું હતું જે હવે ૨૦૦ ફૂટ સુધી ઊંડે ગયું છે. આમ વેડફાઈ જઈ રહેલી આ અમૂલ્ય કુદરતી સંપત્તિની રક્ષા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જરૂર છે અને આ માટે નર્મદા સિવાય કોઈ વિકલ્પ નજરે પડતો નથી.

- **નર્મદાના પાણી કચ્છ સુધી પહોંચવાની ધૂંધળી સંભાવના :**

આ યોજનામાં પાણીની ફાળવણી ૭૫ ટકા વિશ્વસનીય આવકના ધોરણે કરવામાં આવી છે જે મુજબ ટ્રિબ્યુનલે ગુજરાતને ૯૦ લાખ એકર ફીટ પાણી ફાળવવામાં આવ્યું છે. નર્મદા નદીના ઉપરવાસમાં આશરે ૩૦૦ કિ.મી.ના અંતરે મધ્ય પ્રદેશમાં બંધાનાર 'નર્મદાસાગર' યોજનામાંથી નિયંત્રિત પાણી સરદાર સરોવર માટે છોડવામાં આવશે. આ ઉપરાંત મધ્ય પ્રદેશમાં નાના મોટા બંધો બાંધી બની શકે તેટલું પાણી રોકી રાખવામાં આવશે. **આમ સરદાર સરોવર માટે ગુજરાતને મળવાના પાણીનો આધાર મધ્ય પ્રદેશ પર અવલંબશે.**

સરદાર સરોવરમાંથી ૪૪૫ કિ.મી. લાંબી મુખ્ય નહેર રાજસ્થાન સરહદ સુધી લંબાશે. આ નહેરમાં વહનશક્તિ ૪૦,૦૦૦ ક્યુસેક જેટલી હશે. જેમ જેમ નહેર આગળ વધતી જશે તેમ તેમ તેની વહન શક્તિ ઘટતી જશે અને ગુજરાત રાજસ્થાન સરહદે તે ઘટીને માત્ર ૨૫૦૦ ક્યુસેક જેટલી રહેશે. કચ્છ વિસ્તાર માટે જે સ્થાન પાસેથી પેટા નહેર કાઢવામાં આવશે તે સ્થળે મુખ્ય નહેરની વહન શક્તિ ૩૦૦૦ ક્યુસેકની અંદાજવામાં આવી છે. મુખ્ય નહેરમાંથી ૩૫ શાખા નહેરો અને ઉપશાખાઓ કાઢવામાં આવશે અને આ નેટવર્કની સમગ્ર લંબાઈ ૭૫,૦૦૦ કિ.મી.ની હશે. નહેરમાંથી પાણીની વહેંચણી વારાબંધી મુજબના માપના ધોરણે કોમ્પ્યૂટરાઇઝ્ડ ઓટો રિમોટ કન્ટ્રોલ પદ્ધતિથી કરવામાં આવશે. અહીં ૭૫ ટકા વિશ્વસનીય પાણીની આવક નહેરમાં વહન માટે મળી રહેશે કે કેમ એ મુખ્ય પ્રશ્ન છે.

જે જળશક્તિથી ટર્બાઈન મુખ્ય બંધ પર ચલાવવામાં આવશે તેનું વપરાયેલું પાણી હેઠવાસમાં છોડવામાં આવશે તેમજ નર્મદા બારમાસી નદી હોવાથી ઉપરવાસથી ચાલુ રહેતા પાણીના પ્રવાહને અનુલક્ષીને હેઠવાસનો પ્રવાહ પણ ચાલુ રાખવામાં આવશે. જે ૭૫ ટકા વિશ્વસનીય પ્રવાહના અંદાજે કેનાલ સિસ્ટમનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંદાજ પણ ખરેખર સાચો સાબિત થશે કે કેમ એની શંકા છે.

જો મધ્ય પ્રદેશમાં નર્મદાના સ્ત્રાવ વિસ્તારમાં વરસાદ અપૂરતો થાય તો ગુજરાત માટે અપેક્ષિત જથ્થામાં પાણી રહે નહીં એ વાસ્તવિકતા આયોજકોએ વિદ્યુત ટર્બાઈનોને અવળી દિશામાં ચલાવવાની જોગવાઈ કરીને સ્વીકારી છે. જો આવી સ્થિતિ ઉત્પન્ન થાય તો નહેરમાં પાણી રહે નહીં કે ઓછી માત્રામાં રહે અને ત્યારે કચ્છ સુધી પાણી પહોંચે એવું માનવું વધુ પડતું છે.

- **કચ્છ અંગેની સ્પષ્ટતાઓ :**

મુલાકાત દરમ્યાન પ્રતિનિધિ મંડળે નર્મદા નિગમના ડેમ વિભાગના મુખ્ય સહિતના વરિષ્ઠ અધિકારીઓ સાથે કચ્છને સંબંધિત પ્રશ્નોત્તરી કરી હતી જેમાંથી કેટલીક સ્પષ્ટતાઓ આ પ્રમાણે છે.

કચ્છમાં નહેર ખોદવાના કામ માટેનો ડેટા મેળવવામાં આવ્યો છે. હાલમાં તેની ચકાસણી થઈ રહી છે. ત્યારબાદ પ્લાન, એસ્ટિમેટ, ટેન્ડર પેપર તૈયાર કરવામાં આવશે અને આ કામને હજુ એકાદ વર્ષ નીકળી જશે.

નર્મદા યોજના કચ્છનાં ૫૩૫ ગામડાંઓને પીવાનાં પાણીનો લાભ આપશે. આ ગામડાંઓ પૈકી અડધાં ઉપરાતનાં ગામડાંઓ સિંચાઈ વિસ્તારની બહાર આવેલાં છે અને આવાં ગામોને પાઈપ લાઈન દ્વારા પાણી આપવાની બે યોજનાઓ વિચારાઈ છે. **કચ્છ, સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત માટે ૩૩૪ કિ.મી. લંબાઈની પાઈપ લાઈન ચાંદોદથી નાખવાનું વિચારાયું છે.**

**કચ્છની શાખા નહેરનો અમુક ભાગ દરિયા કિનારાની ક્ષારવાળી જમીનમાંથી પસાર થવાનો છે. તેનું એલાઈનમેન્ટ થોડું ઉપર લેવામાં આવે તો સારી ઉપજાઉ જમીનને સિંચાઈનો લાભ મળે** પણ આવો ફેરફાર શક્ય છે કે કેમ તે પેટા નહેરનાં હેડ પરનાં લેવલ અને જ્યાંથી કેનાલ પસાર થવાની દરખાસ્ત થઈ છે તેનાં લેવલની ચકાસણી બાદ જ જાણી શકાય.

**સમગ્ર નર્મદા યોજના માટે રૂ. ૬૪૦૬ કરોડનો ખર્ચનો અંદાજ હતો.** જેમાંથી આશરે રૂ. ૯૦૦ કરોડ ખર્ચાઈ ગયા છે. ભાવ વધારાના હિસાબે સુધારેલો અંદાજ ૯,૦૦૦ કરોડનો છે અને તે વધીને રૂ. ૧૦,૦૦૦ કરોડનો થવા સંભવ છે.

*મંગલ મંદિર, જૂન-૧૯૯૧*

*પુરુષાર્થ જ સફળતા અપાવે.*

# કચ્છને નર્મદાના પાણીના વાજબી હિસ્સાની પ્રતીતિ સરકાર કરાવે તો જ મડાગાંઠ ઊકલે

• કીર્તિભાઈ ખત્રી •

*"કચ્છમિત્ર"ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીનો એક અગ્રલેખ "કચ્છમિત્ર"ના કચ્છી નવા વર્ષ - અષાઢી બીજ, તા. ૧૨-૭-૨૦૦૨ના અંકમાં છપાયેલ છે. આ અગ્રલેખમાં નર્મદાના પાણી વિશેની કચ્છની પ્રજાની જે લાગણીની રજૂઆત કરવામાં આવી છે તે વિગતોથી અને હકીકતોથી એટલી સચોટ છે કે તે અગ્રલેખને અત્રે સાભાર પુનઃપ્રસિદ્ધ કરવાની લાલચ રોકી શકાતી નથી. આ અગ્રલેખ તરફ કચ્છના છએ ધારાસભ્યો, પ્રદેશ કક્ષાના નેતાઓ, જિલ્લા કક્ષાના નેતાઓ તથા બૃહદ્ કચ્છના સામાજિક કાર્યકરો તરફ ધ્યાન દોરીએ કે જેઓ નિષ્ક્રિય થઈને આ પ્રશ્નને વાચા આપતા નથી, તેઓ કચ્છના મુખ્ય પ્રશ્ન તરફ આંખ મિચામણા કરે છે અથવા તો બેકાળજી દાખવે છે. આ પ્રશ્ને અધ્યક્ષ શ્રી ધીરુભાઈ, મંત્રી શ્રી સુરેશભાઈ મહેતા, જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ ઝવેરી, ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ, ભૂતપૂર્વ મંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી વગેરે કચ્છી આગેવાનોએ સંયુક્ત મિટિંગ ભરી, કચ્છના આ પ્રાણપ્રશ્ન માટે એકમતિ સાધી આ પ્રશ્નનો સુખદ નિવેડો લાવવો જોઈએ તેવી કચ્છની સમગ્ર પ્રજાની લાગણી અત્રે વ્યક્ત કરીએ છીએ. સાથે સાથે કચ્છના ઉદ્યોગપતિઓ, સામાજિક કાર્યકરો, ધર્મગુરુઓ તથા દરેક ક્ષેત્રના અગ્રણીઓએ પણ આ પ્રશ્નનો સુખદ અંત લાવવા માટે નિષ્ક્રિયતા ખંખેરી અગ્રીમ ભાગ ભજવવો જોઈએ તેવી ઈચ્છા પ્રદર્શિત કરીએ છીએ.*

*– અશોક મહેતા*

કચ્છીયતના કાંગરા ખેરવી નાંખનાર ખોફનાક ધરતીકંપ પછી આજે બીજી અષાઢી બીજ છે. અષાઢી બીજને પાણી સાથે સીધો સંબંધ છે. આજે કચ્છી માડુ.... વાદળ કાં વીજ.... ઉક્તિ અનુસાર વરસાદના એંધાણ પારખે છે....

...અને મેઘરાજા તો આ મુલકના મોંઘેરા મહેમાન છે. ક્યારેક આવે અને ક્યારેક બિલકુલ દેખાવ જ ન દે. ક્યારેક વળી, પવનના ઘોડા પર સવાર થઈને વરસ્યા વિના જ ચાલ્યા જાય, ક્યારેક સાંબેલાધારે એક રાતમાં ધ્રોસટ વરસી જાય અને પછી જાણે ખબર નથી તેમ પાછા ફરકે નહિ, ક્યારેક લંગડી રમતા હોય એમ કૂદકે કૂદકે મંઢા મીંની અદાએ વરસે.... કચ્છમાં વરસાદની અનિયમિતતા વિશેય પાને પાનાં ભરીને લખી શકાય. દશમાંથી સાત વર્ષ દુકાળ કે અર્ધદુકાળના હોય જ અને તેથી જ તો દુનિયાના ઈતિહાસમાં ક્યાંયે જોવા ન મળી હોય એવી હિજરત કચ્છી પ્રજાએ પાણીના અભાવે કરવી પડી છે. **આ રીતે બેવતન થયેલા કચ્છીઓની સંખ્યા વતનમાં રહેનારાઓ કરતાં બમણી હોવાનો અંદાજ છે.**

આઝાદી પછી પાણીની સમસ્યાના ઉકેલનુ એક સપનું કચ્છની પ્રજાને નર્મદાની યોજનારૂપે દેખાડવામાં આવ્યું હતું. ૧૯૭૯માં જળપંચે નર્મદાના પાણીની ફાળવણીનો ચુકાદો આપ્યો અને ૨૩ વર્ષ 'પળવાર'માં વીતી ગયાં. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં નર્મદા લાભાર્થી વિસ્તારમાં નહેરો બંધાઈ ચૂકી છે અગર તો ખોદાઈ રહી છે. ૧૯૭૯ના જળપંચના ચુકાદા વખતે જેનો વિચાર સુધ્ધાં વહેતો થયો નહોતો એવા નવા નવા વિસ્તારો નર્મદાના લાભાર્થીની યાદીમાં મુકાઈ ગયા છે અને નવાં આયોજન અનુસાર લીલી ઝંડીયે મળી ગઈ છે, પરંતુ કચ્છમાં નર્મદા શાખા નહેરનું ભૂમિપૂજન સુધ્ધાં નથી થયું. ખોસલાપંચ સમક્ષ કચ્છના સૂકા અને દુકાળિયા વિસ્તારોને નવપલ્લવિત કરવા માટે જ નર્મદા યોજના ઘડાઈ છે એવી રજૂઆત કરનાર ગુજરાત સરકાર અને એના નેતાઓ પાણીની વહેંચણી વખતે કચ્છના હિસ્સામાં જનોઈવાઢ ઘા કરી ગયા છે અને એની સામે અપવાદ બાદ કરતાં કચ્છના ભાગ્યે જ કોઈ નેતાએ ઊંચા સાદે વાત કરવાની હિંમત કેળવી છે. **કૌરવોના દરબારમાં દ્રૌપદીનાં વસ્ત્રાહરણ વખતે ભીષ્મ પિતામહ જેવા વડીલો ચૂપ રહ્યા હતા તેમ જુદી જુદી ગુજરાત સરકારોના શાસનમાં નર્મદાનાં નીરહરણ વખતે કચ્છના નેતાઓએ ચૂપકી સેવી હતી તેના પાપે કચ્છની આ સ્થિતિ છે.** આજે કોંગ્રેસ કચ્છને ગ્રેવિટી ફ્લોથી નર્મદાનાં પાણી આપવાની વાત કરે છે પણ વર્તમાન કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમરસિંહ ચૌધરી જ્યારે સિંચાઈ પ્રધાન કે મુખ્ય પ્રધાન હતા ત્યારે કચ્છને ન્યાય અપાવવાનો કેમ કોઈ પ્રયાસ કર્યો નહિ? એવું જ ભાજપનું છે. ૧૯૭૯માં કેશુભાઈ પટેલ સિંચાઈ પ્રધાન હતા અને કચ્છને જળ વહેંચણીમાં અન્યાય થયો છે તે તેમના હસ્તે અને બાબુભાઈ જશભાઈ પટેલના વડપણ હેઠળ થયો છે. તેઓ મુખ્ય પ્રધાન હતા ત્યાં સુધી તેમની વિરુદ્ધ કોઈ પણ ભાજપ નેતાએ નર્મદા પ્રશ્ને હરફ ઉચ્ચાર્યો નહિ. છતાં, ચાલો ભૂતકાળને ભૂલી જઈએ. આજે કચ્છ ભાજપ અને કચ્છ કોંગ્રેસ - શાસક અને વિપક્ષ - બંને નર્મદા પ્રશ્ને ન્યાય માંગે છે ત્યારે સરહદી અને સૂકા જિલ્લાને પૂરતાં પાણી આપવામાં સર્વસંમતિ છે એમ કહી શકાય. પરંતુ અહીં મુદ્દો પ્રદેશકક્ષાના નેતાઓના વલણનો છે. આપણો ભૂતકાળ એમ કહે છે કે જિલ્લા કક્ષાએ કોઈ મુદ્દો કે માંગ છેડાતી હોય છે ત્યારે

*પ્રતિભાનો અર્થ છે બુદ્ધિમાં નવી કૂંપણ ફૂટવી. નવી કલ્પના, શોધ અને સ્ફૂર્તિ એ પ્રતિભાના લક્ષણ છે.*

અનુકૂળતા મુજબ પ્રદેશ નેતાઓ તેનો પ્રતિભાવ આપે છે પણ તે માત્ર કાગળ પર જ રહે છે. કચ્છ કિસાન સંઘ કે જેણે નર્મદા પ્રશ્ને ન્યાય મેળવવા આંદોલન છેડીને પ્રજાનો પ્રચંડ ટેકો મેળવ્યો છે એના પ્રદેશ કક્ષાના નેતાઓએ પણ જિલ્લા સાથે દ્રોહ કર્યો છે. વિશ્વ હિંદુ પરિષદના નેતાએ પણ એમ જ કર્યું છે. જોકે વિ.હિ.પ. ધરતીકંપ પછી નર્મદા પ્રશ્ને ચિત્રમાં આવી છે. ટૂંકમાં, સાર કાઢીએ તો એમ કહી શકાય કે કચ્છના જિલ્લાકક્ષાના નેતાઓ પછી એ પક્ષીય હોય કે સંગઠન કક્ષાના હોય તેમને પ્રદેશ નેતાઓએ દાદ આપી નથી. ઊલટું, કચ્છની લાગણીઓ સાથે ગંદી રમત રમી છે. કચ્છની વિધાનસભાની બેઠકોની સંખ્યા માત્ર છની છે એટલે એનું કોઈ વજન પડતું નથી એમ જ આપણે તો આખરે માનવું રહ્યું.

પ્રશ્ન એ છે કે હવે શું? ગુજરાતને ફાળવાયેલા નર્મદાના કુલ પાણીનો માંડ બેથી ત્રણ ટકા હિસ્સો કચ્છને આપવાનું આયોજન સરકારે અને નિગમે કર્યું છે. પાણીની ફાળવણી કયા માપદંડના આધારે કરી છે એનો વાજબી ખુલાસો આજ સુધીની કોઈ પણ સરકાર કરી શકી નથી અને ગાડીને ગ્રેવિટી નહેરના નામે આડે પાટે ચડાવી દેવાઈ છે. ખોસલાપંચના શ્રી ખોસલા જેઓ સિંચાઈ ઈજનેરી કૌશલ્યના ભીષ્મપિતામહ ગણાય છે તેમણે ગ્રેવિટીની તરફેણ કરી હતી. જળપંચના એક સમયના અધ્યક્ષ શ્રી ચોપરા ઉપરાંત ૧૯૯૫માં નિગમના અધ્યક્ષ સનત મહેતાની સલાહથી જળસંકટ નિવારણ સમિતિએ નિગમના જ બે ભૂતપૂર્વ ચીફ ઈજનેરો બી. એસ. રાવ અને એમ. જી. રાયચૂરને નીમીને હેવાલ તૈયાર કરાવ્યો હતો. તેમાં પણ ઊંચા પાળાની એટલે કે ગ્રેવિટી કેનાલની ભલામણ કરવામાં આવી હતી. સુરેશચંદ્ર મહેતા મુખ્યપ્રધાન હતા ત્યારે માંડવીમાં વી.આર.ટી.આઈ. સંસ્થાના પ્રાંગણમાં મળેલી બેઠકમાં એ સમયના ચીફ ઈજનેર શ્રી પરમારે ગ્રેવિટી ફ્લોથી પાણી આપવાની માંગણીનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હતો. છતાં આજે નિગમ દ્વારા એમ કહેવામાં આવે છે કે આ પ્રશ્ને તજ્જ્ઞ નિષ્ણાતોની સલાહ લેવી જોઈએ. શું ખોસલા નિષ્ણાત નહોતા? ઉપરાંત આ પ્રશ્ને કેન્દ્રીય જળપંચે ૧૯૯૬માં પોતાનો અભિપ્રાય આપ્યો હતો. તેની વિગતો અંગેય મૌન શા માટે સેવાય છે? આંતરિક વર્તુળો કહે છે કે તેમાં ગ્રેવિટીની તરફેણમાં મત અપાયો છે તેથી શંકા એ જાય છે કે ગ્રેવિટીના ટેક્નિકલ પાસાને કે નાણાકીય બોજને આગળ ધરીને મૂળ તો કચ્છને વધુ પાણી ન ફાળવવાનો વ્યૂહ છે. સવાલ દાનતનો છે.

ભાજપનાં વર્તુળો એમ કહે છે કે હાલના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને નર્મદા પ્રશ્ને કોઈ પૂર્વગ્રહ કે વળગણ નથી. કેશુભાઈની વાત અલગ હતી. થોડા દિવસ પહેલાં કચ્છ કિસાન સંઘે ગાંધીનગરની રેલીનો કાર્યક્રમ પડતો મૂક્યો ત્યારે શ્રી મોદીએ 'કચ્છનો પ્રશ્ન સાચો છે અને સાથે મળીને ઉકેલીશું' એમ કહ્યું હતું. આ શબ્દોમાં કિસાન સંઘે ભરોસો મૂક્યો છે અને શ્રી મોદી સમસ્યા ઉકેલવા ઈચ્છુક હોય એમ માનવાને કારણ છે, પરંતુ સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે. ૨૩ વર્ષમાં કચ્છની શાખા નહેરની એક કિલો માટીયે ખોદાઈ નથી. વળી નર્મદા નિગમના અધ્યક્ષ તો કચ્છને અન્યાય થયો હોવાનું સ્વીકારતા સુધ્ધાં નથી અને હાઈકોર્ટમાં કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ કરેલી રીટ પાછી ખેંચી લેવાની સલાહ આપે છે. આવા માહોલમાં શ્રી મોદીએ કચ્છનો પ્રશ્ન ઉકેલવો હોય તો પ્રથમ રાજ્ય સરકાર કચ્છને નર્મદાનાં પાણીનો વાજબી હિસ્સો આપવા માંગે છે એની પ્રતીતિ કરાવવી જોઈએ. અત્યારે જેટલું પાણી ફાળવાયું છે એટલું સ્વીકારીને બાંધકામ શરૂ કરાવો એવા વલણમાં સમાધાનની કોઈ ભૂમિકા ઘડાઈ શકે નહીં.

નર્મદા યોજનાનાં પાણીની ૧૯૭૯માં ગુજરાતને ફાળવણી થઈ ત્યારથી માંડીને આજ સુધી એના આયોજનમાં અનેક ફેરફાર થયા છે. નિર્ણય રાજકીય રીતે લેવાયા છે અને આદેશ મળતાં નિગમના ઈજનેરો એને અનુસર્યા છે. કચ્છને પણ નર્મદાના વધુ પાણી ફાળવવાનો સરકાર નિર્ણય કરે તો ભરોસાપાત્ર અને લાંબાગાળે ઓછી ખર્ચાળ પદ્ધતિએ પાણી કઈ રીતે આપી શકાય એ નક્કી કરવાનું કામ અઘરું નથી. સવાલ રાજકીય ઈચ્છાશક્તિ અને નિર્ણયનો છે. બાકી આમ ને આમ બીજાં પાંચ વર્ષ નીકળી જશે અને કચ્છમાં સિંચાઈના પાણીનું કોઈ આયોજન નહિ થાય તો ઈતિહાસમાં ગુજરાતની તમામ સરકારોના માથે કલંક લાગવાનું છે. ૧૭મી સદીમાં ગુલામશાહ કલોરાએ સિંધુ નદીનું કચ્છનું વહેણ અટકાવવા બંધ બાંધ્યો હતો અને પછી ધરતીકંપે 'અલ્લાહબંધ' સર્જી દીધો. ૨૦મી સદીમાં નર્મદાનાં પૂરતાં પાણી કચ્છ તરફ વહેવડાવવામાં રાજ્ય સરકારોની નિષ્ફળતાની નોંધ પણ, પચાસ-સાઠ વર્ષ પછી ઈતિહાસમાં કદાચ એ જ રીતે લેવાશે. પણ આપણે ઈચ્છીએ કે કચ્છ માટે નિયતિ એવી ક્રૂર ન બને.

*મંગલ મંદિર, ઓગસ્ટ ૨૦૦૨*

# નર્મદાનાં પાણી

## નિગમનાં અધિકારીઓ સાથેની મિટિંગ

નર્મદાના પાણી વિશે પ્રાથમિક ચર્ચા કરવા શુક્રવાર તા. ૨૬-૭-૦૨ના નર્મદા નિગમના અધિકારીઓ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અધિકારીઓ વચ્ચેની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે મળેલ હતી.

કચ્છને કેટલું પાણી ફાળવવામાં આવી રહેલ છે અને કઈ સાઈઝની કેનાલ બનાવવામાં આવશે તેને લગતી પ્રાથમિક માહિતી નર્મદા નિગમ લિ.ના અધિકારીઓએ આપેલ હતી. જ્યારે સમાજના અધિકારીઓએ કચ્છને આ પ્રશ્ને કરવામાં આવી રહેલ અન્યાયની વિગતોની રજૂઆત કરેલ હતી.

આ પ્રશ્ને વાટાઘાટો દ્વારા નિકાલ લાવવા નજદીકના ભવિષ્યમાં ફરી મળવાનું નક્કી કરવામાં આવેલ હતું. સાથે સાથે મુંબઈ તથા કચ્છમાં રહેતા કચ્છીઓ કે જેઓએ આ બાબતે વિગતવાર અભ્યાસ કરેલ છે અને જેમની પાસે આ બાબત પૂરેપૂરી માહિતી છે તેમને પણ સામેલ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

નર્મદા નિગમ આ બાબતોની આંકડાકીય માહિતી તથા જરૂરી નકશાઓ તરતમાં પૂરા પાડશે તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું.

*મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૦૨*

*વીતેલો સમય ક્યારેય પાછો આવતો નથી.*

# નર્મદા - કચ્છ બ્રાંચ કેનાલ સમિતિ

## એક અહેવાલ

• અશોક મહેતા •

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની એક મિટિંગ રવિવાર તા. ૧૧-૮-૨૦૦૨ના મળેલ હતી. જેમાં નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો, સહુની સહમતિથી શક્ય જલદી ચાલુ કરાવી શકાય તે માટે એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

**આ સમિતિએ પોતાના કાર્યોનો પ્રયાસ આરંભી દેતાં પ્રથમ તો નર્મદા નિગમના અધિકારીઓ સાથે શનિવાર તા. ૧૭-૮-૦૨ના દિવસે શ્રી કચ્છી જૈન ભવન પર એક મિટિંગ યોજવામાં આવેલ હતી,** જેમાં અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી સમાજોના સભ્ય તેમજ આ યોજનામાં શરૂથી રસ લેતા મુંબઈ તથા કચ્છના વિવિધ આગેવાનો સહિત અંદાજે ૧૦૦ની સંખ્યામાં ઉપસ્થિત લોકોને નિગમના અધિકારીઓએ 'કચ્છ બ્રાંચ કેનાલ'ની માહિતી આપેલ હતી. 'કચ્છ બ્રાંચ કેનાલ'ના હજુ લગી પ્રસિદ્ધ ન કરાયેલ 'સેન્ટ્રલ વોટર કમિશન'ના રિપોર્ટની એક કોપી પણ મોકલી આપવાનું તેઓએ આ સભામાં ઉપસ્થિત લોકોને જણાવેલ હતું.

આ પ્રસંગે મુંબઈથી પધારેલ શ્રી લક્ષ જૈન તથા શ્રી દીપકભાઈ મેપાણી તેમજ કચ્છથી પધારેલ શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી વિનોદભાઈ ગાલા તેમજ શ્રી શશિકાંતભાઈ ઠક્કર સાથે નાના સમુદાયમાં આ વિષયના અનુસંધાને વાર્તાલાપ કરવામાં આવેલ હતો અને આ યોજનાની છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિ વિષે ઉપસ્થિત સહુ લોકો માહિતગાર થયેલ હતા.

આ દિવસો દરમ્યાન ગુજરાતના ઉદ્યોગ ખાતાના મંત્રીશ્રી સુરેશભાઈ મહેતા તેમજ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ સાથે પણ આ વિષયે વાર્તાલાપ કરવામાં આવેલ હતો અને વર્ષોથી લડત ચલાવતા કચ્છીઓની શક્ય ઈચ્છા અનુસાર આ 'કચ્છ બ્રાંચ કેનાલ'નાં કામો શક્ય જલદી ચાલુ થાય તે માટે ઈચ્છા વ્યક્ત કરવામાં આવેલ હતી. શ્રી સુરેશભાઈ મહેતા તેમજ શ્રી ધીરુભાઈ શાહે પણ ખુલ્લા મને ઉપસ્થિત પ્રતિનિધિઓ સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કરેલ હતા.

ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના એક પ્રતિનિધિ મંડળે જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ ઝવેરીને મળીને તેમની સાથે પણ આ મુદ્દે વાર્તાલાપ કરેલ હતો.

ગત તા. ૨૩-૮-૦૨ તથા તા. ૨૪-૮-૦૨ દરમ્યાન આ સમિતિના સભ્યો આ વિષયે વર્ષોથી લડત લડતા કચ્છી આગેવાનો સાથે ચર્ચા કરવા કચ્છ ગયેલ હતા. આ પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હીરજી પાસુ શાહ તેમજ શ્રી હસમુખભાઈ ગઢેચા વગેરે સામેલ હતા. ભુજમાં તા. ૨૩-૮-૦૨ના તેઓએ 'કચ્છ મિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, 'કચ્છ સમાચાર' ટી.વી. ચેનલના શ્રી વિનોદભાઈ ગાલા, શ્રી શશિકાંતભાઈ ઠક્કર, શ્રી જે.એસ. પટેલ તેમજ કચ્છ કિસાન સંઘના વિવિધ આગેવાનો સાથે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી અને એકબીજાના વિચારોની આપ-લે કરેલ હતી. તા. ૨૪-૮-ના પ્રતિધિનિ મંડળે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઇન્સ્ટિટ્યૂટ - માંડવીની મુલાકાત લીધેલ હતી કે જ્યાં એક સંયુક્ત મીટિંગમાં ઉપસ્થિત વિવિધ કચ્છી આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી લીલાધર ગડા, શ્રી લાલ રાંભિયા, શ્રી તુલસીભાઈ ગજરા, શ્રી કેશવજીભાઈ દેઢિયા, શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશિકાંતભાઈ ઠક્કર તેમજ કચ્છ કિસાન સંઘના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં નર્મદાની 'કચ્છ બ્રાંચ કેનાલ' વિશે સારી એવી ચર્ચા કરવામાં આવેલ હતી અને અત્યારે પ્રવર્તતી પરિસ્થિતિમાં કઈ રીતે આગળ વધવું તે નક્કી કરવા ભવિષ્યમાં બધા જ સંબંધિત લોકોની એક મિટિંગ બોલાવવાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પ્રશ્નની વધુ નીકટતાથી ચર્ચા કરવા કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના આગેવાનો શ્રી જીલુભા જાડેજા તેમજ શ્રી કેશવજીભાઈ દેઢિયા સાથે તા. ૩૧-૮-૨૦૦૨ના રોજ એક મિટિંગ યોજવામાં આવેલ છે.

પ્રાથમિક ચર્ચાનો એક રાઉન્ડ પૂરો થયા બાદ બધાની સંયુક્ત મિટિંગ ગોઠવવામાં આવશે.

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૨*

# નર્મદા - કચ્છ બ્રાંચ કેનાલ

## કચ્છ બ્રાંચ કેનાલ સમિતિની કાર્યવાહીનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ સમિતિ"ની મિટિંગો જુલાઈ - ઓગસ્ટ - સપ્ટેમ્બર મહિના દરમિયાન અવારનવાર મળી હતી અને આ પ્રશ્ને વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ સમિતિ દ્વારા અત્યાર સુધી નર્મદા નિગમના અધિકારીઓ તથા કચ્છના ચૂંટાયેલા પ્રતિનિધિઓ શ્રી સુરેશભાઈ મહેતા, શ્રી ધીરુભાઈ શાહ તથા શ્રી મુકેશભાઈ ઝવેરી સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત સમિતિએ શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી લીલાધરભાઈ ગડા, શ્રી દીપકભાઈ મેપાણી, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી તુલસીભાઈ ગજેરા, શ્રી કેશવજીભાઈ દેઢિયા, શ્રી જીલુભા જાડેજા, શ્રી લાલ રાંભિયા, શ્રી રમેશભાઈ શામા, શ્રી વિનોદભાઈ ગાલા, શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી જયંતીભાઈ એસ. ઠક્કર, શ્રી જુસબ સમા તથા કચ્છ કિસાન સંઘના વિવિધ આગેવાનો સાથે રૂબરૂમાં ચર્ચા કરી છે.

સમિતિ દ્વારા આ પ્રશ્ને રસ ધરાવતા કચ્છના અન્ય આગેવાનો સાથે પણ વધુ ચર્ચા ચાલુ રાખવામાં આવશે.

સમિતિનો મુખ્ય હેતુ કચ્છને નર્મદાનાં પાણી ફાળવવામાં જે અન્યાય થયેલ છે તે પ્રશ્નનો નર્મદા નિગમ તથા સરકારશ્રી સાથે બેસી, તે અંગે જરૂરી વાટાઘાટો કરી, સરકારશ્રી પાસે યોગ્ય નિર્ણયો લેવડાવી નર્મદાની "કચ્છ બ્રાંચ કેનાલ"નાં કામો શક્ય તેટલાં જલદી શરૂ થાય તે જોવાનું રહે છે.

**દરેક જૂથ સાથે ચર્ચા કર્યા બાદ, સમિતિ માને છે કે આ પ્રશ્નનો ઉકેલ કોર્ટ દ્વારા આવી શકશે નહીં.** આ માટે આ પ્રશ્નમાં રસ ધરાવતા દરેક કચ્છીઓએ એકત્રિત થઈ એક "મધ્યસ્થ સમિતિ" બનાવવી જોઈએ, જે સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે વાટાઘાટો કરી, શક્ય યોગ્ય નિર્ણયો લેવડાવી, કચ્છ બ્રાંચ કેનાલનાં કામો સત્વરે ચાલુ કરાવે તે ખૂબજ જરૂરી છે.

નર્મદા નદીમાંથી આવતાં નિયમિત પાણી, વધારાના પાણી, કચ્છ બ્રાંચ કેનાલની સાઈઝ તથા કેપેસિટી, કચ્છને ફાળવવામાં આવેલ પાણી આપવાની પદ્ધતિ, વગેરે પ્રશ્નોનો વાટાઘાટો દ્વારા નિકાલ લાવવો ખૂબ જ જરૂરી છે.

આ પ્રશ્ને રસ ધરાવતા દરેક કચ્છી આગેવાનોને સાથે રાખી, આ બાબત સહુને માન્ય હોય તેવા યોગ્ય નિર્ણયો લેવડાવવા આ સમિતિએ પોતાના પ્રયાસો ચાલુ રાખેલ છે.

***અશોક મહેતા, કન્વીનર - કચ્છ બ્રાંચ કેનાલ સમિતિ***

***મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૨***

# નર્મદા અહેવાલ

શ્રી કચ્છી વીસા શ્રીમાળી ઓસવાલ ગુર્જર જૈન જ્ઞાતિ સમાજ - એ મુંબઈમાં રહેતા કચ્છી જૈન ગુર્જર કુટુંબોની સંખ્યા છે કે જેના લગભગ ૧૨૦૦ થી પણ વધુ સભ્યો છે. એ જ રીતે કચ્છી જૈન ગુર્જર સમાજ, માટુંગા (પાખાડી)એ કચ્છી જૈન ગુર્જરોની અન્ય એક સંસ્થા મુંબઈમાં છે કે જેના સભ્યો માટુંગાની આજુબાજુના વિસ્તારમાં વસવાટ કરે છે.

ઉપરોક્ત બંને સંસ્થાના સંયુક્ત નેજા હેઠળ 'નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ અને નર્મદાના કચ્છને મળવાપાત્ર સિંચાઈના પાણી' વિશે એક વાર્તાલાપ યોજવામાં આવેલ, કે જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી હસમુખભાઈ ગઢેચાને નિમંત્રવામાં આવેલ હતા. આ વાર્તાલાપ ગત તા. ૨૯-૬-૨૦૦૩ને રવિવારના સુમતિ ગુર્જર ભવન-ચેંબુર, મુંબઈ ખાતે યોજવામાં આવેલ હતો.

અમદાવાદના પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હસમુખભાઈ ગઢેચા ઉપરાંત શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી ખુશાલ પોપટલાલ સંઘવી તેમજ શ્રી રસિકલાલ ખીમજી મહેતાનો સમાવેશ કરવામાં આવેલ હતો.

મંચ પર ચેમ્બુર સમાજના શ્રી સુમતિભાઈ મહેતા, શ્રી નરેન્દ્રભાઈ પટવા તથા શ્રી વિનોદભાઈ શાહ તેમજ માટુંગા સમાજના શ્રી ન્યાલચંદ 'ખંડોર અને શ્રી કિશોરભાઈ બિરાજમાન હતા. તે જ રીતે અમદાવાદ સમાજના ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ તેમજ શ્રી હસમુખભાઈ ગઢેચા બિરાજમાન હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રફુલ કાંતિલાલ વોરાએ કરેલ હતું.'

ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ કચ્છના પાણીની સમસ્યા તથા કચ્છને મળવાપાત્ર નર્મદાના સિંચાઈના પાણી અંગેના પૂર્વ ઈતિહાસની વિગતો રજૂ કરેલ હતી.

શ્રી અશોકભાઈ મહેતાએ નર્મદા નદીની મુખ્ય કેનાલની વિગત તથા તેના અનુસંધાને કચ્છ બ્રાંચ કેનાલની વિગતો રજૂ કરેલ હતી. તથા હાલે આ પ્રોજેકટની શું પરિસ્થિતિ છે અને આ પ્રોજેક્ટ ક્યા સ્ટેજ પર છે તેની વિગતોના તારણ રજૂ કરેલ હતા.

શ્રી હસમુખભાઈ ગઢેચાએ કચ્છને કેટલું પાણી ફાળવવામાં આવે છે, તે કઈ પદ્ધતિથી ફાળવવામાં આવે છે અને કેનાલની સાઈઝ વિશેના તારવણો રજૂ કરેલ હતા. વાર્તાલાપના અંતે પ્રશ્નોત્તરી માટે પણ સમય ફાળવવામાં આવેલ હતો.

આ સમારંભમાં શ્રી શાંતિભાઈ મેકોની, શ્રી લક્ષ જૈન, શ્રી લાલ રાંભિયા તેમજ શ્રી દીપકભાઈ મેપાની પણ ઉપસ્થિત રહેલ હતા.

**આ સમારંભની શરૂમાં 'ટીસ્યુ કલ્ચર લેબ' વિશેની માહિતી સી.ડી. દ્વારા આપવામાં આવેલ હતી** કે જેના દ્વારા મુંબઈ સમાજના શ્રી સુમતિભાઈ મહેતા વગેરે આ ખેતી ક્ષેત્રે જે કંઈ કાર્યો કચ્છમાં મુંદ્રા-ઝરપરા-ભુજપુર વગેરે વિસ્તારમાં કરી રહ્યા છે તેની માહિતી હાજર શ્રોતાગણને ઉપલબ્ધ કરવામાં આવેલ હતી.

***મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૦૩***

*સદ્‌ભાવ, સહકાર શાંતિથી કામ લેનારો જ ફાવશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના પ્રયાસોથી આખરે નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ થવા પર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ છેલ્લા કેટલાક સમયથી નર્મદના પ્રશ્નના ઊંડાણે ઊતરી, આ માટે લાગતા વળગતા સાથે ચર્ચાઓ કરી, કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરાવવા જે પ્રયાસો થઈ રહેલ છે તેને હવે સફળતા પ્રાપ્ત થાય તેવા ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે.**

શ્રી કચ્છી જૈન સેવા-સમાજ અમદાવાદ દ્વારા, આ માટે ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ખેતીવાડી ખાતાના પ્રધાન શ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા, પાણી પુરવઠા તથા જળ સિંચાઈ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, કચ્છના પ્રભારી મંત્રી શ્રી અશોકભાઈ ભટ્ટ ગુજરાતના માજી મુખ્યમંત્રીશ્રી સુરેશભાઈ મહેતા, ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર શ્રી ધીરુભાઈ શાહ તેમજ ભૂતપૂર્વ કાયદા મંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી, ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ, હાલના ધારાસભ્યો શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા, શ્રી શિવજીભાઈ આહીર, શ્રી છબીલદાસ પટેલ, ડૉ. નીમાબહેન આચાર્ય વગેરે સાથે અવાર-નવાર મીટિંગો તેમજ પત્રવ્યવહાર કરવામાં આવી રહ્યો છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના મેનેજિંગ ડીરેક્ટર શ્રી મહાપાત્રા, ડાયરેક્ટર (કેનાલ) શ્રી એસ.જે. દેસાઈ, કચ્છ બ્રાંચ કેનાલના ચીફ એન્જિનિયર શ્રી એસ.એ. પટેલ વગેરે સાથે પણ જરૂરી પત્ર વ્યવહાર તથા મિટિંગોના દોર ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત સર્વે પ્રયાસોના અંતે શ્રી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે એક સુપ્રિટેન્ડન્ટ એન્જિનિયર શ્રી કે. જે. ત્રિવેદીની તથા પાંચ એક્ઝિક્યુટિવ એન્જિનિયરોની તાજેતરમાં નિમણૂક કરી દીધેલ છે **અને તેઓને આ બ્રાંચ કેનાલની લાઈન દોરી, માઈક્રો-પ્લાનિંગ વગેરે પ્રકારની કાર્યવાહી શરૂ કરવાના આદેશો અપાઈ ચૂકેલ છે.**

નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી સાથેની તાજેતરની એક મિટિંગમાં તેઓશ્રીએ જણાવેલ છે કે કચ્છ બ્રાંચ કેનાલ જ્યાં હમીરપર પાસેથી શરૂ કરવામાં આવનાર છે ત્યાં ઝીરો સાંકળની ૨૦ કી.મી. સુધીના કામો નવેમ્બર માસ સુધીમાં ચાલુ કરી દેવાના પ્રયાસો નિગમે આદરી દીધેલ છે.

ત્યારબાદ સાંકળ ૨૦ કી.મી.થી સાંકળ ૩૩ કિ.મી. સુધીના કામો પણ ચાલુ નાણાકીય વર્ષમાં જ ચાલુ થાય તેવી માહિતી પણ તેઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલ હમીરપરથી માંડવી સુધી અંદાજે ૩પર કિ.મી. લંબાઈની છે. તેના પ્રથમ ૧૦૫ કિ.મી. બનાસકાંઠામાંથી પસાર થાય છે. જ્યારે ત્યારબાદના ૨૫૨ કિ.મી. વાગડ વિભાગના ફતેહગઢ પાસેથી શરૂ થઈ માંડવી સુધીના થાય છે.

ઉપરોક્ત કેનાલની ૧૦૫ કિ.મી.ની સાંકળ પર ફતેહગઢ આવેલ છે કે જ્યાંથી આ કેનાલ કચ્છ પ્રદેશમાં દાખલ થાય છે. આ કેનાલના કચ્છની ધરતી પરના કામો સાંકળ ૧૦૫થી સાંકળ ૧૨૫ સુધીના કાર્યો આવતા નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫માં ચાલુ કરવાના આયોજનો શરૂ કરી દેવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલની કેપેસિટી ૨૨૦ ક્યુમેક્સ કરતાં વધુ રાખવા, ફ્રી બોર્ડ ૩ ફૂટના બદલે ૫ ફૂટનું રાખવા, કેનાલ સળંગપણે એક જ પહોળાઈની રાખવા; નવા જળાશયો બનાવવા, કેપ્ટિવ પાવર પ્લાન્ટનું આયોજન કરવા, વગેરે પ્રકારના શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રયાસો ચાલુ જ રાખવામાં આવેલ છે.

એજ રીતે વધારાના પાણી કે જે કચ્છ પ્રદેશ માટે ૧.૦ એમએએફ ફાળવવામાં આવેલ છે, તેના વપરાશ માટે આ કેનાલ માંડવીથી નળિયા થઈ લખપત સુધી લઈ જવા, દૂધઈ બ્રાંચ કેનાલને લંબાવી, બન્નીના છેવાડાના પ્રદેશ સુધી લઈ જવા તથા કચ્છમાં ૮૦-૧૦૦ કિ.મી.ના લેવલે લીંક કેનાલના આયોજનો સરકારશ્રી દ્વારા મંજૂર કરાવી, તેના કાર્યો પણ સત્વરે ચાલુ કરવામાં આવે તેમ પ્રયાસો ચાલુ કરી દેવામાં આવેલ છે.

અંદાજિત છેલ્લા બાર મહિનાના શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના પ્રયાસોથી 'કચ્છ બ્રાંચ કેનાલ'ના પ્રશ્ને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તથા સરકારશ્રીના લાગતા-વળગતા ખાતામાં આ કામો ચાલુ કરાવવા બાબતે પૂર્ણપણે સળવળાટ શરૂ થઈ ચૂકેલ છે તેવા ચિહ્નો સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ તરફથી ઉપરોક્ત કાર્યો માટે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી મુળજી નરશી શાહ, શ્રી નરેન્દ્ર છ. શાહ વગેરે કાર્યકરો પ્રયાસ કરી રહેલ છે.

આ પ્રશ્ને રસ દાખવતા કચ્છના અન્ય કાર્યકરો શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશિકાન્તભાઈ ઠક્કર, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી લક્ષ જૈન, શ્રી લીલાધર ગડા, શ્રી લાલ રાંભિયા, શ્રી દીપકભાઈ મેપાણી, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી કેશવજીભાઈ દેઢિયા, શ્રી જીલુભા જાડેજા વગેરે સાથે પણ આ વિષયે અવારનવાર વિચાર ગોષ્ટિ આદરી, સહુ સાથે રહી એકમતી સાધવા આ સમાજ તરફથી છેલ્લા બાર મહિનાથી પ્રયાસો કરવામાં આવેલ. વ્યક્તિગત તેમજ અલગ-

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩૭ ઉપર)**

*જે પોતે દુ:ખી થાય પણ બીજાને કદી દુ:ખી ના કરે તે મહાત્મા છે.*

# નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલનાં કામોની શુભ શરૂઆત

• અશોક મહેતા •

સરદાર સરોવર બંધથી રાજસ્થાન સુધીની મુખ્ય નર્મદા કેનાલમાંથી **ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી કચ્છ બ્રાંચ કેનાલનો ફાંટો શરૂ થાય છે.**

હમીરપર ગામથી માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધીની કચ્છ બ્રાંચ કેનાલની કુલ્લે લંબાઈ ૩૫૨ કિલોમીટરની છે. જેમાં પ્રથમ બનાસકાંઠામાંથી પાસ થઈ કચ્છના રણના કિનારા સુધી ૧૦૧ કિલોમીટર અને ત્યારબાદની તેની લંબાઈના ૨૫૧ કિલોમીટર કચ્છના રણમાંથી ફતેહગઢ થઈ સામખિયાળી - ભચાઉ વગેરેની ઉત્તરેથી તેમજ ટપ્પર ડેમ, ગાંધીધામ, ભદ્રેશ્વર, ગુંદાલા, ભોરારા, ભુજપુર, બીદડા, માંડવી વગેરેની ઉત્તરેથી પસાર થઈ માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધી થાય છે. તે ઉપરાંત આ કેનાલમાંથી ગાગોદર, વાંઢિયા તેમજ દૂધઈ સબ બ્રાંચ કેનાલનાં પણ આયોજનો છે.

એ જ રીતે વધારાના પાણીના આયોજન માટે આ કેનાલને માંડવીથી નલીયા થઈ લખપત સુધી લઈ જવા, દૂધઈ બ્રાંચ કેનાલને બન્નીના વિસ્તારો સુધી લઈ જવા તેમજ મધ્ય કચ્છમાં ૮૦થી ૧૦૦ મીટરના કુંટુર લેવલે લીંક કેનાલ બનાવી કચ્છના દસેય તાલુકામાં નર્મદાના સિંચાઈના પાણી પહોંચે તેવાં આયોજનો કરાવવાનાં છે.

પરંતુ અત્યાર સુધી કચ્છની કમનસીબી બની રહેલ છે કે કચ્છ બ્રાંચ કેનાલનાં કાર્યો અનેક વાદવિવાદોના કારણે અથવા તો અન્ય કોઈ કારણોસર હજુ સુધી ચાલુ થઈ શકેલ ન હતાં.

જે રીતે કચ્છ દુષ્કાળગ્રસ્ત અને અછતગ્રસ્ત વિસ્તાર છે તે જ રીતે - ભલે તેનાથી અનેકગણી ઓછી માત્રામાં - ઉત્તર ગુજરાતના અમુક વિસ્તારો તથા સૌરાષ્ટ્રના પણ અમુક વિસ્તારો દુષ્કાળગ્રસ્ત તેમજ અછતગ્રસ્ત વિસ્તારો છે. આ બધા વિભાગોમાં એટલે કે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં નિયમિત પાણીને લગતી કેનાલોનાં કાર્યો વર્ષોથી ચાલુ થઈ ગયેલ છે. તેટલું જ નહીં, પરંતુ વધારાના પાણીના આયોજનોનાં કાર્યો પણ ધમધોકાર ચાલુ છે. જ્યારે સૌથી વધુ આપદગ્રસ્ત કચ્છ વિસ્તારનાં કાર્યો નર્મદા નિગમે હજુ સુધી ચાલુ કરેલ નહોતાં, નર્મદા નદીના કચ્છના હિસ્સાના સિંચાઈના પાણી કચ્છમાં પહોંચશે કે નહીં, તેના પર શંકા સેવાવા લાગેલ હતી. જે રીતે શ્રી કેશુભાઈ પટેલ, શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વગેરે પોતાના વિસ્તારનાં કાર્યો નિર્લજ્જપણે ધમધોકાર ચાલુ કરાવી શકેલ તે રીતે **કચ્છ વિસ્તારનાં કાર્યો ચાલુ કરાવવા કચ્છની રાજકીય નેતાગીરી, સામાજિક નેતાગીરી તેમજ કચ્છના ઉદ્યોગપતિઓ, કચ્છના ટેક્નોક્રેટ્સ કે કાર્યકરો સરિયામપણે નિષ્ફળ ગયેલ હતા.**

કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના અગ્રીમ કાર્યકરોના વલણના કારણે તેમજ આ સમગ્ર પ્રક્રિયા સબજ્યુડિસ બનવાના કારણે અથવા તો અન્ય કોઈ કારણસર નર્મદા નિગમે કચ્છ બ્રાંચ કેનાલનાં કોઈ પણ કાર્યો ચાલુ કરેલ ન હતાં. અન્ય પ્રદેશના લોકોને નર્મદા નિગમનું બજેટ, કચ્છના ભોગે પોતાના વિસ્તારમાં ફાળવવાનો યોગ્ય - અયોગ્ય મોકો મળી ગયો. જેનાં ફળસ્વરૂપે આ કેનાલનાં કાર્યો કચ્છ પ્રદેશના ભોગે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ધમધોકાર ચાલુ રહેવા પામ્યાં. જ્યાં નર્મદાના પાણીની તાતી જરૂરિયાત છે તે પ્રદેશને બાજુએ રાખી, પ્રમાણમાં પાણીની ઓછી જરૂરિયાતવાળા પ્રદેશોનાં કાર્યો ઉઘાડે છોગ ચાલુ રહ્યાં અને આપણે તથા આપણા આગેવાનો એ જોતા રહ્યા.

**છેલ્લા એકાદ વર્ષથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ પ્રશ્ને ઊંડાણમાં ઊતરી સઘળી વિગતોનો ખ્યાલ મેળવ્યો અને તેના પરિણામસ્વરૂપે લાગતા વળગતા ખાતાના પ્રધાનશ્રીઓ અને નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓ સાથે સમજપૂર્વકની મિટિંગો સતતપણે આદરીને કચ્છ વિસ્તારનાં કાર્યો શક્ય જલદી ચાલુ કરાવવા દબાણ કરી રહેલ હતું.** સાથે સાથે કચ્છ બ્રાંચ કેનાલની કેપેસિટી ૧૭૦ ક્યુમેક્સથી વધારે રાખવાની અને કચ્છને મળતા પાણીનો જથ્થો વધારવા માટે સંબંધિત અધિકારીઓ સાથે મિટિંગો કરી, કચ્છની વાજબી અને ન્યાયી વાતો તેઓને સતતપણે મહેસૂસ કરાવતું હતું.

પરિણામ સ્વરૂપે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે સુપરિન્ટેન્ડન્ટ એન્જિનિયર તથા અન્ય જરૂરી સ્ટાફ વગેરેની નિમણૂક કરવામાં આવેલ અને સમગ્ર કેનાલનાં સર્વેનાં કાર્યો આરંભી દેવામાં આવેલ. તદુપરાંત કચ્છ બ્રાંચ કેનાલના બનાસકાંઠા વિભાગના પ્રથમ ૨૦ કિલોમીટર લંબાઈની કેનાલનાં ટેન્ડરો પણ બહાર પાડવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષ એટલે કે ૨૦૦૩-૦૪માં આ કેનાલના કાર્યો કરવા રૂ. ૧૦ કરોડનું બજેટ પણ ફાળવવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

ઉપરોક્ત સમગ્ર હકીકત કચ્છ માટે સારાં પરિણામોની શુભ શરૂઆતવાળી કહી શકાય.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩૯ ઉપર)**

*અંગત દુઃખ છોડીને કામ પ્રત્યે સંપૂર્ણ જવાબદાર રહો.*

# નર્મદા નિગમના અધિકારીઓ સાથેની મુલાકાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તથા કચ્છ નર્મદા સમિતિની કાર્યવાહક કમિટીના નેજા હેઠળનું એક પ્રતિનિધિમંડળ ગત તા. ૮-૩-૦૪ના દિવસે સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓની મુલાકાતે ગયેલ હતું. આ પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી શાંતિલાલ મુલજી સાવલાનો સમાવેશ કરવામાં આવેલ હતો.

પ્રતિનિધિ મંડળ તરફથી નર્મદા નદીના સિંચાઈના પાણી માટેની 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કાર્યો ત્વરિતપણે ચાલુ કરાવવામાં આવે તેવી ભારપૂર્વકની રજૂઆત કરવામાં આવેલ હતી. નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રી મહાપાત્રે જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલના ૦.૦થી ૧૦.૦ કિ.મી. તથા ૧૦.૦ કિ.મી.થી ૨૦.૦ કિ.મી.ના ટેન્ડરની ટેક્નિકલ બીડ ઓપન થઈ ગયેલ છે અને આ ટેન્ડરની સ્કુટિનીમાં છે. તાત્કાલિક ધોરણે આ જરૂરિયાતની પૂર્તતા કરી, આ ટેન્ડરોની પ્રાઈસ બીડ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તરતમાં કોન્ટ્રેક્ટ એવોર્ડ કરી, આ કાર્યો નજદીકના ભવિષ્યમાં જ ચાલુ કરાવવામાં આવશે. **તેઓશ્રીએ જણાવેલ કે આ અંગેની જરૂરી નાણાકીય ફાળવણી પણ કરવામાં આવી ગયેલ છે.**

ત્યારબાદ પ્રતિનિધિ મંડળે જણાવેલ કે કેનાલ બનાવવાના આ કાર્યો કચ્છની ધરતી પર પણ તાત્કાલિકપણે ચાલુ કરાવવામાં આવે. આ કેનાલના કામો ૧૦૫ કિ.મી.થી એટલે કે રાપર તાલુકાના ફતેહગઢ પાસેથી પણ શરૂ કરવામાં આવે. નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ જણાવેલ કે આ કામો પણ શક્ય જલદી ચાલુ કરાવવામાં આવશે.

કચ્છ બ્રાંચ કેનાલના ૦.૦ કિ.મી. થી માંડવી સુધીના ૩૫૨ કિ.મી.ના કાર્યો એકથી વધુ જગ્યાએથી શરૂ કરાવી, આવતા ત્રણ વર્ષમાં આ કાર્યો પૂરા કરવામાં આવે તેવી રજૂઆત, જ્યારે આ પ્રતિનિધિ મંડળે કરી ત્યારે નર્મદા નિગમના ડાયરેક્ટર (કેનાલ) શ્રી એસ. જે. દેસાઈએ જણાવેલ કે મૂળ આયોજન પ્રમાણે માંડવી સુધીના કામો જે વર્ષ ૨૦૧૨ સુધીમાં પૂરા કરવાની ગણતરી હતી તેમાં સુધારો કરી હવે કચ્છમાં માંડવી સુધીની કેનાલનું કામ મે-૨૦૦૯ સુધીમાં એટલે કે આવતા છ વર્ષમાં પૂરું થઈ શકશે. **પ્રતિનિધિ મંડળે આ કાર્યો આવતા ત્રણ વર્ષમાં પૂરા કરાવવા દબાણ કરેલ હતું.**

ત્યારબાદ નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહાપાત્રે જણાવેલ હતું કે વર્તમાનપત્રોના તાજેતરના અહેવાલ પ્રમાણે ભુજ નજદીકના માધાપર ગામની બેંકોમાં કચ્છીઓની તથા એન.આર.આઈ. કચ્છીઓની જે રૂા. ૧૦,૦૦૦/- કરોડ જેટલી રકમની ડિપોઝિટો પડેલ છે તે નર્મદા બોન્ડમાં રોકવામાં આવે તો આ પૈસાથી માત્ર કચ્છ બ્રાંચ કેનાલના જ કાર્યો કરવાનું અને એ રીતે આ કામો ખૂબ જ ઝડપે થઈ શકે તેવા આયોજનો બનાવી શકાય. જવાબમાં ઉપસ્થિત પ્રતિનિધિ મંડળે જણાવેલ કે કેનાલ બનાવવાના આ કામો પ્રથમ કચ્છની ધરતી પર શરૂ કરવામાં આવે તો વાતાવરણમાં બદલાવ પેદા થઈ શકે અને ત્યારબાદ આપશ્રી તરફથી આ પ્રકારની અપીલ બહાર પાડવામાં આવે તો કચ્છીઓ કદાચ તેનો હકારાત્મક પ્રતિસાદ જરૂરથી આપી શકે. પરંતુ આ અંગેના પ્રયાસો છેક ટોચથી શરૂ થાય તે ખૂબ જ જરૂરી બની રહેશે.

ત્યારબાદ આ કાર્યોને લગતી અન્ય અનેકવિધ ચર્ચાઓ બાદ આ મુલાકાત પૂર્ણ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ જાણવા મળ્યા મુજબ ગત તા. ૧૫-૩-૨૦૦૪ના કચ્છ બ્રાંચ કેનાલના ઉપરોક્ત બંને ટેન્ડરોની પ્રાઈઝ બીડ ગાંધીધામ ખાતે ઓપન કરવામાં આવેલ હતી. અંદાજિત બંને ટેન્ડરના ૩૮ કરોડ તથા ૩૪ કરોડ જેટલી કિંમતના કાર્યો હવે તરતમાં ચાલુ થાય તેવી શક્યતા નજદીકના ભવિષ્યમાં જ દેખાઈ રહેલ છે.

*મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૪*

# કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી

નર્મદા નદીના વધારાના પાણીમાંથી કચ્છને ફાળવવામાં આવેલ ૧.૦૦ એમ.એ.એફ. પાણીના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું એક પ્રતિનિધિમંડળ ગુરુવાર તા. ૧૫-૮-૨૦૦૪ના ગાંધીનગર મુકામે જળસિંચાઈ વિભાગના સેક્રેટરી શ્રી એમ.એસ. પટેલને રૂબરૂ મળેલ હતું. આ પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી શાંતિલાલ મુળજી સાવલાનો સમાવેશ કરવામાં આવેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રતિનિધિ મંડળે વધારાના પાણીના આયોજન અંગે જ્યારે શ્રી એમ.એસ. પટેલ પાસેથી વિગતો જાણવા માંગી ત્યારે તેમણે જણાવેલ કે માંડવીથી નલિયા થઈ લખપત સુધી કેનાલને લંબાવીને આ પાણી લખપત સુધી લઈ જવામાં આવશે. તેમજ તે સિવાય

*જ્યાં સુધી નાશવંત વસ્તુઓમાં સત્ય દેખાશે ત્યાં સુધી બોધ નહીં થાય.*

વાપકોસના અહેવાલ પ્રમાણે કચ્છના મધ્ય ભાગમાંથી લીંક કેનાલના આયોજનો અંગે જરૂરી વિચારણા કરી અંતિમ નિર્ણય પર આવવાનું હજુ બાકી રહેલ છે.

શ્રી એમ.એસ. પટેલે વધુમાં જણાવ્યું કે કચ્છમાં હાલે ૯૧ જેટલી ચાલુ અથવા તો સૂકાઈ ગયેલી નદીઓ છે કે જેમાં દરેક નદી પર યોગ્ય અંતરે જો અનેક ચેકડેમો બાંધવામાં આવે તો અહીં પડતા વરસાદનું સારું એવું પાણી જમીનમાં ઊતરી જાય અને જમીનના તળ ઊંચા આવે. અત્યારે જે ગતિએ કચ્છમાં ચેક-ડેમો બંધાઈ રહેલ છે તે અંગે તેમણે અસંતોષ વ્યક્ત કરતા જણાવેલ કે સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતમાં જે રીતે વિશાળ સંખ્યામાં ચેકડેમો બાંધવામાં આવી રહેલ છે, તે જ રીતે કચ્છમાં પણ અનેક ચેક-ડેમો બાંધવા કચ્છની કોઈક સામાજિક સંસ્થા આગળ આવે તે ખૂબ જ જરૂરી છે. એ માટે પૂરતા નાણાંની ફાળવણી તેમના વિભાગ તરફથી કરવાની તેઓએ બાંયધરી આપી હતી. તેઓશ્રીએ વી.આર.ટી.આઈ. તથા કચ્છ નવનિર્માણ અભિયાનના કાર્યક્રમોની પ્રશંસા કરતા જણાવેલ કે તે સંસ્થાઓ જે રીતે આ પ્રકારના કાર્યો કરે છે તેના કરતાં અનેકઘણી વધુ ઝડપે આ કાર્યો કરવા જરૂરી બની રહે છે.

ઉપરોક્ત બાબતો અંગે નજદીકના ભવિષ્યમાં ફરી મળી આગળ ચર્ચા વિચારણા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત વિગતો અંગે ચિંતન કરતા શ્રી કચ્છી જૈન સેવા સમાજના કાર્યકરો પણ એવી છાપ પડેલ, કે કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી અંગે હજુ સુધી ગુજરાત સરકારના જળસિંચાઈ વિભાગ તરફથી આ અંગે કોઈ આયોજનો વિચારી, અંતિમ નિર્ણય કરવામાં આવેલ હોય તેવું લાગતું નથી. આ વિભાગ અત્યારે કદાચ ચેક-ડેમોના કાર્યક્રમ તરફ વધુ ઝોક ધરાવે છે. **કચ્છના આ વધારાના પાણીના આયોજનો માટે કચ્છની જાગૃત સંસ્થાઓએ આ વિભાગ સાથે વધુને વધુ મિટિંગો કરી યોગ્ય અને ઝડપી નિર્ણયો કરાવવા જરૂરી બની રહે છે. કચ્છની રાજકીય નેતાગીરીએ પણ આ પ્રશ્ન હાથ પર લેવો ખૂબ જ જરૂરી છે.**

***મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૪***

# કચ્છ બ્રાંચ કેનાલ - નર્મદા નદીના સિંચાઈના પાણી

ઘણા લાંબા સમય સુધી રાહ જોયા પછી હવે એવું લાગે છે કે કચ્છના ભાગે આવેલ નર્મદા નદીના સિંચાઈના પાણી માટે કચ્છ બ્રાંચ કેનાલના કામો હવે નજદીકના ભવિષ્યમાં ચાલુ થઈ શકશે.

આજથી બારેક મહિના અગાઉ કચ્છ બ્રાંચ કેનાલ જે બનાસકાંઠાના હમીરપરથી કચ્છના માંડવી (મોડકૂવા) સુધી અંદાજિત ૩૫૨ કિ.મી. લાંબી છે તેના પ્રથમ ૨૦ કિ.મી.ના ટેન્ડર બહાર પાડેલ હતા. પરંતુ ટેન્ડર ભરનાર એક કોન્ટ્રાક્ટરે આ સામે કોર્ટ કાર્યવાહી કરતાં તે કામ પર સ્ટે લાગી ગયેલ છે. આ સ્થગિતતાના પરિણામે કચ્છ બ્રાંચ કેનાલના કામો જે આજથી બાર મહિના અગાઉ ચાલુ થઈ જવા જોઈતા હતા તે હજુ સુધી ચાલુ થઈ શકેલ નથી.

સરદાર સરોવર નર્મદા નિગમે હવે શરૂઆતમાં આ ૨૦ કિલોમીટરના ટેન્ડરના કાર્યો બાજુ પર રાખી બનાસકાંઠામાં ભાભર તથા રાધનપુર વિભાગમાં બીજા ૩૫ કિ.મી.ના ત્રણ ટેન્ડર અંદાજિત રૂ. ૧૩૨.૯૭ કરોડની કિંમતના ગત તા. ૨-૧૦-૦૪ના બહાર પાડવામાં આવ્યા છે.

**તદુપરાંત આ કામ કચ્છની તળભૂમિમાં ચાલુ થાય એ રીતે રાપર તાલુકાના ફતેહગઢ પાસે આટલા વર્ષોમાં પ્રથમ વખત કચ્છની તળભૂમિ પર ૨૧ કિ.મી.ના લંબાઈના અંદાજિત રૂ. ૮૩.૪૮ કરોડની કિંમતના ટેન્ડર બહાર પાડેલ છે.**

આ કામો ડિસેમ્બર -૨૦૦૪ના અંત સુધીમાં ચાલુ થઈ જાય તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે.

સરદાર સરોવર નર્મદા નિગમની ગાંધીનગર તેમજ ગાંધીધામ ઓફિસમાં તપાસ કરતા જાણવા મળેલ છે કે આ પ્રકારની કાર્યવાહી આગળ ચાલુ છે અને થોડા જ સમયમાં અન્ય ટેન્ડરો પણ બહાર પડવાની પૂરતી તૈયારી ચાલી રહેલ છે.

અત્રે એ યાદ અપાવવું જરૂરી બની રહે છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે આ બાબતે રસ દાખવ્યા બાદ અને આ પ્રશ્નને લગતી શ્રેણીબદ્ધ મિટિંગો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજ્યા બાદ આ પ્રકારની કાર્યવાહી હાથ પર લેવામાં આવેલ હતી, કે જેના પરિણામો દેખાવાની હવે શરૂઆત થઈ શકેલ છે.

અત્રે એ પણ યાદ અપાવવું જરૂરી બની રહે છે કે કચ્છને જે ૧.૦૦ એમ.એ.એફ. ચોમાસાના પૂરના વધારાના પાણી ફાળવવામાં આવેલ છે તે બાબતની કાર્યવાહી જળસિંચાઈ વિભાગ તરફથી જોઈએ તે પ્રમાણમાં હજુ લગી કરવામાં આવેલ નથી. આ બાબત પણ જળસિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ મિટિંગો કરવી જરૂરી બની રહે છે.

***મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૪***

*ઈચ્છા દુઃખની માતા છે.*

શિક્ષણ

# સૂરત કોણે લૂંટ્યું ?

• મધુસુદન પારેખ •

ગામની એક નિશાળ તપાસવા ડિપોટી સાહેબ ગયા. એ ઈતિહાસનાં પંડિત હતા. એટલે એક વર્ગમાં જઈને ઇતિહાસનાં પ્રશ્નો પૂછવા માંડ્યાં. વર્ગ શિક્ષક નવો ભરતી થયેલો હતો. એને ગભરામણ થવા માંડી.

ડિપોટી સાહેબે શિવાજીનો પાઠ કાઢીને પૂછ્યું, 'બોલો સૂરત કોણે લૂંટ્યું?'

બધા છોકરા ડઘાઈ ગયા. શિક્ષક પણ બાવરા બની ગયા. ઈન્સ્પેક્ટરે એક છોકરાને ઊભો કર્યો. 'બોલ, જોઈએ સૂરતમાં કોણે લૂંટ ચલાવેલી?'

છોકરો બિચારો ગભરાઈ ગયો. એ કહે 'સાહેબ હું નહિ. મેં કશે લૂંટ કરી નથી!'

ઇન્સ્પેક્ટર સાહેબે ચિડાઈને માસ્તર તરફ વેધક નજર નાંખી. માસ્તરને થયું કે હવે પેલા છોકરાનું આવી બન્યું. એટલે એ નરમ થઈને કહે. 'સાહેબ એ છોકરો એવો નથી એનું ઘર ખાનદાન છે.'

કેળવણી અધિકારી સાહેબ ખૂબ ગુસ્સે થઈ ગયા. 'તમે છોકરાઓને આવું શીખવો છો?'

શિક્ષકનાં બિચારાનાં મોતિયા મરી ગયા. 'સાહેબ, મેં મારી જિંદગીમાં કોઈને લૂંટફાટ શીખવી નથી. મારે એવું શું કામ શીખવવું પડે?'

ડિપોટી સાહેબ ટેબલ પર ઇતિહાસ અને જમીન પર પગ પછાડીને ચાલ્યા ગયા. એ સીધા નિશાળનાં હેડમાસ્તર પાસે ગયા. હેડમાસ્તર ગણિત સિવાય કોઈ વિષયને અડકે જ નહિ.

ડિપોટી સાહેબે ફરિયાદ કરી 'તમારી નિશાળમાં છોકરા કેવા અણઘડ આવે છે. શિક્ષક પણ બેજવાબદાર છે, સુરત કોણે લૂટ્યું એટલું પણ કહી શકતાં નથી.' તાબડતોબ માસ્તરને સીધો સવાલ કર્યો. સૂરત લૂંટવા કોણ ગયેલું? આ મોટા સાહેબની ફરિયાદ છે.

માસ્તર સાવ ગભરાઈ ગયા અને કહે, 'સાહેબ, ભગવાનનાં સમ. હું કોઈ દિવસ નડિયાદથી આગળ ગયો જ નથી... ને સાહેબ! હું એવું કામ શા માટે કરું?'

હેડમાસ્તરને સહાનુભૂતિ થઈ. એ કહે : આ અમારા નવા શિક્ષક છે... બ્રાહ્મણની ન્યાત છે. એ કોઈ દિવસ લૂંટફાટ કરે તેવા નથી. એમની વતી હું ખાતરી આપું છું.

અધિકારી સાહેબ ખિજાયાં. 'બધાં નોન્સેન્સ છે. ઈડિયટ જેવાં છે... એટલી પણ ખબર નથી... કે...?'

હેડમાસ્તર તો ધ્રુજી ગયા. એ કહે, 'સાહેબ, એક અઠવાડિયામાં એ લૂંટારો હું શોધી કાઢીશ. જે છોકરો સુરત લૂંટ કરવા ગયો હશે એને ડિસમિસ કરી નાંખીશ બસ સાહેબ?'

ઈન્સ્પેક્ટર સાહેબે ત્યાંથી ચાલતી પકડી. સીધો સરકારને રિપોર્ટ કર્યો ફલાણી નિશાળમાં કશું ભણાવાતું નથી કોઈને કશી જાતની માહિતી નથી. સુરત કોણે લૂંટ્યું તેનો જવાબ મળતો નથી. થોડા દિવસ પછી સરકારી કેળવણી ખાતામાંથી જવાબ આવ્યો. 'સુરત કોણે લૂંટ્યું તે અંગે તપાસ કરવા માટે તમારો કાગળ છૂપી પોલીસમાં ઘટતું કરવા માટે મોકલી આપ્યો છે.'

*મંગલ મંદિર, ઓક્ટોબર-૧૯૮૨*

*તન, મન અને ધનનો થોડો હિસ્સો પરોપકાર માટે ખર્ચો.*

# આજનું શિક્ષણ

• નવદીપ શાહ •

સૌ પ્રથમ તો સવાલ એ થાય છે કે, શિક્ષણ એટલે શું? આઝાદી પછીનાં ૪૪ વર્ષોનાં વહાવ પછી પણ આ જ પ્રશ્ન પૂછવો પડે છે તે જ ખરેખર શરમજનક છે. સિગારેટ પાનનાં કોઈપણ ગલ્લાં પર કે કોઈપણ કૉલેજનાં કેમ્પસમાંના કોઈપણ યુવક કે યુવતિને યુરી ગાગારીન કે મહાત્મા ફૂલે કે સરહદનાં ગાંધી વિશે પુછશો તો એ તમારી સામે એવી રીતે જોશે કે તમે કોર્સ બહારની કોઈ વ્યક્તિ વિશે પૂછી રહ્યાં છો!!! હા, પણ જો તમે હિંદી ફિલ્મ જગતનો કોઈપણ પ્રશ્ન પૂછો તો એ તમને પ્રેમથી જવાબ આપશે! બાલમંદિર - પ્રાથમિક શાળા - માધ્યમિક શાળા - ઉચ્ચતર માધ્યમિક શાળા મહા વિદ્યાલયનાં પ્રવાસ પછી પણ આપણે શું આજનાં વિદ્યાર્થી કે આવતીકાલનાં નાગરિકની આવી કલ્પના કરી હતી? શું આ સ્તરનાં વિદ્યાર્થીઓ માટે જ યુનિવર્સિટી પોતાના પ્રાંગણામાં મોટાં મોટાં પદવીદાન સમારંભો યોજતી હશે? સ્કૂલ - કલાસ - ટ્યૂશન - ઘરનાં શટલ દોડાવ્યા પછી જે યુવાન મિત્રો શિક્ષણ જગતને અલવિદા કરીને વાસ્તવિક જગતની કેડી પર પગલાં માંડે છે ત્યારે જ તેમને ભાન થાય છે કે, સ્કૂલ-કોલેજનાં એ ગુલાબી દિવસોની આહ્લાદકતા પ્રખર તાપમાં ક્યાંય લુપ્ત થઈ જાય છે!!! મોટાં ઘરનાં નબીરાઓને બાદ કરતાં લગભગ દરેક યુવક કે યુવતીની આત્મકથાનું ચિત્રણ એકસરખું જ જોવા મળે છે. છાપાઓની પસ્તીમાં દેખાતી જા.ખ. - અરજીઓ ક્યારેક જ "ઇન્ટરવ્યૂ" - એ પછી - "નોકરી નથી" - "જગ્યા નથી" - "નોકરી નથી"નાં જવાબોથી માથું ભારે થઈ જાય છે. હમણાં જ યાસીન દલાલે બેંકમાં કલાર્કની પોસ્ટ માટેનાં ઇન્ટરવ્યૂ કન્ડક્ટ કરતાં પોતાના તારણો લખ્યાં હતાં જે વાંચીને હાસ્ય સાથે દુઃખ થતું હતું. યુવાનો ગુલશન નંદાને ગુજરાતનાં અગ્રગણ્ય લેખક તથા નવલકથાકાર તરીકે ઓળખાવતાં હતાં!!!

શું એવું નથી લાગતું કે, હવે, સમય આવી ગયો છે કે આપણે આપણી જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે, આમાં આપણી પોતાની જવાબદારી કેટલી? આ જ રીતે જો "કહેવાતું શિક્ષણ" અપાતું રહ્યું તો આ બધાનો અંત ક્યાં આવશે? વાલી - માતા - પિતા - શિક્ષક અધ્યાપક પ્રાધ્યાપક - શિક્ષણ બોર્ડ - શિક્ષક અધ્યાપક જો બધાં જ પલાયનવાદનાં શિકાર થશે તો આજનાં શિક્ષણની આવતીકાલ શું હશે? તેની કલ્પના માત્ર જ ધ્રૂજાવી દેનારી બની જાય છે. **કહેવાતો શિક્ષિત યુવાન ઘરનાં - સમાજનાં - પ્રાંતનાં - રાજ્યનાં કે દેશનાં પ્રશ્નોમાં કેટલો ફાળો આપે છે.....** માટે જ એ મહત્ત્વનું બની જાય છે કે, આપણે આપણી જવાબદારીઓનો સ્વીકાર કરીને આવતીકાલનાં નાગરિકને શિક્ષિત બનાવવાં આજથી જ પ્રયત્નો શરૂ કરી દઈએ.

સૌપ્રથમ તો આજની શિક્ષણ વ્યવસ્થા કે જ્યાં ફક્ત પુસ્તકિયું જ્ઞાન કે ગાઈડજ્ઞાન અપાય છે તેને બદલે કંઈક નક્કર હેતુલક્ષી તથા ઉપયોગી જ્ઞાન અપાય તેવું કરવું જોઈએ. આપણે સૌએ વ્યક્તિ સાથે, પડોશી સાથે, બોસ સાથે, કલીગ સાથે - જાહેરમાં કેમ વર્તવું તે શીખવાની વધારે જરૂર છે. **શિક્ષણ એટલે યુનિવર્સિટી દ્વારા અપાતી ડિગ્રીઓ ડિપ્લોમા કે સર્ટિફિકેટો નહીં પરંતુ વ્યક્તિ પોતાની રીતે સ્વતંત્રપણે અને સાચી દિશામાં વિચાર કરે તેવું શિક્ષણ.** કહેવાતા ડિગ્રી કોર્સ કે ડિપ્લોમા કોર્સ કે સર્ટિફિકેટ કોર્સમાં માનવ સ્વભાવ - માનવ સંબંધ - વ્યક્તિત્વ ઘડતર કે સમાજ ઘડતર વિશે લેશમાત્ર શીખવવામાં આવતું નથી કે જેની ખરેખર આપણને જરૂર છે. **જ્યાં સુધી વ્યક્તિ પોતાના વિશે કે પોતાના કુટુંબ વિશે કે પોતાનાં સમાજ કે દેશ વિશે, લોકોના વિચારોથી અલિપ્ત રહીને વિચારી ન શકે ત્યાં સુધી એ અશિક્ષિત જ છે.** જે અશિક્ષિત છે તે પશુ સમાન છે. અને એટલે જ કદાચ આપણે રોજબરોજ હિંસાખોરી, આતંકવાદ, ચોરી, લૂંટફાટ, આત્મહત્યા, ખૂનરેજી, દહેજ, બળાત્કાર કે સામૂહિક બળાત્કાર વગેરેનાં કિસ્સાઓ વર્તમાનપત્રો, સામયિકો, રેડિયો કે ટેલિવિઝન પર વાંચીએ છીએ, સાંભળીએ છીએ કે જોઈએ છીએ. વ્યક્તિ પૂજામાં માનતા શિક્ષિત ભારત દેશનાં ૮૦ કરોડ ઘેટાંઓને ફક્ત એક ઇન્દિરા ગાંધી - એક અભિતાભ બચ્ચન- એક સુનીલ ગાવસ્કર કે કોઈ એક ધર્મગુરુ ફાવે તે દિશામાં હાંકી શકે છે!!!

આમ, સમગ્ર શિક્ષણ વ્યવસ્થાનાં માળખાને ધરમૂળથી ફેરવી નાંખવું ખૂબ જ જરૂરી બને છે. **વૈવિધ્યલક્ષી, રોજગાર લક્ષી, વ્યવસાયલક્ષી કે પ્રયોગાત્મક શિક્ષણ પદ્ધતિનો અમલ કરવો જોઈએ.** પરીક્ષા પદ્ધતિમાં પાયાનાં ફેરફાર જરૂરી બને છે. આખા વર્ષનાં ભણતર પછીનું વિદ્યાર્થીનું મૂલ્યાંકન ફક્ત ૩ કલાકનાં પેપર પરથી કેવી રીતે આંકી શકાય? ગાઈડો, કોચિંગ કલાસીસ, ટ્યૂશનો, અપેક્ષિત પ્રશ્ન પેપરો વગેરેની નાગચૂડમાંથી વિદ્યાર્થીનો છૂટકારો અત્યંત જરૂરી બન્યો છે. જેથી તે પોતાની મેળે જ કંઈક વિચારીને પોતાને ગમતું શિક્ષણ મેળવે. જે તેને પોતાને ઉપયોગી થવા ઉપરાંત સમાજ, પ્રાંત, રાજ્ય કે દેશને પણ ઉપયોગી થઈ પડે. **પરીક્ષાલક્ષી કે પરિણામલક્ષી ઉચ્ચ શિક્ષણ પદ્ધતિને બદલે હેતુલક્ષી પદ્ધતિ અપનાવવી જોઈએ.** જેથી આવતીકાલનો શિક્ષિત યુવાન આજનાં "શિક્ષિત" યુવાન કરતાં ખરેખર "શિક્ષિત" હોય!!! શું આવું શક્ય છે?

***મંગલ મંદિર, ઓક્ટોબર-૧૯૯૧***

*વ્યક્તિ જેટલી વધારે ચીજો વગર ચલાવી શકે એટલી એ વધારે શ્રીમંત ગણાય.*

# શિક્ષણનીતિ અસોસાર ભધલે માસ્તર ઊ જ!

• હસમુખ અબોટી 'ચંદન' •

એક ભદ્ર સમાજનું ઘડતર કરવું કેટલું કાઠું કાર્ય છે. તેમાં પણ ખાસ કરીને દિન પ્રતિદિન નઠારા કાર્યનું અનુકરણ કરતું આજનું આ માહોલ અને વર્તમાન સમાજ! ઋષિકાળમાં પ્રકૃતિની ગોદમાં ભણતા-આચરતા એ શિષ્યો ખરેખર આજના આ ખોખલા સમાજમાં અતિશયોકિત પેદા કરનારાં છે!! એકબીજાને સમજવાની તેમજ એકબીજા પ્રત્યેની વફાદારી આ ઋષિકાળનો કાળ દેશ ભૂલ્યો છે. એકદમ ઝડપી બદલી રહેલા જમાનામાં આદર્શવાદ પર નભવું તે અંગારા પર ચાલવા સમાન છે. હવે તો આદર્શવાદની વાતો માત્ર તમને શાળાના ઓરડામાં જ સાંભળવા મળશે. સુસંસ્કૃત વર્તન અને ચારિત્ર્યનું ઘડતર લોકોની વચ્ચે ક્યાંય જોવા મળતું નથી. આવી વાતો સિર્ફ શિક્ષકના મોઢેથી સાંભળવા મળે ત્યારે આપણે તેની હાંસી ઉડાવવા સિવાય બીજું કશુંય કરતા હોતા નથી. દેશની આઝાદી મેળવવાને હજુ કેટલા વર્ષો થયા છે? **ત્યાંજ આઝાદી પહેલાના આદર્શો અને દેશદાઝની પેલી ઉદાર ભાવના, એ જાણે આજે ફટાફટ લુપ્ત થતાં જાય છે.**

આધુનિક નિરાશામય જીવનમાં સુજ્ઞ નાગરિકો તૈયાર કરવા એકલો-અટૂલો ઊભેલો શિક્ષક નવી દિશાની પગદંડી પર ખુદ ચાલી બીજાને માર્ગદર્શન અર્પે છે. તેથી તો તેઓને 'માસ્તર' શબ્દ પ્રયોગથી નવાજવામાં આવ્યો. કમનસીબે આજે એ શબ્દ પ્રત્યે ખુદ માસ્તરોને સુગ છે. હા, એ ખરું છે કે સમાજના કેટલાક લોકો શિક્ષકોનું અપમાન કરવા પણ આ શબ્દનો ઉપયોગ નફ્ફટાઈથી કરતા હોય છે. પ્રત્યેક નાગરિકે શિક્ષકને માનવી નજરે નિહાળવું જોઈએ ત્યારે તો રશિયન કેળવણીકાર શ્રી વસીલી સુખોમ્લીન્સકીને પોતાનું પુસ્તક 'દિલ મેં દીધું બાળકોને' તેમાં તેઓએ કહેલું, "બાળકોના આંતરિક, માનસિક, જગતનું ખાસ કરીને તેમના વિચારોનું પરીક્ષણ શિક્ષકનાં અત્યંત મહત્ત્વનાં કર્તવ્યોમાં સ્થાન ધરાવે છે." ત્યારે સવાલ એ બાબતનો થયા કરે છે, તો પછી હાલનો સમાજ આટલો બધો પંગુ કેમ દેખાય છે? એના ઉકેલમાં કેટલીક ત્રુટિઓ સમાયેલી છે. જે આપણને નજરે નથી ચડતી અથવા ત્રુટિઓનું નિરીક્ષણ આપણે ખુદ જાણી જોઈ કરવા નથી માંગતા. **કરુણા ઉપજાવે એવી બાબત તો એ છે કે શ્રેષ્ઠ શિક્ષક બનવા ખુદને તેના પ્રમાણો આપવા પડે છે.** આ લાચારી નહિ તો આને માટે બીજું શું કહીશું?

આજનું શિક્ષણ બોદું પડવા માંડ્યું છે. શિક્ષણના મેળવ્યા બાદ શ્રમના મહિમાને બાજુએ મૂકી ફક્ત નોકરી પાછળ ભટકવા યા તો તેની પાછળ આંધળી દોટ મૂકવા વિદ્યાર્થીઓને તૈયાર કરવા જેવું છે. આને જે. કૃષ્ણમૂર્તિ કેળવણી નથી કહેતા. કોલેજમાંથી અભ્યાસ કરી ચૂકેલાં વિદ્યાર્થીઓને તેનાજ વિષયો રોજીરોટી પૂરાં પાડી શકતાં નથી ત્યારે એવું લાગ્યા કરે છે કે અભ્યાસ સર્વગામી સિદ્ધિ હાંસલ કરવાવાળું નથી.

અર્થાત્ શિક્ષણમાં મૂળગામી ફેરફારો કરવાની જરૂરિયાત છે.

ત્યારે આજે શિક્ષક શિક્ષણમાં રુચિ ન ધરાવનારો, સ્પૃહા દાખવનારો, અસામાજિક તત્ત્વોને પંપાળનારો અને વ્યસનોનો શિકારી બન્યો છે. આ પાંગળા વાતાવરણમાં ખુદ શિક્ષક સપડાયો છે. પશ્ચિમી લેખક એ.જી. ગાર્ડિનર જણાવે છે તેમ **માણસ પોતાની અંગત જિંદગી અને બાહ્ય જિંદગી અલગ-અલગ રીતે જીવે છે.** તે બાહ્ય જીવનમાં વધુને વધુ સારો બનવા પ્રયત્નો કરે છે. વાસ્તવમાં તેની અંગત જિંદગી કંઈક જુદી જ હોય છે. ત્યારે હાલના શિક્ષકનું પણ એવું છે. આ નરી વાસ્તવિક્તા છે. હું એક શિક્ષકના નાતે આ લેખ લખી રહ્યો છું ત્યારે એટલું જ કહી અને બતાવી દેવા માંગુ છું કે ગુજરાતની સારામાં સારી હાઈસ્કૂલ હોય તો તે કોઠારાની જી.ટી. હાઈસ્કૂલ છે. ઉપરના જે ગુણદોષો જોયા તેમાંથી એક પણ લાગુ નથી પડતા આ હાઈસ્કૂલના પરિવારજનોને! ઊલટાનું રાત દિવસ અરે! રવિવાર કે વેકેશનના દિવસોમાં પણ આચાર્ય સહિતનો પરિવાર કોઈ પણ સ્પૃહા દાખવ્યા સિવાય કેળવણી આપ્યા કરે છે. નવાઈ ઉપજાવે તેવી બાબત તો એ છે કે અહીંના આચાર્ય શ્રી પ્રભાતસિંહ જાહેજા આજ હાઈસ્કૂલમાં ભણ્યા હોઈ તેઓ આજ દિન લગી આચાર્યની ખુરશી પર ન બેસી ગુરુજનોની અદબ જાળવે છે. શાળા પરિવાર પણ રાતદિન બાળકો પર દેખરેખ રાખી કેળવણી આપ્યા કરે છે.

બીજી બાજુ બુનિયાદી શિક્ષણની વાત પર આવીએ તો વિદ્યાર્થીઓ પર કામ વગરના વિષયોનું ભારણ લાદવામાં આવે છે. ઊલટાનું એ શિક્ષણ બાળકોના માનસિક વિકાસને અવરોધે છે. બુનિયાદી શિક્ષણને લગતા નીતિ-નિયમો શિક્ષણને ચોટ પહોંચાડનારાં છે તેમાં પણ અપવ્યય અને સ્થગિતતા દૂર કરવાના નિયમો તો તેને પાંગળો જ બનાવી દે છે.

શિક્ષણ નીતિઓ બદલાયા કરે પરંતુ શિક્ષકો ના બદલાય તો પૂ. મહાત્મા ગાંધી તેમજ હાલજ જેઓની જન્મ જયંતી ઉજવાઈ એવા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણને કેળવણી અંગે આપણને ઘણી સમજ પૂરી પાડી છે.

**એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે એ ન્યાયે દરેક માતા પોતાના બાળકના શિક્ષણ પ્રત્યે સજાગ રહેશે તો નિઃસંકોચપણે આપણો દેશ નિરક્ષર નહીં બને જ!**

*મંગલ મંદિર, ઓક્ટોબર ૧૯૯૧*

*ફક્ત અનિષ્ટો સામે લડવાથી જીવાતું નથી, ઉચ્ચ ધ્યેય નજર સમક્ષ રાખવો પડે છે.*

# જગતપ્રસિદ્ધ વિદ્યામંદિર : ઑક્સફર્ડ યુનિવર્સિટી અને ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

● રાજેન્દ્ર દવે ●

જર્મનીમાં ગુટનબર્ગે મુદ્રણકળાની શોધ કરી એ પછી લગભગ ત્રણ દાયકા બાદ એટલે કે ઈ.સ. ૧૪૭૭ની સાલમાં લંડનના વેસ્ટમિન્સ્ટર ખાતેના કેકસટન પ્રેસમાંથી ઈંગ્લેન્ડનું પહેલવહેલું પુસ્તક છપાઈને બહાર પડ્યું હતું. એના બીજા જ વર્ષે એટલે કે ઈ.સ. ૧૪૭૮માં કે જ્યારે ગુજરાતમાં મહમદ બેગડો રાજ કરતો હતો, ઈટાલીમાં લીઓનાર્દો દ વિંચી પેરેશ્યૂટ બનાવવાના પ્રયોગો કરી રહ્યો હતો અને યુરોપના નાવિકો હિંદુસ્તાન પહોંચવાનો જળમાર્ગ શોધવા દરિયો ખૂંદી રહ્યા હતા ત્યારે ઈંગ્લેન્ડમાં ઑક્સફર્ડ મુકામેથી થીઓડોરિક રૂડે પાદરીઓના પંથ વિશે લેટિન ભાષામાં એક પુસ્તક છાપીને પ્રગટ કર્યું. આજે વિશ્વભરમાં અગ્રગણ્ય પ્રાચીનતમ પ્રકાશક ગણાતા અને ૫૨૨ વર્ષ જૂના વિશ્વ વિખ્યાત ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસનો એ પ્રારંભ હતો.

છેલ્લા પાંચસો વર્ષ દરમિયાન ઉત્તરોત્તર વિકાસ પામીને ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ જુદા જુદા દેશોમાં ફેલાયેલી એની અનેક શાખાઓ સાથે વિશ્વભરમાં મોટામાં મોટું પ્રકાશનગૃહ બની ગયું છે. દર વર્ષે તે વિવિધ વિષય અને વિવિધ ભાષાનાં ચાર હજારથીયે વધુ પુસ્તકોનું પ્રકાશન કરે છે. જ્ઞાનપ્રચુર, અભ્યાસનીય પુસ્તકો, સંદર્ભગ્રંથો, શબ્દકોશ જેવાં જ્ઞાનવર્ધક અને ઉચ્ચકક્ષાનાં જ પ્રકાશનો કરવાની એની નીતિના કારણે મુદ્રણ અને પ્રકાશનક્ષેત્ર ઉપરાંત વિદ્યાજગતમાં પણ એનું સ્થાન સર્વોચ્ચ અને ગૌરવયુક્ત રહ્યું છે. એનાં પ્રકાશનોની પસંદગીમાં એની વેચાણ ક્ષમતાને નહીં પણ એમાં રહેલી વિદ્વત્તાને જ વધારે મહત્ત્વ અપાય છે.

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ એ આમ તો વિશ્વ પ્રસિદ્ધ ઑક્સફર્ડ યુનિવર્સિટીનો વિભાગ છે. ઑક્સફર્ડ યુનિવર્સિટી એ વિશ્વની એક ઐતિહાસિક સંસ્થા ગણાય છે. અંગ્રેજી ભાષામાં શિક્ષણ આપનારી એ વિશ્વની સૌથી જૂની યુનિવર્સિટી ગણાય છે. ઑક્સફર્ડ યુનિવર્સિટીની શરૂઆત ક્યારે થઈ તેની કોઈ ચોક્કસ તારીખ પ્રાપ્ય નથી. **પરંતુ પ્રાપ્ય પુરાવાઓ પરથી એમ મનાય છે કે ઈ. ૧૦૯૬થી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં શિક્ષણ આપવાનો પ્રારંભ થયો હતો.** ઈ. ૧૧૬૭માં ફ્રાન્સની યુનિવર્સિટી ઑફ પેરિસમાં ભણવા આવતા અંગ્રેજ વિદ્યાર્થીઓના પ્રવેશ ઉપર હેન્રી બીજાએ પ્રતિબંધ ફરમાવ્યો એ પછીથી ઑક્સફર્ડ યુનિવર્સિટીનો ઝડપથી વિકાસ થયો.

ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં શરૂઆતની એક સદી સુધી અંગ્રેજી વિદ્યાર્થીઓ જ અભ્યાસ માટે આવતા. ઈ. ૧૧૯૦માં પ્રથમ વખત એક બિનઅંગ્રેજી-વિદેશી વિદ્યાર્થીએ ઑક્સફર્ડમાં શિક્ષણ મેળવી સ્કોલરશિપ મેળવી હતી. એ પછી ઈતિહાસમાં નોંધ લેવાય એવી અનેક ઘટનાઓની સાક્ષી આ યુનિવર્સિટી રહી છે.

ચોક્કસ વર્ષોના સમયગાળા પછી પૂંછડિયો તારો આકાશમાં પુનઃ દર્શન દે છે એવું શોધી કાઢનાર એડમન્ડ હેલી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ભૂમિતિના પ્રોફેસર હતા. ઈ. ૧૮૭૮માં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં મહિલાઓ માટેના વર્ગોનો આરંભ થયો. આજે ઑક્સફર્ડ યુનિવર્સિટીની ૩૯ કોલેજોમાં એક મહિલા કોલેજ છે. પાંચ સૈકાના સમયગાળા દરમ્યાન અનેક લીલી-સૂકી જોઈ ચૂકેલ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં વર્ષ ૧૯૯૮-૯૯માં ૧૬ હજારથીયે વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. આમાંના ચોથા ભાગના વિદ્યાર્થીઓ વિદેશી હતા જેમાં યુરોપખંડના દેશોનો પણ સમાવેશ થતો હતો. **વિશ્વના ૧૩૦ જેટલા દેશોના વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરે છે. પાંચ હજાર જેટલાં વિદ્યાર્થીઓ અનુસ્નાતક અભ્યાસક્રમમાં ભણે છે. જેમાંના ત્રણ હજાર વિદ્યાર્થીઓ કલા અને માનવસંસ્કૃતિનો અભ્યાસ કરે છે.**

ઑક્સફર્ડ યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફમાં ૭૬ રોયલ સોસાયટીના અને ૧૦૫ બ્રિટિશ એકેડમીના ફેલો છે. ૧૯૯૮-૯૯ના વર્ષ દરમિયાનની યુનિવર્સિટીની આવક બાર કરોડ પાઉન્ડ જેટલી હતી.

**ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ એ વિશ્વનો સૌથી મોટો યુનિવર્સિટી પ્રેસ ગણાય છે.** જેમાં વિવિધ વિદ્યાશાખાનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત બાઈબલ, સંગીત, બાળ સાહિત્ય, અંગ્રેજી શીખવા માટેના પુસ્તકો, વ્યાપારી પુસ્તકો, ડિક્શનરી, સંદર્ભગ્રંથો અને જરનલો છપાય છે. આમાંના મોટા ભાગનાં પુસ્તકોનું છાપકામ અને પ્રકાશન ઑક્સફર્ડ અને ન્યૂ યોર્ક (અમેરિકા) ખાતે થાય છે. જોકે ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચીન, ભારત, કેનિયા, મલેશિયા, પાકિસ્તાન, સિંગાપોર, દક્ષિણ આફ્રિકા અને સ્પેનમાં શાખાઓ આવેલી છે. જે-તે દેશની સ્થાનિક પ્રજાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આ શાખાઓ દ્વારા પુસ્તકોનું પ્રકાશન થાય છે. જ્યારે ઑક્સફર્ડ અને ન્યૂ યોર્ક ખાતે જે પુસ્તકો છપાય છે તેનું વેચાણ વિશ્વભરમાં થાય છે.

વાસ્તવમાં ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ એ કોઈ વેપારી પેઢી નથી. ઑક્સફર્ડ યુનિવર્સિટીની જ આ શાખા જે પુસ્તકોનું પ્રકાશન કરે છે તેનાં વેચાણમાંથી જે નફો થાય છે તે બધો અવનવી સંશોધન યોજનાઓમાં તેમજ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથોના પ્રકાશનમાં વપરાય છે.

*પ્રાર્થના એટલે ઉચ્ચમાં ઉચ્ચ દ્રષ્ટિબિંદુથી જીવનના સત્યોનો વિચાર કરવો તે.*

**ભારતમાં ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની શાખા ઈ. ૧૯૧૨માં મુંબઈ ખાતે શરૂ થઈ હતી.** આ શાખાને ઉપક્રમે ભારતની અગ્રગણ્ય ભાષાઓ-આસામી, બંગાળી, ગુજરાતી, હિંદી, કન્નડ, મલયાલમ, મરાઠી, પંજાબી, સંસ્કૃત, તમિળ, તેલુગુ, ઉર્દૂ વગેરેમાં પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. મધ્યપ્રદેશના પછાત અને વેરાન એવા દેવાસ જિલ્લાના બાગલી ગામમાં જળસંચયનું કામ કરતી સંસ્થા 'સમાજ પ્રગતિ સહયોગ'ના મુખ્ય કાર્યકર અને જૂના સૌરાષ્ટ્ર રાજ્યના પ્રધાન સ્વ. મનુભાઈ શાહના પુત્ર ડૉ.મિહિર શાહે 'ઈન્ડિયાઝ ડ્રાઈલેન્ડ' નામનું પુસ્તક લખ્યું છે જેનું ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે ઈ. ૧૯૯૮માં પ્રકાશન કર્યું છે. રાજકોટના નિવૃત્ત પ્રોફેસર શ્રી હરેશ વોરાએ પ્રકૃત્તિ અને પર્યાવરણ વિષયક પુસ્તકોનો અનુવાદ કર્યો છે. જે ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રકાશિત થયા છે.

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસનું અને અંગ્રેજી ભાષાનું ગૌરવ તો છે, 'ઑક્સફર્ડ ઈંગ્લિશ ડિક્શનરી' જે ૧૩ ભાગમાં વહેંચાયેલો અને કુલ ૮૦ રતલ વજનનો, એ દળદાર મહાશબ્દકોશ એ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની એક મહાન સિદ્ધિ છે. એક સ્કોટિશ શિક્ષક સર જેઈમ્સ મરેએ ઈ. ૧૮૭૯માં એનું સંપાદન શરૂ કરેલું. સેંકડો સંપાદકો, ઉપસંપાદકો અને સ્વયંસેવકોના મોટા કાફલાએ પચાસ વર્ષ સુધી સતત એ મહાકાર્ય ચલાવેલું. ઇ.૧૯૨૫માં સર મરેનું અવસાન થયું ત્યારે આ કાર્ય 'આર' અક્ષર સુધી પહોંચ્યું હતું. સર મરેના અવસાન પછી તેમના સાથીદારોએ આ ભગીરથ કાર્ય ચાલુ રાખ્યું હતું. ઈ.૧૯૨૮માં એનો અંતિમ ભાગ પ્રસિદ્ધ થયો ત્યારે એમાં ૪ લાખ ૧૪ હજાર ૮૨૫ જેટલા શબ્દોની સમજ સમજાવાઈ હતી અને એ સમજાવવા માટે વીસેક લાખ જેટલા શબ્દો વપરાયા હતા. આ મહાવૃક્ષ સમા શબ્દકોશ પરથી નાના મોટા બીજા ૧૮ કોશ પ્રસિદ્ધ થયા છે. અને દરેક નવી આવૃત્તિ વખતે તેમાં છેલ્લામાં છેલ્લા નવા શબ્દો સમાવાતા ગયા છે. અન્ય કોઈ પ્રકાશન કરતાં આ શબ્દકોશોએ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસને દુનિયાભરમાં વધુ ખ્યાતિ અપાવી છે.

ઑક્સફર્ડની વોલ્ટન સ્ટ્રીટમાં આવેલું ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ વિશ્વના અદ્યતન પ્રેસ પૈકીનું એક છે. આ સમગ્ર સંકુલની માલિકી ઑક્સફર્ડ યુનિવર્સિટીની છે. યુનિવર્સિટીએ પસંદ કરેલા પ્રતિનિધિઓ એનો વહીવટ સંભાળે છે. આ લોકો જ પ્રકાશન યોગ્ય લખાણની પસંદગી કરે છે. પ્રકાશનાર્થે રજૂ થતી સમગ્ર સામગ્રીમાંથી દસેક ટકા જેટલી જ કૃતિઓ પસંદ પામે એટલું ઊંચું એમનું પસંદગીનું ધોરણ છે. શૈક્ષણિક, સાહસિક કે સાંસ્કૃતિક દૃષ્ટિએ ઉચ્ચ કક્ષાનાં પ્રકાશનો એ એમનું લક્ષ્ય રહ્યું છે.

પાંચસો વર્ષનો એનો સુદીર્ઘ ઇતિહાસ અનેક શ્રેષ્ઠ વ્યક્તિના કાર્યથી ઊજળો છે. આર્ચબિશપ લાઉડ એના પ્રથમ વહીવટદાર હતા. આરંભમાં તો અહીં ધાર્મિક પ્રકાશનો થતાં. બાઈબલના સત્તાવાર પ્રકાશક તરીકે ચાર્લ્સ પહેલાએ એને શાહી સનદ આપી હતી. અન્ય વિદ્યાપ્રચુર ગ્રંથોના પ્રકાશનમાં જતી આર્થિક ખોટ બાઈબલના મબલખ વેચાણમાંથી ભરપાઈ થતી રહેતી. લાઊડના કાર્યને ડૉ. જહોન ફેલે આગળ ધપાવ્યું. ક્રાઈસ્ટ ચર્ચના ડીન અને શેલ્ડોનિયન થીએટર નામનું ભવ્ય મકાન પ્રેસ માટે મેળવી આપ્યું હતું. એમના સમયમાં પ્રકાશનોની અનેક મહત્ત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં આવી. ૧૮મી સદીના પૂર્વાર્ધમાં છાપકામમાં મંદી પણ આવી ગઈ. ૪૦ વર્ષના સમયગાળા દરમિયાન ત્યારે માંડ ૪૦ જેટલાં પ્રકાશનો થયાં હતાં. પણ ઈ. ૧૭૫૫થી ફરી એમાં વેગ આવ્યો.

૧૯મી સદીમાં પ્રેસને બાઈબલના છાપકામનું મોટું કામ મળ્યું. ઈ. ૧૮૮૧માં 'નવા કરાર'ની નવી સંવર્ધિત આવૃત્તિ પ્રસિદ્ધ થઈ, જેની ખૂબ જ ટૂંકા ગાળામાં ૧૦ લાખ નકલો વેચાઈ. ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ પ્રેસે સાથે મળી આ પ્રકાશનકાર્ય હાથ ધરેલું. બંને સ્થળે એ ખરીદવા માટે લોકોનો એટલો ભારે ધસારો થયેલો કે એની વ્યવસ્થા માટે પોલીસની મદદ લેવી પડી હતી. બાઈબલનાં વિવિધ પ્રકાશનોની કરોડો નકલના વેચાણે ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસને અઢળક કમાણી કરાવી આપી છે.

ઑક્સફર્ડ ખાતે એક ચોરસ માઈલ જેટલા વિસ્તારમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીના ૯૦૦ જેટલાં ઐતિહાસિક મકાનો પથરાયેલાં છે. વાજપેયી સરકારે ઑક્સફર્ડ યુનિવર્સિટીને ભારતમાં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ માટે એક પીઠની સ્થાપના માટે ૧૮ લાખ પાઉન્ડ (૧૨.૧ કરોડ રૂપિયા) આપવાની જાહેરાત કરી છે.

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધી, ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ ઑક્સફર્ડના વિદ્યાર્થીઓ હતા. અનેક ભારતીયોએ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ માટે પુસ્તકો લખ્યાં છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વિચક્ષણ રાજપુરુષ સર્વપલ્લી રાધાકૃષ્ણન્, રાધાકૃષ્ણન્ ના પુત્ર ડૉ. સર્વપલ્લી ગોપાલન્ પણ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસના લેખકો હતા. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને 'ઇસેન્શીઅલ્સ ઓવ સાઈકોલોજી' અને તેમના પુત્ર ડૉ. સર્વપલ્લી ગોપાલને પંડિત જવાહરલાલ નેહરુનું જીવનચરિત્ર લખ્યું છે. પંડિત નહેરુના જીવનચરિત્રને તો સાહિત્ય અકાદમીનું પારિતોષિક પણ મળ્યું છે.

*મંગલ મંદિર, જૂન-૨૦૦૨*

## નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો

**(અનુસંધાન : પાના નં.-૧૨૯ ઉપરથી ચાલુ)**

અલગ જૂથ સાથે, કચ્છ, મુંબઈ તેમજ અમદાવાદમાં મળેલ મિટિંગોમાં વિચાર વિનિમય કરવામાં આવેલ. ફળસ્વરૂપે કચ્છના આ પ્રાણપ્રશ્ને સંઘર્ષ ચલાવી રહેલ લગભગ તમામ સંસ્થાઓની એક સંયુક્ત બેઠક તાજેતરમાં તા. ૧૭-૮-૨૦૦૩ના રોજ ભુજ ખાતે મળી હતી. દિવસભરની ચર્ચા વિચારણા અને મથામણના અંતે, સૌ સાથે મળી વાતચીતની રાહે આ મડાગાંઠ ઉકેલવાના પ્રયાસ કરવા સંમતિ સાધી શકાઈ હતી. અને આ હેતુ સાથે કચ્છ નર્મદા સમિતિની રચના કરવામાં આવી હતી અને આ સમિતિના અધ્યક્ષ તરીકે 'કચ્છ મિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આશા રાખીએ કે કચ્છના પ્રાણપ્રશ્નના વિના વિલંબે સુખદ ઉકેલ લાવવામાં આ સમિતિને સફળતા મળે.

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૩*

*માણસ ગમે તેટલો સારો હોય, પણ બીજા માણસ પર એની સંમતિ વિના શાસન કરવાને એ લાયક નથી.*

# પરીક્ષા તો હવે પૂરી થઇ...
## NOW WHAT.....?

***પરીક્ષાઓ તો હવે પૂરી થઈ. તો હવે આપણે કઈ દિશામાં જઈશું? સામાન્ય વ્યક્તિ આ સમયને મોજ-મજામાં અને હેતુવિહીન કાર્યોમાં વેડફી નાખતા હોય છે. પણ આપણે અગમ દિશાઓ તરફ પ્રયાણ કરવાનું છે. જીવનના દરેક પાસા, દરેક આયામ અને અણદીઠી વિડંબણાઓ સામે પોતાની જાતને સજ્જ કરવા માટે આનાથી ઉત્તમ સમય ક્યારેય નહીં મળે. આળસ ખંખેરો, વિચારોની દિશા ફેરવો અને ભવિષ્યમાં આવી પડનારા જીવનના પડકારો સામે લડવા માટે સજ્જ થઈ જાવ....***

સમર કેમ્પસ, એડવેન્ચર કેમ્પસ, ટ્રેકિંગ, હાઈ-ફાઈ કોમ્પ્યુટર કોર્સીસ, હોબી ક્લાસીસ, પર્સનાલિટી ડેવલપમેન્ટ ક્લાસીસ, ઈંગ્લિશ સ્પીકિંગ ક્લાસીસ વગેરે... માંથી શું કરવું? કેવી રીતે વેકેશનનો કંટાળાજનક સમય પસાર કરવા માટે દસ-પંદર હજારની રકમ મંજૂર કરાવવી? જેવી મૂંઝવણ મોટા ભાગના વિદ્યાર્થીઓને અને તેનું ટેન્શન તેમના મા-બાપને કરવાની વાર્ષિક સીઝન પાછી આવી ગઈ. ક્યાં જવું? શું કરવું? બધી વાતોમાં અંતે મોટી રકમ - પૈસાની વાત આવીને અટકી પડે છે અને દરેકના ઘરમાં વેકેશન જેવા ગોલ્ડન ટાઈમમાં બિનજરૂરી ટેન્શન આવીને બેસી જાય છે.

ટાઈમ પાસ માટે આ વખતે ભારત - પાકિસ્તાનની ક્રિકેટ મેચો મદદે આવશે, પરંતુ આજે આપણે કેટલીક એવી જાણકારી, ટ્રિક્સ, ટીપ્સ, સિક્રેટ્સ જાણવા પ્રયત્ન કરીશું કે સ્કૂલ, કોલેજના વેકેશનનો એટલો બધો ફાયદો - લાભ મેળવવો શક્ય છે કે બાકીનું આખું વર્ષ અને લાંબા ગાળે કારકિર્દીમાં આપણને ઝડપથી - અચૂક સફળતાઓ મળતી રહે.

- **કારકિર્દી - શિક્ષણના નવા બજારને ઓળખો :**

શિક્ષણ અને કારકિર્દીના બજારમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે. આજના મા-બાપ - વડીલોને પણ તે સમજવું - ઓળખવું - પચાવવું મુશ્કેલ છે. આ બજાર ખૂબજ volatile, insecure, competitive અને expensive છે. તેનું સૌથી સબળ પાસું એ છે કે તે યોગ્ય વ્યક્તિ માટે સૌથી વધુ rewarding પણ છે.

અગાઉ ક્યારેય નહોતું તેવું મળતર અને પ્રગતિ - recognition આ નવા બજારમાં છે. શરત ફક્ત એટલી જ છે કે આ knowledge & skilled based world of work માટે તમે કેટલા competent અને કેટલા તૈયાર - prepared છો?

- **થિયરી, પુસ્તકીયા જ્ઞાનની પ્રેક્ટિકલ જાણકારી મેળવો :**

જો આપ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા હો તો પર્યાવરણ, ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં જે પુસ્તકીયું જ્ઞાન - જાણકારી મેળવી છે તે વિષયોની પ્રેક્ટિકલ જાણકારી મેળવવા પ્રયત્ન કરો. જે તે વિષયના શિક્ષકો, મા-બાપ, સગાં-વહાલાંઓની મદદ પણ જરૂર જણાય તો લેવી. **વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સેન્ટર, નવરંગપુરા, સ્પેસ એપ્લિકેશન સેન્ટર - સેટેલાઈટ, નહેરૂ ફાઉન્ડેશન - વસ્ત્રાપુર; ગીર ફાઉન્ડેશન - પ્રકૃતિ ઉદ્યાન; ઈન્દ્રોડા પાર્ક - ગાંધીનગર; સાયન્સ સિટી, આઈમેક્સ થિયેટર; વડોદરાના પ્લેનેટોરિયમ મ્યુઝિયમ જેવા સ્થળોની વેકેશનમાં અચૂક મુલાકાત લઈ બારીકાઈથી નિરીક્ષણ કરી જાણકારી મેળવો.** ભણેલી વસ્તુઓ - વિષયોને એકવાર પ્રેક્ટિકલી જોશો - અનુભવશો તો જિંદગીભર તે ભૂલી શકાશે નહીં. ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તમારો સ્કોર સૌથી વધુ આવશે કેમ કે તમે જે વાંચો છો, અભ્યાસ કરો છો તેનો સ્વ-અનુભવ તમને હોવાથી યાદશક્તિ વધુ ખીલશે.

રાત્રે ધાબા ઉપર સૂતી વખતે તારા-ગ્રહો-નક્ષત્રોની જાણકારી મેળવો. બોટનિકલ, આયુર્વેદિક ગાર્ડનમાં (ગાંધીનગર, વડોદરા વગેરે) જઈને વૃક્ષો, વનસ્પતિઓ અંગે જાણકારી મેળવો. બેંકમાં જઈને ખાતું ખોલાવવાથી લઈને ચેકબુક, એટીએમ, ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવવાની, ચેક જમા કરાવવાની તાલીમ લો. મોટા મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં જઈને લોકોની - ગ્રાહકોની ખરીદવાની પ્રવૃત્તિ - consumer behaviourનો બારીકાઈથી અભ્યાસ કરો. રિટેઈલ સેલ્સ માર્કેટિંગ, વિઝ્યુઅલ મર્ચન્ડાઈઝિંગ - વિન્ડો ડિસ્પ્લે - કોમ્પ્યુટરાઈઝ્ડ બિલિંગ, સ્ટોક સિસ્ટમનો અભ્યાસ કરો.

- **સ્થાનિક સ્થળોની મુલાકાત લો :**

અમદાવાદ, વડોદરા, રાજકોટ જેવા શહેરોમાં રહેતા મોટા ભાગના આજના વિદ્યાર્થીઓ - લોકોને સમય - ફુરસદ નથી મળતી કે પોતાના જ શહેરના ઈન્ટરેસ્ટિંગ સ્થળો, જગ્યાઓની મુલાકાત લે. **વેકેશનનો સદુપયોગ કરી કેટલા લોકો ગાંધી આશ્રમ,**

*ભૂલોને આવતી રોકવા બધાં બારણાં બંધ કરી દેશો, તો પછી સત્ય ક્યાં થઈને આવશે.*

**સીદી સૈયદની જાળી, અમદાવાદની પોળો, હઠીસીંગના દેરા, કાલુપુર સ્વામિનારાયણ મંદિર, ઝૂલતા મિનારા, અડાલજની વાવ જેવા સ્થળો એક પ્રવાસીની ઉત્કંઠા સાથે જોવા જાય છે?**

એકવાર હિંમત કરી જાતે જ બસમાં બેસીને તેની મુલાકાત લો. એટલી બધી જાણકારી મળશે અને હિંમત ખૂલશે કે જે આખી જિંદગી કામમાં આવશે.

- **ગરીબી, બેકારી, માંદગીને જાતે નિહાળો :**

શહેરની ગરીબ વસતીમાં જઈને દિવસ વિતાવો. તેમની જીવનશૈલી, રહેણાંક, આવકનાં સાધનો, પ્રવૃત્તિઓની જાણકારી મેળવો. ઓઢવમાં આવેલ ભિક્ષુકગૃહ, ખાનપુરમાં આવેલ બાળ-ગુનેગારોની હોસ્ટેલ, નારી-સંરક્ષણ કેન્દ્રની બહેનોની આપવીતી, સેન્ટ્રલ જેલના કેદીઓ, શહેરની રોજગાર વિનિમય કચેરીમાં જઈને પૂછો કે કઈ સાલમાં ગ્રેજ્યુએટ થયેલા બેરોજગાર ઉમેદવારોને તમે હાલમાં નોકરીના ઈન્ટરવ્યૂ કાઢો છો? આ પણ એક વાસ્તવિક્તા છે તે જુઓ અને સ્વીકારો. આપણે પોતે કેટલા નસીબદાર - સુખી છીએ તેનો ખ્યાલ આવતા ખોટા દુઃખી થવાનું બંધ થશે. વેકેશનમાં જ આ શક્ય છે.

- **જ્ઞાન, આવડત અને વ્યક્તિત્વનો વિકાસ કરો :**

**Crossword, British Library, M.J. Library, IIM અને યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં જઈને જુઓ, કેટલા વિષયો ઉપર દુનિયાભરમાંથી કેટલું પ્રકાશન થાય છે.** દુનિયામાં કેટલા મેગેઝિન્સ, CD-ROM પ્રકાશિત થાય છે. ટેક્સ્ટ બુક્સ સિવાય રેફરન્સ મટીરિયલ તરીકે તમને સંખ્યાબંધ રીડિંગ મટીરિયલ મળી રહેશે. સાયબર કાફેમાં જઈને તમારા રસને લગતા, અભ્યાસને લગતા, શૈક્ષણિક અભ્યાસક્રમો - સંસ્થાઓની વેબસાઈટ્સ જુઓ.

અંગ્રેજી ઉપર પ્રભુત્વ મેળવવા માટે કોઈપણ અંગ્રેજી સ્પીકિંગ ક્લાસીસ જોઈન કરતા પહેલાં એક સારી ડિક્શનરી વસાવો. Longman દ્વારા પ્રકાશિત Activator, Dictionary of common errors પાછળ બસ્સો-પાંચસો રૂપિયા ખર્ચી તેનો સતત - દરરોજ થોડો થોડો અભ્યાસ કરો. સેકન્ડ હેન્ડ મળતાં પુસ્તકોના બજારમાંથી જૂની GMAT, GRE, TOEFL, SATના પુસ્તકો સસ્તા ભાવે લાવી વાંચવાનું શરૂ કરો કે જેથી ધો.-૧૨ પછી કે ગ્રેજ્યુએશન પછીની સ્પર્ધાત્મક એડમિશન ટેસ્ટ, CAT વગેરે માટે સારી તૈયારી થશે. એકવાર ઉપરના પુસ્તકો જાતે વાંચી, સમજી, તૈયાર કર્યા બાદ જ તેને લગતાં ક્લાસીસ જોઈન કરશો તો જ પૈસા વસૂલ થશે.

- **વેકેશનમાં જોબ કરો, એપ્રેન્ટિસશિપ-તાલીમ મેળવો :**

તમારે જે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી હોય તેમાં કામ કરતા લોકો - સફળ લોકોને મળો. તેમની કામગીરી નિહાળો. વકીલાત કરવી હોય તો કોર્ટમાં બેસીને કામગીરી નિહાળો. વકીલને ત્યાં મફતમાં નોકરી કરો. એડવર્ટાઈઝિંગમાં જવું હોય તો એડ-એજન્સીમાં, ટ્રાવેલ એજન્સીમાં, સેલ્સમેન - માર્કેટિંગમાં, રિટેઈલ સ્ટોર્સમાં, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં મલ્ટિપ્લેક્સમાં, જ્યાં ગમે ત્યાં નાની - મોટી પાર્ટ ટાઈમ નોકરી - માનદ્ સેવા આપીને અનુભવ મેળવવાથી તે કારકિર્દીને લગતા તમારા તમામ કન્સેપ્ટ ક્લિયર થશે અને તમારી ચોઈસ વધુ વાસ્તવિક બનશે. કારકિર્દીના બજારમાં તમે સરળતાથી પ્રવેશી શકશો.

ઉપર મુજબ જો વેકેશનના સમયનું આયોજન કરવા પ્રયત્ન કરશો તો તે તમારા અંગત વિકાસમાં, વ્યક્તિત્વના વિકાસમાં અને કારકિર્દીના વિકાસમાં અમૂલ્ય ફાળો આપશે. વેકેશન ક્યાં પૂરું થઈ ગયું તે પણ ખબર નહીં પડે અને કબૂલ કરશો કે આખા વર્ષના સ્કૂલ - કોલેજના અભ્યાસ કરતાં પણ વધુ જાણકારી - અનુભવ - self confidence અને competence વેકેશનના દિવસોમાં વિકસાવી શકાય છે અને એ પણ વગર ખર્ચે કે ઓછા ખર્ચે!

*મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૪*

## નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો

**(અનુસંધાન : પાના નં.-૧૩૦ ઉપરથી ચાલુ)**

કચ્છ માટે હાલની પાણીની ફાળવણી મુજબ કચ્છમાં ૭ લાખથી વધુ એકર જમીનમાં સિંચાઈ થઈ શકશે. આ સિંચાઈ એટલે છેલ્લાં પાંત્રીસ વર્ષ પછી આ વર્ષે કચ્છમાં જે સારો વરસાદ થયો અને તેના ફળસ્વરૂપે પિયત અને બિનપિયત એવા અંદાજિત આઠ લાખ એકરમાં ખેતી કરવામાં આવી છે અને તેના ફળસ્વરૂપે જે પાકો - બાજરી, એરંડા (દિવેલ), કપાસ, મગફળી, ઘઉં, ઈસબગુલ, જીરૂ, રાઈ વગેરે મળશે તેટલી ખેતી, વરસાદ પર આધાર રાખ્યા વગર નર્મદા નદીના સિંચાઈના પાણીથી દર વર્ષે થવા માંડશે.

પરંતુ આ પ્રક્રિયા સહેલી નથી. ઉપર કિ.મી.ની કચ્છ બ્રાંચ કેનાલની લંબાઈનાં કામો જ માત્ર નર્મદા નિગમના હિસાબે અંદાજિત રૂ. પંદરસો કરોડનાં થવા જાય છે, જ્યારે વધારાના પાણીના ૧.૦ M.A.F. પાણીના આયોજન માટે જળસિંચાઈ વિભાગે જે યોજના કરવી પડે તે અલગ. આ યોજના કદાચ અન્ય રૂ. ૨૫૦૦ કરોડ જેટલી થવા જાય. ગુજરાત સરકાર આ નાણાં નર્મદા નિગમને કે જળ સિંચાઈ વિભાગને ફાળવે ત્યારે જ આ શક્ય બની શકે. આ સમગ્ર પ્રક્રિયાને દૃષ્ટિ સમક્ષ રાખીએ તો ચાલુ નાણાકીય વર્ષમાં ફાળવાયેલ માત્ર રૂ. ૧૦ કરોડની તો કોઈ ગણના જ ન થઈ શકે.

સૌ કચ્છીઓએ સાથે મળીને કચ્છનાં કામો શક્ય ત્વરીતપણે કરાવવા નર્મદા નિગમ પર તથા સરકારશ્રી પર સતતપણે દબાણ કરવાથી જ આ પ્રક્રિયા ત્વરીત બની શકશે. કચ્છના સત્તા પક્ષના તથા વિરોધ પક્ષના અગ્રીમ કાર્યકરોએ પોતાના વ્યક્તિગત કે પક્ષીય હિતોને પ્રાધાન્ય આપવાને બદલે કચ્છના ઉત્કર્ષ માટે સભાનપૂર્વકના પ્રયાસો આદરવા જોઈશે કે જેના કારણે આ સમગ્ર પ્રક્રિયા ઝડપી બની શકે. કચ્છ બ્રાંચ કેનાલ માટે સરકારશ્રી તથા નર્મદા નિગમ દર વર્ષે વધુ ને વધુ નાણાં ફાળવે તો જ આ પ્રક્રિયા ત્વરીત બની રહે.

*મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૦૩*

*માનવી વાપરી શકે એવી મહામૂલ્યવાન ચીજ કોઈ હોય તો તે સમય છે.*

# વર્તમાન વિદ્યાર્થીઓ જોગ નમ્ર નિવેદન

• રોહિત ગાંધી •

વિદ્યાર્થી મિત્રો, પરીક્ષા નજીક આવતી હોવાથી તડામાર તૈયારીમાં પડ્યા હશો. એક બાજુ પરીક્ષાનો ભય તો બીજી બાજુ ટી.વી. / ફિલ્મ મીડિયાનું આક્રમણ સતાવતું હશે.

ટેન્શન - માનસિક તનાવ, ઋતુ પરિવર્તનને કારણે શારીરિક અસ્વસ્થતા; અપૂરતા ખોરાક અને અનિયમિત ઊંઘને પરિણામે બેચેની - આળસ - કંટાળો વગેરે પ્રતિકૂળ સંજોગોનો સામનો કરી રહ્યા છો?

આમાંથી બહાર નીકળવાનો રસ્તો ખરો? હા, જરૂર હોય છે. પરંતુ તેને વ્યવસ્થિત આયોજન દ્વારા સમયસર અમલમાં મૂકવામાં આવે તો જ એ કારગત નીવડે.

**સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે આપણે ત્યાં "આગ લાગે ત્યારે જ કૂવો ખોદવો" પરંતુ "પાણી આવે તે પહેલાં પાળ બાંધવી નહીં" એવી ભ્રામક પરિસ્થિતિમાં હોઈએ છીએ.**

આવું જ કાંઈક આપના અભ્યાસનું વર્ષ દરમ્યાન થતું હોય તેવું તમને લાગે છે ખરું?

જો વર્ષની શરૂઆતથી જ વિદ્યાર્થી પોતાના અભ્યાસ અંગે અન્ય બાબતોની જેમ કાળજી લેવાનું રાખે તો ખરેખરા સમયે ચિંતા - ટેન્શન - દોડધામ - ભય - અસંતોષ - અવલંબન - વાલીને ઘરમાં સામનો કરવો જ પડે તેવા વિષમ સંજોગોને જરૂર દૂર કરી શકાય.

આ માટે માત્ર જરૂર છે - નિયમિત શાળા કોલેજના વર્ગોમાં હાજરી, **શિક્ષક / અધ્યાપક** દ્વારા શીખવાતા વિષયમાં એકાગ્રતા, નિયમિત અધ્યયન, પુનરાવર્તન, હોમ વર્ક, વાંચન - લેખન - વિચારણા, તર્કબદ્ધ તૈયારી, માનસિક સજ્જતા, વગેરે.

કુદરતે જન્મથી જ કોઈને વધુ / ઓછી બુદ્ધિ કે કુશાગ્રતા આપી જ નથી. માત્ર આપણને પોતાનામાં એક આત્મવિશ્વાસ નથી અને બીજું નિયમિત અભ્યાસ કરવાની ટેવ નથી. બાકી અભ્યાસના ક્ષેત્રે જ્વલંત કારકિર્દી મેળવવી એ સાવ સહેલું છે.

"મારામાં બુદ્ધિ નથી અને બીજાનું કહ્યું કરવું નથી" આ વાક્ય દરેકને માટે કેટલું સાચું છે - તે જરા તપાસી જશો.

માટે જ આંખ અને કાન ખુલ્લા રાખીને જ્યાંથી જેટલું સારું લાગે તે અપનાવી લેવાની સુટેવ જીવનમાં પાડવા જેવી છે.

- **વાલીને નમ્ર નિવેદન :**

દરેક બાળકને પોતાની આગવી શક્તિ - ઈચ્છા - લાગણી - અભિપ્રાય - વ્યક્તિત્વ હોય છે. માટે મહેરબાની કરીને તેમના ઉપર તમારા વિચારો - માન્યતાઓ - આકાંક્ષાઓ - અપેક્ષાઓ - લાગણીઓ ઓછામાં ઓછું ઠોકી તો ના જ બેસાડો.

તમારા બાળકોને તેમની જ રીતે વિકસવા - ખીલવા દો. હા, તેની સાથે જરૂરી ચર્ચા વિચારણા - માર્ગદર્શન દોરવણી માટે ખુલ્લા મને તૈયારી દાખવો. તેને જરૂર છે તમારી હૂંફ અને અનુભવની - નહીં કે બળજબરીપૂર્વકના કોઈ વ્યવહારની.

જો બંને પક્ષે આટલી કાળજી રાખવામાં આવે તો મારા મતે ખાસ ટેન્શન રહેશે નહીં. પરીક્ષા એ ઓચિંતી આવનાર ઘટના / બનાવ નથી. તેની પૂર્વતૈયારી સમયસર, નિયમિત રીતે અને આયોજનપૂર્વક કરવામાં આવે તો વિદ્યાર્થી અને વાલીને થતા ઉજાગરામાંથી ચોક્કસ મુક્તિ મળશે.

*સુજ્ઞેસુ કિંમ્ બહુગુણા....*

*મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૪*

## એવી પ્રાર્થના મારી

કરો રક્ષા વિપદ માંહી - ન એવી પ્રાર્થના મારી,
વિપદથી ન ડરું કો'દી પ્રભુ, એ પ્રાર્થના મારી.
મળો દુઃખ તાપથી શાંતિ - ન એવી પ્રાર્થના મારી,
સહુ દુઃખો શકું જીતી, પ્રભુ, એ પ્રાર્થના મારી.
સહાયે કો' ચડી આવો, ન એવી પ્રાર્થના મારી,
તૂટો ન આત્મબળ દોરી, પ્રભુ એવી પ્રાર્થના મારી.
મને છળહાનિથી રક્ષો - ન એવી પ્રાર્થના મારી,
ડગું ન આત્મશ્રદ્ધાથી, પ્રભુ એવી પ્રાર્થના મારી.
પ્રભુ, તું પાર ઉતારે - ન એવી પ્રાર્થના મારી,
તરી જવા ચહું શક્તિ, પ્રભુ, એ પ્રાર્થના મારી.
તું લે શિરભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી,
ઉપાડી હું શકું સહેજે, પ્રભુ, એવી પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરું ભાવે, ન એવી પ્રાર્થના મારી,
ન શંકા તું વિશે આવે, પ્રભુ એવી પ્રાર્થના મારી.

*રવીન્દ્રનાથ ટાગોર*

*પોતાનાથી સાવ જુદા માણસોની સાથે સુમેળથી રહેવાની કળાને સંસ્કૃતિ કહે છે.*

## પરીક્ષાર્થીઓ નહીં, વિદ્યાર્થીઓ જોગ....

વિદ્યાર્થીઓ જોગ નિવેદન કરતાં શ્રી રોહિતભાઈ ગાંધીએ ("મંગલ મંદિર" એપ્રિલ-૨૦૦૪) ઘણી ઉપયોગી અને અગત્યની વાત કરી છે. તેમણે જે કહ્યું છે તે એક-બે નહીં, અનેકવાર વાંચીને તેનો અમલ કરવા વિદ્યાર્થીઓને અને ખાસ તો વાલીઓને મારી પણ વિનંતી છે.

વર્ષની શરૂઆતથી વિદ્યાર્થીઓને કોર્સ જણાવાય છે, તેના પુસ્તકો ઉપલબ્ધ છે. જાતજાતની અને ભાતભાતની ગાઈડો તમે ખરીદો છો. બાર મહિનાનો સમય છે, તમે દરરોજ નિશાળે જાવ છો. ત્યાં શિક્ષક સાહેબ હાજર છે. વર્ગમાં હોંશિયાર સહાધ્યાયીઓ છે. આમ મિત્રો, પાઠ્યપુસ્તકો, શિક્ષકો વત્તા ગાઈડો અને પૂરા બાર મહિના! આયોજનપૂર્વક અભ્યાસ કરો તો બેડો પાર! આવી સુંદર વાત કરવા માટે પ્રો. રોહિતભાઈને વિદ્યાર્થીઓ - વાલીઓ વતી અનેકાનેક ધન્યવાદ.

હવે વાતને જરાક લંબાવીએ. આ આયોજનમાં ટ્યૂશન ક્યાંય આવતું નથી, એટલે મોટો ફાયદો. ટ્યૂશનની લતમાંથી તમે કાયમ માટે છૂટી જશો. લત નહીં, ટ્યૂશન તો ચૂંગાલ છે. એકવાર જો તમે ટ્યૂશનનો લાભ (?) લેવાનું શરૂ કર્યું તો થઈ રહ્યું! ગ્રેજ્યુએટ થતા સુધી અને ત્યાર પછી પણ તમને ટ્યૂશન વગર ચાલશે નહીં! એવું ન હોત તો એમ.કોમ. અને બી.એડ.ના ટ્યૂશન વર્ગો ચાલતા હોય? ડબલ ગ્રેજ્યુએટ, જે શિક્ષક થવા બી.એડ. માટે જઈ રહ્યો છે, તેને પણ ટ્યૂશન જોઈએ છે. અને પરિણામ? નોકરી માટેનો ઈન્ટરવ્યૂ કેમ અપાય તેનો પણ ક્લાસ! તેનું પણ ટ્યૂશન!

અત્યંત સૂચક વાત તો એ છે કે ટ્યૂશનમાં જતો વિદ્યાર્થી પોતાની વિચારશક્તિ, મૌલિકતા ખોઈ બેસે છે. સર લખાવે (ગોખાવે) તે જ અને તેટલું જ પરીક્ષાની વૈતરણી પાર કરવા તેને પૂરતું લાગે છે - જરાપણ ઓછું નહીં કે વધુ નહીં. સરે લખાવેલી વિગતમાં વાક્યરચના પણ બદલાવતા અચકાય છે, ખોટા પડવાનો ડર! અને કરામત જુઓ : સરે તૈયાર કરાવેલું (ગોખાવેલું જ સ્તો) ફક્ત એટલું વાંચીને, સરે કહેલા IMP પાના વાંચીને જ આપણો વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થઈ જાય છે! હા, પોતાની સ્વતંત્ર વિચાર શક્તિને ભોગે, વૈચારિક રીતે પાંગળો થઈ જઈને!

આ આખી વાતમાં સર કરતા મા-બાપોનો હું વધુ વાંક જોઉં છું, સરે તો એટલી બાંયધરી આપી હોય છે કે તમારું બાળક પરીક્ષા પાસ કરી જશે. તેમનું ધ્યેય જ એટલું છે કે વિદ્યાર્થી પરીક્ષા પાસ કરે, વિષય ભણાવશે એવી તો વાત જ નથી. અને વિષયની તો વિદ્યાર્થીને પણ ક્યાં જરૂર છે? મારી વાત ખોટી લાગતી હોય તો કોઈ ગ્રેજ્યુએટને અંગ્રેજીમાં બે વાત પૂછી જોજો, બે વાક્યો બોલાવજો. અંગ્રેજી જવા દો, ઈંચ અને સેન્ટી મીટરની વાત કરોને! એન્જિનિયરિંગના ચાર સેમેસ્ટર પાસ કરીને આવેલો વિદ્યાર્થી કહે છે, મને ઈંચની ખબર નથી, અમારે તો સેન્ટી મીટર જ આવે. બોલો, હવે શું કહેશો? સેન્ટીમીટરની ફુટપટ્ટી એવી નથી જોઈ જેમાં ઈંચ ન બતાવ્યા હોય. પણ જુએ કોણ? જાણે કોણ?

આપણે કહીએ છીએ, આજે શિક્ષણ બગડ્યું છે, હું કહીશ ખોટી વાત. શિક્ષણ નહીં, આપણે બગડ્યા છીએ. કોલેજ ગયા વગર પણ ફક્ત આંખો અને કાનનો ઉપયોગ કરીને પણ ગ્રેજ્યુએટ થઈ શકાય છે, એ વાત આજના વિદ્યાર્થીઓને કોણ સમજાવશે?

*શાંતિલાલ વ. શાહ*

*મંગલ મંદિર, જૂન ૨૦૦૪*

## અમદાવાદમાં એક નવી એન્જિનિયરિંગ કોલેજ

સમગ્ર કચ્છી સમાજને ગૌરવ ઉપજાવે તેવી એક ઘટના તાજેતરના સમયમાંજ અમદાવાદમાં ઉદ્ભવ થવા પામેલ છે.

કચ્છના નખત્રાણા વિભાગના કેટલાક કચ્છી પટેલ સપૂતોએ એકત્રિત થઈ એક એન્જિનિયરિંગ કોલેજની સ્થાપના કરેલ છે અને તે અત્યારે કાર્યાન્વિત થઈ ગયેલ છે. આ કોલેજનો પ્રથમ પબ્લિક કાર્યક્રમ ગત તા. ૧૭-૮-૦૪ના ઉજવાઈ ગયો. અનેક કચ્છી મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના એક જૂના અને અડિખમ કાર્યકર શ્રી હંસરાજભાઈ વાલજીભાઈ પટેલના જયેષ્ઠ સુપુત્ર શ્રી શામજીભાઈ હંસરાજભાઈ પટેલ આ સંસ્થાના (એન્જિનિયરિંગ કોલેજના) ચેરમેન છે. શ્રી ગોપાલભાઈ ડી. સોઢા, શ્રી ભાસ્કરભાઈ આર. પટેલ, શ્રી દામજીભાઈ એસ. પટેલ, શ્રી પંકજભાઈ સી. ઠક્કર, શ્રી અર્જુનભાઈ વી. પટેલ, શ્રી વિશ્રામભાઈ એસ. પટેલ, શ્રી વિનુભાઈ એચ. પટેલ, શ્રી ધર્મેશભાઈ જી. બારોટ, શ્રી મોહનભાઈ એસ. પટેલ તથા શ્રી મૌલિકભાઈ પી. ઠક્કર આ સંસ્થાના વિવિધ ઉચ્ચ હોદ્દા પર તેમજ ટ્રસ્ટી તરીકે નિમાયેલ છે. મોટાભાગના હોદ્દેદારો શ્રી હંસરાજભાઈના કુટુંબીઓ અને કચ્છના વતની છે.

આ સંસ્થા **"અમદાવાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી" (એ.આઈ.ટી.)**ના નામથી કાર્યરત થયેલ છે અને તેમાં કોમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિકલ તથા ઈલેક્ટ્રિકલ એમ ચાર પ્રકારના ડિગ્રી કક્ષાના અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવેલ છે. દરેક વિભાગમાં ૬૦ વિદ્યાર્થીને લેવાની તેમને પરવાનગી આપવામાં આવેલ હોવાથી અત્યારે આ સંસ્થામાં ૨૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવાની શરૂઆત કરી રહ્યા છે.

આ કોલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ છે. અમદાવાદમાં એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ, નિરમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને ત્યારબાદ હવે આ "અમદાવાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી" એ ત્રીજી એન્જિનિયરિંગ કોલેજ કાર્યરત થયેલ છે.

ઉપરોક્ત સમારંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી ડો. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહે ઉપસ્થિત રહી શ્રી હંસરાજભાઈ પટેલ તથા કોલેજના સર્વે હોદ્દેદારોને શુભેચ્છા પાઠવેલ હતી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી પ્રેમજીભાઈ પટેલ વગેરે કાર્યકરો પણ આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ કારોબારી સભ્ય શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ આ સંસ્થામાં "સલાહકાર" તરીકે પોતાની સેવા આપી રહેલ છે.

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૪*

# ઉચ્ચ અભ્યાસ અને બેંકની લોન

• મગનલાલ સંઘવી •

છેલ્લાં થોડાં વર્ષોથી આપણે જોઈએ છીએ કે ઉચ્ચ કક્ષાના ટેક્નિકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો ખૂબજ ખર્ચાળ થઈ ગયા છે. વિદેશમાં અભ્યાસનો વિચાર પણ સામાન્ય કુટુંબ કરી શકે નહીં. બેંકો હવે આવા કુટુંબોની વહારે આવી છે અને પ્રમાણમાં હળવી શરતોએ દેશ તેમજ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન આપે છે. આવી લોન મેળવવા શું શું કાર્યવાહી કરવી જોઈએ એ બાબત વિચારણા કરીશું.

**૧.** લોનના બે વિભાગ પડે છે. સ્વદેશમાં અભ્યાસ માટે અને વિદેશમાં અભ્યાસ માટે. બંનેના સામાન્ય નિયમો અને ડોક્યુમેન્ટ્સની વગેરેની જરૂરિયાત નીચે મુજબ છે :

- અરજી કરનાર ભારતીય નાગરિક હોય.
- લોન ભારતીય રૂપિયામાં જ હોય.
- લોન માટે રોજગારલક્ષી, વ્યવસાયિક, ટેક્નિકલ તથા વ્યાપાર ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમો જ ગણતરીમાં લેવાય.

## ૨. ડોક્યુમેન્ટ્સની જરૂરિયાત :

- સામાન્ય રીતે દરેક કિસ્સામાં જોઈએ એવા કાગળો જેવા કે રહેઠાણના પુરાવા, ફોટોગ્રાફસ, આઈ-કાર્ડ, પાન નંબર વગેરે.
- વાલીનો સ્વરોજગાર હોય તો આગલા બે કે ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રિટર્નની નકલો. નોકરી હોય તો પગારનું પ્રમાણપત્રક.
- આગલી પરીક્ષા પાસ કર્યાના તેમજ માન્ય સંસ્થા કે યુનિવર્સિટીમાં દાખલો (એડમિશન) મળ્યાના પુરાવા.
- જરૂરી પાસપોર્ટ અને વીઝા.
- વિદેશની માન્ય સંસ્થા કે યુનિવર્સિટીમાં એડમિશન મળ્યાના પુરાવા.

## ૩. લોનની રકમ તથા વ્યાજ :

સ્વદેશમાં રૂપિયા ૧ થી ૭ લાખ સુધીની તેમજ વિદેશમાં ૧૫ લાખ સુધીની લોન મળી શકે છે. વ્યાજના દર ૪ લાખ સુધી ૧૦ થી ૧૦.૫૦% અને એથી વધારે રકમમાં ૦.૫૦માં ૧% વધારે લાગે. લોનનું વ્યાજ જો દર વરસે નિયમિત ચૂકવી આપવામાં આવે તો ચક્રવૃદ્ધિ વ્યાજની બચત. ઉપરાંત બેંક વ્યાજ દરમાં ૦.૫૦% સુધીની રાહત આપે છે. ઓછી આવક ધરાવતા વાલીનું બાળક જો સારી ટકાવારી સાથે પાસ થાય તો સરકાર તરફથી વ્યાજમાં રાહત આપવાની વિચારણા પણ છે.

## ૪. માર્જિન તથા સિક્યોરિટી :

માર્જિનમાં ૪ લાખ સુધી ૧૦૦% લોન મળે. એથી ઉપરની રકમમાં સ્વદેશમાં ૯૫% તથા વિદેશ અભ્યાસ માટે ૮૫% લોન મળે. બાકીની રકમનો બંદોબસ્ત કરવો પડે.

સ્વદેશ કે વિદેશમાં ૪ લાખ સુધી વાલીની ગેરંટી જ જોઈએ. પણ એથી વધારે રકમ માટે એટલી જ રકમની મિલકત ગીરો મૂકવી પડે. જેમાં જમીન, મકાન, ફ્લેટ, સરકાર માન્ય રોકાણો, બેંકને માન્ય હોય એવા શેર, ડિબેન્ચર, મ્યુ. ફંડના રોકાણ વગેરે ચાલે.

આ ઉપરાંત બેંકને માન્ય હોય એવી અન્ય પાર્ટી (થર્ડ પાર્ટી)ની ગેરંટી પણ ચાલે.

## ૫. લોનની અરજી

દેશ કે વિદેશના અભ્યાસક્રમ મુજબ દર વરસે થનાર ખર્ચનો પાકો અંદાજ કાઢીને અરજી કરવી જોઈએ. અરજીમાં અભ્યાસ, પરીક્ષા કે લાઈબ્રેરીની ફી, હોસ્ટેલમાં રહેવાનું હોય તો તેનું તથા ભોજન-નાસ્તા ખર્ચ, જવા આવવાનો મુસાફરી ખર્ચ, પ્રોજેક્ટનું કામ હોય તો તે અંગેનું મુસાફરીનું ખર્ચ, પુસ્તકો તથા અન્ય જરૂરી સાધન સામગ્રી તથા જરૂરી હોય તો કોમ્પ્યૂટર-પ્રિન્ટર વગેરે માટે લોન માંગી શકાય.

## ૬. લોનની ચૂકવણી :

અભ્યાસક્રમ પૂરો થયા બાદ અથવા નોકરી કે ધંધો શરૂ કર્યા બાદ ૬થી ૧૨ મહિના પહેલાં પછી વધારેમાં વધારે ૬૦ માસિક હપ્તામાં લોન પાછી આપવાની રહે. સંજોગવશાત બેંકો ચુકવણીની શરૂઆત લંબાવી શકે.

**૭.** સરકારી, સહકારી તથા ખાનગી બેંકોમાં આ નિયમોમાં સાધારણ ફેરફાર હોઈ શકે છે. બેંકોમાં ખાસ કરીને ખાનગી બેંકોમાં લોન આપવાની હરીફાઈ થતી હોઈ, બેંકો સાથે સારા સંબંધો હોય તો શરતોમાં ઢીલ પણ મળે.

આશા છે કે ઉચ્ચ અભ્યાસ ઈચ્છતા વિદ્યાર્થીઓ તથા વાલીઓને આ માહિતી ઉપયોગી થશે.

છેલ્લે એક વધારાનો ફાયદો ઊંચો આવકવેરો ચૂકવનાર માટે એ છે કે બે બાળકો સુધી ઉચ્ચ અભ્યાસના ખર્ચ પેટે અમુક રકમ ગ્રોસ આવકમાંથી બાદ મળે છે અને લોનનું ચુકવેલ વ્યાજ પણ બાદ મળે છે. આ બાબત પોતાના ટેક્સ સલાહકારોને પૂછી લેવી.

*મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૦૪*

*ભૂખ ન લાગવા છતાં માણસ ખાય છે, તે એની વિકૃતિ છે.*

પર્યાવરણ

# વૃક્ષ - કચ્છની કાયાપલટ કરી શકે

● ઉમરશી કે. ચંદે - બિદડા, કચ્છ ●

ઈન્ડિયન એક્સપ્રેસમાં સમાચાર વાંચેલા કે આંધ્ર પ્રદેશના રામુલુ જિલ્લામાં નેશનલ થર્મલ પાવર કંપનીમાં એક વૃક્ષપ્રેમી ચેરમેન તરીકે આવ્યા. તે વખતે રામુલુ જિલ્લાની પરિસ્થિતિ કચ્છ જિલ્લા જેવી જ હતી. વરસાદનું પ્રમાણ ઓછું, અવારનવાર દુષ્કાળ પડે. ભૂગર્ભના પાણીના સ્તર ઊંડા જવાથી પાણીની ગુણવત્તા નબળી થઈ. જેથી ખેતીવાડીને નુકસાન થયું. પાણી પીવાથી બીમારીઓ વધવા લાગી. એન.ટી.પી.સી.ના નવા ચેરમેન આવતાની સાથે જિલ્લામાં વૃક્ષનું પ્રમાણ વધારવાનું શરૂ કર્યું. **લોકોને વૃક્ષની મહત્ત્વતા સમજાવી જાતજાતના પ્રોત્સાહનો આપી કરોડોની સંખ્યામાં વૃક્ષો વાવ્યા.**

આથી ધીરે ધીરે સમગ્ર જિલ્લામાં પર્યાવરણ અને પરિસ્થિતિ સુધરવા લાગી. દુષ્કાળોની પરંપરા ઘટવા લાગી. વરસાદનું પ્રમાણ વધવા લાગ્યું. જેથી ભૂગર્ભ જળસંગ્રહમાં વધારો થયો. પાણીની ગુણવત્તા સુધરતા ખેતીવાડીને ફાયદો થતા ખેડૂતોની આવક વધવા લાગી. વૃક્ષો વધતા જમીનનું ધોવાણ થતું અટક્યું. આથી લોકો વધુ પ્રોત્સાહિત થઈ વધુ મહેનત કરવા લાગ્યા. વૃક્ષોનું પ્રમાણ વધતા, પ્રાણવાયુનું વધુ પ્રમાણ મળતા લોકોની માનસિક સ્થિતિ સુધરતા હકારાત્મક પ્રવૃત્તિઓ સુધરવા લાગી. વરસાદનું પ્રમાણ અને વૃક્ષો વધતા ગરમીનું પ્રમાણ સારા પ્રમાણમાં ઘટવા લાગ્યું.

આના ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે એક "વૃક્ષ" સમગ્ર જિલ્લાની કાયાપલટ કરી સર્વાંગી વિકાસ સાધી શકે છે. આપણો કચ્છ જિલ્લો આંધ્ર પ્રદેશના રામુલુ જિલ્લાની જેમ સર્વાંગી વિકાસ કેમ ન સાધી શકે?

કચ્છમાં વૃક્ષોનો ક્રમે ક્રમે નાશ થવાથી સ્થાનિક પ્રજાને કચ્છને થયેલ નુકસાનનો ખ્યાલ નથી. કચ્છની આ પરિસ્થિતિને બદલવા સમગ્ર કચ્છી પ્રજા પ્રયાસો કરે તો ચોક્કસ પરિસ્થિતિ સુધરી શકે. આવતા પાંચ વર્ષ માટે એક જ ધ્યેય અને સંકલ્પ કરવો જરૂરી છે કે વધુમાં વધુ વૃક્ષો કેમ વાવવા. એક સમયે ૩૫% જંગલનો વિસ્તાર ધરાવતો આપણો દેશ હવે ફક્ત ૫% ટકા જંગલો ધરાવે છે. આપણે વ્યક્તિ દીઠ વાર્ષિક અંદાજે એકસો વૃક્ષ જેટલું લાકડું વાપરીએ છીએ, પણ નવા વૃક્ષો વાવતા નથી. આ પરિસ્થિતિ પ્રત્યે જો ધ્યાન નહીં આપીએ તો એક દિવસ પ્રાણવાયુ અને પાણી વગર ઝુરી ઝુરી મરવાના દિવસો આવશે.

આ વરસે બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં અસહ્ય ગરમી પડી. ભારતમાં દર વર્ષે ગરમીનો પારો ઊંચો થતો જાય છે. જેથી બરફના પ્રદેશોમાં બરફ પીગળતા દરિયાઈ સપાટી ઉપર આવતા ખાનાખરાબી થવી શક્ય છે. થોડાજ વર્ષોમાં ગરમીનો પારો ૫૦ ડિગ્રી સેલ્સીયસની બહાર જતા મૃત્યુનું પ્રમાણ વધી જશે.

આ બધી પરિસ્થિતિમાંથી બચવાનો એકમાત્ર ઉપાય છે "વૃક્ષ" વાવો.

ભગવાન શ્રીકૃષ્ણે વૃક્ષમાં પોતાનો વાસ હોવાનું જણાવેલ છે તે વાત તદ્દન સત્ય છે.

વૃક્ષોના અગણિત ફાયદાઓ જાણીને એ ફલિત થાય છે કે જે વૃક્ષની આપણે ભગવાનની જેમ પૂજા કરવી જોઈએ, તેનો આપણે નાશ કર્યો. તેથી દુનિયા આજે દુઃખી દુઃખી છે. આ બધાની એક જ દવા છે - "વૃક્ષ".

શાળાના બાળકોને વૃક્ષનું મહત્ત્વ સમજાવી એમને વૃક્ષો વાવવાની પ્રવૃત્તિમાં જોડવા જોઈએ. કચ્છમાં પર્યાવરણની પ્રવૃત્તિ કરતા કેટલાક મિત્રોને કારણે વૃક્ષો પ્રત્યે લોક જાગૃતિ વધતી જાય છે અને એના સારા પરિણામો આવતા જાય છે.

દા.ત. ડુમરા ગામના યુવા મિત્ર મંડળને પ્રોત્સાહન આપનાર એલ.ડી. શાહ. તેઓ "કોટી વૃક્ષ અભિયાન"ના પ્રણેતા છે. તેઓએ તેમાં અનેક રીતે ભોગ આપ્યો છે. ડુમરા ગામમાં એક લાખ વૃક્ષો વાવ્યા. તેમાં એલ. ડી. શાહનો જ ફાળો છે. તેઓએ ગામના યુવાનોને વૃક્ષો વિષે જ્ઞાન આપ્યું અને પ્રોત્સાહિત કરી તે અંગે જાગૃત કર્યા. આજે પણ ડુમરા ગામમાં એક લાખ વૃક્ષો લહેરાય છે. આજે પણ વૃક્ષો મોજૂદ છે. આમ કચ્છમાં આવી વૃક્ષ પ્રેમી વ્યક્તિઓ બહાર આવે તો જ કચ્છ લીલોછમ થાય. એલ.ડી. શાહ જેવા વૃક્ષ ભેખધારી એવા કચ્છમાં દસ-બાર થાય તો કચ્છને સુખ અને સમૃધ્ધિ મળી જાય.

દહીંસરા, મંજલ, માંડવી તેમજ અનેક શાળાઓના બાળકોએ મોટી સંખ્યામાં વૃક્ષો વાવ્યા છે. ઠેર ઠેર સ્મૃતિ વનો બન્યા છે. લોકોએ કારગીલ કે કુળદેવીઓની યાદમાં વૃક્ષ વાવવા લાગ્યા છે. પણ આ પૂરતું નથી. કચ્છ જિલ્લો કેરલ રાજ્ય કરતાં મોટો જિલ્લો છે. ગામે ગામના બાળકો, શિક્ષકો તેમજ મોટેરાઓ આ પ્રવૃત્તિમાં જોડાય તો જ કામ આવે.

**હમણાં હમણાં એક સારો પ્રયોગ થયો છે. ભુજપુર નજીક એંકરવાલા અહિંસાધામ ખાતે એક લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરેલ છે.** કચ્છ કુળદેવીઓને માનતા ભાવિકો વૃક્ષો દત્તક લઈને આ કાર્યમાં જોડાયા છે. અને એનું સારું પરિણામ આવ્યું છે. માંડવીથી મુંદ્રા રોડ પર એક સંસ્થાએ રોડ સાઈડ પ્લાન્ટેશન શરૂ કરી સારી જાગૃતિ આણી છે. માંડવીથી મુંદ્રાના વિસ્તારને વરસાદી પટ્ટો બનાવવાની કમર કસી, રોડ ઉપર આવતા ગામોના નાકે સુંદર એવા પીંજરા સાથે વૃક્ષો વાવ્યા છે. સુંદર પીંજરાને કારણે દ્રશ્ય રળિયામણું લાગે છે.

આ પ્રકલ્પનું ઉદ્‌ઘાટન નાની ખાખર ગામે થતા હવે આસપાસના બીજા ગામો જોડાઈ રહ્યા છે. આથી વૃક્ષો પ્રત્યે જાગૃતિ વધવાનો સારો મોકો છે. કહેવાય છે કે વધુ પ્રમાણમાં વૃક્ષો હોવાથી વરસાદી વાદળો જોરદાર પવનથી ખેંચાઈને દૂર જતા નથી. એના ભેજને કારણે ત્યાં જ વરસે છે.

*મંગલ મંદિર, માર્ચ-૨૦૦૪*

*ભૂખ લાગવા છતાં આજે એકાદશી છે એમ કહીને માણસ ખાતો નથી, તે એની સંસ્કૃતિ છે.*

સમાજ દર્પણ

# દંભ

• રોહિત શાહ •

ગંધાતા માણસને જોઈએ ત્યારે તો આપણને સૂગ ચઢે જ છે, પણ એથીય વધુ સૂગ તો ત્યારે ચઢે છે, જ્યારે કોઈ ગંધાતો માણસ દંભ કરીને ચોખ્ખો હોવાનો સ્વપ્રચાર કર્યા કરતો હોય !

બજારમાં ફળ ખરીદવા જઈએ અને કોઈ કાછિયો કિંમત વધારે લઈને ફળ આપે તો આપણને સ્વાભાવિક રીતે જ દુઃખ થાય છે. પરંતુ જો એ ફળો ખૂબ મીઠાં અને તાજાં હોય તો આપણું દુઃખ હળવું થઈ જાય છે. પણ જો મોંઘી કિંમતે ખરીદેલાં ફળો સડેલાં, કાચા કે વજનમાં ઓછાં નીકળે તો આપણા દુઃખની માત્રા અનેકગણી થઈ જાય છે.

દંભ એ પાપ તો છે જ, પણ સડેલું પાપ છે.

દંભ બીજાના સત્યને સહન કરી શકતો નથી. જો તેની સામે સત્ય આવી જાય તો દંભ રાડારાડી કરી મૂકે છે.

**રાજારામ મોહનરાયે સતી થવાનો રિવાજ બંધ કરવા જેહાદ જગાડી ત્યારે દંભી ધર્માત્માઓએ કાગારોળ મચાવી મૂકી હતી.** કોઈ કહેતું, 'રામ મોહનરાય તો તદ્દન નાસ્તિક છે. તે રૌરવ નરકમાં જશે !' (આ રૌરવનું નરક કોણે શોધ્યું છે, એ પણ સંશોધનનો વિષય છે ને !) કેટલાંક ધર્મગુરુઓએ પ્રશ્ન કર્યો, 'રામ મોહનરાયને શાસ્ત્રોનું જ્ઞાન છે ખરું ? મોટો ક્રાન્તિવીર થઈને સુધારાની વાતો કરે છે પણ એની પાસે શાસ્ત્રોના અભ્યાસનો અભાવ લાગે છે !'

'શાસ્ત્રના નામની કાણી હોડી લઈને દંભીઓ ભવસાગર તરવાનાં લૂલાં સ્વપ્નો જુએ છે. **સત્યનો પૂજક તો જૂનાં શાસ્ત્રોના અર્થોને ગોખવા કરતાં નવાં શાસ્ત્રો રચવાનો પુરુષાર્થ જ કરશે.** જેની પાસે પોતાનું કોઈ પૂર્ણ વ્યક્તિત્ત્વ જ નથી એવા લોકો 'શાસ્ત્ર'ના નામે બંધિયારણામાં સડ્યા કરે છે.'

શાસ્ત્રમાં જે સનાતન વિચારો પડ્યા છે તેની સામે કોઈને કશો વિરોધ ના હોઈ શકે. આમ છતાં શાસ્ત્રોની રચના માણસે જ કરી છે એટલે તેમાં સ્થળ અને કાળના અનિવાર્ય પ્રભાવો તો પડેલાં જ હોય. તેથી શાસ્ત્રના કોઈપણ વિધાનને વળગતાં પહેલાં, આજના યુગમાં તે વિધાનનો અર્થ કેટલો ઉપયુક્ત છે તે સમજવું આવશ્યક છે.

પશુઓના જીવનમાં પરિવર્તન જોવા મળતું નથી. સદીઓ પહેલાં જે રીતે એ ખાતાં-પીતાં હતાં એ જ રીતે આજે ખાય-પીએ છે, હરવા-ફરવામાં, મૈથુનક્રિયામાં, લડાઈમાં આવી તમામ બાબતોમાં પશુઓ પૂર્વવત્ જ રહ્યાં છે. કારણ કે પ્રગતિ કરવાનું સામર્થ્ય તેમનામાં નથી. પરંતુ માણસ અને તેનો સમાજ સતત પરિવર્તનશીલ છે. તેની સામાન્ય રહેણીકરણી, તેની વિચારસરણી બધું જ બદલાયા કરે છે. માણસના મનને વાસી થવું પરવડે જ નહિ. **નવીનતા, તાજગી અને પ્રયોગશીલતા વિનાના માનવીને પશુથી ઉત્તમ કોઈ ઉપમા આપી શકાય નહિ.**

દંભને દેશવટો આપનાર જ સાચો સાધુ છે. દંભ વિનાના માણસના હજારો દોષ માફ કરી શકાય, પરંતુ હજારો ગુણોની વચ્ચે દંભનો એકાદ પણ દુર્ગુણ હોય તો એને માફ કરી શકાય નહિ. કારણ કે દંભી માણસ બેધારી તલવાર જેવો હોય છે. એક તો એ સત્યનો સ્વીકાર કરતો નથી અને બીજું અસત્યને સત્યમાં ખપાવવા પ્રયત્ન કર્યા કરે છે. આવા માણસોએ માનવજાતનું જેટલું અહિત કર્યું છે તેટલું બીજા કોઈએ નથી કર્યું.

કોઈ રાજકીય નેતા વૃક્ષારોપણ કરતા હોય ત્યારે ટી.વી. ઉપર તેમના દંભી સેવાકાર્યનો અહેવાલ જોઈને મનમાં વિચાર આવે છે કે શું આ વૃક્ષો એ રાજકીય નેતાના દંભનાં ઓશિયાળાં છે ? વર્ષાઋતુમાં ઠેર ઠેર ઊગી નીકળતાં નાનકડાં છોડવાં કોઈના દંભી સ્મિતની પ્રતીક્ષા નથી કરતા. ધરતી ઉપર લાખો વૃક્ષો છે, એમના વૃક્ષારોપણનાં આલ્બમ કુદરતે કદીય બનાવ્યાં છે ખરા ?

દંભ એ તો પોતાની વિકૃતિઓને ઢાંકવાનું કફન છે, સાધુઓ જ્યારે પોતાના ચાતુર્માસ પ્રવેશ વખતે રાજકીય નેતાઓને નોતરા આપવા ગાંડાઘેલાં થઈ ઊઠે છે ત્યારે ધર્મ તો એક ખૂણામાં ડૂસકાં ભરતો હોય છે. બન્ને દંભીઓ ભેગા મળીને પરસ્પરને, 'અહો રૂપમ્ અહો ધ્વનિ' કહે, મૂરખાઓનાં ટોળાં રાગડા તાણીને કે તાળીઓ પાડીને જય જયકાર કરે... **અને આ રીતે, ધર્મને બદલે દંભનું બહુમાન કરીને સૌ ધન્ય ધન્ય થાય.**

સાકરનો નાનો ટુકડો મીઠાશ આપશે, પણ નમકનો મોટો ગાંગડો મીઠાશ નહિ આપી શકે. ધર્મ ભલે નાનો હશે (બાહ્ય ઝાકઝમાળ વગરનો હશે) તોય દિલને શાતા આપશે, પણ દંભ ગમે તેટલો મોટો હશે (ચાર કલરની ઓફસેટ કંકોતરીનો) તોય એ વરવો અને વિકૃત જ લાગશે.

ચારિત્ર્યના સાધકે દંભને દેશવટો આપવો જ રહ્યો. અને સમાજે દંભીઓને દેશવટો આપવો જ પડશે.

***મંગલ મંદિર, ડિસેમ્બર-૧૯૯૨***

# પૂના – દખ્ખણની રાણી

• પોપટલાલ નેણશી ધરોડ •

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવેલું પેરાપ્લેજીઆ કેન્દ્ર (બંને પગનો લકવા થાય તેને પેરાપ્લેજીઆ કહે છે.) નાગરિક ક્ષેત્રે પહેલું આવું કેન્દ્ર છે. ગરીબ અને નિમ્ન વર્ગનાં મજૂરીએ જતા માણસો જયારે ઊંચાઈએથી પડે અથવા તેમની ગરદન, પીઠ કે કમર પર વજન પડે, ત્યારે તેમની કરોડરજ્જુ જો તૂટી જાય કે તેની પર હાડકાનું દબાણ આવે ત્યારે આવી જાતનો લકવા થઈ જાય છે. લકવા જોડે આવા દર્દીઓના ચેતાતંત્ર, સ્પર્શજ્ઞાન, મૂત્રતંત્ર, શ્વસનતંત્ર વગેરે અસ્તવ્યસ્ત થઈ જાય છે. વર્ષો પહેલાં આવા દર્દીઓ ઈજા થયા પછી થોડા સમયમાં મૃત્યુ પામતા. વૈદ્યકીય સારવારની પદ્ધતિમાં સુધારાઓ થતાં, આવા દર્દીઓ હવે જીવવા લાગતાં તેમને તેમના જીવનમાં કામ કરતા કેમ રાખવા, રોજી રળતાં કેમ કરવાં તે પ્રશ્ન ઊભો થયો છે. આના માટે ઉચ્ચ ગુણવત્તા અને તાલીમ પામેલા સ્ટાફની જરૂર રહે છે. આ હેતુને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે કેટલાક તજજ્ઞોને ખડકી-પૂનામાં આવેલ ૧૨ વર્ષથી અસ્તિત્વ ધરાવતા લશ્કરી પેરાપ્લેજીઆ કેન્દ્રમાં (ખરું નામ સ્પાઈનલ કોર્ડ ઈન્જ્યુરીસ સેન્ટર) નિરીક્ષણ અને તાલીમ માટે મોકલવાનું વિચાર્યું. કુલ ચાર જણની પસંદગી થઈ. જેમાં એક હું, બીજા મારા સાથીદાર શ્રી ભાલચંદ્ર સ્થળેકર અને બીજાઓમાં સ્ટાફનર્સોનો સમાવેશ થતો હતો.

પૂના-દખ્ખણની રાણીનો ઠસ્સો-જોવાનો મોહ આમ તો ઘણા વખતથી હતો. જો કે પચ્ચીસેક વર્ષ પહેલાં એક-બે દહાડા માટે ૨-૩ વાર અગાઉ ત્યાં જઈ આવેલો છું. પણ રહેવાનો મોકો મળ્યો ન હતો. આથી રહેવાનું આકર્ષણ મુખ્ય હતું. સરકારનાં આદેશથી આ વખતે છ અઠવાડિયાં જેટલો સમય ગાળવાનો મોકો મળ્યો.

પૂના જઈએ એટલે મુંબઈને તો ઓળંગાયે જ નહીં. આપણા ઘણા કચ્છી સમાજોનું વતન હવે મુંબઈ બની ગયું છે. એટલે એક અઠવાડિયું ત્યાં રહેવાનો કાર્યક્રમ નક્કી કર્યો. દિવાળીનાં દિવસો હોવાથી વર્ષો બાદ મુંબઈમાં પ્રથમ દિવાળી જોઈ ઊજવી.

અમદાવાદ તા. ૧૩-૧૧-૮૨માં છોડ્યું હતું. અઠવાડિયું મુંબઈમાં રોકાઈ તા. ૨૧-૧૨-૮૨નાં બપોરે હૈદ્રાબાદ એક્સપ્રેસમાં પૂના જવા નીકળ્યા. પશ્ચિમઘાટનાં રેલવેલાઈનનાં બુગદા તથા રેલવેલાઈનની આજુબાજુ આવેલી ખીણોની મોજ માણતા કરજતમાં પ્રખ્યાત બટાટાવડા તથા લોનાવાલાની પ્રખ્યાત મગનલાલની ચીકી ખાઈ સાંજે ૫-૦૦ વાગે પૂના સ્ટેશને આવી પહોંચ્યા.

પૂનામાં અમારી રહેવાની સગવડ ત્યાંની ભારતભરમાં બેનમૂન એવી સંચેતી આર્થોપેડિક હૉસ્પિટલમાં થઈ હતી. ત્યાંના અધિકારીવર્ગને મળી, અમારી રૂમ મેળવી લીધી અને સામાન ગોઠવી દીધો, આ સંચેતી હોસ્પિટલ વિષે થોડું જાણવા જેવું છે. ડૉ. સંચેતી ખૂબ સામાન્ય કુટુંબમાંથી આવેલા છે. ઓર્થોપેડિક સર્જરીનું ભણી તેઓ પૂનામાં સ્થાઈ થયા છે. ખૂબ મહેનતુ વ્યક્તિ છે. તેમની સર્જરી અને માયાળુપણું ખૂબ વખણાય છે, સંચેતી ટ્રસ્ટની સ્થાપના કરી તેમણે ઘણા દાન અને સરકારી મદદ મેળવી છે. પૂના તથા આજુબાજુ વિસ્તારોમાં તેમના નામની સુગંધ છે. ગરીબ દર્દી પૈસા ન ભરી શકે તો લગભગ મફત સારવાર ત્યાં મેળવી શકે છે. પણ તે સામે સંચેતી ટ્રસ્ટને દાન ઘણા મળી રહી છે. મારા ખ્યાલ મુજબ ભારતમાં આટલી મોટી સગવડભરી બીજી કોઈ ઓર્થોપેડિક હોસ્પિટલ નહીં હોય. આપણી કોમની જેમ મારવાડી કોમ પણ ખૂબ સખાવતો કરે છે અને ડૉ. સંચેતી એ કોમના છે. એટલે દાનથી આટલી મોટી હોસ્પિટલ બાંધી શક્યા છે. આ હોસ્પિટલ ૭ માળ ધરાવે છે. અમારો ઉતારો પાંચમે માળે હતો. આટલી મોટી અને આટલી આધુનિક હોસ્પિટલ જોઈ અમે પ્રભાવિત થઈ ગયા.

લશ્કરી કેન્દ્રની હોસ્પિટલમાં અમારું જવાનું નક્કી થયું એટલે અમદાવાદમાં મિત્રોએ લશ્કરની પ્રણાલિગત શિસ્ત વિષે ખૂબ ડરાવેલા. જેમ કે ત્યાં જવામાં એક મિનિટ પણ મોડું ચાલશે નહિ. મંજૂરી વગર ક્યાંય ખસી ન શકાય. એટેન્શનમાં કામ કરવું પડે. લશ્કરમાં ઓર્ડર એટલે ઓર્ડર અને તેનું પાલન થવું જ ઘટે, કપડાં બરાબર ઈસ્ત્રી ટાઈટ જોઈએ. બુટ અને મોજાં પહેરવા જ પડે અને બૂટ પાલિશ બરાબર ચકચકાટ થતો હોવો જોઈએ વગેરે. કપડાં માટે હું બહુ અવ્યવસ્થિત છું. તેથી અને સામાન્ય રીતે હું ચંપલ અને બહુ બહુ તો સેન્ડલ પહેરનાર છું. તથા પૂનમ અમાસે બૂટ પોલિશ કરનાર છું તેથી આવી સલાહથી હું સૌથી વધુ ગભરાઈ ગયેલો. વધુમાં અમદાવાદમાં ૧૯૬૯માં કોમી હુલ્લડો ૧૯૭૩નાં નવનિર્માણ આંદોલન વખતે લશ્કરી કડકાઈ જોયેલી એટલે હું અને મારા સાથીદાર શ્રી સ્થળેકર સારી રીતે ભડકેલા હતા.

તા. ૨૨-૧૧-૧૯૮૨ના આઠ વાગે લશ્કરી હોસ્પિટલમાં હાજર થવાનું હતું, તેથી હું અને સ્થળેકર સંચેતી હોસ્પિટલથી સવારના ૬ વાગે નીકળી પડ્યા. (સમયસર પહોંચવા માટે સમયસર ઊઠવું પડે એટલે હું અમદાવાદથી એલાર્મ ઘડિયાળ લઈ આવેલો)

*તમારી જિંદગીનો દોર તમારા હાથમાં રાખો.*

કેટલુંયે ચાલ્યા, કેટલીયે બસો બદલી અને કેટલાયે ઠેકાણે પૂછપરછ કરી અમે લશ્કર હોસ્પિટલના વિસ્તારમાં પોણા આઠ વાગે દાખલ થયા. હોસ્પિટલના ગ્રાઉન્ડમાં ક્યાંય ચોકી કરતો બંદૂકધારી સિપાઈ જોઈએ એટલે તે અપમાન કરી કંઈ પડકાર કરી તેવી બીકમાં, તે પૂછે તે પહેલાં જ અમે તેની પાસે પહોંચી જઈ, અમને આપવામાં આવેલા બે-ચાર કર્નલોના નામ લઈ અમે જ પૂછપરછ કરવા માંડીએ! કોઈ કંઈ અક્કડતા ન બતાવે એટલે અમે મનમાં ફૂલાઈએ કે હાશ! ફલાણા કર્નલનું નામ લીધું અને પેલાએ કેવી સભ્યતાથી જવાબ આપ્યો! પૂછપરછ કરતાં મનમાં ગભરામણતો રહે જ અમે તેની પાસે પહોંચીએ તે પહેલાં જ તે પોતાની બંદૂક અમને તાકશે તો? અમને જેમની સમક્ષ હાજર થવાનું હતું તેમનું નામ હતું કર્નલ મુકરજી. વી.એસ.એમ. (વી.એસ.એમ. એટલે વિશિષ્ટ સેવા મેડલ) તેઓ આ હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગના વડા છે.

અમારે જ્યાં નિરીક્ષણ અને તાલીમ માટે રહેવું હતું, તે રિહેબિલિટેશન વિભાગમાં આર્મી અને સિવિલિયન એમ બંને જાતનો સ્ટાફ છે. જતાં જ, અર્ધા એક કલાકમાં તો ત્યાંના દરેક આર્મી સિવિલિયન સ્ટાફ જોડે દોસ્તી થઈ ગઈ.

કર્નલ મુકરજીને મળ્યા. બહુ માયાળુ ને મીઠા માણસ. આટલા વર્ષોમાં કોઈ ઓફિસરે આપ્યો ન હોય તેવો આવકાર આપી અમારું સ્વાગત કર્યું. અમારા મનમાં કોતરાયેલા 'લશ્કરી માણસ'ના ચિત્રમાં તો તેઓ ક્યાંયે બેસતા નહોતા. એટલા સજ્જન. તેઓ પોતાના ઉપરી હોસ્પિટલનાં કમાન્ડન્ટ બ્રીગેડિયર પાસે અમને લઈ ગયા. એ પણ એટલા જ મળતાવડા. 'લશ્કરી માણસ' વિશેનું અમારું ચિત્ર ડગમગવા લાગ્યું! પછી કર્નલ મુકરજીએ અમને હોસ્પિટલના વોર્ડ બતાવ્યા. વોર્ડની વ્યવસ્થા બતાવી. દર્દીઓ જોડેનું તેમનું અત્યંત માયાળું વર્તન જોઈ અમે નવાઈ પામ્યા. ત્યારબાદ સહૃદયતાથી અમારી રહેવાની-જમવાની સગવડ વિષે પૃચ્છા કરી. ક્યારેય કંઈ પણ તકલીફ પડે તો નિઃસંકોચન મળવાનું કહ્યું. તેમના આવા આત્મીય વલણથી અમે તો છક્ક થઈ ગયા!

પછી અમારા મુખ્ય સ્થળ રિહેબિલિટેશન વિભાગમાં આવ્યા. આર્મી માણસોએ અમને સલામો ઠોકી. ગુજરાત સરકારમાં અમે પ્રથમ વર્ગના ઓફિસર્સ છીએ તેની સર્વને અગાઉથી ખબર પડી ગઈ હતી. અમે પણ વટથી તેમની સલામો સ્વીકારી! અમારી રહેલી બીક તો ક્યારનીયે ભાગી ગઈ હતી!

ચા-નાસ્તો કરતાં કરતાં અમે તેમની રેન્ક વિષે પૂછપરછ કરી. આર્મીની જુદી જુદી રેન્ક વિષે મારું જ્ઞાન બહુ અલ્પ હતું. બ્રાન્ચ નાયકનો હોદ્દો મોટો કે મેજરનો તે વિષે હું અજ્ઞાન હતો. ૧૯૬૫ અને ૧૯૭૧ની પાકિસ્તાનથી લડાઈઓ વખતે બ્રાંચ નાયક, હવાલદાર વગેરેના નામો તેમણે કરેલા પરાક્રમોના લીધે છાપા, રેડિયોમાં વારંવાર આવતા, તેથી આ હોદ્દેદારોને હું મોટા હોદ્દાવાળા માનતો! અમારા આર્મી મિત્રોએ મારી આ અજ્ઞાનતા દૂર કરી સૌથી નીચેનો હોદ્દો તે સિપાઈનો હોદ્દો તેનાથી ઉપર ક્રમે ક્રમે બ્રાંચ નાયક, નાયક, હવાલદાર, કંપની હવાલદાર મેજર, નાયબ સુબેદાર, સુબેદાર અને મેજર સુબેદારનાં હોદ્દા આવે. આ બધી નોન કમિશન્ડ રેન્કસ ગણાય. કમિશન્ડ રેન્ક જે આ રેન્કસથી ઉપરની ગણાય તેના હોદ્દા નીચેથી ઉપર જતાં અનુક્રમે આ પ્રમાણે આવે. સેકન્ડ લેફ્ટનંટ, લેફ્ટનંટ, કેપ્ટન, મેજર, જ. કર્નલ, કર્નલ, બ્રિગેડિયર, મેજર જનરલ, લેફ્ટનંટ જનરલ અને જનરલ. આપણી નાગરિક ભાષામાં આ હોદ્દાઓની સરખામણી કંઈક આ પ્રમાણે થઈ શકે. સિપાઈ તે સહુથી નીચેનો હોદ્દેદાર. તે આપણા વોર્ડ સરવંટ ઝાડુવાળા પટાવાળાની સમકક્ષ કેપ્ટન એટલે મેડિકલ ઓફિસર તાજા એમ.બી.બી.એસ. થયેલાની સમકક્ષ કર્નલ એ પ્રોફેસરની સમકક્ષ. બ્રિગેડિયર એ ડીનની સમકક્ષ અને મેજર જનરલ ડાયરેક્ટરની સમકક્ષ વગેરે.

રસ્તામાં આવતા હતા ત્યારે આર્મીના લોકો એક બીજાને 'મેજર' સંબોધતા કપ્તાનને આ સલામો ઠોકતા હતા. આ સ્થળે આટલા બધા મેજરની સંખ્યા જોઈ અમે આશ્ચર્ય અનુભવતા હતા. અમારા મિત્રો આગળ આનો ઉલ્લેખ કર્યો. તેમણે ઘટસ્ફોટ કર્યો કે અહીં નીચેની કક્ષાનો સ્ટાફ એકબીજાને 'મેજર' તરીકે સંબોધી આનંદ માણે છે? સંબોધનમાં પણ આટલો આનંદ માણતા જવાનોને જોઈ આનંદ થયો. આનું અનુકરણ કરી હું અને સ્થળેકર પણ આપસઆપસમાં એકબીજાને 'કર્નલ' કે 'બ્રિગેડિયર' તરીકે સંબોધી આનંદ માણવા લાગ્યા!

પછીના ગાળા દરમિયાન જોયું કે ત્યાંનો સ્ટાફ બહુ મુક્ત રીતે હરફર કરે છે. ઊલટું આપણા સિવિલિયન ડીપાર્ટમેન્ટોમાં શિસ્ત વધુ છે. ત્યાં કોઈ જાતનું બંધન નહીં, આર્મીનું અમુક પ્રોટોકલ બાદ કરતાં શિસ્ત માટે નામી આ આર્મી સેન્ટર છે એવું લાગે જ નહીં!

ત્યાર પછી અમને અનુભવ થયો કે અહીંનો દરેક આર્મી સ્ટાફ માયાળુ છે. તેમની માયાળુતા અમારા હૃદયને સ્પર્શી ગઈ. કર્નલ મુખરજી ઉપરાંત, કર્નલ ગાહલ અને લેફ્ટનંટ કર્નલ જયોતીનો નામોનો ઉલ્લેખ પણ જરૂરી લાગે છે. તેઓ બંને અત્યંત માયાળુ. કર્નલ ગાહલે તો પોતાની આખી જિંદગી પેરાપ્લેજીઆ દર્દીઓની સારવારમાં ઓતપ્રોત કરી નાખી છે. ખીડકીમાંનું પેરાપ્લેજીઆ ભારતમાંનું આવું પ્રથમ કેન્દ્ર છે અને તેને શરૂ કરવાનું તથા તેને સંગીન સ્થિતિમાં મૂકવાનું માન કર્નલ ગાહલને ફાળે જાય છે. સરકારનાં જુદાં જુદાં ખાતાઓમાં સંઘર્ષ કરીને પણ તેમણે આ અદ્યતન પેરાપ્લેજીઆ કેન્દ્ર ઊભું કર્યું છે. આ કેન્દ્રનો સિવિલિયન સ્ટાફ પણ એટલો જ મુક્ત અને માયાળુ છે.

આમ લશ્કરી શિસ્તનો ગભરાટ તો દૂર થયો, એટલું જ નહીં તેમના હૃદયની હૂંફ પણ અનુભવી, સિવિલિયન ક્ષેત્રમાંના આપણા અધિકારીઓ આટલા સહૃદયી છે કે કેમ તે સવાલ છે.

હવે તાલીમના સમય સિવાયનો સમય કેવી રીતે પસાર કરવો. તેનું આયોજન કરવા લાગ્યા. મારા સાથીદાર શ્રી સ્થળેકર ૩૦-૨૫ વર્ષ પહેલાં પૂનામાં સારો સમય રહી ગયેલા તેથી પૂનાની જૂની ભૂગોળ કેટલીક તેમને યાદ આવી. પરંતુ આમેય તેમને ભૂગોળ

*પોતાને ગમે એ કરવું એ શોખ, બીજાનું કામ પોતાને કરવું ગમે એ સાધના અને બીજાને ગમે એ કામ કરવું તે સેવા.*

ઈતિહાસનો કંટાળો, તેમાં વળી ૨૦-૨૫ વર્ષના ગાળા દરમ્યાન પૂના બહુ બદલાઈ ગયેલું તેથી તેમની જાણેલી ભૂગોળ બહુ કામમાં ન આવી. અહીં એક વાત જાણી રમૂજ થશે કે શ્રી સ્થળેકર મૂળ મહારાષ્ટ્રીયન (જોકે વતની કારવાર-કર્ણાટકના) એટલે મારા મનમાં એમ કે મહારાષ્ટ્રની ભૂગોળ અને મરાઠા ઈતિહાસ વિષે તેમની પાસે સારી માહિતી હશે, હું આમેય ઇતિહાસ-ભૂગોળ વિષયોનો પ્રમાણમાં રસિયો જીવ. પ્રથમ તો તેમને મહારાષ્ટ્રની ભૂગોળ કે મરાઠા ઇતિહાસ વિષે પૂછું તો જવાબ ઊડાવી દે પણ મારા પ્રશ્નનો મારો તો રોજનો થયો! તેથી પછી તેમણે કબૂલ કર્યું કે તેમને આ વિષયો પ્રત્યે કંટાળો હોવાથી તેઓ ખાસ કશું જાણતા નથી. લો ભાઈ! પછીથી મરાઠા ઈતિહાસ અને મહારાષ્ટ્રની ભૂગોળનું મારી પાસે જે અલ્પ જ્ઞાન હતું, તે વિષે બડબડાટ કરી રોજ તેમના જ્ઞાનમાં ઉમેરો કરવાનો લહાવો લેવા લાગ્યો!

હું પૂના જવાનો છું તે અમદાવાદના મારા મિત્ર સ્નેહી મંડળમાં ઘણાં સમયથી જાહેર થઈ ગયું હતું. શ્રી હીરજીભાઈ પાસુ, શ્રી જાદવજીભાઈ શાહ, શ્રી ટોકરશીભાઈ મારુ, શ્રી રમેશભાઈ સાવલા બીજા વગેરે સહૃદયી મિત્રોએ તેમના પૂનાના મિત્રો-સ્નેહીઓના સરનામાં આપેલા અને મારા પ્રત્યેની ચિંતાથી તેમણે કંઈપણ મુશ્કેલી હોય તો ત્યાંના તેમના મિત્રોને જણાવવા કહેલું.

એટલે પૂનામાં દરેકનાં સરનામા કાઢ્યા. પૂનાનો નકશો માગી દરેક સ્થળ ક્યાં આવ્યું તેની નોંધ કરી. ત્યાં કેવી રીતે પહોંચાય તે રસ્તાઓની વિગતો ત્યાંના મિત્રો પાસેથી જાણી, અને મિત્રોને મળવાનો પ્લાન ગોઠવ્યો. મોટા ભાગના મિત્રો વેપારી હતા તેથી, તેમના વિસ્તારની દુકાનો ક્યારે બંધ રહે છે. તે પણ જાણી લીધું. ત્રણ કુટુંબો મારા ગામ પત્રીના હતા. તેમને છેલ્લા પચ્ચીસેક વર્ષથી મળ્યો નહોતો. બે કુટુંબ મારા ગામની દીકરીઓના હતા. જેમને ૩૫-૩૭ વર્ષથી જોયા નહતા. તેથી બધાને મળવાની મને હોંશ હતી. મારા ગામ પત્રીના ને ત્યાં વસવાટ કરતા શ્રી કુંવરજીભાઈ ઘરોડ અને શ્રી રાઘવજીભાઈ ઘરોડને મળતાં ખૂબ આનંદ થયો. બાળપણમાં સાથે ભણતા-રમતા તે દિવસો યાદ કર્યા. તેમના બાળકો મોટા છે, એકાદના લગ્ન પણ લેવાઈ ગયા છે. જાણી અમારા બાળપણથી આ જ સુધી કેટલો કાળ વહી ગયો છે તે અનુભવ્યું. મારા બાળકો મોટા છે. કોલેજમાં જાય છે. પુત્ર તો હવે દોઢ-બે વર્ષમાં ડૉક્ટર થશે. જાણી તેમણે પણ એવી લાગણી અનુભવી. વચલો થંભી ગયેલો કાળ જાણે એકદમ પસાર થઈ ગયો હોય તેમ લાગ્યું. મામા-મામીની બન્ને દીકરીઓને મળીને પણ એવી જ લાગણી અનુભવી. ૫-૭ વર્ષની ઉંમરે વાંકી ગામમાં તેમને જોડે રમેલો તે ચિત્ર ઝાંખુ ઝાંખુ ઝાંખુ આંખ સામે આવ્યું. સમયનો વચલો ગાળો પાસ થયો જ નથી. તેમ થોડીવાર અનુભવ્યું. જૂના મિત્રો સ્નેહીઓને મળી જૂના દિવસો યાદ કરવા એ પણ જીવનનો એક લહાવો છે. સૌના સ્નેહ અને સ્વાગત સારી રીતે માણ્યાં.

તે સિવાય પણ જેમનાં સરનામાં મળેલાં હતાં. તેમની ઘણા મિત્રોને મળ્યો. ખૂબ મજા આવી. પૂનામાં તેમના જીવન રહેણીકરણી વગેરે વિષે જાણ્યું. અને હૃદયને ખિન્ન કરે તેવો એક પ્રસંગ ઉલ્લેખવાનું રોકી શકતો નથી. એક સ્નેહી મિત્રે પૂનાના એક તેમના મિત્રસ્નેહીનું સરનામું આપેલું અને તેમને મળવા કહેલું. શરૂઆતના જ દિવસોમાં તેમના ઘેર ગયા. ખાસ આવકાર જેવું લાગ્યું નહીં. મન મનાવ્યું કે એમની પ્રકૃતિ એવી હશે. નાસ્તો-ચા તો બાજુએ રહ્યા, પાણી પણ પાવામાં આવ્યું નહીં. ઔપચારિક વાતો પણ અમારે કરવી પડી. તેમને ત્યાં જતાં પહેલાં મનમાં ઘોડા દોડાવેલા કે ભાઈ જમવાનો આગ્રહ કરશે જ પણ આપણે સુયોગ્ય બહાનાથી નમ્રતાથી સ્વીકારશું નહીં, અને આવો અનુભવો થયો! મનમાં પેલા મિત્રને સંભળાવી કે તેણે આવા કેવા પોતાના મિત્રો સ્નેહીઓ રાખ્યા છે કે જે અમદાવાદીને પણ પાણી ઉતારી દે એવું સ્વાગત કરે છે. પૂના રહેવાસનાં જ દિવસોમાં આવો બનાવ બન્યો! તે સિવાય પણ આટલા તીવ્ર નહીં પણ ઓછાવત્તા પ્રમાણમાં આવા ૩-૪ બીજા બનાવો બન્યા. એટલે શરૂઆતમાં પૂનાના લોકો વિષે ખરાબ છાપ બંધાઈ ગઈ. અમે પૂનામાં આવ્યા ત્યાર પછી ત્યાંના મિત્રો અમદાવાદી રહેણીકરણી પર મજાક કરતાં સાંભળવા મળતા કે અમદાવાદમાં એક કપમાંથી ૩ જણ ચાના ભાગ પાડે, ચાના કપ નાના હોય. જમવાનું તો ઘરે ગયું પણ અમદાવાદી લોકોના ઘરે પાણી પણ માગવું પડે. વગેરે વગેરે અમે અમદાવાદનો બચાવ કરતાં કે હવેનું અમદાવાદ એ જૂનું અમદાવાદ નથી પણ પચરંગી વસ્તીવાળું અમદાવાદ છે. જૂની રીતરસમો નથી, લોકો આગ્રહથી ઘરે સ્વાગત કરે છે, વગેરે વગેરે. પૂનાનો અમારો ઉપરનો અનુભવ શરૂઆતના દિવસોમાં થયો એટલે અમારા મનમાં ઠસી ગયું કે લોકોની બાબતમાં પૂના તો અસલ અમદાવાદીને પાઠ ભણાવે તેવું શહેર છે. કોઈ સહૃદયી મિત્રની ભલામણથી મળવા આવીએ અને આવું આતિથ્ય ભાવના વગરનું લાગણીહીન વર્તન!

પરંતુ મારા સહૃદયી મિત્રો જેમણે સરનામા આપ્યા હતા તેમણે કશું નીચું જોવા જેવું નથી. આવા બે ચાર બનાવો સિવાય આપના મિત્રોએ પૂનામાં અમારું હાર્દિક સ્વાગત કર્યું છે. આપે સરનામા આપ્યા તેથી અમે પણ તેમને મિત્રો બનાવી શક્યા, અને પૂનાનો ૬ અઠવાડિયાનો રહેવાસ અમને ખૂબ સહેલો થયો, સમય આનંદથી પસાર થઈ ગયો. તે માટે હું આપ સૌનો ઋણી છું.

પૂનામાં અમારી જમવાની સગવડ સરકાર મારફત થઈ નહોતી. એટલે અમે પણ નક્કી કર્યું. એકાદ લોજ કે હોટલમાં બંધાવા કરતાં આપણી મરજી આવે ત્યાં જમશુ. પૂનામાં ડગલે પગલે ઉડિપી હોટેલો બહુ, શાકાહારી, માંસાહારી બંને જાતનું પીરસતી હોય તેવી હોટલો પણ બહુ. ગુજરાતી લોજો પણ સારી સંખ્યામાં છે. પણ અમારા ઉતારાથી આવી ગુજરાતી લોજો ઘણી દૂર. એટલે અમે ઉડિપી હોટલોમાં જમવા જવું એવું નક્કી કર્યું.

ઉડિપી હોટલોમાં દક્ષિણની આઈટમો સરસ અને સસ્તી મળે. સાદા ઢોસાં, ઈડલી, વડા સંભાર વગેરે રૂ. ૧-૨૫ થી ૧-૪૦માં મળે. મસાલા ઢોસા ઉપમા જેવી વાનગીઓ

***પ્રેમથી કરેલા કામમાં થાક લાગતો નથી, વેઠથી કરેલા કામમાં આનંદ આવતો નથી.***

રૂ. ૧-૭૫ થી ૧-૮૦માં મળે. બનાવટ અને સ્વાદ પણ ઘણો સારો. અમદાવાદમાં બહુ ઓછી હોટલો, આવી સરસ વાનગીઓ બનાવતી હશે.

અમદાવાદમાં તો હું ભાગ્યે જ આવી વાનગીઓ વર્ષમાં ૪-૬ વખત ખાઉં. એટલે પૂનામાં શરૂઆતમાં આરોગવાની ખૂબ મજા આવી. દિવસમાં એકવાર રાઈસ પ્લેટ મંગાવીએ. સવારનાં નાસ્તામાં તથા સાંજે આવી હળવી વાનગીઓ લઈએ. પરંતુ પછી રોજ રોજ આ એક જ જાતની વાનગીઓ આરોગવાનો કંટાળો આવવા લાગ્યો. પણ બીજો કોઈ રસ્તો ન હતો. ફ્રુટ કે અન્ય નાસ્તો તો લેતા જ હતા. મારા મિત્ર સ્થળેકરે આના ઉપાય તરીકે નવો રમૂજી રસ્તો ઉપાય તરીકે સૂચવ્યો. મને કહે કે સવારના નાસ્તામાં આપણે ઈડલી-સંભાર લઈએ. સાંજે આપણે સંભાર-ઈડલી લઈએ! આમ આપણે બે જાતની વાનગીઓ ખાધી ગણાશે. વાહ, ભાઈ ભાવ! એકની એક વાનગીનાં શબ્દો આગળ પાછળ કરી નાખ્યા એટલે બે જાતની વાનગીઓ બની ગઈ! મોઢું કટાણું કરી મેં તેમની સલાહ માની લીધી. આમ પણ માન્યા વગર છૂટકો ન હતો! પછી તો ઘણી બધી વાનગીઓના આવા નામ શોધી શોધીને આપી દીધા! ગમે તેમ કરી મનને સંતોષવાની આ પદ્ધતિ મને ગમી ગઈ!!

આવી જાતનો ખોરાક લઈ મારી તબિયત ઉતરી ગઈ એ હું વચ્ચે મુંબઈ ગયો ત્યારે બીજાઓ મારફત જાણવા મળ્યું! મારાં બહેન-બનેવી ચિંતા કરવા લાગ્યા. બહુ આગ્રહ કરી એક નાસ્તાનો ડબ્બો સાથે દીધો. એટલે પૂનાના બાકીના મારા દહાડાઓ માટે એક સમયનાં નાસ્તાનો સવાલ તો ઉકલી ગયો. ફરી પાછો મુંબઈ ગયો ત્યારે તબિયત સુધરી હોવાનું સર્ટિફિકેટ મેળવ્યું.

ઉપર જણાવ્યું તેમ પૂનામાં મિશ્ર (શાકાહારી, માંસાહારી બંને જાતની વાનગીઓ પીરસાતી હોય તેવી) હોટલો બહુ સ્થળે બંને જાતની વાનગીઓ આરોગનાર રમૂજમાં ઘણીવાર તેઓ કહેતા હોય છે કે મનુષ્ય સિવાય હું દરેકને ખાઉં છું! પૂનામાં એકની એક વાનગીઓ આરોગી અમે તો કંટાળેલાં; એટલે તેઓ મને કહે કે આપણે મિશ્ર હોટલે જઈએ અને ત્યાં તું શાકાહારી વાનગીઓ લેજે. પણ મને તો માંસાહારી નામ પડ્યું ત્યાં ચીતરી જ ચડે મિશ્ર હોટલોમાં ભલે તેઓ શાકાહારી-માંસાહારી વાનગીઓ અલગ અલગ પીરસે-પરંતુ ક્યાંક તો કંઈ મિશ્ર થતું હોવું જ જોઈએ. કંઈ નહીં તો વાસણો તો સાથે ધોવાતા જ હશે. એટલે હું ના પાડ્યા કરું. તેમને જો કે શું કહું કે ભાઈ તમે ત્યાં ખાઈ આવો અને મારા લીધે અટકો નહીં, હું બીજે પતાવી લઈશ. પણ તેઓ ખેલદિલ વ્યક્તિ. હું જે હોટેલમાં ન જઈ શકું ત્યાં તેઓ પણ જવાની ના પાડે. હું નિરૂપાય હતો. આથી મારા લીધે માંસાહારી વાનગીઓનાં સ્વાદમાંથી રહી ગયા. આનો મને ઘણો અફસોસ થયો છે. પણ સાથે તેમની ખેલદિલી પ્રત્યે માન વધ્યું છે.

પૂના એટલે મહારાષ્ટ્રનું હૃદય વર્ષો પહેલાં એ અતિ સુંદર શહેર ગણાતું. ત્યાંનું વાતાવરણ-આબોહવા એટલે કોઈપણ હિલસ્ટેશનની આબોહવા. લોકો પણ એટલા જ મધુરભાષી અને મધુર ભાષા બોલવાના આગ્રહી. ત્યાંની ભાષાનો વપરાશ જોઈ મને મારા લખનવી મિત્રો યાદ આવતા. લખનવી ભાષા પણ એટલી જ મધુર તુ-તુમ તો બોલાય જ નહીં. આપ જ બોલવું પડે. અરે, એટલે સુધી કે બે માણસો ઝઘડે કે એકબીજાને આવા આવો તો પણ આપ જ શબ્દ વાપરે એવું મારા લખનવી મિત્રો કહેતા! પૂનના લોકો પણ ભાષાની ભવ્યતાના એટલા જ આગ્રહી આપણ જ બોલે. ઝઘડા, ટંટા, ફિસાદ તો ક્યાંય અનુભવ્યા જ નહીં. વિદ્યાર્થી અને લોકોની ચળવળ બહુ જ ઓછી. અથવા હોય તો શાંતિથી પતી જાય. આધુનિક શહેરો જેના માટે નામચીન છે. તેવી ગુંડાગીરીનું પ્રમાણ અતિ ઓછું! આથી મને મરાઠી ભાષાનો મોહ લાગ્યો! ભણતો હતો ત્યારે આઠ-નવ વર્ષ મુંબઈમાં રહેલો પણ ત્યારે મરાઠી ભાષાનો મોહ નહોતો લાગ્યો, એટલે તે વખતે જે ભાંગી તૂટી મરાઠી શીખેલો તે વચ્ચેનાં વીસેક વર્ષનાં અમદાવાદના રહેવાસ દરમ્યાન ભૂલી ગયેલો.

મરાઠીનો મોહ લાગ્યો એટલે ત્યાં મરાઠી ભાષા બોલવાનો પ્રયત્ન શરૂ કર્યો. મનમાં ઊગે એવા શબ્દો-જે ઘણી વાર ગુજરાતી, અંગ્રેજી હોય તેમના સ્વરૂપને બગાડીને પણ બોલવા લાગ્યો. મરાઠી વ્યાકરણના અજ્ઞાનના લીધે ઘણીવાર નર-નારી-નાન્યતર જાતવાચક શબ્દો વાપરવામાં ગડબડ કરી બેસતો! સ્થળેકર ને ખૂબ રમૂજ થતી પણ એમની સહનશક્તિ ખૂબ સારી ડગલે પગલે મારી ભૂલો બતાવી ભાષા સુધાર્યા કરે. હું પણ આજ્ઞાંકિત ચેલાની જેમ તેમનું માર્ગદર્શન પાળવા પ્રયત્ન કરું! પણ ક્યારેક અકડાઈ જાઉં ત્યારે તેમને સંભળાવી દઉં કે તમે મહારાષ્ટ્રીઅન લોકો પણ ઓફિસમાં 'સાહેબ આવ્યું' બોલો છો! મારી મહેનત અને તેમના પ્રયત્નોના લીધે મને એ ભાષા પ્રમાણમાં ઠીક થઈ (એવું મને લાગે છે) આનું એક નાનું પ્રમાણ પણ તમને આપું. પૂનાના અંતિમ રહેવાસનાં દિવસોમાં ત્યાં એક નવા મિત્ર જોડે ઓળખાણ થઈ વાતોમાં હું હિન્દી-અંગ્રેજી અને મરાઠી વાક્યો ગબડાવતો જાઉં ! વાતવાતમાં તે મિત્રે કહ્યું કે મી. ધરોડ તમે તો સ્થળેકર કરતાં પણ સુંદર મરાઠી બોલી છો! થયું! અમારા સ્થળેકરનાં ભવાં ઉંચકાઈ ગયાં અને મને ખૂબ ગમ્મત પડી. પાછળથી કહી દીધું કે શ્રીમાન સ્થળેકરનું, આ તો તમારા શિક્ષણનો પ્રભાવ છે. અને ગુરુ કરતાં ચેલા સવાયા નીકળે તેમાં અકળાવવાનું ન હોય! આમેય સ્થળેકર હાલ વર્ષોથી અમદાવાદમાં રહે છે તેથી તેમની મરાઠીમાં ગુજરાતી પણ વધુ જ છે જે તેઓ પોતે પણ કબૂલ કરે છે કે તેમના કુટુંબમાં બધાની ફરિયાદ છે કે તેમની મરાઠી ભાષામાં ગુજરાતી શબ્દો વધુ છે!

પૂનાનો યાદ રહી જાય તેવો ખરાબ અનુભવ તે પૂનાની પીએમટી-પૂના મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ! ગુજરાતમાં ઓરમાયા પ્રદેશ તરીકે ગણાતા આપણા કચ્છમાં એસ.ટી. જે બસો મૂકે છે તેથી પણ ખરાબ ત્યાંની બસો ત્યાંનું ડ્રાઈવિંગ અને ત્યાંની બસ સરવિસ. ત્યાંની બસો ખખડધજ, નવી બસો એવી જ લાગે! ચાલે ત્યારે એટલો

*બુદ્ધિમાન એ છે કે જે બોલતા પહેલાં વિચારે છે.*

જ અવાજ કરે કે અંદર બેઠેલા અકળાઈ જાય! આંચકા તો પળે પળે લાગ્યા જ કરે કોઈ બસ પર બોર્ડ કે નંબર ઠેકાણા જ નહીં. કંડક્ટર પણ દરેક બસ સ્ટોપે બૂમ પાડી જણાવે કે તે બસ ક્યાં જાય છે, પણ બોર્ડ લગાડવાનું તેને સૂઝતું જ નથી હોતું! કેબિન પરના સ્ટાફને પૂછીએ કે ફલાણા ઠેકાણે જવું છે તો કઈ બસ ક્યાંથી મળશે. તો તે જવાબ આપે રૂટ બતાવે પણ મોટા ભાગે તે બીજી જ નીકળે! આવી સરવિસથી દુઃખ સાથે આશ્ચર્ય થયું. આપણે તો અહીં અમદાવાદની એ.એમ.ટી.એસ.થી વાજ આવી ગયાં છીએ. પરંતુ પૂનાની એમ.ટી.ની સરખામણી આગળ એમટીએસ ઘણી સારી સરવિસ છે! મને નવાઈ એ લાગે છે કે પૂનાના શિસ્તપ્રિય નાગરિકો આવી ભંગાર સરવિસ કેમ ચલાવી લે છે. પૂનાના નાગરિકો એવા શિસ્તપ્રિય કે દરેક બસ સ્ટોપ પર તેઓ લાઈનમાં જ ઊભા રહે અને લાઈનમાં વારાફરતી બસમાં ચડે અમદાવાદની વાત જવા દો આટલી શિસ્ત તો મુંબઈમાં પણ નથી જોઈ!

પૂના ગયા એટલે સ્નેહી સંબંધીઓથી દૂર થઈ ગયા અને તે પણ છ અઠવાડિયા જેટલા મોટા ગાળા માટે પણ બીજો ઉપાય નહોતો. આથી દરેકની નજીક છીએ તે મનાવવા પત્રોનો આશરો લીધો દરેક સંબંધી મિત્રને યાદ કરી પત્રો લખવા લાગ્યા, આમ તો પત્રો લખવાનો હું બહુ આળસુ છું મારા કુટુંબ સ્નેહી વર્ગમાં આની બૂમ છે, લખવું પડે તો પણ ચાર લીટીથી પતાવવું હોય તો પાંચમી લીટી ન લખું. પોસ્ટકાર્ડ જલદી ભરાઈ જાય તેથી મોટા મોટા અને છૂટા છૂટા અક્ષરે લખું. ઘરમાં પણ પત્રો લખવાનું કાર્ય વહેંચી લીધું છે, જેમાં મારે ભાગે બહુ ઓછા પત્રો લખવાના આવે. પણ પૂનામાં રહીને ઘણા પત્રો લખ્યાં. આશરે પચાસેક જેટલા પત્રો લખી નાખ્યા હશે! મારા સ્નેહીઓ અને મિત્રો પણ એટલા જ સમજુ લાગ્યા કારણ કે દરેક પત્રોનાં જવાબ તેમણે ત્વરાથી આપ્યા છે, જેથી દૂર પૂનામાં મને એકલતા કોરી ન ખાય, આશરે ચાલીસેક જેટલા પત્રો આ ગાળા દરમિયાન મેં મેળવ્યા હતા.

આવા શહેરોમાં સમય પસાર કરવાનું અન્ય હાથવગું સાધન છે તે પિક્ચર્સ જોવાનું છે. જોકે આમ તો હું વર્ષે દહાડે માંડ એકાદ પિક્ચર્સ જોઉં છું. મારા બાળકો આગ્રહ કરે તો ૨-૩ પિક્ચર્સ કદાચ થઈ જાય, પરંતુ પૂનામાં આશરે દશેક પિક્ચર્સ જોઈ નાખ્યા! તેમાં મને મરાઠી ભાષાનો મોહ લાગેલો જેથી સ્થળેકરે મને એક મરાઠી પિક્ચર્સ-ચટક ચાંદની જોવા લઈ ગયા કોમેડી પિક્ચર એટલે મજા આવી મહારાષ્ટ્રમાં ગ્રામ્ય જીવનની તેમાં ઝાંખી થઈ.

આમ તો પૂના વિષે ઘણું લખવાનું મન થાય છે. પરંતુ આ લેખ ધાર્યા કરતાં ઘણો મોટો થઈ ગયો છે. આપણા લોકપ્રિય માસિક 'મંગલમંદિર'ના સંપાદક બહેને ન ધાર્યું હોય એટલું આ લખાઈ ગયું છે. મંગલ મંદિરના બીજા વિભાગોને સહન ન કરવું પડે તેથી દખ્ખણની રાણીના આ લેખને હવે ટૂંકાવું છું, લખવાનો મુડ આવશે તો પાછળથી બીજા અંકોમાં હું વિશેષ લખીશ. પણ એટલું ચોક્કસ કહીશ કે પૂના ઓછામાં ઓછું એકાદ અઠવાડિયું રહેવા જેવું શહેર છે. પેશ્વાના વખતની રાજધાની હોવાની જૂના સ્થાનો ઘણા જોવા જેવાં છે. અહીં રહીને જ્યારે વિચારીએ કે હિન્દુ સામ્રાજ્યના સ્થાપકવીર શિવાજી અહીં ફર્યા હતા, બાજીરાવ, બાલાજી જેવા મહાન પેશ્વાઓ અને ૧૮૫૫ના સ્વાતંત્ર્ય સંગ્રામના વીરનર નાના સાહેબ, તાત્યા ટોપે વગેરેના પગલાંથી આ ભૂમિ પાવન બની છે. ત્યારે હૃદય ભરાઈ આવે છે. મરજીવા મરાઠાઓએ અહીંથી નાની સંખ્યામાં બહાદૂરીપૂર્વક લડત આપી મોટા મોગલ સામ્રાજ્ય જોડે બાથ ભીડી ઈસ્લામીકરણ અટકાવ્યું હતું. આવું પૂના શહેર હિન્દુ સામ્રાજ્ય સ્થાપનાર વધારનાર અને હિન્દુ ધર્મની રખેવાળી કરનાર વીરનરોની ભૂમિ, કંઈક નર રત્નોને આગળ લાવનાર અને કેટલાયે રત્નોની કર્મભૂમિ, હાલ પણ લશ્કરી કામે અગત્યનું સ્થાન ધરાવનાર આ પૂના શહેર-દખ્ખણની રાણી મહારાષ્ટ્રનું હૃદય, તેની અમે તા. ૧-૧-૮૩નાં સલામ કરી અમદાવાદ જવા વિદાય લીધી.

*મંગલ મંદિર, માર્ચ-૧૯૮૩*

## સ્વામિવાત્સલ્ય

**(અનુસંધાન : પાના નં.-૧૫૦ ઉપરથી ચાલુ)**

અર્ચનની શુભ મંગળ ઉત્તમોત્તમ ભાવના સાથે કર્તવ્ય સમાયેલું છે. જેને આપણે સામાજિક અથવા ધાર્મિક જે કાંઈ માનીએ તે રુચિ અનુસાર ઠીક જ છે. સમાજના શિષ્ટ પુરુષો અને સંતો એ ખૂબ જ સુંદર રાહ બતાવ્યો છે. એક સામાન્ય ગણાતો માનવી સંપત્તિવાન શ્રેષ્ઠીવર્યને કપાળે કંકુનો ચાંદલો કરી એક રૂપિયો આપે તે શ્રીમંત સહર્ષ સ્વીકારે છે શિરે ચઢાવે છે. આવી વિશાળ ભાવના આપણી સંસ્કૃતિ આપણને પ્રદાન કરે છે.

સ્વામિ વાત્સલ્ય જમણવારમાં આયોજક વ્યક્તિ પોતાની શક્તિ પ્રમાણે ભક્તિ કરી શકે છે અને એની એ સેવા સધાર્મિક ભાઈઓ વિના સંકોચ સ્વીકાર કરતા હોય છે. અહીં અમુક... તમુક.... આવું... તેવું... એ કાંઈ આડું આવતું જ નથી. બંધન મુક્ત વહેવાર તે આનું નામ. પતં પુષ્પમ ઉદારતાથી સ્વીકાર કરવાનો સૌ કોઈનો ધર્મ થઈ રહે છે. એટલે આવી સેવા સૌ કોઈ કરી શકે છે. અને પ્રસંગોપાત્ત કરવાની એક જાતની પ્રથા પણ રાખવી એમાં કશું ખોટું નથી. અહીં તો અરસપરસના ભાવોની આપ-લે થાય છે. અહીં વર્ગ ભેદ નથી. એમ જ્ઞાતિભેદ નથી. કોઈ નાના મોટા નથી. પરમ પિતા પરમાત્માના આપણે સૌ સંતાન છીએ. એક પિતાના સંતાનો હોવાથી આપણે સૌ ભાઈ... ભાઈ છીએ. સૌ સાથે રહીએ, સાથે જમીએ, સાથે રહી સત કાર્ય કરીએ, આપીએ અને લઈએ, માનવતા માટે, ધર્મ માટે, સત્ય માટે સર્વસ્વનું અર્પણ કરીએ જેના છીએ તેના થઈએ એ જ સાચી સ્વામિ ભક્તિ ભેદ દૃષ્ટિ ટળી જાય ત્યારે જ સુંદર સમ્યક્ત્વની છે. ભાવનાં ભાવી શકાય પછી તો સવી જીવ કરું શાસન રશી અસીભાવ દયા મન ઉલ્લશી, જીવન ધન્ય બનાવવાની આ એક ઉત્તમ ચાવી છે. પછી સદા સર્વદા ૐ શાંતિ જીવનમાં આવી જાય. પરાયુ કે પારકું કોઈ રહેતું નથી. વિશ્વકુટુંબ ભાવના કેળવવાનો આ એક ઉમદા કીમિયો છે કે જેને આપણે સ્વામિ વાત્સલ્ય કહીએ. અસ્તુ.

*મંગલ મંદિર, સપ્ટેમ્બર-૧૯૮૪*

*નાવિક વિનાની નૌકા નકામી છે તેવી જ રીતે ભક્તિ તથા વિવેક વિનાનું જ્ઞાન વ્યર્થ છે.*

# સ્વામિવાત્સલ્ય

• ચંદુભા જાડેજા (મેરાઉ) •

સ્વામિ, શબ્દનો અર્થ માલિક થાય અને વાત્સલ્ય એટલે ભાવ. આપણા માલિક પ્રત્યે આપણી ભાવના ભક્તિ ને સ્વામિ વાત્સલ્ય કહી શકાય. વાત્સલ્ય અને વત્સ આ બંને શબ્દોના અર્થમાં તફાવત છે. પ્રાયેકરી સ્વામિ વાત્સલ્ય શબ્દના અર્થમાં તફાવત છે. પ્રાયેકરી સ્વામિ વાત્સલ્ય શબ્દનો પ્રયોગ જૈન સમાજમાં થાય છે. જેને સ્વામિ ભક્તિ કહેવામાં આવે છે. એટલે કે ઈશ્વર ભક્તિ.

જૈનો આ શબ્દ પ્રયોગ કોઈ ધાર્મિક ઉત્સવ અથવા પર્યુષણ પર્વની સંવત્સરી નિમિત્તે કરાવવામાં આવતા સમૂહ ભોજન વખતે વાપરે છે. વિચારવું ઘટે છે કે, અહીં ઈશ્વર ભક્તિ અથવા ઈશ્વર તરફની ભાવના એવો અર્થ બંધ બેસતો આવે છે? કારણ એ જ કે આપણા આવા ભોજન સમારંભોમાં આપણું મુખ્ય લક્ષ સમાજ તરફ રહે છે. સમાજમાં પણ અહીં જ્ઞાતિ નહીં? પરંતુ ભગવાન જિનેશ્વર દેવના શાસનની આજ્ઞા પ્રમાણે વર્તતો માનવી, ગમે તે ન્યાત જાતનો હોવા છતાં જેણે જૈન ધર્મના સિદ્ધાંતો જીવનમાં અપનાવ્યા છે. શાસન મર્યાદાનું સંપૂર્ણ પાલન કરે છે. દેવ ગુરુ પ્રત્યે આધિનતા શરણાગતિ અપનાવી તે પ્રમાણે વર્તમાને પોતાનું વર્તન રાખી રહ્યો છે એને જૈન કહેવાય. જૈન શબ્દનો અર્થ કોઈ ન્યાત જાત સાથે સંબંધ કર્તા નથી.

માટે આપણે અહીં સ્વામિ વાત્સલ્ય ના બદલે 'સ્વામિ વતસલ્ય' શબ્દનો પ્રયોગ કરશું. 'વત્સ' એટલે સંતાન-છોરુ. ભગવાન જિનેશ્વર દેવને માનવાવાળા સર્વ મનુષ્યો ભગવાનનાં સંતાનો ગણાય. પરમાત્મા એમના પરમ પિતા પરમ ગુરુ છે. એવા જે જીવાત્માઓ હોય તે અમારા સ્વામિ બાંધવો ગણાય. કારણ એ જ કે અમો પણ એ જ પરમપિતાના શાસનના સંતાનો જ છીએ. માટે એ સર્વ અમારા સાધર્મિક બાંધવો છે. જેની સેવાભક્તિને સ્વામિ વતસલ્ય કહેવામાં આવે છે.

શબ્દોચ્ચાર વખતે વત્સનું વાત્સ બોલવાની રૂઢિ પડી ગઈ હોય એવું જણાય છે. ભાષાકીય એકમાત્રના ઉચ્ચાર ફેરથી શબ્દાર્થ ફરી જાય છે. અહીં ફક્ત એટલું જ સમજવાનું રહે છે. બીજી પણ એક વાત સમજવી જરૂરી છે, એજ કે, ઘણી વખત આપણે કોઈ એક ધર્મને માનવા વાળી એક જ્ઞાતિ પૂરતું મર્યાદિત લક્ષ રાખી ધાર્મિક ઉત્સવોમાં એમને જમાડી ધાર્મિક ભક્તિ કર્યાનો સંતોષ માનીએ એમાં કશું ખોટું નથી. પરંતુ સાથોસાથ સધાર્મિક ભક્તિનો જે વિશાળ અર્થ ઉપર બતાવેલ છે તે દૃષ્ટિ સમક્ષ રહેવો એટલો જ જરૂરી છે.

વિશ્વમાં હિન્દુ, જૈન, બૌદ્ધ, ઈસ્લામ, ખ્રિસ્તી વગેરે ઘણાં ધર્મો અને તેના સંપ્રદાયો, પંથો વગેરે છે. આ બધા ધર્મોને આચારમાં મૂકવા વાળી કોઈ એક જાતિના માણસો નથી. જુદી જુદી ન્યાત જાતના હોય છે. આપણે એને સાંપ્રદાયિક દાખલાથી સમજીએ. હિન્દુ ધર્મને માનવા વાળા કેટલાક પોતાની જાતને વૈષ્ણવ કહેવડાવે છે. એમાં કશું ખોટું નથી. બરાબર જ છે. પરંતુ અહીં વૈષ્ણવ શબ્દ સમજવો જરૂરી છે તે એક જે વીસ વત્તા નવ એટલે કે ઓગણત્રીસ ગુણો ધરાવતી વ્યક્તિ કોઈપણ હોય એને (વૈષ્ણવ) કહેવામાં કશી હરકત નથી. અંતે કોઈ જાતિનો પ્રશ્ન નથી. ફક્ત ગુણ પ્રાધાન્ય કર્મ જોવામાં આવે છે. એવી જ રીતે જૈન ધર્મને માનવાવાળા પોતાને શ્રાવક કહેવડાવે છે. શ્રાવક શબ્દને પણ કોઈ જાતિના બંધન નથી. 'દવાદશા વૃત ધરા શ્રાવક' સૂત્ર સિદ્ધાંતે વર્ણવેલ જે બાર વૃતો, તેના પરિપૂર્ણ પાલનના ગુણો ઉપસમ શ્રેણીએ જેનામાં જોવામાં આવે એને શ્રાવક કહી શકાય પછી ભલે ને મેઘારજ મુનિ જેવાનું શરીર હોય છતાં પણ શ્રાવક ધર્મના ગુણોએ શરીરમાં સમાવિષ્ઠ છે. માટે એ શરીર શ્રાવક પણ છે અને શ્રમણ પણ છે અને એવા સદ્દગુણો ધરાવતો માનવી જે તે ધર્મનો સાધર્મિક બાંધવ જ ગણાય.

યથાર્થતા કોઈની પક્ષકાર બનતી નથી. જે જેવું છે તેને તેવું કહેવું એ કોઈ પક્ષપાત નથી. પરંતુ સત્ય છે. આવી ઉત્તમોત્તમ દૃષ્ટિ કેળવી આપણા ધાર્મિક ઉત્સવોમાં જે ભોજન સમારંભો યોજાય છે તેને સધાર્મિક સ્વામિ વાત્સલ્ય જેવું મંગળ નામાભિધાન આપણા પૂર્વાચાર્યોએ આપેલ છે. માટે જ લગ્ન ઈત્યાદી શુભ પ્રસંગે કરવામાં આવતા ભોજન સમારંભો કરતાં ધાર્મિક પ્રસંગે કરવામાં આવતા સધાર્મિક ભોજન સમારંભને અતિ ઉત્તમ સર્વ શ્રેષ્ઠ માનવામાં આવે છે. આવા ભોજન સમારંભો દરેક ધર્મમાં થાય છે. ફક્ત સંબોધન શબ્દ પ્રયોગ ફરી જાય છે. પરંતુ અર્થઘટન એક જ છે. કોઈ આવા ભોજન સમારંભને ભંડારો કહે છે. તો કોઈ સ્વામિ વત્સલ્ય કહે છે. તો વળી કોઈ કડાપ્રસાદ અથવા લંગર કે દેગના નામે સંબોધે છે. પરંતુ ભાવાર્થ તો એકનો એક જ રહે છે.

સધાર્મિક ભોજન થાય છે એવી રીતે સધાર્મિક પૂજન પણ થાય છે. જેમાં પૈસા અથવા પદાર્થો ધાર્મિક બાંધવોને આપવામાં આવે છે. આ કોઈ દાન દક્ષિણા નથી, આ કોઈ ભૂખ્યાને અપાતું ભોજન નથી. અહીં તો પોતાના ગણાતા સધાર્મિક ભાઈઓના પૂજન

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪૯ ઉપર)

*બની શકે કે તમારું કામ મહત્ત્વહીન બની જાય, પરંતુ વધારે મહત્ત્વનું એ છે કે તમે કાંઈક કરો તો ખરા.*

# મહેમાનોની આચારસંહિતા

• વિક્રમ દલાલ •

જૂના વખતમાં જ્યારે ટપાલ કે ટેલિફોન જેવા સંદેશાવ્યવહારના સાધનો નહોતા ત્યારે અગાઉથી જાણ કર્યા સિવાય જ કોઈને ત્યાં મહેમાન થવું પડતું તેથી મહેમાન માટે 'અતિથિ' (તિથિ વગરનો) શબ્દ યોજવામાં આવ્યો છે. અતિથિ બનવાનું સૌ કોઈને થતું હોવાને કારણે અતિથિ-સત્કાર ને સંસ્કારિતાની નિશાની ગણાતી. તૈતરિય ઉપનિષદ અતિથિને દેવ સમાન ગણવાનું કહે છે. (અતિથિ દેવો ભવ:)

પહેલાના વખતમાં વસ્તી ઓછી અને ખેતી માટેની જમીન વધારે હોવાને કારણે આપણા જેવા ખેતીપ્રધાન દેશમાં દાણાપાણીની છત હોય તે સ્વાભાવિક છે. હાલના ધોરણ મુજબ એ સમયનું ખાવાનું સાદું, દૂધ તથા શાકભાજી સરળતાથી મળી રહે, કુટુંબના સભ્યોની સંખ્યા મોટી અને સ્ત્રીવર્ગને ઘરકામ તથા બાળકો ઉછેરવા સિવાય જિંદગીમાં બીજો કોઈ રસ હોઈ શકે તેવી કલ્પના પણ નહોતી તેથી અતિથિ આવે ત્યારે ગૃહિણીને ખાસ બોજો લાગતો નહીં. પુરુષવર્ગને કામ ધંધા માટે દૂર જવાનું નહીં તથા કામકાજનો પ્રકાર જ એવો રહેતો કે સમયસર કામ ન થાય તો વાંધો આવે નહીં. આમ, અતિથિ આવે ત્યારે યજમાન કુટુંબના રોજિંદા જીવનમાં તેની અસર વરતાતી નહીં.

બધા જ રીત-રિવાજો દેશ અને કાળને ખ્યાલમાં રાખીને નક્કી કરવામાં આવે છે માટે જ્યારે તેમાં ફેરફાર થાય ત્યારે રિવાજોમાં પણ યોગ્ય ફેરફાર કરવો જોઈએ. જો તેમ થઈ ન શકે તો જીવન જીવવાનું કપરું થઈ પડે. જુનવાણી માનસ ધરાવનારને આંચકો લાગે તેવો પ્રશ્ન છે કે શું જૂના વખતની અતિથિ સત્કારની ભાવનામાં ફેરફાર થાય એવું આપણે સૌ અંદરખાનેથી ઇચ્છતા નથી?

ગામડાના જીવન અને શહેરના જીવન વચ્ચે હવે ઘણો મોટો તફાવત પડી ગયો છે. ગામડા ભાંગીને શહેર થયા માટે ગામડાં નાના થતાં ગયાં અને શહેર વિસ્તરતા શહેરીજીવન વધારેને વધારે ઘડિયાળના કાંટે જોતરાતું ગયું. સમયસર ઊઠવું, પરવારવું, બસ કે ટ્રેન પકડીને દૂર કામે સમયસર પહોંચી જવું એ શહેરના લોકો માટે અનિવાર્ય બની ગયું. સમયસર દૂધ લાવવું પડે, પાણી ભરી લેવું પડે, રસોઈ કરી લેવી પડે, છોકરાંઓને શાળાએ લઈ જતી બસ કે રિક્ષા માટે સમયસર તૈયાર કરવા પડે એમાં જ ગૃહિણીનો સવારનો સમય પસાર થઈ જાય. શહેરમાં રહેતાં મધ્યમવર્ગના કુટુંબમાં સવારના પહોરથી જ એક પ્રકારનો તનાવ અનુભવવો પડે છે. પતિ અને બાળકો જાય પછી જ ગૃહિણીને થોડી રાહત રહે. ગૃહિણીને પોતે પણ કામે જતી હોય ત્યારે તનાવ ઓર વધી જાય. જેમ શહેર મોટું તેમ તનાવ વધારે.

સાંજે બાળકોનું ઘરકામ પણ એક મોટી સમસ્યા થઈ પડી છે. અધૂરામાં પૂરું હવે ટી.વી. આવ્યું અને કેટલાકને ઘેર તો વિડિયો પણ. આમ ખરી કે ખોટી સમયની ખેંચ સૌ કોઈને પડવા માંડી છે.

આવા ધમાલિયા જીવનમાં કોઈ મહેમાન જાણ કર્યા વગર અચાનક જ આવી ચડે તો ગૃહિણીની શી દશા થાય? આજના જમાનામાં જ્યારે સંદેશા-વ્યવહારમાં આટલા બધાં સાધનો હોય ત્યારે પણ 'અતિથિ' બનવું એ યજમાનની સજ્જનતા (કે ભીરુતા?)નો ગેરલાભ લીધો કહેવાય અને માટે તે અસંસ્કારિતાનું લક્ષણ છે.

મહેમાન થવું અને યજમાનને માથે પડવું એ બે જુદી બાબતો છે. કોઈપણ બે વ્યક્તિ કે કુટુંબના મિલનથી પ્રસન્નતા પ્રકટતી ન હોય તો તેવું મિલન આવકાર્ય બનતું નથી. આવકાર્ય મહેમાન બનવા માટેના કેટલાંક સૂચનો અહીં આપ્યા છે.

(૧) શક્ય હોય ત્યાં સુધી અગાઉથી જાણ કર્યા વગર ન જવું. પત્ર લખો તો તેમાં ક્યા દિવસે કેટલા વાગે પહોંચશો અને કઈ તારીખ સુધી રોકાશો તેની ચોખવટ કરવી. વળી યજમાનને અનુકૂળ ન હોય તો વિનાસંકોચે તેઓ ના પાડી શકે તેવી સ્પષ્ટતા પત્રમાં કરવી જોઈએ.

(૨) સંજોગવશાત્ જાણ કર્યા સિવાય જ નાના કુટુંબમાં જવું પડે તો જમવાના સમયે તો ન જ પહોંચવું. આ પણ શક્ય ન હોય તો બહારથી જમીને જ પહોંચવું. યજમાન પત્ની અંદરખાનેથી આશીર્વાદ આપશે અને કદાચ બીજા ટકે તેનું સાટું પણ વાળશે!

(૩) સગાના ઘર અને મિત્રના ઘર વચ્ચે પસંદગીનો અવકાશ હોય છે. મિત્રના ઘરને પ્રથમ પસંદગી આપવી.

(૪) ટૂથપેસ્ટ, બ્રશ, સાબુ, ટુવાલ, કાંસકો તથા હજામતના સામાન જેવી અંગત જરૂરિયાતની વસ્તુઓ સાથે રાખવી.

(૫) યજમાન કુટુંબના નહાવાના, જમવાના અને સૂવાના સમયો જાળવવા.

(૬) કુટુંબના દરેક સભ્યને પોતાની રોજિંદી બેઠક હોય છે. દિવાનખાનામાં અને ખાસ કરીને જમવાના ટેબલ ઉપર આવી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫૪ ઉપર)**

*મનુષ્યને કોઈ બીજું સુખ કે દુ:ખ આપતું જ નથી. આ તેના ચિત્તનો ભ્રમ માત્ર છે.*

# પ્રાયશ્ચિત

અંગ્રેજી માધ્યમ દ્વારા બાળકને શિક્ષણ આપવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. બાળક અંગ્રેજી શબ્દ અને વાક્ય રચના ગ્રહણ કરી શકતું નથી. ઘરમાં તો માતૃભાષા બોલાતી હોય એટલે તેને જે કહેવું હોય તે અભિવ્યક્તિ અંગ્રેજી ભાષામાં કરવી પણ અઘરી પડે બાળકને ઘેર માતા કે પિતા કે અન્ય કોઈ વ્યક્તિ શિક્ષણ ન આપે તો શાળામાં અપાતું શિક્ષણ પૂરું ન થઈ શકે. શિક્ષક જેટલી જ (કે કદાચ વધારે) મહેનત બાળકના વાલીએ લેવી પડે છે. પરીક્ષા વખતે વિદ્યાર્થી કરતાં તેના મા-બાપની પરીક્ષા હોય તેવું વાતાવરણ સર્જાઈ જાય છે.

કલ્પના તેનાં પાંચેક વર્ષના પુત્ર સુકેતુને દરરોજ 'ટીચિંગ' કરવા બેસતી. સદ્ભાગ્યે હજુ તેને એક જ સંતાન હતું. તેથી શિક્ષણ કાર્ય મર્યાદિત હતું. તોપણ તે થાકી જતી, કંટાળી જતી. ઘરનું કામ, બજારની ખરીદી, સાસુસસરાને સાચવવા વગેરે કાર્ય ઉપરાંત સુકેતુનું શિક્ષણ તેને થકવી નાખતું.

પરીક્ષા આવી રહી હતી. સુકેતુ હજુ તો બાળક જ હતો. અંગ્રેજી માધ્યમ દ્વારા શીખવું તેને અઘરું પડતું હતું. કલ્પના તેને ફરી ફરીને એકની એક વાત શીખવતી. પણ સુકેતુના મગજમાં જાણે એ પ્રવેશતું નહિ. એનું ચિત્ત રમવામાં પણ જતું. ઘરમાં ઊડી આવતાં ચકલાં ઉપર એની નજર ફરતી.

કલ્પના ત્રાસી ગઈ. 'ક્યાં છે તારું ધ્યાન?' કહેતાં તેણે સુકેતુના કોમળ ગાલ ઉપર એક તમાચો ચોડી દીધો.

કલ્પનાના સસરા નિવૃત્ત હતા. ઘરમાં જ ઘણું ખરું રહેતા. સાંજસવાર બહાર એકાદ આંટો મારી આવે. તેઓએ આ દૃશ્ય જોયું. નાના બાળક ઉપર મમ્મીએ હાથ ઉપાડ્યો. કોમળ ગાલ ચમચમી ઊઠ્યો. બાળકની આંખોમાંથી આંસુની ધારા વહેવા માંડી. પોતાને નથી આવડતું એની લજ્જાથી બાળક મૌન રહી નીચું પણ જોઈ ગયું.

દાદાજી જમનાભાઈનું હૃદય કંપી ઊઠ્યું. આ દૃશ્ય જોઈને તેઓ કંઈ બોલ્યા નહિ. મનના ભાવ છુપાવવા અને ધીમે ધીમે મનને સ્વસ્થ કરવા તેઓ બાલ્કનીમાં ચાલ્યા ગયા.

રાતે જમવાનો સમય થયો ત્યારે કલ્પના સસરાજીને બોલાવવા ગઈ.

'બાપુજી, ચાલો ! રસોઈ થઈ ગઈ છે.'
'મારે નથી જમવું' જમનાભાઈએ કહ્યું.

'કેમ? તબિયત ઠીક નથી બાપુજી?'

કલ્પનાએ સહેજ ચિંતિત સ્વરે પૂછ્યું.

'ના, તબિયત તો સારી છે.'

'તો પછી?'

મન સારું નથી. મન અસ્વસ્થ છે.

'શેનાથી? બાપુજી, એવું શું બન્યું?'

કલ્પનાએ પૂછ્યું.

'તમે સુકેતુને તમાચો માર્યો ને!'

એ સાંભળી કલ્પના ચૂપ થઈ ગઈ. પુત્રને મારવું તેને પણ ગમતું નહોતું પણ આખરે એ માણસ છે. એની સહનશક્તિની પણ એક હદ હોય! જિદ્દી, ઠોઠ બાળક ઉપર ગુસ્સો આવે ને હાથ ઉપડી પણ જાય. એમાં આમ કરાય?

'હું શું કરું? એની પરીક્ષા આવે છે અને એ શીખવામાં ધ્યાન આપતો નથી' કલ્પનાએ વિવશતાથી કહ્યું.

'બાળક છે! એને મારથી નહિ, પ્રેમથી ભણાવાય.'

'પ્રેમથી ન ભણે તો ક્યારેક માર થી...' કલ્પના બોલવા ગઈ.

'તમારે કેટલાં સંતાન ?' સસરાજી એ અચાનક પૂછ્યું.

'એક કલ્પનાએ જવાબ તો આપ્યો પણ પ્રશ્ન બરાબર સમજાયો નહિ.'

'અમારે કેટલાં સંતાનો છે, જાણો છો ને?'

'હા, બાર! આઠ ભાઈને ચાર બહેન.'

'એય કોઈ વખત નાનાં હશે, એમ નેય ભણાવ્યાં હશે, લાડ-કોડ પૂર્યા હશે, જિદ પૂરી કરી હશે... એમને એમ તો મોટાં નહિ થઈ ગયાં હોય ને?'

કલ્પના મૌન થઈ ગઈ હતી.

'પૂછી જોજો, એમાંના એકેયને અમે કોઈ'દિ હાથ અડાડ્યો છે. માર માર્યો છે કોઈને! ને તમે એકમાં થાકી ગયા! ધડ દઈને તમાચો ચોડી દીધો!'

'સોરી, બાપુજી હવે ધ્યાન રાખીશ. મનેય શું મારવું ગમતું હશે? માર્યા પછી તો મારું હૈયું ય ચચરે છે, રડે છે! પણ આ તો એના ખાતર! ખેર! ચાલો, થાળી પીરસું છું.'

'ના, આ ટંક તો ભોજન નહિ જ લઉં. તમારા તમાચાનું પ્રાયશ્ચિત છે એ, એક ટંક નહીં જમું એથી દૂબળો નહીં પડી જાઉં. પણ જ્યારે જ્યારે તમે હાથ ઉપાડશો ત્યારે તમને યાદ આવશે કે બાપુજી એક ટંક જમશે નહિ...'

કલ્પના બે હાથમાં મોઢું છુપાવી રડી પડી.

*મંગલ મંદિર, એપ્રિલ-૧૯૯૦*

*નિષ્ઠા, સાહસ અને આત્મવિશ્વાસ હોય તો લક્ષ્ય હાંસલ થાય.*

# બાળકોના બચાવમાં

• વિક્રમ દલાલ •

'ચાઈલ્ડ ઈઝ ફાધર ઑફ એ મેન' (બાળક એ માણસનો પિતા છે.) એવું એક વિરોધાભાસી વિધાન અંગ્રેજીમાં પ્રચલિત છે. આવતી કાલનો સમાજ આજના બાળકો ઘડવાના છે તેથી બાળકનો ઉછેર જો અસ્વસ્થ અને ગુંચવાડાભર્યા વાતાવરણમાં થયો હશે તો તેમનો સમાજ સ્વસ્થ અને સરળ હોવાની વકી ઓછી છે.

દરેક માવતર ઈચ્છે છે કે પોતાનું સંતાન સફળ નાગરિક થાય, પરંતુ દરેકને માટે 'સફળતા'નો અર્થ જુદો હોય છે. કોઈ ભણતરને તો કોઈ પૈસાને, કોઈ સત્તાને તો કોઈ સેવાને, કોઈ ધર્મનો તો કોઈ વિજ્ઞાનને જીવનમાં સૌથી મહત્ત્વનાં ગણે છે. બહુ ઓછા માવતરો માનવતાને મહત્ત્વ આપે છે.

બાળકના શરીર ઉપર જેટલું ધ્યાન અપાય છે, તેના કરતાં પણ વિશેષ ધ્યાન તેના મન ઉપર રાખવું જોઈએ એમ બહુ થોડા સમજે છે, તેથી જરાક અમથી પણ શારીરિક અવસ્થતા માટે બાળકોના નિષ્ણાત ડોક્ટરો પાસે દોડી જતાં માવતરો જ્યારે બાળકો જુઠ્ઠું બોલે, પક્ષપાત કરે, ચોરી કરે કે બીજા બાળક ઉપર આક્રમણ કરે ત્યારે આંખ આડા કાન કરે છે. આવી વર્તણૂકને કેટલાક માવતરો બાળકની હોંશિયારીમાં ખપાવતા હોય છે.

ઘર, શાળા અને સમાજ એ ત્રણેની અસર બાળક ઉપર પડે છે પણ શરૂઆતમાં પાંચ છ વર્ષ સુધી ઘરનું વાતાવરણ તેનું ઘડતર કરવામાં સૌથી અગત્યનો અને દૂરગામી ભાગ ભજવે છે. આ સમયે તેના ઉછેરમાં જાણ્યે-અજાણ્યે થયેલી ભૂલોની અસર આગળ ઉપર વિકૃત અને વિકરાળ સ્વરૂપ ધારણ કરે ત્યારે માવતર ચોંકી ઊઠે છે. પોતાની ભૂલ જોવાને અસમર્થ હોય તેઓ બાળકનો, નસીબનો કે પોતાના ગયા જન્મના કર્મોના દોષ કાઢી લાચારી અનુભવે છે. જેઓને પોતાની ભૂલ દેખાતી હોય તેમને મોટે ભાગે પસ્તાવાનું જ રહે છે.

નજીવી કહેવાય તેવી કેટલીક સરતચૂક કેવાં પરિણામ લાવી શકે (આવું જ બને તેમ કહેવાનો ઈરાદો નથી) તેનાં કેટલાંક ઉદાહરણો અહીં આપ્યાં છે.

(૧) દરેક બાળક ચાલતાં શીખે ત્યારે પડે અને ક્યારેક સ્હેજ વાગે પણ ખરું. એવે વખતે રડતા બાળકને શાંત કરવા, મોટે ભાગે ફરનીચર, ભોંય કે શેતરંજીનો વાંક કાઢી તેને 'હત' કરવામાં આવે છે. આમ કરવું બિનજરૂરી છે. એટલું જ નહિ પરંતુ આ ક્રિયા દ્વારા આપણે બાળકને અભાનપણે શીખવીએ છીએ કે વાંક કે ભૂલ હંમેશાં બીજાનાં જ હોય. બીજાને મારવાની વૃત્તિને પણ તેથી પ્રોત્સાહન મળે છે. આ બંને વૃત્તિઓ આત્માઘાતક છે કારણ કે પોતાની ભૂલોમાંથી શીખી લેવાની તરકીબ તે ગુમાવી બેસે છે.

(૨) ઘડિયાળ કે થર્મોમીટર જેવી નાજુક વસ્તુને ફેંકી દેવાની ચેષ્ટા કરી 'કાગડો લઈ ગયો' તેવું જૂઠાણું ચલાવ્યા પછી થોડાં વર્ષો પછી 'ફીના પૈસા પડી ગયા' તેવું જ્યારે બાળક કહે ત્યારે દુઃખી થવાનો કશો અર્થ નથી. આપણે જ એને જૂઠુ બોલતાં શીખવ્યું છે. ન આપી શકાય તેવી વસ્તુના બદલામાં બીજી વસ્તુ કે વાત ઉપર એનું ધ્યાન દોરી શકાય છે પરંતુ લાંબો અને ધીરજ માંગી લે તેવો રસ્તો અપનાવવાની ક્યાં તો આપણામાં ત્રેવડ નથી, અથવા તેનું મહત્ત્વ આપણે સમજતા નથી.

(૩) 'ચાંદા પોળી, ઘીમાં ઝબોળી, સૌ છોકરાને અડધી પોળી, બાબાભાઈને આખી પોળી-હપ્પા'. શા માટે બાબાભાઈને બીજા કરતાં વિશેષ મળવું જોઈએ? આપણા બાળક પ્રત્યે આપણને પ્રેમ હોય પણ તેથી એને અન્ય બાળકો કરતાં વિશેષ લાભ મળવો જોઈએ એવો વિચાર તેના મનમાં દૃઢ થઈ જશે તો તે સમૂહમાં રહેતાં શીખશે નહીં. કુટુંબ અને સમાજના સભ્યો સાથે અથડામણમાં ઉતરવા માટે મોટે ભાગે આવો ખ્યાલ જવાબદાર હોય છે.

(૪) બાળકને અંતરસ જાય ત્યારે 'કોઈ યાદ કરે છે' તેવી ખોટી સમજણ આપવાથી તેની શારીરિક તકલીફમાં ફેર પડતો નથી. પણ જાણ્યે-અજાણ્યે આપણે તેને વહેમમાં ધકેલીએ છીએ. 'ત્રણ જણાનું ત્રેખડ'માં માનતા લોકો ભૂલી જાય છે કે અંતરીક્ષ યાનમાં ત્રણ જણા જ હોય છે! ત્રણ જણ ચંદ્ર સુધી પહોંચી શકે પણ અમદાવાદથી નડિયાદ જઈ ન શકે તેવી માન્યતા ધરાવતા રોગિષ્ઠ સમાજમાં બંધ બેસે તે માટે બાળકને વહેમમાં ધકેલતા આપણે ખચકાટ અનુભવતા નથી.

(૫) બાળક સાંભળીને બોલતાં શીખે છે. આપણે જે બોલીએ તેનું અનુકરણ કરવાનો તે પ્રયત્ન કરતું હોય છે. શરૂઆતમાં અવાજ ઉત્પન્ન કરતા અવયવો ઉપર તેનો પૂરતો કાબૂ હોતો નથી, તેની ભાષા કાલી હોય છે. ગમ્મત ખાતર આપણે પણ કાલુ બોલવાનું શરૂ કરીશું તો તેની ભાષા પણ તેવી જ થશે તેથી બાળકો આગળ હંમેશાં સ્પષ્ટ ઉચ્ચાર કરવો જરૂરી છે.

(૬) પુત્ર-જન્મ વખતે પેંડા વહેંચવાનો રિવાજ બંધ કરી દેવો જોઈએ. જંગલી અવસ્થામાં રહેતી જાતિઓમાં શરીરબળને કારણે પુરુષ ચડિયાતો ગણાતો હશે પણ સુધરેલી દુનિયામાં શરીરબળનું કોઈ મહત્ત્વ નથી. સ્ત્રીઓ કરતાં બુદ્ધિમાં પણ પુરુષો ચડિયાતા છે તેવા ખોટા ખ્યાલથી

*બોધ થવાથી પોતાનામાં દોષ તો રહેતા નથી અને ગુણ (વિશેષતા) દેખાતા નથી.*

દુનિયાએ ઘણું ગુમાવ્યું છે. તમારાં સંતાનો વચ્ચે સુમેળ રાખવો જોઈએ.

(૭) ધર્મ વિષે નાનપણથી બાળકના મનમાં 'ઝેર' રેડવાની શરૂઆત થાય છે. પોતાનો ધર્મ જ સર્વશ્રેષ્ઠ અને બીજા ધર્મો ખરાબ કે ઊતરતા એવી મૂર્ખાઈભરી માન્યતામાં ઉછરેલું બાળક ધર્મે ઊભા કરેલા વાડામાં પુરાઈ રહે છે. આગળ જતાં શાળામાં "હિંદુ, બૌદ્ધ, શીખ, જૈન, પારસી, મુસલમાન, ખ્રિસ્તાની" એમ બોલે છે પણ તે ભાવ મનમાં ઊઠતો નથી. કેળવણી અને સંસ્કાર વચ્ચેની વિસંવાદિતાના પરિણામે વાણી અને વર્તનમાં તફાવત ઊભો થાય છે. બોલે એક અને કરે બીજું એવી વ્યક્તિઓ વહેલી મોડી ઉઘાડી પડી જાય છે પરંતુ ત્યાં સુધીમાં તો કડવાશનાં ઘણાં બી વવાઈ ચૂક્યાં હોય છે.

(૮) કુતૂહલ એ મનુષ્યનું આગવું લક્ષણ છે. દરેક બાળક પ્રશ્નો પૂછતું હોય છે તેના બધા જ પ્રશ્નોના જવાબ સાચા, સરળ ભાષામાં અને અસંદિગ્ધ રીતે આપવા એ દરેક માવતર (અને શિક્ષક)ની ફરજ છે પરંતુ ઘણીવાર (ખાસ કરીને આપણને જવાબ આવડતો ન હોય ત્યારે) જવાબ આપવાને બદલે બાળકને ઉતારી પાડવામાં આવે છે. વારંવાર અપમાનિત થયેલા બાળકની જિજ્ઞાસાવૃત્તિ ઠીંગરાઈ જાય છે. ભવિષ્યમાં કોઈપણ પ્રકારના અખતરા કે સાહસ કરવાથી તે ડરે છે. સર્જનાત્મક આનંદનો તેને કદી અનુભવ થતો નથી.

(૯) બાળકને ચીડવીને, બીવડાવીને કે છેતરીને રમાડવાની ટેવ બાળક અને આપણે એમ બંને માટે નુકસાનકારક છે. મોટેરાંઓએ તેની સાથે કરેલું વર્તન તેને યાદ રહેતું હોય છે અને જ્યારે તે મોટું થશે અને આપણે ઘરડા થયા હોઈશું ત્યારે તે આપણને ધિક્કારશે.

(૧૦) આપણી સગવડ ખાતર ઘણીવાર બાળકને બીક બતાવીએ છીએ. ભૂત, બાવો, પિતા, શિક્ષક, પોલીસ, ડોક્ટર અને ભગવાનની બીક બતાવતાં ઘણાં માવતરોને મેં સાંભળ્યા છે. આવા પાઠ ભણેલો યુવાન ભીરુ હોય છે, પોતાના પિતા, સાહેબ, શેઠ, મિત્રો કે સગાંઓની ભૂલ થતી હોય ત્યારે તેમનું ધ્યાન દોરવા જેટલી નૈતિક હિંમત તે દાખવી શકતો નથી.

(૧૧) વડીલો (ભલે દુરાચારી હોય તે પણ) માત્ર ઉંમરને કારણે જ પૂજનીય ગણવા જોઈએ ખરા? બાળકની વર્ષગાંઠ કે બેસતા વર્ષના દિવસે બાળકો વડીલોને પગે લાગે તેવું શા માટે શીખવવું જોઈએ? માનને લાયક ન હોય તેવા 'વડીલ'ને પગે લાગતા યુવાનોને તેમની ગેરહાજરીમાં તિરસ્કારતા મેં સાંભળ્યા છે. દંભી સમાજ ઊભો કરવામાં વડીલો પોતે જ સંપૂર્ણપણે જવાબદાર છે.

(૧૨) સારા સંસ્કાર આપવાના ઓઠા હેઠળ "માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ" એમ શીખવવાના મૂળમાં આત્મશ્લાઘા છે. બાળક (કે બીજું કોઈપણ) આપણા તરફ આદર રાખે તેવું આપણે ઇચ્છતા હોઈએ તો આપણું વર્તન તેને અનુરૂપ હોવું જોઈએ. જો આપણે આપણા બાળકનું શ્રેય ઇચ્છતા હોઈએ તો પ્રભુના પયગંબર ગણાતા બાળકોને લાગણીના ગુલામ બનાવીને તેની પાસેથી માન મેળવવાની તરકીબોથી દૂર રહેવું જોઈએ.

(૧૩) એક પેઢીએ કરેલી ભૂલોનો ભોગ પછીની પેઢી બને છે. તેમની ક્ષમા માંગવાની વાત તો બાજુએ રહી, પરંતુ આપણે બગડેલા સમાજને સુધારવાની જવાબદારી બાળકો ઉપર નાખીને અનંત નિદ્રામાં પોઢવા માટે આપણે તૈયારી કરીએ છીએ!

રખે માની લેતા કે હું એક આજકાલનો ઉદ્ધત જુવાનિયો છું. મારું વય બાવન વર્ષનું છે. અને જે કાંઈ ઉપર લખ્યું છે તેને મારો અને મારા મિત્રોના અનુભવોનું પીઠબળ છે. આ લેખનો સાર માત્ર એટલો જ છે કે તંદુરસ્ત સમાજ ઊભો કરવાની જવાબદારી માવતરની છે. આપણે જેવા સમાજની અપેક્ષા રાખતા હોઈએ તેને અનુરૂપ બાળકનો ઉછેર થવો જોઈએ. થોર ઉપર કેળા પાકતા નથી!

*મંગલ મંદિર, ફેબ્રુઆરી-૧૯૯૧*

## મહેમાનોની આચારસંહિતા

**(અનુસંધાન : પાના નં.-૧૫૧ ઉપરથી ચાલુ)**

બેઠકનો ઉપયોગ મહેમાનોએ કરવો ન જોઈએ.

(૭) ગમે તેના રૂમમાં ગમે ત્યારે દાખલ ન થઈ જવાય.

(૮) ખાવા-પીવામાં ચીકાશ કે બાધાઓ ન રાખવી. મારે અગિયારશ છે, ચ્હા નથી પીતો, હાથછડના જ ચોખા જોઈએ, તલનું જ તેલ, મસાલા વધારે કે ઓછા એવી ગૃહિણીને અગવડ પડે કે મુંઝવણમાં મૂકી દે તેવી માંગણીઓ અભિપ્રાયના સ્વરૂપમાં પણ ન કરાય. સૌ અગિયારશ કરતા હોય તો આપણે પણ કરવી.

(૯) રોકાણના દિવસો દરમ્યાન બીજાને ત્યાં જમવા જવાનું હોય તો યજમાન પત્નીને વેળાસર જાણ કરવી જોઈએ.

(૧૦) યજમાન આપણે માટે કામેથી રજા લે તેવી અપેક્ષા રાખવી ગેરવાજબી છે.

(૧૧) યજમાનને મળવા કોઈ આવ્યું હોય ત્યારે વચ્ચે દખલ ન જ કરાય.

(૧૨) યજમાન કુટુંબના અન્ય સભ્યો હાજર ન હોય તો જ તેમનો ટેલિફોન ઉપાડવો.

(૧૩) યજમાનના સંતાનો સાથે હસીખુશીથી વાત કરશો, તેમને રસ પડે તેવું કશુંક નવું શીખવશો, કોઈ ટૂચકો કહેશો તો બીજી વખતે તમારા આગમનની સૌ ઉત્કંઠાપૂર્વક રાહ જોશે.

(૧૪) યજમાન કુટુંબ માટે તમે ગમે તેટલા આવકાર્ય મહેમાન હશો છતાં તેમના નોકર માટે તમે ભારરૂપ છો તે ભુલશો નહીં. ઘેર પાછા ફરતી વખતે તેને કશુંક આપશો તો ભવિષ્યમાં તે પણ તમને સત્કારશે.

મહેમાનને ઘર જેવું લાગે તેવી રીતે વર્તવું એ યજમાનની ફરજ છે અને યજમાનનું ઘર એ પોતાનું ઘર નથી તેનો સતત ખ્યાલ રાખવો એ મહેમાનની ફરજ છે.

*મંગલ મંદિર, જાન્યુઆરી-૧૯૯૦*

*રાઈના દાણા જેટલી હિંમત પહાડ જેવડી આફત માટે કાફી છે.*

# બાળક : ચીંથરે વીંટ્યું રતન

• ડૉ. વિશનજી નાગડા •

**ભયના ભાર હેઠળ દબાઈ જતાં બાળકો**

રાજુ અચાનક મધરાતે જાગીને રડવા લાગ્યો. મમ્મીએ ઘણા પ્રયત્નો કર્યા પણ રાજુ છાનો રહે નહિ. તરત જ એની મમ્મીએ કહ્યું સૂઈ જા નહિતર અંધારાની મા આવીને લઈ જશે ત્યાં જ ઘરની બાજુનું ઝાડ હાલ્યું ને અવાજ થયો, મમ્મીએ કહ્યું, જો ભૂત આવ્યો જલદી જલદી સૂઈ જા. રાજુ ચૂપ થઈ આંખો બંધ કરીને સૂવાનો ડોળ કરવા લાગ્યો. એની માને થયું હવે એ સૂઈ ગયો છે, પણ એની બંધ આંખો હેઠળ ભમતી ભૂતાવળ એને સૂવા ક્યાંથી દે?

મમ્મી શાક લેવા જતી હતી રાજુએ સાથે આવવા હઠ લીધી. રાજુને સાથે લઈ જવું પાલવે ક્યાંથી એટલે એની માએ કહ્યું કે રસ્તામાં પોલીસ પકડી જશે. રાજુ રડતો રડતો ઘરે બેસી રહ્યો પણ સાથે જવાનું છાંડી દીધું.

રાજુ ખાવા માટે આનાકાની કરતો હતો. એની મમ્મીએ કહ્યું રાજુ સીધી રીતે ખાય છે કે નહી, નહીંતર હું તને બાથરૂમમાં પૂરી દઈશ ને પછી બહાર જ નહીં કાઢું.

ભય-બીક એ બેધારી તલવાર છે જો સારી રીતે ને યોગ્ય સમયે વપરાય તો રક્ષણ કરે નહિતર ઘાતક તો જરૂર જ નીવડે. જન્મથી મૃત્યુ સુધી માનવીને ક્યારે ને ક્યારેક ભયનો અનુભવ થતો રહે છે. જે રીતે ભયનો અભાવ અકસ્માતોની હારમાળા સર્જે છે તે જ રીતે વધારે પડતો ભય બતાવવાથી બાળકમાં આવેગ (anxiety) ઉત્પન્ન થાય છે. જે બાળકના વિકાસને રૂંધે છે. આપણે ભયની લાગણીનો બાળક પર કેવો વિકૃત ઉપયોગ કરીએ છીએ એ ઉપરના પ્રસંગો ઉપરથી દેખાય છે. આપણે અજાણતા સૂચન દ્વારા બાળકમાં ખોટો ભય ઉત્પન્ન કરીએ છીએ. પણ ઉપર જણાવ્યા પ્રમાણે જાણી જોઈને ક્ષુલ્લક હેતુઓ માટે પણ ભય બતાવીએ છીએ. બાળકને જરૂર પડે ચેતવણી જરૂર આપવી જોઈએ, ને એમ કરતાં ક્યારેક ભય ઉત્પન્ન થઈ ગયો હોય તો એ અનિવાર્ય છે. રસ્તો ઓળંગતી વખતે, આગને જોઈને કે બાળક કાતર વાપરતાં શીખતું હોય ત્યારે ચેતવણી આપતાં ક્યારેક બાળકના મનમાં ભય ઘર કરી જાય છે. જે સામાન્ય છે થોડો ભય બાળકની કલ્પનાના ઘોડાને લગામમાં રાખે છે. પણ મોટા ભાગના બાળકો નિર્દોષ બાબતો અને વસ્તુઓથી પણ બી જાય છે. (બીવરાવવામાં આવે છે.) પરિણામે એમની આનંદયાત્રામાં ડગલે પગલે વિઘ્નો ઊભા થાય છે, ક્યારેક બાળકોમાં ભયની માત્રા એટલી બધી વધી જાય છે કે તેઓ સતત તાણ અનુભવે છે ને એમનું સ્વાસ્થ્ય (માનસિક તેમજ શારીરિક પણ) ભયમાં મુકાય છે. આવા તબક્કે જો યોગ્ય ઉપાય ન કરવામાં આવે તો બાળકનો જીવન પ્રત્યેનો અભિગમ બદલાઈ જાય છે.

બાળપણમાં આપણે સૌથી વધારે ભય અનુભવીએ છીએ. સામાન્ય અને વધારે પડતા ભયની રેખા દોરવી મુશ્કેલ છે. બાળક એક વર્ષનું થાય એ પહેલાં થોડો પણ (અજાણ્યો અવાજ થાય, આંચકો આવે કે, તરત જ બી જાય છે. છ મહિનાનું થાય ન થાય ત્યાં તો બહારની વ્યક્તિઓ (અજાણ્યા)થી ગભરાવા માંડે છે. બેથી ત્રણ વર્ષે કૂતરા, ગાડીઓ કે અંધારાથી ગભરાવા માંડે છે. એજ ઉંમરમાં 'મારી મમ્મી મને છોડીને ચાલી જશે'નો ભય પેદા થાય છે, કારણ બાળક માને વધારે વળગી રહેવા માગે છે. બાળકની તૈયારી ન હોય ને અચાનક કોઈ પરિસ્થિતિ કે વસ્તુનો સામનો કરવો પડે અથવા અણગમો કે મુશ્કેલી ઊભી થાય ત્યારે ભય પેદા થાય છે. એકંદરે ત્રણ વર્ષ સુધી ભય મુશ્કેલી ઊભી નથી કરતા પણ સ્વભાવિક છે ત્રણથી પાંચ વર્ષની વચ્ચે પેદા થતા ભય ખૂબ જ મહત્ત્વના છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ એની લાગણીઓ સ્થિર થતી જાય છે. નવી ને અજાણ લાગતી વસ્તુઓ પણ એને કોઠે પડી જાય છે. આમ બુદ્ધિના વિકાસ સાથે મોટા ભાગના ભય દૂર થઈ જાય છે.

ભય ઉત્પન્ન થવાના કારણોમાં સૌથી વધારે સામાન્ય અને મહત્ત્વનું છે અજાણપણે (suggestion દ્વારા) ભયનું ઉત્પન્ન કરવું. મા બાળકને લઈને બેઠી હોયને અચાનક કોઈ ભારે અવાજ, ફટાકડાનો ધડાકો કે મેઘગર્જના થાય તો ગભરાઈને 'બાપરે' કહી ઊઠશે, ચાલતા શીખતું હોય ને પડી જાય તો બૂમ પાડી ઊઠશે 'મારા લાલને શું થયું?' આમ તો લાલને કાંઈ ન થયું હોય પણ માની વારેઘડીએ ચિંતા જોઈને કંઈનું કંઈ જરૂર થઈ જાય. બાળકને કોઈને ઘેર મૂકી જવાનું હોય તો મા કહેશે બેટા તું અહીં બેસ ગભરાતો નહિં. હં. હું હમણાં આવું છું અથવા બાળક પહેલી વાર ડૉક્ટર પાસે લઈ જવાનો હોય ત્યારે બાળકને ખબર ન હોય કે ડૉક્ટર કોણ અને શું કરે? એટલે ગભરાવવાનો પ્રશ્ન જ ન ઊભો થતો હોય છતાં માં સામેથી કહેશે. આપણે ડૉક્ટર પાસે જઈએ છીએ ગભરાતો નહિ, હં! અને આ રીતે બાળકની કોમળ મનોભૂમિમાં કેટલાયે ભયના બી વવાતા જાય છે જે એક દિવસ મોટાં છોડ થઈ જાય છે.

*હૃદયને "લાગણી"નો પરસેવો વળે ત્યારે 'આંસુ' રૂપે બહાર આવે છે.*

ચંપાબહેન ઘેર આવેલી બહેનપણી સાથે વાતો કરતા બેઠા હતા રાજુ એમની વાતો સાંભળતો હતો. ચંપાબહેન વાતોના રસમાં તરબોળ થઈને કહેતા હતા 'મૂઈ! હું તો વાંદાથી બહુ જ બીઉં, વાંદો જોઉં કે ઉછળી પડું! ચંપાબહેને જોયું હોત તો ખબર પડત કે રાજુની આંખો ત્યારે (ભયથી) પહોળી થઈ ગઈ હતી. કચ્છ જેવા (નવર) મુલકમાં રાત્રે ફળિયાની સ્ત્રીઓ ભેગી મળીને, બાળકોને ખોળામાં સુવડાવી વાતો કરતાં ચોર લૂંટારાને માર-ધાડની વાતો કરતી હોયને 'આંખો દેખ્યો અહેવાલ' રસિકતાપૂર્વક આપતી હોય ત્યારે બાળકો ઊંઘમાં પણ ઝબકીને જાગી જાય છે. બાળકનાં માનસમાં ભય ઉત્પન્ન થવાથી પ્રક્રિયા સમજવા જેવી છે. સામાન્ય રીતે બાળકને કોઈ પ્રાણી સામે મૂકવામાં આવે તો બાળક ગભરાશે નહિ પરંતુ એ પ્રાણી બતાવવાની સાથે જ જો ભયજનક ભારે અવાજ કરીને ઠરાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો બાળક એ પ્રાણીથી એટલો ડરી જશે કે પછી એ કોઈ પણ જાતના ભયાનક અવાજ વિના પણ એ પ્રાણીને કે એવાં રમકડાંને જોઈને પણ ડરી જશે, ડૉક્ટરથી ડરી ગયેલું બાળક એવા દેખાવની કોઈપણ વ્યક્તિને જોઈને રડશે, આથી બાળકનો અજાણ્યા પ્રાણી અને વ્યક્તિ સાથેનો પરિચય પૂર્વ તૈયારી પછી જ કરાવવો.

**આ ભયનો વળગાડ કાઢવો શી રીતે?**

સૌથી મહત્ત્વની છે સજાગતા. બાળકના નાજુક મન પર ખોટા ભય ઉત્પન્ન ન થાય ને મામૂલી ઉપર છેલ્લા ફાયદા માટે આપણે ગભરૂ માનસ પર ઘા ન કરી બેસીએ એ જોવું જેટલું મહત્ત્વનું છે, એનાથી વધારે મહત્ત્વનું બાળકને હૂંફ, સહાનુભૂતિ અને રક્ષણ આપવું.

ભય દૂર કરવાના તત્પૂરતા ઉપાય તરીકે બાળકનું ધ્યાન બીજે દોરવી શકાય પણ એ કાયમી ઉપાય નથી જો બાળકને એજ સંજોગોનો ફરીથી સામનો કરવાનો હોય તો વધારે સારાં પગલાં લેવાં જરૂરી છે. આપણે ભયની પાછળ રહેલાં કારણો શોધીને નિવારવા પ્રયત્ન કરવો જોઈએ. માબાપે બાળક સાથે ભયજનક વિષયની ચર્ચા કરી એને ખાતરી આપવી જોઈએ કે એમાં કશું ડરવા જેવું નથી.

ભય દૂર કરવા માટે દાખલો બેસાડવાની પદ્ધતિ ખૂબ જ આવકારવાલાયક છે. જેમાં જો બાળક કૂતરાથી ડરતું હોય તો એની જ વયના બીજા કૂતરા સાથે હળીમળી ગયેલા બાળકો કૂતરા સાથે રમતા હોય એ બાળકને બતાવવું, એનાથી બાળકને ખ્યાલ આવી જશે કે આમાં કોઈ ડરવાનું નથી ને બીજા બાળકનું અનુકરણ કરવાની વૃત્તિને કારણે ભય નીકળી જશે.

ભય દૂર કરવાની બીજી એક પદ્ધતિમાં બાળક જ્યારે મનગમતી પ્રવૃત્તિમાંથી આનંદ મેળવતું હોય ત્યાં ધીરે ધીરે ભય ઉત્પન્ન કરતી વસ્તુનો પરિચય કરાવવો જોઈએ. અંધારાથી ડરવાનું બાળકોમાં ખૂબ જ સામાન્ય છે, આથી બાળકને અંધારાનો અભ્યાસ કરાવવા લાઈટનું બટન ચાલુ બંધ કરી રમાડવું જોઈએ. એજ રીતે જે વસ્તુથી બાળક ગભરાતું હોય એનો ઓછી માત્રામાં પરિચય કરાવી ધીરે ધીરે એની માત્રામાં બાળકને એક નાના વાસણમાં પાણી આપીને રમતો કરી પાણીનો ભય દૂર કરી શકાય.

બાળકને બીવડાવવાથી, મશ્કરી કરવાથી, શરમાવવાથી કે ફરજ પાડવાથી ભય દૂર ન થઈ શકે. આપણે બહાર કામ કરતા હોઈએ ને બાળકને કહીએ કે અંદરના રૂમમાંથી ફલાણી વસ્તુ લઈ આવ. બાળક અંધારાથી ગભરાતું હોય એટલે જવા માટે આનાકાની કરે એટલે આપણે કહીએ જાય છે કે પછી મારું, ને બાળક ન છૂટકે જાય ને ચીંધેલી વસ્તુ લઈને આખો મીંચી દોડતું આવે ત્યારે આપણે એક નાની ખાઈમાંથી બહાર કાઢવાને બદલે વધારે ઊંડી ખાઈમાં ધકેલી રહ્યા છીએ એવો આપણને ખ્યાલ હોય છે કે?

બાળકને જે ભય લાગે છે તે એના માટે સાચો છે એટલે એના ભયને પૂરતું માન આપવું જોઈએ, સહાનુભૂતિ આપવી જોઈએ. અરે મૂરખ કૂતરાથી તે કોઈ દિવસ ડરાતું હશે? તું તો સાવ બીકણ છે. બાયલો છે સાલ્લા તારા કરતાં તો છોકરીઓ સારી એમ કહેનાર મા બાપ દીકરાને કઈ બહાદુરી શીખવે છે? ભયને હાંકી કાઢવા બાળકને હૂંફ અને સહકાર આપવાને બદલે તો બાળકને જ હાંકી કાઢો તો પછી ભય ઘર કરી જ જાયને?

છોકરાં મસ્તી કરતા હોય તો આપણે એમને પોલીસના હાથમાં સોંપી દઈને નિશ્ચિત થઈ જઈએ છીએ ને છોકરાઓ એવા 'ચૂપ' થઈ જાય છે કે પછી જરૂર પડે ત્યારે પણ બોલી નથી શકતા.

મા બાળકને કામ ચીંધે ને બાળક ના પાડે ત્યારે એની મા કહેશે ઊભો રહે તારા પપ્પાને આવવા દે, પછી તારી ખેર નથી! આમ પપ્પા નામના 'દુશ્મન'નો ડર બતાવી મા શું એમ સાબિત કરવા માગે છે કે બાળકને સમજાવી શકવા જેટલી પણ ત્રેવડ પોતામાં નથી? મોડી સાંજે ઘેર આવનાર પપ્પા નામનું પ્રાણી શું માત્ર બાળકને ધમકાવવા માટે જ હોય છે. બાળક ન માને ત્યારે એને 'સ્કૂલે મોકલાવી દો' એટલે માસ્તરના હાથમાં સીધો દોર થઈ જશે એવી સલાહ આપનાર પાડોશી બાળકને સ્કૂલ જવાનો વારો આવે ને બાળક રડે ને આનાકાની કરે ત્યારે એને ટીંગાટોળી કરીને લઈ જવામાં મદદ કરે છે.

બાળકને ઊંચે સુધી હવામાં ફંગોળવાથી બાળક પાકકું બને એવી માન્યતાઓથી પીડાતા આપણે સાચી વાત ક્યારે સમજશું?

બાળકની ઇચ્છા તેને માન આપ્યા વગર બીક બતાવી ધાર્યું કાર્ય કરાવવાથી રાત્રે બાળકને ભયાનક સપના આવેને એમાં ભૂતપ્રેતને સિંહ વાઘનો ડર લાગે એમાં ખરેખર તો બાળક મા બાપથી ડરતું હોય છે, બાળક ખૂબ ગભરાઈ જાય ને ભારે તાવ ભરાઈ આવે ત્યારે આપણે ડૉક્ટરને બોલાવી પૂછીએ છીએ કે ડૉક્ટર સાહેબ તાવ શેનો છે?

***મંગલમંદિર, ફેબ્રુઆરી-૧૯૯૧***

# મા-બાપ થતાં પહેલાં

• ગિજુભાઈ •

ગઈકાલે મને કોઈએ માતાનું બિરુદ આપેલું. ત્યારે મને એમ થયું કે એ વાત છેક ખોટી નથી. મારા એક વિદ્યાર્થીની બહેન મને 'મૂછાળી મા' લખે છે, ને સાથે લિ. તમારો એમ પણ લખે છે. આમ મારામાં માતાના આત્માનું આરોપણ થાય એ મારે તો અભિમાન લેવા જેવું છે.

હવે માતા કેમ બન્યો એ મારે તમને કહેવું જોઈએ. હું આફ્રિકાના જંગલોમાં મૂછોને વળ ચડાવીને ફરતો. ત્યારે માતાનો એકપણ અંકુર મારામાં ન હતો. ત્યારે હું નાના બાળકો સામે જોતો નહિં. તેમને ધૂતકારતો હડધૂત કરતો છી-છી કરતો. મતલબ કે ત્યાં સુધી હું લૂખા સૂકા બાવળનાં ઠૂંઠા જેવો હતો. પણ જ્યારે હું એક બાળકનો પિતા થયો ત્યારે હું માતા બની ગયો. મારો રંગ બદલાઈ ગયો. તમે ન કલ્પી શકો એટલું મારામાં પરિવર્તન થયું. અને તમે વિપ્લવ, ક્રાંતિ, પરિવર્તન જે નામ આપો તે મારા જીવનમાં ત્યારથી અજબ પલટો થયો. એ પહેલાં બાળકોને જોઈને હું કાલોઘેલો થાઉં. એમની નાનકડી કીકીઓમાં ઝમકતું નૂર જોઉં અને એમના મંદ મધુરા હાસ્યમાં મસ્ત થઈ જગતને વિસારી મૂકું એવું મને સ્વપ્ને ય ન હતું.

પુરુષનાં હૃદયમાં જ્યાં સુધી માતૃત્વની ભાવના જન્મતી નથી, ત્યાં સુધી તેને અડધો કે કાચો આદમી જાણવો. ઘણાં કહે છે કે અમારે માતા-પિતા થવાની જંજાળમાં પડવાની મારી તમને સૌને સલાહ છે. આ સલાહ બાલમંદિરો વધે ને તેમાં બાળકોની આવક નિરંતર થયા કરે તે માટે નથી આપતો, જગત નિર્વંશ થઈ જાય એવા ભયથી એ સલાહ નથી આપતો; પરંતુ માતૃત્વમાં જે ભવ્ય, કલ્પનાથીયે પર એવા આનંદનો અતિરેક છે તે માણવા માટે કરી રહ્યો છું. મને લાગે છે કે જગતે એ સ્થિતિ માણી જોવા જેવી છે.

જુવાની આવે છે ત્યારે મૂછના અંકુર ફૂટે છે. એ જુવાની જીવનમાં નવી ચમક લાવે છે. કોઈ ભવ્ય અને અકથ્ય અનુભવ કરવા માટે એ જુવાની તલપી રહે છે. એ તલપનું નામ પ્રેમ. પણ આજે તો એ જુવાનીનાં સ્વપ્નાને એ જુવાનીના કોડ પૂરાય તે પહેલાં તો ઘણાં માતાપિતા થઈ જાય છે. મેં તો હિંદમાં જુવાની જેવી ચીજ જ જોઈ નથી ને ક્યારે જોઈશ તે જાણતો નથી. જ્યાં નાનાં નાનાં છોકરા-છોકરીઓ મા-બાપ થઈ પડે છે, ત્યાં શું કહેવું ? બાળકો સમક્ષ બોલવું સહેલું છે પણ આવા જુવાનો સમક્ષ શું કહેવું ?

'ટૂચકા સંગ્રહ'માં એક નવપરિણીત દંપતી પોતાના બચ્ચાની કેવી સંભાળ લે છે તેની એક ગમ્મત છે. આ દંપતીનો નાનો બાબો છે, તે ઓરડામાં હવા ઓછી હોવાથી ગભરાય છે ને અકળાય છે, દંપતીને બાળકના ઉછેર સંબંધમાં કંઈ જ જ્ઞાન ન મળે. બન્ને લાગણીવાળા છે, પોતાનાં પ્રેમના પરિપાકરૂપ એ બાળકને જોઈને બન્ને પોતાને ધન્ય માને છે. બન્ને પરસ્પર પ્રેમી છે. એ બાળક તો બન્નેનું જિગર છે, પણ તે બાળકની સંભાળ કેમ રાખવી તે બન્ને જાણતા નથી. બાળક તો રડવા માંડ્યું. પત્નીએ પતિને કહ્યુ : 'જરા તમે બાબાને રાખોને' પતિએ કહ્યું : 'ના એ મારું કામ નથી. જો બેટા રડતો રહે એ સારું ન કહેવાય. છાનો રહી જા ને તારી બા પાસે જા' ત્યારે પત્ની બોલી : 'જો બેટા રડીએ નહીં, તું રડ રડ કરે એ તારા બાપાને પસંદ નથી, જો છાનો રહી જા ને તારા બાપા પાસે જા.'

આમ બન્ને એકબીજાને કહ્યાં કરે તેઓ બાળક છાનો ન રહ્યો. પછી તો તેને ઘોડિયામાં નાખ્યો. હાલાં ગાયાં, ચા, કોફી, કોકો પીવડાવ્યા, ઘંટડી વગાડી એ બંધ કર્યું. પણ બાળક તો રડ્યા જ કરે. એટલે નર્સને બોલાવી નર્સે તપાસ કરીને જોયું કે બાળક હવા વિના ગભરાય છે. માટે જરા બારી ખોલી નાખો એટલે એ રડતો રહી જશે. આમ અજ્ઞાનને કારણે જાતે દુઃખી થયા ને બાળકને દુઃખી કર્યું. આમાં કંઈ અતિશયોક્તિ નથી.

ઘાટકોપરમાં એક બાળક બીમાર હતું. ડૉક્ટરે તેને શેક કરવા કહ્યું. આ કિસ્સામાં પુરુષ તાજો ગ્રેજ્યુએટ હતો અને સ્ત્રી પણ કાંઈ કાઢી નાખવા જેવી ન હતી. એ પણ ઊંચી એડીના બુટ પહેરીને ટચૂકડા હાથાની છત્રી લઈને ફરતી. આ બંને તો મંડ્યા શેક કરવા ! એક મોટી સગડી આણી; બારણું બંધ કરી આખી રાત શેક્યા કર્યું ને પરિણામે બાળક સવારે મરી ગયું.

મા-બાપ કેમ થવાય એ પણ જાણવું જોઈએ. પ્રત્યેક જુવાને લાયક પિતા થવા માટે કાળજી રાખવી જોઈએ, મને દિલગીરી એટલી થાય છે કે મેં મારી જુવાનીનાં દિવસોમાં ઘણાં ગ્રંથો વાંચ્યાં અને પ્રવાસો કર્યા, છતાં બાળકોની કેળવણી ઉછેર વિષે કંઈ જ વાંચ્યું નહિ 'તારે પિતા થવાનું છે, માટે તું વાંચ' એમ મને કહેનાર પણ કોઈ નીકળ્યું નહિ. આજે શી સ્થિતિ છે ? જુવાન પોતાની પત્નીને ભણાવવા તૈયાર થઈ જાય છે, બન્ને પ્રેમપત્રો લખવામાં મશગૂલ થઈ જાય છે; અવનવાં સ્વપ્ના રચે છે; બન્નેને એકબીજા વિના ગોઠતું યે નથી ! પણ છોકરાં થશે તો કેમ પાળીશું એનો બન્નેમાંથી એકે વિચાર કરતું નથી, આજ પરિણામે હું જ્યારે બે દીકરાનો બાપ થયો ત્યારે તો શરમાતો એવી જ સ્થિતિ હાલ થાય છે. એકાએક ઘરમાં બાબો કે બેબી રડવા લાગે છે ને ગભરાટ થઈ ઊઠે છે તે મુંબઈની ઓરડીમાં રહેવાનું હોય ત્યારે તો ગમ્મત ઊઠે

*નિષ્ફળતાની ઈમારત બહાનાના પાયા ઉપર રચાતી હોય છે.*

છે.

આ તમારે જાણવા જેવી વાત છે. કાલ સવારે તમારે ત્યાં ઘોડિયાં બંધાશે : કેટલાકને ત્યાં બંધાઈ ચૂક્યા હશે ને કેટલાક તો ઘોડિયાંની દોરી તાણતા તાણતા અભ્યાસ પણ કરતા હશે. ફિકર નહિ, હિંમત રાખો. હું તમને આ બધું વિનોદમાં કહું છું પણ એ વાત અવગણવા જેવી નથી. માબાપ થાઓ તે પહેલાં તમારે માતૃત્વ અને પિતૃત્વની જવાબદારી જાણવાની જરૂર છે.

બાળક એટલે માનસશાસ્ત્રનું પુસ્તક. હમણાં હમણાં 'સાયકોલોજી' શબ્દ બહુ વપરાય છે ને તે પર ઘણાં પુસ્તકો પણ છે. પણ એ વિષયની સૌથી મોટી ચોપડી બાળક છે. તમારે એ જીવંત પુસ્તકનો અભ્યાસ કરવાનો છે. તમારી આસપાસ જે બાળકો હોય તેનું નિરીક્ષણ કરો; આવતી કાલ માટે તૈયારી કરો. મા-બાપ થવું એ અનિવાર્ય છે. તો પછી તે માટે પૂરતી તૈયારી હોવી જોઈએ. 'એ કોર્સ યંગ બોયઝ એન્ડ ગર્લ્સ' એવી પુસ્તકમાળા બહાર પાડવાનું હું વિચારી રહ્યો છું.

તમે જુવાન હો. જીવન સરળ વહી જતું હોય કાવ્ય ને કલાનાં ભવ્ય સ્વપ્નોમાં તમે મહાલતા હો. પ્રેમગાથા પર જીવન ઓવારી નાખવા તૈયાર હો. જીવન દેવી કે જીવનદેવીની કલ્પનાઓ કરતા હો એ બધું બરાબર છે; પણ એમાંથી માબાપ થઈ જવાય એટલે નવી સ્થિતિ આવીને ઊભી રહે છે. એ સ્થિતિ દિવ્ય છે. ઉન્નત છે છતાં આજે કનિષ્ઠ છે. કારણ કે માબાપ થનારને જવાબદારીનું ભાન નથી ને એ સ્થિતિ પર અકાળે જઈ પહોંચે છે ! વળી આપણી સામાજિક સ્થિતિ પણ બાળકોને તો સ્ત્રીઓ જ ઉછેરે ને પુરુષો તો ધ્યાન આપે જ નહિ એવી છે. પુરુષ બહાર ફરે અને સ્ત્રીને ઘરકામ કરવાનું ને છોકરાં સંભળાવાનાં. આ પરિસ્થિતિમાં સ્ત્રી કંટાળી જાય છે પ્રેમ ને આદરમાં ન્યૂનતા આવે છે; પતિ તરફ પત્નીનો ધિક્કાર વધતો જાય છે અને સૌથી ભયંકર વાત તો એ છે કે સંતાન થયા પછી બન્ને એકબીજાનાં દુશ્મન બને છે ! એ મતભેદ કેમ ઊભો થાય છે તે તેમને સમજાતું નથી પણ 'એક પર બોજો ને બીજો છૂટો' તેનું આ પરિણામ છે.

હવે નાના છોકરા મા વિષે કેવી કલ્પના કરે તે કહું તેઓ એમ માને કે મા એ કોઈ એવી બાઈ છે કે જે બાપા ઘરમાં આવે છે એટલે હા જી હા કરે છે, અને એમને સાચવી લે છે, બાળક એમ માને છે કે માને બધું કામકાજ કરતાં આવડે છે ને બાપ તો બેવકૂફ છે. તે બહારથી ઘરમાં આવે છે. આરામ-ખુરશીમાં પડે છે, છાપાં વાંચે છે, ને કાંઈ કરતો નથી. બાળકનો બાપ વિષેનો આ ગંભીર અભિપ્રાય છે. તેને લાગે છે કે મા સારી છે; એ બાપથી ડરે છે. પણ કોઈવાર બાપને ય તતડાવી નાખે છે ખરી !

આમ સ્ત્રી પુરુષની જ્યાં સમાનતા નથી ત્યાં પ્રેમની ન્યૂનતા હોય છે. પૈસાદાર માબાપો બાળકોને ઉછેરવા આયાઓ રાખે છે ને બાળકરૂપી બલાને તેને હવાલે સોંપી દે છે. એનાં કેવાં પરિણામ આવે છે તે કહેવાની જરૂર નથી. ગરીબ માબાપ હોય તો બોજો એકલી મા ઉપર પડે છે. બાપ જરાયે કાળજી રાખતો નથી એટલે એકલી માતા બાળકના પ્રેમની માલિક બને છે. પુરુષ બહાર ફરતો રહે છે. એટલે તેનાં પ્રેમમાં ન્યૂનતા આવે છે, મા મારફાડ કરે, ગાળો દે, તે છતાં બાળક તો માનું જ બની રહે છે કારણ કે મારફાડ કરતી હોવા છતાં એ બાળક પ્રત્યે મમતા રાખે છે, તે તેની બને તેટલી સંભાળ પણ લે છે. આમ થાય છે એટલે પુરુષ સ્ત્રીની અદેખાઈ કરે છે; ને જેમ જેમ છોકરાં વધતાં જાય છે તેમ તેમ આ અદેખાઈ ને મતભેદ વધતાં જ જાય છે. મતભેદનું કારણ કોઈ જોતું નથી ને લડ્યે જાય છે. બાળકનો મા તરફ, ને માનો બાળક તરફ પક્ષપાત રહે છે. બન્નેની એક ગાંઠ થાય છે અને તેમની બેની દુનિયામાં બાપ દાખલ થઈ શકતો નથી. પરિણામે બાપ બન્ને પ્રત્યે ઘૃણા બતાવે છે ને કુટુંબમાં કલહ-કંકાસ ચાલુ રહે છે. આ વાત માનસશાસ્ત્રની છે; માત્ર કહેવા પૂરતી નથી.

જ્યાં સદાકાળ મા દબાયેલી તથા ચંપાયેલી ને બાપ ગંભીર હોય ત્યાં છોકરા શી રીતે હસી શકે ? એટલે જ છેક કોલેજમાં આવે ત્યારે તેમને હસવાનું મળે છે; તેનો પુરાવો આજે તમે આપી રહ્યાં છો; આઘાતનો પ્રત્યાઘાત થાય તેમ જે લાગણીઓ લાંબો વખત સુધી દબાય રહે તે જોરથી પાછો ઉછાળો મારે એ સ્વાભાવિક છે, તમારી હસવાની લાગણી દબાયેલી રહી તે કોલેજમાં ઉછળી આવે ને અને તેને યોગ્ય માર્ગ મળે તે માટે સારી કોલેજ, સારા પ્રોફેસરો અને મારા જેવા ભાષણકર્તાઓ મદદકર્તા થઈ શકે.

મા-બાપ થવું એ ગંભીર જવાબદારી છે. એ માટે શી લાયકાત જોઈએ એનો તમે કદી વિચાર કર્યો છે ? એ માટેનાં પુસ્તકો વાંચ્યા છે ખરાં ? વિલાયતમાં તો એવી પોપ્યુલર બુક્સ ખૂબ વંચાય છે. તમે રમતનાં સિદ્ધાંતો નક્કી કરો છો. સામાજિક પ્રશ્નોની ચર્ચાઓ કરો છો. આંતરજાતીય લગ્ન યોગ્ય છે કે કેમ તે ઉપર ઉહાપોહ જગાવો છો, વિધવા વિવાહ માટે તરફેણમાં કે વિરુદ્ધમાં વાદવિવાદ ચલાવો છો; એ બધું ખરું પણ કોઈ દિવસ માબાપ થવા માટે શી લાયકાત જોઈએ એ જાણવાની, ચર્ચવાની કે વાંચવાની તમે તસ્દી લીધી છે ખરી ?

હવે એ બાબતની તમને હું બે ત્રણ વાતો કહીશ. પહેલી વાત તે બાળકને ચુંબન કરવા વિષે છે. કોઈપણ જાણીતા કે અજાણ્યા માણસે કોઈપણ બાળકને ચુંબન કરતાં પહેલાં વિચાર કરવો જોઈએ. કેટલાકો હચમચાવી મૂકે છે. ભીંસી નાખે છે, અને મૂછોના ઢગલાથી ભરેલા મોઢાથી બાળકને બચીઓ ભરી ગંદું કરી મૂકે છે. બાળકોના વકીલ તરીકે જો કાયદા ઘડવાની આપણા હાથમાં સત્તા આવે તો હું એવો કાયદો પાસ કરાવવા માંગું છું કે મા ને બાપ સિવાય કોઈપણ ઈતર માણસને બાળકને ચુંબન કરવાનો અધિકાર નથી. બાળકો કંઈ રમકડાં નથી કે તેને ગમે તેમ રમાડાય. બાળકોને રમાડવામાં એટલી બધી હલકી વૃત્તિઓને ખરાબ વાતાવરણ જોવામાં આવે છે કે તેમાંથી બાળકને ઉગારી લેવાની ખાસ જરૂર છે.

આવી તો અનેક બાબતો છે. પણ એક બીજી વાત કહું; તમારા બાળકોને તમારી જ ધાર્મિક માન્યતા, મંતવ્યો, પસંદગી-નાપસંદગીમાંથી બચાવી લો. બાળક તમારા ઘરને પાવન કરનારું છે; તમારા પ્રેમનું એ સુંદર વ્યક્ત સ્વરૂપ છે. જો તેને સન્માનવું હોય તો તેને કેવળ સ્વતંત્ર રાખો, અવલંબન વિનાનું

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬૪ ઉપર)**

*આવનારી 'ક્ષણ' કરતાં અત્યારની 'પળ' વધુ મહત્ત્વની છે.*

# યુવાને કયા પાંચ મિત્રોની દોસ્તી કેળવવી જોઈએ?

તેની 'પર્સનાલિટી' ફાંકડી છે.... વાતચીતમાં એ ભલભલાને આંજી નાખે છે!

'અને કપડાંનો એનો રુઆબ પણ ભારે! જોનાર આશ્ચર્યચકિત થઈ જાય એવાં ફેશનેબલ વસ્ત્રો એ પહેરે છે.'

'અને પૈસા કમાવાની કળા એની પાસેથી શીખવા જેવી. ગમે તેમ કરીને પણ ગમે ત્યાંથી રૂપિયા ઊભા કરી લે... જબરો કારીગર છે!''

જુદા-જુદા યુવકો વિશેના આવા અભિપ્રાયો તમે સાંભળ્યા હશે. એમની ગતિ અને પ્રગતિની વાતો તમે સાંભળી હશે. એમને મદદરૂપ થનાર મિત્રોના પ્રસંગો પણ તમારે કાને પડ્યા હશે.

અહીં મારે તમને પાંચ મિત્રોની વાત કરવી છે, જેનો ઉલ્લેખ શ્રી મધુભાઈ કોઠારીએ તેમના એક પુસ્તકમાં કર્યો છે. જેણે વ્યક્તિત્વનો વિકાસ સાધવો છે, જેણે પોતાના જીવનનું ઘડતર કરવું છે, તેમને આ પાંચ મિત્રોની મૈત્રી વરદાનરૂપ સાબિત થાય છે. આ ગુણોની મિત્રતા જાળવી રાખનારે જીવનમાં ક્યારેય નિરાશ થવું પડતું નથી. **એ પાંચ મિત્રોનાં નામ છે : પ્રામાણિકતા, સાદાઈ, સચ્ચાઈ, નિખાલસતા અને વચનબદ્ધતા.**

તમે પૂછશો કે આજનો યુગ તો ઘોર અનૈતિકતાનો યુગ છે. એમાં આપણી પ્રામાણિકતાની કિંમત શી? કિંમત છે, ખૂબ જ છે. કારણ કે **અપ્રમાણિક માણસ પણ ઇચ્છતો હોય છે કે બીજો માણસ તેની પાસે અપ્રમાણિકતા ન આચરે.** દિલ દઈને કામ કરનારની આજે પણ જરૂરિયાત છે. કામચોરી કે પ્રપંચ અંતે તો ખુલ્લાં પડે જ છે. તમારી પ્રામાણિકતા લોકોનાં દિલ જીતી લેવાનું સાધન બનશે, વળી સારા રહ્યાનો આત્મસંતોષ તો તમારે ભાગે રહે છે જ. તમારી પ્રામાણિકતા અને નિષ્ઠા જ તમારો સૌથી મોટો પ્રચારક બની જશે. કૃત્રિમતા અને દંભનું સામ્રાજ્ય ક્ષણજીવી હોય છે. તેથી જે માણસ ઠાઠ અને ભપકાને બદલે વાણી, વર્તન અને વસ્ત્ર પરિધાનમાં સાદગી અપનાવે છે તેની એક આગવી છાપ ઊભી થાય છે. **ચમકદાર વસ્ત્રો, વાકછટાનું વરવું પ્રદર્શન, રીતભાત, કૃત્રિમતા આ બધું બીજા માણસને આંજી શકે છે, પરંતુ લાંબા સમય માટે એની અસર રહેતી નથી.** તમે જેમને આજે અનુકરણીય આદર્શ વ્યક્તિ લેખો છો એમની આ જ વિશેષતા હતી. કથની કરણીની સાદાઈ.

હવે તમારા ત્રીજા મિત્રની વાત. એ છે સચ્ચાઈ. **તમારી વાતમાં સચ્ચાઈનો રણકો હશે તો સામેનો માણસ પ્રભાવિત થશે.** સામેની વ્યક્તિને પ્રતીતિ થવી જોઈએ કે તમે જે કંઈ કહો છો તે દિલથી કહો છો. શાબ્દિક દંભ ખાતર જૂઠ, બહાનાબાજી, ખોટા વાયદાઓએ અનેક યુવકોની જિંદગીને બરબાદ કરી નાખ્યાના દાખલા આપણી આસપાસની દુનિયામાં જોવા મળે છે. તમારું નાનામાં નાનું વર્તન સચ્ચાઈના આગ્રહથી મહેકતું હોય. એ સચ્ચાઈ સ્વજનો-સ્નેહીઓ સાથેના વર્તન વિષયક હોય કે પરીક્ષા વિષયક, પ્રણય વિષય હોય કે ધંધાકીય આદાન-પ્રદાન બાબતની. તેમાં સચ્ચાઈને સુરક્ષિત રાખવા માટે સદા યત્નશીલ રહેવું હિતાવહ છે. પ્રપંચથી કદાચ તમને ક્ષણિક કામિયાબી હાંસલ થાય, તમને એમ પણ લાગે છે કે તમે ફાવી ગયા; પણ એવી છેતરપિંડી આદત બનીને માણસના સમગ્ર જીવનને પાયમાલીના અંધકારમાં હડસેલી મૂકે છે.

એવો જ ચોથો મિત્ર તે નિખાલસતા. માણસ માટે મિતભાષી, મૃદુભાષી અને સ્પષ્ટ વક્તા થવું ફાયદાકારક છે. ઘણીવાર આપણે રુઆબ, ગર્વ કે સત્તાને કારણે અન્ય સાથેના વ્યવહારમાં નિખાલસ રહી શકતા નથી. આપણે એમ માનવાનો ભ્રમ સેવીએ છીએ કે નિખાલસ રહેવાથી આપણો વટ ન પડે અથવા લોકો આપણને બનાવી જાય. નિખાલસપણે ભૂલનો એકરાર કરી લઈએ તો આપણું નીચું દેખાય. હકીકતમાં થયેલી ભૂલ કે ક્ષતિ સ્વીકારી લેવાથી સુધારો કરવાની તક મળે છે અને ભૂલ અચાનક જ પકડાઈ જવાને કારણે વિમાસણમાં કે અપમાનજનક સ્થિતિમાં મુકાઈ જવાની શક્યતામાંથી બચી શકાય છે. રસ્કીને એટલે જ કહ્યું છે કે, **'સત્ય બોલવું એ સારા અક્ષર લખવા જેવું છે. અને તે ફક્ત ટેવ પાડવાથી જ શક્ય બને છે.'**

માણસની એક મર્યાદા એ પણ છે કે એ સહેલાઈથી વચન આપે છે, પણ તેને પાળવા માટે ગંભીરતા દાખવતો નથી. ક્ષેત્ર ધંધાનું હોય કે સામાન્ય વ્યવહારનું, **આપેલા વચન, વાયદા કે કરારને વફાદાર રહેવું એ વિશ્વાસપાત્ર ઠરવા માટે અત્યંત જરૂરી છે.** વચન પાળવાથી માણસની પ્રતિષ્ઠા વધે છે અને અન્ય લોકો વિશ્વાસ કરતા જાય છે. આવું વચન આપવા માટે લાંબુંલચ ભાષણ કરવાનો, અશક્ય વાતો કરી બતાડવાની તૈયારી દર્શાવતો પત્ર પાઠવવાનો અર્થ નથી. ઓછામાં ઓછા શબ્દોનો ઉપયોગ કરીને તેના પરિપાલન માટેની ઉત્કટ અભિલાષા અને તૈયારીની સામેની વ્યક્તિઓને પ્રતીતિ થાય તેમ વર્તવું જરૂરી છે. જ્યાર્જ ચેપમેનની એ વાત ગાંઠે બાંધી લેવા જેવી છે કે વચન આપો તો ઓછામાં ઓછા શબ્દો વાપરો. ઓછું બોલવામાં આવે છે, ત્યારે જ વચન સારી રીતે અપાયું કહેવાય છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ માટે બકવાટ નહીં પણ યોગ્ય, સંક્ષિપ્ત અને સુસ્પષ્ટ વક્તવ્યની જરૂર છે. એટલે વચનની ભાષા પણ ટૂંકી છતા અસરકારક હોય છે.

આમ આ પાંચ મિત્રો : પ્રામાણિકતા, સાદાઈ, સચ્ચાઈ, નિખાલસતા અને વચનબદ્ધતા — એ વ્યક્તિત્વના ગુલાબને વિકસાવવા માટે તથા એની મહેકથી અજાણ્યાને પણ વશ કરી લેવા માટે, મદદ લેવી જોઈએ. સદગુણોના સોપાન પાર કર્યા વગર કોઈ પણ માણસ ચિરંજીવ સફળતા પ્રાપ્ત કરી શકતો નથી.

*મંગલ મંદિર, મે-૧૯૯૩*

*નિષ્ફળતા જીવન કિતાબનું ફક્ત એક પૃષ્ઠ છે, જ્યારે સફળતા આખો શબ્દકોશ છે. એક પૃષ્ઠ માટે થઈને આખી કિતાબ ન ગુમાવીએ.*

# દિલ્હીના ચાંદની ચોકની 'પરીન્દોકા અસ્પતાલ'

• ચૌલા કુરૂવા •

જૈનોમાં જીવદયાનું સ્થાન મહત્ત્વનું છે. મોટા ભાગનાં જૈન ધાર્મિક સ્થાનો કે મંદિરોમાં જીવદયા પેટે દાન લેવાય છે અને તેને પાંજરાપોળો વગેરેમાં જીવદયા માટે આપવામાં આવે છે. ઘણી આવી પાંજરાપોળો જેમાં પશુ-પ્રાણીઓને રાખવામાં આવે છે. તે જૈનો દ્વારા જ ટ્રસ્ટ બનાવીને ચલાવવામાં આવે છે. આવા જ એક જૈન શ્રેષ્ઠી દ્વારા દિલ્હી ખાતે વિશાળ પક્ષીઓની હોસ્પિટલ ચાલે છે. પરીન્દોકા અસ્પતાલ નામે ઓળખાતી આ દેશની સૌથી મોટી પક્ષીઓની હોસ્પિટલ છે. પંખીઓ અને પ્રાણીઓને અહીં સારવાર અપાય છે. પશુઓ માટે પાંજરાપોળ ઘણી છે પરંતુ પંખીઓની આવી હોસ્પિટલો નથી એટલે જ આ હોસ્પિટલને ફ્રેંચ પ્રવાસ ગાઈડમાં દિલ્હીનાં જોવા લાયક સ્થાનોમાં દર્શાવવામાં આવી છે અને ઘણાં વિદેશીઓ આને જોવા આવે છે અને પછી પોતાનાં દેશમાં જઈ આ હોસ્પિટલ ઉપર લખે પણ છે અને તેનો પ્રચાર પણ કરે છે. 'બર્ડસ હોસ્પિટલ ઈન ચાંદની ચોક' દિલ્હી ગાઈડમાં આવું શીર્ષક અપાયેલ છે.'

દિલ્હીના લાલ કિલ્લાની સામે આવેલા લાલ રંગના દિગંબર જૈન મંદિરના કમ્પાઉન્ડમાં જ પક્ષીઓની હોસ્પિટલનું ભવન પણ આવેલું છે. દૂરથી જ જોઈને ઓળખી શકાય એ માટે પક્ષીનું મોટું પ્રતીક હોસ્પિટલના ભવનની ટોચે મૂકેલ છે.

આ હોસ્પિટલ બનાવનાર જૈન શ્રેષ્ઠી લાલા લચ્છુમલ જૈન ગોટવાલે હોસ્પિટલની શરૂઆત ૧૯૨૯માં પોતાના ઘરના એક નાના ખંડમાં કરી હતી. પાછળથી તેને આ લાલમંદિર પાસેના મકાનમાં ખસેડવામાં આવી છે, અલગ ભવન બનાવ્યા બાદ ગોવિંદ વલ્લભ પંતે એનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આજે પક્ષીઓની આધુનિક પદ્ધતિથી ચિકિત્સા અને દવાદારૂ અહીં થાય છે. જૈનોની જીવદયા પ્રસિદ્ધ છે. દેશનાં ઘણાં શહેરોને ગામોમાં પશુઓ માટેની પાંજરાપોળો જૈનો ચલાવે છે. પરંતુ પક્ષીઓ માટે કોઈ હોસ્પિટલની સગવડ બહુ ઓછી જોવા મળે છે.

જીવદયાની આ સંસ્કૃતિ માત્ર જૈનો પૂરતી જ નહીં. પરંતુ આપણા દેશની પુરાણી સંસ્કૃતિ છે. ઘણા વિદેશીઓ પણ આથી પ્રભાવિત થયા છે. ગામેગામ શહેરના પુરાણા મહોલ્લાઓમાં જે ચબૂતરાઓ નજરે પડે છે કે જ્યાં પક્ષીઓ આવી દાણાને પાણી લઈ શકે તે આપણી પ્રાચીન જીવદયાની સંસ્કૃતિના પ્રતીક છે. આ ચબૂતરાઓનું સ્થાપત્ય પણ કલાત્મક છે. અને આજે પણ લોકો તેમાં અનાજ પાણી પક્ષીઓ માટે મૂકે છે. ગામના પાદરે કે મંદિર પાસે પણ નિયમિત રીતે પક્ષીઓને દાણા નાંખવાની વ્યવસ્થા ઘણી જગ્યાએ આજે પણ જાળવી રખાઈ છે. વેપારીઓ અને ખેડૂતો પણ પોતાની આવકનો અમુક હિસ્સો પક્ષીઓનાં દાણામાં નાંખતા હોય એવા ઘણાં કિસ્સાઓ છે.

લાલમંદિરની આ 'પરીન્દોકા અસ્પતાલ'માં પ્રવેશતાં જ પક્ષીઓની વાસ આવવી શરૂ થઈ જાય છે. લીલા રંગે દીવાલો રંગાયેલી છે તેમજ પક્ષીઓનાં ચિત્રો બહાર ને અંદર પણ ઠેકઠકાણે જુદી જુદી સૂચનાઓ સાથે પેઈન્ટ થયેલા દેખાયાં. હોસ્પિટલમાં મકાનમાં ભોંયતળિયે પક્ષીઓનાં અનાજ દાણા વગેરે રાખવાનો સ્ટોર છે. પહેલે માળે 'આઉટડોર'ને ઈમરજન્સી વોર્ડ છે, જ્યારે બીજા માળે જનરલ વોર્ડ છે.

મોટે ભાગે ભાંગેલી પાંખો અને તૂટેલા પગવાળા પક્ષીઓ અહીં 'દરદી' તરીકે આવે છે. મોટાભાગના હોસ્પિટલમાંના પક્ષીઓ, કબૂતર, ચકલીઓ કે પોપટ છે. તે સિવાય મોર, મરઘાં, સસલાં પણ અહીં દરદી તરીકે સારવાર લેવા આવે છે. અહીં આવતા દર્દીઓના બે પ્રકાર છે. એમ સમજાવતા ડૉક્ટરે કહ્યું, 'આઉટડોર' પેશન્ટ તરીકે આવતા દરદીઓને અમે બહાર જ સારવાર આપીને દવા દઈએ છીએ જ્યારે 'ઈન્ડોર પેશન્ટ'ને દવાખાનામાં દાખલ કરીને તેના દરદ પ્રમાણે પ્રથમ ઈમરજન્સી વોર્ડમાં ને પછી જનરલ વોર્ડમાં એમ સારવાર આપીએ છીએ. હોસ્પિટલનો એક નિયમ જરા વિચિત્ર જેવો છે તે પ્રમાણે 'ઈન્ડોર પેશન્ટ' તરીકે દાખલ કરાયેલા પક્ષીઓ સાજા થઈ જાય પછી તેના મૂળ માલિકના પાળેલા હોય પણ એને પરત નથી આપવામાં આવતા પણ ઊડાડી મૂકવામાં આવે છે અને જો ઊડી શકે તેવા ન હોય તો હોસ્પિટલના સત્તાવાળાઓ તેને હોસ્પિટલમાં જ રાખે છે. આની પાછળની ભાવના સમજાવતાં ડૉક્ટર કહે છે, 'પંખી ઊડવા માટે છે પીંજરામાં રાખવા માટે નથી ?' આથી ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થયેલા પક્ષીઓને સાજા થયા બાદ અમે માલિકોને પરત સોંપતા નથી પણ ઊડાડી મૂકીએ છીએ અને જો એ ઊડવા અસમર્થ હોય તો હોસ્પિટલમાં રહી શકે છે.

માત્ર શાકાહારી પક્ષીઓ જ હોસ્પિટલમાં દાખલ કરાય છે તેમજ તેમને અપાતો ખોરાક પણ શાકાહારી છે કારણ જૈનો માંસાહારને પાપ સમજે છે અને ચુસ્ત શાકાહારી હોય છે. હોસ્પિટલમાં કૂતરા-બીલાડા જેવાં પશુઓને માત્ર આઉટડોર સારવાર તેઓ આવે તો અપાય છે પણ ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ નથી કરાતા.

*વાણી, વર્તન અને કાર્યથી કોઈને ઈજા પહોંચાડશો નહીં.*

હોસ્પિટલમાં અપાતી સારવાર તદ્દન મફત છે, એની કોઈ ફી નથી. પ્રવેશતાં જ ઓફિસમાં ધર્માદા પેટી રાખેલી છે. એમાં જતાં-આવતાં ઘણાં લોકો યથાશક્તિ દાન આપે છે તે સિવાય મનીઓર્ડરને ચેક દ્વારા પણ લોકો દેશવિદેશથી દાન મોકલે છે. આ દાનની રકમ જ વર્ષે એટલી છે કે જેમાંથી હોસ્પિટલનો ખર્ચ સરભર થઈ જાય છે.

હોસ્પિટલમાં આવતા પક્ષીઓને પ્રથમ આઉટડોર સારવાર અપાયા પછી બાજુનાં ઓછા સિરિયસ વોર્ડમાં 'પેશન્ટ'ને લઈ જવાય છે.

ત્યારબાદ સ્થિતિ સુધરતાં ઉપરના જનરલ વોર્ડમાં લઈ જવાય છે. ઉપર ખુલ્લા આકાશ નીચે અહીં મોટા ભાગનાં પક્ષીઓ સાથે રહે છે. ઉપર જાળી છે, જેનું તાળું દર શનિવારે ખૂલે છે, અડધા કલાક માટે આ સમયે જે પક્ષીઓ સંપૂર્ણ સારા થઈ ગયા હોય અને બહાર ઊડી જવા માંગતા હોય તો તેમને ઊડાવી દેવાય છે.

હોસ્પિટલમાં પ્રવેશતાંનો ભોંયતળિયાનો ભાગ દાણા અનાજ વગેરે રાખવા માટેનો ભંડાર-સ્ટોરરૂમ જેવો છે. અહીં રખાતા દાણા જેમાં પક્ષીઓને ચણ નાખવાના જુવાર, બાજરો, મકાઈ વગેરે છે. તે ઘણીવાર દાન તરીકે પણ આવે છે. એટલે કે રોકડ રકમ સિવાય અનાજનાં સ્વરૂપમાં પણ દાન રહે છે. પૈસાને દાણા સિવાય દવાના સ્વરૂપમાં પણ દાન હોસ્પિટલને મળે છે.

૯૦ ટકા દાન આપનારા જૈનો છે. જ્યારે બાકીના ૧૦ ટકા દાન મુસ્લિમો અને અન્ય લોકો પાસેથી મળી રહે છે. વિદેશોમાંથી પણ ડોલરને પાઉન્ડમાં દાન મળે છે. અમે બેઠા હતા ત્યારે જ ચાંદની ચોક પાસે જ રહેતા ગુજરાતીભાઈ એક ઘાયલ કબૂતર લઈને આવ્યા. કબૂતર ઉપરથી નીચે પડીને ઘાયલ થયું હતું. એક દુકાનવાળાએ તેઓ આ તરફ આવતા હતા એટલે હોસ્પિટલમાં દાખલ કરાવવા આપ્યું હતું. ડૉક્ટરે કબૂતરને તપાસ્યા ને દવા આપ્યા પછી કહ્યું કે કમજોર થઈ ગયું છે. એટલે ઊડી શકાતું નથી. કબૂતરને 'ઇન્ડોર' પેશન્ટ તરીકે દાખલ કરાવી દાનપેટીમાં પાંચની નોટ નાંખી એક જીવ બચાવ્યાના સંતોષ સાથે તેઓ ચાલ્યા ગયા.

અમારી નજર સમક્ષ જ આવા ઘણા લોકો આવી ગયા. હોસ્પિટલમાં રોજનાં ૫૦થી ૬૦ દરદીઓ આવે છે. દિલ્હીના આ ચાંદનીચોક વિસ્તારમાં મુસ્લિમોની વસ્તી ઘણી છે અને તેઓ આવા પક્ષીઓ પાળે છે. તેમાં પણ કબૂતરોની સંખ્યા વિશેષ હોય છે તેથી હોસ્પિટલમાં પણ ૪૦૦૦ જેટલા કબૂતરો છે. જ્યારે કુલ પક્ષીઓ ૫૦૦૦ જેટલા છે. ૧૦૦૦ જેટલા માંદા 'પેશન્ટો' સારવાર હેઠળનાં બાદ કરતાં બાકીનાં બધા જનરલ વોર્ડના સારા થઈ ગયેલા પક્ષીઓ છે પણ અપંગ થઈ જવાથી ઊડી શકતા નથી અને હોસ્પિટલને જ હવે તેમણે ઘર માનવું પડે છે.

આ પક્ષીઓને દિલ્હીની કાતિલ ઠંડી ઠારી ન નાંખે એ માટે ૩૦થી વધુ હીટરો છે જે ઠંડીમાં હૂંફ આપે છે અને ગરમીમાં ઠંડક આપવા આઠ-દસ કુલરો છે જે બધા જ દાનમાં જુદી જુદી વ્યક્તિઓ દાતાઓ પાસેથી મળેલા છે.

મથુરા, મેરઠ મ્હરોલી પાસેથી આવેલા ત્રણ-ચાર મોર પણ છે. ૧૫થી ૨૦ વર્ષનું આયુષ્ય ધરાવતા મોરનો મુખ્ય ખોરાક મગનો છે. અડધો કીલો મગ દરરોજ હોસ્પિટલમાં પ્રત્યેક મોરને નાંખવામાં આવે છે. ૩-૪ મરઘાં પણ છે જે પક્ષીઓનાં દાણા ખાય છે. પોપટની સંખ્યા ૨૦ જેટલી હશે. મુરાદાબાદથી એક ભાઈ પોપટને અહીં સારવાર માટે લાવેલા તેને ટ્યુમર કેન્સર થયેલું અને ૪૦ વર્ષથી એના માલિક સાથે હતો પોપટની સરેરાશ ઉંમર ૧૦થી ૬૦ વર્ષ જેટલી છે. ૪૦ વર્ષના સંબંધે માલિકને પોપટ વચ્ચે અતૂટ સ્નેહ બંધાયો હતો. મીઠું મીઠું બોલતો આ પોપટ તેમણે હોસ્પિટલનાં ડૉક્ટરને સોંપ્યો ત્યારે બહુ રડ્યા હતા. ઓપરેશન દરમિયાન પોપટ મરી ગયો ત્યારે આ સજ્જનને અત્યંત દુઃખ થયું હતું.

આવા તો પક્ષીઓ સાથેનાં માનવીનાં લાગણીનાં સંબંધે ગૂંથાયેલાં અનેક બનાવો હોસ્પિટલનાં ઇતિહાસમાં બની ગયા છે. કબૂતરોની સંખ્યા મોટી હોઈ વધુ કબૂતરો રાખવા પોસાય તેમ ન હોવાથી નર ને માદા છૂટા રાખવા પડે છે પણ પછી જગ્યાના અભાવે માદાને ફેમિલી પ્લાનિંગની દવા આપવામાં આવે છે.

લાલમંદિર દિગંબર જૈન મંદિરની આ પક્ષીઓની હોસ્પિટલ ભારતભરમાં મોટી છે. મેરઠ, જામનગર, મુંબઈ, કે મદ્રાસમાં એકાદ ખંડમાં પક્ષીઓને સારવાર અપાતા કેન્દ્રો ઘણા ચલાવે છે. પણ આવી સુવિધાયુક્ત હોસ્પિટલ ખાસ કરીને પક્ષીઓ માટેની કયાંયે નથી. આના ૪૦૦ વોર્ડોમાં (પાંજરાઓ) ૫૦૦થી ૭૦૦ જેટલા પક્ષીઓ એક સાથે સારવાર લઈ શકે છે.

રોજનાં ૫૦ કિલો દાણા નાંખવામાં આવે છે. તેમાં બીમાર પક્ષીઓને તેમની બીમારી અનુસાર જુવાર, મકાઈ, ઘઉં ફળો વગેરે અપાય છે.

મોટા ભાગનાં પક્ષીઓ પાંખો તૂટવાથી કે પગ ભાંગવાથી અહીં દાખલ થાય છે. પક્ષીઓની મુખ્ય બીમારીમાં આંખો આવવી, પેટમાં કીડા થવા, મોઢામાં કપાસી થવી કે શરદી ખાંસી જેવી શિયાળાને ચોમાસાની બીમારી પણ છે. ગંભીર રોગો જેવા કે, કેન્સર, ટીબી, ગરદન વળી જવી, શ્વાસ રોગ વગેરેના પેશન્ટો પણ આવે છે. ૭૦ થી ૮૦ ટકા પક્ષીઓ પંખાની ઈજાથી આવે છે. પતંગની દોરી, આંધી, વીજળીનાં તારો, વગેરેનાં કારણે પણ બીમાર પડે છે કે ઘાયલ થાય છે. પાંજરામાં લાંબો સમય કેદ કરવાથી પણ પંખી બીમાર પડે છે.

અહીંના ડૉક્ટરે મને કહ્યું આ પક્ષીઓની સારવાર માટે અમે જે દવાઓ વાપરીએ છીએ તે જ દવાઓ નાના બાળકોના ઉપચારોમાં પણ ઉપયોગમાં લેવાય છે. એટલે કે બધી આધુનિક દવાઓ વપરાય છે. ગંભીર કિસ્સાઓમાં એન્ટીબાયોટિક દવાઓ પણ વપરાય છે. આંખોને લગતી બીમારીમાં ગુલાબજળને ગ્લીસરીનનો ઉપયોગ થાય છે. આ હોસ્પિટલમાં અત્યાર સુધી ૨૫ લાખ જેટલા પક્ષીઓ સારવાર લઈ ચૂક્યા હોવાનો અંદાજ છે. જેમાં મોર, તીતર, કબૂતર, કાગડા, મરઘા, પોપટ, ચકલીઓ વગેરેનો સમાવેશ થાય છે.

*મંગલ મંદિર, જૂન/જુલાઈ-૧૯૯૪*

*વાણીરૂપી આભૂષણ દિવ્ય અને ઉત્તમ પ્રકારનું છે. એ કદી વિલાતું કે ઘસાતું નથી.*

# ખબર કાઢવાનો રિવાજ હવે ફેરફાર માંગી રહ્યો છે

• વિક્રમ દલાલ •

કોઈ માંદું હોય ત્યારે ખબર કાઢવા જવાનો આપણે ત્યાં રિવાજ છે. બધા જ રિવાજોની માફક આ રિવાજ પાછળ પણ શુભ હેતુ છે. પણ અત્યારે જે રીતે ખબર કઢાય છે તે જોતાં તેનાથી મોટે ભાગે બંને પક્ષને ત્રાસ જ સહન કરવો પડતો હોય છે.

કોઈ વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હોય તો સગાં-વહાલાંઓના ધાડા ત્યાં પહોંચી જાય છે. તેમાંયે જો ઓપરેશન કરવાનું હોય તો તે સમયે હાજર રહેવાનું વળી ખાસ મહત્ત્વ ગણાય. દેખાતું ન હોય કે ટેકા વગર ચાલી પણ શકાતું ન હોય તેવા ડોસાં-ડગરાં પણ સગપણ કે વડીલના નાતે હાજર રહે અને તેમને સંભાળવા માટે પાછા બીજા એક-બે માણસો સાથે આવે. આવા અણસમજુઓથી ડૉક્ટરો પણ કેટલા ત્રાસે છે તે કોઈ પણ સર્જનને પૂછવાથી જાણી શકાય છે.

આપણી હાજરીથી દરદીને કે તેના કુટુંબીજનો ઉપર ભાર પડે નહીં તે રીતે ખબર કાઢવા જવું જોઈએ. મારા મિત્રને હૃદયરોગનો હુમલો થયો ત્યારે એકાદ અઠવાડિયું ધાડાનાં ધાડાં સમય-કસમયે ખબર કાઢવા માટે ઉમટ્યાં. બારણે આવેલાં અતિથિઓ સાથે ન છૂટકે મોઢું મલકાવીને તથા એકની એક વાત દરેકને સંભળાવીને કુટુંબીજનો પણ ત્રાસ્યાં. દરદીની તબિયતમાં સુધારો થયો ત્યારે પથારીમાં રોજ એક કલાક બેસવાની રજા મળી. તે વખતે તેમને સોબતની જ્યારે ખરેખર જરૂર હતી ત્યારે સાવ એકલા પડી ગયા, કારણ કે સૌ એક વખત આવી જઈને પોતાની હાજરી પુરાવી આવ્યા હતા !

કેટલીક વ્યક્તિઓ ખબર કાઢવા આવે ત્યારે પોતે જે બોલે તેની દરદી ઉપર કેવી અસર થશે તે વિષે બેદરકાર રહે છે. લાંબી માંદગીને લીધે મારા મિત્ર હોસ્પિટલમાં હતા ત્યારે તેમના પડોશી બહેન ઘણાં દિવસો સુધી દેખાયેલા નહીં. જ્યારે આવ્યાં ત્યારે પોતાનો બચાવ કરતા બોલ્યાં, 'ઘરની જંજાળ એટલી હોય છે કે બહાર નીકળાતું જ નથી. ફલાણાભાઈ માંદા હતા તે ઠેઠ મરી ગયા ત્યાં સુધી જઈ ન શકી એટલે મને થયું કે આજે તો ગમે તેમ કરીને તમારી ખબર કાઢી આવું!'

સામાજિક રિવાજો માનવીને મદદરૂપ થવા માટે હોવાં જોઈએ અને નહીં કે બંને પક્ષે ત્રાસ વેઠવા માટે. જૂના રિવાજોને વળગી રહેવાને બદલે દેશ અને કાળને અનુરૂપ નવા રિવાજો પાળવા જોઈએ. આ રહ્યાં તેનાં થોડા નમૂના :

(૧) ઓપરેશન દરમિયાન હોસ્પિટલમાં વૃદ્ધો અને બાળકોએ હાજર રહેવું જોઈએ નહીં.

(૨) ઓપરેશન હોય તો જેનું લોહી દરદીને અનુકૂળ આવતું હોય તેણે સામે ચાલીને પોતાનું લોહી આપવાની તૈયારી બતાવવી જોઈએ. ઓપરેશનના સમયે આવા એક-બે તંદુરસ્ત યુવાનો તથા પોતાનું વાહન, ખિસ્સામાં સોએક રૂપિયા અને બેબાકળા થઈ ન જાય તેવા સામાન્ય બુદ્ધિવાળા બે-ત્રણ યુવાનો સિવાય બીજાઓએ હાજર રહેવાનું ટાળવું જોઈએ.

(૩) મિત્ર કે સગાં ગરીબ હોય તો તેને ખાનગીમાં આર્થિક મદદ કરવી જોઈએ.

(૪) હોસ્પિટલ જતી વખતે વચમાં દરદીનું ઘર આવતું હોય તો તેના ઘરે થઈને જવું. જેથી ત્યાંથી કશું હોસ્પિટલમાં લઈ જવાનું હોય તો લઈ જઈ શકાય.

(૫) આપણી આગતા-સ્વાગતા માટે દરદીનાં કુટુંબીજનો ઉપર ભાર પડે તે યોગ્ય નથી તેથી દરદીના ઘરનું પાણી સુદ્ધાં પીવાય નહીં તેવો રિવાજ પાડવો જોઈએ. બહારગામથી આવેલાઓએ બને ત્યાં સુધી ઉતારો બીજે રાખવો જોઈએ.

(૬) દરદીને દુઃખાવો થયો હોય, અસુખ લાગતું હોય કે ઊંઘ આવતી હોય તેવે વખતે તેને મળવાનો આગ્રહ ન રાખવો.

(૭) ડૉક્ટર સિવાય અન્ય કોઈએ ઉપચાર અંગે પૂછપરછ કરવી જોઈએ નહીં.

(૮) ખબર કાઢવા જવાનો ઉત્તમ સમય સાંજે ૪ થી ૬નો ગણાય.

(૯) આપણને શરદી, ફ્લુ, કંજકટીવાઈટીસ કે હવા મારફત ફેલાતો કોઈ રોગ થયો હોય તો ખબર કાઢવા જવું જોઈએ નહીં.

(૧૦) દરદીના ખાટલામાં બેસાય નહીં, તથા બાળકોને લઈ જવાય નહીં.

(૧૧) રોગ વધી જવાથી બીજા કેવી રીતે રિબાઈને મરી ગયા તેની વાત કરવી નહી એટલું જ નહીં, પરંતુ બીજાઓ કરતા હોય તો વચ્ચે બોલીને પણ વિષયાંતર કરવું.

(૧૨) દરદી પ્રમાણમાં સ્વસ્થ હોય અને તેને સંપૂર્ણ આરામ લેવાનો હોય ત્યારે તેને સોબતની ખૂબ જ જરૂર હોય છે. આવા સમયે બને તેટલી વખત જવું જોઈએ.

(૧૩) કોઈના મૃત્યુ કે માંદગીના સમાચાર ન છૂટકે જ દરદીને આપવા. દરદીની સ્થિતિ ગંભીર હોય તો કોઈ પણ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬૪ ઉપર)**

*વાણીથી વિવેક અને સત્ય પ્રકટે છે.*

# વૃદ્ધાશ્રમો અનાથાશ્રમો નથી

• યશવંત દોશી •

વૃદ્ધાશ્રમો હોવા જોઈએ કે નહિ એની ચર્ચા કરવાને બદલે એ કેવા હોવા જોઈએ, કેવી રીતે ચાલવા જોઈએ એ વિચારણાની જરૂર છે. ધીમે ધીમે પણ વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે ત્યારે એના સંચાલનની માર્ગદર્શિકા, આચારસંહિતા રચાય એ પણ આવશ્યક છે. એવી કોઈ જાહેર વિચારણાને અભાવે જુદા જુદા સંચાલકો પોતપોતાની મતિ પ્રમાણે સારી-ખોટી વ્યવસ્થા અને પદ્ધતિ, સારા-ખોટા નિયમો રચવાના અને ક્યારેક વૃદ્ધોને માટે મુશ્કેલીઓ પેદા કરવાના. વૃદ્ધોને માટે સવગડ ઊભી કરવાનો હેતુ માર્યો જવાનો. એટલે અત્યારે તો વૃદ્ધાશ્રમો કેવી રીતે ચલાવવા એની જાહેર ચર્ચા વિચારણાનો અને એની સર્વસ્વીકૃત પ્રણાલિકાઓ ઊભી કરવાનો સમય છે.

આ સ્થળે એવી વિચારણાના એક અલ્પ અંશરૂપે એક બે વાત કહેવાનો હેતુ છે.

વૃદ્ધાશ્રમો કોઈ અનાથાશ્રમો નથી. એ વિદ્યાર્થીઓ માટેનું છાત્રાલય નથી. એ ગાંડાની હોસ્પિટલ નથી. એ જેલ નથી. થોડે ઘણે અંશે એની સરખામણી કોઈ સારી હોટેલ સાથે, સારા ગેસ્ટહાઉસ સાથે થઈ શકે. પેઈંગ ગેસ્ટની વ્યવસ્થા સાથે પણ થઈ શકે. ખરી રીતે તો આ બધાંયે કરતાં વૃદ્ધાશ્રમમાં જુદી જાતની સગવડો અપેક્ષિત છે. એટલે કોઈ પણ અન્ય સંસ્થા સાથે એની સરખામણી કરવી વાજબી નથી. પણ ઉપર જણાવેલી વ્યવસ્થાઓનાં કેટલાંક સારાં તત્ત્વો વૃદ્ધાશ્રમોને ઉપયોગી છે.

વૃદ્ધાશ્રમોમાં રહેવા આવનારાઓ સ્વેચ્છાએ પણ આવતા હશે. પરાણે અને નાછૂટકે લાચારીથી પણ આવતા હશે અને

વૈદ્ય, ડોક્ટર, વકીલ, પોલીસ, લશ્કર એ બધુંય સમાજના કલંકરૂપ છે. તેમ છતાં એમનું અસ્તિત્વ સમય અને સંજોગોની માંગ છે.

વૃદ્ધોના સ્વમાનને જરાપણ ધક્કો લગાડે તેવો વ્યવહાર ન થવો જોઈએ. **વૃદ્ધાશ્રમ એ ગાંડાની હોસ્પિટલ કે જેલ નહીં પણ એક સારા ગેસ્ટહાઉસ જેવા હોવા જોઈએ.**

વૃદ્ધાશ્રમો હોવા જોઈએ કે નહિ એ વિશે વર્તમાનપત્રોની કટારોમાં ઘણું લખાયું છે. વૃદ્ધાશ્રમોની હિમાયત પણ થઈ છે અને એનો વિરોધ પણ થયો છે. કેટલાક ચર્ચાપત્રીઓએ વૃદ્ધાશ્રમોને સમાજનું કલંક ગણાવ્યો છે. સમાજમાં વૃદ્ધો એવી રીતે સચવાવા જોઈએ કે વૃદ્ધાશ્રમોની જરૂર ન પડે - એવું એમનું મંતવ્ય છે. આ લોકો એવા આદર્શ સમાજની કલ્પના કરે છે કે એવો સમાજ જગતના કોઈ દેશમાં હોતો નથી.

વૃદ્ધો પ્રત્યે આદર રાખવો, ઘરમાં અને બહાર. એમને માટે બને તેટલી સગવડો ઊભી કરવી એ વાત સૌની સંમતિ પામી શકે તેવી છે. પણ સમયની ગતિને લીધે જે પરિસ્થિતિ નિર્માણ થાય છે તે પરિસ્થિતિ ટાળી શકાતી નથી. સામાજિક ઘડિયાળના કાંટા પાછળ મૂકી શકાતા નથી. સ્ત્રી-પુરુષ બંનેને નોકરી ધંધો કરવાની ફરજ પડે એવી અર્થ વ્યવસ્થા બદલી શકાય તેવું લાગતું નથી. કમાવા માટે પરદેશ જવાની હોંશ કયા જવાનોમાં નહિ હોય? એને ડામી શકાશે નહિ. ગામડાં છોડી શહેરો તરફ જવાની મનોવૃત્તિ પણ આધુનિક અર્થરચનાનું પરિણામ છે. નાનાં, વિભક્ત કુટુંબો જ આજની સામાજિક, આર્થિક વ્યવસ્થામાં ગોઠવાઈ શકે તેમ છે. મોટાં સંયુક્ત કુટુંબો, પરિણીત ભાઈઓ અને વૃદ્ધ મા-બાપ એક સાથે રહી શકે એ અપવાદરૂપ પરિસ્થિતિ બની ગઈ છે. એ અપવાદોની સંખ્યા પ્રતિદિન ઘટતી જાય છે.

આ જાતની સામાજિક પરિસ્થિતિ, રચના, વ્યવસ્થા, ગતિની માંગના જવાબમાં વૃદ્ધાશ્રમો ઊભા થઈ રહ્યા છે. એની સંખ્યા વધવી જોઈએ. જરૂરિયાતવાળા કોઈ પણ વૃદ્ધોને આશ્રમની સગવડથી વંચિત રહેવું ન પડે એવી સગવડ આપણા હાથની વાત છે. સમાજ કામની અને નકામી સગવડો પાછળ એટલો ખર્ચ કરે છે કે વૃદ્ધાશ્રમો પાછળ કરવો જોઈતો ખર્ચ તો તેની સરખામણીમાં મામૂલી ગણાય.

વૃદ્ધાશ્રમોને સમાજનું કલંક માનનારાઓ તો બીજી અનેક સગવડતાઓ અને વ્યવસ્થાતંત્રોને સમાજનું કલંક કહી શકે. ઈસ્પિતાલો કંઈ આદર્શ સમાજનું ચિહ્ન નથી. આપણા આરોગ્યને એવી રીતે જાળવવું જોઈએ કે દવાખાનાં અને હોસ્પિટલો જોઈએ જ નહિ. એ રીતે જોઈએ તો વૈદ્ય, ડોક્ટર, વકીલ, પોલીસ, લશ્કર એ બધુંય સમાજના કલંકરૂપ છે. તેમ છતાં એમનું અસ્તિત્વ સમય અને સંજોગોની માંગ છે. એ બધાને દૂર કરીને ચલાવી શકાય એવા સમાજનું નિર્માણ આપણે કરી શક્યા નથી.

સમાજને સુધારવાના પ્રયત્નો ચાલતા હોય તો ભલે ચાલે. સમયના તકાદા સામે એ સફળ થાય એવો બહુ સંભવ નથી. પણ એવો કોઈક કાલ્પનિક સમાજ નક્કરરૂપ પામે ત્યાં સુધી વૃદ્ધોને સગવડભર્યું જીવન જીવવા દેવા માટે આશ્રમો ઊભા કરવા એ એક સારો રસ્તો છે.

*વહેમી નહીં શ્રદ્ધાવાન બનો, આત્મવિશ્વાસ વધશે.*

પોતાની ઈચ્છા વિરુદ્ધ ઘરમાંથી લગભગ હાંકી કઢાયેલી સ્થિતિમાં પુત્રો-પુત્રવધૂઓના દબાણથી પણ આવતા હશે. એમાં પૈસાના અભાવે આવતા ગરીબ વૃદ્ધો પણ હશે અને પોતાની પાસે કે પુત્રો પાસે પૂરતા પૈસા હોવા છતાં કુટુંબની અગવડને લીધે જેમને વૃદ્ધાશ્રમમાં રહેવા જવું પડે એવા પણ હશે. જીવનભર સારી આવક સાથે નોકરી - ધંધો કર્યા પછી નિવૃત્ત જીવન વિતાવતા વૃદ્ધાશ્રમમાં રહેવાની પણ ઘણાને જરૂર પડતી હશે. તેઓ આશ્રમને પૂરી ફી આપે છે અને કેટલીક સગવડોની અપેક્ષા રાખે છે.

વૃદ્ધાશ્રમોની માર્ગદર્શિકા કે સંહિતામાં તેના મકાનને લગતી, મકાનની કેટલીક સગવડોને લગતી સૂચનાઓ પણ હોવી જોઈએ. એનાં બારણાં બારીઓ, તે ઉઘાડવાસ કરવાની વ્યવસ્થા, એની ફરસબંધી, ચડઊતરની સગવડ, ફર્નિચર, વસ્તુ લેવા મૂકવાનાં સાધનો, રૂમમાં કે બાથરૂમમાં પડી ન જવાય તે માટે પકડવાનાં સાધન એવી અનેક આવશ્યક બાબત વિશે નિષ્ણાતો સૂચનો કરી શકે. આ બધી સગવડો નવા બાંધેલા મકાનમાં જ થઈ શકે એવું નથી. જૂના મકાનમાં પણ થોડાઘણા સુધારા-વધારાથી આ સગવડો ઊભી કરી શકાય.

વૃદ્ધાશ્રમોમાં કેવા નિયમો હોવા જોઈએ? આચારસંહિતાએ એમ સૂચવવું જોઈએ કે વૃદ્ધાશ્રમોમાં નિયમો ઓછામાં ઓછા હોય. સાચું કહીએ તો ત્યાં કોઈ નિયમોની જરૂર જ નથી. ફક્ત સમૂહમાં રહેવા માટે એટલું ધ્યાનમાં રાખવું પડે કે આપણા કોઈ કાર્યથી બીજા કોઈને હરકત ન થાય. આ સિવાય બીજો કોઈ નિયમ જરૂરી નથી. નિયમ બંધન છે, જ્યારે જરૂર મુક્તિની, છૂટની છે. આ છાત્રાલય નથી. અહીં કોઈને સુધારવાના નથી. કોઈની ટેવો છોડાવવાની કે નવી ટેવો પડાવવાની નથી. કોઈને કંઈ શીખવવાનું નથી. પડેલી ટેવો, ઊભી થયેલી વ્યક્તિગત જરૂરિયાતો વગેરેને મોકળાશ આપવાની છે. કેટલા વાગ્યે ઊઠવું, ક્યારે નાહવું, ક્યારે જમવું એ વિશે શક્ય એટલી છૂટ હોય. કોઈ પ્રાર્થના, સેવાપૂજા, સભા, મિલનમાં હાજરી આપવાની ફરજ ન પડાય.

વૃદ્ધાશ્રમનું ધ્યેય માણસને ધાર્મિક બનાવી દેવાનું નથી. એને સગવડભરી રીતે જીવવાનું સ્થાન પૂરું પાડવાનું ધ્યેય છે. એ બહાર જઈ શકે, કામકાજ કે વ્યવસાય કરી શકે, વૃદ્ધાશ્રમના કામકાજમાં મદદગાર થઈ શકે એવી છૂટ હોવી જોઈએ. ટૂંકમાં એક સ્વતંત્ર નાગરિક પોતાની રીતે જીવવા માંગતો હોય તે સ્વીકારીને તેને માટે સામૂહિક જીવન માટે અનિવાર્ય હોય એ જ નિયમો કરવા જોઈએ. જેટલા નિયમો ઓછા તેટલી સંસ્થા સારી.

વૃદ્ધાશ્રમ અનાથાશ્રમ નથી. એટલે દયાળુ લોકો ત્યાંના નિવાસીઓને ખાવાપીવાની કે અન્ય ચીજો વહેંચવા આવે તેમ ન થવા દેવાય. સંસ્થાની ખોટ પૂરવા દાન લેવાય તે ભલે, પણ વૃદ્ધોના સ્વમાનને જરાપણ ધક્કો લગાડે તેવો વ્યવહાર સંપૂર્ણપણે પ્રતિબંધિત હોય.

***મંગલ મંદિર, એપ્રિલ ૧૯૯૭***

## ખબર કાઢવાનો રિવાજ હવે ફેરફાર માંગી રહ્યો છે

**(અનુસંધાન : પાના નં.-૧૬૨ ઉપરથી ચાલુ)**

સંજોગોમાં ન આપવા.

(૧૪) ફૂલો લઈ જવાની ફેશન ખોટી છે. કેટલીક વ્યક્તિઓને સુવાસની એલર્જી હોય છે. વળી ફૂલોની સાથે કેટલાક બેક્ટેરિયા પણ આવે તેવી શક્યતા રહેલી છે.

(૧૫) દરદી સાથે અબોલા હોય તેવી વ્યક્તિઓએ પોતાની 'ઉદારતા' બતાવવા ખબર કાઢવા જવું ન જોઈએ, સિવાય કે દરદીએ પોતે તેવી ઈચ્છા વ્યક્ત કરી હોય.

(૧૬) દરદીની રુચિને ખ્યાલમાં રાખીને જ બીજાઓ સાથે વાત કરવી જોઈએ. કવિ આગળ શેરબજારની વાતો ન કરાય.

(૧૭) માંદગીની શરૂઆતના દિવસોમાં દરદીને ઘેર શક્ય હોય ત્યાં સુધી ટેલિફોન કરવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને રાતના ૧૦થી સવારના ૧૦ સુધી તો કદી નહીં.

(૧૮) દૂર સુધી ખબર કાઢવા જવાને બદલે સરસ પત્ર દ્વારા આપણી લાગણીઓ વ્યક્ત કરવામાં બંને પક્ષે રાહત રહે છે.

(૧૯) વિભક્ત અને નાના કુટુંબમાં પતિ કે પત્નીની ગંભીર માંદગી વખતે રાંધવાની પણ મુશ્કેલી થાય છે તેથી શક્ય હોય તો સૂકો નાસ્તો લઈ જવો જો લાંબા સમય માટે રાખી ના શકાય તેવી વાનગી આપણે ત્યાં થવાની હોય અગોતરી ખબર આપી લઈ જવી.

***મંગલ મંદિર, ઓક્ટો./નવેમ્બર-૧૯૯૪***

## મા-બાપ થતા પહેલાં

**(અનુસંધાન : પાના નં.-૧૫૮ ઉપરથી ચાલુ)**

રાખો. તમે બાળકનાં ઘડનાર છો એમ કદીપણ માનશો નહિ. તમે કહો તેમ બાળક ચાલે એમ પણ ન હોવું જોઈએ. હું માનું છું કે જે બાળકને ઘડવાની વાત કરે છે તે ગુનેગાર છે, માનવજાતનો મોટો દુશ્મન છે.

નાનાં બાળકોમાં ને મોટાં માણસોમાં માત્ર શરીરની લંબાઈ-પહોળાઈ સિવાય બીજો ફેર નથી. એનામાં સંપૂર્ણ શક્તિ છે. પોતાનું નિશાન-દિશા જાણે છે, એની આડે આવતા ના ! ને આડા આવવાનો વિચાર હોય. બાળકથી વિરોધી વાતો કરવી હોય તો મારી સલાહ છે કે પરણતા નહિ, તમારે જો સાચો પ્રેમયજ્ઞ કરવો હોય, પશુ કરતા માનવી વિશેષ છે. એ સત્ય સિદ્ધ કરવું હોય, તો બાળકોને તમારા મંતવ્યોમાંથી મુક્ત રાખજો. મતાગ્રહ રાખશો નહિ. તમે ન્યાય, જાત ધર્મ કે બીજું જે કંઈ માનતા હો તે જ માનવાનું તેના પર દબાણ કરતા નહિં.

આજકાલ તો બાપાઓ છોકરાને શું થવું તે જાણે ડિકટેઈટ કરાવે છે. મારો છોકરો વકીલ થાય, આઈ.સી.એસ. થાય. એમ માની એ માર્ગે તેને દોરવામાં ગર્વ લે છે. તમે જ્યારે મા-બાપ થાઓ ત્યારે તમે ધણી ધણિયાણી નિરાંતે બેસી વાતો કરજો કે છોકરાને જે થવું હોય તે થાય એની મરજી હોય તે ભલે કરે. જગતને સ્વતંત્ર થવું હોય તો આપણા મતાગ્રહની ચુંગાલમાંથી છોકરાને મુક્ત રાખવા જોઈએ.

***મંગલમંદિર, માર્ચ-૧૯૯૨***

*જેણે આંખમાંથી કદી કોઈને માટે આંસુ સાર્યા નથી એવા માણસોથી દૂર રહો.*

# કુટુંબમાં શિષ્ટાચાર

• ઇંદુમતી પંડ્યા •

શિષ્ટાચાર એ વ્યક્તિના દર્પણ જેવો છે. વ્યક્તિનાં વાણી-વર્તન પરથી જ એના કુટુંબ વિશેનો આછો ખ્યાલ આવી જાય છે. માણસ ગમે તેટલું શિક્ષણ પામ્યો હોય, સમૃદ્ધિવાળો હોય પણ શિષ્ટાચાર વિના વ્યર્થ છે. બોલવા-ચાલવામાં કે બેસવા-ઊઠવામાં બેડોળ વર્તણૂક કરવાની ટેવ કે વિચિત્ર વર્તન, અશિષ્ટ વાણી એ તેનામાં શિષ્ટાચારની ખામી ગણાય છે.

શિષ્ટાચારનું શિક્ષણ તો કુટુંબમાંથી જ શરૂ થાય છે. બાળક નાનું હોય ત્યારથી જ એને બીજા સાથે કેમ બોલવું, કેમ વર્તવું એ શીખવવામાં આવે છે. જોકે બાળક એ કુમળા છોડ જેવું છે. એ જેવું જુએ છે, જેવું અનુભવે છે, એવું જ બોલશે, વર્તશે. કેમ કે એનું માનસ જલદી ગ્રહણ કરશે. માતા-પિતા સભ્યતાથી બોલતાં હોય, કુટુંબના સભ્યો એકબીજા સાથે વિવેક-મર્યાદા જાળવતા હોય તો બાળક પણ એવું જ બનશે.

પરંતુ માતાપિતા કે કુટુંબીજનો જ અશિષ્ટ વાણીથી એકબીજા પર પ્રહાર કરે, અપશબ્દોનો ઉપયોગ કરે તો બાળક પાસે બીજી શી અપેક્ષા રખાય? **માતા-પિતા બાળકને શિખામણ આપે કે જૂઠું ન બોલાય પણ વાતવાતમાં તેઓ જ જૂઠનો આશરો લે પછી બાળક પર એ વાતનું શું વજન પડે?**

ઘણા લોકો પોતે બીજાથી અલગ છે એવો ઘમંડ રાખે છે. તો કેટલાક બીજાની મજાક-મશ્કરી માટે બાળક પાસે એની નકલ કરાવીને મનોરંજન માણે છે. આવું આચરણ જ્યારે બીજાની હાજરીમાં બાળક કરે ત્યારે કેવું વિચિત્ર લાગે!

છતાંય શિષ્ટાચારની ભાવના હજી આપણાં ભારતીય કુટુંબોમાં જળવાઈ રહી છે એ સારી વાત છે. સમયના વહેણ સાથે થોડો બદલાવ જરૂર આવ્યો છે. આપણે કેટલાંક ઉદાહરણો જોઈએ.

★

નિશાના પતિ સરકારી અધિકારી. એમની બદલી અજાણ્યા શહેરમાં થયેલી. નિશા શાકભાજી ખરીદતી હતી. ત્યારે એની બચપણની સહેલી માયા અચાનક મળી. નિશાએ માયાને ઘરે આવવાનું આમંત્રણ આપ્યું. શનિવારે બપોર પછી માયા બાળકોને લઈને એની સહેલીને મળવા ગઈ.

ઘણાં વર્ષે બંને સહેલી મળી હતી. આથી નિશાએ પોતાનાં બન્ને બાળકોની સાથે નીરવ - કોમલ (માયાનાં બાળકો)ને નાસ્તો આપ્યો, રમકડાં આપ્યાં અને નિરાંતે હીંચકા પર બંને બેઠી. નિશા પ્રથમથી જ સુઘડ હતી. ઘરને સ્વચ્છ અને સજાવટભર્યું રાખે. એનાં બાળકો પણ એવાં જ વ્યવસ્થિત. પોતાની દરેક ચીજો યથાયોગ્ય જગ્યાએ મૂકે. શાંતિથી રમ્યા કરે, જરાય અવાજ સંભળાય નહિ.

જ્યારે માયાનાં બાળકો તો આખા ઘરમાં ધમાચકડી મચાવીને દરેક ચીજો આમ તેમ ઉછાળતાં હતાં. માયા ઠંડે કલેજે બેઠી હતી. બાળકોને તોફાન કરતાં જરાયે રોકતી ન હતી. સાંજે જમવા બેઠાં ત્યારે બાળકોએ કેટલીય ચીજો એંઠી મૂકીને પ્લેટોનો કચ્ચરઘાણ વાળી દીધો. શોકેસમાંથી રમકડાં કાઢીને રમવા માંડ્યાં.

માયા કાંઈ બોલતી ન હતી. નિશાએ માયાના ગયા બાદ ઘરની દશા જોઈને નિશ્વાસ નાંખ્યો.

★

સરિતા બીમાર હતી. ત્યારે એની માસીની દીકરી બહારગામથી ખબર પૂછવા આવી. સરિતાની દીકરી શેફાલી કોલેજથી આવીને સીધી એના રૂમમાં ચાલી ગઈ. કોઈને આવકાર આપે નહિ. એને સગાંસંબંધી પ્રત્યે સખત અણગમો. બીજે દિવસે સવારે શેફાલીએ સરિતાને કહ્યું : ‘આ તારા સગલા ક્યારે જવાના છે? તારી ખબર પૂછી લીધી હોય તો કહે હવે વિદાય થાય.’

સરિતાએ ધીમેથી કહ્યું : ‘જરા ધીમેથી બોલ, કોઈ સાંભળશે તો કેવું લાગશે?’

શેફાલીએ પગ પછાડતાં કહ્યું : ‘મારે કોઈની પરવા નથી.’

★

માલતીના દીકરા વિશાલનાં પસંદગી મુજબનાં લગ્ન થયાં ત્યારે સૌ કોઈ વહુની સુંદરતાનાં વખાણ કરતા હતા. પરંતુ થોડા સમયમાં જ માલતીનો ભ્રમ ભાંગી ગયો. રોજ એક જ ટેબલ પર બધાં ચા-નાસ્તો કરતાં ધીમેથી વાતો કરતાં. જ્યારે વિશાલની પત્ની નિરાલી તો મોડી-મોડી ઊઠે. સાસુને પગે લાગવાનું એક તરફ રહ્યું પણ ખપ પૂરતી જ વાત કરે. વિશાલ ઓફિસે જાય પછી બેડરૂમમાં જ ભરાઈ રહે. મહેમાન આવે ત્યારેય વિવેક ખાતર પણ મળવા આવે નહિ.

એકવાર માલતીની એક સહેલી મળવા આવી. લગ્ન વખતે આવી શકી ન હતી. જેથી ટાઈમ લઈને વહુને ભેટ આપવા આવી. પણ નિરાલી તો તૈયાર થઈને બહાર નીકળતી

*સંકટ સમયે જ્ઞાનનો ઉપયોગ યોગ્ય માર્ગ કાઢી આપે છે.*

# તરુણ-તરુણીઓએ અપનાવવા જેવી પાંચ બાબતો

● બેલા ઠાકર ●

આપણે જેને 'તરુણાવસ્થા' કહીએ છીએ, તે પશ્ચિમના દેશોમાં 'ટીન એજ' (થર્ટીન ટુ નાઈન્ટીન યર્સ) તરીકે ઓળખાય છે. 'ટીન એજ' એ જિંદગીનો એક ખૂબ સુંદર અને મહત્ત્વનો તબક્કો છે. આ અવસ્થામાં દરેકને એમ લાગે છે કે દુનિયા આપણી મુઠ્ઠીમાં છે! આ ઉંમરે શરીર ચુસ્ત હોય છે અને મન ઉમંગી હોય છે. રંગબેરંગી કલ્પનામાં રાચવાની આ ઉંમર છે, પણ આ જ ઉંમરે ભાવિ જિંદગીનો પાયો પણ નંખાઈ જતો હોય છે. આમ તો તરુણાવસ્થાનો તબક્કો પાંચ-છ વર્ષ જેટલો લાંબો હોય છે. તેમ છતાં આ વર્ષો આંખ મીંચીને ખોલીએ તેટલી ઝડપથી પસાર થઈ જતાં હોય છે અને વ્યક્તિને તેની જાણ સુધ્ધાં નથી થતી. જો આ વર્ષોનો મહત્તમ ઉપયોગ કરી લેવામાં આવે તો પછીની જિંદગી સુખદાયક અને સફળતાભરી બની શકે અને જો તેને નિરર્થક જ વેડફી દેવામાં આવે તો તેનાથી થતું નુકસાન જિંદગીનાં બાકીનાં વર્ષો પણ ભાગ્યે જ ભરપાઈ કરી શકશે. માટે આ ઉંમરે દરેક તરુણ-તરુણીએ થોડી બાબતો પર ધ્યાન આપવું ખૂબ જરૂરી છે.

- **આ ઉંમર સપનાં જોવાની સાથે ભાવિ વિશે વિચારવાની પણ છેઃ**

એ વાત સાચી છે કે આ ઉંમરે હરવું-ફરવું અને મોજમજા કરવાં સહુથી વધુ ગમે છે, પણ એ પણ યાદ રાખવું જોઈએ કે કારકિર્દીનાં બીજ આ ઉંમરે જ વવાય છે. આ ઉંમરે વધુ પ્રાધાન્ય તો અભ્યાસને જ આપવું જોઈએ. આમ પણ અભ્યાસ માટે તરુણાવસ્થાનાં તાજગીસભર વર્ષો એ આદર્શ અને ઉત્તમ વર્ષો છે. આ ઉંમરે કલ્પના, બુદ્ધિ, યાદશક્તિ વગેરે મહત્તમ વિકાસના તબક્કામાં હોય છે. જે વ્યક્તિઓએ જિંદગીમાં ઘણી મોટી સફળતા મેળવી છે, તેમણે મહેનત કરવાની શરૂઆત ઘણી નાની ઉંમરેથી જ કરી દીધી હોય છે. તમે પણ અભ્યાસ માટે દરરોજના ચોક્કસ કલાકો નિયત કરી લો, જેથી મિત્રો સાથે હરવા-ફરવા માટે, નવરાત્રિમાં ગરબે ઘૂમવા માટે કે શોખની અન્ય પ્રવૃત્તિ માટે સમય ફાળવી શકાય અને એને માટે અભ્યાસનો ભોગ ન આપવો પડે. **તમે ગમે તેટલા હોશિયાર હશો, પણ જો અભ્યાસમાં નિયમિત નહીં હો તો પરીક્ષામાં સારો દેખાવ નહીં કરી શકો.** પદ્ધતિસરનો, નિયમિત અભ્યાસ આ ઉંમરે ખૂબ જ જરૂરી છે. હરવા-ફરવા ને મોજશોખ કરવા માટે તો આખી જિંદગી પડી છે.

- **મિત્રોની પસંદગી સાવચેતીપૂર્વક કરો :**

આ ઉંમરે મિત્રોની સોબત સહુથી વધુ ગમતી હોય છે અને અનેક વ્યક્તિઓ સાથે મિત્રતા પણ ઘણી જલદી બંધાઈ જતી હોય છે. કારણ કે આ ઉંમરમાં ભેગા થઈને હરવું-ફરવું, મોજમસ્તી કરવી એ જ મિત્રતા બાંધવા પાછળનો ઉદ્દેશ હોય છે. **પરંતુ મિત્રોની પસંદગીમાં સાવધાન રહેવું ખૂબ જરૂરી છે.** તમને તમારા અભ્યાસમાંથી ઉદ્દેશમાંથી ચલિત કરી દે તેવા મિત્રોથી દૂર રહો. સંગ તેવો રંગ તે કહેવત હંમેશાં યાદ રાખો. જે ફક્ત પૈસા ઉડાડવામાં, મોજમસ્તી કરવામાં અને ભેગાં થઈને ટોળટપ્પાં કરવામાં જ માનતા હોય તેમની મિત્રતા ન કરો. તમને અભ્યાસમાં સહાયરૂપ બને, તેમને જીવનમાં કોઈ ઉદ્દેશ કે લક્ષ હોય અને તમારા દુઃખમાં જેઓ ભાગીદાર બનવાની ક્ષમતા ધરાવતા હોય તેવા લોકોની મિત્રતા કરો. આવા લોકોની મિત્રતા જીવનભર ટકી રહેશે અને આજીવન તેઓ તમારી સાથે રહેશે. તમને જેનો શોખ હોય તેવો શોખ ધરાવતા અન્ય લોકોની મિત્રતા પણ તમને આનંદ આપશે.

- **સારી આદતો કેળવો અને ખરાબ આદતોથી બચો :**

નાની ઉંમરથી આપણી જે આદતો ઘડાય છે તે લગભગ આજીવન આપણી સાથે જડાયેલી રહે છે. સારી ટેવો જીવનને સુગ્રથિત અને શિસ્તબદ્ધ બનાવે છે, જ્યારે ખરાબ ટેવો જીવનને વિનાશને પંથે દોરી જઈ શકે છે. માટે **આ ઉંમરથી જ સારી ટેવો પાડવાની કોશિશ કરવી જોઈએ.** સાવ નાની જણાતી બાબતો જેમ કે સવારે વહેલા ઊઠવું, નિયત સમયે ન્હાવું, ખાવું, અભ્યાસ કરવો, કપડાં, પુસ્તકો, શૂઝ વગેરે વ્યવસ્થિત રીતે રાખવા અને જાળવવા વગેરે બાબતો પણ આગળ જતાં જીવનમાં તમને ઘણી ઉપયોગી નીવડશે. આનાથી જીવનમાં નિયમિતતા, શિસ્ત અને વ્યવસ્થિતતા આવશે. આગળ જતાં આવી શિસ્ત અને વ્યવસ્થિતતા જીવનનાં અન્ય મોટાં કાર્યોમાં તમને ઘણી લાભદાયી બનશે.

આ ઉંમરે નિયમિત કસરત કરવાની ટેવ અવશ્ય પાડવી જોઈએ, કારણ કે **શરીરને કસરતની આદત પાડવા માટે તરુણાવસ્થા એ ઉત્તમ અને મહત્તમ લાભદાયી સમય છે.** આ ઉંમરે શરીર સ્ફૂર્તિલું હોય છે અને સ્નાયુઓ ઘણા સ્થિતિસ્થાપક હોય છે એટલે કસરત કરવી આસાન થઈ પડે છે અને કસરતની નિયમિત ટેવ પડે તો સ્નાયુઓ મોટી ઉંમરે પણ સ્થિતિસ્થાપક અને લચીલાં રહી શકે છે. દોડવું, ચાલવું, સાઈકલિંગ કરવું, સ્વિમિંગ કરવું, નૃત્ય કરવું, દોરડાં કૂદવાં - આમાંથી કોઈપણ પ્રકારની, તમને ગમે તે ઍરોબિક કસરતો ઓછામાં ઓછા અઠવાડિયાના ચાર દિવસ અવશ્ય કરો. બને તો યોગાસનો પણ કરો. આ ઉંમરે પાડેલી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭૪ ઉપર)**

*પ્રભુ છે અને સર્વત્ર છે, આ તથ્ય આપણે બોલીએ તો છીએ પણ આપણું આચરણ એવું છે કે જાણે પ્રભુ ક્યાંય નથી.*

શારીરિક કસરતની ટેવ તમને ખૂબ ફાયદેમંદ સિદ્ધ થશે અને તમને આગળ ઉપર થતી બ્લડપ્રેશર, હૃદયરોગ અને સાંધાની તકલીફોથી બચાવશે. એટલું જ નહિ, લાંબા સમય સુધી તમને ચુસ્ત અને યુવા રાખશે.

આ ઉંમરે સિગારેટ, ડ્રગ્સ કે આલ્કાહોલમાં ફસાવાની શક્યતા ઘણી રહે છે અને ખાસ કરીને મિત્રો દ્વારા જ આવી આદતો પડતી હોય છે. આજકાલ સ્મોકિંગ કરવું કે ડ્રિંક્સ લેવું એ મોડર્ન સોસાયટીનું લક્ષણ ગણાય છે, ફેશન ગણાય છે, પણ માનવી આવી કોઈ બાબતોથી નહીં, બલકે તેના વિચારો અને અભિગમો થકી જ આધુનિક બને છે. તમારા મિત્રો તમને સિગારેટના કસ મારવા કે ડ્રિંક્સ લેવા આગ્રહ કરે તો તેમને ઘસીને ના પાડી દો. આને લીધે ઘણા તમારી ઠેકડી પણ ઉડાવશે, બોચિયો, વેદિયો કે જુનવાણી કહીને મજાક કરશે, પણ તમે મક્કમ રહો. ઘણીવાર મિત્રો કહેતા હોય છે કે એકાદ સિગારેટ પીવામાં કે એકાદ વખત ડ્રિંક્સ લેવામાં કશું બગડી નહીં જાય. પરંતુ ભૂલેચૂકે પણ તેમની વાત માનશો નહીં. એકાદ વખતની વાત ક્યારે ટેવરૂપ બની ગઈ તેની તમને ખબર નહીં પડે. ગમે તેટલા ટેન્શન કે સ્ટ્રેસમાં પણ આ ત્રણ ચીજોથી દૂર રહેજો, કારણ કે તાણ કે ચિંતા આ ત્રણ ચીજો દ્વારા કદાપિ દૂર થતી નથી, ઊલટાનું તમારી વિચારશક્તિને તે મંદ કરી દે છે.

● **પૈસાનો આદર કરતાં શીખો :**

નાનપણમાં પૈસાની કિંમત કે મૂલ્ય ના સમજાય તે બરાબર છે, પણ આ ઉંમરે પૈસાની કદર કરતાં શીખવું જોઈએ. સામાન્ય રીતે મા-બાપ સંતાનોની મોટાભાગની ઇચ્છાઓ પૂરી કરતાં હોય છે અને તેમના શિક્ષણથી માંડી, કપડાંલત્તાં અને મોજશોખનો ખર્ચ ઉઠાવતાં હોય છે એટલે સંતાનોને પૈસાની કિંમત સમજાતી નથી, પરંતુ તરુણાવસ્થામાં એટલી સમજ તો આવવી જ જોઈએ કે મા-બાપ જે પૈસા કમાય છે, જે પૈસા તેની પાછળ ખર્ચે છે તે આકરી મહેનત અને પસીનો પાડ્યા પછી તેમની પાસે આવે છે. મા-બાપની પરસેવાની કમાણી ખોટી રીતે ના વેડફાય તેનું ધ્યાન રાખવું જોઈએ. આનો અર્થ એવો નથી કે મિત્રો સાથે હરવાફરવા ન જવું કે બહાર ખાણીપીણીમાં પૈસા ન વાપરવા. પરંતુ તમને જે પૉકેટમની મળે તેમાંથી જરૂર જેટલો જ ખર્ચો કરો. બને તો થોડુંક બચાવો અને મા-બાપના ગજા બહારની હોય તેવી મોંઘી વસ્તુની કે ખર્ચાળ બાબતની માંગણી તેમની પાસે ન કરો. જો મા-બાપની આર્થિક સ્થિતિ મધ્યમ હોય તો તમે અભ્યાસ સિવાયના ફાજલ સમયમાં થોડી-ઘણી પ્રવૃત્તિ કરી તેમને મદદરૂપ બની શકો છો. જેમકે સવારે છાપાં નાખવા જવું, શનિ-રવિમાં નાનાં બાળકોને ટ્યુશન આપવું વગેરે. આવી પ્રવૃત્તિથી તમારાં માતા-પિતાને તો તમે ટેકારૂપ બનશો જ, પણ તમારા ખુદના આત્મવિશ્વાસ અને આત્મ-સન્માનમાં પણ વધારો થશે.

● **સામાજિક કૌશલ્ય કેળવો :**

તરુણોને સામાન્ય રીતે મોટાં લોકો સાથે ભળવું નથી ગમતું. ભીડવાળા પ્રસંગોએ કે સામાજિક મેળાવડાંઓમાં કાં તો તેઓ અળગાં કે અતડાં રહે છે, કાં તો ભીરુતા અને શરમાળપણું અનુભવે છે. પરંતુ આ જાતની અલિપ્તતા બરાબર નથી. મોટાંઓ પાસેથી ઘણું શીખવાનું હોય છે. સમાજમાં નાનાં-મોટાં સહુએ સાથે મળીને રહેવાનું છે અને વાતચીતો પણ કરવાની છે. મોટાંઓ સાથે નમ્રતા અને વિવેકથી વાત કરશો તો તમારા વ્યક્તિત્વને રુચિકર બનાવશે. તરુણો મોટેભાગે લઘુતાગ્રંથિથી અથવા ગુરુતાગ્રંથિથી પીડાતા હોય છે. બંનેમાંથી એકે યોગ્ય નથી. તમારી જાતને અન્યથી નીચી કે ઊંચી સમજવાની જરૂર નથી. જાત પ્રત્યે અને અન્યો પ્રત્યે તંદુરસ્ત અભિગમ અપનાવો જેથી લઘુતા કે ગુરુતાગ્રંથિથી પીડાવું ન પડે.

સદા પ્રસન્ન અને મિત્રતાભર્યો વ્યવહાર રાખો અને અન્યોની સોબત માણતાં શીખો. બને તો કોઈ સામાજિક સંસ્થા કે યુથ ક્લબના સભ્ય બનો, જેનાથી તમને જીવનનાં વિવિધ પાસાંઓનો અનુભવ થશે. ટ્રેકિંગ, નેચર ટુર, યુથ કેમ્પ વગેરેમાં ભાગ લો. આનાથી તમને સાહસનો, કુદરતનો, જીવનનો અનુભવ મળશે, માનવ સ્વભાવ અને માનવવર્તન તથા તેની ખાસિયતોને જાણવા મળશે અને આ બધું જ તમારા જીવનઘડતરમાં તમને ઘણું મદદરૂપ થશે. જીવન પ્રત્યેનો તમારો દૃષ્ટિકોણ વિશાળ બનશે અને જીવનને તેની પૂરી અખિલાઈમાં તમે જોઈ શકશો, સમજી શકશો, માણી શકશો.

*મંગલ મંદિર, મે-૨૦૦૨*

---

## કોમન સિવિલ કોડનો સત્વરે અમલ

**(અનુસંધાન : પાના નં.-૧૬૮ ઉપરથી ચાલુ)**

ભારતની આઝાદીના સમયે એટલે કે આજથી ૫૦ વર્ષ અગાઉ મુસ્લિમ વસ્તી એક કરોડની હતી કે જે હવે ૧૩ કરોડની છે અને તે મુસ્લિમ સમાજના પ્રમાણમાં વધે તો આજે ૫ અબજ ૨૦ કરોડની હોવી જોઈએ. પરંતુ તે પ્રમાણે ન હોતાં તે માત્ર એક અબજની જ રહેવા પામેલ છે. આવતાં ૫૦ વર્ષો પછી ઉપરોક્ત પ્રમાણમાં વસ્તી વધારાની રૂએ ભારતમાં મુસ્લિમ વસ્તી બહુમતીમાં હશે અને હિંદુ લઘુમતીમાં.

આપણે સિકંદર, ચંગીઝખાન કે મહંમદ ગીઝનીને હજુ ભૂલ્યા નથી. એ ઇતિહાસ આપણી સમક્ષ તરોતાજો રહે છે. કોણ કહી શકે તેમ છે ભારતમાં જ્યારે હિંદુઓ લઘુમતીમાં હશે ત્યારે મુસ્લિમો અગાઉની માફક અત્યાચાર નહીં કરે? સમગ્ર પ્રશ્ને આપણે આ પરિપ્રેક્ષ્યમાં રહીને દૃષ્ટિપાત કરવો જોઈએ. આ પ્રશ્નનો ઈલાજ માત્ર એક જ છે. 'કોમન સિવિલ કોડ'ના ધારાનો વહેલી તકે અમલ કરવો ખૂબ જ જરૂરી બની રહે છે.

ગુજરાત સરકારે કે ભારત સરકારે અન્ય કોઈ રીતે વર્તન કરવાના બદલે, વિરોધ પક્ષને પણ વિશ્વાસમાં લઈ, આ પ્રશ્નની પૂરતી છણાવટ કરી, ભારતભરમાં વહેલામાં વહેલી તકે 'કોમન સિવિલ કોડ'નો અમલ શક્ય જલદી ચાલુ કરાવી દેવો જોઈએ. ચૂંટણી કમિશ્નરશ્રી, માનવ અધિકાર પંચના ઉચ્ચ હોદ્દેદારશ્રીઓ તથા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓએ પણ કોમન સિવિલ કોડનો ત્વરિતપણે અમલ થાય તેવા પ્રયાસો તરફ લક્ષ આપવું જોઈએ.

*મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૩*

*તમારી નજીક જે હોય તેને સમજવાની કોશિશ કરો.*

# કોમન સિવિલ કોડનો સત્વરે અમલ કરવામાં આવે

• અશોક મહેતા •

ગુજરાત વિધાનસભાની ગત ચૂંટણી અગાઉ ભારત સરકારના ચૂંટણી કમિશ્નર શ્રી લીંગ્દોહ તથા ચૂંટણી પંચના અન્ય ઉચ્ચ અધિકારીઓ ગુજરાતની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા જાતે ગુજરાતની મુલાકાતે આવી ગયાં અને તેઓએ જે અભિપ્રાયો આપ્યા તે ગોધરા કાંડના બનાવ પછી ગુજરાત સરકારે જે આચરણ કર્યું તેની સ્પષ્ટપણે નારાજગી બતાવતા હતા.

ત્યારબાદ પંચમહાલની કોર્ટે ગોધરા કાંડના બનાવ પછી વડોદરાની બેકરી કાંડના આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકવાની જે ફરજ પડી તે સામે વિવિધ મિડીયામાં ઘણા જ વિરોધી સૂર વ્યક્ત થયા.

માનવ અધિકાર પંચે આ સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી, વડોદરા - ગુજરાતના બેકરી કાંડના કેસને ફરીથી ઓપન કરી, ગુજરાત બહાર ચલાવવા વિનંતી કરી, કે જેના પરિણામસ્વરૂપે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશશ્રીએ ગુજરાત સરકારની સારી એવી ટીકા કરી.

મુખ્ય ચૂંટણી કમિશ્નર, માનવ અધિકાર પંચ, સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશશ્રી ઉપરાંત દુનિયાભરના અનેક સ્થળોએથી ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી પર પસ્તાળ પાડવામાં આવી.

જોકે તે સમયે મોટાભાગના ગુજરાતમાં પ્રજાનો જુસ્સો સ્વયંભૂ હતો પરંતુ સમગ્ર પ્રજાના જાનમાલની રક્ષા કરવાની કોઈપણ સરકારની ફરજ બની રહે છે. પછી ભલે તે પ્રજા કોઈ પણ ધર્મની કે કોઈ પણ જ્ઞાતિની હોય. કોઈ પણ પરિસ્થિતિમાં સરકારે નિર્દોષ નાગરિકોના રક્ષણની જવાબદારી અદા કરવાની તો રહે જ છે.

પરંતુ આ પ્રશ્નને આપણે અન્ય રીતે મૂલવીએ તો ઉપરોક્ત બનાવોમાં ગોધરાકાંડને સંપૂર્ણપણે વિસારી દેવામાં આવેલ છે. ગુજરાતની મોટાભાગની પ્રજા, સ્વયંભૂ રીતે બહાર આવી, ગુજરાતના અનેક સ્થળોએ જે હિંસાચાર આદર્યો અથવા એ પ્રકારની માનસિકતા બતાવી તેના મૂળમાં તો ગોધરાકાંડનો બનાવ જ જવાબદાર બની રહેલ હતો. આ ઉશ્કેરણીજનક જે બનાવ ગોધરામાં બન્યો તેના પાયામાં આપણે સહુએ ઉતરવું જોઈએ. જો ગોધરાકાંડનો બનાવ ના બન્યો હોત તો ગુજરાતમાં અનેક સ્થળે પ્રજા તરફથી સ્વયંપણે જે જુવાળ ફેલાયો તે ફેલાત જ નહીં. પ્રજાને ખૂબ જ ઉગ્રપણે ઉશ્કેરવામાં આવે તેવા બનાવો બને, આવા બનાવોને વ્યાપકપણે પ્રસારવામાં આવે અને ત્યારબાદ પ્રજા આટલી બધી ઉશ્કેરાઈ જ કેમ? તેનો ન્યાય તોળવા બેસીએ તો તે વાત કેટલી વાજબી ગણાશે? આ પ્રશ્ન તરફ આપણે સમગ્રપણે દૃષ્ટિપાત કરવો ખૂબ જ જરૂરી બની રહે છે.

ભારતની આઝાદીને આજે ૫૬ વર્ષ થયા. તેમ છતાં હજુ સુધી આપણે આ દેશના નાગરિકો વચ્ચે 'કોમન સિવિલ કોડ'નો અમલ કરાવી શકેલ નથી. એક તરફ 'અમે બે અને અમારા બે'ના સૂત્રનો વ્યાપકપણે પ્રચાર કરી તેનો અમલ થાય તેવા પગલાં લેવામાં આવી રહેલ છે. કદાચ આ સૂત્ર પણ આજની તારીખમાં જૂનવાણી બની જઈ, તેનાથી પણ આગળ વધી, નવી પ્રજા શક્ય ઓછી ઉત્પન્ન થાય તેવા પ્રયાસો આદરી દેવામાં આવેલ છે. જ્યારે બીજી તરફ આ જ ભારતની પ્રજાના અન્ય એક વર્ગમાં પ્રજોત્પતિ માટે કોઈ કંટ્રોલ જ મૂકવામાં આવી રહેલ નથી. ચાર ચાર પત્ની અને આઠ-દસ બાળકો આ સમાજમાં સામાન્ય બીના ગણાય છે. ભારતભરની વસ્તીને એક સમાજ સ્વરૂપે જોઈએ તો આ તફાવતભરી પ્રક્રિયાનો કોઈ ઈલાજ જ કરવામાં ન આવે તે કેવું કહેવાય.

આપણે બધા રામાયણ - મહાભારતની વિગતોથી વાકેફ છીએ. મહાભારતના સમયમાં કૌરવોના મામા શકુની, એ ગાંધાર પ્રદેશના પાટવી કુંવર હતા. ગાંધાર એટલે આજનું કંદહાર, કાબુલ, અફઘાનિસ્તાન એ વિસ્તાર ગણાય. મહાભારતના સમયે આ સમગ્ર વિસ્તાર હિંદુ રાજાઓનો હિંદુ વિસ્તાર હતો. ત્યારબાદ આ તરફથી બાદશાહ સિકંદર, ચંગીઝખાન, મહંમદ ગીઝની વગેરે લોકોએ હિંદુસ્તાન પર ચડાઈ કરી લુંટફાટ આદરી. પ્રજા પર જોરજુલમી કરી. મોગલો પણ આવ્યા. ધીરે ધીરે આ વિસ્તાર મુસ્લિમ વિસ્તાર તરીકે વ્યાપક બનતો રહ્યો. આજે અફઘાનિસ્તાન, પાકિસ્તાન, કાશ્મીર વગેરે બધા પ્રદેશો મુસ્લિમ પ્રદેશો બની રહ્યા. હિંદુઓ સમગ્રપણે આ વિસ્તારનો ત્યાગ કરી અન્યત્ર વસવાટ કરી રહ્યા છે અથવા તો તેમને જબરદસ્તીપૂર્વક મુસ્લિમ બનાવી દેવામાં આવેલ છે.

અયોધ્યાની બાબરી મસ્જિદના સ્થળે ભૂતકાળમાં મંદિર હોવાના તો હવે પુરાતત્ત્વ ખાતાએ સજ્જડ પુરાવા આપેલ છે. આવું જ કાશી - મથુરાની મસ્જિદોની નીચે હશે તેવું માનવાને તો હવે પૂરતા કારણો મળી રહે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬૭ ઉપર)**

*બીજાને સુખ આપવા માટે તમારા નાનાં દુઃખોને ભૂલી જાવ.*

# મહારાષ્ટ્ર સરકારે જૈનોને લઘુમતી કોમ જાહેર કરવાથી થનારા વિશેષ લાભો

**ભારતીય સંવિધાન અલ્પ સંખ્યકના નિયમો પ્રમાણે મહારાષ્ટ્ર સરકારે જૈનોને ૨૯-૩૦ નિયમથી ધાર્મિક અલ્પસંખ્યક જાહેર કરવાની ઘોષણા થઈ છે.** આ અધિસૂચનાથી જૈન સમુદાયને કોઈ નુકસાન છે કે લાભ તે જાણવાનું જરૂરી છે. સાથે કોઈને શંકા પણ ઊઠી રહી છે, એને દૂર કરવી આવશ્યક છે. તેથી જૈનોને અલ્પસંખ્યક થવાથી શું લાભ અને નુકસાન થાય છે તેની કાયદાકીય માહિતી જેટલી મળી છે તે અહીં રજૂ કરી છે.

**હાનિ :** અલ્પસંખ્યક ઘોષિત થવાથી કોઈ પણ પ્રકારની હાનિ નથી.

**મુખ્ય ધારા :** આ ઘોષણાથી જૈન રાષ્ટ્રીય મુખ્ય ધારાથી અલગ નહીં થાય. ફક્ત આપણા ધર્મ, શિક્ષા અને સંસ્કૃતિનું સારી રીતે રક્ષણ કરી શકીએ. જ્યાં સુધી કાનૂનનો પ્રશ્ન છે જૈનો પર હિંદુ વિધિ જ લાગુ પડશે. જેમકે વિવાહ, વંશવારસ, ગોદ લેવાની, નાબાલિકનું રક્ષણ, ભરણપોષણ એવો જ પ્રભાવ સમાપ્ત નહીં થાય. એવો સ્પષ્ટ આદેશ ભારતીય સંવિધાન સન ૧૯૫૬માં હિંદુ કાનૂનમાં થયો છે.

૧. હિંદુ લગ્ન અધિનિયમની ધારા-૨(૧) ખ
૨. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમની ધારા-૩
૩. હિંદુ સંરક્ષણતાની અધિનિયમ ધારા-૩
૪. હિંદુ દત્તક ગ્રહણ તથા ભરણપોષણ અધિનિયમની ધારા-૨(ખ)
આ બધા નિયમો જૈન ધર્મને હિંદુ સમાજ ધારાથી લાગશે.

- **શંકાનું નિવારણ :**

૧. અલ્પસંખ્યક સંવિધાનના નિયમ પ્રમાણે ૨૯ કે ૩૦ની તરફથી ઘોષિત છે.
૨. અલ્પસંખ્યક ન તો પછાત જાતિ કે જનજાતિ માટે નિયમ છે. ૧૬(૪), ૧૬(૫), ૩૪૦, ૩૪૧ અને ૩૪૨ના નિયમ પ્રમાણે અલ્પસંખ્યકને નોકરીમાં, વિધાનસભા કે લોકસભામાં કોઈ પ્રકારનું રિઝર્વેશન પ્રાપ્ત નહીં થાય.

અલ્પ સંખ્યકથી વધારે લાભ શૈક્ષણિક સંસ્થાઓમાં થશે. નીચે તેના લાભ જણાવ્યા છે.

- **જૈન શિક્ષણ સંસ્થાઓ :**

૧. જૈન શિક્ષણ સંસ્થા પોતાનું અલગ અસ્તિત્વ બનાવી રાખશે.
૨. મેનેજમેન્ટ પર જૈનોનો કન્ટ્રોલ રહેશે.
૩. જૈન વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપવામાં આવશે.
૪. જૈનોને નોકરીમાં પ્રથમ સ્થાન મળી શકશે.
૫. શાળામાં જૈન ધર્મની પ્રાર્થના-સ્તુતિ થઈ શકશે.
૬. જૈન સંસ્કૃતિની જાણકારી અને પ્રચારનો ખાસ હક્ક હશે.

- **વિશેષ લાભો :**

૧. જૈનો પોતાના ધર્મની શિક્ષા, સંરક્ષણ અને પ્રચાર કરી શકશે.
૨. રાજ્યના અલ્પસંખ્યક આયોગમાં એક જૈન પ્રતિનિધિનો સમાવેશ થશે.
૩. રાજ્ય અલ્પસંખ્ય આયોગમાં જૈનોના હિતની રક્ષા કરશે.
૪. જૈનો સાથે કોઈ ભેદભાવ થશે તેને દૂર કરવાની કોશિશ આયોગ કરશે.
૫. ઉદ્યોગ અને સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિચાર વિમર્શ કરી તેના પર લોન વગેરેની મંજૂરી આપશે.

***મંગલમંદિર, જુલાઈ-૨૦૦૪***

## પાંજરાપોળોની ગોચર જમીનોનો વિકાસ

**(અનુસંધાન : પાના નં.-૧૭૦ ઉપરથી ચાલુ)**

જલદી નવસાધ્ય કરે તો ઘાસચારાના પ્રશ્ને દુષ્કાળના સમયે બહારથી ઘાસચારો મંગાવવાની સમસ્યા સારા એવા પ્રમાણમાં હલ થઈ શકે અને આ પાંજરાપોળો શક્ય પ્રમાણમાં આત્મનિર્ભર બની શકે.

દુષ્કાળનાં વર્ષો દરમ્યાન મોટાભાગની પાંજરાપોળો તરફથી જીવદયાના નામે ટહેલ નાંખવામાં આવે છે અને લાખો રૂપિયાનાં અનુદાનો મેળવવામાં આવે છે. જેનાથી એ એક વર્ષ પૂરતાં થોડાં ઢોરોની જિંદગી લંબાવી શકાય છે. પરંતુ બીજા વર્ષે પાછી એ જ પરિસ્થિતિ ઊભી રહે છે. આમ દર વર્ષે લાખો રૂપિયાનું બિનઉત્પાદક ખર્ચ આપણે કરવો પડે છે. કોઈપણ જાતના આયોજન વગર થોડા જીવ બચાવવાના કામચલાઉ થાગડથીગડ માટે સમાજની શક્તિ વેડફવાને બદલે, આપણી જે પાંજરાપોળો સ્વનિર્ભર થવા તૈયાર થાય તેમની બિનઉપજાઉ જમીન નવસાધ્ય કરાવી, જીવદયા માટેના લાંબાગાળાના આયોજન અને અછતની પરિસ્થિતિનો સામનો કરવા આયોજનબદ્ધ રોકાણ કરવા આપણા શ્રેષ્ઠીઓ વિચારે એ હાલના સમયનો તકાજો છે. કચ્છની આ પાંજરાપોળોના શ્રેષ્ઠી મહાજનો આ બાબતે યોગ્યપણે વિચારી, શક્ય ત્વરિત પગલાં લેશે તો તે આ પાંજરાપોળોના હિતમાં જ હશે. સમસ્ત મહાજન સંસ્થાના શ્રી ગિરીશભાઈ સાથે કચ્છની પાંજરાપોળોની ગોચર જમીનને નવસાધ્ય કરવા મુંબઈના શ્રી ગુણવંત મગનલાલ શાહ જે પ્રયાસો આદરી રહેલ છે તે અભિનંદનને પાત્ર છે.

***હીરજી પાસુ શાહ***
***સ્થાપક પ્રમુખ તથા ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

***મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૪***

# પાંજરાપોળોની ગોચર જમીનોનો વિકાસ
# આંખે દેખ્યો અહેવાલ

• હીરજી પાસુ શાહ •

"સમસ્ત મહાજન" નામની સંસ્થા બે વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવી કે જેનું મુખ્ય કાર્ય "ગોચર વિકાસ" અને "વરસાદના પાણીનો સંગ્રહ" રહેલ છે કે જેના કારણે ગુજરાતની સમગ્ર પાંજરાપોળો ઘાસચારા માટે આત્મનિર્ભર બની રહે.

આ સંસ્થાના કાર્યકરો જે-તે ગામની પાંજરાપોળની ગોચર જમીનનો વિકાસ કરવા, તે કાર્યની જવાબદારી ઉપાડી લે છે અને એ જમીન ઝેરી ઝાડીઝાંખરાથી મુક્ત કરી તેમાં છાણનું ખાતર પૂરી, દેશી ઘાસના બિયારણનો મોટા પાયે છંટકાવ કરી આ જમીનને નવસાધ્ય બનાવે છે અને તેના પર જ્યારે ચોમાસાની સીઝનમાં વરસાદ પડે ત્યારે ત્યાં લીલુંછમ ઘાસ ઊગી નીકળે છે.

સાથે સાથે આ સંસ્થાએ પાંજરાપોળોની જમીનના અંદરના જૂનાં તળાવો મોટાં અને ઊંડાં કરાવ્યાં છે અથવા તો તે જમીનમાં નવાં તળાવો બનાવડાવ્યાં છે કે જેના કારણે જ્યારે વરસાદ પડે ત્યારે આ તળાવો પાણીથી ભરાઈ જાય અને બાકીની સીઝનમાં આ પાણી પશુઓને પીવાના પાણી તરીકે ઉપયોગી બની રહે છે.

આ સંસ્થાએ પોતાના અથાગ પ્રયાસથી અને દાતાઓના દાનની સરવાણીથી વઢવાણ, વીરમગામ, રામપુરા, વાંકાનેર, મોરબી, પાલિતાણા, લીંબડી તેમજ આદેસર ગામ જેવી અનેક ગામની પાંજરાપોળોની ગોચર જમીનને લીલીછમ બનાવી આ પાંજરાપોળોને ઘાસચારા જેવી બાબતોમાં આત્મનિર્ભર બનાવવા પૂરેપૂરા પ્રયાસો છેલ્લા બે વર્ષના ટૂંકા ગાળામાં આદરેલ છે.

પાંજરાપોળોની ગોચર જમીનને નવસાધ્ય કરવામાં એક એકર દીઠ અંદાજિત રૂ. ૧૦,૦૦૦/-નો ખર્ચ થાય છે કે જેમાં સમસ્ત મહાજનની યોજના પ્રમાણે શરૂમાં પાંજરાપોળની ગોચરની અમુક જમીન આ સંસ્થા જાતે નવસાધ્ય કરી આપે છે. આ નવસાધ્ય કરવામાં નિર્ધારિત કરેલ જમીનના ખર્ચના અંદાજિત ૫૦ ટકા ખર્ચ આ સંસ્થા ભોગવે છે અને બાકીના અંદાજિત ૫૦ ટકા ખર્ચ જે-તે પાંજરાપોળના શ્રેષ્ઠી મહાજને ભોગવવાનો થાય છે. ત્યારબાદની બાકીની જમીન જે-તે પાંજરાપોળે જાતે નવસાધ્ય કરી લેવાની હોય છે.

કચ્છમાં અંદાજિત ૫૫ પાંજરાપોળ છે અને ૫૫ પાંજરાપોળ પાસે ગોચરની અંદાજિત ૭૦૦૦ એકર જમીન છે. છેલ્લા કેટલાક સમયથી આ પાંજરાપોળોની ગોચર જમીનને નવસાધ્ય કરવાની વાત ચાલી રહેલ હોવાથી કચ્છનાં ૧૧ ગામની પાંજરાપોળોના પ્રતિનિધિઓ તેમજ સમસ્ત મહાજનના કાર્યકરો સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિ તરીકે હું જોડાયેલ હતો. અમારો પ્રવાસ તા. ૨-૧૦-૦૪થી તા. ૪-૧૦-૦૪ દરમ્યાન એમ ત્રણ દિવસનો હતો. કચ્છમાં આદેસર, મુંદ્રા, ભુજપુર, બીદડા, માંડવી, તેરા વગેરે ૧૧ ગામના લગભગ ૧૮ પ્રતિનિધિઓ આ પ્રવાસમાં સાથે હતા.

પ્રથમ અમે લોકોએ વીરમગામ પાંજરાપોળની ઓગણી વીડની લગભગ ૨૦૦ એકર જમીન તથા તે જ પાંજરાપોળની એક અન્ય વીડની લગભગ ૧૫૦ એકર જમીન જોઈ. આ જમીન નવસાધ્ય થયા બાદ તેના પર લગભગ ૨ ફૂટથી ૩ ફૂટ ઊંચું ઘાસ ઊગી નીકળેલ હતું.

ત્યારબાદ અમે લીંબડી પાંજરાપોળની લક્ષ્મીસર વીડની લગભગ ૪૯૫ એકર જમીનની મુલાકાત લીધેલ હતી. અહીં અમુક જમીનને નવસાધ્ય કરવામાં આવી દીધેલ છે. જ્યારે બાકીની જમીનને નવસાધ્ય કરવાનાં કાર્યો ચાલુ છે. આ જમીન પર ત્રણ-ચાર તળાવો બનાવવામાં આવ્યાં છે. અનેક વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ છે. પશુઓ માટે શેડ અને ગમાણ બનાવવામાં આવેલ છે અને ઢોરોને પીવાના પાણી માટે હવાડા બનાવવામાં આવેલ છે.

બીજા દિવસે અમે વઢવાણ પાંજરાપોળની ખાખરાવડ વીડ પરની ૧૩૩૦ એકર જમીન પર પહોંચ્યા. આ વીડને જમીનનો સારા પ્રમાણમાં વિકાસ કરવામાં આવેલ છે. અહીં લગભગ ૩૦૦૦ દેશી વૃક્ષોનું પણ રોપણ કરવામાં આવેલ છે.

ત્યારબાદ વાંકાનેર પાંજરાપોળની વીડની મુલાકાત લીધેલ હતી. અહીં ૩૨૪ એકર જમીન પરથી ગાંડા બાવળનાં વૃક્ષો દૂર કરી, છાણિયું ખાતર પાથરી, દેશી બિયારણનો છંટકાવ કરી આ જમીનને વરસાદના પાણીથી નવપલ્લવિત કરવામાં આવેલ છે. અહીં ૧૦૫૦ દેશી વૃક્ષો પણ રોપવામાં આવેલ છે.

ત્રીજા દિવસે અમે કચ્છ વાગડની આદેસર પાંજરાપોળની ૧૦૬ એકર જેટલી ગોચર જમીનની મુલાકાતે ગયા. અહીં પણ ઉપરોક્ત પદ્ધતિએ જમીનને નવસાધ્ય કરવામાં આવેલ છે અને પાણીના સંગ્રહ માટે તળાવ બનાવવામાં આવેલ છે.

આ રીતે સમસ્ત મહાજન સંસ્થાએ અનેક પાંજરાપોળોની વેરાન પડેલ ગોચર જમીનને નવસાધ્ય કરવાનું બીડું ઝડપેલ છે, કે જેના કારણે આ પાંજરાપોળો ઘાસચારા માટે આત્મનિર્ભર બની શકે અને વરસાદના પાણીના સંગ્રહથી અન્ય સીઝનમાં આ પાણી પશુઓને પીવાના કામે પણ લાગે.

આશા છે કે કચ્છની બધી જ ૫૫ પાંજરાપોળો "સમસ્ત મહાજન" સંસ્થા સાથે જોડાઈ પોતાની ૭૦૦૦ એકર જેટલી જમીનને શક્ય

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬૯ ઉપર)

*જેમ ઊકળતા પાણીમાં ચહેરો નથી દેખાતો, એવી જ રીતે ક્રોધમાં સત્ય સમજાતું નથી.*

**ખનીજ મિનરલ્સ**

# કચ્છનો અકીક

• જયંતીભાઈ વિ. ભટ્ટ •

કચ્છની ખનીજ સંપત્તિ અને ખનીજ ઉદ્યોગની માહિતી આપતી લેખમાળા ક્રમશઃ પ્રસિદ્ધ કરવાની નેમ છે. તે માટે શ્રી જયંતીભાઈ ભટ્ટ આપણને માર્ગદર્શન પૂરું પાડવા સહમત થયા છે. એમની બહોળી જાણકારીનો લાભ લેવામાં આવશે એવી અપેક્ષા છે. આપના પ્રતિભાવો પણ જણાવશો તો વધુ આનંદ થશે.

*— સંપાદકો.*



જયંતીભાઈ વિ. ભટ્ટ, કમિશનર ઑફ જીઓલોજી એન્ડ માઈનિંગ કચેરીના અધિક નિયામક તથા ઈન્ડસ્ટ્રીયલ એક્સ્ટેન્શન બ્યુરોના જનરલ મેનેજર (તાંત્રિક) તરીકે ગુજરાત સરકારમાં ૧૯૯૯ સુધી પ્રશંસનીય સેવાઓ આપી છે. ખનીજ વહીવટ, ખનીજ અન્વેષણના બહોળા અનુભવ સાથે બોકસાઈટ, બેન્ટોનાઈટ, ચાઈનાક્લે, લાઈમસ્ટોન, ગુજરાતના ખનીજોના ઈન્ડેક્સ-બીના પ્રકાશનો તથા માર્ગદર્શનથી રાજ્યમાં ખનીજઉદ્યોગમાં નોંધપાત્ર રોકાણ આકર્ષી શક્યા છે. નિવૃત્તિ બાદ "મિનરલ કન્સલટન્ટ" તરીકે કાર્યરત છે.

***નિવાસસ્થાન :*** સુફલામ્, ૨૬-ઉષાદીપ સોસાયટી, એલ.ડી.એન્જી હૉસ્ટેલ પાછળ, અમદાવાદ-૧૫.
ટે.નં.૬૩૦૬૨૯૮, ૬૩૦૫૬૩૩ (ઘર).

અકીક અર્ધકીમતી પથ્થર તરીકે નંગ ઉદ્યોગમાં જાણીતો છે. કીમતી જવેરાતના ઘરેણાંની સાથે સસ્તા આકર્ષક રંગની માળાઓ, વીંટીઓ, બુટિયાં, બંગડીઓ, બટનો, અકીક પથ્થરના ઘડવામાં, ખંભાતનો અકીક ઉદ્યોગ તથા જયપુરનો જવેલરી ઉદ્યોગ ભારતના નંગબજારોમાં ઐતિહાસિક રીતે જાણીતો છે.

ગુજરાતના પેટાળમાં ભરુચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં તથા **કચ્છ જિલ્લાના રાપર, અંજાર, ભુજ તાલુકાઓમાં મળી આવે છે.** ખંભાતનો અકીક ઉદ્યોગ, કુટીર ઉદ્યોગ તરીકે રાજ્યમાં વિકસેલ છે.

■ **રાસાયણિક બંધારણ :** સ્ફટીકમય અને બિનસ્ફટીકમય વગરની સિલિકા.

■ **ભૌતિક ગુણધર્મ :** અકીક આછા અને ઘેરા રંગના રેખાઓથી વીંટાયેલ આકૃતિવાળા લીસા પેબલ્સ તરીકે ગોળાકાર, લંબગોળ, અંડાકાર કદમાં જુદી જુદી ૪" થી ૬" સાઈઝમાં મળે છે. ચાલ્સીડોની સિલિકાનો આ પ્રકાર જુદા જુદા રંગના સ્પષ્ટ રેખાંકિત અને વાદળ આભાસિત કૃતિ રહિત જળકૃત ખડકોમાં મળી આવે છે. લસ્ટર વેક્સી અને કાપ ધારદાર હોય છે. તેની મોહસ્કેલમાં હાર્ડનેસ-૭ અને વિશિષ્ટ ઘનતા ૨.૬૫ રહે છે.

■ **પ્રાપ્તિ સ્થાન :-**

જળકૃત ખડકની કોન્ગ્લોમરેટ જાતમાં અકીક છિદ્રમાં ભરાયેલ હોય છે. કોન્ગ્લોમરેટ ખડકો નવરચનાના તાજા ખડકો છે. રાજ્યના ભરુચ અને કચ્છ જિલ્લાના ગામોના ખરાબામાં ખડકોમાં સંકળાયેલ અકીક હાથથી વીણી લેવો તેમજ સખત કોન્ગ્લોમરેટને ઓપનકાસ્ટ પદ્ધતિથી ખાણકાર્ય કરી ખોદી લેવો જરૂરી છે.

| *જિલ્લો* | *તાલુકો* | *ગામ* |
|---|---|---|
| **કચ્છ** | રાપર | આડેસર, મારડેક બેટ, ખેંગારપર |
| | અંજાર | અંતરમળ, ભુવડ, ચાંદ્રાણી |
| | ભુજ | ડમાળા, કેરા |
| **ભરુચ** | ઝઘડિયા | રતનપુર, ભીમપોર, બાબાગોર |

■ **ઉપયોગો :-**

(૧) બોલમિલમાં ગ્રાઈન્ડિંગ મીડિયા તરીકે ૪"થી ૬"ના પેબલ્સ વપરાય છે. સિરામિક ઉદ્યોગની ટાઈલ્સ, સેનેટરીવેરના કારખાનામાં બૉલમિલમાં ઉપરોક્ત અકીક ટનના રૂા.૧૨૦૦ થી રૂા.૧૫૦૦ સુધીના ભાવમાં વપરાય છે. મોરબી, કડી, વાંકાનેરમાં આ કારખાનાં વિકસેલ છે.

(૨) ૨" થી ૪" સુધીના પેબલ્સ રંગોની વિવિધતાને લીધે ઝવેરાતમાં નંગ તરીકે વપરાય છે.

(૩) પૉલિસ કરેલ અકીકની પેદાશો ભેટ-સોગાદોમાં ફ્લાવરવાઝ, બટન, પેનસ્ટેન્ડ, એશસ્ટ્રે, ટેબલ લેમ્બ સ્ટેન્ડ, ગૂંથાયેલી માળા, વીંટીના નંગ તરીકે વપરાય છે.

(૪) અકીકના ખલ-દસ્તા રસાયણો લસોટવા તથા ડાયની બનાવટમાં ખલ તરીકે વપરાય છે.

■ **અકીક આધારિત સંભવિત ઉદ્યોગ :-**

(૧) અકીકના કાચામાલને પ્રોસેસ કરીને અકીકની ડિસ્પ્લે પેદાશો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭૬ ઉપર)**

*કોઈપણ મનુષ્ય જન્મથી મહાન નથી હોતો, પોતાના શુભ કાર્યોથી મહાન બને છે.*

# બૉક્સાઈડ

• જયંતીભાઈ વિ. ભટ્ટ •

## ■ ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો :

બૉક્સાઈડ ધુળિયા, રાખોડી અને બદામી રંગના ઉલીટીક, બ્રેસીએટેડ, કોન્ગલોમરેટિક સ્વરૂપોમાં સખત ખડક તરીકે તથા ગ્રેન્યુલર રૂપમાં સહેલાઈથી ભૂકો થાય તેવા સ્વરૂપમાં મળે છે. રાસાયણિક બંધારણ એલ્યુમિનિયમ ડાયોક્સાઈડ છે. બંધારણના પાણીના ઘટકો તથા એલ્યુમિનિયમ ઑક્સાઈડની જુદી જુદી ટકાવારીને અનુલક્ષીને તે મુખ્યત્વે ડાયસસ્પોર, ગીબ્સાઈટ, ક્લીએચાઈટના ખનિજ તત્ત્વોની હયાતિ ધરાવે છે. લોહ તત્ત્વના ખનિજ તત્ત્વો હેમેટાઈટ, લીમોનાઈટ, મેગ્નેનાઈટ, જોઈથાઈટની ટકાવારીનું પ્રમાણ તથા ટિટાનિયમ ડાયોક્સાઈડ તથા સિલિકા મુક્ત તથા સંયોજિત રીતે બંધારણમાં સંકળાયેલ છે. લોહ તત્ત્વની ટકાવારીના આધારે ખડકોનો રંગ ફલિત થાય છે.

## ■ ઉદ્‌ભવ પ્રક્રિયા :

પ્રકૃતિમાં ભેજવાળા અને સૂકા વાતાવરણના ઝડપી ફેરફારોની રેતી પથ્થર, કાળમીંઢ પથ્થર, ગ્રેનાઈટ ખડકો પર ભૂગર્ભના પાણીના સંસર્ગથી કેપ્યુલરી એક્શનથી લેટેરાઈટેજનની પ્રક્રિયા દ્વારા લેટેરાઈટ ખડકો બને છે. આ ખડકોમાં હલકા એલ્યુમિના તત્ત્વોનું ઊર્ધ્વગમન તથા સિલિકા તથા આયર્નના ભારે તત્ત્વોનું અધોગમનની ક્રિયા બૉક્સીટાઈઝેશનમાં થતાં બૉક્સાઈડ ખડકોની ઉત્પત્તિ સંભવિત બને છે. આ ખડકો બિન આવરણ વગરના જમીન તળ પર ખુલ્લા તથા માટીથી આચ્છાદિત અવસ્થામાં બદામી લાલ રંગની આછા ઢોળાવવાળી ટેકરીઓની હારમાળામાં અને ટેકરીઓના ઢોળાવના અંતભાગ નજદીકમાં આચ્છાદિત અવસ્થામાં મળી આવે છે.

## ■ પ્રાપ્તિ સ્થાન :

ભારતમાં બૉક્સાઈડ ઓરિસ્સા, બિહાર, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, કેરાલા, ગુજરાત રાજ્યમાં મળી આવે છે. ગુજરાત રાજ્યમાં જામનગર, સાબરકાંઠા, ખેડા, વલસાડ અને કચ્છમાં લેટેરાઈટ ખડકોની સાથે બૉક્સાઈડના વિસ્તારો આવેલા છે.

કમિશનર ઑફ જીઓલોજી એન્ડ માઈનિંગ, ગુજરાત રાજ્ય દ્વારા વિગતવાર સંશોધન કરી બૉક્સાઈડના ૧૧૦ મિલિયન ટનના જથ્થાનો અંદાજ આકારવામાં આવેલ છે. કચ્છ જિલ્લાનો બૉક્સાઈડ ગુજરાત રાજ્ય ખનિજ વિકાસ નિગમ માટે આરક્ષિત કરવામાં આવેલ છે.

બાકીના વિસ્તારો ખાનગી ક્ષેત્રના ખાણ કાર્ય માટે બિનઆરક્ષિત છે. ખાનગી ક્ષેત્રે ૩૫થી ૪૦ પટ્ટેદારો ભાટિયા, ભોપલકા, મરાદેવિયા, રાણ મેવાસા, બાકુડી, હડમતિયાના જામનગર જિલ્લાના ખાણ કેન્દ્રોમાં તથા કચ્છ જિલ્લાના મરેડી ખાણ કેન્દ્ર પર ગુજરાત ખનિજ વિકાસ નિગમ દ્વારા ઉત્ખનન કાર્ય થાય છે. ખાનગી તથા જાહેર ક્ષેત્રના નિગમ દ્વારા દર વર્ષે અંદાજિત ૮૦,૦૦૦થી ૧.૫૦ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન કરવામાં આવે છે.

## ■ ગુણવત્તા તથા ઉપયોગો :

બૉક્સાઈડના રાસાયણિક બંધારણમાં રહેલા એલ્યુમિના, સિલિકા અને લોહતત્ત્વોની ટકાવારી ઉપર તેની ગુણવત્તા નિર્ભર રહે છે. આ તત્ત્વોની ટકાવારીને આધારે મેટલર્જિકલ, એબ્રેસિવ, કેમિકલ અને રિફ્રેક્ટરી કક્ષામાં વર્ગીકરણ કરવામાં આવે છે. મહદ્ અંશે એલ્યુમિનાની ૫૬%ની માત્રાના માપદંડ સાથે ઉચ્ચ કે નિમ્ન કક્ષામાં વર્ગીકૃત થાય છે. ઉત્પાદનનો ૮૦% વપરાશ એલ્યુમિનિયમ ધાતુના વપરાશમાં તથા બાકીનો એબ્રેસિવ, રિફ્રેક્ટરી અને એલ્યુમિના કેમિકલ્સના ઉત્પાદનમાં વપરાય છે. જુદી જુદી કક્ષાના વર્ગીકરણ માટેના રાસાયણિક ઘટકોની માત્રાનું પ્રમાણ નીચે દર્શાવેલ છે.

| *કક્ષા* | *એલ્યુમિના* | *સિલિકા* | *આયર્ન ઓક્સાઈડ* | *ટિટાનિયમ ઓક્સાઈડ* |
|---|---|---|---|---|
| મેટલર્જિકલ | ૫૦-૫૫% | ૦.૧૫% | ૫.૩૦ | - |
| એબ્રેસિવ | મિનિમમ ૫૫% | મેક્સિમમ ૫% | મેક્સિમમ ૬% | મિનિમમ ૨.૫% |
| કેમિકલ | મિનિમમ ૫૫-૫૮% | મેક્સિમમ ૫થી ૧૨% | મેક્સિમમ ૨% | - |
| રિફ્રેક્ટરી | મિનિમમ ૫૯-૬૧% | મેક્સિમમ ૧.૫-૫.૫% | મેક્સિમમ ૨% | મેક્સિમમ ૨.૫% |

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭૬ ઉપર)

*કોઈક વખત ખબર નથી પડતી કે જીવનનો રસ્તો કઈ તરફ જઈ રહ્યો છે? પણ ચાલવાનું ચાલુ જ રાખો. ઈશ્વર તમારી સાથે જ હોય છે.*

# બેન્ટોનાઈટ

• જયંતીભાઈ વિ. ભટ્ટ •

### • રાસાયણિક અને ભૌતિક ગુણધર્મો :

આછા લીલા રંગની, સફેદ ટપકાંવાળી, ઘાણી જેવી પોચી, છિદ્રાળુ, ચિકાશવાળી, સ્પર્શમાં સાબુ જેવી લીસી, પાણીમાં ફૂલતી, ઔદ્યોગિક માટીમાં મોન્ટમોરીલોનાઈટ ગ્રૂપના ખનીજો રહેલા છે. મુખ્યત્વે રંગભેદ વિહીનતા અને શોષણ શક્તિના ગુણધર્મો ધરાવે છે. વિકસિત અને બિનવિકસિત પ્રકારો સોડિયમ બેઈઝ અને કેલ્શિયમ બેઈઝ વ્યાપારમાં પ્રચલિત છે. ફેલ્સપાર, કેલ્શિયમ કાર્બોનેટ, જીપ્સમ, ક્વાર્ટઝના ખનીજો ગ્રીટ તરીકે લઘુ અંશે માટીમાં સંમિશ્રિત રહેલા હોય છે. ૫થી ૧૦% ગ્રીટ મહદ્ અંશે માટી સાથે કુદરતી રીતે મળી આવે છે. વિશિષ્ટ ઘનતા ૨.૪થી ૨.૮, રિફ્રેક્ટીવ ઈન્ડેક્સ ૧.૫૪૭થી ૧.૫૫૭ તથા વિઘટન બિંદુ ૧૩૩૦° સે. થી ૧૪૩૦° સે છે.

વ્યાપારિક દૃષ્ટિએ વિકસિત અને બિનવિકસિત પ્રકારો ઔદ્યોગિક વપરાશમાં પ્રચલિત છે.

### • ઉદ્ભવ સ્થાન :

વોલ્કેનિક રાખના થરો સ્થગિત પાણીમાં વિઘટનથી સોડિયમ બેઈઝ વિકસિત માટી ઉદ્ભવે છે. અન્ય પ્રકારમાં બેસાલ્ટના પૂર્વ આયોજાયેલ બેસીનોમાં સ્થગિત પાણીની પ્રક્રિયાથી થરના બંધારણમાં ફેરફાર થતાં અસંકલિત બેસીનોમાં પોકેટ રૂપે મોન્ટમોરીલોનાઈટ ગ્રુપના ખનીજોના બંધારણવાળી માટી પોરફેરીટિક બેસાલ્ટ અથવા એમીગડલોઈડલ બેસાલ્ટના થરોના વિઘટનથી ઊપજે છે. વિઘટન પ્રક્રિયામાં મૂળ બંધારણના ફેલ્સપાર, જીપ્સમ ખનીજો ગ્રીટ તરીકે બાકી રહેતા હોય છે. કાળમીંઢ પથ્થરના બંધારણ પર સ્થગિત પાણીના લગૂન જેવા વાતાવરણમાં મોન્ટમોરીલોનાઈઝેશન અને કેઓલીનાઈઝેશનની પ્રક્રિયા દ્વારા બેન્ટોનાઈટ માટીનો ઉદ્ભવ થાય છે. બંને પ્રક્રિયાઓ સમાંતરીય હોતાં બેન્ટોનાઈટ માટીમાં કેઓલીન ખનીજનું પ્રમાણ પણ માલૂમ પડે છે.

### • પ્રાપ્તિ સ્થાન :

રાષ્ટ્રીય કક્ષાએ બેન્ટોનાઈટ ગુજરાત, રાજસ્થાન, તામિલનાડુ, જમ્મુ - કાશ્મીર અને બિહાર રાજ્યમાં મળે છે. ગુજરાતમાં કચ્છ તથા ભાવનગરમાં મુખ્યત્વે ખાણકાર્ય થાય છે. આ ઉપરાંત ભરૂચ, જામનગર, સાબરકાંઠા, ખેડા, મહેસાણા, અમરેલી, બનાસકાંઠામાં બેન્ટોનાઈટ પોકેટ તરીકે મળે છે. કમિશનર ઑફ જીઓલોજી એન્ડ માઈનિંગ, ગુજરાત રાજ્ય દ્વારા ભાવનગર, કચ્છમાં વિગતવાર સંશોધન કરીને જથ્થાઓનો અંદાજ આકારવામાં આવેલ છે. ખાનગી ગૌણ પટ્ટેદારો દ્વારા રાજ્યનો ૬૨૧ હેક્ટર વિસ્તાર ગૌણ પટ્ટા નીચે અપાયેલ છે. આશરે ૨૦૦ ગૌણ ખનીજ પટ્ટેદારો દ્વારા વાર્ષિક ૧ લાખથી ૧.૫ લાખ ટનનું ઉત્પાદન કરવામાં આવે છે. રાજ્યમાં ૨૫-૩૦ લઘુ એકમો દ્વારા બેન્ટોનાઈટનું ૨ થી ૩ લાખ ટનનું પ્રોસેસિંગ કરવામાં આવે છે. હાલમાં રાજ્યમાં ૧૦૫ મિલિયન ટનનો અંદાજિત જથ્થો આવેલ છે.

### • ઉપયોગો તથા ગુણવત્તા :

ફાઉન્ડ્રી, તેલ અને વાયુ પંચના શારકાર્ય, લોખંડ ધાતુના પેલેટાઈઝેશનમાં મહદ્ અંશે વપરાય છે. બેન્ટોનાઈટની બહુમૂલ્ય પેદાશો જેવી કે એક્ટીવેટેડ બેન્ટોનાઈટ, ઓરગેનોક્લે ખાદ્યતેલના શુદ્ધીકરણ તથા પેઈન્ટ અને કોસ્મેટિક ઉદ્યોગોમાં વપરાય છે.

ભૌતિક તથા રાસાયણિક ગુણધર્મો આધારિત વિકસિત અને બિનવિકસિત કક્ષાની માટી તેના ચીકાશ, બેન્ડીંગ, સસ્પેન્ડીંગ, ગુણધર્મોને લીધે ફિલ્મ ફોર્મિંગ, ડિટરજન્સી, થીક્સોટ્રોપી, પેસ્ટ ફોર્મિંગ, ઈમલ્સીફાઈંગ પ્રક્રિયાઓ થતી પેદાશોમાં વપરાય છે.

### • બહુમૂલ્ય પેદાશો :

બેન્ટોનાઈટ આધારિત બહુમૂલ્ય પેદાશોના બજારો ઘણાં જ વિકસેલ છે. એક્ટીવેટેડ બેન્ટોનાઈટ, પ્રોસેસ બેન્ટોનાઈટ, બેન્ટોનાઈટ ગ્રેન્યુઅલ, ઓરગેનોક્લે, કેટલીટર, પેદાશો સોડિયમ કે કેલ્શિયમ બેઈઝ કક્ષામાંથી ઉચ્ચ કક્ષાની તાંત્રિક વિદ્યા દ્વારા ઉત્પાદિત કરી શકાય છે.

રાજ્યમાં એક્ટીવેટેડ બેન્ટોનાઈટનાં લઘુ એકમો મહેસાણા, વડોદરા જિલ્લામાં તથા ઓરગેનોક્લેના એકમો કચ્છ જિલ્લામાં આવેલા છે. તેલ અને વાયુ પંચના શારકામ કાદવમાં એ.પી.આઈ. ગ્રેડ તથા ફાઉન્ડ્રીમાં ઓ.સી.એમ.એ. કક્ષાની માટી પ્રોસેસ કરીને વપરાય છે. "કેટલીટર" પેદાશ પાલતુ પ્રાણી બિલાડી, કૂતરા, કાચબા, સસલાંના મૂત્ર તથા મળમાં રહેલી દુર્ગંધને દૂર કરવા પરદેશના બજારોમાં નિકાસ થાય છે.

બેન્ટોનાઈટ ગ્રેન્યુલ્સ પૉલ્ટ્રી તથા પશુધન ખાદ્યની બનાવટમાં તથા પેસ્ટીસાઈડ અને ઈન્સેક્ટીસાઈડ પેદાશોમાં વપરાય છે.

### • બેન્ટોનાઈટ આધારિત ઉદ્યોગો :

કચ્છ અને ભાવનગરમાં મળતા બેન્ટોનાઈટ પર પ્રોસેસિંગ કરતાં લઘુ એકમો ભાવનગરમાં વરતેજ, મહુવામાં કાર્યરત છે. કચ્છ જિલ્લામાં

*જાણકારીઓના ઢગલા બનવા કરતાં અનુભવની નદી બનો.*

ભુજ, માધાપર, માંડવીમાં બેન્ટોનાઈટ પલ્વરાઈઝેશનનાં લઘુ એકમો તથા મધ્યમ કક્ષાનાં અને વિશાળકાય એકમો કાર્યરત છે. **કચ્છ જિલ્લામાં લખપત, માંડવી, રાપર, ભચાઉ, મુંદ્રા, નખત્રાણા તાલુકાઓના ગામોમાં મળી આવતી બેન્ટોનાઈટ માટી પર આધારિત બહુમૂલ્ય પેદાશોનાં નાનાં કારખાનાં ઊભા કરવાની ઉજળી શક્યતા છે.** ૨૬મી જાન્યુઆરીના ભૂકંપ બાદ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા સેલ્સ ટેક્ષ, એક્સાઈઝની જે રાહતો કચ્છ જિલ્લાના ઉદ્યોગો માટે જાહેર કરાઈ છે તેને અનુલક્ષીને માંડવી ખાતે બેન્ટોનાઈટ એસ્ટેટ ઊભી કરી તેમાં બેન્ટોનાઈટના ગુણધર્મો ચકાસવાની પ્રયોગશાળા તથા બેન્ટોનાઈટ આધારિત બહુમૂલ્ય પેદાશોના ઉત્પાદન માટેની સઘળી સવલતો ઊભી કરી શકાય તેમ છે. મશીનરી, રસાયણો અને તાંત્રિક તજજ્ઞોની સેવા લઈ માંડવી તથા ભચાઉમાં બેન્ટોનાઈટ આધારિત એક્ટીવેટેડ બેન્ટોનાઈટ, કેટલીટર ગ્રેન્યુલેશનના એકમો ઊભા થઈ શકે તેમ છે.

### • સૂચિત સંભવિત સ્થાનો :

બેન્ટોનાઈટ આધારિત લઘુ એકમો રાજયના મુખ્યત્વે કચ્છ, ભાવનગર, ભરૂચ, મહેસાણા જિલ્લામાં ઊભા કરી શકાય તેમ છે. રાજ્ય સરકારના કેમિકલ એસ્ટેટમાં કે નીચે જણાવેલ સ્થળો ઉપર એકમ ઊભું કરી શકાય :

| *જિલ્લો* | *તાલુકો* | *સ્થળ* |
|---|---|---|
| કચ્છ | માંડવી | માંડવી |
| | લખપત | નખત્રાણા |
| | ભચાઉ | સામખિયાળી |
| ભાવનગર | મહુવા | મહુવા |
| | તળાજા | તળાજા |
| મહેસાણા | ઈડર | કોટ રણસીપુર |
| ભરૂચ | રાજપીપળા | રાજપીપળા |
| | ઝઘડિયા | ઝઘડિયા |

સૂચિત સ્થાનો પરની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કે ખાનગી જમીનમાં એકમો ઊભા કરી શકાય. બહુમૂલ્ય પેદાશોના પ્રોજેક્ટ પ્રોફાઈલ્સ ઈન્ડેક્સ્ટ-બી (ગાંધીનગર) કચેરી દ્વારા ઉપલબ્ધ થઈ શકે છે. પ્રોસેસ બેન્ટોનાઈટની આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ ઘણી માંગ રહેલી છે. કંડલા, ભાવનગર, માંડવી, બંદરેથી ઈરાક, ઈરાન, કુવૈત, મલેશિયા, જાકાર્તા, બાંગ્લાદેશ, શ્રીલંકા, વગેરે દેશોમાં વિશાળકાય બેન્ટોનાઈટ એકમો દ્વારા નિકાસ કરવામાં આવે છે.

બેન્ટોનાઈટના વિધવિધ ઉપયોગોથી તેને ઔદ્યોગિક માટીના બજારોમાં અગત્યનું સ્થાન મેળવ્યું છે.

### • નિકાસ બજાર :

બેન્ટોનાઈટ શારકામ કાદવમાં વપરાતો હોવાથી તેલનું શારકામ કરતી મલ્ટીનેશનલ કંપનીઓ સાઉથ એશિયન પ્રદેશોમાં બેન્ટોનાઈટની આયાત કરે છે. પ્રોસેસ બેન્ટોનાઈટ કુવૈત, ઈરાન, ઈરાક, જાવા, સુમાત્રા, મલેશિયા, જાકાર્તામાં નિકાસ થાય છે.

કચ્છનો બેન્ટોનાઈટ તેની ગુણવત્તાને લીધે આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રખ્યાત થયેલ છે. આશાપુરા ગ્રૂપ, ટ્રાયમેક્સ, જીમ્પેક્સ કંપનીઓ દ્વારા કંડલા માંડવી બંદરેથી નિકાસ થાય છે.

### • બેન્ટોનાઈટ આધારિત પ્રોજેક્ટો :

નવા ઔદ્યોગિક જૂથો તથા ઔદ્યોગિક સાહસિકોના માર્ગદર્શન માટે ઈન્ડેક્સ્ટ-બી દ્વારા "પ્રોસ્પેક્ટ ફોર બેન્ટોનાઈટ બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ ઈન ગુજરાત" પુસ્તિકાનું સંકલન કરી પ્રકાશન થયેલ છે. આ ઉપરાંત બહુમૂલ્ય પેદાશોના પ્રોજેક્ટોના પ્રોફાઈલ્સ વિનામૂલ્યે "ઈન્ડેક્સ્ટ-બી" ઉદ્યોગ ભવન, ગાંધીનગર કચેરીથી ઉપલબ્ધ થઈ શકે છે.

***(નોંધ : કચ્છ જિલ્લામાં ખનીજ આધારિત ઉદ્યોગોની સ્થાપના માટે માર્ગદર્શન તથા વિશેષ માહિતી અંગે શ્રી જયંતીભાઈ ભટ્ટનો આગળ દર્શાવેલ સરનામે સંપર્ક કરી શકાશે.)***

***મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૨***

## તરૂણ - તરૂણીઓએ અપનાવવા જેવી પાંચ બાબતો

**(અનુસંધાન : પાના નં.-૧૬૬ ઉપરથી ચાલુ)**

હતી. માલતીએ કહ્યું : 'આજે શોપિંગમાં જવાનું મોકૂફ રાખ. માસી મળવા આવ્યાં છે.' પણ નિરાલી તો પર્સ ઝૂલાવતી 'હલ્લો' કહેતી બહાર જ નીકળી ગઈ.

માલતીને યાદ આવ્યું : એની સહેલીની ઘરની રીત કેવી હતી! પોતે અચાનક શોભનાને ઘરે જઈ ચડી ત્યારે વહુ દીપાલી તરત જ આવી. માસી, બા બાજુમાં જ ગયાં છે, હમણાં ખબર આપું છું કહી ઠંડું પાણી લાવી. જ્યાં સુધી શોભના આવી નહિ ત્યાં સુધી એની પાસે બેસીને વાતો કરી. પછી ફટાફટ રસોઈ બનાવી.

પોતાની મનપસંદ વાનગી, પૂરણપોળી. દાળનું ઓસામણ, ભરેલું શાક જોઈને માલતી આશ્ચર્યથી જોઈ રહી. દીપાલી હસીને બોલી : 'માસી, બા તમને યાદ કરીને ઘણીવાર તમારી વાત કરે છે. એટલે તમને ભાવતી વાનગી બનાવી છે.'

જ્યારે પોતાની વહુ નિરાલી શિષ્ટાચાર પૂરતું ય પૂછે છે કે પોતાને શું પસંદ છે?

ઘણાં કુટુંબોમાં નાના-મોટા સૌ કોઈ એટલું સારું વર્તન કરે છે, એટલી મીઠી વાણી હોય છે કે એને કલાકો સુધી સાંભળ્યા કરીએ. અને એમની સાથે સમય જલદી પસાર થઈ જાય છે, જ્યારે -

પેઢી જેમ જેમ બદલાતી જાય છે તેમ તેમ અનુભવ જુદો થતો જાય છે. વડીલો કહે છે કે અમારા વડીલો પ્રત્યે કેટલા માનથી બોલતા વર્તતા હતા. આજકાલ તો હાય, હલ્લો પૂરતી જ વાત અને પોતાને જે નિર્ણય લેવો હોય એમાંય વડીલોને પૂછવાનું શું? એટલા સ્વતંત્ર વિચારો આજની પેઢીના જોઈ વડીલોને દુઃખ થાય એ સ્વાભાવિક છે.

વહુ-દીકરીઓ પણ છૂટછાટ ન મળે તો કહેશે : 'શું ચાર દીવાલમાં ગોંધાઈને રહેવું? સમય પ્રમાણે બદલાવું જોઈએ, એ ખરું - પહેલાં શિષ્ટાચાર ખાતર સંતાનો પ્રત્યે અન્યાય જાણ્યેઅજાણ્યે કરી વડીલો પોતાના અહમ્‌ને પોષતા એથી લાભને બદલે હાનિ પણ થતી. પણ સમય સાથે 'શિષ્ટાચાર' પણ વાણી વર્તનમાં જળવાય તોય ઘણું.

***મંગલ મંદિર, ડિસેમ્બર-૧૯૯૭***

***સારું આચરણ કરવાથી અંતઃકરણ ચોખ્ખું થાય.***

# ચાઈના ક્લે (ચિનાઈ માટી)

• જયંતીભાઈ વિ. ભટ્ટ •

**• ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો :**

સફેદ ચીકાશવિહીન, ગંધરહિત, કાચા સ્વરૂપ માટે હાથની આંગળીઓને ડાઘા પાડતી, નોન ગ્રીટી માટી તેની ઔદ્યોગિક વપરાશની ક્ષમતાથી ઔદ્યોગિક માટીઓમાં અગત્યનું સ્થાન ધરાવે છે. રાસાયણિક દૃષ્ટિએ બહોળી પી એચ રેન્જમાં તે બિનકાર્યક્ષમ રહે છે. વીજ તથા ઉષ્ણતા માટે મંદવાહક અને નોન એબ્રેસિવ છે.

ચાઈના ક્લેની વિશિષ્ટ ઘનતા ૨.૬૦થી ૨.૬૩, બલ્ક ડેન્સિટી તથા વિઘટન બિંદુ ૧૬૫૦ ડિગ્રી સે.થી ૧૭૭૫ ડિગ્રી સે. રિફ્રેક્ટી ઈન્ડેક્સ ૧.૫૬થી ૧.૫૮, પાઉન્ડ / ક્યુ. ફીટ ૨૦થી ૪૦, ઓઈલ એબ્સોર્પ્શન (CC per 100 gm.) ૨૫થી ૫૦, વોટર ઑફ પ્લાસ્ટિસિટી (By weight) ૨૦થી ૪૦, ગ્રીન સ્ટ્રેન્થ ઈન kg/sq. m. ૫થી ૨૦, લીનિયર ડ્રાય સીન્કેજ % ૩ થી ૮, લીનિયર (૧૪૦૦ ડિગ્રી સે.) % ૧૪થી ૧૮, કેશાયન એક્સચેન્જ કેપેસિટી (મીલી ઈક્વીવેલન્ટ દર ૧૦૦ ગ્રામ) ૩ થી ૧૫. વ્યાપારીય દૃષ્ટિએ કોટીંગ, કેલ્સાઈન, રીફાઈન્ડ ગ્રેડો રંગ, કાગળ, પેઈન્ટ, પ્લાસ્ટિક, સીરામિક ક્ષેત્રોમાં વપરાય છે.

**• ઉદ્‌ભવ સ્થાન :**

મુખ્યત્વે બે વિભાગમાં વર્ગીકૃત ચાઈના ક્લે સ્થાપિત તથા વિસ્થાપિત પ્રકારોમાં મળી આવે છે. પ્રાથમિક સ્થાપિત ચાઈના ક્લે ગ્રેનાઈટ ખડકના બંધારણમાં રહેલા પોટાશ ફેલ્સપારના પરની કે ઓલીનાઈઝેશનની પ્રક્રિયામાં કાર્બોનેટ પાણીના સંસર્ગથી ઉદ્‌ભવે છે.

જળકૃત પ્રકારની ચાઈના ક્લે, મૂળ સ્થાનથી પાણીના માધ્યમ દ્વારા અન્ય સ્થળે વહનથી ઉદ્‌ભવે છે. પ્રાથમિક સ્થાપિત તથા જળકૃત વિસ્થાપિત પ્રકારોથી બનતી માટીના ભૌતિક ગુણધર્મો જુદા માલૂમ પડે છે.

**• પ્રાપ્તિ સ્થાન :**

રાષ્ટ્રીય કક્ષાએ ચીનાઈ માટી કેરાલા, વેસ્ટ બેંગાલ, ગુજરાત, રાજસ્થાન, બિહાર, ઓરિસ્સા, આસામ રાજ્યોમાં મળી આવે છે. ગુજરાતમાં મુખ્યત્વે મહેસાણા, કચ્છ જિલ્લામાં ખાનગી મુખ્ય પટ્ટેદારો દ્વારા ખાણકાર્ય કરવામાં આવે છે. સાબરકાંઠા, અમરેલી, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ભરૂચ જિલ્લામાં નાના પાયે મળી આવે છે. ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ ખાતા દ્વારા સાબરકાંઠા તથા કચ્છ જિલ્લામાં સંશોધન કાર્ય કરવામાં આવેલ છે. હાલ સંશોધન દ્વારા રાજ્યમાં ૬૦ મિલિયન ટનનો જથ્થો અંદાજિત થયેલ છે.

**• ઉપયોગો તથા ગુણવત્તા :**

સીરામીક, રંગ, પેપર્સ, ઈલેક્ટ્રિકલ કેબલ કોટિંગ, પેસ્ટીસાઈડ, રબ્બર, પ્લાસ્ટિક, કોસ્મેટિક તથા ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે વપરાશ થાય છે. ભૌતિક તથા રાસાયણિક ગુણધર્મો પર અવલંબિત કણના કદ, સફેદાઈ તથા પ્રકાશિતતા, રિઓલોજી, પીએચ, સીટ ગુણધર્મ, ઓપેસિટી, ફિલ્મ સ્ટ્રેન્થ, ગ્લોસ અને સુંવાળશ, શાહી રીસેપ્ટિવિટી, એડહેસીવ ક્ષમતાના ગુણોને લીધે ઔદ્યોગિક વપરાશ વધુ છે.

**• બહુમૂલ્ય પેદાશો :**

ચાઈના ક્લે આધારિત બહુમૂલ્ય પેદાશોના બજારો ઘણાં વિકસેલ છે. કેલસાઈન ચાઈના ક્લે વીજળીના કેબલ્સ કોટિંગ, રંગ ક્ષેત્રે તથા કોટિંગ ક્લે ઉત્તમકક્ષાના કાગળો તથા પ્લાસ્ટિકમાં વપરાય છે.

રાષ્ટ્રીય કક્ષાએ કેલ્સાઈન ચાઈના ક્લે "ઈંગ્લીશ ઈન્ડિયન ક્લે લિ.", "ઈન્ડિયન એલ્યુમિનિયમ કું." તથા "૨૦ માઈક્રોન કું." દ્વારા ઉત્પાદિત થાય છે. કોટિંગ ક્લે ફક્ત "ઈંગ્લીશ ઈન્ડિયન ક્લે લિ." ઉત્પાદિત કરે છે. રાજ્યમાં ફક્ત "૨૦ માઈક્રોન કંપની" કેલ્સાઈન ક્લેનું વાર્ષિક ૩,૦૦૦ ટન ઉત્પાદન કરે છે.

**• ચાઈના ક્લે આધારિત ઉદ્યોગો :**

કચ્છ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા જિલ્લામાં ચાઈના ક્લેના લેવિગેશન યુનિટો કાર્યરત છે. પટ્ટેદારો ચીલાચાલુ ઠારણ પધ્ધતિ દ્વારા રિફાઈન્ડ ચાઈના ક્લે બનાવે છે. હાઈટેક પ્રોસેસિંગ દ્વારા ચીનાઈ માટીમાં રહેલી આયર્ન, ટીટેનીઆ તથા સિલિકાની અશુદ્ધિઓ દૂર કરવા જુદી જુદી તાંત્રિક ક્રિયા અમલમાં છે. આ તાંત્રિક ક્રિયાને આધારે રાજ્યની ચાઈના ક્લેને અશુધ્ધિરહિત બનાવી રંગ, પ્લાસ્ટિક તથા રબ્બર ગ્રેડની બનાવવી શક્ય છે. કાચા માલમાંથી ચાઈના ક્લેની સારી રિકવરી માટે "એર સાયક્લોન"ના ઉપયોગ કરી પ્રોસેસિંગ પાણીની તંગીના સમયમાં આર્થિક રીતે પરવડે તેમ છે.

કેલ્સાઈન ચાઈના ક્લે માટે રોટરી ભઠ્ઠીમાં એલ.ડી.ઓ. કે ફરનેસ ઓઈલના માધ્યમથી કે ટેન્કર ગેસથી ચાઈના ક્લેને ૧૧૦૦ ડિગ્રી સે. તાપમાન આપી માઈક્રોનાઈઝિંગ કરી શકાય છે. ચાઈના ક્લે પાવડરને પ્રિ કેલ્સાઈનરમાં ફ્લૅર-અપ ગેસના રિ-યુઝ દ્વારા પણ કેલ્સાઈન થઈ શકે છે.

*જ્યાં સુધી આપણાં રાગદ્વેષ છે ત્યાં સુધી તત્ત્વબોધ થયો નથી, માત્ર વાતો શીખી છે.*

ચાઈના ક્લે માં કોટિંગ ક્લે બનાવવા માટે હાઈડ્રો સાયક્લોન તથા વેટ મેગ્નેટિક સેપરેટર, થીકનર તથા સેન્ટ એટ્રીટર જેવાં સાધનોના ઉપયોગથી બહુમૂલ્ય કોટિંગ ક્લે પેદાશ ઉત્પાદિત થઈ શકે છે.

આધુનિક યંત્ર સામગ્રી તથા તાંત્રિક તજજ્ઞોની સેવા દ્વારા કેલ્સાઈન ચાઈના ક્લે તથા કોટીંગ ક્લે પેદાશોના એકમો ખાનગી ક્ષેત્રે ઊભા કરવા આર્થિક રીતે પોસાય તેમ છે.

- **સૂચિત સંભવિત પ્રોજેક્ટના સ્થળો :**

**ચાઈના ક્લે આધારિત આધુનિક પ્રોસેસિંગ કરતા લઘુ એકમો કચ્છ જિલ્લાના માંડવી, અંજાર, ભચાઉ, ભુજ, રાપર, તાલુકા મથક પર ઊભા કરી શકાય તેમ છે.**

આધુનિક યંત્ર સામગ્રી દ્વારા સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાની ચીનાઈ માટી પર આધારિત કેલ્સાઈન અને કોટિંગ ક્લેના એકમો મહેસાણા તથા હિંમતનગર ખાતે ઊભા કરી શકાય. બહુમૂલ્ય પેદાશોના પ્રોજેક્ટ પ્રોફાઈલ્સ ઈન્ડેક્સ્ટ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર કચેરીમાંથી ઉપલબ્ધ થઈ શકશે.

આંતરિક તથા આંતરરાષ્ટ્રીય બજારોમાં કોટિંગ ક્લે (પેપર ગ્રેડ)ની માંગ દિન પ્રતિદિન વધતી રહે છે.

- **નિકાસ બજાર :**

પેપર ગ્રેડ ચાઈના ક્લેના પરદેશી બજારો સ્વિટ્ઝરલેન્ડ, નેધરલેન્ડ, જર્મની, યુ.કે.માં રહેલાં છે. હાઈટેક પ્રોસેસિંગથી બહુમૂલ્ય પેદાશો બનાવી આંતરરાષ્ટ્રીય બજારો સર કરી શકવાની શક્યતા છે.

- **ચાઈના ક્લે આધારિત પ્રોજેક્ટો :**

નવા ઔદ્યોગિક સાહસિકો તથા ઔદ્યોગિક જૂથોના પ્રાથમિક માર્ગદર્શન માટે ઈન્ડેક્સ્ટ-બી દ્વારા "ઑપોરચ્યુનિટી ફોર વેલ્યુ ઍડેડ ચાઈના ક્લે પ્રોજેક્ટ ઈન ગુજરાત"નું મૂલ્ય પ્રકાશન રૂા. ૨૫૦/- ના ડી.ડી. મોકલવાથી ઉપલબ્ધ થઈ શકશે. પ્રોજેક્ટ પ્રોફાઈલ વિના મૂલ્યે કચેરી દ્વારા પોસ્ટથી મોકલી આપવામાં આવશે. તજજ્ઞ સેવાઓની મૂલ્યથી ઉપલબ્ધિ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

*મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૨*

## કચ્છનો અકીક

**(અનુસંધાન : પાના નં.-૧૭૧ ઉપરથી ચાલુ)**

બનાવવા ટાઈની યુનિટ (કુટિર) રાપર, અંજારમાં ઊભું કરી શકાય.

(૨) "અકીક પેદાશો" બનાવવાના સ્મોલ સ્કેલ યુનિટનું પ્રોફાઈલ્સ ઈન્ડેક્સ-બીમાં ઉપલબ્ધ છે. આ યુનિટ ૧૮૦૦૦ વાર્ષિક પેદાશો માટે રૂા.૫૦ લાખમાં ઊભું કરી શકાય તેમ છે.

(૩) યુનિટની કાર્યક્ષમતા માટે કુશળ કારીગરવર્ગ તથા કાચોમાલ સૂચિત ગામોમાં લીઝ મેળવવાથી તથા ખંભાતના કારીગરોના સહકારથી શક્ય છે.

(૪) અકીક પેદાશોની નિકાસનું બજાર ઘણું જ ઉજ્જવળ છે.

■ **ઉદ્યોગનું સંભવિત સ્થાન :-**

અંજાર જી.આઈ.ડી.સી.ના સૂચિત પ્લોટમાં લઘુ ઉદ્યોગ એકમ તરીકે નોંધણી કરી નિકાસ આધારિત ઉદ્યોગ શક્ય છે.

*મંગલ મંદિર, જુલાઈ-૨૦૦૨*

## બૉક્સાઈડ

**(અનુસંધાન : પાના નં.-૧૭૨ ઉપરથી ચાલુ)**

ગુજરાતનો બૉક્સાઈડ રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચકક્ષાનો ગિબસીટિક ખનિજ તત્ત્વ સાથેનો ગણાય છે.

રિફ્રેક્ટરી ઉદ્યોગમાં રાજ્યના બૉક્સાઈડની વધુ માગ રહે છે.

■ **બહુમૂલ્ય પેદાશો :**

એલ્યુમિનિયમ ધાતુ સિવાય બૉક્સાઈડમાંથી હાઈ એલ્યુમિના રિફ્રેક્ટરી, એલ્યુમિના સિમેન્ટ, એલ્યુમિના કેમિકલ્સ, કેલ્સાઈન એલ્યુમિના, એક્ટીવેટેડ એલ્યુમિના, બ્રાઉન એબ્રેસિવ, વાઈટ એબ્રેસિવની પેદાશોનું વ્યાપારી ધોરણે ઉત્પાદન નફાકારક છે.

એલ્યુમિના કેમિકલ્સમાં એલ્યુમિનિયમ ક્લોરાઈડ, સલ્ફેટ, ડાયોક્સાઈડ, લઘુ ક્ષેત્રે ઉત્પાદન કરી શકાય છે.

■ **બૉક્સાઈડ આધારિત ઉદ્યોગો :**

રાષ્ટ્રીય કક્ષાએ એલ્યુમિનિયમ ધાતુના ઉત્પાદન કરતા નેશનલ એલ્યુમિનિયમ કોર્પોરેશન, ઈન્ડિયન એલ્યુમિનિયમ કોર્પોરેશન, ભારત એલ્યુમિનિયમ કોર્પોરેશનની રિફાઈનરીઓ કાર્યરત છે. રાજ્ય કક્ષાએ "ઓરિએન્ટ એબ્રેસિવ", યુનિવર્સલ કાર્બોરેન્ડમ લિ.ના સંકુલો પોરબંદર તથા જામનગર જિલ્લાના વરવાળા તથા ઓખામાં એબ્રેસિવ તથા કેલ્સીનેશનની પેદાશોનું ઉત્પાદન કરે છે. **"ગુજરાત ખનિજ વિકાસ નિગમ" તથા સૌરાષ્ટ્ર કેલ્સાઈન બોક્સાઈડ એન્ડ કેમિકલ્સ કચ્છ જિલ્લાના ગઢશીશા તથા જામનગરના ભાટિયામાં કેલ્સાઈન બોક્સાઈટનું ઉત્પાદન કરે છે.** "નટરાજ સિરૅમિક એન્ડ કેમિકલ્સ", વી.આર.ડબલ્યુ., ઈન્ટરકીલન નોબલ રિફ્રેક્ટરીના કારખાના હાઈ એલ્યુમિના રિફ્રેક્ટરીનું ઉત્પાદન કરે છે. લઘુ ક્ષેત્રે વાપી, નંદેસરી, અંકલેશ્વરમાં એલ્યુમિનિયમ સલ્ફેટનાં રસાયણ ઉત્પાદન કરતા એકમો છે. જામનગર, હાપા, વિજાપુર, મહેસાણામાં એબ્રેસિવ દાણા બનાવતાં લઘુ એકમો કાર્યરત છે. ગુજરાત ખનિજ વિકાસ નિગમ દ્વારા કચ્છ જિલ્લાના બૉક્સાઈડ આધારિત એલ્યુમિના પ્રોજેક્ટ અમેરિકાની "રેયોથોન એન્જિનિયર્સ કું."ના સહયોગથી ઊભા કરવાની કાર્યવાહી ગતિમાં છે.

■ **સંભવિત બહુમૂલ્ય પેદાશોના ઉત્પાદન માટે સૂચિત સ્થાનો :**

રાજ્યના બિન આરક્ષિત બૉક્સાઈડના અંદાજિત જથ્થાઓને અનુલક્ષીને તથા નિમ્નકક્ષાના બૉક્સાઈડનું ઉત્પાદનના વેગને અનુલક્ષીને હાલમાં નિમ્નકક્ષાના બૉક્સાઈડની નિકાસ તથા ખેડા, સાબરકાંઠા, જામનગર જિલ્લાના બૉક્સાઈડની કક્ષાને ધ્યાનમાં લેતાં લઘુ ક્ષેત્રે એલ્યુમિના કેમિકલ્સના સંકુલો ઊભા કરવાની કચ્છ જિલ્લાના ગાંધીધામ, માંડવીમાં ઉજળી શક્યતાઓ છે. સૌરાષ્ટ્રમાં જામખંભાળિયા તથા ઓખામાં સંકુલ સ્થાપી શકાય.

ગુજરાત ખનિજ વિકાસ નિગમના કેલ્સાઈન બૉક્સાઈડને વાપરીને હાઈ એલ્યુમિના રિફ્રેક્ટરી, હાઈ એલ્યુમિના સિમેન્ટની પેદાશો માટેના ટેક્નોફિઝિબિલિટી રિપોર્ટ બનાવી આ માટેના ઉત્પાદન અંગે વિચારી શકાય તેમ છે.

લો-ગ્રેડ બૉક્સાઈડને સાદી ભૌતિક ક્રિયાઓ દ્વારા ઊર્ધ્વીકરણ કરવા માટેના સંકુલની પણ ઉજળી સંભાવના રહેલી છે. આ માટેના સંકુલ ભુજ, અંજાર ખાતે ઊભા કરી શકાય તેમ છે.

*મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૦૨*

# કચ્છ જિલ્લાના સુશોભિત અને ઘડતર પથ્થરો

• જયંતીભાઈ વિ. ભટ્ટ •

કચ્છ જિલ્લો ખનીજ સંપત્તિની દૃષ્ટિએ રાજ્યમાં આગવું સ્થાન ધરાવે છે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસમાં ખનીજ આધારિત ઉદ્યોગોનો અગ્રેસર ફાળો રહેલ છે. લિગ્નાઈટ આધારીત થર્મલ પાવર, ચૂના પથ્થર આધારિત સિમેન્ટ પ્રોજેક્ટ અને બેન્ટોનાઈટ માટી આધારિત લઘુક્ષેત્ર પ્રોસેસિંગ યુનિટો જિલ્લામાં રોજીરોટીની તકો ઉપલબ્ધે છે.

જિલ્લામાં મુખ્ય તથા ગૌણ ખનીજો ઉપરાંત બાંધકામના પથ્થરો તથા સુશોભિત પથ્થરોનું ખાણકાર્ય થાય છે. ઘડતર પથ્થરોના વિપુલ જથ્થા ભુજ, સેડાતા, માધાપર વિસ્તારમાં મળી આવે છે.

ભૂસ્તર દૃષ્ટિએ, જિલ્લામાં સેન્ડ સ્ટોન, લાઈમ સ્ટોન, ડોલેરાઈટ ખડકો ભુજ, નખત્રાણા, અબડાસા, માંડવી, ભચાઉ તાલુકાઓમાં મળી આવે છે. ઘડતર ક્ષેત્રે ભુજનો સેન્ડસ્ટોન તેના રંગની વિવિધતા તથા આંતરિક રચનાને આધારે બાંધકામ ક્ષેત્રે વધુ વપરાશમાં છે. ભુજના મહારાજાનો મહેલ તથા અંજારનું ટાવર સેન્ડ સ્ટોનની વિવિધતાના સાક્ષીરૂપ છે. ઘડતર પથ્થરોના વ્યાપારીય ઉત્ખનન તથા વપરાશ પર દૃષ્ટિપાત કરતાં તેના રંગ, રૂપ, આંતરિક કણિકાઓની ગોઠવણી બાંધકામ ક્ષેત્રે આકર્ષણનું કારણ બનેલ છે.

## ૧. સેન્ડ સ્ટોન (રેતી પથ્થર)

જુરાસિક યુગકાળથી પ્લાઈસ્ટોસીન સુધી મળતો રેતી પથ્થર જિલ્લાના ભુજ, અંજાર તાલુકાઓના સીમ, સેડાતા, રતીયા, કોડકી, નારણપર, ગોડપર, સાપેડા, નાંગલપર અને અંજાર વિસ્તારમાં મળી આવે છે.

ભુજ અને માધાપર વિસ્તારનો નરમ જાંબુડિયો રેતી પથ્થર સહેલાઈથી વહેરી શકાય છે. માગણી મુજબની સાઈઝ તથા જાડાઈમાં કટરથી વહેરી બ્લ્યુ સેન્ડ સ્ટોનની ટાઈલ્સ ફ્લોરીંગમાં તથા વ્યાપારીય કોમ્પ્લેક્સના આઉટર ક્લેડિંગમાં વાપરી શકાય તેમ છે.

શેડવાળો, પીળો રેતી પથ્થર પણ "કટર"થી ટાઈલ્સ સાઈઝમાં જુદી જુદી જાડાઈમાં કાપી ભોંયતળિયાના કામમાં વાપરી શકાય તેમ છે. કોટા સ્ટોન સાઈઝના બ્લોક વ્યાપારીય સંકુલોના કમ્પાઉન્ડમાં જોધપુર સેન્ડ સ્ટોનની હરીફાઈમાં ટકી શકે તેમ છે. વ્યાપારીય ધોરણે કામ કરવા માંગતી પેઢીઓ ભુજ સેન્ડ સ્ટોનના ઈજનેરી ગુણધર્મોની ચકાસણી કરી, સાઉથ એશિયન દેશોમાં બાંધકામ ક્ષેત્રે નિકાસ કરવાના ઉજળા સંકેતો ધરાવે છે. કચ્છ જિલ્લામાં રેતી પથ્થરના ખાણકેન્દ્રો પર મળતા સેન્ડ સ્ટોનના ઈજનેરી ગુણધર્મો નીચે પ્રમાણે છે :

| *ક્રમ* | *સ્થળ* | *વિશિષ્ટ ઘનતા* | *પાણી ગ્રહણની ટકાવારી* | *કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ કિલો/સે.મી.* $^2$ |
|---|---|---|---|---|
| *૧* | *કોટડા* | *૧.૮૫* | *૧૦.૫૦* | *૨૦* |
| *૨.* | *માનફેરા* | *૨.૬૧* | *૧.૬૦* | *૧૦૫૨* |
| *૩.* | *રવાપર* | *૧.૯૨* | *૧૦.૭૧* | *૬૮૭* |

**નખત્રાણા તાલુકાના કોટડા રોહા, રોઝા ડુંગરમાંથી ક્રીમ કલરનો સેન્ડ સ્ટોન તથા અંજાર તાલુકાના દહીંસરા અને મથકમાંથી પણ ક્રીમ કલરનો સેન્ડ સ્ટોન ખાણકાર્ય માટે લઈ શકાય તેમ છે.**

- **પીળો લાઈમ સ્ટોન :**

ખાવડા નજીક અંધૌ વિસ્તારમાં મળી આવતો સખત, પીળા રંગનો લાઈમ સ્ટોન બાંધકામ ક્ષેત્રે ફ્લોરિંગમાં વપરાય તેમ છે. નાના ખાણિયાઓ આ વિસ્તારમાં ખાણકાર્ય કરી પીળા લાઈમ સ્ટોનના સ્લેબ કાઢે છે. પીળો લાઈમ સ્ટોન તેની કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ તથા એકધારી દાણાદાર રચનાને લીધે પોલિશ થાય છે અને અંધૌનો પીળો પોલિશ સ્ટોન રાજસ્થાનના જેસલમેર પીળા ખડકની સરખામણીમાં રાજયના આંતરિક બાંધકામ ક્ષેત્રે વિકસાવી શકાય તેમ છે.

- **ડોલેરાઈટ :**

**નખત્રાણા તાલુકાના ધીણોધર નજીકના વિસ્તારમાં ડોલેરાઈટ ડાઈક મળી આવે છે.** આ ડોલેરાઈટ ડાઈકનું ખાણકાર્ય કરી કટર સાઈઝનાં કાળા બ્લોક કાઢી શકાય તેમ છે. ધીણોધરનો ડોલેરાઈટ ખડક બ્લેક ટાઈલ્સ બનાવવા ઉપયોગમાં લઈ શકાય તેમ છે.

- **લઘુક્ષેત્રે વ્યાપારીય તકો :**

બાંધકામક્ષેત્રે કચ્છનો સેન્ડ સ્ટોન જોધપુરના લાલ સેન્ડ સ્ટોનની હરીફાઈ કરી શકે તેમ છે. સેન્ડ સ્ટોનના જાંબુડિયા, ક્રીમ તથા પીળા કટર સાઈઝના બ્લોકોને ૨ મિલિમીટર સાઈઝની જાડાઈની ટાઈલ્સો કટરથી કાપી, ફ્લોરિંગ તથા આઉટર ક્લેડિંગ, કમ્પાઉન્ડના ભોંયતળિયા, વ્યાપારીય સંસ્થાનોના પ્રવેશદ્વારની આજુબાજુ આકર્ષક ડિઝાઈનથી ગોઠવી ભોંયતળીયામાં ફ્લોરિંગ માટે વાપરી શકાય તેમ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮૬ ઉપર)**

*ક્યારેય કોઈનો સહયોગ માગશો નહિ, એકલા ઊભા રહો અને અન્યોનો સામનો કરો.*

પ્રવાસ વર્ણન

# સરદાર સરોવર - ડેમ સાઈટની મુલાકાત

• અશોક મહેતા •

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, છેલ્લા કેટલાક સમયથી નર્મદા નદીના કચ્છ માટેના સિંચાઈના પાણી તથા તેને લગતા કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોના પ્રશ્ને ઊંડાણમાં ઉતરેલ છે અને તે દિશામાંના પ્રયત્નો સતતપણે ચાલુ રાખે છે.

ઉપરોક્ત વિષયના અનુસંધાને "સરદાર સરોવર ડેમ"ની મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવેલ. સમાજના ટ્રસ્ટ બોર્ડ, કારોબારી સમિતિ તથા અન્ય સમિતિઓના સભ્યોમાંથી ૨૮ સભ્યોનું એક જૂથ હોળી - ધૂળેટીના દિવસો દરમ્યાન તા. ૬-૩-૦૪ તેમજ તા. ૭-૩-૦૪ એમ બે દિવસની "કેવડિયા કોલોની"ની મુલાકાતે ગયેલ. **આ પ્રકારની સ્ટડી ટૂરનું આયોજન પ્રથમ વખત જ કરવામાં આવેલ.**

સૌથી પ્રથમ "મોડેલ હાઉસ"ની મુલાકાત લેવામાં આવેલ કે જે "કેવડિયા કોલોની"માં જ આવેલ છે. આ મોડેલ હાઉસ જોવાથી ડેમના પૂર્ણ આયોજનનો ખ્યાલ આવી શકે છે. ડેમ સાઈટ, ડેમની ઊંચાઈ, ડેમની પહોળાઈ, પાણી પાસ કરવા માટેના રેડિયલ ગેઈટ્સ, ટનલ, રિવર બેડ પાવર હાઉસ, કેનાલ હેડ પાવર હાઉસ, ઈરિગેશન બાયપાસ ટનલ (IBPT), ડેમમાંથી પ્રથમ છોડવામાં આવતા પાણી માટેના વિવિધ પ્રકારના ૪ તળાવ તથા ૦.૦ કિલોમીટરથી ચાલુ થતી મેઈન કેનાલ વગેરેની ખૂબજ સારી રીતે સમજ મેળવી શકાય છે. દરેકની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

## • મિક્સિંગ પ્લાન્ટ :

અહીં વિવિધ પ્રકારના સાયલો ટાવર ઊભા કરવામાં આવ્યા છે. કન્વેયર દ્વારા એકમાં રેતી, બીજામાં મેટલ તથા ત્રીજામાં સિમેન્ટ લાવવામાં આવે છે. આ ત્રણેને જરૂરી પ્રમાણમાં મિશ્રણ કરી તેમાં બરફના ચીપ્સ ઉમેરવામાં આવે છે. મિક્સિંગમાં પાણીની જગ્યાએ બરફ વાપરવામાં આવે છે કે જેના કારણે મિશ્રણનું ટેમ્પરેચર નીચું રહે અને આ કોન્ક્રિટના કારણે ભવિષ્યમાં ક્રેક / તિરાડો ના પડે. બરફ માટે આઈસ પ્લાન્ટ નજદીકમાં જ ઊભો કરવામાં આવેલ છે.

## • ટાવર ટ્રોલી :

ડેમના બંને છેડે ટાવર ઊભા કરવામાં આવેલ છે અને તેના પર વાયર રોપ બાંધવામાં આવેલ છે. આ વાયર રોપ પર ટ્રોલી ફર્યા કરે છે. મિક્સિંગ પ્લાન્ટમાંથી કન્વેયર દ્વારા કોન્ક્રિટ આ ટ્રોલીમાં ઠાલવવામાં આવે છે. આ ટ્રોલીમાં એક સાથે ૨૭ મેટ્રિક ટન કોન્ક્રિટ લઈ જવામાં આવે છે અને તેને ટ્રોલી દ્વારા ડેમ પર જે તે જગ્યાએ લઈ જઈ આ મિશ્રણ ઠાલવવામાં આવે છે. હેવી વાઈબ્રેટર દ્વારા આ કોન્ક્રિટને વાઈબ્રેટ કરી આ કોન્ક્રિટ દ્વારા ડેમ બાંધવામાં આવે છે અને તેની ઊંચાઈ વધારતા જવામાં આવે છે. ૨૪ કલાક આ કોન્ક્રિટિંગ ચાલુ રાખવામાં આવે છે. ૨૪ કલાકમાં અંદાજિત ૧૮૦૦ ઘન મીટર જેટલું કોન્ક્રિટ કરવામાં આવે છે. ડેમની ઊંચાઈ ૧૦૦ મીટરથી ૧૧૦.૬૪ મીટર સુધી લઈ જવા ૧.૯૦ લાખ ઘન મીટર કોન્ક્રિટ વાપરવામાં આવનાર છે કે જે ૪ મહિનામાં પૂરું કરવાનું આયોજન વિચારાયેલ છે.

## • નર્મદા નદી :

નર્મદા નદીનું ઉદ્‌ગમ સ્થાન મધ્ય પ્રદેશમાં અમરકંટક પાસે આવેલું છે અને તે ૧૩૧૨ કિ.મી.ની લાંબી યાત્રા કરીને ખંભાતના અખાત પાસે આવીને અરબી સમુદ્રને મળે છે. નર્મદાને ૪૧ પેટા નદીઓ મળે છે કે જેમાંથી ૨૨ ડાબે કાંઠે અને ૧૯ જમણા કાંઠે આવેલી છે. નર્મદા નદીનો સ્રાવ વિસ્તાર ૯૭,૪૧૦ ચોરસ કિ.મી. છે.

## • મુખ્ય ડેમ :

ગુજરાતમાં નવાગામ પાસે આવેલ મુખ્ય ડેમની લંબાઈ ૧૨૧૦ મીટર છે. ડેમના ટોચની ઊંચાઈ ૧૪૬.૫૦ મીટર રાખવામાં આવનાર છે. આ ડેમના ફાઉન્ડેશનની ઊંડાઈ ૧૬.૫ મીટર જેટલી છે. આ જળાશયની લંબાઈ ૨૧૪ કિ.મી.ની છે, કે જે ગુજરાતમાં અંદાજિત ૨૫ કિ.મી. અને બાકી મધ્ય પ્રદેશમાં આવેલ છે. આ જળાશયની મહત્તમ પહોળાઈ ૧૬.૧ કિ.મી. છે જ્યારે તેની સરેરાશ પહોળાઈ ૧.૭૭ કિ.મી. છે. આ જળાશયની સંગ્રહ ક્ષમતા ૪.૭૫ એમ.એ.એફ. પાણીની છે. આ ડેમમાં પાણીની સપાટી વધુમાં વધુ ૧૩૮ મીટર સુધી રાખવામાં આવનાર છે.

## • રિવર બેડ પાવર હાઉસ :

આ વીજ મથક નદીના જમણા કાંઠે, ડેમથી નીચે જતાં ૧૬૫ મીટરના અંતરે આવેલું ભૂગર્ભ વીજ મથક છે. તેમાં ૨૦૦ મેગા વોટના એક એવા છ યુનિટ્સ બેસાડવામાં આવનાર છે અને તેમાં ફ્રાન્સીસ ટાઈપ રિવર્સીબલ ટર્બાઈન જનરેટર મુકવામાં આવનાર છે. આ પાવર હાઉસની મશીનરી જાપાનથી આયાત કરવામાં આવેલ છે અને તેને શક્ય ઝડપથી પૂરું કરવાની યોજના છે.

## • કેનાલ હેડ પાવર હાઉસ :

આ વીજ મથક પણ નદીના જમણા કાંઠે આવેલું જમીન પરનું વીજ મથક છે, જેમાં ૫૦ મેગા વોટનું એક એવા પરંપરાગત કાપ્લાન પ્રકારના પાંચ જનરેટર સેટ બેસાડવામાં આવેલ છે. આ વીજ મથક ૧૯૯૭માં તૈયાર થઈ ગયેલ છે. આ પાવર પ્લાન્ટની મશીનરી ભારતમાં જ બનાવવામાં આવેલ છે. ડેમનું કન્સ્ટ્રક્શન ૧૧૦ મીટર સુધી

*જીવનમાં અહંકારરૂપી હિમશિલાઓને ઓગાળો.*

થયા બાદ આ પાવર પ્લાન્ટ વીજળી ઉત્પાદન કરી શકશે.

- **વિવિધ પ્રકારના ૪ પોન્ડ્સ (તળાવ) :**

ડેમમાંથી પાણી પ્રથમ પોન્ડ નં.-૧ માં અને ત્યારબાદ લીંક કેનાલ દ્વારા પોન્ડ નંબર-૨, ૩ તથા ૪ માં પાસ થઈ રેડિયલ ગેઈટ દ્વારા મેઈન કેનાલમાં લઈ જવામાં આવે છે. મેઈન કેનાલની શરૂઆત અહીંથી થાય છે. આમ ડેમમાંથી સીધેસીધું કેનાલમાં પાણી છોડવાના બદલે પહેલાં આ ચાર તળાવોમાં થઈને પછી મેઈન કેનાલમાં પાણી જાય છે.

- **મેઈન કેનાલ :**

ડેમ સાઈટથી રાજસ્થાનની હદ સુધી મેઈન કેનાલની લંબાઈ ૪૫૮ કિ.મી.ની છે. તદુપરાંત આ કેનાલની લંબાઈ રાજસ્થાનમાં ૭૪ કિ.મી.ની છે. શરૂમાં આ કેનાલના તળિયાની પહોળાઈ ૭૩.૧ મીટર (૨૪૦ ફુટ) તથા ઊંડાઈ ૭.૬૦ મીટરની છે. આ કેનાલની વહન ક્ષમતા શરૂમાં ૧૧૩૩ ક્યુમેક્સની છે. જ્યારે ગુજરાત - રાજસ્થાન સરહદે તેની વહન ક્ષમતા ૭૧ ક્યુમેક્સની રાખવામાં આવનાર છે. આ કેનાલની લંબાઈ પર અનેક નાની - મોટી નદીઓ તથા નાળાંઓ વગેરે પાસ કરવામાં આવનાર હોવાથી તેના પર વિવિધ પ્રકારના આશરે ૬૦૦ સ્ટ્રક્ચર્સ બાંધવામાં આવનાર છે. ૯૧.૪૪ મીટરના લેવલથી એટલે કે ૩૦૦ ફૂટના લેવલથી આ કેનાલમાં પાણી છોડવામાં આવનાર છે.

- **શાખા નહેરો :**

મેઈન કેનાલમાંથી ૪૪ શાખા નહેરો બાંધવામાં આવનાર છે કે જેમાં મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છની શાખા નહેરો મુખ્ય હશે. સૌરાષ્ટ્ર શાખા નહેરની ક્ષમતા ૪૨૫ ક્યુમેક્સ તથા કચ્છ શાખા નહેરની ક્ષમતા ૨૨૦ ક્યુમેક્સની રાખવામાં આવનાર છે. શાખા નહેરો, પ્રશાખાઓ, નાની નહેરો અને પેટા નાની નહેરોના નેટવર્કની લંબાઈ ૬૬,૦૦૦ કિ.મી. થશે.

- **નહેર પરના સ્ટ્રક્ચર્સ :**

આ મુખ્ય નહેર પર ૧૦.૦ કિલોમીટરના અંતરે વાડિયા બ્રાંચ હેડ રેગ્યુલેટર, ૧૭ કિલોમીટરે મેણ નદી પરનું સાયફન એક્વાડક્ટ તેમજ ૫૦.૦ કિલોમીટરના અંતરે મોરસંગ એક્વાડક્ટના સ્ટ્રક્ચર્સ ખૂબજ જોવાલાયક છે. એ જ રીતે અમદાવાદમાં સાબરમતી નદી પરનું સાયફન પણ જોવાલાયક સ્ટ્રક્ચર્સ છે. કેટલીક જગ્યાએ નદી પરથી કેનાલ પાસ થાય છે જ્યારે કેટલીક જગ્યાએ નદીની નીચેથી કેનાલ પસાર કરવામાં આવે છે. આ બધા સ્ટ્રક્ચર્સ જોયા પછી નર્મદા નિગમના એન્જિનિયરોની ક્ષમતા દાદ માંગી લે તેવી ભાવના આપણા દિલોદિમાગ પર છવાઈ જાય છે.

- **વિસ્થાપિતો માટે પુનર્વસન :**

આ યોજનાથી અસરગ્રસ્ત કુટુંબોને યોજનાના લાભાર્થી કુટુંબોમાં પરિવર્તિત કરવાનો અભિગમ રાખવામાં આવેલ છે. સરદાર સરોવર યોજના જ એક માત્ર એવી યોજના છે કે જ્યાં દેશમાં સૌ પ્રથમ વખત જમીનના બદલામાં જમીન આપવામાં આવે છે. જે કુટુંબોની જમીન ૨૫ ટકા કરતાં વધુ પ્રમાણમાં ડૂબમાં જાય, તેમને અન્ય સ્થળે જમીન આપવામાં આવે છે. તા. ૧-૧-૧૯૮૭ સુધીના અસરગ્રસ્ત વયસ્ક પુત્રોને બે હેક્ટર જેટલી જમીન અન્યત્ર આપવામાં આવે છે. જમીન વિહોણા ખેત મજૂરો પણ આ યોજના હેઠળ બે એકર જેટલી જમીન મેળવવાપાત્ર છે. ડેમની ૧૧૦.૬૪ મીટરની ઊંચાઈ થાય ત્યાં સુધી ગુજરાત સરકારે પર્યાવરણ સંબંધી તેમજ પુનર્વસનના પગલાં પૂરાં કરી દીધેલ છે. આ યોજનામાં ૧૦૦ લાભાર્થીએ ૧ વિસ્થાપિતનું પ્રમાણ રહેલ છે.

- **આ યોજનાના લાભો :**

આ યોજનાથી ગુજરાતના ૧૪ જિલ્લામાં ૧૮ લાખ હેક્ટર જમીનમાં, રાજસ્થાનમાં ૭૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં તથા મહારાષ્ટ્રમાં ૩૭,૫૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની ખેતી થઈ શકશે. આ યોજનાથી ૧૪૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવામાં આવશે કે જેમાંથી મધ્ય પ્રદેશને ૫૭ ટકા, મહારાષ્ટ્રને ૨૭ ટકા તથા ગુજરાતને ૧૬ ટકા વીજળી મળી શકશે. ગુજરાતના ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરી વિસ્તારો તેમજ રાજસ્થાનના ૧૩૧ ગામોને પીવાના પાણી ઉપલબ્ધ થઈ રહેશે.

- **પ્રવાસ :**

તા. ૬-૩-૦૪ના સવારના ૮ વાગ્યે અમદાવાદથી કેવડિયા કોલોની જવા નીકળ્યા ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુંબઈ સ્થિત એક કાયમી ટ્રસ્ટી શ્રી બિપિનભાઈ જૈન પણ આ પ્રવાસમાં જોડાયેલ હતા. આણંદથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આણંદમાં ''ગાલા બ્રશ''ની ફેક્ટરી પર અંદાજિત એક કલાકનો વિરામ રાખવામાં આવેલ કે જ્યાં બધી જાતના બ્રશના ઉત્પાદનો જોઈ શકાયા. સૌએ ગાલા પરિવારની મહેમાનગતિ પણ માણી.

તા. ૬-૩-૦૪ના સાંજે સૂરપાણેશ્વર મંદિરની મુલાકાત લીધી. અહીંનું આહલાદક વાતાવરણ ગમે તેવા થાકને પણ ઓગાળી નાંખે છે. સૂરપાણેશ્વરનું અસલ મંદિર સરોવરમાં ડૂબમાં ગયેલ હોવાથી અહીં ગુજરાત સરકારે એક નવું જ મંદિર બંધાવી આપેલ છે.

આ સંસ્થાના એક સભ્ય શ્રી કિરીટભાઈ સંઘવીએ ખૂબજ રસ દાખવીને ઉપરોક્ત યોજના દરેક સમયે વિગતવાર સમજાવી અને આ યોજનાની સંપૂર્ણ જાણકારી આપી. તેમના વગર આ યોજનાની આટલી વિગતવાર માહિતી અને દરેક સ્થળની મુલાકાત શક્ય ના બનત.

- **સાર :**

આ બાબતે રસ લેતા દરેક કચ્છીએ એક વખત સરદાર સરોવર બંધની તેમજ મેઈન કેનાલની મુલાકાત લેવી જ રહી. નજરે જોયા વગર આ યોજનાનો અસલ અંદાજ બાંધવો કઠિન બની રહે. જાતે આ યોજના નિહાળ્યા બાદ મંત્રમુગ્ધ થઈ જવાય.

સરદાર સરોવર નર્મદા નિગમના એન્જિનિયરોની ક્ષમતા તથા કુશળતાના દર્શન કર્યા પછી તેમના ટેક્નિકલ જ્ઞાનને ચેલેન્જ કરવું એ અક્ષમ્ય ગણાય.

**જ્યારે સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીઓ કચ્છમાં નર્મદાના સિંચાઈના પાણી લઈ જવા ''લિફ્ટ એન્ડ ફોલ''ની પદ્ધતિનું સૂચન કરતા હોય ત્યારે તેની સામે કચ્છનો એક સામાન્ય જન કે જેને આ વિષયક ટેક્નિકલ જ્ઞાન નથી તે ગ્રેવિટીની વાત કરે ત્યારે તે માનવની પામરતા પર દયા આવે.**

*મંગલ મંદિર, એપ્રિલ-૨૦૦૪*

*પોતાની જ નહિ, બીજાની રક્ષા કરતાં શીખવું જોઈએ.*

જીવન ઝરમર

# કારાણીજીની જીવનઝરમર

• સુલુ જલદીપ શાહ •

શ્રી દુલેરાય કારાણીનો જન્મ મુંદ્રા શહેરમાં ૯૩ વર્ષ પહેલાં થયો હતો. બાળપણથી જ તેમને ભાષાસાહિત્ય તરફ રુચિ હતી. કેળવણી મુન્દ્રામાં જ મેળવી. મુંબઈથી પ્રગટ થતા સાપ્તાહિક 'સ્વદેશ'ના તંત્રી બી.એન. મહેશ્વરીએ તેમની અંદર રહેલા સર્જક જીવને પિછાણી લીધો અને એ રીતે તેમની વ્યવસ્થિત સાહિત્ય સાધનાનો પ્રારંભ થયો. તેમના કહેવાથી જ દુલેરાય કારાણીએ પોતાનું પહેલું પુસ્તક 'કચ્છનાં રસઝરણાં' ૧૯૨૮માં પ્રગટ કર્યું. ત્યાર પછી સાહિત્ય પથ પર તેમની યાત્રા અવિરત ચાલુ રહી, છ-છ દાયકા સુધી.

તરુણવયે કારાણીજી વિદ્વાન જૈન મુનિશ્રી કલ્યાણચંદ્રજીના સંપર્કમાં આવ્યા. સાહિત્યનાં અનુરાગી આ વિતરાગીની જબરી અસર સંવેદનશીલ કારાણીજી પર પડી. તેમના જીવન અને સાહિત્યના ઘડતરમાં મુનિ કલ્યાણચંદ્રજીએ ખૂબ મોટો ફાળો આપ્યો.

કારાણીજીએ પોતાની કારકિર્દીનો પ્રારંભ મુંદ્રાની દરબારી શાળામાં શિક્ષક તરીકે કર્યો. ધીમે ધીમે પ્રગતિ કરતા જઈ તાલુકાના ગુંદિયાળી ગામે મુખ્ય શિક્ષક બન્યા. એ સમયે માંડવીમાં સાહિત્યકારો સાહિત્યરસિકોનું એક સરસ વર્તુળ જામ્યું હતું. કારાણીજી એ વર્તુળ સાથે એકરાર થઈ ગયા. આ મંડળમાં રાષ્ટ્રીય કવિ શ્રી નિરંજન (મુરારી લાલજી વ્યાસ), ડૉ. કરસનદાસ દોશી, શ્રી કલ્યાણજી વ્યાસ 'શ્રેયસ', શ્રી નાનાલાલ વૈકુંઠરાય વોરા, શ્રી પોપટલાલ માસ્ટર વગેરેનો સમાવેશ થતો. માંડવીમાં શરૂમાં કલ્યાણજીભાઈને ત્યાં અને પાછળથી મનુભાઈ પાંધીને ત્યાં તેમની રાત્રી બેઠકો અને ડાયરા જામતા. રજાઓમાં આ મંડળી ગુંદિયાળી પહોંચી જતી.

ગુંદિયાળીમાં તેમણે લગભગ ૧૩ વર્ષ વિતાવ્યાં. આ સમય દરમ્યાન તેમણે 'કચ્છી કિસ્સા બાવની', 'કારાણી કાવ્યકુંજ'ના બે ભાગ, 'કચ્છી ભાષાની પહેલી પોથી', 'કચ્છ કલાધરો' વગેરેનું સર્જન કર્યું.

મુખ્ય શિક્ષક અને સાહિત્યકાર તરીકેની તેમની સિદ્ધિઓથી પ્રભાવિત થઈ કચ્છના મહારાવે તેમને ડેપ્યુટી કેળવણી નિરીક્ષક બનાવ્યા એટલે તેઓ ભુજ આવીને વસ્યા. આ નવી જવાબદારી નિભાવવા તેમને કચ્છના ગામોગામ જવું પડતું. વ્યાપક પ્રવાસો દરમ્યાન કચ્છના ચારણો, ગઢવીઓ, બારોટો વગેરેના સંપર્કમાં આવતાં તેમણે તેમની પાસે સચવાઈ રહેલ લોકસાહિત્યનો વારસો જાણ્યો અને તેનું સંપાદન કરી ભાવિ પેઢી માટે સાચવવાની ધુણી ધખાવી. એ જ રીતે લોકજાતિઓ સાથેના સંપર્કથી તેમણે વિવિધ જાતિઓનાં ગીતો, રિવાજો વગેરેની માહિતી એકત્ર કરી. જેમ મેઘાણીએ સૌરાષ્ટ્રના તેમ કારાણીજીએ કચ્છના લોકસાહિત્યનું જતન કર્યું.

લાંબી અને યશસ્વી કારકિર્દી બાદ કારાણીજી ૫૩ વર્ષની ઉંમરે ૧૯૪૯માં નિવૃત્ત થયા. યુવાન વયે પડેલી મુનિશ્રી કલ્યાણચંદ્રજીની અસરો હજી પણ એટલી જ તાજી હતી. મુનિશ્રી સોનગઢ (સૌરાષ્ટ્ર) હતા એટલે કારાણીજી ત્યાં રહેવા ગયા. ત્યાં મુનિશ્રીએ તેમને જૈન ચારિત્ર્ય રત્નાશ્રમના ગૃહપતિની ફરજ સોંપી. તેમના માર્ગદર્શન હેઠળ સંખ્યાબંધ બાળકોનું ઘડતર થયું. ત્યાંથી તેમણે 'સમય' નામના બંધ પડી ગયેલા પાક્ષિકનું પુનઃ પ્રકાશન કર્યું. તેની સાથે સાથે કચ્છ કલાધરની બીજી અને ત્રીજી આવૃત્તિ પ્રગટ કરી. એ જ રીતે 'કચ્છના સંતો અને કવિઓ'ના પણ બે ભાગ પ્રગટ કર્યાં.

સતત સાહિત્ય સાધનામાં રત એવા કારાણીજી પર આ તબક્કે કુઠારાઘાત થયાં. સહધર્મચારણિયાણી સોનલદેવીનું હૃદય બંધ પડવાથી અવસાન થયું. તેમણે પોતાની હૃદય વેદના 'સોનલ બાવની'માં વ્યક્ત કરી. ત્યાં જ તેમની સાહિત્ય સાધનાના સખા સમાન મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ ચિર વિદાય લીધી. કારાણીજી માટે હવે સોનગઢમાં રહેવું અશક્ય બન્યું. એટલે અમદાવાદ આવી ગયા. તેમનાં પુત્ર-પુત્રીઓ અમદાવાદમાં સ્થિર થયાં હતાં અને પ્રગતિ સાધી રહ્યા હતા. કારાણીજી વિશાળ પરિવારની વચ્ચે આવીને વસ્યા.

વાર્ધક્યની અસરો વર્તાતી હતી. શક્તિ ક્ષીણ થતી જતી હતી પણ જુસ્સો તો એટલો જ હતો. કલાધરોની નવી આવૃત્તિ, કાવ્યકુંજના પાંચ ભાગ, શબ્દકોશ વગેરે પ્રગટ કર્યાં.

આજે કારાણીજી આપણી વચ્ચે નથી પણ તેમની હરીભરી યાદ સદા તાજી રહેશે. તેમનું વડલા જેવું વિશાળ વ્યક્તિત્વ, મોબીતીલી મીઠાશ તેમના સંપર્કમાં એક વખત આવેલાને પણ કાયમ સંભારણા જેવા બની રહે અને કચ્છી સાહિત્યના ક્ષેત્રે તેમના પ્રદાનને તો કચ્છ અને કચ્છીઓ કદી ભૂલી નહીં શકે.

***મંગલ મંદિર, એપ્રિલ-૧૯૮૯***

# કચ્છનો સપૂત
# વિશ્વનો મહાન વનસ્પતિશાસ્ત્રી - જયકૃષ્ણ ઇન્દ્રજી

● અનિલ કોઠારી ●

આજથી ૮૫ વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૧૦ની સાલમાં, ગુજરાતી ભાષામાં મોટા કદનાં (રોયલ ચાર પેજી) લગભગ સવા સાતસો પાનાંનો "વનસ્પતિશાસ્ત્ર" નામનો ગ્રંથ બહાર પડ્યો અને હિંદના અને પશ્ચિમના વનસ્પતિશાસ્ત્રીઓ એના કર્તા પર જાણે વારી ગયા હતા. પોરબંદર રાજયના ભૂસ્તર સર્વેક્ષણ નિયામક ઈ.હાવર્ડ એડીસાહેબે આ ગ્રંથ માટે લખ્યું કે, "જો આ ગ્રંથની ઉચિત તસવીરો અને અન્ય સાધનોથી શણગારાયેલી અંગ્રેજી આવૃત્તિ પ્રગટ કરાશે તો બ્રિટિશ સામ્રાજ્ય અને અમેરિકાભરના વનસ્પતિશાસ્ત્રીઓ દ્વારા એનો નિઃશંક સત્કાર થશે."

**જોકે આ ગ્રંથમાં પોરબંદરના વનસ્પતિના ખજાના ગણાતા બરડા ડુંગર પરની અને આજુબાજુની વનસ્પતિઓનો અભ્યાસ જ રજૂ થયો હતો,** છતાં દેશવિદેશના વનસ્પતિશાસ્ત્રીઓએ ગ્રંથને પૂર્વના દેશોમાં "અદ્વિતીય અને અપૂર્વ" ગણ્યો હતો, કારણ કે એમાં વનસ્પતિઓની શોધ, એનો ઉપયોગ, ઋષુમિનિઓ તેમ જ વનસ્પતિશાસ્ત્રમાં પારંગત પાશ્ચાત્ય તજ્જ્ઞોએ કરેલી શોધનો પણ સમાવેશ કરાયો હતો.

આમ, આ ગ્રંથની એના કર્તા જયકૃષ્ણ ઇન્દ્રજીને તો દેશ-વિદેશોમાં નામના મળી. સાથેસાથ ગુજરાતમાં રહેલી અમૂલ્ય વનસ્પતિઓ પણ સર્વત્ર જાણીતી થઈ ગઈ.

આ ગ્રંથની બીજી વિશેષતા એ હતી કે આ ગ્રંથ માત્ર ગંભીર પ્રકારના વિદ્યાવિલાસી યા વનસ્પતિશાસ્ત્રના વિદ્વાનો વૈદ્ય-હકીમ, ગાંધી અને લજડાંના વેપારી, ઉપરાંત ગૃહિણીઓ અને પાકશાસ્ત્રીઓ માટે એટલો જ ઉપયોગી અને રસપૂર્ણ હતો.

આવા સુંદર અમૂલ્ય ગ્રંથના કર્તા કચ્છના સપૂત હતા. આજથી ૧૪૬ વર્ષ પહેલાં સંવત ૧૯૦૪માં કચ્છમાં લખપત ગઢના કોટપાલ ઇન્દ્રજી ઠાકરને ત્યાં એમનો જન્મ થયો હતો. વૈષ્ણવ પરંપરામાં જીવતા દીક્ષિત ગિરનારા પરિવારમાં જયકૃષ્ણના ત્રણ મોટા ભાઈઓમાં એક પૌરાણિક અને ભાગવત અભ્યાસી, બીજો ભાઈ વેદાંતી, કર્મકાંડી અને જ્યોતિષી અને ત્રીજો ભાઈ સંસ્કૃતમાં પારંગત અને સંગીતપ્રેમી ઉપરાંત એ પણ જ્યોતિષી. આમ સંસ્કૃત, સંગીત, જ્યોતિષ અને ભક્તિના વાતાવરણમાં જયકૃષ્ણનો ઉછેર થયો, પણ પોતે અભ્યાસમાં પછાત ઉપરાંત જીભ થોથવાતી હોઈને આ પરિવારમાં સ્વાભાવિક એવાં કામો માટે લાયક ન ગણાય. માંડમાંડ ચોથી અંગ્રેજી (આજની શિક્ષણ પદ્ધતિએ આઠમું ધોરણ) સુધી પહોંચ્યા. પરિણામે એના ભાઈઓએ મથુરામાં ધાર્મિક પુસ્તકોની દુકાન ખોલી આપી. અહીં પણ વેપાર માટે પૂરતા લાયક નહિ નીવડનાર આ તરુણને પુસ્તકો વચ્ચે રહેતાં, વાચનનો શોખ જાગ્યો. આ પુસ્તકો વ્રજભાષા અને હિંદીમાં હોઈને એ ભાષાઓનાં અનેક કવિત, છંદ, પદ, દોહા એને કંઠસ્થ થઈ ગયા. દરમિયાનમાં બીમાર પડ્યા અને એને મુંબઈમાં સારવાર માટે મોકલવામાં આવ્યા. ત્યાં દેશી ઔષધિઓથી સારવાર કરનારા પંડિત ભગવાનલાલને વનસ્પતિઓનો ભારે શોખ હતો અને એના સંશોધનમાં રસ હતો. એમના સંપર્કમાં આવતાં જયકૃષ્ણને એક નવી દિશા સાંપડી અને પરિણામે હિંદુસ્તાનને જ નહિ દુનિયાને પણ એક પ્રખર વનસ્પતિશાસ્ત્રીની જાણે ભેટ મળી.

આ તરુણમાં જિજ્ઞાસાપૂર્વક અને કોઠાસૂઝ પારખી લેનાર પંડિત ભગવાનલાલ એને મુંબઈની ગ્રાંટ મેડિકલ કોલેજમાં વનસ્પતિના નમૂના એકઠા કરવા, એનાં શાસ્ત્રીય નામો શોધવાં, એના ગુણધર્મો સમજવા ઉપરાંત વધુ જાણકારી માટે કલકત્તા યા પૂનાની પ્રયોગશાળાઓમાં એના નમૂના મોકલવાની કામગીરી જયકૃષ્ણને સોંપવામાં આવેલી.

આ ગાળા દરમિયાન પંડિત ભગવાનલાલ અને પ્રોફેસર સખારામ સાથેના સહવાસને પરિણામે બુદ્ધિજીવીઓ, વિદ્વાનો અને સંશોધનકારો સાથે જયકૃષ્ણનો સંપર્ક વધતો ગયો અને જાણે એમનામાં જ્ઞાન-ચેતનાને વધુ તેજ મળ્યું. ઉપરાંત આ વિષય સંબંધમાં પ્રવાસો પણ યોજાતા અને સંશોધનવૃત્તિ કેળવાતી રહેતી. પરિણામે એમને પૂર્ણ વૈજ્ઞાનિક દૃષ્ટિ મળી. એમને વનસ્પતિઓમાં ઊંડો રસ જોઈને એમના સમકાલીન ડૉ. મેકડોનાલ્ડ, લેલી, મેરીસન, ડૉ. ખોરી, ડૉ. કીર્તિકર જેવા વિદ્વાનોને આ યુવાન પરત્વે ભારે આદરભાવ જાગ્યો. ડૉ. ખોરી જેવોને 'મેટેરીઆ મેડિકા' ગ્રંથ તૈયાર કરવામાં જયકૃષ્ણ ઇન્દ્રજીની ઘણી મદદ મળી હતી. આમ, હિંદમાં ને વિદેશોમાં વનસ્પતિશાસ્ત્રના એક ઉત્તમ જ્ઞાતા તરીકે એમની પ્રતિષ્ઠા સ્થાપિત થઈ. આના પરિણામે મુંબઈ વડી અદાલતના તત્કાલીન ન્યાયમૂર્તિ બર્ડવૂડની ભલામણથી જયકૃષ્ણ ઇન્દ્રજીની પોરબંદર રાજયમાં જંગલો અને બગીચાઓના સંરક્ષક (ક્યુરેટર ઓફ ફોરેસ્ટ ઍન્ડ ગાર્ડન્સ) તરીકે નિમણૂક થઈ. જ્યાં એમને વનસંપદાનું સંરક્ષણ, એની અભિવૃદ્ધિ અને વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી.

પોરબંદરમાં એમને પોતાના આ શોખ અને સંશોધનવૃત્તિને મોકળું મેદાન મળ્યું. વનસ્પતિઓના મહામૂલા સ્થાન એવા બરડા

*હંમેશાં ખોટો આત્મસંતોષ માનવીને બંધનમાં નાખી નિષ્ક્રિય બનાવે છે.*

ડુંગરને જાણે એ ખૂંદી વળવા લાગ્યા. ત્યાંની વનસ્પતિઓનો ઊંડો અભ્યાસ શરૂ કર્યો. સંશોધનકાર્ય કરવા માંડ્યું. પરિણામે, "વનસ્પતિશાસ્ત્ર" જેવો મૂલ્યવાન ગ્રંથ દેશને સાંપડ્યો.

એમણે હિંદુસ્તાનમાં અનેક જગ્યાએ વનસ્પતિશાસ્ત્રને લગતાં પ્રદર્શનો, આ ક્ષેત્રે જનજાગૃતિ ઊભી કરવા યોજ્યાં હતાં. આવા જડીબુટ્ટીઓના નમૂનાઓનાં પ્રદર્શનો બદલ ઘણી જગ્યાએ માનચાંદો એમને એનાયત થયાં હતા. જયકૃષ્ણ ઇન્દ્રજી કચ્છની જડીબુટ્ટીઓ પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખવા લાંબા સમયથી ઝંખી રહ્યા હતા.

પણ એમને આ બાબત એક મોટી મુશ્કેલી હતી. પોરબંદરથી જ્યારે જ્યારે કચ્છ આવવાનું થતું ત્યારે વનસ્પતિનો આ શોખીન જીવ કચ્છનાં ગામોની સીમ, વાડીઓ અને જંગલોમાં રખડતો અને અહીં ઊગતી વનસ્પતિઓની નોંધ લેતો. પણ એનાં કચ્છી નામો જાણવાની ભારે મુશ્કેલી પડતી.

પણ એકવાર અણધારી ઘટના બની ગઈ. કચ્છના મહારાવશ્રી ખેંગારજી (ત્રીજા) બરડાના ડુંગર પર દીપડાનો શિકાર કરવા જામસાહેબ સાથે પધારેલા ત્યારે જયકૃષ્ણજી મહારાવશ્રીની સલામે સંકરચા તળાવ પાસેના મુકામે પહોંચી ગયા. એમને પુષ્પહાર પહેરાવ્યા બાદ બરડા ડુંગર પર ઊગતી સુશોભિત ફૂલોવાળી વનસ્પતિના નમૂના પણ મહારાવશ્રીને ભેટ આપ્યા. ત્યારે જયકૃષ્ણજીના ભારે આશ્ચર્ય અને આનંદ વચ્ચે ખેંગારજીએ વનસ્પતિઓનાં માત્ર ગુજરાતી નહિ કચ્છી નામો પણ ફટોફટ કહી સંભળાવ્યાં.

ખેંગારજી બાવાની વનસ્પતિઓ બાબત આવી જાણકારીથી પ્રોત્સાહિત થયેલા જયકૃષ્ણજીએ કચ્છની જડીબુટ્ટીઓ પર ગ્રંથ લખવાની પોતાની તીવ્ર ઇચ્છા વ્યક્ત કરી. મહારાવે કહ્યું કે "જ્યારે જ્યારે કચ્છમાં આવવાનું થાય ત્યારે ભુજ આવવું અને ત્યાંથી વનસ્પતિઓના જે નમૂના ભેળા કરશો તેનાં કચ્છી નામો તેમને કહેવામાં આવશે. એટલું જ નહીં એ વનસ્પતિઓ કચ્છમાં ક્યાં થાય છે એ સ્થળોની માહિતી પણ આપવામાં આવશે." જયકૃષ્ણ ભાવવિભોર બની ગયા અને કચ્છની દરેક મુલાકાત વેળા મહારાવની જાણકારીનો પોતે પૂરો લાભ લેતા. એમને દરબારશ્રી તરફથી કચ્છના ડુંગરો અને રખાલો કે જંગલોની મુલાકાત લેવા દેવાની સગવડો પણ અપાતી રહેતી. પરિણામે ઈ.સ. ૧૯૧૩થી ૧૯૧૮ના પાંચ વર્ષના ગાળામાં તો જયકૃષ્ણજી કચ્છના લગભગ બધા જ ડુંગરો રખાલો ઘૂમી વળ્યા હતા. ભુજ, મુંદ્રા, માંડવી, બીદડા, ગુંદીઆળી જેવાં અનેક ગામોની સીમોમાં પણ રઝળપાટ કરી ચૂક્યા હતાં.

આખરે આ કચ્છી સપૂતે પોતાની માભોમકાનું ઋણ ચૂકવવા ગ્રંથ લખવો શરૂ કર્યો. તા. ૧-૧૦-૧૯૧૯માં આ ભગીરથ કામ એમણે આરંભ્યું અને ૨૬-૧-૧૯૨૧ના રોજ પૂર્ણ કર્યું. બાદમાં પરિવાર સાથે યાત્રાએ ઊપડી ગયા અને થોડા સમય બાદ વયને કારણે પોરબંદર રાજ્યની નોકરીમાંથી નિવૃત્ત થયા અને પેન્શન પર ઊતરી ગયા અને શેષ જીવન કચ્છમાં ગુજારવા આવી પહોંચ્યા.

"કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગિતા" ગ્રંથ ઈ.સ. ૧૯૨૭માં કચ્છ દરબાર તરફથી છપાઈને બહાર પડ્યો.

આ ગ્રંથ દસ પ્રકરણોમાં વહેંચાયેલો છે અને એનું કેન્દ્રબિંદુ કચ્છમાં વરસાદ અને પર્યાવરણની નજરે પ્રવર્તી રહેલી પરિસ્થિતિને રાખવામાં આવ્યાં છે. કચ્છની સમસ્યાઓ અને એનું નિવારણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ રજૂ કરવામાં આવ્યાં છે.

પ્રસ્તુત ગ્રંથમાં આ વિદ્વાન ગ્રંથકર્તાએ કચ્છ માટે છ મુખ્ય જરૂરિયાતો પર વિશેષ ભાર આપ્યો છે : (૧) કચ્છમાં વર્ષમાં સાત મહિના ફૂંકાતો જોરદાર પવન ધીમો પાડવો, (૨) દરિયા કાંઠે ઊડીને ઢુંઆ (Dunes) રચતી રેતીનું નિયંત્રણ કરવું, (૩) મીઠા પાણીના સ્રોતમાં વધારો કરવો, (૪) સમુદ્ર પરથી આવતા પણ વરસ્યા વિના પસાર થઈ જતા વરસાદના પ્રવાહને ધીમો પાડી નીચે ઉતારવો, (૫) વરસાદ પડતાં સમુદ્રમાં ધસી જતા પાણીને જમીનમાં ઉતારવું અને (૬) વરસાદ વરસાવવામાં કારણભૂત બનતી ઊંચાઈ અને ટાઢક તથા પાણીની વરાળ વધારવી. આ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે કઈ વનસ્પતિ ઉપયોગી બને, એને કેવી રીતે ઉગાડવી અને વિસ્તારવી, કયા સ્થળે એ ઊગી શકે વગેરે બાબતોની વૈજ્ઞાનિક ઢબે પણ સરળ શૈલીમાં એમણે છણાવટ કરી છે. ઉપરાંત ખારી જમીનને સુધારવાના પ્રયોગો પણ રજૂ કર્યાં છે.

આ ગ્રંથની બીજી વિશેષતા એ છે કે અહીં કચ્છની અને આયાતી એક હજારથી વધુ વનસ્પતિઓનો પરિચય આપવામાં આવ્યો છે. એટલું જ નહિ, દરેક વનસ્પતિના નામ કચ્છી, ગુજરાતી, સંસ્કૃત, મરાઠી, હિંદી, સિંધી, ફારસી, અરબી, લેટિન અને અંગ્રેજી ભાષાઓમાં, એના ઉચ્ચારો સહિત છાપવામાં આવ્યાં છે. દરેક વનસ્પતિનું વર્ગીકરણ, પૃથક્કરણ, ઉપયોગિતા રજૂ કરાયાં છે. આ ગ્રંથમાં છેડે લગભગ એકસો વનસ્પતિઓની લીથો છપાઈની તસવીરો મૂકવામાં આવી છે. જેનાં રેખાંકનો દરેક વનસ્પતિનાં બારીકમાં બારીક અવયવો પણ સ્પષ્ટ કરે છે. આ ગ્રંથ લખવા માટે ઉપયોગમાં લેવાયેલા દેશી-વિદેશી સંદર્ભ ગ્રંથની સૂચિ પણ આપવામાં આવી છે.

ભુજના જાણીતા અને એક વખત આદર્શ ગણાયેલા શરદબાગ (બોટેનિકલ ગાર્ડન) ને વિકસાવવામાં જયકૃષ્ણજીનો અનન્ય ફાળો હતો.

કચ્છમાં નિવૃત્તિ વયે વસેલા જયકૃષ્ણ ઇન્દ્ર ૭૨-૭૩ વર્ષની વયે માંડવીથી રોજ વિજયવિલાસ પેલેસ ચાડીકા (વાહન)માં જતા. પણ રોજ ૧૦૧ જેટલી કાપ-કલમથી વડપીપળાની ડાળીઓ વાવે નહિ ત્યાં સુધી નહિ જમવાનો નીમ (પ્રતિજ્ઞા) લીધો હતો. એમના હાથે રોપાયેલી ડાળીઓમાંની ૯૦ ટકા ઊગી નીકળતી.

એમનો દેહાંત કચ્છમાં ૮૨ વર્ષની વયે સંવત ૧૯૮૯માં થયો અને એ દેહની માટી આ ધરતીની માટીમાં મળી ગઈ.

***મંગલ મંદિર, જાન્યુઆરી-૧૯૯૬***

*જેની પાસે ધૈર્ય છે અને જે મહેનતથી ગભરાતો નથી, સફળતા તેની દાસી છે.*

# સંસ્કાર સિંચક, બહુમુખી પ્રતિભા : શ્રી શિવજી દેવશી મઢડાવાળા

● સુલુ જલદીપ શાહ ●

શિક્ષણ, સમાજસુધારા અને અધ્યાત્મ ક્ષેત્રના વૈશ્વિક પ્રવાહો ઝીલીને પોતાના સમુદાયનું સંસ્કાર સિંચન કરી તેને પ્રગતિશીલ બનાવનાર બહુમુખી વિરલ વ્યક્તિત્વ તરીકે શ્રી શિવજી દેવશી મઢડાવાળા અમુક કારણોસર વિવાદમાં સપડાયા પછીય શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ઇતિહાસમાં સંસ્કાર સિંચક તરીકે ધ્રુવતારક જેવું જ અવિચળ સ્થાન પામ્યા છે.

શિવજીભાઇનો જન્મ સને ૧૮૮૦માં થયો. પિતાશ્રીનું નામ દેવશી કાનજી, માતાનું નામ દેમુબાઈ, ગોત્ર લાપસિયા. તેમના વડીલો કચ્છમાં ખેતી કરે. દુષ્કાળ પડતાં રૂ બજારમાં નોકરીએ પણ જાય.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં કચ્છ આર્થિક રીતે ખૂબ નબળું પડ્યું હતું. અબડાસામાં વસતા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના યુવાનો રૂની નોકરી કરવા દેશાવર જાય. આઠ મહિનાની સીઝન પૂરી કરી ચોમાસાના ચાર મહિના કચ્છમાં આવે. આ ફુરસદના સમયમાં અમુક ખેતી કામમાં પરોવાય બાકીના ટોળટપ્પા મારવામાં કે પાનાં રમવામાં સમય વ્યતિત કરે.

આ યુવાનો સાથે બાળક શિવજી પણ સમય પસાર કરે. આવી એક ટોળી પર્યુષણના દિવસોમાં પત્તાં રમતી હતી. સાથે શિવજી પણ જોડાયો. એક વૃદ્ધ માતાએ આ બાળકોને પર્વના દિવસોમાં પાનાં ન રમતાં ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા જવાની શીખ આપી. આ શીખ બાળક શિવજીના અંતરને સ્પર્શી ગઈ. શિવજી ઉપાશ્રયે ગયો. વ્યાખ્યાન સંભળાવનાર ગોરજી વ્યાખ્યાનમાં મનુષ્ય ભવ મળ્યા પછી કર્તવ્ય અંગે વ્યાખ્યાન આપી રહ્યા હતા.

બાળક શિવજીના ધાર્મિક સંસ્કારો જાગ્રત થયા. જિજ્ઞાસુ જીવને ધાર્મિક જ્ઞાન મેળવવાની તાલાવેલી લાગી. ફક્ત જમવા માટે ઘેર જનાર બાળક શિવજીની ધાર્મિક ભાવના દૃઢ થતી ગઈ. નલીયાના શેઠ માલશી ભોજરાજ અને શ્રી વેલજી પશાયા બાળક શિવજીની જ્ઞાન-અભ્યાસની વૃત્તિને પારખી શક્યા. શિવજીના સંસ્કૃતના અભ્યાસ અર્થે કોડાયની સદાગમ પ્રવૃત્તિઓમાં વ્યવસ્થા કરી. બાળક શિવજીની વક્તૃત્વ શક્તિ ખીલતી ગઈ. વારસાગત મળેલો સુરીલો કંઠ અને નલીયામાં યુવાનો સાથે મળેલ સંગીતની તાલીમથી બાળક શિવજી આખા ગામમાં પ્રિય થઈ પડ્યો. અલબત્ત પરિવારની દૃષ્ટિએ પિતાજી ખિન્ન થતા. બાળપણમાં દીક્ષા લેવાના ભાવ જાગ્રત થયા.

આ સમય ઓગણીસમી સદીનો અંત ભાગ હતો. એક રાત્રે શિવજીભાઈને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં જ્ઞાતિના હજારો યુવાનોને હળ હાંકતા જોયા. હજારો બાળ વિધવાઓને રડતી જોઈ. હજારો બાળકો અને બાલિકાઓને બાળલગ્નના યજ્ઞમાં હોમાતાં દીઠાં. હજારો બાળાઓને ગાયો અને ભેંસોની પેઠે વેચાતી દીઠી. હજારો બાળકોને અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાતાં જોયાં. જ્ઞાતિ જાણે દુર્દશામાં સપડાઈ ગઈ હોય એવો ચિતાર ખડો થયો.

પાલીતાણામાં જ્ઞાતિની બોર્ડિંગ સ્થાપવી અને શત્રુંજય છાયામાં એક જૈન કોલેજ જેવી સંસ્થા ઊભી કરવા વિચાર સ્ફુર્યો. આ સમય હતો સને ૧૯૦૨નો. તે સમયે શિવજીભાઈ પાલીતાણાની વીરબાઈ પાઠશાળાના મેનેજર તરીકે નિમાયા હતા. દશા તથા વીશા ઓશવાલ બંને જ્ઞાતિઓનાં બાળકોને બોર્ડિંગમાં ભણાવવાનો નિર્ણય લેવાયો.

એક વખત સર વિસનજી સપરિવાર પાલીતાણા આવ્યા. તેમણે શિવજીભાઇને સંસ્કૃતનો અભ્યાસ કરવા સહાય આપવા ઇચ્છા દર્શાવી. શિવજીભાઇએ તેમને જણાવ્યું. કદાચ હું એકલો ભણીશ તો પંડિત થઇશ, ઘણાં પુસ્તકો વાંચીશ કે લખીશ કે બહુ થોડાને ભણાવીશ. એથી વધુ શું કરીશ? જો પાલીતાણામાં બોર્ડિંગ શરૂ થાય તો સેંકડો વિદ્યાર્થી ભણશે, વિદ્વાન થશે, સુખી થશે. જ્ઞાતિને પણ સુખી કરશે.

સર વિસનજીએ સાથ આપવાની તૈયારી દર્શાવી. કચ્છમાંથી ૨૫ બાળકો મેળવવા પ્રવાસ શરૂ થયા. તેઓ ગામડે ગામડે ફર્યા. ૨૫ બાળકોની ગણતરી સામે ૫૧ બાળકોનાં નામ નોંધાયાં. એમાં કેટલાક નાના હતા. ૩૨ બાળકોનું જૂથ પાલીતાણા આવ્યું.

આ સમયે હાલારની સ્થિતિ કચ્છ જેવી જ હતી. શિવજીભાઈ હાલારનાં ગામડે ગામડા ફર્યા. ત્યાંથી પણ ઘણાં બાળકો આવ્યાં. હાલારમાં પણ શિક્ષણની જાગ્રતિ લાવવાનું શ્રેય શિવજીભાઈને ફાળે જાય છે.

આ બાળકોમાં વ્યવસ્થા કે નિયમિતતા જરીય ન હતી. વિવેક કે વિનયનો છાંટો પણ ન હતો. તેઓ બીડી પીતા. જમવામાં તેમને ભાન ન રહે. બાળકોમાં કેટલીક કુટેવો હતી. આ માટે તેમનામાં સંસ્કાર રેડવાનું કાર્ય મુખ્ય હતું. આ બાળકો પાછળ સતત નિરીક્ષણ રાખી કુટેવો કાઢવાના પ્રયત્નો શરૂ થયા. શિવજીભાઈ બાળકોને વિદ્યાનું મૂલ્ય સમજાવતા. શિવજીભાઇએ શીખ આપી કે વિદ્યા વિના નર પશુ તુલ્ય છે. મારે તમને વિદ્વાન કરવા છે અને તમારા દ્વારા જ્ઞાતિનો ઉદ્ધાર કરવો છે. તમને જ્ઞાન આપી મારે તમારી મારફત જ્ઞાતિની, સંઘની અને દેશની સેવા કરવી છે. આ પ્રસંગે શેઠ નરશી નાથાના જીવનના આદર્શ દાખલાઓ આપતા. ધીમે ધીમે બાળકો ઉપર ઘેરી અસર પડવા લાગી.

પાલીતાણામાં પ્લેગ ફેલાયો. આ પ્લેગથી ગામમાં કેટલાંય મરણ થયાં. લોકો ગામ છોડી નદીને પાર રહેવા ચાલ્યા જતા.

*ગંતવ્યસ્થાન સુધી પહોંચવાના અંતરનું કોઈ મહત્ત્વ નથી હોતું, પ્રથમ ડગલું ભરવું જ મુશ્કેલ હોય છે.*

બાળકોને પણ નદીપાર ખસેડવા વિચારણા થઈ. નદીપાર ઝૂંપડીઓ બાંધકામનો ખર્ચ રૂ. ૧૦૦૦/-ની માંગણી થતાં પૈસાનો પ્રશ્ન આવ્યો. બાળકો આ પરિસ્થિતિ પામી ગયાં. તેઓ સ્વાશ્રયથી ઝૂંપડીઓ બાંધવા તૈયાર થયા અને ખરેખર બાળકોએ ઝૂંપડીઓ બનાવી. બળતણ લાવ્યા. લોટ પીસવાનો પ્રશ્ન ઉકેલ્યો. સ્વાશ્રયના ગુણો ખીલી ઊઠ્યા.

સને ૧૯૧૦માં પાલીતાણાની નદીમાં પૂર આવ્યું. બાળકોને બચાવવાની ખૂબ કોશિષો થઇ છતાં બાળકો તણાયાં. શિવજીભાઈની એક પુત્રી પણ તણાઈ ગઈ. નાનાભાઈ કુંવરજીભાઈએ બાળકોને બચાવવા જતાં પોતાનો સમગ્ર પરિવાર ખોયો. આ કુદરતી કોપના સમાચાર મળતાં આખી જ્ઞાતિમાં અરેરાટી ફેલાઈ ગઈ. શિવજીભાઈ બાળકોને કચ્છ માંડવી લાવ્યા. ત્યાં અનુકૂળતા ન આવતાં બાળકો નલીયા આવ્યાં. પછી નલીયા બાળાશ્રમની સ્થાપના થઈ. જ્ઞાતિના સમગ્ર સાંસ્કૃતિક ઉત્થાનમાં શ્રી શિવજીભાઈ પાયાના પથ્થર બન્યા. સને ૧૯૦૪થી ૧૯૧૩ સુધીના સમય ગાળામાં તેમણે ધાર્મિક સિંચન કરનારાં ૮૦ પુસ્તકોનું પ્રકાશન કર્યું. પાલીતાણાની નદીમાં પૂર આવ્યા બાદ તેમનો પરિવાર મઢડા ગામે આવતાં તેઓ મઢડાવાળા તરીકે ઓળખાયા.

પાલીતાણા બોર્ડિંગ ઉપરાંત વિધવાશ્રમ તથા જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગની સ્થાપના કરી. સમસ્ત જૈન સમાજમાં આદરભર્યું નામ મેળવ્યું.

સને ૧૯૦૮માં કચ્છ સ્થિત ગોરજીઓનાં આશરે પચાસ જેટલા ચેલાઓને ધાર્મિક શિક્ષણ આપવા માટેનું આયોજન કર્યું. એ જ અરસામાં મુંબઈમાં રૂપશી ભારમલ શ્રાવિકા શાળા સ્થાપી.

પંડિત લાલન અને રાજચંદ્રની વિચારધારાની તેમના પર પ્રબળ અસર પડી. તે સમયે આવતાં જૈન ધર્મ જે અનેક નાના નાના ગચ્છો અને સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો હતો તેના બદલે મહાન જૈન ધર્મની વિચારધારા રજૂ કરતાં જૈન સાધુઓનો રોષ વહોરી લેવો પડ્યો.

વીસમી સદીની શરૂઆત સુધી શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં મૃત્યુ પાછળ જમણ કરવાનો રિવાજ હતો. સાધારણ માણસ 'ખર્ચ' કરતા. ગામના કે પોતાના સગાઓને જમાડતા. કંઈક વધુ સારી સ્થિતિવાળા ગામ જમાડતા ઉપરાંત બીજા ત્રણ ચાર ગામોને જ્ઞાતિભોજન આપતા. આ જમણવારોને 'ચોખરા' કહેવાતા. લક્ષાધિપતિઓ આખી જ્ઞાતિમાં ''વાહ વાહ'' થાય તે માટે 'ચોખરા'થી ચલાવી ન લેતા પણ 'બાવન' ગામોને જમાડી 'મેળો' કરતાં

શિવજીભાઈને જૈન ધર્મના ઊંડા અભ્યાસને કારણે આ રિવાજ ખૂંચ્યો. તેમણે આ મહામેળાનો લાભ જ્ઞાતિજનો પાછા જાય ત્યારે સમાજ સુધારણાનો નવસંદેશ લઈ જાય તેવી ઇચ્છા મનોમન કરી. દરરોજ રાત્રે વ્યાખ્યાનો અપાય તો આ 'મેળા'નો અર્થ સરે એવો મનમાં ઝબકારો થયો.

આવા એક મેળાના અંતે ઠરાવ કરાવ્યો કે હવે પછી જ્યારે મેળો ભરાય ત્યારે પ્રત્યેક જમણ દીઠ કોરી ૪૦૦ કેળવણી ફંડમાં આપવી. કચ્છ સ્થિત જ્ઞાતિને રૂઢ રિવાજોમાંથી શિક્ષણ તરફ અભિગમ કેળવવાનો શિવજીભાઈનો પ્રયાસ સફળ થયો. મેળામાં શિવજીભાઈ ધારેલું કાર્ય પાર પડતાં, ધારેલા કાર્યો સફળ થશે તેવો વિશ્વાસ વધ્યો.

ગામેગામ કન્યાશાળાઓ ખૂલવા લાગી. જ્ઞાતિમાં કન્યા શિક્ષણનો પાયો નંખાયો. જૈન ધર્મ અભ્યાસના ધો. ૧, ૨, ૩, ૪નાં પુસ્તકો પ્રગટ કર્યાં.

તેમના જાહેર જીવનનાં પ્રથમ ૧૨ વર્ષો જ્ઞાતિ સેવા અર્થે વપરાયાં. ત્યારબાદ ૧૨ વર્ષો જૈન સમાજના ઉત્કર્ષ સ્તરે અને ત્યાર પછીના ૧૨ વર્ષના સમયગાળામાં દેશસેવાનું યોગદાન રહ્યું.

સને ૧૯૨૩માં પૂ. ગાંધીજીએ અંગ્રેજો સામે લડત ઉપાડતાં અંતરમાં સદા પ્રજ્વલિત રહેલી દેશસેવા ભાવના જાગ્રત થઈ. તેમની જોશીલી વાણીમાં રચાયેલા દેશપ્રેમનાં ગીતોએ સમગ્ર ભારતની પ્રજામાં ચેતના આણી દીધી. લોકમાન્ય તિલક, ગોધરા પંચમહાલમાં પધાર્યા ત્યારે તેણે લોકમાન્ય તિલકની પાસે રહી જે ભાવગીત ઉપાડ્યું તેનાથી સમગ્ર રાષ્ટ્રના નેતાઓમાં શિવજીભાઈ માનીતા થઈ પડ્યા.

કચ્છની પ્રજાકીય પરિષદ વખતે તેમણે રચેલા કચ્છી દેશપ્રેમનાં ગીતો આજે પણ એટલી જ ખુમારીથી ગવાય છે, ઝિલાય છે.

સને ૧૯૩૨થી ૧૯૪૮ સુધી શ્રી અરવિંદ ઘોષના સત્સંગમાં રહ્યા. તેમના જીવનમાં વિવિધ ઉચ્ચ આદર્શ ધરાવતી વ્યક્તિઓના સંપર્કને કારણે તેમની દૃષ્ટિ વિશાળ ફલકે વિસ્તરતી રહી.

તેમના જીવનમાં પૂ. ગાંધીજી, ડૉ. એની બેસંટ, સોનગઢ ચારિત્ર્ય રત્નાશ્રમના સ્થાપક પૂ. ચારિત્ર્ય વિજયજી અને પૂ. કલ્યાણચંદ્રબાપાની ગાઢ અસરો હતી. શ્રી જવાહરલાલ નહેરૂ તથા લોકમાન્ય તિલક, સ્વામી વિવેકાનંદ જેવા રાષ્ટ્રીય નેતાઓ અને સંતો સાથે તેમના ગાઢ સંપર્કો હતા.

તેઓ પ્રવચન આપે ત્યારે તેમની જીભ નહિ પણ એમનું આખું અંગ બોલે, જ્યારે ગાય ત્યારે ગાય નહિ પણ એમનું હૃદય અને આંખો ગાય. શ્રી શિવજીભાઈ તે વખતના શ્રેષ્ઠી શ્રીમંતો, પટેલો, ચોધરિયાઓ વગેરે પાસે જે જે શક્તિઓ અને સામર્થ્ય હતાં તેમને પોતાના વિચારોના બીબામાં ઢાળી સમાજના ઉત્કર્ષ માટે વાપરી શક્યા.

શ્રી શિવજીભાઈ ત્યારના રૂઢિચુસ્ત ધર્મગુરુઓ સામે ક્રાંતિકારી યોદ્ધાની જેમ લડ્યા. ધર્મગુરુઓ અને સમાજે જે ઝેર આપ્યું તે તેઓએ પચાવી લીધું. તેમનામાં તે વખતના વાહવાહ ઈચ્છતા શ્રીમંતોને સમાજના ઉત્કર્ષ અર્થે લક્ષ્મીનો ખર્ચ કરાવવાની દક્ષતા હતી. અભણ અને અશિક્ષિત સમાજને વિદ્યા દ્વારા ઊંચે લાવવાની તીવ્ર ભાવના હતી.

ત્યારની રૂઢિચુસ્ત જ્ઞાતિ અને જૈન સમાજ આવા પ્રખર અને વિદ્વાન વ્યક્તિના વિચારોને પચાવી ન શક્યો. છતાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિએ સમસ્ત જૈન સમાજને તથા દેશને એક અજોડ નિ:સ્પૃહિ સેવક આપ્યો.

'મગનબાબા' તરીકે સમગ્ર ભારતની પ્રજાએ કોઇ નાત જાતના, ધર્મના કે પ્રદેશના ભેદભાવ ન રાખતાં અલગારી વ્યક્તિ તરીકે બિરદાવ્યા.

તેમનો વારસો તેમના પુત્રો શ્રી સુધાકર અને શ્રી સુમતિચંદ્રે, પુત્રવધૂ સરલાબહેને તથા બન્ને ભાઈઓના પરિવારે આગળ ધપાવ્યો છે.

*મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩*

*ક્યાં જવું છે તે નક્કી કર્યા વિના તો ઘાણીનો બળદ ચાલે જ છે.*

# કચ્છની સંસ્કૃતિના આરાધક શ્રી રામસિંહજી રાઠોડ

• સ્વ. મધુભાઈ ભટ્ટ •

કચ્છની સંસ્કૃતિના અભ્યાસી અને આરાધક તરીકે સમગ્ર ગુજરાતમાં અને ભારતમાં એક વ્યક્તિનું નામ અવશ્ય લેવાય જ. એવી વ્યક્તિ છે કે કચ્છ આવતા કોઈ પણ સાહિત્યકાર, ઈતિહાસવિદ્, સંશોધન ક્ષેત્રના અભ્યાસી, રાજકીય મહાનુભાવ, સરકારી ઉચ્ચ અધિકારી અને કચ્છ વિશે જાણકારી મેળવવા ઈચ્છતા જિજ્ઞાસુ, પ્રવાસી તેમની મંજિલ શરૂ થાય અને કચ્છમાં પગ મૂકે ત્યાં સુધી તેમનું રટણ કર્યા કરે એવી આ છે વ્યક્તિ... હવે તમે કલ્પના કરી લીધી જ હશે કે આવો કયો કચ્છી હશે, જેનું નામ તમામ ક્ષેત્રના અભ્યાસીઓ અને તજ્જ્ઞો આદરપૂર્વક લીધા જ કરે છે... હા... તે છે આપણા લાડીલા રામસિંહજી રાઠોડ....

## • સંસ્કાર વારસો :

રામસિંહજી રાઠોડનું સમગ્ર કુટુંબ સાહિત્ય પ્રેમી... તેમના વડીલ બંધુ રામસિંહજી રાઠોડનું પત્રકારત્વ અને સાહિત્યક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન રહ્યું છે... રામસિંહજીભાઈને સાહિત્ય અને સંસ્કૃતિ પ્રત્યેની લગન અને સંસ્કારો ગળથૂથીમાં જ મળ્યા છે. કલ્પનાશીલતા તેમને સિદ્ધ છે. હાઈસ્કૂલમાં ભણતા ત્યારે તેમના નિબંધોની પ્રશંસા વર્ગશિક્ષકો કરતા. વનવગડામાં રખડવું, પક્ષીઓ અને પશુઓની ખાસિયતોનું નિરીક્ષણ કરવું, વૃક્ષો અને તળાવો, ડુંગરો અને જંગલો, મંદિરો અને મસ્જિદો, સેલોરો અને પાળિયાઓ, દરબાર ગઢની રાંગ અને બન્નીના ભૂંગાઓ, અવાવરૂ કૂવાઓ અને કચ્છના રણની અફાટ ખારી ધરતી, શહેરો અને ગામડાંઓની જર્જરિત પ્રાચીન ઈમારતો, દેરાસરો ઈત્યાદિ કચ્છનું કોઈ એવું સ્થાન નહીં હોય કે જે રામસિંહજી રાઠોડ ખૂંદી ન વળ્યા હોય. પરિભ્રમણનો શોખ રામસિંહજીને વિદ્યાર્થીજીવનથી. મેટ્રિક થયા પછી કચ્છ રાજ્યે તેમને જંગલના વિકાસ અને સંવર્ધનની તાલીમ માટે દહેરાદૂન મોકલ્યા. બસ, દહેરાદૂનની આ તાલીમ દરમિયાન રામસિંહજી રાઠોડમાં ''સંસ્કૃતિ'' પ્રત્યેની આરાધનાનાં બીજ રોપાયાં. નગાધિરાજ હિમાલયના સાન્નિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સર્વેયર જનરલ ઓફ ઈન્ડિયાનું વડું કાર્યાલય પણ દહેરાદૂનમાં. એક બાજુ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની ટેક્નિકલ તાલીમ ચાલે અને બીજી બાજુ સર્વેયર જનરલ ઓફ ઈન્ડિયાનાં વિશાળ રેકર્ડ રૂમમાં રહેલ પ્રાચીન હસ્તપ્રતો, નકશાઓ પ્રાચીન ભારતની સંસ્કૃતિ, પ્રાચીન ઈતિહાસ, શિલાલેખો, પુરાણા યુગમાં ખેલાયેલાં યુદ્ધો અને તેના થયેલા કૉલ-કરારો, રાજ્યોની સીમા દર્શાવતા નકશાઓ, ખાણ, ખનિજ, પ્રાકૃતિક સંપત્તિના અખૂટ ભંડારો દર્શાવતા સ્કેચો અને ટોપોગ્રાફિકલ નકશાઓ વગેરે સાહિત્યનો ખજાનો રામસિંહજીભાઈને દહેરાદૂનમાં મળ્યો. અભ્યાસી જીવ અને ભારોભાર કચ્છી. એટલે કચ્છને સ્પર્શતી અનેકવિધ વિષયોની નોંધો આ સાહિત્ય વાંચીને કરતા જાય. તેની સાલવાર તવારીખો તૈયાર કરતા જાય. અગત્યનાં પ્રાચીન પુસ્તકોની ગ્રંથસૂચિ પણ તૈયાર કરતા જાય. આમ દહેરાદૂનમાં ટેક્નિકલ-ફોરેસ્ટ અંગેની તાલીમની સાથે સાથે, રામસિંહજીભાઈને વિવિધ વિષયોના, નૃવંશવિજ્ઞાન, ઈતિહાસ, સંસ્કૃતિના વિપુલ અભ્યાસની તક પણ દહેરાદૂનમાં સાંપડી. દહેરાદૂનથી રામસિંહજી રાઠોડ એક અચ્છા ફોરેસ્ટ ઓફિસરની સાથે સંસ્કૃતિના આરાધક બનીને માદરે વતન કચ્છ પાછા આવ્યા.

## • અભ્યાસીનું પરિભ્રમણ :

તેમનું સદ્‌ભાગ્ય એ કે હવે તેઓ કચ્છ રાજ્યના ફોરેસ્ટ ઓફિસર થયા. કચ્છનાં જંગલો-રખાલોની દેખભાળ, તેનો વિકાસ, તેનું સંવર્ધન, એ તેમની દરબારી નોકરીની પ્રાથમિક ફરજ અને ફરજના ભાગ રૂપે તેમના કચ્છ વ્યાપી પ્રવાસો શરૂ થયા. રખાલોની રઝળપાટ ક્યારેક ઘોડા ઉપર, ક્યારેક ઊંટ ઉપર, ક્યારેક ગાડામાં. કચ્છ આખું ખૂંદી વળ્યા રામસિંહજી ભાઈ. એક ખાસિયત, પ્રવાસમાં જ્યાં જ્યાં જાય ત્યાં તેમનો તે જમાનાનો 'કેમેરો' સાથે જ રાખે. દહેરાદૂનમાં સંસ્કૃતિની આરાધના વખતે કચ્છનાં પ્રાચીન સ્થળોનો, શિલાલેખોનો, કુદરતના ભંડારોની સંક્ષિપ્ત નોંધ અને ટાંચણો તો હતાં જ. આવાં સ્થળોએ તેઓ રાતવાસો કરે. ગામના લોકો પાસેથી તે સ્થળોની વિગતો કિંવદંતીઓ, લોક વાયકાઓ વગેરેની પણ માહિતી મેળવે અને તેની નોંધ પણ પોતાની કાયમી વિશિષ્ટ 'ડાયરી'માં કરતા રહે. આમ કચ્છનો સર્વાંગી અભ્યાસ આ રઝળપાટ દરમિયાન કરતા રહ્યા. ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતાં સ્થળોના ફોટોગ્રાફસ પણ લેતા રહે. રામસિંહજીભાઈ એક અચ્છા ફોટોગ્રાફર પણ છે તે બહુ ઓછા જાણે છે.

ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની નોકરીની સાથે સાથે તેઓ કચ્છના શિલાલેખો, સ્થાપત્ય, શિલ્પસાહિત્ય, લોકસાહિત્ય, લોકવાજિંત્રો, કચ્છની આબોહવા, પક્ષીઓ, ખાણ-ખનિજ પ્રાકૃતિક સંપત્તિ, હસ્તપ્રતો, કોતરણી, ચિત્રકામ, માટીકામ, ચાંદી નકશીકામ, વહાણવટું, લોકરિવાજો, પ્રાંથળ, મિયાણીપટ, ગરડો, વાગડ, કંઠી, બન્ની, એમ કચ્છના ભૌગોલિક વિસ્તારોની ખાસિયતો, ગ્રામ

*તમે માત્ર નસીબને શોધતા હશો તો તમારા માટે તકને ઓળખવી મુશ્કેલ થઈ જશે.*

સંસ્કૃતિ, ગામઠી ભાષા, ઇત્યાદિ પરની તેમની આગવી નોંધો તૈયાર કરતા ગયા. ફોટોગ્રાફ લેતા રહ્યા અને સાચવતા રહ્યા.

- **''કુમાર''માં રામસિંહજી :**

**તે અરસામાં ''કુમાર''ના તંત્રી શ્રી બચુભાઇ રાવત સાથે પરિચય થયો. ૧૯૪૩માં બચુભાઇએ રામસિંહજી રાઠોડને તેમની પાસે રહેલ મબલખ નોંધોના આધારે કચ્છની વિશિષ્ટ સંસ્કૃતિ, કચ્છનું સાહિત્ય, લોકવારસો, શિલ્પ, સ્થાપત્ય પર ''લેખો'' નિયમિત મોકલતા રહેવા આત્મીયતાભર્યું આમંત્રણ આપ્યું** અને રામસિંહજી રાઠોડની કલમ ત્યારથી ઊપડી તે આજપર્યંત વણથંભી ચાલુ રહી છે. આઝાદી બાદ કચ્છ ''ક'' વર્ગનું રાજ્ય બન્યું ત્યારે રામસિંહજી રાઠોડે સમગ્ર કચ્છની ''પ્રથમ પંચવર્ષીય યોજના''નો મુસદ્દો તૈયાર કરેલ. પહેલી પંચવર્ષીય યોજના શરૂ થઈ ત્યાર પહેલાંની સીમા ચિહ્નરૂપ વિકાસલક્ષી વિગતોનું તેમણે સંપાદન કર્યું. ''કચ્છ-ત્રણ વર્ષ'' નામક પુસ્તકમાં શ્રી રાઠોડનું આ પુસ્તક કચ્છના આર્થિક વિકાસના અભ્યાસીઓ માટે અતિ મૂલ્યવાન ગણાય છે.

**બીજી તરફ ''કુમાર''માં રામસિંહજી રાઠોડના ''લેખો'' પ્રસિદ્ધ થતા રહ્યા એટલે સમગ્ર ગુજરાતના સાહિત્યકારો અને અભ્યાસીઓનું ધ્યાન કચ્છની સંસ્કૃતિ તરફ દોરાવાનું શરૂ થયું.** બચુભાઈ રાવતની પ્રેરણાથી ત્યારબાદ રામસિંહજી રાઠોડે ''કચ્છનું સંસ્કૃતિ દર્શન'' પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કર્યું જે કચ્છ માટે એક અતિ આધારભૂત-મૂલ્યવાન ''ગ્રંથ'' પુરવાર થયો. આ પુસ્તકના અંતે રામસિંહજી રાઠોડે કચ્છના વિવિધ વિષયો માટેની પુસ્તકો રિપોર્ટોની ગ્રંથસૂચિ રજૂ કરી છે તે તો કચ્છ અંગેના કોઇપણ વિષયના અભ્યાસી માટે એક અતિ ઉપયોગી સંદર્ભ સૂચિ બની રહી છે. કચ્છીની કદર બૃહદ્ ગુજરાતે કરી તેમનાં ''કચ્છનું સંસ્કૃતિ દર્શન''ને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો અને આમ કચ્છનો સાહિત્યકાર ગુજરાતી સાહિત્યકારોની પ્રથમ પંક્તિમાં નમ્રતાપૂર્વક બેઠો, ગૌરવ સાથે. ત્યારબાદ રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીએ પણ તેમનાં આ પુસ્તકને ઍવૉર્ડ આપ્યો. આમ રામસિંહજી રાઠોડની કચ્છની સંસ્કૃતિની આરાધનાની કદર સમગ્ર રાષ્ટ્રે કરી. રાષ્ટ્રીય કક્ષાએ કચ્છી સાહિત્યકારનું આ પુસ્તક પુરસ્કૃત થયું.

યોગાનુયોગ એવો બન્યો કે આ જ અરસામાં રામસિંહજીભાઈની ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની કાર્યક્ષમ કામગીરીના કારણે તેઓ આઈ.એફ.એસ. તરીકે ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસમાં નિયુક્તિ પામ્યા.

આમ તેઓ તેમની વ્યવસાયલક્ષી કારકિર્દીમાં પણ અત્યંત સફળ આઈ.એફ.એસ. અધિકારી તરીકે પંકાયા.

સરકારી નોકરી સાથે કચ્છની સંસ્કૃતિની આરાધના સતત નિત્ય પૂજાની જેમ ચાલુ રહી. રામસિંહજીના ઘરમાં કોઈ ભગવાન નથી. તેમના ભગવાન છે કચ્છની સંસ્કૃતિ. તમે આદર્શ સોસાયટીના ભુજના તેમના ''ઘર''માં કદી ગયા છો ખરા? તેમના ઘરના મુખ્ય દરવાજાથી કચ્છની સંસ્કૃતિની આરાધના શરૂ થાય છે. મુખ્ય દરવાજા પર આપણા જીવનનાં લોકસાહિત્યે પ્રબોધેલાં પ્રતીકો ઘરના મુખ્ય દરવાજા પર ભિરંડિયાળા (બન્ની)ની કાષ્ટ કોતરણી, વચ્ચેની ભીંત પર ભુજોડીનું ખ્યાતનામ ભીંતલીંપણ કારીગરી, દીવાનખાનામાં કચ્છનું વહાણવટું અને કચ્છની ખાસિયતો પ્રદર્શિત કરતા કલા નમૂનાઓ, અસંખ્ય સંદર્ભ પુસ્તકો, તૈલચિત્રો, હસ્તપ્રતો, પીએચ.ડી. માટે આવતા અભ્યાસીઓનો અભ્યાસખંડ અને છેક ઉપરની અગાસીમાં બન્નીનો ભૂંગો અને તેમાં કચ્છને સ્પર્શતું મહામૂલું સંદર્ભ સાહિત્ય અને મૂલ્યવાન ગ્રંથો.

રામસિંહજી રાઠોડ નિવૃત્ત થયા. તેમણે નિવૃત્તિના લાભો, જી.પી.એફ. ગ્રેચ્યુઈટી વગેરેની રકમનું રોકાણ પોતાના કુટુંબની આર્થિક સલામતી માટે કર્યું નથી પણ મહાદેવના નાકા બહાર કલેક્ટર કચેરી પાસે દ્વિધામેશ્વર મંદિરના રસ્તા પર જમીન મેળવી તેમાં 'ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ'ની ઐતિહાસિક - બેનમૂન ઇમારત ઊભી કરવા, અને તેમાં સમગ્ર કચ્છની તલસ્પર્શી સંસ્કૃતિ, કચ્છનું તમામ ક્ષેત્રનું સાહિત્ય, હસ્તપ્રતો, તૈલચિત્રો, નકશાઓ, કચ્છનું ગ્રામ્ય જીવન, સિક્કાઓ, કચ્છની વિશિષ્ટતાઓ રજૂ કરતા કલા નમૂનાઓનું અદ્યતન ''મ્યુઝિયમ'' ઊભું કરવામાં તેમણે તેમની જિંદગીની બધી જ કમાણી - બચત હોમી દીધી છે. આ આપણા કચ્છી સપૂત રામસિંહજી રાઠોડ બહુ ઓછા બોલા, શાંત પ્રકૃતિના અને પ્રચાર અને પ્રસાર માધ્યમોથી સેંકડો ગાઉ દૂર રહ્યા છે. તેમના સ્થાને કોઇ બીજો સાહિત્યકાર કે સંસ્કૃતિનો અભ્યાસી હોય તો સમગ્ર વિશ્વમાં ''વનમેન-શો''ના આંચળા હેઠળ જગવિખ્યાત બની ગયો હોત...!! પણ આ તો આપણા રામસિંહજીભાઈ... એકલે હાથે એકલવીરની જેમ વર્ષોથી પોતાની કલ્પનાનું ''સંસ્કૃતિ દર્શન'' તૈયાર કરવામાં ખુવાર થઈ રહ્યા છે, પણ ખુમારી સાથે.

કચ્છ અને કચ્છીઓનું ગૌરવ છે આ રામસિંહજી રાઠોડ. આ લાખેણા માડુનાં હું તો ચરણસ્પર્શ કરું. શત શત પ્રણામ રામસિંહજીભાઈ, તમારી કચ્છની સંસ્કૃતિની આરાધનાને.....

***મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩***

## કચ્છ જિલ્લાના સુશોભિત પથ્થરો

**(અનુસંધાન : પાના નં.-૧૭૭ ઉપરથી ચાલુ)**

દુબઈ, શારજહામાં બાંધકામક્ષેત્રે નિકાસની પણ ઉજળી સંભાવના રહેલી છે. સ્થાનિક પથ્થરના બજારોમાં ભુજ સેન્ડ સ્ટોનની જાંબુડિયા રંગની ટાઈલ્સનું માર્કેટ વધુ રહે તેમ છે. સ્ટોન ક્ષેત્રમાં કામ કરતી પેઢીઓ કચ્છના સેન્ડ સ્ટોનની ૧.૫ ફૂટ X ૧.૫ ફૂટ સાઈઝની ટાઈલ્સો કાપી બજારમાં મોટાપાયે રજૂ કરે તો નિકાસની પણ સંભાવના છે.

ખાણકાર્ય તથા ઘડતર પથ્થરના વેરવાના મશીન સાથે સંયુક્ત પ્રોજેક્ટ ઊભો કરવા અંદાજિત ૧૦ લાખનું રોકાણ સંભવિત છે. પ્રોજેક્ટ અમલમાં મૂકતા પહેલાં રંગની વિવિધતા, ઈજનેરી ગુણધર્મોની ચકાસણી તથા જથ્થાનો અંદાજ કાઢવો હિતાવહ છે.

કચ્છ જિલ્લામાં બાંધકામક્ષેત્રે કાર્ય કરતા ઠેકેદારો તથા આર્કિટેક્ટોને સેન્ડ સ્ટોન અને અંધૌના લાઈમ સ્ટોનના નમૂનાઓ પ્રારંભિક ધોરણે બતાવી, તેમની સહમતિના આધારે સૂચિત પ્રોજેક્ટનું અમલીકરણ શક્ય છે.

***મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૪***

*પાપ કરવું એ માટે દુઃખદ નથી કે તેની મનાઈ છે, પરંતુ તેની મનાઈ એટલે છે કેમ કે તે દુઃખદ છે.*

# શ્રીમદ્ રાજચંદ્ર : સંસારમાં વિરક્ત રહેલા આત્મજ્ઞાની સાધક

• કાન્તિ પટેલ •

જૈનો જેમને તીર્થંકર માનવા પ્રેરાય છે એવા સૌરાષ્ટ્રના આ શતાવધાનિ સપૂત શ્રીમદ્ રાજચંદ્રએ આજથી સો વરસ પહેલાં દેહ છોડ્યો હતો. ગાંધીજીના વિચારો પર શ્રીમદ્‌ની મોટી અસર હતી.

જૈન ધર્મનું પ્રવર્તન કોઈ એક પુરુષને નામે, શૈવ, વૈષ્ણવ આદિની જેમ નથી ચડ્યું પણ એ જિનો-રાગદ્વેષના વિજેતાઓએ આચરેલ અને ઉપદેશેલ ધર્મનું નામ છે. આથી જૈન ધર્મ કોઈ એક વ્યક્તિથી પ્રવર્તિત થયો છે કે કોઈ એક વ્યક્તિને જ તેમાં દેવ તરીકે સ્થાન છે એમ નથી, પણ જે કોઈ રાગ-દ્વેષના વિજેતા હોય તે જિન છે અને તેમનો ધર્મ તે જૈન ધર્મ. આવા જૈન ધર્મના અનુયાયીઓ જૈન કહેવાય છે. તેઓએ કાળક્રમે જેમનામાં રાગ-દ્વેષ પરનો વિજય જોયો તેમને પોતાના ઈષ્ટદેવ તરીકે સ્વીકાર્યા અને એવા વિશિષ્ટ દેવોને 'તિર્થંકર' એવું નામ આપ્યું. આવા તીર્થંકરોની સંખ્યા તેમને મતે ઘણી મોટી છે. પણ આ કાળમાં-આ યુગમાં ૨૪ તીર્થંકરો પ્રસિદ્ધ છે. બીજા ધર્મોની જેમ તેઓ ઈશ્વરના અવતાર નથી કે અનાદિસિદ્ધ ઈશ્વર પણ નથી. પરંતુ સામાન્ય મનુષ્યરૂપે જન્મેલ છતાં પૂર્વસંસ્કારને કારણે અને તે જન્મમાં વિશેષ પ્રકારની સાધના કરીને તીર્થંકરપદને પામ્યા છે. એટલે કે તીર્થંકર એ આપણા મનુષ્યોમાંના જ એક છે અને તેમનો સંદેશ છે કે જે કોઈ તેમની જેમ પ્રયત્ન કરે તે તીર્થંકરપદને પામી શકે છે. મનુષ્યજાતિમાં આ પ્રકારના આત્મવિશ્વાસની પ્રેરણા આપનાર એ તીર્થંકરો છે. અન્ય ધર્મમાં મનુષ્યથી જુદી યોનિમાં દેવો પૂજ્ય બને છે, પણ જૈન ધર્મમાં મનુષ્ય એવી શક્તિને મેળવે છે જેથી દેવો પણ તેમને પૂજે છે.

સંવત ૧૯૨૪ની કાર્તિકી પૂર્ણિમાએ (ઈ.સ. ૧૮૬૭ની નવમી નવેમ્બરે) સૌરાષ્ટ્રમાં મોરબી પાસે આવેલા વવાણિયા ગામમાં જન્મેલા શ્રીમદ્ રાજચંદ્રે ચોત્રીસ વર્ષના અલ્પાયુષ્યમાં ગૃહસ્થાશ્રમમાં રહીને પણ રાગ-દ્વેષથી પર થઈ આત્મજ્ઞાનને માર્ગે આગળ વધી જે જ્ઞાનસિદ્ધિ મેળવી તે કોઈ મનુષ્યને માટે દુર્લભ ગણાય એવી બાબત છે. તેથી જ તેમના ચાહકો અને અનુયાયીઓ તેમને તીર્થંકર માનવા પ્રેરાય છે. માત્ર સાત વર્ષની વયે એક મુરબ્બી સ્નેહી અમીચંદભાઈના લાડપ્યારનું ભાજન બનેલા રાયચંદને એ મુરબ્બીના સર્પદંશથી થયેલા અચાનક નિધનથી કારમી ચોટ પહોંચી. તેમણે આઘેથી બાવળના ઝાડ પર ચઢી, પોતાના પ્રિયજનના દેહને ચિતા પર જલતો જોઈને તેમના હૃદયમાં તીવ્ર મનોમંથન થયું. તેમાંથી તેમને જાતિસ્મરણજ્ઞાન થયું. એ જ્ઞાનના પ્રકાશમાં તેમણે જોયું કે પૂર્વના એક ભવમાં તેઓ ભગવાન મહાવીરના એક શિષ્ય હતા. પણ તેમના એક નાનકડા સ્ખલનને લીધે તેમને આઠસો જુદા જુદા અવતાર લેવા પડ્યા હતા. બહુ જ નાની વયે અનુપમ કવિત્વસિદ્ધ તથા સ્મરણશક્તિ ધરાવનાર શ્રીમદ્ રાજચંદ્રે 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવા વિરલ ગ્રંથનું સર્જન કર્યું છે. આ વિરલ, વીતરાગ વિભૂતિએ સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમે (ઈ.સ. ૧૯૦૧ની ૯ એપ્રિલે) સમાધિની અવસ્થામાં દેહ છોડ્યો. તેમના નિર્વાણનું આ શતાબ્દીનું વર્ષ હોઈ તેમના અનુયાયીઓ તથા ચાહકો દ્વારા તેમની ફિલસૂફીના પ્રચાર અર્થે વરસ દરમિયાન અનેક કાર્યક્રમો યોજાતા રહેશે. એ પ્રસંગે આ મહાત્માના જીવનકાર્ય ને જાણવા-સમજવા પ્રયત્ન કરીએ.

શ્રીમદ્ રાજચંદ્રનું મૂળ નામ લક્ષ્મીનંદન હતું પણ તેમને સહુ રાયચંદ તરીકે બોલાવતા. તેમના પિતા રવજીભાઈ વૈષ્ણવ હતા જ્યારે માતા દેવબાઈ ચુસ્ત જૈન હતા. આમ હિંદુ ધર્મના બે આધારસ્તંભો જેવા વૈષ્ણવ તથા જૈન ધર્મના સંસ્કાર તેમને નાનપણથી જ સાંપડ્યા હતા. બાલ્યવયમાં ભજન-કીર્તન તરફના અનુરાગથી તેમણે કંઠી પણ બંધાવી હતી. પણ બાર વર્ષની ઉંમરે જૈનધર્મી ભાઈઓના પરિચયથી જૈનશાસ્ત્રો અને પ્રતિક્રમણસૂત્રો વાંચ્યા તે બાદ તેમને ક્ષમાભાવના તથા જીવ-અહિંસાના પાયા પર રચાયેલા જૈનધર્મના તત્ત્વજ્ઞાન તરફ આકર્ષણ થયું. બેએક વર્ષમાં તો તેમણે સંસ્કૃત-પ્રાકૃતમાં લખાયેલા અનેક ગૂઢ અને ગહન ગ્રંથોના અર્કને આત્મસાત કરી લીધો.

બાળક રાયચંદની સ્મરણશક્તિ તથા ગ્રહણ શક્તિ અદ્‌ભુત હતી. સાત વર્ષની વયે તેમને સ્કૂલમાં મોકલવામાં આવ્યા તો બે વર્ષમાં જ તેમણે સાત ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કરી લીધો. આઠ વર્ષની વયે તો તેમણે કાવ્યો રચવાનું શરૂ ક્યું હતું અને થોડા વખતમાં જ તેઓ 'કવિ'નું બિરુદ પામ્યા હતા. સોળ વર્ષની વયે ત્રણ દિવસના ટૂંકા ગાળામાં જ 'મોક્ષમાળા' નામે તત્ત્વજ્ઞાનનાં દૃષ્ટાંતોથી ભરપૂર એવા અદ્‌ભુત સાહિત્યગ્રંથની રચના કરી હતી જેનાથી વિદ્વાન પંડિતો પણ પ્રભાવિત થયા હતા. ઓગણીસ વર્ષની વયે તેમણે અદ્‌ભુત કહી શકાય તેવા શતાવધનના પ્રયોગો કર્યા જેનાથી તેઓ જનસમુદાયમાં વધારે જાણીતા થયા. તેઓ જ્યારે ૧૬ વર્ષના હતા ત્યારે તેમને મોરબી આવવાનું થયેલું. તે વખતે શાસ્ત્રી શંકરલાલના અવધાનના પ્રયોગ મોરબીના ઉપાશ્રયમાં થયા હતા. શ્રીમદ્ રાજચંદ્રને પણ તે જોવા આવવાનું આમંત્રણ મળ્યું હતું. ઉપાશ્રયમાં ગયા અને અવધાનના પ્રયોગ કેવી રીતે થાય છે તે તેમણે જાણી લીધું. બીજે જ દિવસે તેમણે ખાનગીમાં મિત્રો સમક્ષ નવા નવા વિષયો લઈ અષ્ટાવધાન કરી બતાવ્યાં. પછીના જ દિવસે બે હજાર પ્રેક્ષકો સમક્ષ, મોરબીના ઉપાશ્રયમાં તેમણે બાર અવધાન સફળતાપૂર્વક કરી બતાવ્યાં. અત્યાર સુધી તેઓ કવિ તરીકે જાણીતા હતા હવે તે અવધાનશક્તિ ધરાવનાર

*કોઈપણ વ્યક્તિ નિષ્ફળતાથી જેટલી ડરે છે તેટલી જ પોતાની કાર્યસિદ્ધિથી દૂર રહે છે.*

તરીકે જાણીતા થયા.

વિ.સં. ૧૯૪૨માં તેઓ મુંબઈ આવ્યા ત્યારે તેમણે બહોળા પ્રમાણમાં અવધાનના પ્રયોગો જાહેરમાં કરી બતાવ્યા હતા, જેની નોંધ 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' તથા 'મુંબઈ સમાચાર'એ પણ લીધી હતી. તા. ૫-૧૨-૧૮૮૬ના 'મુંબઈ સમાચાર'માં આ પ્રમાણેના સમાચાર છપાયા હતા :

'મોરબીથી કવિ શ્રી રાયચંદજી રવજીભાઈ નામનો માત્ર ૧૯ વર્ષની વયનો એક હિંદુ ગૃહસ્થ અત્રે આવી સ્મરણશક્તિ તથા કવિત્વશક્તિનાં જે અદ્‌ભુત કૃત્યો કરી દેખાડે છે, તેનાથી વાંચનારાઓને અમે વાકેફ કરતા રહીએ છીએ. એવી મહાન શક્તિના પુરુષો એકથી વધારે આવી ગયા છે અને ખુદ મુંબઈમાં શીઘ્રકવિ પંડિત ગટુલાલજી તેવી શક્તિ ધરાવનાર તરીકે જાણીતા છે. પણ હમણાં આવેલો સદરહુ પુરુષ તેઓ કરતાં ચડિયાતી શક્તિનો કહેવાય છે. એટલે બીજાઓ જ્યારે અષ્ટાવધાન એટલે એકી વેળા આઠ પ્રકારના પ્રયોગો કરી બતાવે છે, ત્યારે આને શતાવધાની-એકસો પ્રયોગો કરી દેખાડનારો સમજવામાં આવે છે. તેમનામાં રહેલી શક્તિની મોટી ખૂબી એ છે કે, તેઓ એકી વેળા અનેક બાબત પોતાના મનમાં યાદ રાખી તથા રચી શકે છે. ગમે તેવી અજાણી અને પારકી ભાષામાં કહેલા ઊલટપાલટ શબ્દોનાં વાક્યોને સરખાં ગોઠવી આપે છે અને તે સઘળું એકબીજાની સાથે વચ્ચે વચ્ચે કરે છે.'

શતાવધાની તરીકે જેમ તેમને નામના મળી તેવી જ રીતે તેઓ જ્યોતિષી તરીકે પણ જાણીતા થયા. જ્યોતિષ એ ગ્રહાચારના સતત અવલોકન પરથી ઘડાયેલું શાસ્ત્ર છે. શ્રીમદ્ હસ્ત મુખ આદિનું અવલોકન કરીને પણ જ્યોતિષ જોઈ શકતા હતા. તેમના જ્યોતિષના જ્ઞાનની ખ્યાતિ ધીરે-ધીરે ફેલાતી ગઈ અને અનેક લોકો તે માટે તેમનો સંપર્ક કરતા. ભવિષ્યદર્શન તેઓ કરી શકતા હતા તેના અનેક દાખલાઓ નોંધાયા છે. એવું કહેવાય છે કે શ્રીમદ્ રાજચંદ્રની ખ્યાતિ સાંભળી એક પારસી ગૃહસ્થ તાતા તેમને પોતાના બંગલે લઈ ગયા. તેમણે બંગલાની સમૃદ્ધિ શ્રીમદ્‌ને બધે ફેરવીને બતાવી. બંગલો જોયા પછી શ્રીમદ્ે એક જ પ્રશ્ન કર્યો, 'આને કોણ ભોગવશે ?' વાતનો નિર્દેશ તાતાના નિઃસંતાનપણા પ્રત્યે હતો. આ વાત તાતાને સ્પર્શી ગઈ. તેમણે પોતાની કોમના બધા માણસો પોતાના સંતાન છે એમ માની મિલકતનું ટ્રસ્ટ બનાવ્યું અને પરોપકાર અર્થે સર્વે સંપત્તિ ટ્રસ્ટીઓને સોંપી ગયા.

૧૯ વર્ષની વયે શ્રીમદ્ રાજચંદ્રનું લગ્ન ડૉ. પ્રાણજીવનદાસના ભાઈ પોપટલાલની પુત્રી ઝબકબાઈ સાથે થયાં હતાં. આ ડૉ. પ્રાણજીવન મારફતે જ ગાંધીજીનો મેળાપ શ્રીમદ્ રાયચંદ જોડે થયો હતો. ધર્મ અને અધ્યાત્મની બાબતમાં શ્રીમદ્ રાજચંદ્રે ગાંધીજીને માર્ગદર્શન તથા પ્રેરણા આપી હતી એ વાત ગાંધીજીએ તેમની આત્મકથામાં નોંધી છે. 'સત્યના પ્રયોગો'ના બીજા ખંડનું પ્રથમ પ્રકરણ તેમણે 'રાયચંદભાઈ'ને સમર્પિત કર્યું છે. તેમાં લખ્યું છે, 'દાક્તર મેહતાએ જે ઓળખાણ તેમને ઘેર કરાવી તેમાંની એક નોંધ્યા વિના ન જ ચાલે. હું જેમની વાત કરવા ઇચ્છું છું તે તો કવિ રાયચંદ અથવા રાજચંદ્રની. દાક્તરના મોટાભાઈના તે જમાઈ હતા ને રેવાશંકર જગજીવનની પેઢીના ભાગીદાર ને કર્તાહર્તા હતા. તેમની ઉંમર તે વેળા ૨૫ વર્ષ ઉપરની નહોતી છતાં તે ચારિત્ર્યવાન અને જ્ઞાની હતા એ તો હું પહેલી જ મુલાકાતે જોઈ શક્યો : તે શતાવધાની ગણાતા હતા. મેં મારા ભાષાજ્ઞાનનો ભંડોળ ખાલી કર્યો ને કવિએ મેં કહેલા શબ્દો જે નિયમમાં કહ્યા હતા તે જ નિયમમાં કહી સંભળાવ્યા. આ શક્તિની મને અદેખાઈ થઈ પણ હું તે ઉપર મુગ્ધ ન થયો. જેના ઉપર હું મુગ્ધ થયો તે વસ્તુનો પરિચય મને પાછળથી થયો. એ હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચરિત્ર અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શનને જ ખાતર તે પોતાનું જીવન વ્યતીત કરતા હતા એમ મેં પાછળથી જોયું.'

'પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતો. તેમનો વિષય, તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ-હરિદર્શન હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઉઘડે અથવા પેલી નોંધપોથી ઉઘડે. તેમના લેખોનો જે સંગ્રહ પ્રગટ થયો છે તેમાંનો ઘણો ભાગ તો આ નોંધપોથીમાંથી લેવાયેલો છે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય. છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો. ઘણા ધર્માચાર્યોના સંપર્કમાં હું ત્યાર પછી આવ્યો છું. પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી છે તે બીજા કોઈ નથી પાડી શક્યા.'

ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રની એક લાક્ષણિક છબી અહીં રજૂ કરી છે. ગાંધીજીનું ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષણ વધ્યું હતું અને તેઓ ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાનો વિચાર કરતા હતા. ત્યારે રાયચંદભાઈએ તેમને રોક્યા હતા. તેની નોંધ પણ ગાંધીજીએ આત્મકથામાં લીધી છે. 'મેં મારી મુસીબતો રાયચંદભાઈ આગળ મૂકી. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવાની અને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ હતો : 'હિંદુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી એવું નિષ્પક્ષપાતપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે.''

ગાંધીજીની અહિંસાની ફિલસૂફી ઉપર શ્રીમદ્ રાજચંદ્રના વિચારોની અસર હોવાનું સ્પષ્ટ કલ્પી શકાય. જોકે રાયચંદભાઈની વિદ્વત્તા તથા આત્મસૂઝ પ્રત્યે આદરમાન હોવા છતાં ગાંધીજીએ તેમને પોતાના ગુરુ ગણ્યા નહોતા. તેમ છતાં જે બાબતોનો તેમના ઉપર અધિક પ્રભાવ પડ્યો હોય એવી બાબતોમાં રાયચંદભાઈના વિચારોને પણ તેમણે સ્થાન આપ્યું છે. તેમની બંને વચ્ચેના પત્રવ્યવહાર દ્વારા આ વાતનો ખ્યાલ આવે છે.

શતાવધાની પ્રયોગો તથા જ્યોતિષવિદ્યાના આકર્ષણમાંથી જલદીથી મુક્ત થઈ શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાનમાં ઊંડા ઊતરતા ગયા. તેમણે ચરોતર તથા સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આ ઉદ્દેશ્યથી પરિભ્રમણ પણ શરૂ કર્યું. અઠ્ઠાવીસ વર્ષની વયે, વિક્રમ સંવત ૧૯૫૨ની શરદ પૂર્ણિમાને બીજે દિવસે બહારથી ફરી આવીને નડિયાદમાં ફાનસના પ્રકાશમાં માત્ર દોઢેક કલાકમાં લખ્યું, તે તેમની અમર કૃતિ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' એ જાણે તેમની જીવનભરની સાધનાનું પરિણામ છે.

***મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩***

***માણસે જ્ઞાન વિનાના ધનિક બનવાનું જોખમ ક્યારેય ન લેવું જોઈએ.***

# કચ્છી નરબંકા

● ધનજી ભાનુશાળી ●

કચ્છના લોકોને આયરીશ લોકો સાથે સરખાવવામાં આવે છે. એમાં ભારતીય કચ્છી જેમણે નામના કાઢી છે એમને આપણે પૂરા ઓળખી શક્યા નથી કે પૂરી કદર કરી શક્યા નથી, એમને ઓળખવાનો અહીં નમ્ર પ્રયાસ કરવામાં આવે છે. સંભવ છે, આ વાંચ્યા પછી કહીએ, 'અરે, આ તો મને ખબર હતી પણ એ કચ્છી છે અને મારે જાણવું જોઈતું હતું તે હું જાણતો ન હતો..' એવા નરબંકાઓનાં થોડાં નામો લઈએ અને આ ધરાની નામના વધારવામાં એમનો ફાળો કેટલો અને કઈ રીતનો છે તે જાણવા પ્રયત્ન કરીએ. એ જાણ્યા પછી આપણી છાતી ગજગજ ફુલાશે એમાં શંકા નથી.

## વિનય મેકોની

**માંડવી તાલુકાના નાની ખાખર ગામના વિનયચંદ્ર નાગજી ગણપત દેઢિયા આપણા એકમાત્ર અણુવિજ્ઞાની છે અને અત્યારે એમની ગણના આ ક્ષેત્રની પ્રથમ પાંચ હસ્તીઓમાં થાય છે.** શ્રી વિનયચંદ્ર નાગજીને વિનય મેકોની તરીકે ઓળખવામાં આવે છે. કચ્છથી દૂર, પણ એમના હૃદયમાં ધબકે છે કચ્છ.

## જોકી બંધુઓ

મુંબઈમાં મહાલક્ષ્મી રેસકોર્સમાં ઘોડાઓની રેસ થાય છે અને કરોડોની હારજીત સાથે માલેતુજારો મનોરંજન મેળવે છે. અહીંની ઘોડાદોડની રેસમાં ઘોડાને ચલાવી રેસના રસિયાઓને રમાડતા ઘોડેસવારને જોકી કહેવામાં આવે છે. એવા જોકી પૈકી બે સગા ભાઈઓ કચ્છના છે : માંડવી તાલુકાના મસ્કા ગામના વતની જયંતીલાલ કુંવરજી ગોર (૪૭) તથા ચુનીલાલ કુંવરજી ગોર (૪૨) આ વ્યવસાયમાં છે. **આ બંને ભાઇઓ જે ઘોડા ઉપર જોકી હોય છે એ ઘોડો રેસમાં ફેવરિટ ગણાય છે.** અત્યાર સુધી એમણે ૧૪૧ જેટલી રેસ જીતી છે અને કચ્છનું નામ ઉજાગર કર્યું છે.

## વિમાની પ્રથમ પાઈલોટ પરસોત્તમ કબાલી

અત્યાર સુધી એમ કહેવાતું કે ભારતમાં વિમાન ચલાવવા માટેના પ્રથમ પાઈલોટ તરીકે જે. આર. ડી. તાતા છે, પરંતુ હવે એ માન્યતા ભૂલ ભરેલી હોવાનું પ્રસ્થાપિત થયું છે. ભારતના પ્રથમ વિમાની પાઈલોટ તરીકે એક કચ્છીનું નામ જ્યારે સામે આવે છે ત્યારે રોમાંચ થાય એ સ્વાભાવિક છે. **ભારતના પશ્ચિમ છેવાડે આવેલા કચ્છના પણ પશ્ચિમ છેવાડે લખપત નામનું એક સમયનું બંદર હતું. ત્યાંના વતની રઘુવંશી પુરુષોત્તમ મેઘજી કબાલી ભારતના પ્રથમ વિમાની પાઇલોટ છે.** એમણે કોમર્શિયલ લાઇસંસ મેળવ્યું હતું. અહીં ખાસ વાત એ છે કે આઝાદ હિંદ ફોજના વડા સેનાપતિ સુભાષચંદ્ર બોઝને કલકત્તાથી કાબૂલ સુધી છૂપી રીતે પહોંચાડનાર તેઓ હતા એ જાણ્યા પછી એમને વંદન નહિ કરીએ? એમના પિતા મેઘજીભાઈ મુંબઈ કમાવવા આવ્યા. મૂડી નહોતી. એ સમયે એક અમેરિકન કરોડપતિ વેપારી રૉકફેલરને ભારતમાં ઘાસલેટ (કેરોસીન)ની નિકાસ કરવાની ઇચ્છા હતી. મેઘજીભાઈ સાથે વાત જામી અને વગર મૂડીએ ધંધો ચાલ્યો. આ ધંધાથી એમને ઘેર ઘોડાગાડી આવી અને ચેમ્બુર તેમજ ઘાટકોપરમાં જગ્યાઓ લીધી.

મેઘજીભાઈનાં સંતાન પુરુષોત્તમનો જન્મ હનુમાન જયંતીના રોજ થયો હતો એટલે હનુમાનની જેમ પવનપુત્ર થવાનું મન થયું. વિમાન ચલાવતા શીખીને ઈ.સ. ૧૯૨૯માં પાઈલોટનું એ અને બી લાઈસન્સ મેળવનારા તેઓ પ્રથમ હિન્દી હતા. તેઓ મુસોલિનીને મળ્યા હતા. આખી દુનિયા ફર્યા. સરદાર પટેલ અને મણિબહેનને પોતાના વિમાનમાં સફર કરાવી હતી. એમણે જવાહરલાલ નહેરુની બહેનોને વિમાન ચલાવતાં શીખવ્યુ હતું. પૂ. કસ્તુરબાના હાથે રાંધેલી ખીચડી ખાવાનું સદ્ભાગ્ય મેળવનાર પુરુષોત્તમને સુભાષચંદ્ર બોઝને ભગાડી જવાનો આરોપ પણ સહેવો પડેલો અને તે માટે એમને સજા પણ થયેલી. એમણે ખૂબ જ સખાવતો કરી. લક્ષ્મીનારાયણ અને શંકર ભગવાનનું મંદિર બંધાવ્યું જે આજે પણ ઘાટકોપરમાં મોજૂદ છે. એમણે પોતાની વિમાની કંપની સ્થાપેલી અને ઠેઠ ૧૯૩૬ની સાલમાં આપણા ભારતીય જવાનોને વિમાન ચલાવવાની તાલીમ મળે તે માટે એરોનોટિકલ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરેલી. ભારતમાં પ્રથમ કેરોસીન લાવનારા પણ તેઓ જ હતા.

## પ્રથમ સ્ત્રી પાઈલોટ - નારાયણીબાઈ

ધીંગી ધરા બળૂકા બેલિઓમાં સ્ત્રીરત્નો પણ પાછાં પડે તેમ નથી. ભારતનાં પ્રથમ સ્ત્રી-પાઈલોટ કોણ એ બાબત પણ વિવાદ ચાલતો હતો. પરંતુ ઈતિહાસનાં ખંડિત પાનાંઓ હવે ઊખળી રહ્યા છે **અને દસ્તાવેજી રીતે પુરવાર થયું છે કે ભારતનાં પ્રથમ સ્ત્રી-પાઇલોટ કચ્છનાં એક બહેન હતાં!** આપણને ગૌરવ સાથે રોમાંચ થાય એવી આ ઘટના એવી છે કે ઉપર જોયું તેમ ભારતના પ્રથમ વિમાની પાઈલોટ પુરુષોત્તમ મેઘજી કબાલીનાં ધર્મપત્ની

*જે માણસ પોતાનો અભિપ્રાય કદી બદલતો નથી એ બંધિયાર પાણી જેવો છે એ પાણીમાં જીવાત પડવાની જ. -*

નારાયણીબાઈ પણ ભારતનાં પ્રથમ સ્ત્રી પાઈલોટ છે. પોતાના પતિ પુરુષોત્તમ પાસે વિમાન ચલાવવાની તાલીમ લેનાર આ વીરાંગનાએ પણ સુભાષચંદ્ર બોઝને ભારત બહાર નસાડી જનાર પ્રસંગમાં પતિને પૂરેપૂરી મદદ કરી હતી અને એ કારણે આ સાહસ સફળ થયું હતું.

## નાખુદો કાનજી માલમ

ભારતમાં વિદેશી હાકેમોને લાવનાર અને ભારતને ગુલામીની ઝંઝીરોમાં જકડાવનાર એક કચ્છી માડુ હતો એવું જ્યારે સાંભળીએ ત્યારે પ્રથમ દૃષ્ટિએ ફિટકાર વરસી જાય એની તરફ. પણ ભાવિના ગર્ભને ન જાણનાર માટે તો સાહસ જ ગણાય. દુનિયાના જુદા જુદા પ્રદેશોની શોધમાં વલંદો વાસ્કો-દ-ગામા અમેરિકા ખંડ શોધવા નીકળ્યો હતો. રઝળપાટમાં દરિયામાં એ રસ્તો ભૂલી ગયો. મેરામણના ખોળે કચ્છનાં માંડવીના ખારવા કાનજી માલમનો ભેટો થયો. વાસ્કો-દ-ગામાએ રસ્તો ભૂલી ગયાની અને રસ્તે ચડાવવાની વાત કરી. **ભૂલાભટકાને રસ્તે ચડાવવાના હેતુથી કાનજી માલમે વાસ્કો-દ-ગામાને ભારતનો રસ્તો બતાવ્યો.** પરિણામે સને ૧૯૪૨માં વાસ્કો-દ-ગામા અમેરિકાને બદલે ભારતના કાલીકટ બંદરે પગ માંડવામાં સફળ થયો. એકવાર વાટ જોઇ ગયેલા વલંદા, ડચ અને પછી અંગ્રેજો ભારતમાં રોકટોક વિના આવવા લાગ્યા અને પરિણામે ભારત ગુલામ બન્યું! સારા હેતુનો અંત ખરાબ રીતે આવ્યો એ કુદરતની બલિહારી જ કહેવાય!

## રામસિંહ માલમ

કચ્છનું માંડવી એટલે દરિયા ખેડુની ખાણ. સાત સમુંદરને ધમરોળી નાખનાર માંડવીના ખારવાઓ-નાખુદાઓને ખરે જ ધન્યવાદ છે. આવા એક નાખુદા હતા રામસિંહ માલમ. **રામસિંહે કચ્છમાં હુન્નર-કળાનો પાયો નાખ્યો. રેતીમાંથી કાચ બનાવવાનો ઉદ્યોગ તથા તોપ બનાવવાનો ઉદ્યોગ એમણે કચ્છમાં શરૂ કરાવ્યો** અને બીજાઓને પ્રેરણા પણ આપી. એવા એ પૂર્ણ-કચ્છીને ભૂલી શકાય નહિ.

## આદ્ય ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા

સદ્. ઇંદુલાલ યાજ્ઞિકે યોગ્ય જ કહ્યું છે કે જો ભારતને ૩૦ વર્ષ વહેલી આઝાદી મળી હોત તો ભારતના પ્રથમ વડાપ્રધાન શ્યામજી કૃષ્ણવર્મા હોત. કચ્છના માંડવી શહેરમાં શાહવાળી મસ્જિદ પાસેની શેરીમાં તા. ૪-૧૦-૧૮૫૭ના રોજ ભૂલા ભણસાળીના ઘેર પુત્રજન્મ થયો. શામજી એનું નામ પડ્યું. પ્રથમ માંડવીમાં ભૂભૂ પંડ્યાની ધૂળી નિશાળમાં એકડો ઘૂંટનાર શ્યામજીએ માધ્યમિક શિક્ષણ ભુજમાં સારસ્વત શિવજી વાઘજી વકીલને ત્યાં ભુજનાં આશાપુરા ફળિયામાં રહી લીધું હતું. પછી મુંબઈ અને ઇંગ્લેંડ જઈ ભારતના પ્રથમ બેરિસ્ટર થયા.

ભારત બહાર જઈ પ્રથમ એમ.એ. થયા અને કચ્છ-રાજ્યની ભારત બહાર ભણવાની સ્કોલરશિપ પણ એમને જ મળી હતી. પણ એમનું નામ તો અમર છે ભારતના આદ્યક્રાંતિવીર તરીકે. **ઇંગ્લેન્ડમાં જઈ "ઇન્ડિયા હાઉસ"ની સ્થાપના કરનાર અને વીર સાવરકર, વી.વી. એસ. આયંગર, મેડમ ભીખાઈજી કામા જેવા ક્રાંતિકારીઓને પોતાના ખર્ચે તાલીમ આપનાર શ્યામજીને યાદ કરવામાં પણ ભારતીયો પછાત પડ્યા છે ત્યારે દુઃખ જરૂર થાય.** ઈ.સ. ૧૮૭૭માં કાશીના પંડિતોએ જેને 'પંડિત'ની ઉપાધિ આપી એ શ્યામજી કૃષ્ણવર્માએ ભારતની આઝાદી માટે તન-મન-ધનથી સેવા કરી બધું જ રાષ્ટ્રને અર્પણ કર્યું હતું.

## પ્રથમ આઈ.એ.એસ.

**કચ્છમાં પ્રથમ "આઈ.એ.એસ." થનાર હતા મુંદ્રાના રઘુવંશી તુલસીદાસ મૂળજી શેઠ.** બાહોશ વહીવટકર્તા શ્રી તુલસીદાસભાઈને આપણે ટી.એમ. શેઠ તરીકે ઓળખીએ છીએ. પોતાના સમયમાં એમણે જે દીર્ઘદ્રષ્ટિભર્યાં પગલાં લીધાં હતાં.

## પ્રથમ આઈ.પી.એસ.

કુદરતનો કરિશ્મા જુઓ. **શ્રી ટી. એમ. શેઠ પ્રથમ આઈ.એ.એસ. થનાર હતા તો એમનાં સુપુત્રી સુશ્રી વિજયાબહેન શેઠ પ્રથમ "આઈ.પી.એસ." (ઇન્ડિયન પોસ્ટલ સર્વિસ) થનાર પ્રથમ કચ્છી-બહેન છે.** આજે તેઓ ભારત સરકારની આ ક્ષેત્રની કામગીરીમાં નોંધપાત્ર ફાળો આપી રહ્યાં છે.

## કચ્છના પ્રથમ પત્રકાર દેવજીભાઈ

કચ્છનો પ્રથમ પત્રકાર કોણ? અત્યાર સુધી આ પ્રશ્ન મૂંઝવતો હતો. પણ હવે તો કહી શકાય કે **કચ્છના પવિત્ર તીર્થધામ નારાયણ સરોવરના પનોતા પુત્ર દેવજી ભીમજીભાઈ કચ્છનાં પ્રથમ પત્રકાર છે.** એમણે ઠેઠ કેરળમાં જઈ વર્તમાનપત્ર કાઢ્યું. તેઓ પ્રથમ કચ્છી પત્રકાર છે.

## પ્રથમ રાજદૂત

**સ્વતંત્ર ભારતના પ્રથમ કચ્છી-રાજદૂત તરીકે માજી મહારાવશ્રી મદનસિંહજી સાહેબનું નામ આવે.** નહેરુના પાકા દોસ્ત શ્રી મદનસિંહજી ભારતના પ્રથમ કચ્છી રાજદૂત થયા. એ સાથે જ ભુજના શ્રી મહાશંકરભાઈ ઓઝાના સુપુત્ર શ્રી ભૂપતભાઈ ઓઝા પોતાની આગવી પ્રતિભાને કારણે પ્રથમ કચ્છી 'આઈ.એફ.એસ."(ઇન્ડિયન ફોરેન સર્વિસ) થયા. એમણે સારી કામગીરી કરી હતી. હાલે નિવૃત્ત થયેલ શ્રી ઓઝાને બોફોર્સ તોપકાંડ અંગે જાણકારી હોવાથી સારી એવી ચકચાર જગાવી છે. એવા બીજા એક રાજદૂત છે તે કચ્છના પ્રો. રણછોડ ભદ્રા. યુરોપિયન ઇકોનોમી કોમ્યુનિટી માટેના દક્ષિણ આફ્રિકાના તેઓ એમ્બેસેડર હતા.

## રાષ્ટ્રપતિપદના ઉમેદવાર

ભારતના રાષ્ટ્રપતિના પદ માટેની ચૂંટણીમાં પણ ઝંપલાવનાર એક કચ્છી સપૂતને યાદ કરીએ. **મૂળ માંડવીના શ્રી ખુશાલ તલકસી શાહને પ્રો. કે.ટી. શાહ તરીકે ઓળખવામાં આવે છે.** એમણે સને ૧૯૫૨ની સાલમાં રાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું.

*આપણી આજ અને ગઈકાલ એ ઈંટો છે, એ વડે આપણે આવતીકાલનું ચણતર કરીએ છીએ.*

## પ્રથમ પર્વતારોહી સ્ત્રી

તો સાહસની દુનિયામાં પણ એક 'કચ્છી-ભેણ'નું નામ સાંભળીએ ત્યારે રોમાંચ સાથે ગૌરવ થાય છે. **મુંદ્રા તાલુકાના શ્રી પ્રેમજીભાઈ કુરિયાની સુપુત્રી બીના કુરિયા પ્રથમ સ્ત્રી પર્વતારોહી તરીકે જાણીતાં થયાં છે.** ૨૫ વર્ષનાં બીનાબહેને ૨૧૦૦૦ ફૂટની ઊંચાઈએ હિમાલયના શિખરને ૩૩ દિવસમાં સર કરી એક વિક્રમ સ્થાપ્યો છે.

## પ્રથમ વનસ્પતિશાસ્ત્રી

**સદ્. જયકૃષ્ણ ઇંદરજી ઠાકર કચ્છના પ્રથમ વનસ્પતિશાસ્ત્રી છે.** કચ્છનાં જંગલોમાં થતી કીમતી ઔષધીઓની વનસ્પતિઓને ઓળખાવી, પુસ્તકાકારે આપણી સમક્ષ રજૂ કરનાર શ્રી જયકૃષ્ણ ઇંદરજી ઠાકરને વંદીએ એટલું ઓછું છે. તેમનો જન્મ લખપતમાં સંવત ૧૯૦૪માં થયો હતો.

## ટેસ્ટ ટ્યૂબ બેબીના પ્રથમ પ્રણેતા

કચ્છ ગામ ભોજાયના ડો. ભાણજી ઉમરશી ગડાના સુપુત્ર ડો. ધીરજ ભાણજી ગડાને 'ટેસ્ટ ટયૂબ બેબી' પદ્ધતિનો અભ્યાસ કરી તેને એક પદ્ધતિ તરીકે વિકસાવનાર ડો. ધીરજ ગડાએ 'ઇન્ડિજીસ ડેવલપમેન્ટ' પદ્ધતિએ વિકાસ કરી, વ્યંધત્વથી પીડાતી બહેનોને ઘેર પારણાં ઝૂલતાં કર્યાં છે. જાપાનમાં આયોજિત આઠમી વિશ્વ મેડિકલ કોંગ્રેસમાં 'ટેસ્ટ ટયૂબ બેબી, ગર્ભાશયની ટી. બી' સંબંધી શોધપત્રની પ્રસ્તુતિ કરનાર ડો. ધીરજ ગડા વિશ્વના પ્રથમ ડૉક્ટર છે એ આપણા માટે વિશેષ ગૌરવની વાત છે. તેઓ હાલે મધ્યપ્રદેશમાં ઇન્દોરમાં પોતાનું નર્સિંગ હોમ ચલાવે છે.

## રમેશ ખોડા - સફારી રેસના પ્રથમ કચ્છી

ભુજ તાલુકાના ભારાસરના વતની રમેશ ખોડાને હવે કોણ નથી ઓળખતું? **દર વર્ષે એપ્રિલ માસમાં કેન્યામાં આયોજાતી સફારી કાર રેલીમાં ભાગ લેતા શ્રી રમેશભાઈ ખોડા એકમાત્ર કચ્છી-ભારતીય છે.** વિશ્વભરમાં નામના મેળવનાર આ કાર-રેલી કેન્યાના વિકટમાં વિકટ માર્ગો - જંગલોમાંથી પસાર થાય છે. આ ઉપરાંત તેઓ ભારતમાં યોજાતી હિમાલયન કારરેલીમાં પણ ભાગ લઈ પ્રથમ વિજેતા થયા છે.

## કચ્છી રૂબીકોન

આજકાલ બ્રિટનમાં 'રૂબીકોન' નામે પીણું ખૂબ જ લોકપ્રિય છે. વલસાડથી કેરીનો રસ મોટા પ્રમાણમાં મંગાવી તેને નાના ટીનમાં પેક કરી બ્રિટનનાં લાખો ઘરોમાં પહોંચાડનાર 'રૂબીકોન' પીણાના પુરસ્કર્તા છે ભુજ તાલુકાના બળદિયા ગામના વતની શ્રી વિશ્રામભાઈ વેકરિયા.

## વિદેશમાં પ્રથમ કચ્છી બેંકર્સ

રંગુનમાં બેંકની સ્થાપના કરી સારી સેવાથી નામના મેળવનાર એક કચ્છીનું નામ છે મૂળચંદ શામજી રંગુનવાલા. ભુજ એમનું જન્મસ્થળ. એમણે આ ક્ષેત્રે સારી નામના મેળવી. જે કારણે જ્યારે એમણે રાજીનામું આપી વહાલા વતન પરત જવાનું નક્કી કર્યું ત્યારે **બર્માની સરકારે એમનું રાજીનામું સ્વીકાર્યું નહિ અને કદર તરીકે તેઓ જીવ્યા ત્યાં સુધી એમને ચાલુ નોકરીએ ગણી પૂરો પગાર જીવનભર ભુજ મોકલવામાં એક પણ ચૂક કરી ન હતી.**

## પુલના રાજા જગમાલ ચૌહાણ

કમાલની આ ધરાના એક સપૂતનું નામ પણ 'પુલના રાજા' તરીકે જાણીતું છે. **કલકત્તાની હુગલી નદી પર હાવડાનો પ્રખ્યાત ૨૧૫૦ ફૂટ લાંબો અને તોતિંગ પુલ બાંધનાર હતા ભુજ તાલુકાના નાગોર ગામના મહેનતકશ મિસ્ત્રી કોમના શ્રી જગમાલ રાજા ચૌહાણ.** એમને ન ઓળખનાર ભાગ્યે જ કોઈ હશે. એ જમાનામાં આ પુલ બાંધવાનો ખર્ચ રૂપિયા એક કરોડ થયો હતો. એ સમયના ભારતના વાઈસરોય લોર્ડ ઈરવીન જગમાલ રાજાના પાકા દોસ્ત હતા. એમનો એ નાતો છેવટ સુધી ચાલુ રહ્યો હતો. પુલની બાંધણીની કૌશલતાને કારણે અંગ્રેજોએ એમને 'રાવબહાદુર'નો ઇલકાબ આપ્યો હતો. હાવડા એકસપ્રેસ એમની સ્મૃતિમાં ચાલુ થઈ હતી એ પણ નોંધપાત્ર ઘટના છે. દુનિયાના જ્ઞાનકોષ તરીકે જાણીતી- 'બુક ઓફ નૉલેજ'માં પણ એમના નામની નોંધ લેવામાં આવેલ છે.

## પ્રથમ રેલવે શરૂ કરનાર

**કચ્છમાં પ્રથમ સને ૧૯૨૦માં રેલવે શરૂ થઈ. એ શરૂ કરનાર હતા ભુજના શ્રી કેશવજી શામજી બુદ્ધભટ્ટી.** એમને મહારાણી વિક્ટોરિયા તરફથી ક્રોસ મેડલ પણ આપવામાં આવ્યો હતો. તેઓ જ્યારે અન્ય રાજ રજવાડામાં જતા ત્યારે ઝબ્બા ઉપર આ ક્રોસ મેડલ લટકાવતા અને એ પ્રસંગે જે તે રાજના રાજા પણ ઊભા થઈને એમને માન આપતા. આવા ભડકચ્છીને કેમ ન વંદીએ?

## પાન દ-જેઠી

દીવના શાસક પોર્ટુગીઝો નમાબાપા છોકરાઓનું કાયદા દ્વારા ધર્મપરિવર્તન કરાવતા. એવા ધર્મદ્રોહી કાયદાનો વિરોધ કરવા એક કચ્છી બહેન જેઠીબાઈએ વિશિષ્ટ પદ્ધતિ અપનાવી. તેઓ કર્મે ખત્રી હતાં. એમણે બાંધણીમાં ભીંડી દ્વારા વિરોધનાં અક્ષરો ઉપસાવી તે બાંધણી કે ઓઢણી જેને 'પાન દ-જેઠી' નામ આપી શાસકને મોકલી. તેઓ છક થઈ ગયા અને આ પ્રવૃત્તિ બંધ કરવામાં આવી. **દીવમાં હાલમાં એક બસ સ્ટેશન ખુલ્લું મુકાયું તેના નામ અપાયું 'પાન-દ-જેઠી બસ સ્ટેશન.'** એ સમયમાં જેઠીબાઈના ઘર પાસેથી પસાર થનાર પોર્ટુગીઝ અમલદારો અને નોકરોને એમના ઘરને સલામી આપવી એવો રાજનો હુકમ હતો. વળી, અઠવાડિયામાં એક ચોક્કસ દિવસે એમના ઘર પાસે સરકારી બેન્ડ વગાડવાનો હુકમ પણ કરવામાં આવ્યો હતો, જે આજે પણ ચાલુ છે.

## પ્રથમ શરણાઈવાદક

મુન્દ્રાના મર્હૂમ નોબતવાદક સુલેમાન જુમા (સુલેમાન બાપા)એ શરણાઈને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડીને **પેરિસ ખાતે 'ફેસ્ટીવલ**

*માણસ આદર્શ માટે કામ કરે છે ત્યારે તેનો સામનો કરવો મુશ્કેલ બની જાય છે.*

**ઓફ ઇન્ડિયા' મહોત્સવનું ઉદ્‌ઘાટન એમના શરણાઇવાદન અને નોબતવાદનથી થયું હતું** અને દુનિયાએ આશ્ચર્યથી મોંમાં આંગળાં મૂકયાં હતાં એ તાજેતરની વાત છે. એમની ત્રીજી પેઢીએ આ વ્યવસાય ચાલુ રાખ્યો છે શ્રી જુસબભાઈએ.

### ક્રિકેટમાં પણ

ભારતની રાષ્ટ્રીય રમત હોકી હોવા છતાં ક્રિકેટ લોકપ્રિયતામાં અવ્વલ નંબરે રહી છે. રાજાશાહીના જમાનામાં-વિજયરાજજીના બાળપણના સમયમાં, ભારતીય ક્રિકેટના ભીષ્મ પિતામહ જામ રણજી કચ્છ આવતા ત્યારે પેલેસ ટીમને કોચીંગ પણ આપતા. એ સમયના ક્રિકેટના મુખ્ય ખેલાડીઓમાં ઈશુ ટોમ (ઇસ્માઈલ સીદી) પણ હતા. **બંને હાથે બોલિંગ ફેંકી શકનાર ઇશુ ટોમે કચ્છમાં જામ રણજીને કલીન બોલ્ડ કરીને યુવરાજનું સોનાનું ઘડિયાળ ઇનામમાં મેળવ્યું હતું.** રણજી જેવા બેટ્સમેનની દાંડી ખેરવવાનું પરાક્રમી કામ જેવા તેવાનું છે?

### આઝાદીની લડતનો પ્રથમ શહીદ

**આપણી આઝાદીની લડતનો મુંબઈનો પ્રથમ શહીદ એટલે વીર વિઠ્ઠલદાસ ચંદન.** એ સમયમાં આઝાદીની લડતમાં મુંબઈ મહાનગરના તેઓ પ્રથમ શહીદ હતા. એમની સ્મશાનયાત્રા મુંબઈના સ્વાતંત્ર્ય યુદ્ધના ઇતિહાસમાં લોકમાન્ય તિલકની આવી યાત્રાને કોરાણે મૂકે એવી હતી. તા.૧૯-૫-૧૯૩૦ના રોજ શહીદ થયેલા વિઠ્ઠલદાસના પિતાજી ઠક્કર વલ્લભદાસ માધવજી પણ સ્વાતંત્ર્ય સૈનિક હતા. એવા નરપુંગવોને ફરીને કોટિ કોટિ વંદન...મારા સૂરમાં આપનો સ્વર પણ હશે જ.

આમ, ગણવા બેસીએ તો મોટું પુસ્તક લખ્યા પછી પણ નામો બાકી રહી જાય એવી હકીકત છે. એટલે, હાલને તબક્કે કચ્છીમાડુઓની વાત પૂરી કરીએ.

*મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩*

## મુનિશ્રી સંતબાલજી

મુનિ સંતબાલજીનું નામ જાણીતું છે. ધર્મને વ્યવસાય માનનારા તથા ધર્મને રાજકારણ સાથે ભેળસેળ કરનારા ઘણા ધર્માચાર્યો આપણે ત્યાં છે, તો શ્રી મોટા, સચ્ચિદાનંદ જેવા થોડા ધર્મને સમાજકારણ અને માનવતા સાથે જોડાનારા પણ છે. પરંતુ મોટાભાગના ધર્માચાર્યો મંદિરો બાંધવા, યજ્ઞો, પદયાત્રા, સંઘો, મહોત્સવો, પ્રાણપ્રતિષ્ઠા વગેરેમાં રચ્યાપચ્યા રહે છે. સંતબાલજી જુદા જ પ્રકારના સાધુ હતા. તેઓ માત્ર પોતાના જ આત્મકલ્યાણને બદલે સમગ્ર સમાજ કલ્યાણ માટે કાર્ય કરનારા હતા.

ગરીબી, અન્યાય, શોષણ, વ્યસન, વહેમ, અસ્પૃશ્યતા, જ્ઞાતિવાદ તથા ચોરીલૂંટથી ખદબદતા ભાલ નળકાંઠાના વિસ્તારમાં આ નોખી માટીના સંતે સમાજ કલ્યાણ અર્થે અવિરત કામગીરી કરી.

પોતે જૈન સાધુ હતા પણ માનવતાના કાર્ય અર્થે તેમણે અનેક નિયમોમાં ફેરફાર કર્યા. તેઓ ભિક્ષા વહોરવા જતા ત્યારે જો માંસાહાર અને મદ્યપાન ન કરતા હોય એવા હરિજન પરિવારની પણ ભિક્ષા ગ્રહણ કરતા - એવા જમાનામાં કે જ્યારે અસ્પૃશ્યતા નિવારણનું નામ લેવા માત્રથી પણ પાપી ગણાવું પડે. તેમના ગુંદી આશ્રમમાં ઝીણાભાઈ ભંગી રસોઈયા તરીકે હતા. તેઓ કહેતા કે પ્રથમ આપણે સૌ માણસ છીએ. એ રીતે બધા એક જ જાતના છીએ.

૧૯૪૩માં ભાલ નળકાંઠામાં જળ સહાયક સમિતિ બનાવી એ નપાણિયા વિસ્તારના ૭૮ ગામોને પીવાનું પાણી મળે એવી યોજના મંજૂર કરાવી.

૧૯૪૮માં ૧૧૨ ગામોના ખેડૂતોનું બિનરાજકીય સંગઠન રચ્યું. આ મંડળે ૨૪૦ ટન જેટલું ડાંગરનું બીજ એકત્ર કરી બીજના અભાવે પડતર રહેતી જમીનમાં ખેતીની સુવિધા ઊભી કરી આપી.

ડાંગર પર સરકારી અંકુશ હતો. મુનિશ્રી ઇચ્છતા કે ખેડૂતોને ડાંગરના પૂરતા ભાવ મળે. મુનિશ્રીના સતત પ્રયાસથી ડાંગર પર અંકુશ ઊઠી ગયો. પરંતુ તે પછી મુનિશ્રીએ ખેડૂતોને બોલાવીને કહ્યું કે સરકારે તો અંકુશ ઊઠાવી લીધો પણ હવે તમે સ્વેચ્છાએ કંઈક અંકુશ સ્વીકારો અને ખેડૂતોએ મુનિશ્રીની વાત સ્વીકારી.

જુવારના બિયારણની અછત સર્જાઈ. મહારાષ્ટ્ર સરકારે જુવારની નિકાસબંધી કરી. મુનિશ્રીએ ઉકેલ શોધ્યો કે પોતાના ઘઉં મહારાષ્ટ્ર મોકલીને તેના બદલમાં જુવારના બી મેળવી આપ્યા.

બનાસકાંઠાના દુષ્કાળ વખતે પૂ. રવિશંકર મહારાજે મુનિશ્રીને વિનંતી કરી કે જો ઘઉંના બી નહીં મળે તો ખેડૂતો બેહાલ થઈ જશે અને મુનિશ્રીના પ્રયાસથી ૫૦ ગામોમાં ૯૩ હજાર મણ ઘઉં ખાસ ટ્રેન દ્વારા બનાસકાંઠા પહોંચાડવવામાં આવ્યા, જેથી ત્યાંના ખેડૂતો દુષ્કાળના મારથી બચ્યા.

સાળંગપુરની મંદિરની ૮૦૦ વીઘા જમીન ૫૨ વર્ષોથી ખેતી કરતા ખેડૂતોનું નામ ગણોતિયા તરીકે મહેસૂલી રેકર્ડમાં ન હતું. મંદિરનું વહીવટીતંત્ર વાત સાંભળવા તૈયાર ન હતું. ૧૩૨ દિવસના શુદ્ધિ પ્રયોગ બાદ ૧૯ ખેડૂતોને ૮૦૦ વીઘા જમીનના હક્કો મેળવી આપ્યા.

મહારાજની ચોરાયેલી ઘોડી કે વિધવાના ઘરમાં થયેલી ચોરીનો માલ ૧૩ દિવસના શુદ્ધિપ્રયોગે મુનિશ્રીએ પાછા મેળવી આપ્યા.

૧૯૪૪થી પગ ચાલ્યા ત્યાં સુધીમાં ૩૪૭૬ ગામોની ૧૨,૬૨૭ માઈની પગયાત્રા કરી. આ સિવાય પોતાની જીવન પ્રયોગશાળામાં ગ્રામ વિકાસના અનેક પ્રયોગો કર્યા.

આવા એક ઉત્તમ કોટીના જૈન સંતને તેમના જ સ્થાનકવાસી સંઘે સંઘાડા બહાર કર્યા - તેમનો બહિષ્કાર કર્યો.

***– મણિલાલ એમ. પટેલ***

*મંગલ મંદિર, જુલાઈ-૨૦૦૪*